


# ભુવનભાનુ એન્સાઇક્લોપીડિયા

શ્રી શાંતિનાથ ભગવાન ભવ - ૬ થી ૮

**ભાગ-૩૩**



વાચના

પૃચ્છના

પરાવર્તના

અનુપ્રેક્ષા

ધર્મકથા

# ભુવનભાનુ એન્સાઇક્લોપીડિયા

(દિવ્ય-દર્શન પ્રવચન મહોદધિ)

શ્રી શાંતિનાથ ભગવાન ભવ-૬ થી ૮

## ભાગ-૩૩

◆ પ્રવચનકાર ◆


ન્યાય વિશારદ, સેંકડો ભવ્યાત્માઓના રાહબર

પ.પૂ. આચાર્ય શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.


◆ પ્રકાશક ◆


કુમારપાળભાઇ વી. શાહ

દિવ્યદર્શન ટ્રસ્ટ, ૩૯, કલિકુંડ સોસાયટી,

કલિકુંડ-ધોળકા, (અમદાવાદ).

# ભુવનભાનુ એન્સાઇક્લોપીડિયા (ભાગ-૩૩)

## દિવ્ય-દર્શન પ્રવચન મહોદધિ-શ્રી શાંતિનાથ ભગવાન ભવ-૬ થી ૮

**-: શુભાશિષ :-**

તપગચ્છભૂષણ સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્ય

**શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા**

**-: પ્રેરક-માર્ગદર્શક :-**

સંઘ શાસન કૌશલ્યાધાર પ.પૂ.આચાર્ય

**શ્રી વિજય જયસુંદરસૂરીશ્વરજી મહારાજા**

**-: સહાયક :-**

સરળ સ્વભાવી **પ.પૂ.પં. શ્રી પદ્મસેનવિજયજી મ.સા.**

---


**પ્રથમ આવૃત્તિ : ૨૫૦** **કિંમત : રૂા. ૧૫૦/-**

**વિમોચન : અષાઢ વદ-૨, વિ.સં. ૨૦૬૭, રવિવાર ૧૭-૭-૨૦૧૧**

**-: પ્રાપ્તિ સ્થાન :-**

**દિવ્યદર્શન ટ્રસ્ટ**
૩૯, કલિકુંડ સોસાયટી,
ધોળકા,

**ડૉ. હેમંતભાઇ-અમદાવાદ**
ફોન : ૦૨૭૯-૨૬૬૩૦૦૦૬

**દિવ્યદર્શન ટ્રસ્ટ**
૨૯/૩૦, વાસપૂજ્ય બંગલો,
સેટેલાઇટ, અમદાવાદ

**ડૉ. સંજયભાઇ-સુરત**
મો. ૯૮૨૫૧૨૧૪૫૫

**શ્રી ભુવનભાનૂસૂરિ જૈન જ્ઞાન શાળા**
૩૬, જ્ઞાનમંદિર સોસાયટી,
નવકાર જૈન દેરાસર સામે,
વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.
**રાહુલભાઇ** મો. ૯૪૨૭૦૩૭૪૯૧

**શ્રેયંસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘ**
૧૦૬, એસ.વી. રોડ,
ઇર્લા-પાર્લા (વેસ્ટ),
ફોન : ૨૬૭૧૯૩૫૭

**મુદ્રક : શુભાય આર્ટસ્,**
૯૦ ફીટ રોડ, ઘાટકોપર (ઇ), મુંબઇ-૭૭. મો. ૯૮૨૦૫૩૦૨૯૯

# પ્રકાશકીય

અપ્રમત્ત, મૈત્રીભાવના સ્વામી, અનાસક્ત યોગી **પ.પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાએ** જીવોના રગેરગમાં જિનશાસનને વસાવવા, શાસન પ્રભાવનાના ઉત્કૃષ્ટ કાર્યો સાથે ચાંદનીના પ્રકાશમાં પણ, પોતાની નિદ્રાનો ત્યાગ કરી જે ચિંતનો લખેલા હતા. તે દિવ્યદર્શન ટ્રસ્ટ વતી દિવ્યદર્શન સાપ્તાહિકમાં છપાયેલા હતા.

વર્તમાનકાળમાં સકલ સંઘના કલ્યાણ અર્થે **શ્રી ભુવનભાનુસૂરિ જન્મશતાબ્દીનું નિમિત્ત પામી** જેઓશ્રીની સતત કૃપા અમારા ટ્રસ્ટ ઉપર છે એવા સુવિશાલ **ગચ્છાધિપતિ પ.પૂ.આચાર્ય શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજાના** આશિષ પામી તેમના વિનીત પટ્ટધર **પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયસુંદરસૂરીશ્વરજી મહારાજાના** માર્ગદર્શન હેઠળ તે અમૂલ્ય ચિંતનો-પ્રવચનોનો રસથાળ **''ભુવનભાનુ એન્સાઇક્લોપીડિયા''**માં સંગ્રહિત કરવાનું નક્કી કર્યું છે.

વર્ષોથી સ્વર્ગસ્થ પૂજ્યપાદ ગુરુદેવશ્રીની અનન્ય ભક્તિ-વૈયાવચ્ચ કરનાર **પ.પૂ.પંન્યાસ શ્રી પદ્મસેનવિજયજી મ.સા., પૂ. મુનિ શ્રી જ્ઞાનશેખરવિજયજી મ.સા.**, તથા **પૂ. મુનિ શ્રી ધ્યાનશેખરવિજયજી મ.સા.** એ પુનઃમુદ્રણ માટે પરિમાર્જન કરી આપ્યું તે બદલ તેઓશ્રીને ખૂબ ધન્યવાદ.

આ સેટના મુદ્રણમાં જ્ઞાનખાતાનું દ્રવ્ય વાપરી સુકૃતના સહભાગી બનેલા સંઘો તથા વ્યક્તિગત લાભ લઇ સંપત્તિનો સદુપયોગ કરવા બદલ તે મહાનુભાવોના તથા ગ્રંથનું ટાઇપ સેટીંગ તથા મુદ્રણ કરનાર **શુભાય આર્ટસ્, મુંબઇના** અમે આભારી છીએ.

આ પુસ્તકમાં કોઇ પણ પ્રિન્ટિંગાદિ ભૂલ રહી ગયેલ હોય તો પ્રબુદ્ધજનો જણાવીને અનુગ્રહ કરશો.

**કુમારપાળભાઇ વી. શાહ**

## -: સુકૃત અનુમોદન :-

પ.પૂ. મુનિરાજ

**શ્રી અનંતયશવિજયજી મ.સા.**ના પર્યુષણ


પર્વની આરાધનાની અનુમોદનાર્થે

**શ્રી શાંતિ-સુધા પાર્ક જૈન સંઘે**

**(ઘાટકોપર-ઇસ્ટ), મુંબઇ**

જ્ઞાનનિધિમાંથી આ પુસ્તક

પ્રકાશનમાં સદ્વ્યય કર્યો છે.



# ધન્યવાદ !

# રહસ્યવેત્તા ગુરુદેવ

પ્રભુશાસનના શાસ્ત્રો એટલે રહસ્યો રૂપી રત્નોનો મહાસાગર. જેમ સાગરમાં ઉપરછલ્લાં છબછબિયાં કરનારને રત્નો નથી મળી શકતા, પણ મરજીવા બનીને ડૂબકી મારનારને જ અમૂલ્ય રત્નો મળી શકે છે. તેમ શાસ્ત્રો માત્ર ઉપરછલ્લાં વાંચનારને રહસ્યો રૂપી રત્નો મળી શકતાં નથી, પણ શાસ્ત્રોનું અવગાહન કરવાથી જ રહસ્યો રૂપી અણમોલ રત્નો મળી શકે છે.

પૂજ્યપાદ ગુરુદેવશ્રી અજોડ સૂક્ષ્મપ્રજ્ઞાના સ્વામી હતા. તેઓશ્રીએ શાસ્ત્રોનું ઊંડાણથી અવગાહન કર્યું હતું. ગુરુકૃપાથી તેઓશ્રીએ એના રહસ્યાર્થો માણ્યા હતા. એટલું જ નહીં, જીવનમાં આત્મસાત્ કર્યા હતા. 'માંહે પડ્યા તે મહાસુખ માણે' એ કહેવત તેઓશ્રીના જીવનમાં જીવંત બની હતી, એમ નિઃશંકપણે કહી શકાય. ગુરુદેવશ્રી જ્ઞાનની સાથે સાથે ઉચ્ચ ચારિત્ર, તપ, ત્યાગ, ધ્યાન અને વૈરાગ્યની મસ્તીમાં ઝૂમતાં હતા. એ તેઓશ્રીની સમૃદ્ધિ હતી.

'પરોપકારાય સતાં વિભૂતય:' એ સુભાષિતને સાર્થક કરતાં ગુરુદેવશ્રીએ પોતે પ્રાપ્ત કરેલ જ્ઞાન-ખજાનો દુનિયાની સામે ખુલ્લો મૂક્યો. પ્રવચનો, વાચનાઓ, શિબિરો અને દિવ્યદર્શન સાપ્તાહિક વગેરેના માધ્યમથી જ્ઞાન પીરસીને તેઓશ્રીએ વર્તમાન જગત ઉપર ખૂબ મોટો ઉપકાર કર્યો છે. બસ, તેઓશ્રીના જ્ઞાનખજાનાને આપણે સૌ પ્રાપ્ત કરીને આત્મકલ્યાણ સાધીએ એ જ અભ્યર્થના.

ગુરુપાદપદ્મરેણુ
પં. મલયકીર્તિ વિ.

શાસન સ્થાપના દિન
વૈ. સુ. ૧૧, ૨૦૬૭
આંબાવાડી, અમદાવાદ

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પે.નં. |
| --- | --- | --- |
| ૧. | શુભ ભાવની અખંડ ધારા માટે ઉપાય | ૭ |
| ૨. | કનકશ્રીની તાત્ત્વિક વિચાર-ધારા | ૧૯ |
| ૩. | કનકશ્રી સંસારત્યાગ | ૨૪ |
| ૪. | ભરતચક્રીની અનિત્યતાની ભાવના કેવી ? | ૨૮ |
| ૫. | કનકશ્રી ચારિત્રની રજા માગે છે | ૩૨ |
| ૬. | કનકશ્રીનો મક્કમતાનો ઉત્તર | ૩૪ |
| ૭. | જ્ઞાનીનાં ધોરણ આ છે | ૪૨ |
| ૮. | રાજા-સતીનો બોધક સંવાદ | ૪૮ |
| ૯. | ઉમદા દિલ એટલે ? | ૫૪ |
| ૧૦. | તીર્થંકર પ્રભુને કનકશ્રીની વિનંતિ | ૬૭ |
| ૧૧. | સુમતિકુમારી સ્વયંવર મંડપમાં | ૮૪ |
| ૧૨. | ધનશ્રી-કનકશ્રીનો ધર્મ પાવર | ૯૬ |
| ૧૩. | વિજ્ઞાન શ્રાપરૂપ | ૧૧૦ |
| ૧૪. | સુમતિને જાતિસ્મરણઃ સંયમ નિર્ણય | ૧૧૪ |
| ૧૫. | અણધાર્યા બનાવ પર વિરાગી બનેલાના દાખલા. | ૧૧૮ |
| ૧૬. | રાગ કેમ ઉડે ? | ૧૨૫ |
| ૧૭. | છ પ્રકારના બાહ્ય તપ | ૧૩૧ |
| ૧૮. | સુમતિ સાધ્વી સંલીનતાથી મોક્ષે | ૧૪૬ |
| ૧૯. | અનંતવીર્ય નરકમાંથી મેઘનાદ વિદ્યાધર | ૧૫૩ |
| ૨૦. | ચિંતા ચાર પ્રકારની | ૧૫૯ |
| ૨૧. | ભાઇનો ઉપદેશઃ મેઘનાદની દીક્ષા | ૧૭૯ |
| ૨૨. | મેઘનાદ મુનિ પર દેવતાઇ ઉપદ્રવ | ૧૮૨ |
| ૨૩. | સાધનામાં ચંચળ એટલે શું | ૧૮૮ |

# અનુક્રમણિકા

| ક્રમ | વિષય | પે.નં. |
|---|---|---|


૨૪. ધર્મ કરવા માટે કેવા કેવા લક્ષ્ય યાને ઉદ્દેશ રાખવા ?... ૧૯૧
૨૫. (૧) જિનાજ્ઞા પાલનનું લક્ષ્ય........................................ ૧૯૨
૨૬. (૨) પ્રભુને વહાલા કરવાનું પણ લક્ષ્ય ........................ ૧૯૪
૨૭. પ્રીતિ અનંતી પર થકી, જે ત્રોડે તે જોડે એહ................. ૧૯૬
૨૮. ધર્મસાધનાનું ૩ જું લક્ષ્યઃ કર્મક્ષય ................................ ૨૦૩
૨૯. (૪) ધર્મ સાધનાનું ૪થું લક્ષ્ય આહારાદિ સંજ્ઞા નિગ્રહ. ૨૦૬
૩૦. પાપસંજ્ઞાને કચરનાર ધર્મસાધના છે.............................. ૨૦૮
૩૧. ધર્મને મહત્ત્વ આપવાનો ઉદ્દેશ........................................ ૨૧૦
૩૨. દ્રવ્ય ક્રિયાથી ભાવ જાગે ?............................................... ૨૧૫
૩૩. ધર્મ કરવાના ઉદ્દેશો......................................................... ૨૧૮
૩૪. મેઘનાદ મુનિ ૧૨ માં દેવલોકે ......................................... ૨૨૫
૩૫. શાંતિનાથ ૮ મા ભવે ક્ષેયંકર રાજાના પુત્ર વજ્રાયુધ :- ૨૨૯
૩૬. ગુણોના અભ્યાસ માટે ત્રણ સાધન છે.............................. ૨૩૪
૩૭. જૈન સંસ્કૃતિ શી રીતે ટકવાની ?...................................... ૨૩૭
૩૮. વજ્રાયુધને ઇન્દ્ર પ્રશંસે છે .............................................. ૨૪૧
૩૯. પૈસાના વધુ રાગમાં મિથ્યાત્વ.......................................... ૨૪૫
૪૦. સમકિતની કિંમત કેટલી ................................................. ૨૪૮
૪૧. દેવની હાર અને ઇન્દ્ર પ્રશંસા ......................................... ૨૬૧
૪૨. વજ્રાયુધ ચક્રવર્તી ............................................................ ૨૬૨
૪૩. ધર્મની ચાર કક્ષા ............................................................. ૨૬૬
૪૪. દુષ્ટ વિદ્યાધર અને કન્યાનો પૂર્વભવ................................. ૨૮૧
૪૫. દત્તનો જીવનપલટો .......................................................... ૨૮૫
૪૬. વજ્રાયુધ ચક્રીએ પૂર્વાપરનો ખ્યાલ આપ્યો ...................... ૩૦૧

પ્ર. બ્રાહ્મણીને એ સહેલું થઇ ગયું, પણ અમને કેમ એ મૈત્રી વગેરે કઠિન લાગે છે ?

ઉ.-બ્રાહ્મણી ધર્મનો મર્મ સમજી હતી, શાસનને સમજી હતી, તેથી એને એ સહેલું થઇ ગયું, તમેય સમજો તો તમનેય સહેલું ન થાય ?

પ્ર. સમજણ તો અમને છે પછી કેમ અઘરું લાગે છે ?

ઉ. સમજણ નહિ છતાં સમજણ હોવાનું માની લીધું છે. ગુરુ ધર્મ સમજાવે ત્યાં જ પહેલેથી માની લીધું છે કે 'આ તો અમને ખબર છે. અમને ધર્મની સમજણ તો છે જ પરંતુ અમારાથી બનતું નથી' અથવા નવી વાત આવે ત્યાં એમ થાય છે કે 'આમ તે હોતું હશે ?' દા.ત. શાસ્ત્રે કહ્યું કે ''મૈત્રી આદિ ભાવ સાથે કરાતું જ સર્વજ્ઞ-કથિત અનુષ્ઠાન એજ ધર્મ.'' ત્યાં મનને એમ થાય છે કે ''મૈત્રી આદિ ભાવ ન હોય દા.ત. ભાઇ અનાડી હોય ને એની સાથે દિલમાં ખટરાગ હોય ને વીતરાગ પ્રભુનાં દર્શન જો કરતો હોઇએ તો શું એ ધર્મ નહિ ? હા, ઊંચી કોટિનો ધર્મ નહિ, પણ નીચેની કોટિનો ધર્મ તો ખરો ને ? શું સાવ ધર્મ જ નહિ ? એમ તો અમારા બાપા-દાદા વગેરે ય ધર્મ કરતા હતા, શું એમના દિલમાંય કોઇના પ્રત્યે ખટરાગ વિરોધ નહિ હોય ? ને હોય તો શું એમને સાવ ધર્મ જ નહોતો ?'' આવા આવા લોચા મનમા વળે છે ને ? તો ધર્મની સમજ ક્યાં આવી ? ધર્મ શું ઓળખ્યો ? શાસન શું ઓળખ્યું ?

વાત આ છે કે જનમથી જૈન ધર્મ મળ્યો છે એટલે એમ થાય છે કે 'ધર્મ તો અમે સમજીએ છીએ.' પછી ધર્મનાં સ્વરૂપનું વર્ણન સાંભળવા મળે ત્યાં લોચા વળાય છે કે ''આમ તે હોતું હશે ? શું દેવદર્શન આદિ જૈન ધર્મની જ ક્રિયા કરીએ ને એ વખતે દિલમાં મૈત્રી કરુણા ન હોય તો શું એ દેવદર્શનાદિ ધર્મ જ નહી ?'' આમ શાસ્ત્ર વર્ણનનો સામનો થાય છે. ત્યારે પેલી બ્રાહ્મણીને જનમથી જૈન ધર્મ મળેલો જ નહિ ને મુનિ મળ્યા, એમણે તપ બતાવતા સાથે જિનભક્તિ વગેરે કરવાનું સમજાવ્યું, એમાં આ પણ સમજાવ્યું હશે કે 'જો ગરીબી છે એટલે બીજી તરફથી ટોણાં મેણાં અપમાન વગેરે આવે. પણ દિલ ન બગાડીશ. દિલમાં સામા પ્રત્યે દ્વેષ દુર્ભાવ વૈર વિરોધ લાવીશ નહિ. નહિતર તારો તપ એળે જશે, ધર્મ રૂપ નહિ બને. દિલમાં આપણાં કર્મનો જ બધો વાંક સમજી ટોણાં મેણાં મારનાર પ્રત્યે પણ ક્ષમા-સ્નેહ-મૈત્રીભાવ રાખવો તો જ તારો તપ લેખે લાગશે.'

## નાગકેતુના જીવને અઠ્ઠમની ભાવના સાથે મૈત્રી ભાવે ઊંચક્યા

પેલા નાગકેતુ પૂર્વ ભવે અઠ્ઠમ કરવા પામ્યા નહોતા, માત્ર અઠ્ઠમની ભાવના મનમાં રહી હતી, છતાં કેમ એકદમ ઊંચે આવ્યા ?

બીજે ભવે જ જનમતાં અઠ્ઠમને એજ ભવમાં કેવળજ્ઞાન અને અંતે મોક્ષ ? કારણ આ જ કે શ્રાવક મિત્રે સહલાહ આપેલી કે જો તારી ઓરમાન માતા તેને કનડે છે હેરાન કરે છે એવું માનીશ નહિ, તારાં પૂર્વનાં કર્મજ તને કનડે છે હેરાન કરે છે એમ સમજણ રાખજે, ને એવાં કર્મ કેમ ? કારણ એ છે કે તેં પૂર્વે તપ નથી કર્યો એટલે. વળી અહીં પણ તપ નહિ કરે તો આવતા ભવે પણ દુર્દશા જ લોકાનાં અપમાન પરાભવ તિરસ્કાર સહવા પડશે માટે હવે તપ કર, માતાને દોષ દઇશ ના, એના પર દ્વેષ ન કરતો, એના પર સ્નેહભાવ રાખજે.'

શું સમજાવ્યું ? આ, કે 'તપ કરવાનો ખરો, પણ સાથે હૈયામાં માતા પર સ્નેહભાવ-મૈત્રીભાવ રાખીને, તો જ તપ એ ધર્મરૂપ બને,' ને એ ખેડૂતના દીકરાએ એ પ્રમાણે કર્યું, હૈયામાંથી પોતાના પૂર્વ કર્મનો વાંક સમજી માતા પ્રત્યેનો દ્વેષ ભાવ કાઢી નાખ્યો તે કેટલી હદ સુધી ? કે અંતે એ માતા એકવાર ઝુંપડી ચારે બાજુથી સળગાવી દે છે, ને આ ઝુંપડીમાં ઊંઘેલો તે જીવતો સળગવા લાગે છે છતાં માતા કે કોઇના ય પ્રત્યે દ્વેષ ભાવ નથી લાવતો.

'અરે ! માતાનો ત્રાસ તો હતો જ એમાં પાછું બળી મરવાનું આવ્યું ? ના એય અફસોસી નહિ. એ તો એક જ અફસોસી કરે છે' અરે ! મારે અઠ્ઠમ કરવાનો રહી ગયો !' આમાં એની ભારે ઉન્નતિના પગરણ મંડાયા. કહો,

**મૈત્રી કરુણાદિ ભાવ સાથે ધર્મની માત્ર ભાવનાનું અનુષ્ઠાન કરાય તો ય તે ધર્મરૂપ બની ઉન્નતિનાં પગરણ સરજે.**

કેવી મજા છે ! હજી ધર્મ આચરણ નથી કર્યું, એની માત્ર ભાવના કરીએ છીએ, છતાં એ પણ ધર્મનું અનુષ્ઠાન બને છે ! શાસ્ત્રે ચાર પ્રકારનો ધર્મ કહ્યો, દાન-શીલ-તપ ભાવના, એમાં જેમ દાન એ ધર્માનુષ્ઠાન, શીલ-તપ એ ધર્માનુષ્ઠાન, એમ ભાવના ને પણ ગણી ને ? ધર્મભાવના એ ય ધર્મનું અનુષ્ઠાન, પણ મૈત્રી આદિ ભાવ સાથે હોય તો જ. ત્યારે મૈત્રી ભાવ ગુમાવે દિલમાં દ્વેષ-વૈરવિરોધ લાવે તો ? દાનાદિ ધર્મની ભાવના જ શું ખુદ દાનાદિ ધર્મનું અનુષ્ઠાન પણ ધર્મરૂપ ન બને.

જુઓ અગ્નિશર્માએ લાખો પૂર્વના કાળ સુધી માસખમણના પારણે *માસખમણ કર્યા છે, પણ અંતે ત્રીજી વારનું પારણું ચુકાયું ત્યાં ચુકવામાં નિમિત્ત*

બનનાર રાજા ગુણસેન ઉપર દ્વેષ આવ્યો વૈરભાવ આવ્યો, રાજાને દુશ્મન દેખ્યો, તો બધાય અબજોના અબજો માસખમણ એળે ગયા ! ધર્મરૂપ મટી ગયા ! ને અંતે અનંત સંસારી થયો ! આ કેટલી શિરજોરી અ-મૈત્રી ભાવની ? કેવી જોહુકમી દ્વેષ ભાવની ? પછી શાસ્ત્રકારો શું ખોટું કહે છે કે મૈત્રી આદિ ભાવવાળું સર્વજ્ઞોક્ત અનુષ્ઠાન એ ધર્મ ?

**અગ્નિશર્માના અબજો-પરાર્ધો માસ ખમણ મૈત્રીભાવ જતાં નિષ્ફળ એ શું સૂચવે છે ? મૈત્રીભાવ વિના ધર્મ નહિ.**

પરંતુ તમને જનમથી ધર્મ મળ્યો એટલે આ માનવા દિલ તૈયાર નથી, કે મૈત્રી આદિ ભાવ ન હોય તો અનુષ્ઠાન એ ધર્મ નહિ. ત્યારે પેલી બ્રાહ્મણીને આ મંજૂર છે, કેમકે ધર્મ નવો સવો મળ્યો એમાં જ ગુરુએ આ સમજાવી દીધું છે ને એના દિલને વાત જચી ગઇ છે કે 'ટોણાં-મેણાં-અપમાન કરનાર પ્રત્યે પણ દ્વેષભાવ ન રખાય તો જ તપ એ ધર્મરૂપ બનશે. તપ કરવો છે તો મૈત્રી વિના નહિ ચાલે.' એ બ્રાહ્મણીની સમજ.

તમારી સમજ ? આ કે 'તપ એ ધર્મ, પછી મૈત્રી ન હોય તો ય ચાલે.' આ શાસન ક્યાં સમજાયું ? ધર્મનો મર્મ ક્યાં સમજાયો ?

જીવનમાં હાલતાં ને ચાલતા બીજા પર જરા કે વધારે દ્વેષ અરુચિ-અભાવ કેટલા થઇ આવે છે એનું એક દિવસનું માપ કાઢશો તોય ભડકી ઊઠશો. તમે લખતા કે વાંચતા હતા ને સહેજ કોઇ બારી આડે ઊભો કે ઝટ એના પર અણગમો. મન કહેશે 'આને કાંઇ ભાન બાન છે કે આમ ઊભા રહેવામાં આને અંધારું પડશે ?' કોઇની પાસે પાણી માંગ્યું ને પેલાને લઇ આવતાં સહેજ વાર લાગી ત્યાં એના પર રોષ ! આવા કેટકેટલા પ્રસંગો ? આમાં ક્યાંય ક્યારેય મનને આવતું નથી કે,

'રોષ શાનો કરું ? રોષ જ કર્યો કરીશ તો મૈત્રીભાવ ક્યારે કેળવીશ ? જવા દે, અહીં રોષ નથી કરવો. સામાને મૈત્રી-સ્નેહ ભાવથી નવરાવી નાખવા દે. મહાપુરુષોના પગલે નજીવા પ્રસંગમાં તો ચાલુ ? નહિતર પછી મોટા પ્રસંગમાં તે દ્વેષ-રોષ-અમૈત્રીથી શે બચવાનો હતો ?' છે કોઇ આવો વિચાર ? ત્યારે હવે આ વિચારો, કે

**દુન્યવી જીવન જીવતાં વાત-વાતમાં સર્વજીવ સ્નેહભાવ ગુમાવે એ ધર્મ સાધતી વખતે મૈત્રી ભાવ શે જાળવી શકે ?**

**મૈત્રીભાવ જાય તો મોટું પણ ધર્માનુષ્ઠાન ધર્મરૂપ ન બને.**

માટે આ શરત સમજી રાખો,-ધર્મ કરવો છે ? મૈત્રીભાવ અખંડ રાખવાની શરતે ધર્મ થશે, ને એજ ધર્મ તારણહાર બનશે.

પેલી બ્રાહ્મણીએ આ કર્યું છે. જ્યાં ને ત્યાં સામેથી અગવડ, અપમાન, તિરસ્કાર આવ્યે પોતાના કર્મનો જ વાંક દેખી મૈત્રીભાવ અખંડ રાખ્યો છે. તો જ એણે ઇન મીન ને તીન નહિ, ઇન ને મીનમાં જ સંસાર મર્યાદિત કરી દીધો છે. બીજે જ ભવે મોક્ષગામી બનાવી છે.

પણ એકલા મૈત્રીભાવથી નહિ હોં, ખુબ પ્રમાણમાં ધર્મના અનુષ્ઠાનથી, ધર્મની આરાધનાથી એ મોક્ષગામી બની છે. એનુ ય મહત્ત્વ ઓછું નથી, છતાં આ અંતરમાં કોતરી રાખો કે ખુબ પ્રમાણમાં ધર્મની આરાધના પણ તો જ ફળશે કે જો અંતરમાં મૈત્રી-કરુણા-પ્રમોદ અને બીજાના દોષ પ્રત્યે ઉપેક્ષા ભાવ સલામત હશે તો જ.

બ્રાહ્મણીને આ રીતે ધર્મ કરતાં કરતાં સુખી માણસોને ત્યાં સારી મજુરી મળતી ગઇ, કમાઇ વધુ થતી ગઇ, ને એથી પોતાના દ્રવ્યોથી એને જિનભક્તિ કરવાની સારી સગવડ થતી ગઇ, કમાય છે એ ખાનપાન ઉપરાંતનું ને હોંશે હોંશે પ્રભુભક્તિ-સાધુભક્તિમાં એ ખરચી નાખે છે. કહેતા નહિ,

પ્ર૦-'ભવિષ્યમાં શરીર અશક્ત પડે, બિમાર પડે, મજૂરી થઇ શકે નહિ, તો પાસે બચત પૈસા વિના હું શું કરીશ ?' એવી એને ચિંતા નહિ ?

ઉ૦-ના, કેમકે એ સમજે છે કે,

(૧) એવી ભાગ્યાધીન મુફલીસ ચિંતામાં અત્યારે થઇ શકતો લાખ રૂપિયાનો ધર્મ ગુમાવવો ?

(૨) હું મારી ચિંતા કરું એ નક્કર ? કે ધર્મ મારી ચિંતા કરે એ નક્કર ?

(૩) **'ધર્મો રક્ષતિ રક્ષિતઃ'**, આપણે રક્ષા કરેલો સાચવેલો ધર્મ આપણને બચાવે છે, સાચવે છે આપણી જાતે ચિંતા કરી ધર્મ-તક ગુમાવી બચાવેલું ધન તે ભાગ્ય રુઠ્યે સાફ થઇ જાય, ને ધર્મતક પહેલાં ગઇ !

(૪) જગતના જીવોને ધર્મ ન મળ્યાનો મળ્યો છે, પૈસા ન મળ્યાનાં મળ્યા નથી. તો પૈસા સાચવી રાખવા ધર્મ શા માટે ગુમાવું ?

(૫) આ પુણ્યનો ભરોસો નથી ક્યારે તૂટશે ? 'ભવિષ્યમાં કામ લાગે,' એમ કરી કરી ધર્મ ગુમાવી પૈસા બચાવવા રહું ને એકાએક આયુષ્ય તુટે તો પૈસા

તો જાય જ પણ ધર્મ જ કરવાનો રહી જાય.

### બ્રાહ્મણીને ઉજમણાની ચિંતા

આવી આવી સમજ જીવતી જાગતી હોય એ શું કામ ખાવા ઉપરાંત વધેલા પૈસા રાખી મૂકી મહામૂલ્યવતી જિનભક્તિ-ગુરુભક્તિ વગેરે ગુમાવે ? બ્રાહ્મણીનું કામ તો ચાલ્યું આગળ, ખૂબ સારી રીતે તપની સાથે સાથે જિનભક્તિ વગેરે, ને એ બધાની સાથે મૈત્રીભાવ આદિ કરતી રહી, એમાં તપ પૂર્વ થવા આવ્યો ત્યારે ચિંતા થઇ કે 'હવે તપ તો પૂર્ણ થશે, પણ એના પર ઉદ્યાપન ઉજમણું શી રીતે કરીશ ?' અહીં તમને ઝટ કહેવાનું મન થાય,-

પ્ર૦- તો પછી પૈસા જિનભક્તિમાં ઉડાડયે ગઇ એના બદલે બચાવી રાખ્યા હોત, તો ઉદ્યાપનની ચિંતા ન થાત ને ?

ઉ૦-પણ બ્રાહ્મણીનું દિલ સમજો તો આમ કહેવાનું મન ન થાય- જેણે સમજી રાખ્યું હોય કે આયુષ્યનો ભરોસો નહિ માટે ધર્મ વાયદે ન મૂકવો, એવા દિલવાળી સ્ત્રી વર્તમાન ધર્મ ગુમાવી ભાવી ધર્મની આશામાં રહે ?

પરંતુ ખરું તો એ છે કે 'ધર્મો રક્ષતિ રક્ષિતઃ' ધર્મ ગુમાવી પૈસા બચાવી જાતે ઉજમણાની ચિંતા શું કરે ? સેવેલો ધર્મ જ ચિંતા કરવાનો છે જુઓ, કેવી રીતે ?

### બ્રાહ્મણીને નિધાન પ્રાપ્તિ

બ્રાહ્મણીને જ્યાં ઉજમણાની ચિંતા થઇ ત્યાં કુદરત શું કામ કરે છે ? એ આશ્ચર્ય છે, એના ભંગાર જેવા ઘરમાંથી એક ભીંતડું અચાનક તુટી પડ્યું, ધર્મ પસાયે એને તો કશું વાગ્યું નહિ, કે કશું નુકસાન થયું નહિ, પણ ઊલટું ભીંતડું તૂટ્યું એમાંથી ચરુ નીકળ્યો, ને એ ચરુમાં ભરચક-સોનૈયા હતા.

બ્રાહ્મણીએ જોયું કે કોઇ પૂર્વજ ભીંતમાં દાટી ગયા હશે એટલે મારા માટે આ ચોરીનું ધન નથી, પણ આ આશ્ચર્ય શું ? વાહ ! ધર્મનો જ આ પ્રભાવ છે એટલે આમાં આશ્ચર્ય કશું પામવા જેવું નથી સારું થયું મારે ચિંતા મટી, હવે ઉજમણું સુંદર થઇ જશે.

બોલો શુદ્ધ દિલનો ધર્મ કર્યો હોય, ધર્મને વાયદાનો વેપાર નહિ પણ હાજરનો સોદો કર્યો હોય તો એ કેવો પ્રભાવ બતાવે છે ! તમે ભવિષ્યની ચિંતા કરી કરી વર્તમાનની અનેકાનેક ધર્મ તકો ગુમાવો એ ડહાપણ છે ? મહાન આત્માઓનાં દિલ સમજવા જેવા છે. એ સમજ્યા વિના જો તુચ્છ વિચાર કરાય કે

'બ્રાહ્મણીએ ધર્મમાં પૈસા ખરચી ન નાખતાં ભવિષ્ય માટે પૈસા બચાવી તો રાખવા જોઇએ ને ? બચાવી રાખ્યા હોત તો ભવિષ્યમાં મોટો ધર્મ ઉજમણું થાત ને ? ઉજમણાની ચિંતા ન કરવી પડતને ?' આવા બધા તુચ્છ વિચાર કરવા પડે. અસ્તુ.

બ્રાહ્મણીએ તપ પૂર્ણ થતાં સુંદર ઉજમણું કર્યું. લોકોમાં જૈન ધર્મની પ્રભાવના થઇ, કેવો સુંદર જૈન ધર્મ ! આ એક વખતની ગરીબ બ્રાહ્મણી ધર્મના પ્રભાવે કેવી સુખી થઇ ! કેવું ભવ્ય ઉજમણું કર્યું ! ધન્ય એના ધર્મને !'

બ્રાહ્મણીની ધર્મ શ્રદ્ધા વધતી ચાલી. નગરમાં સાધુ-સાધ્વી આવે, વંદન-જિનવાણી શ્રવણ-સુપાત્રદાન વગેરે આરાધતી રહે છે. એની જિનભક્તિ તો રોજ સ્વદ્રવ્યથી કરવાની ચાલુ જ છે. મુનિઓના ઉપદેશથી અધિક તપસ્યા પણ કરતી રહે છે.

આ બ્રાહ્મણીના ભવનો અધિકાર, અનંતવીર્ય વાસુદેવને પરણવા તત્પર થયેલી પ્રતિવાસુદેવ દમિતારીની કન્યા કનકશ્રી કેવળજ્ઞાનીના મુખેથી સાંભળી રહી છે. એનો પ્રશ્ન હતો ને કે 'પોતાને કુટુંબમો વિયોગ પડ્યો અને પિતાનું આ રીતે પોતાના નિમિત્તે મૃત્યુ થયું, એ પૂર્વના ક્યા પાપે ?' કેવળજ્ઞાની એના ઉત્તરમાં કનકશ્રીને એનો પૂર્વ ભવ આ બ્રાહ્મણી તરીકેનો વર્ણવી રહ્યા છે, એ હવે કહે છે-

''હે કનકશ્રી ! હવે તારા પ્રશ્નનો ઉત્તર આવે છે. તું એ પૂર્વ ભવે બ્રાહ્મણી, બહુ સારી રીતે ધર્મ કરનારી, પણ એકવાર તને મનમાં સંદેહ પડ્યો કે 'હું આટલો બધો ધર્મ કરું છું, તપથી કાયા ઓગાળી નાખી, તો શું આ ધર્મનું ફળ આવશે કે કેમ ?' આવો સંદેહ કરવાનું પાપ કર્યું. બસ, ધર્મના ફળનો સંદેહ કરવાના પાપે તને કુટુંબ વિયોગ થયો અને તારા પિતાના ક્રૂર મરણમાં તારે નિમિત્ત બનવાનું આવ્યું.''

કઇ વસ્તુનો ક્યાં મેળ બેઠો ?

ધર્મના ફળનો સંદેહ કર્યો એટલે વીતરાગનાં વચન પર સંદેહમાં તણાઇ જવાય, કેમકે ધર્મ વીતરાગે કહેલો છે માટે તો ધર્મ કરીએ છીએ, ને વીતરાગે ધર્મ કહ્યો તે જીવોને ધર્મનો વ્યર્થ પ્રયત્ન કરવા નથી કહ્યો, પરંતુ ધર્મનું સારું ફળ છે માટે ધર્મ કરવાનો કહ્યો છે. તો વીતરાગનાં વચન પર અટલ શ્રદ્ધા હોય એટલે વીતરાગ જો ધર્મને સફળ જ કહે છે તો એવો સંદેહ પડે જ નહિ કે 'ધર્મ સફળ હશે ? ધર્મનું ફળ આવશે કે નહિ ?' આમ,

ધર્મના ફળનો સંદેહ જિનવચન પર સંદેહમાં લઇ જાય. એ સમકિતને

અતિચાર લગાડે, ને એ અશુભ કર્મ પ્રકૃતિઓ બંધાવે. એના ફળમાં અહીં જ્ઞાનીએ કુટુંબ વિયોગ બતાવ્યો. કર્મની વિચિત્રતા છે, એ કેવાં કેવાં ફળ નીપજાવે ! માટે જ સાવધાન રહેવાનું છે. આપણા મનથી માનીએ કે 'મેં કાંઇ અશુભ ભાવ કર્યો જ નથી, અથવા જરાક જ અશુભ ચિંતન કર્યું છે,' પરંતુ એના પર જે અશુભ કર્મ ઊભા થાય છે, એ અણગમતા વિચિત્ર વિપાક દેખાડે છે. તેથી જ સદા શુભ ભાવ સુરક્ષિત રાખવા જેવા છે, શુભભાવ તૂટવા ન દેતાં અખંડ વહેતા રાખવા જેવા છે, જેથી સૂક્ષ્મ પણ અશુભ ભાવમાં જરાય તણાઈ ન જવાય.

એક પ્રશ્ન થાય-

પ્ર.-આપણી સામે જગત મોટું છે, એનું કાંઇ ને કાંઇ મન પર આવી જતાં એના અંગે અશુભ એટલે કે રાગ યા દ્વેષનો ભાવ જાગીને અશુભ વિચાર તો આવી જવાના, પછી શુભ ભાવની અખંડ ધારા કેમ ચાલે ? પાછું અશુભ વિચારનું એવું છે કે એક એવો વિચાર આવ્યો એના પર બીજો એવો વિચાર, એના પર ત્રીજો, એમ અશુભ વિચારોની પરંપરા ચાલે છે, એટલે એમાં અશુભ ભાવ અખંડ ચાલે છે, ત્યાં શે બચાય ?

ઉ૦-આ ફરિયાદનું સમાધાન છે, અર્થાત્ નિવારવા માટે ઉપાય છે.

**શુભ ભાવની અખંડ ધારા માટે ઉપાય -**

(૧) પહેલો ઉપાય આ છે કે મનને સમજાવવું કે જગત આજ સુધી બહુ જોયું. હવે જોવાની મમતા રહેવા દે, જોજો કરવામાં મળતું કાંઇ નથી નાહકનું દિલ શું બગાડે ? જગતના પદાર્થ કોઇના થયા નથી, તો તારા ક્યાંથી થવાના ? જગતના પદાર્થોએ કોઇનું કલ્યાણ કર્યું નથી, તો તારું કલ્યાણ ક્યાંથી કરવાના ? એ ક્યાંથી તારું ભલું કરવાના ?

**એ જગતના પદાર્થ ક્ષણિક સુખ દેખાડે એ શું ભલું છે ?**

અરે ! જગતની વસ્તુ ક્ષણિક સુખ દેખાડતી હોય તો ય કેટલી વસ્તુ ? જીવન તપાસો તો દેખાશે કે એવી વસ્તુ તો થોડી, પરંતુ ઘણું બધું જે જગતનું જોવા બેસાય છે કશું સુખ દેખાડતી કરતી નથી. જોયું, રાગ થયો કે અણગમો, ને ચાલ્યા આગળ. બીજી વસ્તુ પર એમ રાગ કે દ્વેષનો ભાવ જગાવી વળી આગળ ચાલે છે, મન ને આંખ મળી છે એટલે જ્યાં ને ત્યાં ભટકાવવાની જ વાત ?

મૂળ, જીવની આતુરતા ખોટી છે. એ જીવને મારે છે, દુઃખી કરે છે. આતુરતા ખણજ ઊઠી કે ''આ શું છે ? પેલું શું છે ? લાવ જોઉં'' આમ કરી જોવા જાય છે,

એનું પરિણામ ?

**જગતમાં જુઓ ને રૂઓ.**

જોયા પછી એમાં રાગ કે અણગમો ઊઠે છે. જો રાગ ઊઠ્યો કે 'વસ્તુ બહુ સરસ !' તો એના અંગે નીસાસો પડશે 'હાય ! આપણી પાસે આવી વસ્તુ નહિ !' આ શું કર્યું ! અફસોસી એટલે કે રોવાનું કર્યું. ત્યારે જો રાગને બદલે અરુચિ અણગમો ઊઠ્યો કે 'આ વસ્તુ ખરાબ,' તો એમાં પહેલેથી જ રોવાનું થયું. શું આ ? જગતનું જુઓ ને રુઓ. શુભ ભાવની અખંડ ધારા માટે અશુભ ભાવ રોકવાના છે, ને

**અશુભ ભાવ રોકવા પહેલું જરૂરી આ કે જગતનું જોવાની આતુરતા હવે પડતી મુકો.**

**અશુભ ભાવ રોકવા બીજો ઉપાય :-**

**જગતનું સાંભળવાનું બંધ કરો. વિકથા શરૂ કે અશુભ ભાવ શરૂ.**

(૨) બીજું જરૂરી આ, કે જગતનું સાંભળવાની પણ આતુરતા જતી કરો, શાસ્ત્રે ચાર વિકથાઓ કેમ ટાળવાની કહી છે ? આટલા જ માટે કે વિકથામાં પડવાથી અશુભ ભાવ શરૂ થઇ જાય છે, વિકથા જીવન જીવવા જરૂરી નથી દા.ત. જીવન જીવવામાં ભોજન જરૂરી, પરંતુ ભોજન-કથા જરૂરી નથી, જીવન જીવવા માટે જરૂરી એવું ભોજન અશુભ ભાવ વિના અર્થાત્ રાગ આસક્તિ વિના પણ વૈરાગ્ય ભાવ સાથે થઇ શકે છે કિન્તુ ભોજન કથા કે જીવન જીવવામાં જરૂરી નથી એ રાગ વિના નહિ થાય મિષ્ટાન્નનું ભોજન હજી વૈરાગ્યથી જમવાનું થઇ શકે, પણ એની કથા રાગથી થવાની દા.ત. 'આ વસ્તુ આમ બનાવી હોય તો સારી થાય, એકલા ઢોકળામાં મજા નહિ ઢોકળા સાથે ચટણી જોઇએ. આજકાલ ચોકખ્ખા ઘી ક્યાં મળે છે ? સારા ઘઉં પરદેશ મોકલી દેવાય છે.' આવી બધી ભોજન કથા શું રાગ વિના થાય છે ? બધું રાગ-દ્વેષથી બોલાય છે- ને રાગ દ્વેષને વધારે છે.

**પુદ્ગલનો રાગ એ અશુભ ભાવ છે.**

**ભોજન જરૂરી, પણ ભોજનની વિકથા જરૂરી નહિ. એમાં જડરાગનો અશુભ ભાવ પોષાય છે.**

એવી બીજી પણ વિકથાઓ, જેવી કે દેશકથા, રાજ્યકથા, સ્ત્રીકથા એ બધી ય અશુભ ભાવમાંથી જન્મે છે, ને અશુભ ભાવને પોષે છે. વ્યાખ્યાનમાં ગમે તેટલો વૈરાગ્ય પીરસાયો હોય, સાંભળતાં હૈયામાં વૈરાગ્યાદિના શુભ ભાવ જાગ્યા

હોય, પણ જ્યાં એમાંથી ઊઠયા પછી વિકથા રૂચિપૂર્વક કરાતી કે સંભળાતી હોય ત્યાં એમાંથી જાગેલા અશુભ ભાવ પેલા શુભ ભાવને શાનો ઊભો રહેવા દે ? ત્યારે કોણ એમ કહી શકે છે કે અમે વિકથા રુચિપૂર્વક ને હોંશથી કરતા નથી ? વિકથા તો હૈયાની રુચિ ને હોંશથી જ કરાય છે, એટલે એમાં કશું ખોટું થતું લાગતું નથી કશો પશ્ચાત્તાપ પહેલાં ય નથી ને વિકથા કર્યા પછી ય નથી કે 'હાય ! ક્યાં મારે વિકથા પાપ કરવા કે સાંભળવાનું આવ્યું ? ક્યાં મેં વિકથાનું પાપ કર્યું ?

**પાપમાં કશો ખેદ સંતાપ નહિ એ અશુભ ભાવ બને, એ મિથ્યાત્વ લઇ આવે.**

બોલો, શુભ ભાવની ધારા જેને વહેતી રાખવી હોય એ વિકથાથી કેટલો ડરે ? શું એ વિકથામાં પડે ? અને પડે તો શુભ ભાવની અખંડ ધારાની એને કશી ગરજ પરવા છે ? આજે વિકથા કેટલી બધી વધી પડી છે ? છાપાં રેડિયો સમાચાર તો વિકથાના ઇજારદાર ! વાતોચીતો ય વિકથાથી ભરચક ! બે ભેગા થયા એટલીવાર. કોઇ ને કોઇ રાજદ્વારી બાબતની માંડશે, યા દેશની વાત લગાવશે, અથવા સ્ત્રીઓની ચર્ચા માંડશે, કે મોંઘવારી પર પિંજણ કરશે, અથવા ભોજનની વાત ચર્ચાશે ! લગભગ આવું ચાલે છે ત્યાં હૈયાના શુભ ભાવ અખંડ ચાલુ રાખવાનું સ્વપ્નું ય ક્યાં છે ? પણ ખબર નથી કે,

**વિકથા કુથલીના પાપમાં પાપનાં ને મિથ્યાત્વનાં પોષણ અને કષાયોનાં ઉત્તેજન કેટલા બધા !**

દા.ત. વિકથા માંડી કે 'પહેલાં કરતાં આજના રસ્તા સારા' યા સાંભળનારને પણ મનમાં શું થવાનું ? વાત સાચી, ડામરી રસ્તા સારા, વાહન સડસડાટ ચાલી શકે.' મનમાં આવું જ કાંઇક થાય એમાં એ બતાવવામાં થયેલ ઘોર આરંભ-સમારંભ અને અગણિત અસંખ્ય જીવોની હિંસાની અનુમોદનાનું પાપ માથે લીધું ! આમેય સાંસારિક જીવનમાં આરંભ-સમારંભની હિંસા ચાલુ હતી. એ પાપ પર આ પાપ વધ્યું, પાપનું પોષણ થયું. વળી આજના રસ્તા પર રાગ થયો એ કષાયની ઉત્તેજન થઇ વિકથા ન કરી હોત તો આ જંગી પાપ અને કષાયથી બચી જાત.

❀ ❀ ❀ ❀ ❀ ❀

પ્રસનચંદ્ર રાજર્ષિએ પરદેશી બે દૂતથી પરસ્પર થતી વિકથા સાંભળી ત્યાં રાજાર્ષિનું ચિત ચકડોલે ચડ્યું કેટલું ચડ્યું ? સાતમી નરકના કર્મ સુધી લઇ જાય

એટલું ચિત્ત ચકડોલે ચડ્યું ! ભલે પોતાના સાંસારિક પુત્રની વાત હતી, પરંતુ પોતે તો હવે સાધુ હતા એટલે રાજ્ય, પુત્ર, પરિવાર વગેરે બધું વોસિરાવેલું હતું, એટલે હવે તો શું પોતાનું રાજ્ય કે શું પરરાજ્ય બધાયની કથા એ પોતાના માટે તો વિકથા જ હતી. એ સાંભળવામાં રાજર્ષિ પડ્યા કે ચારિત્રથી પડ્યા, શુભ ભાવની ધારાથી પડ્યા, ગુણસ્થાનકની પાયરીથી પડ્યા.

સારાંશ, શુભ ભાવની ધારા ટકાવવા આ ઉપાય, કે વિકથાથી બચો.

**(૩) શુભભાવ ટકાવવા ત્રીજો ઉપાય, નિંદાથી બચો.**

**નિંદા પણ વિકથા જેવી કે વિકથાથીય વધુ ખતરનાક છે, નિંદાની પાછળ,**

(૧) અભિમાન પોષાય છે કે હું સારો, આ બીજા ખરાબ છે.

(૨) બીજા પ્રત્યે અરુચિ અણગમો દ્વેષ કરે છે, તેમજ એનું હલકું બોલાય છે.

(૩) પરદોષની પંચાત એ અધમાઅધમ ચિંતા છે, કહ્યું છે ને

**'ઉત્તમા સ્વાત્મ-ચિંતાસ્યાત્'...**

પોતાના આત્માની ચિંતા એ ઉત્તમ ચિંતા છે. દુન્યવી વિષય સુખની ચિંતા એ મધ્યમ ચિંતા છે. સુખસાધન ધન-માલ મિલકતની ચિંતા અધમ ચિંતા છે, ને પર ચિંતા અધમાઅધમ ચિંતા છે.

આમાં શુભ ભાવ ક્યાં ટકે ?

(૪) નિંદામાં દિલ ક્ષુદ્ર બને છે, ને ક્ષુદ્રતા એ ભવાભિનંદી જીવનો પહેલો દુર્ગુણ છે. એટલે કહો નિંદા ભવાભિનંદીપણું લઇ આવે છે, એ આવ્યું એટલે મોક્ષનો રસ ઊડ્યો, પછી સમકિત ઊભું રહે ? તો નિંદા એ કેટલો મોટો દોષ ?

(૫) નિંદામાં પર ચિંતા, અને પર ચિંતાના ભેખમાં પોતાના આત્માની ચિંતા સરાસર ભુલાઇ જાય. એ ભૂલાય એટલે પછી ધર્મની પરવા ય શાની રહે ? ને ધર્મક્રિયા દેવદર્શનાદિ કદાચ કરે તો ય એમાં જોરદાર ધર્મ-પરિણતિ તો રહે જ શાની ?

**સાચી ધર્મ પરિણતિ સ્વાત્મચિંતાથી કરાતી ધર્મસાધનામાં રહે.**

સવાલ થાય.

પ્ર.-દાન ધર્મની સાધના અને સેવા ધર્મની સાધનામાં તો સામાના વિચારથી દાન, એવા થાય છે, દા.ત. ભૂખ્યાને અન્ન આપું 'એને બિચારાને ભૂખ મટે, ભૂખથી થતી અસમાધિ મટે. બિચારાની સેવા કરું એને રાહત સમાધિ થાય,' આમાં સામાની

ચિંતા છે, સ્વાત્માની ચિંતા ક્યાં આવી ? ને એ જો નહિ તો' શું દાન-સેવા કરે ત્યાં ધર્મ-પરિણતિ નહિ ?

ઉ૦-આ સવાલનો જવાબ એ છે કે આમાં પણ સ્વાત્માની ચિંતા છુપાયેલી છે, ગર્ભિત જ છે. દાન દે છે એમાં પહેલી પોતાની કરુણાની ચિંતા છે, 'હું ભૂખ્યાને ન દઉં તો મારા દિલમાં કઠોરતા આવે.' 'ભગવાનની ભક્તિ મારાં દ્રવ્યોથી હું ન કરું તો ભગવાન કરતાં મારા પૈસા મને વધારે વહાલા લાગવાથી ધનની મૂર્ચ્છા-મહત્ત્વ અને પ્રભુની ગૌણતા-અવગણનાનાં દોષ પોષાય ને પાપ લાગે.'' આ સ્વાત્માની ચિંતા છે, ''અવસરોચિત બિમારની શક્ય સેવા ન કરુ તો મારામાં હરામ હાડકા-પણાનો દોષ પોષાય, સ્વાર્થા. ધતા પોષાય, સેવાની ઉપેક્ષા થવાથી લૌકિક ધર્મ પણ ચૂકાય.'' આ સ્વાત્મચિંતા છે.

**બીજાની સેવામાંય પોતાને ધર્મ થવાની દ્રષ્ટિ છે, એ ઉત્તમ સ્વાત્મચિંતા છે.**

એટલા માટે તો પૂર્વના દાતારો યાચકનો ઉપકાર માનતા કે 'તમે લોકો મને દાન-ધર્મ આચરવાનો લાભ આપી આપી મારા પર ઉપકાર કરી રહ્યા છો. તમે પણ સાધુને વહોરાવી દાન કરી એજ બોલો છો કે 'સાહેબ ! આપે અમને લાભ આપ્યો, બહુ ઉપકાર કર્યો.' વાત પણ સાચી છે કે સુપાત્રદાનમાં દેવું તો ઘણુંય હોય, પણ સાધુ જો વહોરે જ નહિ, તો સુપાત્ર દાન ક્યાંથી થાય ? એટલે સુપાત્ર દાનમાંય સ્વાત્માની ચિંતા છે.

માટે કહેવાય છે કે પરોપકારમાંય સ્વાત્મચિંતાની સાવધાની હોય તો સ્વોપકાર સમાઇ જાય છે. અભવ્ય આચાર્ય પરોપકાર કરે છે, પરંતુ આત્મચિંતાની કશી સાવધાની નથી તેથી પોતાના આત્મા પર કશો ઉપકાર નથી. એને તો દુન્યવી માનપાન-સુખ જ જોઇએ છે, એની ચિંતા છે, પણ પોતાના આત્માની કશી ચિંતા નથી કે એ સંસારમાં ક્યાં સુધી રખતો રહેશે ?

**તીર્થંકર ભગવાનને સ્વાત્મચિંતા**

સ્વાત્મચિંતા મુખ્ય છે માટે તો તીર્થંકર ભગવાન જેવાય સંસારના પાપથી પોતાના આત્માને મુક્ત કરવા સંસાર ઘરવાસ ત્યજી ચારિત્ર લે છે, 'સ્વાત્મચિંતા જ ઉત્તમ' એ સૂચવે છે. 'મને વિષયો કેમ સારા સારા મળે' એ વિષયચિંતા છે. એમ 'મારો આત્મા કેમ સારો બને નિષ્પાપ પવિત્ર બને' એ આત્મચિંતા છે, આત્મહિતની ચિંતા છે. એ ચિંતાથી ભગવાન પાપમય સંસાર છોડી ચારિત્ર દીક્ષા લે છે.

પ્ર.-તીર્થંકર ભગવાનને શાસ્ત્રમાં પરહિત માટે ઉદ્યમવાળા જ-પરાર્થોદ્યત એવ હિ' કહ્યા છે, તો શું એ સ્વાર્થ અર્થાત્ સ્વાત્મહિત માટે ઉદ્યમ કરનારા નહોતા ? સ્વાત્મચિંતા કરનારા નહોતા ? જો ન હોય તો 'ઉત્તમ સ્વાત્મચિંતા' ક્યાં રહી ? 'સ્વાત્મચિંતા વિનાધર્મ નહિ', એ ક્યાં રહ્યું ?

ઉ.-અહીં વિવેક સમજવાનો છે. વિવેક આ, 'કે પરાર્થ ઉદ્યત એવ' ના બે અર્થ છે,-

**તીર્થંકર પ્રભુ 'પરાર્થ-ઉદ્યત જ' એટલે -**

(૧) પરાર્થ ઉદ્યત જ હતા, ને

(૨) પરાર્થ ઉદ્યત હતા જ.

આમાં પહેલા અર્થનો ભાવ એ છે કે ભગવાનનું દિલ જીવો પ્રત્યે એટલા બધા કરુણાભાવવાળું હતું કે પ્રભુની સ્વાર્થ વિનાની પણ પ્રવૃત્તિ પરાર્થ માટે પરના ભલા માટે બનતી. સ્વાત્મ સુખ ચિંતા ગૌણ અને પરાર્થ-ચિંતા મુખ્ય બની રહેલી. જુઓ, ભગવાન મહાવીર સ્વામી ચારિત્ર લઇ વિચરતાં વિચરતાં ચંડકોશિક સાપના આંગણે પધાર્યા. આમાં સર્પ તરફથી ઘોર ઉપસર્ગનો સંભવ હતો, છતાં પ્રભુની ગણતરી એક હતી કે 'ઉપસર્ગ આવે તો મારાં કર્મની નિર્જરા થશે, ફિકર નહિ' પરંતુ આ સ્વાત્મચિંતા ગૌણ છે, અને પરાત્મચિંતા મુખ્ય છે, ચિંતા એ હતી કે 'બિચારો ચંડકોશિક ભૂલો પડેલો ! માર્ગે આવે તો સારું', એટલે કે સર્પના આત્માને બચાવવાની દ્રષ્ટિ પરાર્થ ચિંતા મુખ્ય હતી, માટે તો પગે સર્પનું એક બચકું ખાધા પછી ત્યાંથી ચાલી ન નીકળ્યા કિન્તુ સર્પને બુઝવવાનો અવસર આવે ત્યાં સુધી ત્યાં ઊભા જ રહ્યા આ સુચવે છે કે પરાર્થ પરના ભલાની ચિંતા મુખ્ય હતી. કહો કે સ્વાર્થ-ચિંતા પરાર્થ-ચિંતા સ્વરૂપ હતી. સ્વાર્થ ગૌણ થઇ ગયો, કરી નાખ્યો, અને પરાર્થ મુખ્ય કર્યો. એટલે સ્વાર્થચિંતા પરાર્થચિંતારૂપ બની એમ કહેવાય. સ્વાર્થનો પ્રયત્ન પરાર્થના પ્રયત્નરૂપ બની ગયો.

**'પરાર્થ-ઉદ્યત જ' નો બીજો અર્થ -**

(૨) 'પરાર્થ ઉદ્યત હતા જ' એ બીજો અર્થ, એનો ભાવ એ છે કે સ્વાર્થ પ્રવૃત્તિમાં પણ પરાર્થ ઉદ્યમ સમાયેલો જ હતો દા.ત. સંસાર છોડીને ચારિત્ર લીધું તે પાપને બંધ કરવા અને કષ્ટ વેઠીને કર્મનો નિકાલ કરવા. આમાં અલબત સ્વાત્માની ચિંતા છે કે 'મારે હવે પાપ સેવવાનાં રહે નહિ. અને મારાં કર્મનો ક્ષય થાય.' આ સ્વાર્થચિંતા સ્વાત્માના ભલાની ચિંતા સાથે પરાર્થ-પરહિતની ચિંતા ઊભી જ હતી

કેમકે પ્રભુ મોક્ષ પામવા પૂર્વના ત્રીજા ભવથી જગતના જીવો પ્રત્યે કરુણાભાવવાળા બન્યા હતા કે 'ક્યારે મારી શક્તિ આવે ને હું જીવોનો ઉદ્ધાર કરું ! જીવોને શાસન રસિક બનાવું ! મોક્ષમાર્ગના મુસાફર બનાવું !' આ ભાવના પછી દેવભવમાં અને અહીં છેલ્લા ભવમાં પણ ઊભી જ હતી એટલે સ્વાભાવિક છે કે ઘર છોડીને ચારિત્ર લઇ નીકળી પડે ત્યારે આ ભાવના હોય કે 'હું પાપત્યાગ અને કર્મક્ષયનો માર્ગ એવો પાળું કે જેથી એવી શક્તિ ઊભી થાય કે જેના બળે જગતના જીવોને પણ પાપ ત્યાગ અને કર્મક્ષયના માર્ગે દોરું.'

પછી પ્રભુ ઉગ્ર તપસ્યા કરે તો એમાં પણ એ કે 'જેમ આ તપસ્યામાં મારે આહાર-સંજ્ઞાનું પાપ બંધ થાય, અને જોરદાર કષ્ટથી જોરદાર કર્મનો ક્ષય થાય, તેમ એનાથી શક્તિ આવ્યે જીવોને પણ તપસ્યામાં જોડું.' એટલે સ્વાત્મ-ચિંતાની તપ-પ્રવૃત્તિમાં પણ સરવાળે પરહિતચિંતાની પ્રવૃત્તિ સમાઇ જ ગણાય. એક સવાલ થાય-

પ્ર.-પ્રભુ ઉગ્ર વિહાર કરે એમાં મૌન રાખે છે એટલે પરહિતનો ઉપદેશ આપતા નથી, તેમ એ પણ વિચાર નથી કે "મૌનપણે પણ લોકને મારાં દર્શન આપું જેથી એમના કર્મ ખપે, એમને પુણ્ય બંધાય.'' જો આ વિચાર નથી, તો આમાં પરના હિતની ચિંતા ક્યાં કરી ? એમ

ઉ.-અલબત્ત આ સવાલ થાય, કિન્તુ અહીં સમજવાનું છે કે-

**પ્રભુને એવા અધુરા પરહિત પ્રયત્ન નથી કરવા.**

જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય, સર્વજ્ઞતા ન આવે ત્યાં સુધી સંપૂર્ણ પ્રત્યક્ષ દર્શન વિના સાંગોપાંગ હિતમાર્ગ સ્વતંત્રપણે શી રીતે બતાવી શકાય ? એમાં તો અતીન્દ્રિય પદાર્થનું નિરૂપણ કરવું પડે, ને તે કેવળજ્ઞાનથી જ પ્રત્યક્ષ દેખાય, સાંગોપાંગ અને પ્રત્યક્ષ જણાય.

**ઉપદેશનો જ ધંધો લઇ ફરવામાં સ્વહિતની પ્રવૃત્તિમાંન જોસ ન આવે, તો જોરદાર રાગક્ષય ન થાય.**

વળી અધુરા જ્ઞાને અને અપૂર્ણ સ્થિતિમાં ઉપદેશનો ધંધો લઇ કરવામાં પોતાનો આત્મા અને આત્મહિતની પ્રવૃત્તિ ગૌણ બની જાય તો એમાં જોસ ન આવવાથી એવો ભારી કર્મક્ષય ન થાય, ભારી રાગક્ષય ન થાય તો પૂર્ણતાએ પહોંચવું મુશ્કેલ બની જાય.

એમ વિચાર કરવામાં જો લોકોને પોતાનું પુણ્યદર્શન આપવાનો ઉદ્દેશ

રહે તો પછી દિવસ રાત મોટા ભાગે જંગલમાં કાયોત્સર્ગમાં રહેવાનું ન સૂઝે, પણ ગામ પડખે રહી લોકોને પોતાનાં દર્શન આપવા તરફ લક્ષ રહે. એમાં પણ જંગલમાં જે ઘોર પરીસહ ઉપસર્ગ વેઠી ભારે કર્મક્ષય કરવો છે તે રહી જાય એટલે મૌનપણે પણ વિચરવામાં 'લોકો પુણ્ય દર્શન પામે' એ ઉદ્દેશ ન હોય. તો અહીં સવાલ કરો ?

**ઉપદેશક સાધુ સ્વાત્મચિંતા ભૂલનારા કેમ નહિ -**

સવાલ-તો પછી સાધુઓ ઉપદેશ આપે છે એ પોતાના આત્મા અને આત્મહિતની ચિંતા ભૂલનારા કે ગૌણ કરનારા નહિ ?

જવાબ-ના નહિ, કેમકે સાધુ પોતાના આત્મહિતના શક્ય સર્વ પ્રયત્ન-પ્રવૃત્તિ કરીને જ ઉપદેશ આપે છે. સાધુમાં ભગવાન જેવી તાકાત નથી કે દિવસ રાત ખડાખડા રહી કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહીને વિશિષ્ટ કર્મક્ષય કરી શકે. એટલે એમને માટે તો શક્ય સ્વાત્મ-હિતના સર્વ શક્ય પ્રયત્ન પછી (૧) જીવો ઉપરની અનુગ્રહ બુદ્ધિથી ઉપદેશનું સુકૃત કરવાનું રહે છે, જેથી પોતાનો કરુણાભાવ અખંડિત રહે, તેમજ (૨) જે શાસનના પ્રતાપે શાસન તરફથી સંયમ સાધનાનો મહાન ઉપકાર મળ્યો છે, એ શાસનનો પ્રવાહ અવિચ્છિન્ન ચાલતો રાખી શાસન પ્રત્યેની કૃતજ્ઞતા અદા થાય. આમ

**ઉપદેશમાં બે હેતુ- (૧) જીવો પ્રત્યે કરુણાભાવ, અને (૨) શાસન પ્રત્યે કૃતજ્ઞતા.**

**તીર્થંકરપણાનાં ૩ સાધન -**

તીર્થંકર ભગવાનના આત્માની સ્થિતિ ન્યારી છે. એમણે પૂર્વના ત્રીજા ભવે

(૧) સમ્યગદર્શનની જ્વલંત વિશુદ્ધિ નિર્મળતા કરી છે,

(૨) વીસસ્થાનકની અત્યંત ઊંચી આરાધના કરી છે, તેમજ

(૩) જગતના જીવ માત્રને તારવાની ઉત્કૃષ્ટ કરુણા ચિંતવી છે.

તેથી એમને તીર્થંકર નામકર્મ અને બીજા યશનામકર્મ, આદેયનામકર્મ, સૌભાગ્યનામકર્મ વગેરે ઉત્કૃષ્ટ પુણ્યોનો સમૂહ ઉપાર્જિત થયેલો છે. એમાં સંઘયણબળ અને મનોબળ પણ ઉચ્ચ કોટિના પ્રાપ્ત થયેલા છે, જેના પ્રભાવે એ તારણહાર પ્રભુ ઉત્કૃષ્ટ કોટિના સંયમ, કાયોત્સર્ગ ધ્યાન વગેરે સ્વાત્મહિત સાધવા સમર્થ છે. તેથી છેલ્લા ભવમાં પોતાની શક્ય સ્વાત્મહિત-પ્રવૃત્તિ અધુરી મૂકી બીજાને ઉપદેશ કે પુણ્ય દર્શન આપવા જવાની ઉતાવળ એ કરતા નથી, પણ સંપૂર્ણ આત્મવિકાસ પ્રાપ્ત કરવા મથે છે. આમાં વિચારો તો સમજાશે કે સ્વહિત સાધનામાં

પ્રભુ પરહિત-ઉદ્યત હતા જ. કેમકે પરહિતની ઉત્કૃષ્ટ શક્તિરૂપ પૂર્ણતા મેળવવી છે. વાત પણ સાચી, કે-

**વીતરાગ સર્વજ્ઞ બન્યા વિના સ્વતન્ત્ર તત્ત્વોપદેશની શક્તિ નહિ.**

તેમજ વીતરાગ સર્વજ્ઞતા એટલે કે સંપૂર્ણ આત્મ શુદ્ધિ અને પરમાત્મ-અવસ્થા પ્રગટ કરવાનું શક્ય હોય તો એ કરવાનું મૂકી અપૂર્ણ ને અપૂર્ણ રહેવાનું કોણ સુજ્ઞ કરે ?

માટે તો જુઓ જબરદસ્ત શક્તિવાળા મેઘકુમાર મુનિ, શાલિભદ્ર મુનિ, ધનાજી, ધન્નામુનિ વગેરે એ કેવી સ્વાત્મહિતની જબરદસ્ત પ્રવૃત્તિઓ કરી ? એમને શું ઉપદેશ આપતાં નહોતું આવડતું ? એમની પાસે શું મોટું પુણ્ય નહોતું ? કેમ એ ગુરુથી જુદા વિચરી ગામે ગામ ઉપદેશ દેતા ન ફર્યા ? કારણ આ જ કે એમનામાં સ્વાત્માને શુદ્ધ બનાવે, પૂર્ણ બનાવે, એવી ઉચ્ચ કોટિની સાધનાની શક્તિ હતી, તેથી એમાં જ લાગ્યા રહ્યા.

આ ઉપરથી એ પણ સમજાશે કે ઉપદેશ-દાન વગેરે પરોપકારની પ્રવૃત્તિ ક્યારે કરવાની ? તો કે પોતાની શક્ય સ્વાત્મહિત-સાધના કરીને પછી કરવાની.

**પોતાની હિત-સાધનામાં બેપરવા રહે, અને ઉપદેશ આપવા નીકળી પડે, એ લાયકાત વિનાની પ્રવૃત્તિ છે.**

શ્રી ભવભાવના શાસ્ત્રના પ્રારંભે કહ્યું છે કે પરોપકારની પ્રવૃત્તિ તો શક્તિ હોય તો કરવાની છે. એટલે ? શક્તિ ન હોય અને પરોપકાર ન કરે તો તો ગુનેગાર નથી, કિન્તુ સ્વોપકારની પ્રવૃત્તિ ન કરે તો ગુનેગાર છે. વળી કહ્યું કે-

**સ્વોપકારમાં પરોપકાર ભળેલો જ છે, કિન્તુ પરોપકારમાં સ્વોપકારની ભજના, સ્વોપકાર હોય કે ન પણ હોય.**

સ્વોપકારમાં પરોપકાર ભળેલો છે તે આ રીતે દા.ત. જીવજતના-અહિંસાની પ્રવૃત્તિ કરે એ સ્વોપકારની પ્રવૃત્તિ છે, ને એમાં બીજા જીવોને દુઃખ ન પહોંચે એ પરોપકાર ભળેલો છે. એમ જૂઠ ન બોલે એ સ્વોપકારની પ્રવૃત્તિમાં પરને દુઃખ નુકસાન ન પહોંચે એ પરોપકાર ભળેલો જ છે. ત્યારે એકલા પરોપકારની પ્રવૃત્તિમાં દા.ત. પોતાની સાધનાનું ઠેકાણું ન હોય ને ઉપદેશ કરવા નીકળી પડે, ત્યાં એમાં સ્વોપકાર સ્વાત્માની ચિંતા ક્યાં છે ? કહેતા નહિ,-

પ્ર-પરોપકારથી પોતાના આત્માને પણ લાભ જ છે, તો સ્વોપકાર નહિ ?

ઉ- સ્વોપકારમાં સ્વાત્માની ચિંતા જોઇએ. એકલા પરોપકાર લઇ બેસનારને

પૂછો 'એમાં ક્યાંય પોતાનો આત્મા લક્ષમાં આવે છે ? અલબત મનને એમ થાય છે ખરું કે 'આનું ભલું કરું, પેલાનું ભલું કરું, સમાજનું ભલું કરું, પણ અલ્યા ભાઇ ! તારું ભલું કરવાનું ક્યાંય યાદ આવે છે ? બીજાની ખામીઓ સુધારવા મન કરે છે, પણ તારા પોતાનામાં શી શી ખામી છે એ જોવાનું કરે છે ? પોતાના આત્માનું સુધારવા શું શું કરું એ વિચાર રહે છે ખરો ?

**જો પરોપકાર વખતે પોતાની ખામી જોવાની ને પોતાના આત્માને સુધારવાની ચિંતા નહિ, તો સ્વોપકારની ચિંતા ક્યાં રહી ?**

આખું પ્રતિક્રમણ કરી જશે પણ જો એ વિચારથી કે 'પ્રતિક્રમણ પછી મારે ઉપદેશ આપવાનો છે. સંઘના કાર્યની વિચારણા કરવાની છે,' તો પ્રતિક્રમણનો મહાયોગ કે જેમાં પોતાના આત્માની જડતી લેવાની છે, પોતાના દોષ-દુષ્કૃત્યોના સંતાપ, પશ્ચાત્તાપ, નિંદાગર્હા કરવાના છે, એ કેટલું થાય છે ? ના, જાણે 'પોતે તો ફિરસ્તો, પણ જગત પાપમાં પડેલું છે,' એનો ઉદ્ધાર કરવાનો છે, એ હિસાબથી પ્રતિક્રમણમાં ક્યાંય પોતાના આત્માની જડતી નથી લેવાતી ! દોષ દુષ્કૃત પડિક્કમવાના એકેકે પદે સંતાપ નથી ! પ્રભુ ગુણગાનના ઢગલાબંધ પદોમાં ક્યાંય 'ઓહોહો ! પ્રભુ કેવા કેવા મહાન ! ને હું કેટલો બધો નીચ ?' એ સ્વાત્મનિંદા નથી.

**સ્વોપકાર કઇ રીતે થાય ?**

તાત્પર્ય, સ્વોપકાર તો પોતાના આત્માને યાદ કરે, એની ભારોભાર ખામી ત્રુટિયો ધ્યાન પર લઇ એનો સંતાપ કરે, ને હવે એ કેમ સુધરે એની ચાનક લગાડે તો થવાને અવકાશ રહે, જાત તો જાણે સંપૂર્ણ દેખાય એટલે એનો વિચાર નહિ ! વિચાર માત્ર જગતનો, કેમકે એ અપૂર્ણ દેખાય છે માટે એને સુધારવાની જરૂર એને લાગે છે આવા પ્રકારના માનસમાં સ્વોપકારની ચિંતા ક્યાં ઊભી હોય ?

જૈન શાસન સ્વાત્માની ચિંતા પહેલી કરવાની બતાવે છે, સ્વનું ભલું પહેલું કરવાનું છે, પરનું ભલું કરવામાં પણ સ્વાત્માનું હિત જોવાનું છે. માટે તો તત્ત્વાર્થ મહાશાસ્ત્રની મંગળકારિકામાં કહ્યું કે યોગ્ય સ્થાને બેઠેલો બીજાને હિતનો ઉપદેશ કરે, અને સામો કશું ન લે, તો શું ઉપદેશનો પ્રયત્ન બેકાર ગયો ? નિષ્ફળ ગયો ? ના,

**'बृवतोऽ नुग्रहबुद्ध्या वक्तुस्त्वेकान्ततो हित भवति'**

અર્થાત્ સામાની કરુણાભાવનાથી ઉપદેશ કરનારને એકાન્તે હિત જ થાય છે, શુદ્ધ કરુણા ભાવના ઉપદેશ પ્રયત્નથી સામાનું હિત થાઓ કે ન થાઓ, પણ

પોતાનું હિત તો થાય જ છે કેમકે પોતે કરુણાભાવને પોતાનું કર્તવ્યમાની કરુણાભાવને પોતાના આત્માનું હિત માની પ્રયત્ન કર્યો, એ સ્વોપકારની પ્રવૃત્તિ થઇ ગણાય, ને એ સફળ જ છે, નિષ્ફળ નહિ, સામો બૂઝો ન બૂઝો એ અલગ વાત છે.

**ધર્મ પ્રવૃત્તિમાં મૈત્રીભાવ આદિ વિના ધર્મનું સ્વરૂપ ન આવે.**

આ શું સુચવે છે ? પરોપકારના પ્રયત્નમાં પણ પોતાના આત્માને ભૂલવાનો નથી તો જ કદાચ સામાને ઉપદેશની અસર ન થઇ, તો પોતાને ખેદ કરવાનો કે આગળ વધીને સામા પર અભાવ-દુર્ભાવ કરવાનો નહિ રહે. 'સામાને અસર થાઓ કે ન થાઓ. હું તો મારા કરુણાભાવને સક્રિય કરી એનો પ્રામાણિક અને શાસ્ત્રાનુસારી પ્રયત્ન કરી રહ્યો છું. એથી મારા આત્મામાં કરુણાભાવ સલામત રહે છે. એ મને લાભ જ છે. કેમકે શાસ્ત્રકાર ધર્મના અનુષ્ઠાનમાં સાથે મૈત્રી ભાવ કરુણાભાવ વગેરે અતિ આવશ્યક લેખે છે. એના બદલે જો અ-મૈત્રી દુશ્મનભાવ હોય, કઠોરભાવ હોય, દુઃખીના દુઃખની બેપરવાઇ હોય, પ્રમોદ-ગુણાનુંરાગને બદલે ઇર્ષ્યા હોય-પરદોષની ઉપેક્ષાને બદલે પરનાદોષની વહી વાંચવાની હોય, તો દેવદર્શનાદિ ધર્મપ્રવૃત્તિમાં ધર્મનું સ્વરૂપ જ ન બંધાય એટલે મૈત્રીભાવ કરુણાભાવ વગેરે મારે સલામત રાખવા જ જોઇએ.

ઉપદેશ કરનાર આ હિસાબ રાખી ઉપદેશ કરે તો એમાં પોતાના આત્માની આત્મહિતની ચિંતા ભળેલી જ છે. 'પોતાનો કરુણાભાવ સલામત રહે એ માટે પોતાની શક્તિ છે તો સામાની બેપરવાઇ ન કરતાં એને ઉપદેશ આપવો'. આ સ્વાત્મચિંતામાં કોઇ અહંત્વ નથી કે 'હું સામાને બુજવું કેમ એ ન બુજે ? પણ પોતાના અંતરમાં કરુણાભાવ સલામત રાખવાનો પ્રયત્ન છે, ને એમાં શુભ જ ભાવ છે, શુભ જ અધ્યવસાય છે.

**કનકશ્રીના એક અશુભ ભાવનું કેવું ફળ ?**

વાત આ ચાલતી હતી કે આપણામાં શુભ ભાવની ધારા અખંડ રાખવાનો પ્રયત્ન હોય તો અશુભ ભાવના ભોગ ન બનીએ, નહિતર જો એક પણ અશુભ ભાવ પેઠો તો પરભવે એનો અનિષ્ટ પ્રભાવ દેખાડશે.

જુઓ, કેવળજ્ઞાની મહર્ષિ કનકશ્રીને આ કહી રહ્યા છે કે 'તેં પૂર્વ ભવે ધર્મ તો સુંદર કર્યો પણ એમાં જે એકવાર તારા મનને સંદેહ પડ્યો કે આ ધર્મનું ફળ મળશે કે નહિ, આ અશુભ ભાવના લીધે એવું પાપ બંધાયું કે એથી અહીં તારે

કુટુંબનો વિયોગ થયો, અને તારા નિમિત્તે તારા પિતા યુદ્ધ કરીને એમાં કપાઇ મર્યા.

હવે કનકશ્રી આ સાંભળી ચોંકી ઊઠી કે અરે ! ધર્મ સારો કરવાના પ્રતાપે આવા મોટા માંધાતા રાજા પ્રતિવાસુદેવની લાડકી કન્યા તરીકે જનમ પામી રાજાશાહી સુખો મળવા છતાં એક થોડા પણ અશુભ ભાવે આ કટુ ફળ દેખાડ્યું ? ક્ષણભર એ દિગ્મૂઢ થઇ ગઇ કે આ શું ? પરંતુ.

## કનકશ્રી ભૂલનો ભોગ જોતાં માંડવાળ નથી કરતી.

ત્યાં એણે માંડવાળ ન કરી કે 'હશે બને એ તો, કેવળજ્ઞાની ભગવાન કહે છે એટલે ખોટું હોય નહિ ભૂલ થઇ તો એનું ભોગવવાનું આવ્યું. ખેર, હવેથી સાવધાન રહીશું જેથી આવી ભૂલ ન થાય,' આમ એણે જ્ઞાનીના બોલ પર ટૂંકે ન પતાવ્યું. પતાવવું હોત તો પતાવી શકતે, કેમકે અત્યારે એની સામે (૧) મનમાન્યો વાસુદેવ પતિ મળ્યાનું સુખ, (૨) વાસુદેવની ૯૬૦૦૦ રાણીઓની ફોજમાં અગ્રણી પટ્ટરાણીપણાના ઊંચા સત્તા-સન્માન ભર્યા સ્થાનનું સુખ, (૩) વિપુલ ઉચ્ચ રાજાશાહી વૈભવ વિલાસનાં સુખ, વગેરે ઊભાં છે, એટલે એની તીવ્ર લાલસામાં મનને સહેજે આવી જવા સંભવ કે ''ભલે કુટુંબ-વિયોગ, પિતાનું દુઃખદ મૃત્યુ આવી ઊભા, પરંતુ એ તો બનવાની વાત બની ગઇ. હવે અફસોસી નકામી છે. આપણને જ્યારે આટ આટલા ઊંચા સુખ મળ્યા છે, તો એટલું અણગમતું બન્યું એની બળતરા છોડી દેવાની. નકામું હૈયું બાળ્યે બનેલું થોડું જ સુધરી જાય છે ? હા, ઠીક થયું જ્ઞાનીએ ઉપકાર કરી ચેતવ્યા કે 'એટલી ધર્મ ક્રિયાના ફળની શંકાનું આ ફળ આવ્યું,' તો હવે અહીં એવી શંકા નહિ કરીએ.

જગતના જીવોના આવા ખોટા સવાલો હોય છે. પણ કનકશ્રીએ આવી કોઇ માંડવાળની વિચારણા ન કરી. પૂછો કેમ નહિ કરી ?

કારણ સ્પષ્ટ છે,-એણે જ્ઞાનીની વાણી સાંભળતી વખતે માથા પર એ મનગમતા પતિ વગેરે મળ્યાના હરખનો અને તીવ્ર વિષય લાલસાનો ભાર રાખ્યો નહોતો. તો જ એને જ્ઞાનીના મુખેથી પૂર્વની ધર્મક્રિયાના ફળમાં સંદેહ કર્યાની ભૂલનું પરિણામ સાંભળતાં સામાન્ય દુઃખ ન થયું, પરંતુ ચોંકામણ થઇ ! એવી ચોંકામણ કે મળેલા મહાસુખ વૈભવ મન પર લાવીને આગળ વિચાર કરવાની માંડવાળ

કરવાનું મન ન થયું. એ તો હવે તાત્ત્વિક વિચારધારા ચલાવે છે.

**કનકશ્રીની તાત્ત્વિક વિચાર-ધારા :-**

કનકશ્રીના મનને એમ થાય છે કે 'અરે ! જો આવી નાની વિપરીત કલ્પનાનું પણ આ કટુ ફળ, તો સંસારી જીવન લઇ બેસવામાં તો રોજની કેટલીય વિપરીત કલ્પનાઓ ને અશુભ વિચારો ચાલ્યા કરતા હોય ! એનાં કટુ ફળ કેટલાય ભવાંતરોમાં કેટકેટલાં ભોગવવાનાં થાય ? સંસારી જીવનમાં જુદા જુદા વિષયોમાં સુખ કેટલાં પ્રમાણમાં ? એય સુખ કેટલું ટકવાવાળાં ? અને એ સુખધારા બહુ બહુ તો કેટલે સુધી પહોંચે ? બહુ કરે તો આ ટૂંકાશા જીવનના અંત સુધી જ. ત્યારે એનાં કટુ ફળો ભારે ભોગવવાનાં થાય, તેય ઘણા લાંબા ગાળા સુધી, અને આ જીવન પૂરું થયે પણ પછીના ભવોમાં દુ:ખ ધારા અખંડ ચાલુ રહેનારી ! તો પછી આવાં દુ:ખો લાવનારા સંસારી જીવનને માથે રાખીને શો ફાયદો ? માટે મારે હવે તો દીર્ઘાતિદીર્ઘ કાળનાં અને જાલિમ કોટિનાં દુ:ખોને લાવનારી વિપરીત ભાવના કલ્પનાઓથી ભર્યા ભર્યા આ સંસારી જીવનથી સર્યું. શું વિચાર્યું ?

**એક વિપરીત કલ્પનાનું આવું કટુફળ, તો સંસારી જીવનમાં તો કેટલી બધી ઢગલો વિપરીત કલ્પનાઓ ? એનાં કેટલા બધાં કટુફળ ?**

**ચિંતન નહિ તો સાંભળેલું નિરર્થક :-**

બોલો, આમાં જ્ઞાનીનાં વચનને સમજી લીધા પછી માંડવાળ છે ? કે આગળ ચિંતન છે ? જો આગળ ચિંતન ન હોય, વિચારવાનું ન હોય તો સાંભળેલું જાણેલું સાર્થક ? કે નિરર્થક ? શાસ્ત્ર કહે છે-

**'वृथा श्रुतम् अचिन्तितम्'**

જે સાંભળ્યા-જાણ્યા પર ચિંતન નહિ, એ સાંભળેલું જાણેલું નિષ્ફળ છે.

પેલા શેઠની વાતથી આ સમજાય એવું છે. શેઠના ઘરમાં ચોર આવ્યા, શેઠાણી જાગી પડી, જોયું કે ચોર આવ્યા લાગે છે તે શેઠને જગાડી કહે 'સાંભળો છો ઘરમાં ચોર આવ્યો લાગે છે ?'

શેઠ કહે 'સાંભળું છું' કહીને ઊઠ્યા નહિ. બાઇ કહે 'પણ આ કબાટમાંથી માલ કાઢ્યો લાગે છે. તો ય શેઠ કહે છે' મને ખબર છે', કહીને પાછા ઊઠ્યા તો નહિ. શેઠાણી કહે 'પણ આ જાણો છો. ચાલ્યા ?'

શેઠ કહે, 'બેસ હવે, હું જાણું છું' બોલ્યા ખરા, પણ ન ઊઠ્યા કે ન ચોર

ચોર એવી બુમ પણ મારી. તાત્પર્ય, સાંભળ્યા જાણ્યા પર કશું આગળ ન વિચાર્યું કે ચોર આવ્યા છે તો શું કરવું ? પરિણામ ?

શેઠાણીની ધીરજ ખુટી, તે કહે 'આ તમારા સાંભળ્યા જાણ્યામાં ધૂળ પડી. ચોર તો માલ લઇ ઘરની બહાર નીકળી ગયા, હવે સવારે ભીખ માગશો ભીખ'

જે સાંભળેલી જાણેલી વાત પર ચિંતન નહિ, એ સાંભળેલું જાણેલું નિરર્થક-નિષ્ફળ-નકામું.

**સાંભળેલું નિરર્થક કરવાના દાખલા –**

એટલે જ આજે ક્રોધનાં કૂડાં ફળનું વ્યાખ્યાન સાંભળ્યા પછી કહે છે 'ભાઇ ! મહારાજ કહે છે એ બધું સમજાય છે. પણ શું કરીએ ? અમારો ક્રોધનો સ્વભાવ પડી ગયો, તે સ્વભાવ કેમ બદલે ?' રાખ્યું કાંઇ વ્યાખ્યાન સાંભળવા પર વિચારવાનું ?

વૈરાગ્યનું વ્યાખ્યાન સાંભળ્યા પછી કહે છે 'ભાઇ ! આ ગુરુ મહારાજ કહે છે એવા વિષયો છે તો ખતરનાક, પરંતુ એનો રાગ છૂટતો નથી ત્યાં શું થાય ? છૂટે એવો હોત તો તો મહારાજની જોડે જ ન બેસી ગયા હોત ?' બોલો, આમાંય સાંભળેલા પર કશું જ ચિંતવવાનું રાખ્યું ?

દાનના મહિમાનું વ્યાખ્યાન સાંભળ્યા પર બચાવ સુઝે છે 'દાન તો છે કરવા જેવું. પરંતુ અમારી પાસે એવા પૈસા ક્યાં છે ?' બોલો આમાં પણ સાંભળેલા પર કશું વિચારવાનું રાખ્યું ?

શીલ બ્રહ્મચર્યનું સાંભળ્યા પછી 'એ શીલવંતા બ્રહ્મચર્યધારી મહાપુરુષોને ધન્ય છે. બાકી આપણી શક્તિ નથી', બસ ? સાંભળ્યા પર કાંઇ રાખ્યું ચિંતવવાનું ?

તપની વાત આવે ત્યાં ઝટ બહાનું કે 'જાણીએ તો બધું ય કે તપ સારો કરવા જેવો, પણ શક્તિ જોઇએ ને ? એ તો સશક્ત માણસોના કામ કે તપ લગાવે. આપણા શરીર એવા ક્યાં છે કે તપ કરી શકે ?' આમાં ય શું કર્યું ? તપનું સાંભળ્યા પર આગળ વિચારવાની માંડવાળ, આગળ કાંઇ ચિંતવવું જ નથી.

બસ, સાંભળ્યા પર બધે જ ખોટા બચાવ બચાવ ને બચાવ ! કોણ કહે એને કે ખોટા બચાવમાં કેટ કેટલું ગુમાવી રહ્યો છે ?

**ક્રોધ ટાળવા શું શું વિચારવું ?**

કહે છે 'ક્રોધનો સ્વભાવ પડી ગયો', અલ્યા પણ (૧) જ્ઞાનીઓએ ક્રોધ નહિ કરવાનો ઉપદેશ કર્યો તે ક્રોધના સ્વભાવ વિનાનાને કર્યો છે ? કે ક્રોધના

સ્વભાવવાળાને કર્યો છે ? ક્રોધનો જેને સ્વભાવ જ નથી એને ક્રોધ શું છોડવાનો છે ? તો સમજ કે, ક્રોધિલા સ્વભાવવાળાએ પરાણે પણ ક્રોધને દબાવવાં માટે જ્ઞાનીનો ઉપદેશ છે.

(૨) વળી તું કહે છે, 'સ્વભાવ કેમ છૂટે ?' તો એ તો કહે, તારે સ્વભાવ છોડવો છે ખરો ? કે છોડવો જ નથી ? એ પણ બોલ કે દુન્યવી અતિ પ્રેમ કે લોભ હોય ત્યાં ક્રોધિલો સ્વભાવ દબાવે છે કે નહિ ?

(૩) વળી એ કહે કે કર્મ સત્તા તને પરભવે માફ કરશે ને કે 'ભાઇ ! આનો બિચારાનો સ્વભાવ જ ક્રોધનો પડી ગયેલો એટલે વાત વાતમાં ક્રોધ કરેલા માટે દોષ સ્વભાવનો છે, આ જીવનો નહિ, માટે એને માફ કરો', આમ સ્વભાવ પડ્યો માટે ક્રોધ કરે છે એટલે એના પર કર્મ નહિ બંધાય ને ? નરકાદિનો દુઃખ નહિ આવે ને ?

(૪) ક્રોધનો સ્વભાવ પડ્યો માટે ક્રોધ કરે છે. એથી ક્રોધના સંસ્કાર નવા નહિ વધે ને ? પરભવે ક્રોધના સ્વભાવને બદલે ક્ષમાનો સ્વભાવ મળશે ને ? શું સમજીને બચાવ કરે છે 'મારો સ્વભાવ પડી ગયો છે. તેથી ક્રોધ થઇ આવે છે ?'

**પરભવે ક્ષમા-ઉપશમનો સ્વભાવ કોને મળે ? અહીં પરાણે પણ ક્ષમા ઉપશમનો અભ્યાસ રાખી એમાં સંસ્કાર ઊભા કર્યા હોય એને મળે.**

છૂટથી ક્રોધ રાખ્યો, મોકો મળ્યો ત્યારે ત્યારે ગુસ્સો જ કર્યે રાખ્યો હોય, એને પરભવે ક્ષમા ઉપશમનો સ્વભાવ મળે ? કોને મલે ?

(૫) એટલું તો વિચાર કે 'બચાવમાં ક્રોધિલા સ્વભાવને આગળ ધરે છે, તો ઉપશમનો અભ્યાસ પ્રેકટીસ ક્યારે કરીશ ? અંતકાળે જ્યારે જવાનું આવશે ત્યારે ઉપશમ કરીશ ?' ભૂલીશ નહિ, જીવનભર ક્રોધનો અભ્યાસ રાખ્યા પછી અંતકાળે ક્રોધ જ આવડશે, ઉપશમ નહિ. જીવનભર કક્કો ઘુંટનારને અંતે એ.બી.સી.ડી. ન આવડે.

(૬) વળી ક્રોધના પાંચ પ્રસંગે બધે નહિ તો એકાદ પ્રસંગે પણ ક્રોધ દબાવાય કે નહિ ? વાત આ છે કે ક્રોધનો સ્વભાવ પડી ગયો છે એમ બચાવ કરનારને ક્રોધ ટાળવાનો ઉપદેશ સાંભળ્યા પર આગળ કશું વિચારવું જ નથી.

**વૈરાગ્ય લાવવા શું વિચારવું ?**

એમ વૈરાગ્યની વાત આવે ત્યાં ખોટો બચાવ કર્યો રાગ છૂટતો નથી પરંતુ એ ક્યાં ખબર છે કે-

(૧) રાગ ન છૂટે છતાં વૈરાગ્ય લાવી શકાય, કેમકે રાગ છૂટશે ત્યારે તો વીતરાગતા આવશે. વૈરાગ્ય તો એ વીતરાગતાની પી.એચ.ડી. ની ડીગ્રી માટેના પહેલા એકડિયા કલાસની વસ્તુ છે.

વૈરાગ્ય એટલે વિષયોમાં રાગનો અભાવ નહિ, પણ રસનો અભાવ, વિરસતા.

વિરોધિને ત્યાં ભાણું માંડવું પડ્યું હોય, ને ત્યાં હાઇકલાસ રસ-પૂરીનું જમણ હોય તો એ ખાતાં રાગ તો થાય, પણ એ જમણ લેવામાં રસ છે ? ના, તો શું છે 'વિરસતા છે, ખટકો છે કે 'મારાં ક્યાં ભોગ લાગ્યા કે આ દુશ્મનના ઘરે ભાણું માંડવું પડ્યું ?' એમ સંસારના વિષયોમાં વૈરાગ્ય એટલે વિરસતા, અર્થાત્ વિષયો હજી ગમે છે ખરા, પરંતુ દિલમાં ખટકો છે કે 'હાય ! આ હું ક્યાં નરકાદિનાં દુઃખ દેખાડનારા વિષયોમાં ફસાયો રહ્યો ?' આ કોણ બોલાવે છે ? વિષયોની રસિકતા બોલાવે છે ? કે વિષયોમાં વિરસતા થઇ તે બોલાવે છે ? વિરસતા જ આમ બોલાવે છે કે ક્યાં હું આમાં ફસાઇ પડ્યો ? જો રસિકતા હોત તો તો ત્યાં જો કોઇ સામેથી પૂછે કે તમે આ ક્યાં ફસાયા ?' તો એવા આવતા સવાલ પર એમ જ એ કહેત કે 'એમાં ફસામણી શાની ? વિષયો તો મજેના લાગે છે એટલે એમાં ફસાયા નહિ પણ સદ્ભાગ્યે જોડાયા કહેવાય.'

પત્ની સારી લાગતી હશે ત્યાં સુધી તો એમ લાગશે કે 'આનો મારે ઠીક યોગ થઇ ગયો. હું સદ્ભાગ્યે આની સાથે જોડાયો', પરંતુ પાછળથી જો એની એબ જાણવામાં આવી તો એમ લાગશે 'હાય ! આમાં હું ક્યાં ફસાયો ?'

મિત્ર એ સજ્જન ભાગીદાર લાગ્યો ત્યાં સુધી તો એમ લાગશે કે 'આની સાથે સારું થયું હું જોડાયો' પરંતુ જો પાછળથી એ દગાખોર મવાલી લાગે દુશ્મનનું કામ કરતા કે વિશ્વાસઘાતી દેખાય તો એમ થાય છે કે 'મારા ક્યાં ભોગ લાગ્યા કે હું આની દોસ્તીમાં ને ભાગીદારીમાં ફસાયો ?'

**સાંસારિક વિષયો પર રાગ છતાં વિરસતા ઊભી કરી શકાય છે.**

આમ અયોગ્ય પત્નીમાં ફસાયો લાગ્યા પછી શું થાય છે ? શું રાગ ઊઠી ગયો ? ના, એ સંસાર સુખ આપે છે, ઘરનાં કામ બજાવે છે એટલે એના પર રાગ તો થાય જ છે, પરંતુ એનામાં રસ નથી રહેતો, વિરસતા ઊભી થાય છે. એના પર હૈયે હેત નહિ, પણ અભાવ થાય છે. અવિશ્વાસ અણગમો થાય છે.

સંસારી વિષયો પર લક્ષ્મી પર વૈરાગ્ય એટલે વિરસતા થાય, રસ-હેત-

વિશ્વાસ ઉઠી જાય. એ બધા પર રાગ થતો હોય અને ત્યાગ ન થઇ શકતો હોય છતાં એના પર વિરસતા ઊભી કરી શકાય છે. પછી વૈરાગ્યનો ઉપદેશ આવે ત્યાં બચાવ શાનો કરવાનો કે 'આપણાથી કાંઇ રાગ છૂટે નહિ ?' ભલે રાગ ન છૂટે પણ વિરસતા તો ઊભી થઇ શકે ને ? ક્યારે આ વિરસતા થાય ? સાંભળ્યા પર ચિંતન કરે કે 'આ સંસારી સગા લક્ષ્મી અને વિષયો જ્ઞાનીઓએ અહિતકારી કહ્યા, તો લાવ જોવા દે એ શી શી રીતે અહિતકારી છે ?' એમ,

**ઉપદેશ સાંભળ્યા પર ચિંતનથી દુન્યવી વિષયો પાછળ આ જગતમાં દેખાતી વિટંબણાઓ તપાસે, જરૂર એ બધામાં વિરસતા યાને વૈરાગ્ય ઊભો થાય.**

**દાનનો રસ કેમ જાગે ?**

એમ દાનનો ઉપદેશ આવ્યો ત્યાં માંડવાળ શા માટે કે 'આપણી પાસે પૈસા નથી ?' પહેલા તો કહેલા પર ચિંતન કર કે 'દાન શા માટે દેવું ? દાનના રૂડાં ફળ કેવાં કેવાં ? ઊંચા ભવમાં ઊંચી કરણી કે અધમ ? શું આ ઊંચા ભવમાં તો દાનની ઉચ્ચ કરણી હોય કે કીડીની જેમ પરિગ્રહ ભેગો કરવાની જ અધમ કરણી હોય ? ભલે તારી પાસે એટલા બધા પૈસા નથી, પરંતુ થોડા તો છે ને ? એના પ્રમાણમાં દાન કરે છે ? દાન કરવાની રૂચિ છે ? દાનનો રસ છે ? દાનની તમન્ના તાલાવેલી છે ? દાનનું વ્યસન લગાડ્યું છે ? 'હાય બાપ ! દાનનું વ્યસન ?' એમ ગભરામણ થાય છે. મન એમ સમજે છે કે 'આપણે પરસેવો પાડી પૈસા ઊભા કર્યા તે શું આમ લૂંટાવી દેવા ?' આવું મનમાં ઊંડે ઊંડે બેઠું છે, એટલે શક્ય થોડું પણ દાન દેવાનું મનમાં શાનું આવે ? દાનના ઉપદેશ પર ચિંતન નહિ એટલે સીધો બચાવ કે 'આપણી પાસે એવા પૈસા ક્યાં છે ?'

**શીલનો રસ કેમ જાગે ?**

એમ, શીલ-તપનો ઉપદેશ સાંભળ્યો એના પર ચિંતન નહિ એટલે સીધો બચાવ કે 'કરે એને ધન્ય છે આપણી એવી શક્તિ નથી, એવું શરીર નથી', કેટલી શક્તિ નથી ? સંપૂર્ણ શીલની નહિ, પણ અંશેય શક્તિ નથી ? પશુનું જ જીવન જીવવું છે ? બહારગામ ગયો હોય, રોગી થયો હોય, પત્ની પિયેર ગઇ હોય, રોગમાં કે સુવાવડમાં હોય, તો બ્રહ્મચર્ય પાળી શકે છે ને ? એ શક્તિ ક્યાંથી આવી ? ઉચ્ચ ભવ મળ્યો છે. એ અનાદિની વિષય-સંજ્ઞાના સંસ્કાર તાજા ને તાજા રાખવા માટે જ છે ? કે સંજ્ઞાને દબાવી સંસ્કારને ઘસારે પાડવા માટે છે ?' પણ આ

બધું ચિંતન કરવું હોય તો સૂજે ને કે,

**માનવભવ વિષયસંજ્ઞાના સંસ્કાર તાજા રાખવા માટે નહિ.**

**તપનો રસ કેમ જાગે ?**

'તપનું શરીર નથી' એવો બચાવ પણ લૂલો છે. તપનું શરીર તો ધીરે ધીરે આગળ વધતાં બને છે. પહેલાં ફાવે એટલા ટંક કરતો હતો તે હવે નિયમન કર કે 'ચારથી વધુ ટંક નહિ,' પછી ત્રણમાં આવ, પછી બેસણામાં આવ, શરીર ટેવાતું જશે. એમ આગળ આગળ વધાશે. પણ મૂળવાત આ છે કે-

જીવનમાં તપની જરૂર લાગી છે ? કે મન એમ જ સમજે છે કે 'ખાવા પીવાનું મળે છે તો કેમ ખાઇ પી ન લેવું ? ખાઇ પીઇને બીજો ધર્મ ક્યાં નથી થઇ શકતો ? ખાધું પીધું એમાં શું પાપ કરી નાખ્યું ?'' આવી આવી અજ્ઞાન સમજ હીય તો ત્યાં એ શે સમજાય કે ખાવું એ પાપ છે, કેમકે એ તપ ભુલાવે ત્યાગ ભુલાવે, ને ભગવાન પણ ભુલાવે. સવાર પડી ત્યાંથી ખાવાનું સુજે, ભગવાનનું ભજન નહિ ! બાકી ખાવાના પાપે જ અસંખ્ય કીડાકીડી માખી-મચ્છર વગેરેના જીવન જ ખાઉં ખાઉંના ત્યાંની ટિકિટ કઢાવવી છે ? ખાઉંની સંજ્ઞાના પાપ પર તંદુલિયો મચ્છ ખાઇ નહિ શકવા છતાં નરકની ટિકિટ કઢાવે છે. વાત આ છે કે સાંભળેલા પર ચિંતન હોય તો ખોટા બચાવ ન કરતાં શક્ય કરવાનું વિચારાય.

કનકશ્રી કેવળજ્ઞાની ગુરુ પાસેથી પોતાના એક નાનકડા દેખાતા વિપરીત કલ્પનાના દુષ્કૃતનાં કટુ વિપાકને સાંભળી ચિંતામાં ચડી કે 'જો આ એક વિપરીત કલ્પનાની આ સજા ભોગવવી પડી, તો વૈભવી સાંસારિક જીવનભરના લાંબા કાળમાં તો કેટલીય વિપરીત કલ્પનાઓ અને અશુભ વિચારો યાને મોહના વિચારો કરવાનું થાય ? ને તો તો પછી એ બધાની કેટકેટલી સજાઓ ભોગવવાનું આવે ? તો શા માટે મારે એવું સાંસારિક જીવન માંડવું જ જોઇએ ? ચલાવવું જ જોઇએ ? સાંસારિક જીવન ચલાવવામાં. વિષયોના આનંદ તો તુચ્છ અને ક્ષણિક. સત્તા-સન્માન, સગવડોનાં સુખ તકલેદી અને તામસી, ત્યારે એમાં થતી અપરંપાર વિપરીત કલ્પનાઓના દંડ જાલિમ ભારે ને તે પણ દીર્ઘાતિદીર્ઘ કાળના !''

**કનકશ્રી સંસારત્યાગનો નિર્ણય લે છે.**

કનકશ્રી સાંસારિક જીવનમાંથી ભરમાર વિપરીત કલ્પનાઓની અતિ દારુણ સજાઓ વિચારવા પર ધ્રૂજી ઊઠી ! અને હવે નિર્ણય કરી લે છે કે ''સાંસારિક જીવનનો ત્યાગ કરી દઇ ચારિત્ર માર્ગે ચડી જવું. તે પણ હવે જરાય વિલંબ કર્યા

વિના હમણાં ને હમણાં જ ચારિત્ર જીવનમાં જોડાઇ જવું.

**'વૃથા શ્રુતમ્ અચિન્તિતમ્'** ગુરુ પાસેથી કે શાસ્ત્રમાંથી સાંભળેલા વાંચેલા ઉપદેશ પર ચિંતન ન કરાય, તો એ સાંભળેલું વાંચેલું વૃથા થાય, નિષ્ફળ નિરર્થક જાય. આ જો બરાબર ધ્યાનમાં ઉતરે તો સાંભળેલા પર ચિંતન થાય ને એ ચિંતનનું ફળ ? કલ્પના બહારનું ! ઉચ્ચ કોટિનું ફળ !

### કનકશ્રીને કેવીક અદ્‌ભુત સિદ્ધિ ! ઉપદેશના ચિંતન પર આ

જુઓ આ કનકશ્રીને ચિંતન પર કેવુંક ફળ આવ્યું ? કેટલો વૈરાગ્ય એકાએક જ ઝળહળી ઉઠ્યો ! કેવી અદ્‌ભૂત સિદ્ધિ ! એને જ્ઞાની પાસેથી સાંભળવા મળે છે ત્યાંની ઘડી સુધી તો ચારિત્ર લેવાની કશી કલ્પના જ નહોતી, ચારિત્રના વિચારની છાયા સરખીય નહોતી. મોટા પ્રતિવાસુદેવના ઘરમાં જન્મીને, તે ય પિતાની લાડકવાઇ રૂપાળી કન્યા તરીકેના સુખ જોયા પછી, હવે મનમાન્યો વાસુદેવ પતિ મળે છે ! તો ટોચ કક્ષાના સાંસારિક સુખોમાં મહાલવાના કેટલાય મનોરથ કેટલીય વિચારણા ચાલતી હશે ? એમાં જો એક નાનકડા વિષયના પણ ત્યાગની વાત આવે તો તે ભારે પડે, ત્યાં સર્વ-ત્યાગના સંકલ્પ પર ચડી જવાનું કેટકેટલું મુશ્કેલ ? ત્યાગની વાત હૃદયમાં જચે જ નહિ ને ? એમાંય પાછી હજારો રાણીઓની આગેવાન પ્રમુખ પટ્ટરાણી બનવાનું મળનાર હોય, પતિ પોતાના પર ફિદા ફિદા હોય, ત્યાં ચારિત્રની વાત તો એક સ્વપ્નું જ લાગે. ત્યાં આ કનકશ્રી ચારિત્ર એટલે કે સર્વત્યાગના નિર્ણય પર આવી જાય છે ! કેવુંક આશ્ચર્ય ! કેવી અદ્‌ભૂત સિદ્ધિ ! પણ એ બધું શાના પર ?

ગુરુ પાસેથી સાંભળેલા પર ચિંતન કરવાના પ્રતાપે, કનકશ્રીએ ગુરુ પાસેથી સાંભળ્યું કે 'પૂર્વ ભવે ધર્મ ક્રિયાના ફળ અંગે સંદેહ પડ્યો એ વિપરીત કલ્પનાથી પાપ બાંધ્યું, એના લીધે અહીં કુટુંબ વિયોગ અને બાપનું પોતાના નિમિત્તે મૃત્યુ થયું.' સાંભળ્યું તો આટલું જ, પરંતુ એના પર કનકશ્રી ચિંતનમાં ચડી કે 'અરે ! જો આ એક વિપરીત કલ્પનાનું આ ફળ, તો સાંસારિક ઘરવાસનાં જીવનમાં તો કેટલીય ઢગલા બંધ વિપરીત કલ્પનાઓ અને અશુભ અનર્થો ભોગવવા પડે ?'

ઘર લઇને બેઠા પછી શું નથી જોઇતું ? **'તાંબાની તોલડી તેર વાનાં માગે'** નાની મોટી કેટલીય વસ્તુની જરૂર હોય છે. જરૂર ન હોય તેવીય રકમબંધ મોજ-શોખ સુખ સગવડની વસ્તુઓ અને બાબતોની જીવને જરૂર લાગે છે. આ દરેકે દરેકની પાછળ રાગવશ કેટકેટલા અશુભ સંકલ્પ-વિકલ્પો ડગલે ને પગલે થયા જ કરે છે. તો, શું રાગાધીન સંકલ્પ-વિકલ્પો જીવને પાપ બંધાયા વિના જાય છે ?

એક નાનો પણ રાગાધીન વિચાર કર્મ સત્તાના ચોપડે નોંધાયા વિના રહેતો નથી.

અર્થાત્ તન્નિમિત્તક પાપકર્મ બંધાયા વિના રહેતું નથી. મેતારજના પૂર્વભવે એમને 'ચારિત્ર ઉત્તમ, પણ ગુરુએ પરાણે ચારિત્ર આપ્યું તે ઠીક નહિ', એટલા જ વિચાર પર દુર્લભબોધિપણાનું મોહનીય કર્મ બંધાયું ! જેના પ્રભાવ હેઠળ મેતારજને દેવતા પ્રતિબોધ કરનારો છતાં અને પૂર્વના સંયમનો પ્રભાવ પોતાને ખ્યાલમાં આવવા છતાં બોધિ યાને ચારિત્રધર્મની ભાવના અને પ્રાપ્તિ ૪૦ વરસ સુધી દુર્લભ થઇ ! એક નાનો પણ કષાયાધીન વિચાર કેવો પાપકર્મના ચોપડે નોંધાયો !

એમ અહીં મોટા પ્રતિવાસુદેવની દીકરી કનકશ્રી વાસુદેવને પરણવા ઝંખી રહેલી, પણ કેવળજ્ઞાની પાસેથી પોતાના પૂર્વભવના એક નાના પાપ વિકલ્પનું અહીં કટુ ફળ સાંભળીને વિચારમાં પડી ગઇ કે 'હેં ? એક નાનો પણ અશુભ વિચાર પાપ બંધાવ્યા વિના રહેતો નથી ? તો પછી સાંસારિક જીવનમાં કરાતા ઢગલાબંધ અશુભ સંકલ્પ વિકલ્પો કેટલા ઢગલાબંધ પાપ કર્મો આત્મા પર ખડકે ? અને ઘરવાસના જીવનમાં અશુભ સંકલ્પ વિકલ્પોનું તો પૂછવાનું જ શું ?'

કનકશ્રી આ ચિંતનથી ગભરાઇ ઊઠી ! ગુરુના એક વચન પર ચિંતન કર્યું તો આટલે પહોંચી ગઇ.

**જ્ઞાનીના વચનમાં શ્રદ્ધાળુ બની કનકશ્રીની જેમ ચિંતન દ્વારા તરત જ વૈરાગ્ય ઝળકાવી દો.**

**શ્રદ્ધા-સમ્યક્ત્વનો આ પ્રભાવ છે કે,**

(૧) સાંસારિક ઘરવાસનાં જીવનમાં કરાતી બેશુમાર વિપરીત કલ્પનાઓ ને પાપ સંકલ્પ-વિકલ્પો, તથા

(૨) હિંસાદિ દુષ્કૃત્યો, તેમજ

(૩) એનાથી નીપજતા આલોક-પરલોકના પારાવાર દુઃખો, અને

(૪) પાપિષ્ઠ બુદ્ધિઓ જોઇને સંસાર પર અર્થાત્ ઘરવાસ પર નફરત છૂટે, અભાવ થાય, ગ્લાની-અરુચિ થઇ જાય. એ જ વૈરાગ્યનો ઝળકાટ, પછી ભલેને સાંસારિક જીવનમાં મોટા વૈભવ-વિલાસ મળ્યા હોય, તો ય શું ?

**'ભરતજી મનહી મેં વૈરાગી'** કેમ ? આ જ કારણકે સંસારમાં વિષયોની વિટંબણા-પરાધીનતા ભારે ! અને તેથી પાપ સંકલ્પ-વિકલ્પો અને હિંસાદિ પાપાચરણો લમણે લખાયેલા ! તેથી આત્માને પરલોકનાં ભયંકર દુઃખ અને પાપિષ્ઠ વૃત્તિઓના ભય-આપત્તિ માથે ઝઝુમતા જ રહે. એમાં પોતાના આત્માની કત્લ જ

છે. આનાથી બચવા પહેલું તો રોજની જાગૃતિ જોઇએ કે,

**મૂળ પાયામાં ઇન્દ્રિયોના વિષયોની પરાધીનતા જ ખોટી છે, કેમકે એના પર જ પાપ સંકલ્પ વિકલ્પો અને પાપો પોષાય છે, જેનાથી સ્વાત્માની હિંસા જ છે.**

આ જાગૃતિ માટે ભરતચક્રવર્તીએ સાધર્મિકોને આ રોજનું કામ સોંપ્યું હતું કે રોજ રોજ સભાનું કામ શરૂ થાય ત્યારે પ્રારંભે એમણે આ મંગળવાણી સંભળાવવી.

**'जितो भवान् ।' 'वर्धते भीः ।' 'मा हन मा हन ।'**

આનો ભાવ એ છે કે હે ચક્રવર્તી ! ભલે છ ખંડના વિજેતા, પરંતુ તમારા પર વિષયો વિજેતા છે, કેમકે તમે એનાથી જીતાઇ ગયા છો, એને પરવશ બન્યા છો. માટે તો સંસાર ઘરવાસ છોડી શકતા નથી, નહિતર એ રાજપાટ-ખજાના-રાણીઓ-પરિવાર અને મનગમતા સન્માનના શબ્દાદિ વિષયોને જો પરવશ ન હોત તો તો શું કામ એનો ત્યાગ કરી ચારિત્રના પંથે ન ચાલ્યા હોત ?

❀ ❀ ❀ ❀ ❀ ❀

સાધર્મિકોનો ભરતચક્રવર્તીને કહેવાનો ભાવ આ છે કે પરંતુ એટલું સમજી રાખો કે વિષયોની પરવશતાએ માથે ભય વધી રહ્યો છે ! કેમ કે

ધન અને વિષયોના ઘરવાસમાં પાપ સંકલ્પો ને પાપ વિકલ્પોનો તથા હિંસા-આરંભ સમારંભ પરિગ્રહ આદિ પાપોનો પાર નથી અને તેથી ભવાંતર માટે અપાર દુઃખો તથા પાપબુદ્ધિ-પાપવૃત્તિ અને પાપાચરણ માથે કરવા પડે છે !

આ આપતિ કાંઇ નાનીસુની નથી. એમાં તો પોતાના આત્માની અને અન્ય જીવોની દ્રવ્યથી અને ભાવથી ભારે હિંસા જ નીપજે છે.

માટે આ ઉત્તમ જનમને પામીને ડહાપણનું કાર્ય આ છે કે તમારા આત્માને હણો નહિ, અહીં વિષય વાસના અને પાપવિકલ્પોથી આત્માની ભાવહિંસા કરો નહિ, તેમ આગામી ભવાંતરોમાં દ્રવ્યહિંસા નોંતરો નહિ.

આ ભાવના ત્રણ વચનો, 'તમે જિતાયેલા છો', ભય વધે છે, (સ્વાત્માને) હણો નહિ હણો નહિ,' આ ત્રણ વાક્યો રોજની જાગૃતિ માટે ભરતજી સાધર્મિકો પાસે રોજ સાંભળતા. પૂછો

પ્ર૦- રોજ ને રોજ એનું એ સાંભળવાથી આત્મા ધિટ્ટો ન થઇ જાય ?

ઉ૦- ના, જે ભાગ્યવાનો રોજને રોજ પ્રતિક્રમણ કરતા રહી એનું એ બોલે

સાંભળે છે, એ શું ધિટ્ઠા બની જાય છે ? કે જેને પાપાચરણ ઠમઠોક છે. અને પ્રતિક્રમણની પરવા નથી, એ લોકો પાપમાં ધિટ્ઠા બને છે ? ધિટ્ઠા કોણ બને છે ? એકલા પાપાચરણવાળા, પણ પ્રતિક્રમણવાળા નહિ, કેમકે એમને પ્રતિક્રમણમાં પાપના સંતાપ, દુષ્કૃતગર્હા અને પાપની સૂગ થયા કરે છે.

ધિટ્ઠો તો તે બને છે કે જેને પાપો ખુશમિશાલ કર્યે જવા છે, પણ પાપની સૂગ, પાપગર્હા અને પાપનાં સંતાપ કરવા નથી.

માટે, ભરત મહારાજાનું આ રોજનું પ્રતિક્રમણ સમજો ને ? રોજ ને રોજ એ સાંભળતાં એમના એમના દિલમાં વિષયવાસના, પાપ સંકલ્પ-વિકલ્પો, અને આગામી પાપિષ્ઠ ભવોનો ભય-સંતાપ થતા, પાપગર્હા થતી, પાપ કર્મો પર સૂગ થતી. તેમ સંતાપ-ગર્હા સૂગ રોજ ને રોજ વધતી રહેતી હશે, માટે તો આરિસા ભવનમાં સહેજ નિમિત્ત મળતાં અનિત્યતાની ભાવનામાં ચડી આ વિચારે છે, કે-

**ભરતચક્રીની અનિત્યતાની ભાવના કેવી ? -**

'શું આ અનિત્ય વિષયો ખાતર જ મારે પાપ વિકલ્પો અને પાપાચરણના જીવનમાં પડી રહેવાનું ? છટ્, મારે એ અનિત્ય વિષયો જ ન જોઇએ, અને એની પાછળના પાપસંકલ્પ વિકલ્પો તથા પાપાચરણો ય ન જોઇએ.' બસ, ત્યાગ-ભાવમાં ચડ્યા, હૈયાથી ૬ઠ્ઠા ગુણસ્થાનકના ચારિત્રભાવમાં અને એથીય આગળ અપ્રમત્તભાવ, અપૂર્વકરણના ભાવ વગેરેમાં ચડતાં, અંતે વીતરાગ સર્વજ્ઞ બની બેઠા.

ભરતજીને જો રોજની વિષય ગુલામીની ઘૃણા-સંતાપ, અને પાપ સંકલ્પ-વિકલ્પોની ઘૃણા ! તથા સંતાપ ન હોય, તેમ એ ઘૃણા-સંતાપ વધતા જતા ન હોત, તો પછી આરિસા ભવનમાં ગમે તેટલી અનિત્યતાની ભાવના કરે પણ એથી શું વળત ?

પરંતુ સમ્યકત્વનો પ્રભાવ એવો છે કે સંસાર એટલે કે ઘરવાસ. એ પાપ વિકલ્પો અને એ કરાવનારા વિષયોથી ભરેલો હોઇ સમ્યકત્વ એના સંસાર પર એને ઘૃણા કરાવે, અભાવ કરાવે. તેથી જ સમકિતી જીવ હંમેશા ઘરવાસમાંથી નીકળી જઇ સંયમ જીવન લેવા ઝંખે છે. કહ્યું છે ને-

**''નારક ચારક સમ ભવ ઉભગ્યો, તારક જાણીને ધર્મ,**
**ચાહે નીકળવું નિર્વેદ તે એહીજ પ્રવચન મર્મ.**
**લક્ષણ પાંચ કહ્યા સમકિત તણાં''**

ભવ સંસાર નારક-ચારક સમ છેઃ- પાપ વિકલ્પોની દારુણ સજાઓ રૂપે દુઃખથી ભરેલો, માટે નારક અર્થાત્ નરકાગાર જેવો છે. તેમજ એવાં દુઃખમાં રીબાવા છતાં પણ નાદાન જીવ એ દુઃખો લાવનારા વિષયો અને પાપવિકલ્પો છોડવા તૈયાર નથી એટલી બધી સંસારના વિષયોની અને પાપ વિકલ્પોની ગુલામી પરાધીનતાની બેડીઓમાં જકડાયો રહે છે, સંસાર એ ગુલામી આપનાર હોઇ સંસાર 'ચારક' એટલે કે કારાગાર જેવો છે.

આવા નરકાગાર અને કારાગાર જેવા સંસારથી સમકિતી જીવ ઊભગેલો હોઇ ઘરવાસમાંથી નીકળી જવા ચાહે છે એનું નામ નિર્વેદ લક્ષણ છે, ને એ જ જિનપ્રવચનનો મર્મ છે, રહસ્ય છે, જિનપ્રવચનનું આંતરિક હાર્દ 'નિર્વેદ.'

**ભવ નિર્વેદ પર જ તત્ત્વશ્રદ્ધા-જિનભક્તિ-દાન-શીલ-તપ વગેરે ધર્મો ઊભા રહી શકે.**

પ્ર૦-શું સમકિતીને પળે પળે આ નિર્વેદ ગ્લાની ઘૃણાનો જ ભાવ થયા કરે ? તો તો પછી બીજા ભાવ એને થાય જ નહિ, પણ બીજા ભાવો થયા તો કરે છે એ હકીકત છે, તો તે વખતે ઘૃણાનો ભાવ નહિ થાય. તો ત્યાં સંસારરસિક મિથ્યાદ્રષ્ટિ અને સમકિતીમાં શો ફેર ?

ઉ૦-સમકિતીને પળે પળે ઘૃણાનો ભાવ પ્રગટ નહિ છતાં એને સંસાર-સ્વરૂપની આંતર જાગૃતિ હોય છે. સંસારરસિયા મિથ્યાદ્રષ્ટિને આંતર જાગૃતિ જ નથી.

એટલે જ ખૂબી જુઓ કે નવગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનના દેવતાઓ નિર્વિકાર છે. વીતરાગ જેવા છે, એમાં અનુત્તર વાસી બધા જ દેવો સમકિતી, અને ગ્રૈવેયકમાંના કેટલાક દેવો સમકિતી. એ દેવો ગ્રૈવેયકમાંના કેટલાક દેવો સમકિતીએ, દેવો ગ્રૈવેયકમાંના બીજા મહામિથ્યાદષ્ટિદેવો કરતાં જુદા પડે છે. એમને જુદા પાડનાર એમનું જ્વલંત સમ્યકત્વ છે. સંસારનાં યથાર્થ સ્વરૂપની એમને જાગૃતિ છે, ત્યારે મિથ્યાદ્રષ્ટિ દેવોને આ જાગૃતિ મુદલે ય નથી. કારણ એ છે કે 'સંસારના વિષયો અને એના પર થતા પાપવિકલ્પો ભૂંડા છે, ભવભ્રમણ કરાવનારા અને મોક્ષ અટકાવનારા છે.' એવું એમના દિલના કોઇ ખુણામાં ય લાગતું નથી, એટલે તો પૂર્વ ભવમાં એમણે ચારિત્ર પાળેલું તે મોક્ષ માટે નહિ, સંસારનો અંત લાવવા માટે નહિ, પરંતુ આ ઊંચા દેવતાઇ વિષયો લેવા માટે. એટલો બધો એમનો વિષયરાગ ગાઢ હોય છે. ત્યારે પ્રશ્ન થાય,-

પ્ર૦-તો પછી એમને અહીં વીતરાગતા-નિર્વિકારતા શી રીતે આવી ?

ઉ૦-એનું સામાન્ય કારણ એ છે કે ત્યાં પૂર્વભવે અંતરમાં વિષયરાગ ગાઢ છતાં એમણે માન્યું કે 'દેવતાઇ વિષયસુખ અને તે અતિ દીર્ઘકાળના જોઇતા હોય તો તે સંયમથી જ મળે, અને સંયમમાં વિષયોની આસક્તિ તથા સંગ સર્વથા છોડી દેવાનાં જેવી નિરતિચાર સંયમ પળે. આ સંગ-આસક્તિનો ત્યાગ જેટલો જોરદાર, એટલું સંયમ ઊંચું, અને એના ફળમાં દેવતાઇ સુખ એટલા ઊંચા મળે, દેવતાઇ સુખો અસંખ્ય વર્ષના મળે છે, તો એ માટે અહીં ગણતરીના બહુ થોડા વરસ પૂરતું વિષયોના સંગ આસક્તિનો ત્યાગ કરવામાં ખોટું નથી.' એવું માનીને એ સર્વથા વિષય સંગ આસક્તિનો ત્યાગ કરી ઉત્કૃષ્ટ રીતે પાળે છે. તેથી એના સંસ્કાર અહીં ગ્રૈવયક દેવલોકમાં નિર્વિકારતાને પેદા કરે, એમાં નવાઇ નથી. એટલે આ આવ્યું કે ગ્રૈવેયકમાં નિર્વિકારતાનું સામાન્ય કારણ પૂર્વભવમાં વિષયાસક્તિનો ઉત્કૃષ્ટ ત્યાગ.

## ગ્રૈવેયકમાં નિર્વિકારતાનું વિશેષ કારણઃ ભવ પ્રત્યયિક અત્યલ્પ પુરૂષવેદોદય, અતિ અલ્પ મોહોદયઃ-

પરંતુ વિશેષ કારણ એ છે કે અહીં ગ્રૈવેયકનો ભવ જ એવો છે કે એમાં નિર્વિકારતા હોય દા.ત. પક્ષીનો ભવ જ એવો કે એ ઊડી શકે, એટલે જેમ ઊડવાનું ભવ પ્રત્યયિક, એમ નિર્વિકારતા ભવ-પ્રત્યયિક. આ ભવ-પ્રત્યયિક નિર્વિકારતાનો અલ્પાંશે પ્રારંભ ઠેઠ ત્રીજા દેવલોકથી થવા માંડે છે. વૈમાનિકના પહેલા બીજા દેવલોક સુધી તો દેવોને મનુષ્ય જેવા વિષય સંભોગના વિકાર હોય છે, પરંતુ ત્રીજા-ચોથા દેવલોકમાં માત્ર આલિંગન-સ્પર્શ-સુખ સુધીનો વિકાર, પણ કેવળજ્ઞાની ભગવાન પાસે હમણાં જ ચારિત્ર લઇ લઉં.'

કનકશ્રીની આ માગણી સાંભળતાં જ વાસુદેવ ઉપર ૫ માં ૬ ઠ્ઠા દેવલોકમાં એ સ્પર્શનોય વિકાર ખણાજ ન જાગે, માત્ર રૂપ-શબ્દ-મનનો વિકાર જાગે. છતાં સુખ પૂર્વ કરતાં અનંતગુણ-એમ ૭મા ૮મા દેવલોકમાં રૂપનો ય વિકાર નહિ, પણ માત્ર શબ્દ-મનનો વિકાર જાગે. ત્યાં કામરાગનો વિકાર જાગ્યો એ દેવીનું માત્ર ગીત સાંભળી યા દેવીને યાદ કરીને શમી જાય, એટલે પુરુષવેદનો ઉદય મંદ. છતાં સુખ અનંત ગુણ. ત્યારે ૯ માથી ૧૨ મા સુધીના દેવલોકમાં બાહ્ય પાંચે ય ઇન્દ્રિયોના વિકાર ન જાગે, માત્ર મનના વિકાર જાગે, અને તે દેવીનાં સ્મરણમાત્રથી શમી જાય. એટલો બધો મંદ વેદોદય, ને સ્મરણે સુખ અનંતગુણ. એનાથી ઉપર ગ્રૈવેયય-

અનુત્તરવાસી દેવોને મનનો ય વિકાર ન જાગે, માટે એ નિર્વિકાર હોય છે.

આ બધું ય એ દેવોને ભવ પ્રત્યયિક હોય છે. ભવ પ્રત્યયિક એટલે કે એ ભવ જ એવો કે ત્યાં મોહનો ઉદય અલ્પ-અલ્પતર અને ઊંચા ઊંચા પ્રશમસુખની લીનતા જ એવી કે એના આત્મામાં સહેજે સહેજે તે તે વિકાર ન જાગવા દે.

આ વિકારો ન જાગવાનો અર્થ એ છે કે એ દેવોને તે તે વિષયોની રતિ, અરતિ જ થતી નથી એટલી બધી માનસિક સુંદર શાતા-પ્રશમસુખ અનુભવે છે. પૂર્વે એકવાર કહેલું કે અનુત્તરવાસી દેવોની વીતરાગ સમાનતા પરમશાતાના ઘરની છે, એની સ્પષ્ટતા આ રીતે સમજવાની છે કે, અહીં પરમશાતા એટલે પરમ પ્રશમસુખ, અને શ્રી પન્નવણા સૂત્ર કહે છે કે ઉપર ઉપરના દેવલોકમાં અલ્પ-અલ્પતર વેદોદય-મોહોદયના કારણે અધિક અધિક પ્રશમસુખમાં લીનતા હોવાથી ઇન્દ્રિય વિકારો ઓછા થાય છે. આ હિસાબે ગ્રૈવેયક-અનુત્તરમાં ઉત્કૃષ્ટ પ્રશમસુખ લીનતા હોવાથી તદ્દન નિર્વિકારતા રહે છે. એટલે કહેવાય કે આ નિર્વિકારતા યાને વીતરાગ સમાનતા પરમ પ્રશમ સુખના ઘરની છે. આટલું છતાં સમકિતી ગ્રૈવેયક અનુત્તરવાસી દેવો અને મિથ્યાદ્રષ્ટિ ગ્રૈવેયક દેવો બેઉ નિર્વિકાર હોવા છતાં ય સમકિતી દેવોની સમ્યકત્વના હિસાબે બલિહારી છે, કેમકે એના દિલમાં આ જાગૃતિ પડી છે કે વિષયો અને એને અર્થે કરાતા પાપવિકલ્પો પાપાચરણો ભૂંડા છે. દુર્ગતિઓમાં ભમાવનારા પાપ વિકલ્પો અને પાપાચરણો છે.

અલબત વિષયો ભૂંડા લાગતાં એના પર ઘૃણાની લાગણી થાય, પરંતુ અનુત્તરવાસી સમકિતી દેવો વીતરાગ સમાન હોવાથી એમને રાગ-દ્વેષની જેમ આલ્હાદ-ઘૃણાની લાગણી થવા સંભવ નથી.

પ્ર૦-તો એમ તો જગતના મહામિથ્યાદ્રષ્ટિ જીવોને પણ વિષયો અને પાપવિકલ્પો પ્રત્યે ઘૃણાની લાગણી થતી નથી. તો આ હિસાબે એ વીતરાગસમાન દેવો અને આ મહામિથ્યાદ્રષ્ટિ જીવો શું સરખા થઇ ગયા ?

ઉ૦-ના, પૂર્વે કહ્યું તેમ આ મહામિથ્યાત્વી જીવોને તો વિષયોની અને પાપવૃત્તિઓની ખતરનાકતાની કશી આંતર જાગૃતિ નથી.

જ્યારે અનુત્તરવાસી દેવોને એ આંતર જાગૃતિ ઊભી છે તે પણ એ દેવોના અત્યંત નિર્મળ સમ્યકૃત્વના પ્રભાવે વિષયો ને પાપો પ્રત્યે એવી અતિ વિરાગવાળી જાગૃતિ છે કે એની આગળ મિથ્યાત્વવાળા નિર્વિકાર દેવોની નિર્વિકારતાની કશી કિંમત ન અંકાય.

એટલા માટે તો બીજા સમકિતી મનુષ્યો વગેરે પણ આમ નિર્વિકારતા નહિ, કિન્તુ રાગાદિ વિકારો લાગણીઓમાં પીડાતા છતાં આંતરજાગૃતિના હિસાબે પેલા મહામિથ્યાત્વી નિર્વિકાર દેવો કરતાં આત્મ વિશુદ્ધિમાં કેઇ ગુણા ઊંચા છે.

કનકશ્રીને સંસાર પર વૈરાગ્ય ઝળાકી ઊઠ્યો, વૈરાગ્ય એટલે ઉત્કટ કે એને લાગે છે કે હવે એક મિનિટ પણ સંસારમાં રોકવું એ પાપ વિકલ્પોને અને વિપરીત કલ્પનાઓને અવકાશ આપવા જેવું છે, જેનાં આગામી ફળ દારુણ હોય છે. તો **સંસાર ઘરવાસ મારા આત્માને શું એવું ખટાવે છે કે એક મિનિટના પણ પાપવિકલ્પોનો ભાર માથે લેવો ?**

**કનકશ્રી ચારિત્રની રજા માગેં છે -**

બસ, મનમાં તરત જ સંસાર ત્યાગ કરી ચારિત્ર લેવાનો તાબડતોબ નિર્ધાર કરી લીધો ! અને એણે પોતાના અત્યંત પ્રિયતમ કરેલા વાસુદેવ અનંતવીર્યને એ કહે છે.

''આર્યપુત્ર ! જુઓ કેવળી ભગવાને કહ્યું તે તમે સાંભળ્યું ને ? પૂર્વ ભવના મારા એક નાનકડા ધર્મફળના સંદેહના પાપવિકલ્પે મને અહીં કેવાં કટુફળ દેખાડ્યા ! તો જો હું સંસારમાં રહું તો સંસાર એટલે તો પાપવિકલ્પોનું ઘર, એમાં જિંદગી ચલાવતાં કેટલા બધા બેસુમાર પાપવિકલ્પો અને કેટકેટલી અજ્ઞાન કલ્પનાઓ કરવી પડે ? એના પારાવાર દારુણ ફળનો મને ભય લાગ્યો છે, તેથી સંસારવાસ પરથી મારું મન ઊભગી ગયું છે. હવે એક ક્ષણ પણ એમાં રહેવું નથી.

વળી હે નરોત્તમ ! પૂર્વ ભવના થોડા પણ ધર્મ સેવનથી આટલે ઊંચે પહોંચી છું, તો બધો ધર્મનો જ પ્રભાવ જોઇ મને હવે સર્વે સર્વા ધર્મ સેવન જ ખપે છે. ઘરવાસમાં કદાચ ધર્મ કરાય તો ય તે બહુ અલ્પ, અને વળી સાથે ઢગલાબંધ પાપો સેવતા રહીને ! લેશમાત્ર પણ પાપ વિનાનો સર્વેસર્વા ધર્મ તો ચારિત્ર જીવનમાં જ સેવવાં મળે. માટે તરત જ ચારિત્ર લેવું છે, તો તમે મને રજા આપો, જેથી અહીં જ સંભોગનો વિકાર જ ન જાગે. કેમકે એટલો મોહનો ઉદય ઓછો, છતાં સુખ પેલા કરતાં અનંતગુણ. વળી સ્તબ્ધ થઇ જાય છે, અને સાથે રહેલ વિદ્યાધર રાજાઓ વગેરે પણ ચોંકી ઊઠે છે કે આ શું ? મોટા પ્રતિવાસુદેવની લાડીલી રૂપરાશી દીકરી, અને હવે મહાપરાક્રમી માંધાતા વાસુદેવની પટ્ટરાણી થવા સરજાયેલી આ સુકોમલ કનકશ્રી અહીં એકદમ જ દીક્ષાના નિર્ણયમાં આવી જાય છે ? શી આની ત્યાગ

ભાવના ! પાછળ અહીં આવવા સુધી કશી જ દીક્ષાની વાત નહિ, ને અહીં એકદમ જ ચારિત્ર નિર્ધાર !...' સન્નાટો છવાઇ ગયો અને કાયરોના તો છક્કા જ છૂટી ગયા,- 'બાપ રે ! આ ત્યાગ શે થાય ?'

**વાસુદેવ સંયમની કષ્ટમયતા દેખાડે છે -**

કનકશ્રીને વાસુદેવ કહે 'તમારી ભાવના ઉત્તમ છે ક્યાં અહીં આવતા સુધીમાં તમારા ઊંચા વૈભવ વિલાસ માણવાના મનોરથ ? અને ક્યાં જરાકવારમાં તમારા સર્વ ત્યાગ કરવાના નિર્ધાર ? ધન્યવાદ ! માત્ર એટલો જ વિચાર કરજો કે અનેકવિધ કષ્ટ-ઉપદ્રવોથી ખચ ભરેલી સંયમયાત્રા આમ એકાએક કૂદી પડવાથી પાર પડશે ?' અહીં પ્રવાસ-યાત્રાની જેમ સંયમ-યાત્રામા ૩ જાતના ઉપદ્રવ નડે છે.

**યાત્રામાં ૩ જાતના ઉપદ્રવ -**

(૧) પરગામ જવા નીકળેલા મુસાફરને રસ્તામાં કાંટા કાંકરા વગેરેના ઉપદ્રવ એવા આવે છે કે એક પણ કાટો જો પગમાં પેસી ગયો ને કેમે ય નીકળતો ન હોય તો મુસાફરી ત્યાં જ અટકી જાય છે.

(૨) એથી ય વિશેષ, રસ્તામાં તાવ-ઝાડા વગેરે કાંઇ રોગ ઊભો થઇ જાય તોય ત્યાં ચાલવાનું શે બની શકે ? મુસાફરી અટકી જ જાય.

(૩) એથી ય વધુ ગંભીર ઉપદ્રવ દિશા તથા ચોરીના છે કે જેમાં જો આવો દુર્દિન આવી ગયો, સૂર્ય ઢંકાઇ ગયો છે, ને દિશા દેખાતી નથી અને સામે રસ્તા બે કે વધુ આવી ગયા, તો મુંઝવણ થાય છે કે ઇષ્ટ ગામે જવાનો રસ્તો કયો ? માર્ગ સાચો નિશ્ચિત થયા વિના ચાલવું એમાં કદાચ કયાંનો ક્યાં ઊતરી જવાનું જોખમ મોટું ! એમાં કદાચ લુટારાના રસ્તે ચડી ગયા તો લુંટાઇ જવાનો ભય મોટો ! તેથી ઊભા રહી જવું પડે. ને મુસાફરી અટકી જાય.

આમ ત્રણ જાતના વિઘ્ન-ઉપદ્રવ યાત્રા-પ્રવાસને અટકાવી દે છે પછી ન રહ્યા ઘરના કે ન રહ્યા ઘાટના. આ તો ચાલુ પ્રવાસની વાત થઇ.

એમ, સંયમયાત્રામાં એકદમ જ ઝંપલાવો તો જોખમ મોટું છે એવા ત્રણ જાતના કંટક જવર-દિશા વ્યામોહના ઉપદ્રવો વિઘ્નો ઉપસ્થિત થતાં સંયમ યાત્રાને વચમાં જ અટકાવી દે, ને ત્યાં તો પછી ન રહ્યા ઘરના કે ન ઘાટના. ન તો સંયમ પળે, કે ન ઘરે જવાય. માટે ખુબ વિચાર કરો.

**સંયમમાં ૩ જાતના ઉપદ્રવ -**

(૧) સંયમના માર્ગે કાંટા જેવા ઉપદ્રવો છે વિવિધ પરીસહો. ક્ષુધા ને તૃષા ને ટાઢ ને તડકો, ડાંસ ને મચ્છર, આક્રોશ ને પ્રહાર, લાંબી સંયમયાત્રામાં એવા એવા પરીસહોનું પૂછવાનું શું ? ડગલે ને પગલે આવ્યા જ કરે.

(૨) ત્યારે થોકબંધ કર્મોથી ઘેરાયેલા જીવને બીજા નંબરના વિઘ્ન અર્થાત્ રોગના ઉપદ્રવોની પણ શી નવાઇ હોય ? અને એવો રોગ ઊભા થતાં સંયમયાત્રા શી રીતે ક્ષેમકુશળ ચાલી શકે ?

(૩) એથી ય વધુ ખતરનાક દિશાવ્યામોહ જેવા ઉપદ્રવ છે. અનંત અનંત કાળની સેવેલ મૂઢ અજ્ઞાન માન્યતાઓ અને બાંધી મૂકેલી મિથ્યાગણતરીઓનાં ઉત્થાન થાય એ ત્રીજા નંબરના ઉપદ્રવ છે, વિઘ્ન છે. આ ઉપદ્રવ ઊઠે એટલે જીવ એના વમળમાં ભૂલો પડી જાય છે, દા.ત. 'સારું પૌષ્ટિક ખાઉં તો શરીર સારું ચાલવાથી સંયમ સારું અને દીર્ઘકાળ પળાશે.' આ અજ્ઞાન માન્યતામાં જીવ એવો ભૂલો પડી જાય છે કે પછી તપ અને ત્યાગથી સંયમયાત્રા ચલાવવી મોંઘી થઇ જાય છે. એમ અનંતાકાળની મિથ્યા ગણતરી કે 'થાય તેવા થઇએ તો ગામ વચ્ચે રહીએ' એ ગણતરી પર ચારિત્ર જીવનમાં કોઇ સહચારી સાધુ સાધ્વીના રોષ-રોફની સામે રોષ કરવાનું રોફ બજાવવાનું મન થવાનું, ને એમાં ક્ષમાદિની સંયમયાત્રા ઠેકાણે પડી જવાની.

❀ ❀ ❀ ❀ ❀ ❀

આવા દિશાભૂલના ઉપદ્રવો તો પાર વિનાનાં છે. એમાં પછી સંયમયાત્રા ક્યાં અખંડ રહેવાની ? માટે હે ભાગ્યવતિ ! સંયમમાં એકદમ ઝંપલાવ્યા પહેલાં ખૂબ વિચાર કરો. તમને ભડકાવવાનો આશય નથી, પરંતુ આઘા જઇને પાછા ન પડો, એ વિચારવા માટેનું સૂચન છે.''

**કનકશ્રીનો મક્કમતાનો ઉત્તર :-**

કનકશ્રી આ સાંભળીને વિચારમાં ન પડી ગઇ કે અરે ! આમ છે ? તો ચારિત્રમાં એકદમ કેમ ઝંપલાવાય ? કેમકે એણે તો ગમે તે ભોગે ચારિત્ર પાળવાનો અર્થાત્ સંયમ જીવન જ જીવવાનો નિર્ધાર કરી લીધો છે. તેમજ પૂર્વ ભવે એણે ભારે કષ્ટ વેઠીને હોંશે હોંશે ધર્મ એવો સાધ્યો છે કે એનાથી ઊભા થયેલ શુભાનુબંધો અહીં એને કાયરતાનો પાપવિચાર આવવા દેતો નથી, એટલે વાસુદેવે ચારિત્ર

પાલનમાં જે કંટક-જ્વર-દિગ્-મોહના વિઘ્નો-આપત્તિઓ-મુશ્કેલીઓ નડવાના સંભવ બતાવ્યા એને એ નહિવત્ લેખી કહે છે-

'આર્યપુત્ર ! સંસારના નરકાદિનાં દુઃખ સામે આ તકલીફો શી વિસાતમાં છે ? સંયમ જીવનમાં એ કષ્ટો વેઠી લેવાથી સાંસારિક જીવનથી નીપજતા નરકાદિનાં ભયંકર કષ્ટોથી બચી જવાનું મળે છે. એટલે આ તો શૂળીનું વિઘન સોયનાં કષ્ટથી ટળ્યા જેવું બને છે, પછી સોયનાં કષ્ટને વધાવી લેવામાં આનાકાની શા સારુ હોય ? અને

કષ્ટ વેઠ્યા વિના સિદ્ધિ ક્યાં છે ? દુનિયામાં જીવો પોતાની આજીવિકા વગેરે તુચ્છ ઇષ્ટની સિદ્ધિ કરવામાં કષ્ટો ક્યાં ઓછા ઉપાડે છે ? તો પરમ ઇષ્ટ મોક્ષને સિદ્ધ કરવો હોય એણે કષ્ટથી શું ગભરાવાનું હોય ?

બાકી આપે કષ્ટો આવતાં આઘા જઇને પાછા પડવાની શંકા બતાવી, તે તો

**સંયમમાં આઘા જઇને પાછા પડવાનું તેને થાય કે જે સંયમ-જીવનમાં સહેલસપાટી છે એમ સમજીને એ જીવનને સ્વીકારતા હોય.**

પહેલેથી જ જો એમ સમજી રાખ્યું હોય કે ચાલો ઘરવાસમાં અનેક પ્રકારની ઉપાધિઓ આવે છે. તેથી એનો ત્યાગ કરી સંયમ જીવનમાં જઇ બેઠા એટલે નિરાંત કશી જ ઉપાધિ નહિ, કષ્ટ નહિ, તકલીફ નહિ બસ પરમ શાન્તિનું આરામનું જીવન, આવું સમજીને સંયમ જીવનમાં દાખલ થાય, એને પછી કષ્ટો આવતાં એની પહેલેથી ધારણા નહિ કે આવા કષ્ટો આવશે, એટલે એમાં ગભરાઇ જાય, સહન થાય નહિ તેથી એને આઘા જઇને પાછા પડવાનું થાય, મન ચળ વિચળ થઇ, પાછા ઘર ભેગા થવાનું મન થાય.

''પરંતુ જેણે પહેલેથી જ નક્કી કરી રાખ્યું હોય કે સુખમય સંસાર છોડી કષ્ટમયજ સંયમ જીવનમાં જવું છે, એને તો ધારણા પહેલેથી જ છે કે સંયમ જીવનમાં કષ્ટો આવવાનાં છે', ને હવે એ સંયમ જીવનમાં કષ્ટો આવે એમાં એને ગભરામણ શી ? ન સહી શકાય એવું શું ?

''બસ મારી ગણતરી જ સંયમ જીવનની કષ્ટમયતાની છે, એટલે પછી કષ્ટ આવ્યે કશું મારે પાછા પડવાનું છે જ નહિ, અને

''હે મહાનુભાવ ! પૂર્વ પુરુષોએ એને વર્તમાનના કેટલાય ભવ્યાત્માઓએ બહુ સુકોમળ છતાં ક્યાં સંયમ જીવનનાં કષ્ટ નથી ઊઠાવ્યા કે નથી ઊઠાવતા ? બાકી,

**(૧) પરીસહોનાં વિઘ્ન તો દેહાધ્યાસ દેહમમતા મૂકી દેવાથી અને સામે ઉચ્ચ ભાવનાઓનાં આલંબનથી સુખે પાર કરી શકાય છે.**

**(૨) બીજા નંબરના જ્વર વગેરે રોગોના વિઘ્ન તો હિતાહાર મિતાહારથી પહેલેથી જ અટકાવી શકાય છે. તેમજ**

**(૩) દિશાવ્યામોહ જેવા અસત્ કલ્પનાનાં ત્રીજા નંબરનાં વિઘ્ન જ્ઞાનીનાં વચન પર તીવ્ર શ્રદ્ધા ધરવાથી અને એકમાત્ર કર્મક્ષયની જ ગણતરી રાખવાથી પાર કરી શકાય છે.**

''બસ મારી તમને પ્રાર્થના છે કે મને હમણાં જ સંયમ-જીવન સ્વીકારી લેવાની રજા આપો, એટલે હું મારા આત્માનું ભવ્ય હિત સાધી લઉં.''

જુઓ, કનકશ્રીનો ધર્મ રંગ ! કેવા ઊંચા ધર્મ રંગે રંગાઇ ગઇ હશે હશે કે ઘડી પહેલાના વૈભવવિલાસના હિસાબી મનોરથ એક ક્ષણમાં જ પડતાં મૂક્યા ! અને એક ક્ષણનાય વિલંબ વિના એ ચારિત્ર લેવા તલપાપડ થઇ રહી છે ! એમાં વળી સંયમ જીવનનાં ગમે તેવાં ભારે પણ કષ્ટોને વિસાતમાં લેખતી નથી, તે એ કષ્ટો ઊઠાવી લેવા તૈયાર થઇ ગઇ છે !

**આત્મા ઊંચા ધર્મરંગે ઝળબોળ રંગાઇ ગયો હોય, પછી અનુકૂળ સુખમાં લોભાય નહિ, પ્રતિકૂળ દુઃખથી ગભરાય નહિ.**

**સનત્કુમારનો ધર્મરંગ–**

ચક્રવર્તીપણાનાં મહાસુખનો લોભ, ચક્રવર્તી સનતકુમારને જ્યાં ધર્મનો રંગ લાગ્યો, જ્યાં એ ધર્મ રંગે રંગાયા, ત્યાં એક ક્ષણમાં જતો કર્યો ને તરત સંયમજીવન લઇ લીધું ! અને સંયમ ધર્મના રંગથી રંગાયા એટલે સોળ રોગોના દુઃખથી જરા ય ન ગભરાતાં એને સહી જ લેવા નક્કી રાખ્યું. કોઇ દવા ઔષધ નહિ કરવાના ! તેમ કોઇ અનુકૂળ ખાનપાન નહિ જ રાખવાના! બલ્કે તીવ્ર ત્યાગ અને ઘોર તપસ્યાઓ ચલાવવાની ! શું આ ? દુઃખની ગભરામણજ નહિ. રોગોની પીડાઓને જાણે હૈયાના હેત આપ્યા, આવકાર્યા-કેમ જાણે રોગોને કહી દીધું રહો રહો મારા મિત્ર રોગો ! રહો, તમારા રહેવાથી મારા કર્મ શત્રુ ઓછા થાય છે.'

**ધર્મરંગે રંગાયાથી સુખસગવડમાં લોભાવાનું નહિ. કેમકે એમાં શુભ કર્મમૂડીનો નિકાલ છે, ને દુઃખ અગવડમાં ગભરાવાનું નહિ કેમકે એમાં કચરારૂપ અશુભ કર્મનો નિકાલ છે.**

## સિદ્ધપદના આરાધક હસ્તિપાલ રાજા

રાજા હસ્તિપાલને ડાહ્યા દિવાનના યોગે ધર્મનો રંગ લાગ્યો. દિવાને ચંપાનગરી જઇ આવીને ત્યાંની સૌથી દર્શનીય ચીજ તરીકે સિદ્ધ ભગવાનના અલૌકિક મંદિરનાં વર્ણન કરી ગુણગાયા, રાજાને ઉત્કંઠા સાથે નિરાશા થઇ મારા ભાગ્યમાં આ જોવાનું ક્યાં ?' ત્યાં જ્ઞાની ગુરુ પધાર્યા અને રાજાએ જઇ એમનો સત્સંગ સાધ્યો. દેશનાં સાંભળી, સિદ્ધપદની આરાધના નક્કિ કરી, આરાધના કરવા માંડી.

બસ, રાજા હસ્તિપાલ ધર્મ રંગે રંગાયા. તે આગળ જતાં સંયમ જીવન સ્વીકારી લે છે, અને અવસર પામી સંમેતશિખર પર સિદ્ધની પ્રતિમાની યાત્રા કરીને પછી પારણું કરવાનો અભિગ્રહ કરીને તે તરફ વિહાર લંબાવે છે. કેટલો ધર્મ રંગ ? ૪ દહાડા લાગો, ૮ દહાડા લાગો, પણ યાત્રા કરીને પછીજ પારણું કરવું. કષ્ટ નહિ ? કહો કષ્ટ ખરાં, ને તે પણ આવી પડેલાં નહિ કિન્તુ જાતે ઊભાં કરેલા ! પરંતુ ધર્મ રંગ છે માટે કષ્ટ ઊભાં કરીને સહવાનું ને અચાનક આવેલાને વધાવવાનું રાખ્યું છે.

વેપારના રંગરંગાયા પરદેશ દોડે છે ને ? ત્યાં કષ્ટ નથી આવવાનાં ? પણ મનને છે કે કષ્ઠ ભલેને આવે ? કષ્ટ આવવાના સમજીને જ પરદેશ જવું છે.' કોઇ પરાણે નથી મોકલતું, કિન્તુ જાતે કષ્ટ સમજીને જ પરદેશ જવું છે કેમ ? વેપારનો રંગ લાગ્યો છે. એ રંગમાં કષ્ટને ગણકારવાના નહિ. તો પછી ધર્મ રંગે રંગાયો જીવ શું કામ કષ્ટથી ગભરાય ? જાતે કષ્ટ ઉભાં કરીને સાધનાના માર્ગે ધપાવવાનું.

હસ્તિપાલ રાજર્ષિ સંમેતશિખર તરફ ચાલ્યા તો ખરા, કિન્તુ બીજીબાજુ દેવલોકમાં ઇન્દ્ર સભામાં હસ્તિપાલ રાજર્ષિના ધર્મસત્ત્વના ગુણ ગાય છે. એક મિથ્યાદ્રષ્ટિ દેવને આ સહન થયું નહિ, તે આવ્યો મુનિને દબાવવા.

શું કર્યું દેવે ? મુનિને રસ્તો જ ભુલાવ્યો. એટલે મુનિ રોજ ચાલ ચાલ કરે પણ સમેતશિખર નજીક આવે જ નહિ. એમાં પાછા ચોવિહાર ઉપવાસ વધતા જાય છે શરીર દુબળુ પડતું જાય છે. પગમાં ચાલવાની હામ નથી, આંખે અંધારા આવે છે, પગ લથડિયા ખાય છે.

એમાં વળી દેવતા કાંટા કાંકરા વગેરે બીજા ત્રીજા ઉપદ્રવેય કરે છે. અનાડી લોકો તરફથી એ કષ્ટ ત્રાસ-વિટંબણા ઊભી કરે છે.

બોલો કેટલી આપદા ? કદાચ બહુ બહુ તો આઠ દહાડામાં શિખરજી પહોંચવાનું ધાર્યું હશે એની જગાએ આઠના સોલ, ચોવીસ, ચોવીસના બત્રીસ

અરે બત્રીસ ના અડતાલીસ પચાસ પંચાવન દિવસ થવા આવ્યા, હજી સંમેતશિખર પહોંચવાનું બનતું નથી કેટલાં બધા કષ્ટો ! આટલા બધા દિવસના ચોવિહારા ઉપવાસે પહેલાં તો ચાલવાનાં જ કષ્ટ કેટલા ?

હજી એક ઠેકાણે બેસીને ચોવિહારા ઉપવાસ કરવાના હોય એમાં એટલું કષ્ટ નહિ, પરંતુ આ તો રોજ ચાલવાનું ! ચાલવામાં શરીરની શક્તિ ખરચાતી જાય, ને એમાં વળી આહારપાણી બંધ એટલે નવી શક્તિ કાંઇ આવે નહિ, ઉપરાંત વળી દૈવી ત્રાસ-વિટંબણા રોજની રોજ ચાલુ ! ને આમા બે મહિના થવા આવે છતાં દેવતા પાછો પડતો નથી. તો હવે થાક ન લાગે ! કંટાળો ન આવે ?

કષ્ટ કેવાં ઘોર અને અપરંપાર ! છતાં રાજર્ષિના મનને ખેદ છે ? કંટાળો છે ? પસ્તાવો છે ખરો કે આ મેં યાત્રા કરીને પારણું કરવાનો અભિગ્રહ ક્યાં કર્યો ? ના, જરાય પસ્તાવો નથી, ખેદ નથી, કંટાળો નથી કારણ કાંઇ ? કહો,

**ધર્મરંગે રંગાયેલાને દુઃખ-કષ્ટથી લેશ પણ ગભરામણ ન હોય સુખનો લેશ પણ લોભ ન હોય.**

દેવતા રોજ જોયા કરે છે કે 'મુનિ કેમેય હતાશ થાય છે ખરા કે' અરે ! હજી શિખરજી દેખાતું નથી !' ના, કોઇ હતાશા નથી, ભગ્ન પરિણામ નથી, કારણ ?

**મુનિને હતાશા કેમ નહિ ? એટલા જ માટે કે એમનું લક્ષ સાધનામાં છે ને સાધનામાં સંતોષ છે.**

**જેને સાધનામાં લક્ષ અને સાધનામાં સંતોષ છે એને વિઘ્નો ઉપદ્રવોમાં હતાશા નહિ. એટલે ?**

**વિઘ્નો ઉપદ્રવોમાં હતાશ ન થવાની આ ચાવી કે સાધનામાં લક્ષ રાખો અને તે પણ આંતરિક સાધનામાં.**

**ને એ સાધનાથી જ મહાસંતોષ અનુભવો.**

સાધનાને બદલે શરીરની કે બીજી ત્રીજી વસ્તુની અનુકુળતામાં લક્ષ જાય છે એટલે જ એમાં પ્રતિકૂળ બનતાં હતાશ થવાય છે.

દા.ત. પ્રભુનાં દર્શનની સાધનામાં ઊભા એમાં દર્શનમાં લક્ષ રાખ્યું તો ખરું પરંતુ સાથે સાથે એ પણ ધ્યાન રહે છે કે 'કોઇ આડું ન આવે.' બસ આ વસ્તુમાં લક્ષ ગયું એટલે જ્યાં કોઇ આડો આવીને ઊભો ને ખસતો નથી એટલે હતાશા થાય છે કે અરેરે ! મારે દર્શન અટક્યું !' પૂછો

પ્ર.-એ તો થાય જ ને ? એમાં તો સારી જ વસ્તુ માટે હતાશા છે ને ?

ઉ- હતાશા સારી વસ્તુ માટે ખરી, પરંતુ પછી એ હતાશા વિઘ્ન કરનારા પર દ્વેષમાં લઇ જવા સંભવ છે. વળી બધે હતાશા હતાશા કરવા જતાં હતાશાની કુટેવ પડી જાય છે. પોતાની વિવિધ સાધનામાં જ્યાં ક્યાંય સહેજ પણ અણગમતું થયું કે ઝટ હતાશા ! ને અફસોસી ! ને દ્વેષ એવો કે પેલી સાધનાનો આનંદ ત્યાં ફિક્કો પડી જાય. સાધનાનો લાભ કેવો સરસ મલ્યો ! એવી ખુશી અનુભવવાને બદલે હતાશાવાળો માણસ જીવ બાળ્યા કરશે કે 'આ કેવા ઉપદ્રવ આવ્યા જ કરે છે ? લોકોને વિચારજ નથી, લ્યો ઝટ દર્શનની આડે આવીને ઊભા !' આવો દિલ બળાપો ભારે, તે દર્શનના આનંદને ઊભો જ ન રહેવા દે. કહેશો-

પ્ર૦-તો શું દર્શનની સાધના તૂટવા દેવી ?

ઉ-ના તૂટવા નહિ દેવી, પણ સુરક્ષિત અખંડ રાખવી.

પ્ર૦-દર્શનની આડે કોઇ ઊભો રહે ત્યાં આપણી દર્શનની સાધના અખંડ સુરક્ષિત ક્યાંથી રહે ?

ઉ૦-આંતરીક દર્શન સાધના ઊભી કરવાથી દર્શન સાધના સુરક્ષિત રહે. પ્રભુ દર્શનની સાધના આ, કે બાહ્ય દર્શનમાંથી આંતરિક દર્શનમાં જવું ને એ સ્થિર અખંડ ચાલે.

## પ્રભુદર્શન અખંડ કેમ ચાલે ?

આમાં જ જો લક્ષ-ધ્યાન હોય એટલે કે જો સાધનામાં જ લક્ષ હોય, તો પછી બાહ્ય દર્શનની સાધના કરતી વખતે કોઇ ભલે આડો આવીને ઊભો, પણ પોતાની આંતરિક દર્શન સાધના ચાલુ છે તેથી કોઇ હતાશા નહિ થાય.

પ્રભુ દર્શન કરતા આવડે છે ?

'આવડ્યું' આનું નામ કે એક મિનીટ દર્શન કર્યા પછી આંખ મીંચીને અંદરમાં પ્રભુનું દર્શન કરાય, અંદરનું દર્શન જો અસ્પષ્ટ હોય કે ભુલાય, એટલે તરત આંખ ખોલી પ્રભુને બરાબર ધારી લેવાય, એવું દર્શન કરવાનું. તે કરીને તરત આંખ મીંચી પાછું પ્રભુનું આંતર દર્શન કરવાનું.

હવે ભલે કોઇ આપણાં દર્શનની આડે આવ્યો. પણ ત્યાં તરત આપણે આંતર દર્શનની સાધનામાં લાગવાનું છે. માત્ર દર્શન-સાધનામાં લક્ષ હોય એ આ કરાવે. માત્ર દર્શનની જ શું, બીજી પણ સાધના વખતે ય લક્ષ સાધનામાં જ રાખવાનું. અર્થાત્ દાનાદિની સાધનાઓ પણ બાહ્ય અને આંતરિક સાધનામાં જ લક્ષ રહે એ

રીતે કરવાની.

**સાધનામાં લક્ષ એટલે બાહ્ય સાધના કરતી વખતે આંતરિક સાધનામાં જઇ એના પર જ મન કેન્દ્રિત કરવાનું, એમાં જ કરવાનું.**

જેથી બાહ્યમાં ક્યારેક વિઘ્ન તકલીફ આવ્યે આંતરિક સાધના પર લક્ષ સલામત હોવાથી, મન આકુળ વ્યાકુળ ન થાય, હતાશ ન થાય, વિઘ્ન કરનાર પર દ્વેષિલું ન બને. એમ બાહ્ય સાધના પર મૂઢ મનને એમ સંદેહ થઇ ગયો કે 'આનું ફળ મળશે કે નહિ ?' ત્યાં જો સાથે આંતરિક સાધના ચાલુ હોય તો આંતરિક સાધના તો બાહ્યને અનુરૂપ અંતરના શુભ પરિણામ છે અને તેમાં શંકા કરવાને કારણ નથી. કે' આનું ફળ મળશે કે નહિ ?' કેમકે એ

**બાહ્ય સાધનાનું શુભ પરિણામ ખુદ ફળસ્વરૂપ છે.**

**જીવનમાં ખરું કમાવવાનું એ છે કે શક્ય એટલા શુભ ભાવો એકત્રિત કરવાના.**

**એથી એ શુભ ભાવોના સીધા સંસ્કાર ભવાંતરે ધર્મને અવશ્ય ખેંચી લાવે.**

તેમજ અહીં પણ એના વારંવારના અભ્યાસથી ચિત્તમાં સુંદર પ્રસન્નતા રહ્યા કરે, ખોટા ખેદ વિષાદ થાય નહિ. આંતરિક સાધનામાં શુભ પરિણામ ચાલે તેથી એના સંસ્કાર પણ પડે, અને ચિત્તની પ્રસન્નતા પણ રહે.

આંતરિક સાધના કેમ મોંઘી પડે છે ? 'મૈત્રી આદિ ચાર ભાવ અને વૈરાગ્યભાવ ધર્મના પાયામાં જરૂરી છે' એ ખબર નથી, આ ખબર છે તો એની પરવા નથી, ગરજ નથી. જો એ ગરજ હોય તો તો પહેલો પ્રયત્ન વૈરાગ્ય અને મૈત્રી આદિ ભાવોનો હોય. મન મારીને પણ મૈત્રી ભાવ રખાય, કરુણાભાવ રખાય, પ્રમોદ-મધ્યસ્થભાવ અને વૈરાગ્ય રખાય, એ હોય પછી કોઇપણ આંતરિક સાધના સરળ બની જાય.

અભવી દુર્ભવી જીવ ચારિત્ર લે છે, પણ એનામાં વૈરાગ્ય અને મૈત્રી આદિ ભાવોના વાંધા છે, એટલે પછી બાહ્ય સાધનાને યોગ્ય શુભ પરિણામની આંતરિક સાધના એને ક્યાંથી ચાલે ? તો,

**ધર્મની આંતરિક સાધના વિના માત્ર બાહ્ય સાધનાથી નિસ્તાર નહિ.**

આપણે ય અનંતી વાર ચારિત્ર લીધાં ને પાળ્યાં છતાં હજી કેમ ભવસમુદ્રમાં કેમ ખુંચેલા છીએ ? કહો ત્યાં ચારિત્રની માત્ર બાહ્ય સાધના હતી કિન્તુ આંતરિક

શુભ પરિણામ રૂપ સાધના નહોતી માટે ભવ પાર ન કરી શક્યા.

પેલા સિદ્ધપદના આરાધક હસ્તિપાલ રાજા બબ્બે મહિના દેવતાના ઉપદ્રવ સહવા છતાં આંતરિક સાધના અખંડ રાખવાના લક્ષ વાળા છે તેથી જરાયે હતાશ ન થયા, ને અંતે દેવે તુરંત સંમેતશિખર પાસે મૂકી દીધા. મુનિએ ત્યાં યાત્રા કર્યા પછી અભિગ્રહ મુજબ પારણું ક્યું, ને એમ સિદ્ધ પદની આરાધનામાં તીર્થંકર નામકર્મનું ઉત્કૃષ્ટ પુણ્ય ઉપાર્જ્યું.

રાજા હસ્તિપાલ મૂળ ધર્મરંગે રંગાઇ ગયા હતા, તેથી કષ્ટમાં ડગ્યા નહિ. પેલી કનકશ્રી ધર્મરંગે રંગાઇ ગઇ છે, તેથી કનકશ્રીને વાસુદેવે સંયમ માટે તૈયાર જોઇ સંયમ જીવનનાં કષ્ટ બતાવ્યાં, એમાં પણ માનસિક કષ્ટ ભારે બતાવ્યાં. 'મનને અનંત અનંત કાળના મિથ્યા ધોરણ બંધાઇ ગયેલા, તે સહેજે સહેજે એવાં ધોરણ અનુસાર મિથ્યા કલ્પનાઓ, મિથ્યા સંકલ્પ-વિકલ્પો, અને કષાયોના ભાવો જાગતા જ રહે છે. ત્યાં મનને એનાથી બચાવી લેવાનું કેટ કેટલું કઠિન છે ?' એ બધું વાસુદેવે રજુ કર્યું, પરંતુ આ કનકશ્રી ધર્મરંગે રંગાયેલી એ સમજીને જ સંસાર છોડવા તૈયાર થઇ છે કે સંસારમાં મિથ્યા વિકલ્પો અને મિથ્યા કલ્પનાઓનો પાર નથી. અને તેથી જીવને લખલૂટ અશુભ કર્મો બંધાવાનું થાય છે, તથા સંસારની દુર્ગતિઓમાં રઝળપાટ કરતા કેમેય પાર આવતો નથી.'

કનકશ્રી વાસુદેવની ૯૬ હજાર રાણીઓમાં પટ્ટરાણી બનવાની તૈયારીમાં છતાં આવી સમજથી જ્યારે સંસાર છોડવા તૈયાર થઇ છે, પછી સહજ છે કે મનને એણે નક્કી કર્યું છે કે 'સંયમ જીવનમાં જરાય એવી મિથ્યા કલ્પનામાં તણાવાનું નહિ.

**સંયમ જીવનમાં તો જ્ઞાનીએ કહેલા સિદ્ધાન્તો અને ધોરણો જ મનમાં રાખવાના. પછી કષ્ટમાંય મનને ક્યાં મુશ્કેલી રહે ?'**

દા.ત. સંસારમાં ભૂખ લાગી કે ખાવાનું ધોરણ હોય છે ત્યારે જ્ઞાનીનું ધોરણ આ કે 'શક્ય એટલો તપ કર્યે જવાનો-તપથી કલ્યાણ ખાધાથી નહિ. ખાધ્યે કલ્યાણ હોત તો તો અનંત અનંત કાળ ખાધું કેમ કલ્યાણ ન થયું ? કલ્યાણ તપથી. હવે જ્ઞાનીનું આ ધોરણ રાખ્યું ત્યાં ગોચરી ન મળી, મનમાની ન મળી, ત્યાં મિથ્યા વિકલ્પ શાનો થાય કે 'હાય ! શું કરીશ ?' ત્યાં તો તપોવૃદ્ધિ માની આનંદ જ હોય.

એમ સંસારમાં અણગમતું કરનાર સામે ક્રોધ કરવાનું ધોરણ હોય છે. પણ જ્ઞાનીનું ધોરણ 'આ જીવનમાં શક્ય એટલી ક્ષમા કમાયે જવાની. તેથી ક્ષમા પકડી રાખ્યે, સામો આપણને ગમે તેટલું અણગમતું કરે, આપણે ક્ષમા જ કમાયે

રાખવાની છે પછી મિથ્યા વિકલ્પ કે કષાય શાનો થાય કે આ કેવી હરામખોરી કરે છે ? ક્ષમા જ રાખવાની છે એટલે ત્યાં મનને એમ થાય કે 'વાહ ! સરસ યોગ ! આ મને અણગમતું કરીને મને ક્ષમા કમાવવાની સુંદર તક આપે છે. આ ધોરણ પર દુઃખી થવાનું રહેજ ક્યાં ?

**જ્ઞાનીનાં ધોરણ અપનાવીએ તો કોઇ દુઃખ ન રહે.**

**જીવને દુઃખ પૈસા ઓછા મળ્યાનું નથી, પરંતુ મનને પૈસા ઓછા લાગ્યાનું છે.**

નહિતર, એવા કેટલાક માણસ છે જેમને પૈસા ઓછા મળ્યાં છે છતાં દુઃખી નથી, દુઃખનાં રોદણાં નથી રોતા, પરંતુ સુખ શાન્તિભર્યું મસ્ત જીવન જીવે છે. ત્યારે વધારે પૈસાવાળા કેટલાયે કંઇ ને કંઇ દુઃખનાં રોદણાં રોયા કરી અશાંતિનું જીવન જીવે છે. પોતાને મળેલા સારા પૈસા ય એને બીજા અધિક શ્રીમંત કરતાં ઓછા લાગીને વધુ કરવાની ચિંતામાં આધિ-સંતાપવાળું આકુળ વ્યાકુળ જીવન જીવે છે. કેમ આમ ?

**દુઃખ પૈસા કે સુખ ઓછા મળ્યાનું નથી, મનને ઓછા લાગ્યાનું છે.**

જેવું પૈસામાં, એવું ખાન-પાન, માન-સન્માન, માલ-મિલકત, એશ-આરામી વગેરેમાં ય એ ઓછું મળ્યાનું દુઃખ નથી પરંતુ ઓછું લગ્યાનું દુઃખ છે. એટલે વાત આ આવીને ઊભી રહે છે કે દુઃખ ન જોઇતું હોય તો પૈસા વગેરે વધુ મેળવવાની લપમાં પડશો નહિ. પરંતુ મનને એ ઘણું મળ્યાનો સંતોષ ઊભો રાખજો. એથી આગળ વધીને સાચું જીવન-ધન સંપત્તિ-પૈસા વગેરેને નહિ પણ દાન-શીલ-સંયમ-તપસ્યા જિનભક્તિ અને ક્ષમા વગેરેના માનતા રહેજો.

❀ ❀ ❀ ❀ ❀ ❀

આ કામ કોણ કરી આપે ?

**દુનિયાના માણસોનાં ધોરણ પડતાં મૂકી જ્ઞાનીનાં ધોરણ અપનાવાય એ સંતોષ અને સંપત્તિના સાચા હિસાબ માંડી આપે, ને દુઃખને દૂર રાખે.**

**જ્ઞાનીનાં ધોરણ આ છે-**

(૧) દુનિયાના વધુ સુખીને જોઇને પોતાના સુખનું માપ નહિ કાઢવું પરંતુ ઓછા સુખીને જોઇને પોતાના સુખનું માપ કાઢવું.

(૨) પોતાના દુઃખનું માપ દુનિયાના સુખીને જોઇને નહિ કાઢવું, પરંતુ

વધુ દુઃખીને જોઇને કાઢવું.

(૩) સાચા સુખ દુઃખ દુન્યવી વસ્તુની છત અછત પર નથી, પરંતુ મનને વધુ ઓછું લાગવા પર છે.

(૪) સાચી સંપત્તિ ધન માલ નહિ, પણ સુકૃત સદ્‌ગુણ છે.

(૫) જીવનમાં કમાવવા જેવું ધન નહિ પણ ધર્મ છે.

(૬) સગવડ-અગવડ મળવામાં મુખ્ય (ખાસ) કારણ આપણાં શુભ અશુભ કર્મ જ છે.

(૭) બાહ્યની પ્રાપ્તિમાં પૂર્વ કર્મ કારણ અને ધર્મની પ્રાપ્તિમાં પુરુષાર્થ કારણ છે.

(૮) આત્માની વડાઇ અને સલામતી ધન વગેરેથી નહિ, પણ ધર્મ સદ્‌ગુણ-સુકૃતથી છે.

(૯) જીવતા છીએ એ પાપ વધારવા નહિ પણ, પાપ ઓછા કરવા, પાપ બંધ કરવા માટે જીવતા છીએ.

(૧૦) હંમેશા ઉદ્વેગથી બચવા આ વિચારવું કે પૈસા-ટકા માન-સન્માન એ કાચના ટુકડા છે, જૈન ધર્મ, અરિહંત પ્રભુ, નવકાર, જિનાગમ, સમાધિ, વ્રત નિયમ, ત્યાગ-તપ, તીર્થો-શાસ્ત્રો વગેરે એ કોહિનૂર હીરો છે. જો હીરા સલામત છે, તો કાચના ટુકડા ઓછા મળ્યા કે બગડી ગયાની શી પોક મૂકવાની ? શા દુઃખ કરવાનાં ?

(૧૧) આપમતિ મારક ને જિનમતિ તારક.

(૧૨) સંસારી માણસ કષ્ટો અને વિઘ્નોથી ગભરાઇ સંસાર નથી છોડતો, તો ધર્મી જીવે શા માટે કષ્ટ વિઘ્નોથી ગભરાઇ ધર્મ છોડી દેવો ? યા ધર્મથી આઘા ભાગવું ?

પેલી કનકશ્રી જ્ઞાનીનાં આ ધોરણ પર મસ્ત રહી પતિ વાસુદેવે સંયમ જીવનમાં વિઘ્નો કષ્ટો વગેરે બતાવ્યા પણ તેથી ગભરાઇ નહિ. એને પતિને કહી દીધું કે મારે તો નિર્ધાર છે સંયમ લેવાનો, અને એમાં વિઘ્નો કષ્ટો આવે એને વીરતાથી પાર કરવાનો નિર્ધાર છે. માટે તમે મને સંમતિ આપી દો, હું હમણાંજ સંયમ લઇ લઉં.'

**વાસુદેવે કનકશ્રીને કેમ રોકી નહિ ?**

હવે વાસુદેવ...શું કરે ? જેમ કનકશ્રીને વાસુદેવ પર અથાગ રાગ થયેલો,

એમ વાસુદેવને પણ સુગુણ સુશીલ રૂપસુંદરી કનકશ્રી પર ભારે રાગ થયેલો છે. માટે તો એની ખાતર પ્રતિવાસુદેવને ખત્મ કરવા સુધીની મોટી લડાઇ લડ્યો છે. એટલે હવે કનકશ્રી સંયમની રજા માગે તો એને કેમ છોડાય ? કદાચ બળજબરી ન કરે, પરંતુ એને મનામણાં કે કાલાવાલા કરવાનું મન તો થાય ને કે' તું મારા દિલ સામે તો જો, કે કેટલી જહેમત અને કેટલું મોટું યુદ્ધ કરીને તને હું લઇ આવ્યો છું. તો તારા પર મારું દિલ કેટલું બધું ઓવારી ગયું હશે ? તારા પર મને કેટલો અનહદ રાગ હશે ? તો શું તારે મારા દિલના ટૂકડા કરી નાખવા છે ?' આવું કાંઇક કરગરવાનું મન ન થાય ?

પરંતુ ના વાસુદેવે જરાય કાલાવાલા કરવાનું કરગરવા કે સમજાવવાનું ન કર્યું. એણે કનકશ્રીની માગણી વધાવી લીધી, કેમકે એક તો કનકશ્રીની સંયમ માટેની ભારે તત્વ સમજપૂર્વકની મક્કમતા એણે જોઇ છે, વળી કેવળજ્ઞાનીની વાણી અને કનકશ્રીનો પૂર્વભવ સાંભળ્યો છે, તેમજ કનકશ્રીની સંસાર છોડવા માટેની દલીલ કે ''એક પાપ વિકલ્પનું આટલું કટુ ફળ તો વરસોના વરસો સુધીના સાંસારિક જીવનમાંના હજારો લાખો પાપ વિકલ્પો ને વિપરીત કલ્પનાઓનાં કેટકેટલાં કટુફળની ફોજની ફોજ કેટલાં ભવો સુધી ભોગવવાની ? મારે એ ભોગવવાનો મોખ નથી,'' આ દલીલ સાંભળી સામે વાસુદેવથી કશું બોલાય એવું નથી. તેથી એ હવે કહે છે,'

**દીક્ષા શોભાનગરમાં કરવાની -**

''હે ભાગ્યવતી ! તારો ચારિત્ર લેવાનો મક્કમ નિર્ધાર છે, તો મારે એ મંજૂર છે. પરંતુ અહીં જંગલમાં તું એમજ ચારિત્ર લઇ લે એ ઠીક નથી. તારી દીક્ષા તો પ્રભાવક દીક્ષા થાય એવી છે, અનેકોને વૈરાગ્ય પમાડે એવી ને ધર્મના રાગી બનાવે એવી છે. માટે ચાલ તને આપણી શોભાનગરીમાં તીર્થંકર ભગવાન પાસે ચારિત્ર અપાવીશ. આકાશગામી વિદ્યા બળે આપણે આપણી નગરીમાં પહોંચતાં કશી વાર લાગે તેમ નથી. તેથી તારો તરતમાંજ દીક્ષા લેવાનો વિચાર જલ્દી અમલી બને એમ છે.'

કનકશ્રીને અલબત્ત સંયમ લેવામાં હવે એક ક્ષણનો પણ વિલંબ પાલવતો નથી, પરંતુ વાસુદેવનું મન રાજી થઇને તરતમાં પોતાના નગરે દીક્ષા કાર્ય કરે એમ છે, તેમજ જિનશાસનની મહાન પ્રભાવના થાય એવું છે, તથા સમયનો મોટો વિલંબ નથી, એટલે એણે વાસુદેવનું વચન સ્વીકારી લેતાં કહ્યું. 'ભલે એમ હો, પણ

હવે એક ક્ષણનો પણ વિલંબ ન કરો. ચાલો જલ્દી શોભાનગરી પહોંચી જઇએ.'

**શાસનોન્નતિનો યથાશક્તિ પ્રયત્ન એ પણ એક મહાન જીવનકર્તવ્ય છે.**

એ હવે કનકશ્રીની નજર સામે તરવરે છે, ને એ જંગલમાં નહિ પણ મોટા નગરમાં દીક્ષા સમારોહ ઉજવવાથી થાય, એ એના ધ્યાન પર આવે છે. એમ કહેતા નહિ-

**દીક્ષાર્થીને દીક્ષા-ધામધુમમાં જશની ઇચ્છા કેમ નહિ ?**

પ્ર.-મોટા નગરમાં દીક્ષા સમારોહ કરવામાં જાતને જશ લેવાની અભિલાષા ન ગણાય ?

ઉ.-ના ગણાય. જ્યાં જગતના કર્મ-પીડીત જીવો માટે એકાન્તે ભાવદયા ઊભી થાય કે ''એ બિચારા જીવો જૈન ધર્મ તરફ આકર્ષાય તો સારું જેથી એમને બોધિ-બીજની પ્રાપ્તિ થાય, ને એના ઉપર આગળ જતાં બોધિરત્ન વગેરે મળવા તે દ્વારા ઠેઠ મોક્ષ સુધી પહોંચી જાય ! તો એમની અનંત અનંત કાળથી ચાલી આવતી ભયંકર જનમ-મરણની જંજાળ મટી જાય.'' આવી શુદ્ધ ભાવ-કરુણા હોય ત્યાં પોતાને જશ મળવાની અભિલાષાને અવકાશ જ ક્યાં છે ? ત્યારે પુછો,

પ્ર.-શું બેય ભાવના ન આવે ? કે ચાલો મોટા શહેરમાં ધામધુમથી દીક્ષા લેવામાં લોકો ધર્મ પામશે અને આપણને જશ પણ મળશે.'

ઉ.-સમજપૂર્વક દીક્ષા લે એને લોકોનો જશ લેવાની ભાવના ન થાય. કેમકે દીક્ષા લેવામાં સંસાર ત્યાગ એટલા માટે કરે છે કે

**'સંસારના વિષયો ધન-માલ-કુટુંબ ખાનપાન અને જશ-માન-સન્માન વગેરે એ તો રાગ-મોહ-મદ-માયા આદિ પાપ કરાવનારા છે.**

તેથી આ પાપ ન જોઇતા હોય તો એ પાપ કરાવનારા ધનમાલ-માન સન્માન વગેરે છોડયે જ છુટકો.' આ સમજથી સંસાર ત્યાગ કરનાર શું દીક્ષાની ધામધુમ દ્વારા લોકના માન-સન્માન લેવા ઇચ્છે ? ના એ તો માત્ર લોકો ધર્મ પામે એટલું જ ઇચ્છનારો હોય. આટલું સમજી રાખો,

**દુન્યવી વિષયોનો ત્યાગ શા માટે ?**

**એ રાગ-મોહ-મદ-માયાદિ પાપો કરાવે છે, માટે.**

દીક્ષા લેતા દુન્યવી વિષયો કંચન-કુટુંબ-કીર્તિ વગેરેનાં ત્યાગ આટલા માટે જ કરતો હોય અર્થાત્ દીક્ષા આ સમજથી લેતો હોય, એને દુન્યવી જશની કિંમત ન હોય.

**દીક્ષા લેનારને**

ધનની કિંમત નથી માટે ધન છોડે છે

કુટુંબની કિંમત નથી માટે કુટુંબ છોડે છે

વિષયસુખની કિંમત નથી માટે વિષયસુખ છોડે છે

એમ જશની કિંમત નથી માટે જશ છોડે છે.

એટલે પછી 'મોટા શહેરમાં દીક્ષાની ધામધુમથી જશ મળે' એવું શું મુમુક્ષુ ઇચ્છનારો હોય ?

ના. એ તો દીક્ષાની ધામધુમથી લોક ધર્મ પામે એટલું જ ઇચ્છનારો હોય. આ હિસાબે કનકશ્રી જંગલમાં દીક્ષા લઇ લેવાને બદલે શોભાનગરીમાં દીક્ષા લેવાની વાસુદેવની વાત માની લે છે.

બસ, વાસુદેવ મોટાભાઇ અપરાજિત બલદેવ સાથે જ્ઞાનીને વંદન કરી વિદ્યાધર રાજાઓની મંડળી સાથે ઉપડ્યાં શોભાનગરી તરફ.

અહીં એવું બનેલું કે બળદેવ વાસુદેવ બંને બળદેવના દીકરાને રાજ્ય સોંપી વૈતાઢ્ય પર ઉપડી ગયેલા. એના પર પછીથી દુશ્મન પ્રતિવાસુદેવ દમિતારિએ શુભાનગરી પર સેના મોકલેલી અને યુદ્ધ ચલાવેલું. કહે છે ને કે

**સૂના ખેતરમાં ગધેડાં ચરી જાય.**

ખેતર ધણી વિનાનું સૂનું પડ્યું હોય તો ગધેડા જેવા તુચ્છ પ્રાણી ય એમાં ઘૂસી પાક ચરવા લાગી જાય. અહીં 'માંધાતા બળદેવ વાસુદેવ ગેરહાજર છે ને ? એટલે ચાલો રાજ્ય કબ્જે કરી લઇએ' એમ દુશ્મન ચડી આવેલો. અને યુદ્ધ માંડેલું.

આત્માના સંબંધમાં પણ આવું છે. જો એમાંથી વૈરાગ્ય, જિનવચન-શ્રદ્ધા, પાપભય અને મૈત્રી-કરુણા આદિ માંધાતા ભાવો ગેરહાજર થાય તો આત્મ ખેતર સૂનું પડ્યું, એટણે હવે એમાં જાલિમ વિષયરાગ, અહંત્વ સ્વાર્થાંધતા, કષાયો, આર્તધ્યાન, વગેરે ગધેડાં ચરતા થઇ જવાના.

સ્વાર્થાંધતા સ્વાર્થરસિકતા કેમ પીડે છે ? વૈરાગ્યની ખામી છે, માટેસ્તો. વૈરાગ્ય હોય તો ઝટ વિચાર આવે કે 'કઇ વસ્તુ માટે સ્વાર્થ માયા રમું છું ? સંસારના જ વિષય માટે, પણ સંસારના વિષયો અંતે હળાહળ વિષ જેવા નીવડવાના છે. વિષયો ઝેરના લાડુ જેવા છે. ઝેરના લાડુ મીઠું મીઠું ખાવાનું સુખ દેખાડે, પણ અંદરનું વિષ શરીરમાં એવું પરિણમે કે પ્રાણ ત્યાગ કરાવી નાખે ! એમ વિષયો ભોગવતાં સુખ દેખાડે, કિન્તુ એમાં રહેલ રાગ મોહ મદ વગેરે પાપ ઝેર એવા

આત્મામાં પરિણમે કે એક મોત નહિ પણ ઢગલાબંધ દુર્ગતિના જનમ અને મોત દેખાડે ! આવા વિષય ખાતર શું હું સ્વાર્થ રમું ? ને પરમાર્થ પરોપકાર ગુમાવું ?

પરમાર્થ એટલે પરમ ઇષ્ટ 'ત્યાગ' 'જિનાજ્ઞાપાલન'.

પરોપકાર એટલે પરનું ભલું.

**નકરા સ્વાર્થમાં રમે એ પરમાર્થ પરોપકાર બંને ગુમાવે છે.**

એને ત્યાગની રુચિ ન થાય તેમ પોતાની ચીજથી પરનું ભલું કરવાની વૃતિય ન થાય.

વિષય પર વૈરાગ્યવાળો તો મોકો મળતાં જુએ છે, કે 'ગોઝારા વિષયની સ્વાર્થ માયા શી રમવી હતી ? લાવ, મોકો મળ્યો કે દાનમાં દઇ દઉં તો મારે ત્યાગ રૂચિ કેળવાશે અને સામાનું ભલું થશે.' મૂળ પાયામાં વિષય-વૈરાગ્ય હોય,

**વિષયો ભયંકર જાલિમ રાગાદિપાપ કરાવનારા હોવાના કારણે ગોઝારા લાગતા હોય, તો અવસરે વિષયનો સ્વાર્થ જતો કરી ત્યાગ અને પરોપકાર સાધી લેવાય.**

પરંતુ આત્મક્ષેત્રે વૈરાગ્ય જ ન હોય તો શું કામ ત્યાગ અને પરોપકાર કરવા જાય ? એ તો સ્વાર્થ માયામાં જ રમે.

**સૂના ખેતરમાં ગધેડા ચરે એમ વૈરાગ્ય વિનાના આત્મામાં કુટિલ સ્વાર્થ માયા જ રમે.**

રાણી રતિસુંદરીને પર રાજાએ એના પતિરાજાને યુદ્ધમાં હરાવીને ગ્રહણ કરી, અંતેપુરમાં બેસાડી દીધી, હવે એને પોતાની પટ્ટરાણી બનવા વિનવે છે. રતિસુંદરીએ એ જોયું કે 'આપત્તિનું ઔષધ કાળ. કાળ પસાર થવા દે, આપત્તિ વિખરાઇ જશે' એમ ગણતરી રાખી ચાર માસ વિચાર કરવા મહેતલ માંગી, એ શરતે કે 'ચાર મહિના રાજાએ મોં જોવા પણ નહિ આવવાનું.' રાજાએ કબુલ કર્યું.

આમાં રતિસુંદરીનો ગુઢ આશય હતો કે 'ચાર માસ ખાલી ખાલી શા માટે જવા દઉં ? આ કૂતરો ચાર મહિના પછી પાછો આવીને આ રૂપાળી કાયા કૂતરી પર મોહવાનો છે. તો કાયાને જ ચાર માસ ઘોર તપથી ઓગાળી નાખું. પછી કાયાને સુક્કી ભુખ્ખી લુખ્ખી એટલે તપથી હાડપિંજરશી અને કાળીમેશ પડેલી જોઇ શું મોહવાનો હતો ? પરંતુ આવો તપ કરતી વખતે કાયાના રૂપરંગ ઊડવા લાગે એમાં જો રાજાને એનું દર્શન મળ્યા કરતું હોય તો તપ ન કરવા દે.' માટે તપ-કાળમાં એને દર્શન જ ન આપવું.' તેથી ચાર મહિના સુધી અને પોતાની પાસે

લેશમાત્ર ફરકવાનું નહિ એવી કબુલાત લીધી.

પ્ર.-પણ દાસીઓ જઇને રાજાને ચાડી ન ખાય કે આ તપ કરે છે ?

ઉ.-ખાય, પરંતુ 'પાણી પહેલા બાંધો પાળ' એ ન્યાયે આણે પહેલેથી કહેલું છે કે 'જુઓ તમે સમજો છો કે સતીને મન પતિ મર્યાનો કેટલો શોક હોય ? તેથી એ શોક ઓછા કરવા હું ચાર મહિના પ્રભુ ભક્તિ અને તપ-જપ કરીશ' અહીં રાજાને કલ્પના જ ક્યાં થાય કે આ તપ કાયાને ઓગાળી નાખે એવો કરવાની છે ? એટલે રાજાએ તો માન્યું કે સ્વાભાવિક છે સતીને પતિ મૃત્યુનું દુઃખ થાય અને દુઃખને ભૂલવા પ્રભુ ભક્તિ તપ જપ કરે.' બસ, એમ માનીને તપ જપ પ્રભુ ભક્તિનું કબૂલેલું. હવે રતિસુંદરી તપ કરે એમાં દાસીઓ શું કામ રાજાને ચાડી કરવા જાય કે આ તપ કરે છે ?

ચાલ્યું...રતિસુંદરીએ છઠ્ઠ અઠ્ઠમ ચાર ઉપવાસ પારણા લુક્ખી નીવી વળી ૪-૮ ઉપવાસ પારણે આયંબિલ. એમ ઘોર તપ ચલાવ્યો-ચાર મહિનામાં તો કાયા ઉતારીય નાખી ! અને ફિક્કી શ્યામ પણ પાડી દીધી !

**વૈરાગ્ય હોય તો સ્વાર્થ માયારૂપી ગધેડું આત્મ-ખેતરમાં ચરતું ન ફરે, પણ પરમાર્થ પરોપકારની તક ઝડપાય.**

એના પર આ વાત છે. અલબત્ રતિસુંદરીને પોતાના શીલની રક્ષા કરવી છે, એમ રાજાને કુશીલની બુદ્ધિ થઇ છે, એ બુદ્ધિ છોડાવવી છે, તેથી એણે ધાર્યું છે કે રાજા રૂપ ઉપર મોહ્યો છે ને ? તો તપસ્યાથી કાયા ગાળી નાખી સુક્કી ભુખ્ખી લુખ્ખી બનાવી દઉં, જેથી રાજાને એ જોઇ મોહ ઊતરી જાય. એને એમ થાય કે 'અરે ! આ ક્યાં રૂપાળી છે ?'

શું રાજાનો મોહ ઉતરશે ? જુઓ, શું થાય છે એ.

રાજા દહાડા ગણે છે. બરાબર ચાર મહિના પૂરા થયા કે તરત એ રતિસુંદરીના મહેલમાં આવ્યો. જ્યાં એ સતીને જુએ છે ત્યાં ચમક્યો 'આ શું'.

**રાજા-સતીનો બોધક સંવાદ :-**

સતીને પૂછે છે, 'કેમ આવું નિસ્તેજ દૂબળું શરીર ? શું કાંઇ બિમાર પડી ગયા હતા ?'

રતિ સુંદરી કહે 'ના, રે, ના, બિમારી કાંઇ નથી આવી. પરંતુ શરીરનો શો ભરોસો છે કે ક્યારે રૂપ રંગ ઉડે ? કે ક્યારે પોતે ઊડી જાય ? એવા નાશવંત રૂપ

ઉપર શો મોહ કરવો ?'

રાજા કહે 'એ તો ઠીક, પરંતુ આ તમારી રૂપવંતી કાયા કેમ ઉતરી ગઇ ? જો કાંઇ તકલીફ હોય તો સારા વૈદ્ય પાસે દવા કરાવીએ.'

સતીએ જોયું કે 'આ વળી નવી આપદા ! વૈદ્યના ઉપચાર ચાલે એટલે રોજ રાજા આવ્યા કરે, કાયા જોયા કરે, એમાં એનો મોહ કાંઇ ઊતરે કરે નહિ. માટે વૈદની વાત ઉરાડવા દે.' રાજાને એ કહે-

'તકલીફ તો કશીય નથી. માત્ર મારા પતિના શોકમાં તપસ્યા ચાલતી હતી એટલે સહેજે તપમાં શરીર ઉતરી જાય.'

રાજા કહે 'અરે પણ આટલી બધી તપસ્યા તે કરાતી હશે ?'

'કરાય, કાયા ઊતરવાની શી વાત ? કાયા પડી જાય પ્રાણવિહોણી થઇ જાય ત્યાં સુધી તપસ્યા કરાય. આનાથી વધીને કાયાનો સદુપયોગ બીજો શો છે ?'

**માનવ કાયાનો સદુપયોગ એને વિષયોથી વિડંબવાનાં નથી, પણ એનાથી તપસ્યા કરી લેવામાં છે.**

કાયાને વિષયોથી વિડંબવાનું તો જનાવરની કાયા મળ્યેય થઇ શકે પરંતુ એમ કરતો એ જીવ થોડો જ વિવેકી ગણાય છે ? દેહને વિષયોથી વિડંબી વિડંબીને એ હલકા કીડા કીડી વગેરેના અવતારોમાં ભટકતો થઇ જાય છે. ને ત્યાં ય શું છે ?

ગમતાં વિષયોથી દેહને વિડંબ્યા કરવાનું. સમજદારીવાલા માનવભવે પણ જો ત્યાગ-તપમાં કાયાનો સદુપયોગ ન કરતાં વિષયોથી વિડંબવાનું આવડ્યું, તો પછી હલકા અવતરોમાં તો એ વિના બીજું શું આવડે ? માટે આ કાયાની માયા મૂકી દો, ને પરસ્ત્રીના વિષયથી તમારી કિંમતી કાયાને વિડંબવાનો વિચાર માંડી વાળો.'

રાજા અધીરો થઇ કહે 'એ બધી વાત પછી, આપણે કાંઇ તમારી કાયાને તપથી પાડી નાખવાની નથી. કરો પારણુ કરો, લાવો હું જ મારા હાથે તમને પારણુ. કરાવું.'

એમ કહી રાજાએ પારણાની ચીજો મંગાવી. પોતાના હાથેજ એકેક ચીજ વાપરવા આપે છે. લ્યો આ દૂધ પીઓ, આ રાબ પીઓ, આ શીરો ખાઓ.

અહીં સતી શું કરે ? એ જુએ છે કે આને કારમી વિષય-ભુખ લાગી છે એટલે ભગવાનની વાણીના ઘરનો મારો ઉપદેશ પત્થર પર પાણીની જેમ વહી ગયો. જરાય જ્ઞાનમાં સદ્‌બુદ્ધિનો અંકુરો ફૂટ્યો નહિ.'

**વિષયોથી આત્મ વિટંબણા કેવી કે કિંમતી જિનવાણીના ઉપદેશને ય**

ગણે નહિ !

ખેર, હજી એક ઉપાય રાખ્યો છે તે કરી જોઉં.'

એમ વિચારી સતી કહે, 'પારણાનો શું કામ આગ્રહ કરો છો ? આમેય અડધે તો આવી ગઇ, તો હવે મને અનશન જ કરી લેવા દો, જેથી તમારા નિમિત્તથી આ મારે કાયાનો મહાન સદુપયોગ થાય, ને એ થવામાં હું તમારો ખૂબ ખૂબ ઉપકાર માનું.'

રાજા કહે-'આ શું બોલ્યા ? આવી નમણી કાયાને શું એમજ ધૂળધાણી કરી નાખી ફેંકી દેવાની ? ના, ના, આવી નમણી કાયા મળે છે ક્યાં ? આ જુઓને મારા અંતઃપુરમાં તમારી અપેક્ષાએ તો બધી કુબડીઓજ ભેગી થઇ છે. એટલે અનશનની તો વાતેય કરતા નહિ, લ્યો ચાલો હવે જલ્દી પારણું કરો.'

મહાસતી અને રાજામાં કેટલો ફરક છે ? મહાસતીના આત્મક્ષેત્રમાં શીલ-પરમાર્થ-પરોપકાર માલિક બની બેઠા છે. એટલે ત્યાં દુરાચાર અને સ્વાર્થમાયા રૂપી ગધેડા ચરતા ફરતા નથી, રાજાના આત્મખેતરમાં એ શીલ વગેરે માલિક નથી, તેથી દુરાચાર-સ્વાર્થમાયા વગેરે ગધેડા ચરતા ફરતા છે. પોતાની સ્વાર્થમાયામાં એ મહાસતીને ભ્રષ્ટ કરવા કહી રહ્યો છે-'પારણું કરો.' કેમ ? 'પારણું કરે એટલે ખાઇપીઇને લષ્ટ પુષ્ટ થાય એટલે પોતાનો દુરાચારનો અધમ સ્વાર્થ સાધી શકે.'

**જે આત્મક્ષેત્રે શીલ માલિક નહિ ત્યાં દુરાચાર અને સ્વાર્થ માયારૂપી ગધેડા, ચરતા ફરે.**

**સતીનું મિંઢળ પાન**

ત્યારે અહીં મહાસતી ચકોર છે. અહીં હજી એક યુક્તિ કરી રાજાની દુર્બુદ્ધિને સુધારવા ઇચ્છે છે. એણે પારણું કબુલ કર્યું. રાજાએ વિવિધ વાનગીઓ મંગાવી સતીને પીરસતો જાય છે, ને સતી તે વાપરતી જાય છે.

પરંતુ મહાસતીએ વચમાં રાજા ન જાણે એવી એક વસ્તુ કરી ! વમની ફળ મીંઢળનો ઘસારો કરાવી રાખેલો તે ભોજનની વચમાં પી લીધો. પરિણામ એણે પેટમાં જઇ એવો ઉછાળો કર્યો કે 'અંદરનું ગયેલું બધું હુડુડુડુ કરતું જ ઊલટી રૂપે પિત્ત સાથે બહાર નીકળી ગયું !

ઊલટીમાં ગંદવાદ દેખાડી રાજાને કહે 'જુઓ આ શરીરમાં કેવો ગંદવાડ ભર્યો છે ? આ શરીર પણ કેવુ નિસ્તેજ અને કદ્રુપ બની ગયું છે ! આના પર તમને

મોહ થાય છે ? આમાં શું સારું દેખો છો ?'

રાજા કહે 'પણ આ તમારી હરણી જેવી આંખો કેવી સરસ શોભી રહી છે. બીજું બધું તો પછી, પરંતુ આ તમારી આંખો જોતાં દિલમાં હરખ હરખ થઇ આવે છે.'

શું કરી રહ્યો છે રાજા ?

**વિષયલંપટ બીજું ઘણું ય ખરાબ નભાવી લે છે.**

એક આંખના આકર્ષણમાં બાકી શરીરના બધા ગંદવાડને નગણ્ય માની રહ્યો છે, તે ભારે **ગંદવાડનેય** લેખામાં લેતો નથી, છે મૂર્ખાઇની હદ ?

રાજાને હવે કેમ સમજાવવો ? વિષય લંપટતા ચીજ એવી છે કે એક પણ ઇંદ્રિય-વિષય જો મનને ગાઢ રુચી ગયો તો પછી બીજું ઘણું ય ખરાબ જોયા છતાં એ ખરાબથી ઊભગી જવાની વાત નહિ ! ઊભગીને પેલા વિષયનું આકર્ષણ મૂકવાની તૈયારી નહિ ! ખરાબને ય નભાવી લેવાની જ વાત !

મમ્મણ જેવા લોભિયાને એક માત્ર પૈસાના લંપટને ખાવામાં ઢંગધડા વિનાનું ! બહાર બધે કંજુસ તરીકેનો અપયશ, પૈસા લાવવામાં ભારે કષ્ટ મજૂરી અને ભારે પાપ-કરણી ! કુટુંબના કલેશ ! વગેરે વગેરે ઘણુંય ખરાબ એ નભાવી લેવા તૈયાર, પરંતુ પૈસાનું આકર્ષણ મૂકવા તૈયાર નહિ, એને કહો જો,

'અલ્યા ભાઇ ! આટ આટલી ખરાબી શા સારું વહોરે છે ?'

તો કહેશે, 'બીજું ગમે તેટલું ખરાબ, પરંતુ આ પૈસા કેટલા બધા સારા છે !

રાજા મહાસતીની નજર સામે ઊલટીનો ગંદો પથારો અને સતીના શરીરની કદ્રુપતા જોયા છતાં આ કહી રહ્યો છે 'પણ તારી આંખ કેવી સરસ હરણી જેવી ચમકી રહી છે ! એનાં દર્શન માત્રથી દિલ પાણી પાણી થઇ જાય છે !'

તમે ભગવાનના વચન પર શ્રદ્ધાવાળા છો ને ? ભગવાનના વચન કહે છે 'વિષય વિષયો અને હિંસાદિ પાપોનાં ભવાંતરે બહુ ખરાબ પરિણામ છે ! અને અહીં પણ જીવની એમાં ભારે વિટંબણા અને કઢંગી મુડદાલ ગુલામી દશા છે,'' તો આ જિનવચન પર શ્રદ્ધા છે ને ? શ્રદ્ધાથી એ બધી ખરાબીઓ નજર સામે જેવી કહેવાય. તો એ ખરાબીઓથી ઊભગી જવાનું થાય છે ? ઉભગીને વિષય અકારા લાગે છે ? ના, વિષય લંપટતામાં બીજા ઇષ્ટ વિષયનો તીવ્ર રાગ ઊભો રાખવો છે !

વિષય-લંપટતા કેવી ભૂંડી છે ! ગમતો વિષય મેળવવા-સાચવવા-ભોગવવા ગમે તેટલા કષ્ટ પડે, વિરોધો આવે, નાલેશી પણ થતી હોય, છતાં 'ભલેને એ બધું

આવે, પણ વિષય-સુખ કેવું સારુ મળે છે !' એમ કરી બધી ખરાબી વહોરવા જીવ તૈયાર છે ! એમ પરલોકના કારમા દુઃખ આવવાના હોય તો તે ય ભોગવી લેવાની જાણે તૈયારી છે ! કેમ વારુ ? 'મનગમતું વિષય સુખ કેવું સરસ મળે છે !'

## વિષય સુખની ઘેલછામાં જ્ઞાનીનાં વચન પર શ્રદ્ધા ક્યાં ઊભી રહે ?

પેલા રાજાને રતિસુંદરી કહી રહી છે, 'જુઓ આ ઊલટીનો ગંદવાડ ! શરીર આખુંય આવા ગંદા પદાર્થોથી ભરેલું છે. એમાં તમે શું સારું દેખો છો ? ને એના પર મોહ કરો છો ? શરીર તો મારું હવે લાકડામાં લઇ જવા લાયક કૂચા જેવું થઇ ગયું છે, માટે મોહ મૂકો.'

રાજા કહે 'એ ગમે તે, પણ આ તારી હરણી જેવી આંખો ભારે સરસ ચમકી રહી છે !'

રાજાના મનમાં શીલ માલિક નથી એટલે માલિક વિનાના ખેતરમાં ગધેડાં ચરે એ ન્યાયે દુરાચારની ભાવનાનું ગધેડું ચરી રહ્યું છે.

ત્યારે સતીના દિલમાં શીલ માલિક હાજર છે, તેથી દુરાચાર ક્યાંથી પેસી શકે ? એ શીલની રક્ષા માટે ગમે તેટલો ભોગ આપવાની સતીની તૈયારી છે. એણે જોયું કે રાજા 'હવે કોઇ બી હિસાબે દુર્ભાવના મૂકવા તૈયાર નથી, તો હવે એના જ બોલ ઉપર એવું કરી બતાવવું કે એ કદાચ પાછો વળી જાય તો વળી જાય.'

## સતીનો શીલરક્ષાર્થે જાલિમ ઉપાય

છેલ્લા ઉપાયમાં સતીએ હાથમાં લીધી છરી, અને તરત એને પોતાની આંખમાં ખોસી ડોળો બહાર કાઢી રાજાના હાથમાં આપતાં કહે છે-

'લ્યો આ હરણી જેવી આંખ. આ આંખ તમને બહુ ગમે છે ને ? તો આને રાખો તમારી પાસે, હરણી જેવી આ આંખ તમે રોજ જોયા કરજો.'

❀ ❀ ❀ ❀ ❀ ❀

મહાસતીની કેટલી હિંમત ? કેવો આત્મભોગ ! કેમ ? એના મનઘરમાં માલિક હતી શીલ રક્ષાની તમન્ના, એજ પરમાર્થ, અને સાથે પરોપકાર વસેલા હતા. ત્યાં સ્વાર્થ માયા રૂપી ગધેડો શાનો ચરતો ફરતો રહી શકે ? એને પોતાનું શીલ અખંડ અવિરાધિત રાખવું છે, સાથે રાજાની દુર્બુદ્ધિ હટાવવાનો પરોપકાર કરવો છે. એટલે પોતાના શરીર અને આંખો સુધ્ધાના સ્વાર્થનો રસ જતો કરવો છે. મારાં શરીરનું ગમે તે થાઓ, મારી આંખ પણ ભલે જાઓ, કિન્તુ રાજાને સદ્બુદ્ધિ

આવે છે ? એ જોવું છે. આ સ્વાર્થ માયા પડતી મૂકી પરોપકાર કરવાની તમન્ના છે.

**રાજાને ભારે પસ્તાવો :-**

અને ખરેખર એવું જ બન્યું કે અત્યાર સુધી કામના આવેગમાં ફસેલા રાજાએ જ્યાં જોયું કે 'હાય ! સતીએ મારા કારણે પોતાની આંખ ફોડી નાખી ?' ત્યાં જ એને હવે ભારે પસ્તાવો થયો કે 'હાય ! હાય ! મેં આ શું કર્યું ? મારી અધમ વાસનામાં એક મહાસતીની આ વિટંબણા કરી ? અરેરે ! આનું શરીર કેવું ખલાસ કરી નાખ્યું ! ધિક્કાર પડો મારી દુષ્ટ વાસનાને ! ધિક્કાર હો મારા આત્માને કે આવું અતિ દુષ્ટ કામ મેં કર્યું ! ઓ પ્રભુ ! પ્રભુ ! મારું શું થશે ? કેવો હું પાપિષ્ઠનો ય પાપિષ્ઠ !'

રાજા કલ્પાંતમાં ચડે છે, સતીની માફી માગે છે, 'મહાદેવી ! મેં તારો ભયંકર અપરાધ કર્યો છે ! હું કેટલો નીચ કે એક સામાન્ય માણસ ન કરે એવા તારી પ્રત્યે દુષ્ટ કામ કર્યાં છે ! તારી ક્ષમા માગું છું અરેરે ! મેં કેટકેટલો તારા પર અપકાર કર્યો છે !

મહસતી કહે 'બધું ભૂલી જાઓ, તમે અકાર્યથી અટકી ગયા એ મોટું કામ થયું. અકાર્યથી તમારા આત્માને જે ભયંકર દુર્ગતિ ભ્રમણ થાત, એ અટકી ગયું એ મોટો લાભ થયો છે, એનો જ આનંદ માનો.'

રાજા કહે 'પણ મેં તારી આંખ ફોડાવી નાખી એ કેટલું બધું ખરાબ કર્યું ?

**સતીની આંખ ગઇ છતાં કેમ આનંદ ?**

સતી કહે 'મહારાજા ! મારી આંખ જતાં તમને સદ્બુદ્ધિ જાગ્રત્ થઇ એ કેટલું મહાન કાર્ય થયું ! તમારે દુર્ગતિની પરંપરા અટકી એ મહાન લાભ આગળ આંખ ગઇ એ કયું મોટું નુકસાન છે ? ચિંતા ન કરો, મને કોઇ દુઃખ નથી.' સતીને બેવડો આનંદ છે કે પોતાનું શીલ બચ્યું અને રાજાની બુદ્ધિ નિર્મળ થઇ. આ અતિ મહાન લાભને સમજતી સતી આંખ ગયાનું દુઃખ શાની કરે ?

રાજા કહે 'તું બહુ ઉત્તમ આત્મા એટલે આંખ ગયાનું ભારી દુઃખ તું મન પર ન લે. પરંતુ એક તો મેં તારા પર ખરાબ દ્રષ્ટિ કરી, પછી મોટી લડાઇ કરીને, તારા પતિને ખત્મ કર્યો ! એ ભયંકર પાપ ઉપર તારી આંખ ગુમાવરાવી ! એ વળી મહા ભયંકર કામ થયું. હવે તો મને જીવવું ભારે લાગે છે. બસ, હવે તો હું આપઘાત જ કરું.' એમ કહીને રાજા તલવાર લઇ આત્મહત્યા કરવા તૈયાર થઇ જાય છે.

**રાજા આપઘાત માટે તૈયાર :-**

સતી જુએ છે કે 'આ વળી નવી આપદા થઇ. મારાં કર્મ કેવા ભારે, કે હું રાજાના આવા અકાળ વિનાશ થવા સુધીમાં નિમિત્ત બની ગઇ !' રાજાને એ તરત અટકાવે છે કહે છે. 'જુઓ જુઓ આવું કાંઇ કરશો નહિ તમને મારા સમ છે આત્મહત્યાનો વિચાર કરતા નહિ. નહિતર પછી મારેય જીવવું મુશ્કેલ બનશે !

રાજા ત્યાં કલ્પાંત વધારે છે-'હાય ! હાય ! હું શું કરું ? ક્યાં જાઉં ? પોતે છાતી કૂટે છે ને માથું કૂટે છે. રતિસુંદરીને ભારે દુઃખ થાય છે. પોતાનું શીલ અખંડિત રહેશે એનો હવે આનંદ છે, પરંતુ પોતાની આંખ ગયાના દુઃખ કરતાં આ રાજાના કલ્પાંતનું દુઃખ ભારે લાગે છે. સમજે છે કે 'આંખ ગુમાવવી પડી એ તો શીલ રક્ષા માટે અને રાજાને સન્મતિ આપવા માટે કિંમત ચૂકાવાઇ. આવા બે અતિ મહાન કામ તો થયા પરંતુ રાજાનો આ ઉગ્ર કલ્પાંત ને તે મારા નિમિત્તે, અરે ! આ ક્યાં જઇ અટકશે ?'

કેવો હિસાબ ? 'આંખ ગઇ એ નુકસાન કંઇ વિસાતમાં નથી.' કેમ ? આંખ ગઇ તો અલબત જોવાનું સાધન ગયું, પરંતુ તે તો માત્ર આ ભવ પુરતું જ, શું ?

**આંખ ગઇ એ માત્ર આ ભવનું જ નુકશાન, જ્યારે શીલરક્ષા અને રાજાને સન્મતિ એ બે તો ભવોભવના ઉપકારક.**

**મહાસતીની ભવ્ય વિચારધારા ઉમદા દિલ એટલે ?**

''એવા ભવોભવના મહાન લાભ આગળ માત્ર આ જનમના નુકસાનની શી વિસાત ? વળી,

''ભલે આંખ ગઇ તો જીવદયાનું સાધન ગયું, દેવ-ગુરુ-દર્શન ગયા, શાસ્ત્ર વાંચન ગયું, પરંતુ હજી હું જીવંત છું, આયુષ્ય ટકેલું છે, તો અરિહંતનાં સ્મરણ-ભજન-ગુણગાન, તેમજ નવકાર મહામંત્રની આરાધના, તથા ત્યાગ તપસ્યા વ્રત નિયમ...વગેરેની આરાધનાનો અવકાશ ઊભો છે. આ બધી મહાન સાધનાઓના લાભ ભવોભવ માટે ઊંચા છે. તેથી મારી જાતને તો આનંદ છે પરંતુ રાજાનો આ કલ્પાંત જોતાં રાજાને મહા દુઃખ છે એ જોયું જતું નથી, અને કોને ખબર આ કલ્પાંતમાં એ શું કરી બેસે ? માટે મારે હવે આ મિટાવવા કાંઇક તત્કાલ કરવું જોઇએ.' મહાસતીનું દિલ કેટલું બધુ ઉમદા ઉત્તમ અને ઉદાર છે, એ જોવા જેવું છે. દિલ ક્ષુદ્ર નથી, સંકુચિત નથી, કિન્તુ ઉમદા છે, એટલે જાતનાં થયેલા નુકસાનને ભૂલી રાજાને સદ્‌બુદ્ધિ આવી એને મહત્વ આપે છે. પોતાનાં થઇ ગયેલા ઐહિક

નુકસાનો ને ન જોતાં હવે જે મહાન પારલૌકિક લાભો પોતાને હાથમાં છે તેમજ રાજાને હવે સુસંભવિત છે એના તરફ દ્રષ્ટિ રાખે છે. ક્ષુદ્ર મતિ ઉત્તાન-ઉછાંછળી મતિવાળો આ ન વિચારી શકે,

**ઉમદા દિલ જ એહિકના ભોગે પારલોકિક લાભને મહત્વ આપે.**

**ક્ષુદ્ર માણસ તો તત્કાળનું એહિકનું જોઇ અનુચિત કાર્ય કરવા લાગી જાય છે.**

**ક્ષુદ્રમતિ પર્વત :-**

ખબર છે ને પેલા ક્ષીર કંદબક ઉપાધ્યાયે લોટનો કૂકડો પણ મંત્રથી મૂર્છિત કરેલ જીવંત કૂકડા તરીકે બનાવી પોતાના પુત્ર વિદ્યાર્થી પર્વતને અને બહારના વિદ્યાર્થી નારદને કોઇ ન દેખે ત્યાં મારી લાવવા માટે આપ્યા તો પર્વત ક્ષુદ્ર મતિવાળો તે તત્કાળનું જોઇ જંગલમાં જઇ મારીને લાવ્યો, ત્યારે નારદ ઠેઠ પર્વત ગુફા સુધી જઇ માર્યા વિના લાવ્યો.

ગુરુ પૂછે 'કેમ ભાઇ ! પર્વત તો મારીને લાવ્યો, પણ તું કેમ એમજ પાછો લાવ્યો ?'

નારદ કહે 'ગુરુજી ! આપે તો કોઇ ન દેખે ત્યાં મારવાનું કહેલું, પણ જંગલમાં પંખેરા દેખતા હતા, ને ગુફામાં હું દેખતો હતો, તો ય મેં મારી આંખ બંધ કરી એટલે હું કકડો દેખતો ન રહ્યો, પરંતુ દૂરના યોગીઓ અને ઉપરના દેવતાઓ દિવ્યજ્ઞાનથી દેખતા હતા તેથી માર્યો નહિ, ને સમજ્યો કે આવા દયાળુ ગુરુ કૂકડાને મારી નાખવાનું શાના કહે ? કૂકડો ન મરાય એટલે જ આપે, કોઇ ન દેખે ત્યાં, 'એમ શરત મૂકેલી એમ હું સમજ્યો, એટલે માર્યા વિનાજ લાવું ને ?'

નારદ, ક્ષુદ્ર દિલનો નહોતો એટલે ઉપલકિયો વિચાર ન કરતાં ઉંડાણથી વિચાર્યું, ગુરુવચનનો મર્મ વિચાર્યો. પર્વત ક્ષુદ્ર દિલનો એટલે ઉપર ઉપરથી જોયું કે ગુરુએ મારી નાખવાનું કહ્યું છે ને ? બસ, મારી નાખો.

સતી રતિસુંદરી ક્ષુદ્ર દિલની નહિ પણ ઉમદા દિલની એટલે 'હાય ! મને આટલું બધું નુકસાન ? એમ ઉપર ઉપરનું ન જોતાં પોતાની શીલ રક્ષા અને રાજાને સંમતિ આના ભાવી મહાન લાભ તેમજ પોતાના હાથમાં રહેલ જીવંત અવસ્થામાં થઇ શકનારા મહાન આરાધનાઓના લાભ જુએ છે.

**ઉત્તમતા શી રીતે આવે ? ઉત્તમ આદર્શો નજર સામે રાખવાથી.**

વળી મહાસતી ઉત્તમ આત્મા છે, અધમ નહિ, એટલે જીવનના આદર્શ

ઉત્તમ રાખનારી છે. ઉત્તમ આદર્શ ક્યા ? જે પૂર્વના ઉત્તમ પુરુષો જીવનમાં મહાસંપત્તિ આદિની ભોગે પણ દાન શીલ આદિ સર કરી ગયા, સિદ્ધ કરી ગયા, એ પૂર્વ પુરુષો જ ઉત્તમ બનવા ઇચ્છનાર માટે આદર્શરૂપ છે. ઉત્તમ પૂર્વ પુરુષોએ જીવનમાં જડ પદાર્થોનાં મૂલ્યાંકન ન કરતાં પોતાના વિશુદ્ધ ગુણ સંપન્ન આત્માનું ઊંચું મૂલ્યાંકન કર્યું છે. દા.ત.

**દાનેશ્વરી માઘકવિ –**

માઘ કવિએ પોતાના દાની આત્માનું મહત્ત્વ આંકી પોતાના મહા સંપત્તિમાન આત્માનું અને સંપત્તિનું મહત્વ નહિ આંકેલું, તો છેલ્લા સમયે ભુખમરાની સ્થિતિમાં પણ એક અદભુત શ્લોકના લાખો રૂપિયાનું રાજા ભોજ તરફથી ઇનામ મળવા પર એ ઇનામની મોટી સંપત્તિનું મૂલ્ય નહિ આંક્યું. અને રાજ્યદરબારેથી ઘરે પહોંચતા સુધીમાં યાચકો આવતા ગયા, ને દાન માગતા ગયા, તો માઘ કવિએ પોતાનો આત્મા કૃપણ ન બને પણ દાની બન્યો રહે એ માટે રાજા તરફથી મળેલ મહાન ઇનામમાંથી દાનમાં લૂંટાવ્યે ગયો, દાનમાં દેતોજ ગયો, તે ઘરે પહોંચતાં બધુજ દઇ દીધું !

હજી પણ એક યાચક માગવા આવ્યો છે ને પોતાની પાસે હવે દેવાનું કાંઇ છે નહિ. તો યાચક પર અભાવ નથી થતો કે 'આટ આટલું દઇ દીધું એ વખતે ક્યાં ટળ્યો હતો તે અત્યારે આવવાનું સૂઝે છે ?' ના, કવિને એમ થાય છે કે 'હાય ! યાચક મળે છે ને કાંઇ દઇ શકતો નથી ? મને યાચકને દીધા વિના પાછો કાઢવો પડે એના કરતાં હાય, હે પ્રાણ ! તમે મને છોડી જતા નથી. જાઓ છોડો મને, **त्यजत त्यजत प्राणाः**- એટલું બોલતા જ માઘ કવિના પ્રાણ છૂટી ગયા, આંગણમાં જ એ ઢળી પડ્યો !

આવા દાની કેટલા નીકળે ? ભલે થોડા, પણ આવા જ પૂર્વ પુરુષોએ ઉત્તમ આદર્શ તરીકે ગણાય, અને ઉત્તમ બનવા ઇચ્છનારે આવાને જ જીવનના આદર્શ તરીકે રખાય.

**આભડ મંત્રીની અદ્ભુત દાનવીરતા-**

**જુઓ અદ્ભુત આદર્શ દાનવીર આભડમંત્રીની ઉત્તમતા.**

આભડ મંત્રી કુમારપાળના મોટાં દુશ્મન રાજાને જીતીને આવ્યા અને કરોડોની સંપત્તિ લાવીને કુમારપાળ મહારાજા પાસે રજુ કરી, અને અદ્ભુત જીતનું બ્યાન આપી કહ્યું, 'મહારાજા ! આપનો પ્રભાવ અને આપણી પુણ્યાઇ જયવંતી છે.

એટલે જ કઠીન પણ વિજય સરળ બની ગયો.'

મહારાજા કુમારપાળે ત્યાં આભડને ઇનામમાં લાખો રૂપિયાની સંપત્તિ આપી. પછી હાથી, ઘોડા, સોનૈયા વગેરેની સંપત્તિ લઇને આભડ મંત્રી રાજદરબારથી જેવા બહાર નીકળ્યા કે તરત યાચકો આભડ મંત્રીની મંત્રીનો વિજયગાથા અને દાનવીરતાના ગુણ ગાતાં ગાતાં દાન માંગવા લાગ્યા તો આભડ મંત્રી એક મિનિટ થોભ્યા વિના મોટા મોટા દાન દેતા ચાલ્યા. હાથી માંગ્યો તો હાથી આપી દીધો, ઘોડો માગ્યો તો ઘોડો આપી દીધો, અને સોનૈયા માગ્યા તો સોનૈયા આપી દીધા, એમ કરતાં કરતાં ઘરે પહોંચતા સુધીમાં ઇનામની સમગ્ર સંપત્તિ દાનમાં દઇ દીધી.

એકી કલમે કેટલું બધું દાન ! મનને જરાય વિચાર ના આવ્યા કે 'આટલી મોટી જાનના જોખમે લડાઇ કરી વિજય મેળવ્યે એનું મળેલું આટલું મોટું ઇનામ તે એમજ દાનમાં બધુંજ કેમ દઇ દેવાય ? જંગી યુદ્ધની ભગીરથ મહેનતનું ફળ તો આપણે લહેર કરવા માટે સંગ્રહી રાખવું જોઇએ ને ? ના રે ના,

**જીવનમાં સ્વાર્થ અને ભોગ વિલાસને કશું જ મહત્વ ન આપતાં દાનને જ મહત્વ આપેલું.**

**જીવનનું મંગળ ધનપરિગ્રહ નહીં, કે વિષયભોગ નહીં, કિંતુ દાન છે.**

આવું દાનરૂપી જીવન મંગળ સાધી લેવાનું મળે ત્યાં સેંકડો હજારો શું પરંતુ લાખોની સંપત્તિનો પણ ત્યાગ કરી દેતા આંચકો નહીં. મહત્વ દાન અને ત્યાગ રૂપી જીવન મંગળનું જ છે માટે તો જુઓ કે ત્યાગ માટે શાલિભદ્ર રોજની દેવતાઇ ૯૯ પેટીનો માલ બીજે દિવસે કૂવામાં નખાવી દેતા અને અવસર આવ્યો ત્યારે હંમેશા માટે ૯૯ પેટી છોડી.

અલબત આવા ત્યાગી દાનેશ્વરી વિરલ મળે પરંતુ જગતને માટે એ આદર્શ-રૂપ છે. ઉત્તમ બનવું હોય એણે નજર સામે આવા ઉત્તમ પુરુષોને આદર્શ તરીકે રાખવા જોઇએ. મહાસતી રતિસુંદરી ઉત્તમ આત્મા છે. એટલે ઉત્તમ આદર્શને ધરનારી છે. એ કાંઇ અવસર આવ્યે પોતાના તુચ્છ જડ સ્વાર્થને મહત્ત્વ ન આપે કિન્તુ આત્માના ઊંચા કલ્યાણને જ મહત્વ આપે. આ હિસાબે એણે પોતાની આંખ ગઇ એને કશુંજ મહત્ત્વ ન આપતાં રાજાની દુર્બુદ્ધિ નષ્ટ થઇ અને સદ્‌બુદ્ધિ આવી ગઇ તેમજ પોતાના શીલની રક્ષા થઇ, એનેજ મહત્વ આપ્યું. એણે આ હિસાબ રાખ્યો કે-

**આંખ એ જીવન મંગળ નહિ, પોતાનું શીલ ને સામાને સદ્‌બુદ્ધિ એ જીવન મંગળ.**

રતિસુંદરીએ પૂર્વની મહાસતીઓને આદર્શ તરીકે સામે રાખીને આ સાચા જીવન મંગળને મહત્વ આપી ઉત્તમતા રાખી, એમ આપણા માટે પણ આ મહાસતી રતિસુંદરી આદર્શ તરીકે સામે રખાય અને નક્કી કરાય કે 'મારે તો ઉત્તમ બનવું છે, અધમ નહી.' તો એ આદર્શને અનુસરીને (૧) આપણામાં શીલ બ્રહ્મચર્ય સચવાય, તથા (૨) આપણા પ્રસંગમાં આવનાર સામાને સદ્બુદ્ધિ રહે, એને જ મહત્ત્વ અપાય, પછી ભલે મહાસતીની જેમ મોટો ભોગ આપવો પડતો હોય.

**ઉત્તમ બનવાની ચાવીઃ આત્મહિતોને જ જીવન મંગળ માની મહત્ત્વ આપવું.**

ઉત્તમ બનવું છે ? તો જેમ દાન સુકૃત એમ શીલ સુકૃત, સેવા પરોપકાર સુકૃત, વગેરે સુકૃતો. તેમજ ક્ષમા સત્ય નીતિ બ્રહ્મચર્ય ગંભીરતા, સહિષ્ણુતા વગેરે સદ્ગુણો, તથા ત્યાગ, વ્રત, નિયમ, તપસ્યા અહિંસા, સંયમ જિનભક્તિ, ગુરુભક્તિ વગેરે સાધનાઓ, આ સુકૃતો સદગુણો અને સાધનાઓને જીવન મંગળ માનીને મહત્ત્વ અપાય તથા મહત્ત્વ એનેજ આપી એની કમાઇ તથા એની રક્ષા-વૃદ્ધિ અને પરાકાષ્ઠાની પ્રાપ્તિ કરવાને મહત્વ આપીને દુન્યવી વસ્તુઓને જરાય મહત્ત્વ ન આપતાં અવસરે એનો ભોગ અપાય, એ ઉત્તમતા છે. એથી ઊલટું, ધન માલ-વિષયોને મહત્ત્વ આપી એની ખાતર સુકૃત-સદ્ગુણ કે સાધનાને બાજુએ મૂકી દેવાય, એનો ભોગ અપાય, અર્થાત્ એ સુકૃત વગેરેને જતા કરાય, એ અધમતા છે.

દાન સુકૃતથી ઉત્તમતાનાં દ્રષ્ટાન્ત જોયા ! માઘકવિ અને આભડમંત્રીએ દાન-સુકૃતને મહત્ત્વ આપી વિપુલ સંપત્તિ જતી કરી. એમ શીલ સુકૃતમાં આદર્શ તરીકે સુદર્શન શેઠ, સ્થૂલભદ્રમુનિ, વગેરેને નજર સામે રાખીને વર્તાય તો ઉત્તમતા આવે.

**શીલને મહત્વ, પ્રાણને નહિઃ સુદર્શનશેઠ 'પ્રાણ જાઓ, શીલ નહિ.'**

જાણીએ છીએ કે સુદર્શનશેઠ પોષધ-ધ્યાનમાં ગામ બહાર ઊભેલા. એમને મહારાણીના પ્રપંચથી આખાને આખા મેહલમાં ઉચકી લવાયા. રાણી તો એમને જોતાજ ખૂબ આકર્ષાઇ, અને અત્યંત કામપરવશ બનીને શેઠને ભોગની પ્રાર્થના કરે છે, શેઠ કાંઇ બોલતા નથી. એટલે એમની આગળ ઘણા હાવભાવ-કુચેષ્ટા વગેરે કરે છે, પછી ભય દેખાડે છે કે "મારું માની જાઓ નહિતર હોહા કરી સિપાઇઓ પાસે પકડાવીશ, અને એમ થતાં રાજા તરફથી તમારી ભારે ફજેતી થવા સાથે તમને કદાચ ફાંસી સુધીનો ભયંકર દંડ મળશે. માટે માની જાઓ." આટલું બધું છતાં શેઠ પોતાના ધ્યાનમાં નિશ્ચલ રહ્યા, કેમકે એ ઉત્તમ દિલવાળા હતા. એટલે

પ્રાણને પ્રતિષ્ઠાના ભોગે શીલને સાચવવાની તૈયારીવાળા હતા. ઉત્તમ દિલ આ જ માને કે કદાચ મારું ''બહારનું સર્વસ્વ ફના થાઓ, પરંતુ મારું દાનશીલ વગેરેનું સુકૃત અખંડિત રહો, પ્રાણ જાઓ, શીલ ન જાઓ.''

રાણીએ હોહા કરી કે 'દોડો, દોડો, આ કોઇ લુચ્ચો મારા પર બળાત્કાર કરવા આવ્યો છે.' સિપાઇઓ આવ્યા, શેઠને પકડી ગયા, સવારે રાજા આગળ રજુ કરી હકીકત કહી, રાજા કહે 'શેઠ તમે તો મારા રાજ્યના મોટા વેપારી. તેથી એકલું રાણીનું કહેલું એમ સાચું માની ન લઉં, બોલો તમારે શું કહેવું છે ?'

**સુદર્શન શેઠનું અહિંસાને મહત્વ -**

અહીં શેઠની અહીંસાની સાધના આગળ આવી. શેઠ જુએ છે કે 'જો હું સત્ય હકીકત કહું, 'અરે ! એ બધું ન કહેતા એટલું જ કહું મને શું પૂછો છો ? તમારા સન્ટ્રી પોલીસને પૂછો કે રાતના શું બનેલું', તો પણ આ મારા બોલ ઉપર રાણીનો ભંડો ફૂટી જાય અને રાજા તરફથી એને બિચારીને ભયંકર સજા થાય. આ રાણીની હિંસા થવામાં મારા બોલ દ્વારા હું નિમિત્ત થાઉં, અને એમાં તો મારી અહિંસા ઘવાય' તેથી શેઠ મૌન રહ્યા.

રાજા કહે 'તમે બોલતા નથી એ ગુન્હાહિતપણું સૂચવે છે, એટલે મારે તમને શૂળીએ ચડવાની સજા ફરમાવવી પડે છે, હજી પણ જો તમારી નિર્દોષતાનો ખુલાસો કરો તો શૂળીની સજા પાછી ખેચી લઉં.'

શેઠનો આત્મા ઉત્તમ છે. એટલે અહિંસાના ભોગે અર્થાત્ અહિંસાને મહત્ત્વ ન દઇ એને જતી કરીને પ્રાણ અને પ્રતિષ્ઠા બચાવવા ઇચ્છતા નથી. તેથી બરાબર મૌન જ પકડી રાખ્યું ''ભલે ફજેત થાઉં ને શૂળીની ભલે ભયંકર વેદના મળો, પરંતુ મારી અહિંસા ની સાધના આડકતરી રીતે પણ ખંડિત ન થાઓ, અર્થાત્ ભલે હું રાણીને જાતે દંડવાનું કરું નહિ, છતાં મારો ખુલાસો એજ પરિણામ લાવે હું રાણીની હિંસામાં નિમિત્ત બની જાઉં. એટલે સાક્ષાત્ નહિં પણ આડકતરી રીતે મને હિંસાનું પાપ લાગે.'' કેવી ઉત્તમતા !

**સ્થૂલભદ્રની ઉત્તમતાઃ મહત્ત્વ અનંત સુખને દીધું -**

એમ, સ્થૂલભદ્રજીને રાજાએ મંત્રી-મુદ્રિકા સ્વીકારી લેવા કહ્યું. ત્યાં એમના મનને થયું, કે 'જો આ સ્વીકારી લઉં, તો અહીં મંત્રીપણાની કાર્યવાહીમાં તો મારે ક્લાકો આપવા પડે, અને એમાં તો મારે રૂપસુંદરી કોશાવેશ્યાના ચોવીસે કલાકના નિરાંતના દિવ્ય આનંદ જાય, તેથી મંત્રી-મુદ્રિકા મારે જોઇતી નથી.' માણસ માનનો

ભૂખ્યો છે. પણ સ્થૂલભદ્રે મંત્રીપણાના માનની લાલચ ન કરી કેમ કે નિરાંતનું સુખ ગમતું હતું.

પરંતુ સ્થૂલભદ્રનો આત્મા ઉત્તમ હતો. એટલે આટલું વિચારીને થોભ્યો નહીં. એ આગળ વિચારે છે કે 'મંત્રીપણાનાં માન કરતાં વેશ્યાના નિરાંતના સુખ પસંદ કરું છું, પરંતુ એ સુખ કેટલો કાળ ? બહુ તો આ જીવનભર એમાંય બેમાંથી એકને મહારોગ આવ્યો તો ?

**ખરેખર નિરાંતનાં સુખ તો મોક્ષના છે કે જ્યાં સુખ અનંત અને અપેક્ષા કોઇનીય નહિ.**

એ સુખનો ઉપાય ચારિત્ર, એમાંય સમાધિથી મહા નિરાંતના સુખ. એ ચારિત્ર અહીં આર્ય મનુષ્યભવે જ સુલભ છે. પરંતુ જો કોશા વેશ્યાના અને સંસાર વાસના સંગમાં રહું તો મારે અનંતા મોક્ષસુખની સાધક ચારિત્રસાધના સંયમસાધના કરવાની રહી જાય. હું વેશ્યાના શીઘ્ર વિનાશી સુખ તરફ જોવું છું. પણ મોક્ષના એ વિનાશી અનંત સુખ તરફ કેમ જોતો નથી ? કેમ એ પ્રાપ્ત કરાવનાર ચારિત્ર સામે જોતો નથી, કે જે આવા મનુષ્ય ભવમાં જ લભ્ય છે ? માટે મારે હવે કોશા વેશ્યા અને સંસારવાસ પણ જોઇએ નહીં' એમ વિચારી ત્યાં જ મસ્તકના કેશનો લોચ કરી સાધુવેશ ધરીને ગુરુ તરફ ચાલી નીકળ્યા.

સ્થૂલભદ્રની કેવી ઉત્તમતા ! અહીં એ જોવા જેવું છે કે કોશા વેશ્યાનું આકર્ષણ ભારે હતું એટલે તો મંત્રી-મુદ્રિકા સ્વીકારી લેવા મન ન થયું, ત્યારે વેશ્યા પર અને એની સાથેના વિલાસ પર કેટલો બધો રાગ હશે કે મોટી મંત્રીપણાની ભારે માનવંતી પદવી હોદ્દો જોઇતા નથી. આ પરથી વેશ્યાનો વેશ્યાસુખનો અન્હદ રાગ સૂચિત થાય છે, ત્યારે પ્રશ્ન થાય.

પ્ર૦-આવા વેશ્યા સુખના ભારે રાગવાળાને શું ચારિત્રની ભાવના થાય ? મંત્રીપણું લે તોય એમાં તો વેશ્યાના સુખ સર્વથા ઊડી જતા નથી, ભલે ૨૪ કલાક નહિ સહી, તો પણ અવકાશના કલાકમાં તો એ સુખ મળે એમ છે. જ્યારે ચારિત્રમાં તો વેશ્યાસુખનું નામ નિશાન નથી રહેવાનું. એટલે જો વેશ્યાને વેશ્યાના સુખ પર અનહદ રાગવાળા એમને જો અધુરા વેશ્યા સુખવાળું મંત્રીપણું નથી ગમતું, તો પછી તદ્દન વેશ્યાસુખ વિનાનું ચારિત્ર શે ગમી જાય ? એ તરત જ ચારિત્ર શાના લઇ લે ?

૩-પરંતુ સ્થૂલભદ્રનો આત્મા ઉત્તમ હતો, તેથી એમણે દુન્યવી પ્રસંગમાંની ગણતરી આત્માના હિતની ચિંતામાં ઉતારી, 'મંત્રીપણાની ખટપટમાં વેશ્યાના નિશ્ચિતપણાના ને ૨૪ કલાકના સુખ ઊડે.' આ ગણતરી હવે એમણે આત્મહિતની વસ્તુમાં ઉતારી કે વેશ્યાના સંગમાં અવિનાશી અનંતસુખની સાધના ઊડે.

**ઉત્તમતા આ, કે દુન્યવી પ્રસંગ પરની ગણતરી આત્મહિતના પ્રસંગમાં ઉતારાય.**

### વિશ્વભૂતીની ઉત્તમતા

જુઓ, ભગવાન મહાવીર પ્રભુનો જીવ સોળમાં ભવે વિશ્વભૂતિ રાજકુમાર, તે એને પોતાની પ્રત્યે મોટા કાકા રાજા તરફથી એક નાનકડો માયા-પ્રસંગ કરાતો દેખાયો. એના પર એને થયું કે 'અરે ! હું કાકાનો પૂરા વિશ્વાસુ તરીકે વિનય-આમન્યાભાવ રાખું છું.' છતાં એમને મારા પ્રત્યે આ માયાચાર રમવો પડે છે ? હું એમને મારા આત્મીય તરીકે માની બેઠો, ને એ મને પારકા જેવો ગણે છે ? તો મારે પણ હવે એમને આત્મીય તરીકે શા સારુ ગણવાના ?' આમ ગણતરી માંડી કે 'કાકા જો આપણી સાથે રમત રમે આપણને આત્મીય ન માને, તો એમના પર આપણે શા સારુ વિશ્વાસ મૂકી એમને પોતાના ગણવા ?' પરંતુ પછી તરત આ ગણતરી આત્મહિતના પ્રસંગમાં ઉતારી કે એકલા કાકાને શું રોઉં ? જો કાકા આત્મીય નથી તો પિતા વગેરે પણ ક્યાં આત્મીય છે ? એ એક દિવસ મને પરાયાંની છોડનારા છે. માત્ર ચેતન જીવો જ નહિ, પરંતુ દુનિયાના જડ પદાર્થ પણ મને પારકાની જેમ છોડનારા છે. કોઇ આત્મીય નથી, કશું આત્મીય નથી આખો સંસાર એવો છે, સંસારની એકેક ચીજ એવી છે જે આપણી સાથે રમત કરે, દગો રમે યા નુકસાનકારી નીવડે, અને જે ખરેખર આપણી પોતાની નહિ કેમકે ક્યારે એ છૂટી પડે, બગડી જાય, ચાલી જાય એનો પત્તો નહિ અથવા અંતે આપણે તો એને છોડીને જવું જ પડે આપણી પોતાની ચીજ હોય તો એ આપણી સાથે રહે, સાથેજ ચાલે, હંમેશા આપણા લાભમાં જ ઊતરે. આમ જ્યારે સંસારમાં કશું આત્મીય નથી, ને દેવાધિદેવ અને એમનો સંયમમાર્ગ ખરેખર આત્મીય છે અને એ અહીં જો મળી શકે છે, તો મારે શું કામ અનાત્મીયને પકડી બેસી રહેવું ? માટે સંયમમાર્ગ જ પકડી લેવો વાજબી છે." એમ કરી એમણે તુરંત ચારિત્ર લઇ લીધું આ એમની ઉત્તમતા કે દુન્યવી હિસાબ આત્મહિતની ચિંતામાં ઉતર્યો.

**ઉત્તમ હેતુ સિદ્ધ કરી આપનાર માનવભવ ભોગોમાં વેડફી ન નખાય.**

સ્થૂલભદ્રમાં પણ ઉત્તમતા હતી કે "મનગમતા વેશ્યા સુખ જો મંત્રીપણાની જવાબદારી ઉપાડવામાં ઘવાય છે, તો એવી જવાબદારી મંત્રી પણાનો માનવંતો મોભો મળવા છતાં શું કામની ?' આ ગણતરી હવે આત્મહિતની વસ્તુમાં ઉતારી, 'મનગમતાં અનંતા મોક્ષસુખ માનવભવને ક્ષણિક વિષયસુખમાં રગદોળી નાખવામાં દૂર જાય છે મોક્ષસુખની સાધના જે અહીં જ સુલભ છે એ ગુમાવવી પડે છે, તો એવા વિષયસુખ ગમે તેટલો આનંદ આપે તો પણ શું કામના માટે જેમ ઇષ્ટ વેશ્યાસુખ ખાતર માનવંતી મૈત્રીપણાની પદવી નથી જોઇતી, એમ ઈષ્ટ અનંત મોક્ષસુખની સાધના ખાતર આનંદદાયી પણ નાશવંત વેશ્યાસુખ ન ખપે. અરે ! સંસારવાસ જ ન ખપે. તો જ મોક્ષ સુખની સાધનારૂપ સર્વ પાપ-ત્યાગની સ્વીકારી ચારિત્રની સાધના થઇ શકશે." એમ કરી ત્યાંથી ચારિત્ર સ્વીકારી નીકળી પડ્યા.

સ્થૂલભદ્રજી સાધુ બન્યા પછી પણ કેવી ઉત્તમતાવાળા કે એજ વેશ્યાને ત્યાં ચોમાસું રહી પોતાના બ્રહ્મચર્યના ભાવ અણીશુદ્ધ સુરક્ષિત રાખ્યા.

**સ્વીકારેલી પ્રતિજ્ઞાને કપરાં સંયોગમાં પણ અભગ્ન અખંડિત સુરક્ષિત રાખવી એ ઉત્તમતા છે.**

**શ્રેણિક કૃષ્ણની ઉત્તમતાઃ અખંડિત વ્રત નિયમથી ઉત્તમતા આવે.**

આત્માને ઉત્તમ બનાવવો છે ? તો જીવનમાં મોટા નહિ સહી, તો નાના પણ વ્રત નિયમ સંકલ્પ કરતાં ચાલો, અને ગમે તે સંયોગમાં અખંડ સુરક્ષિત પાળ્યે રાખો, તો ઉત્તમતા કેળવાતી જશે.

જીવનમાં કોઇ જ સારા વ્રત-નિયમ-સંકલ્પ નથી એ ઉત્તમતા શી રીતે કેળવી શકે ? રાજા શ્રેણિક અને કૃષ્ણ મહારાજાને બીજા વ્રત નિયમ નહી સહી તો પણ સમ્યક્ત્વનો સંકલ્પ એટલો જોરદાર પળાતો કે એનાથી એમનામાં સામાને ઉત્તમતા નહિ પણ મહાઉત્તમતા પ્રગટી ગયેલી ! જેના આધાર પર એમણે તીર્થંકર બનવાની યોગ્યતા ઊભી કરેલી, વાત આ છે કે વ્રત-નિયમ-સંકલ્પને કપરા સંજોગમાં પણ સુરક્ષિત રાખવા જોઇએ, પછી ભલે ભારે ભોગ આપવો પડે તોય એમ કરીને વ્રતનું જતન કરવું જોઇએ. તો ઉત્તમતા કેળવાય,

મહાસતી રતિસુંદરીને શીલ-રક્ષાનો પાકો સંકલ્પ છે, તેથી કપરા સંજોગ આવતાં એની સુરક્ષા ખાતર ચાર મહિના ઘોર તપસ્યાં અને ત્યાગ આરાધી એણે શરીરની સુંદરતાનો ભોગ આપ્યો, ને આગળ વધીને જરૂર લાગી તો આંખનો પણ

ભોગ આપી દીધો ! શા માટે ? શીલ રક્ષા ખાતર રાજાની લાગણી ઉશ્કેરવી છે. જો ભોગ નથી આપવો, ભોગ આપીને ય ગુણરક્ષા નથી કરવી તો પછી ઉત્તમ શી રીતે બનાતું હશે ? મહાસતી ઉમદા ઉત્તમ હોવા સાથે ઉદાર હતા, એ ઉદારતા શી એનો વિચાર કરીએ.

**મહાસતીની ઉદારતા**

મહાસતી મહાદુશ્મનગીરી કરી ચૂકેલા પણ હવે મરવા તૈયાર થયેલા રાજાને બચાવી લેવા પ્રયત્ન કરે છે. રાજાની દુશ્મનગીરીની કાર્યવાહી ઓછી છે ? મહાસતીના પતિ રાજા પર હલ્લો લાવી યુદ્ધ કરી જીત મેળવીને મહાસતીને ઉપાડી લાવ્યો છે, ને ઠેઠ મહાસતીએ તપથી કાયા ઓગાળી નાખી ત્યાં સુધી સતી પરની કુદ્રષ્ટિ ત્યજી નહિ, તો મહાસતીને પોતાની આંખ ફોડી નાખવી પડી છે. આટલે સુધી મહાસતીને નુકસાન પહોંચાડનાર રાજા હવે પસ્તાવો કરી જાતે મરવા તૈયાર થાય એમાં સતી શું કામ આડે આવે ? રાજાને મરતો અટકાવવાનું શા માટે કરે ? પણ મહાસતી ઉદાર હતી એટલે એણે દિલમાં રાજાની આટઆટલી ડાંડાઇની ગાંઠ વાળી નહોતી.

**ઉદાર માણસ દિલમાં સામાની ભૂલની ગાંઠ ન વાળી રાખતાં અવસરે એને સહાયક થાય.**

**રાવણની ઉદારતા-**

રાવણ બાપુકી લંકા પર રાજા બની બેઠેલ વૈશ્રવણને યુદ્ધમાં જીત્યો ત્યાં જ હારેલો વૈશ્રવણ સાધુવેશ ધરી ધ્યાનમાં ઊભો રહે છે. તો રાવણ એમ સમજે છે કે 'કદાચ આ રીસમાં કર્યુ હોય' તેથી વૈશ્રવણને પ્રાર્થના કરે છે કે 'તમે આમ ન કરો, જાઓ તમે ખુશીથી લંકાનું રાજ્ય કરો. પૃથ્વી વિશાળ છે, અમે ગમે ત્યાં રાજ્ય કરી લઇશું.' શું છે આ ? સામાની ભૂલ જતી કરવાની ઉદારતા, પોતાનું રાજ્ય જતું કરવાની ઉદારતા.

પણ વૈશ્રવણે સાચે સાચ ચારિત્ર સ્વીકારી લીધું છે, એટલે ધ્યાનમાં જ રહે છે, બોલતા નથી, તેથી રાવણ સમજી જાય છે કે 'આ રીસનું કાર્ય નથી વૈરાગ્યથી સાચેસાચ ચારિત્ર લીધું છે, એટલે પછી રાવણ એમના આ આંતરશત્રુ પર મહાવિજયની પ્રશંસા કરે છે. ઉદાર દિલ વિના આ શે બને ?

કૃપણ માણસથી પોતાની વસ્તુ ન છૂટે, પછી ભલેને ગયેલી વસ્તુ મહામહેનતે પાછી મળી હોય, 'પણ હાથમાં આવી છે ને ? તો હવે એને બરાબર સાચવી રાખો,' એ કૃપણનું કામ છે. જ્યારે,

**ઉદાર માણસને અવસર દેખાતાં પોતાની વસ્તુ છોડી દેવી સહેલી.**

**ધનાજીની ભાઇઓ પ્રત્યે ઉદારતા–**

ધનાજી ગુપ્ત રત્નો ભરેલી ભંગીની ખાટલી ખરીદી લાવ્યા, એમ તાંબાનું સોનું બનાવે તેવી તેજંતૂરી માટી લઇ આવ્યા. એમ અઢળક ધન ઊભું કર્યું પણ ત્રણ મોટા ભાઇઓ રાતના બાપને પજવે છે, 'તમે તો એક ધનાને જ જુઓ છો. 'મારો ધનિયો મારો ધનિયો,' એમ કહી જીભના કૂચા કરી કરી ધનાનો પક્ષપાત કરો છો, તો હવે અમારે ભેગું રહેવું નથી. મિલકત વહેંચી આપો, અમે એ લઇને જુદા રહેશું.'

બાપ કહે 'અલ્યા પણ તમારી મિલકત ક્યાં છે ? મિલકત તો ધનાની કમાયેલી છે. છોકરા કહે 'એકલી ધનાની થોડી જ છે ? સંયુક્ત કુટુંબ છે ત્યાં સુધી મિલકત મઝિયારી જ કહેવાય.'

બાપ કહે 'અલ્યા ? મઝિયારી શાની ? થોડી જ એ મારી કમાઇની કે તમારી કમાઇની છે ?'

છોકરા કહે 'જ્યાં સુધી બધા ભેગા છીએ, ને બધા ય ધંધો કરતા છે ત્યાં સુધી મઝિયારું જ ગણાય. પછી ભલે કોઇનું નસીબ વધુ સારું હોય ને એ વધુ કમાઇ લાવે, ને બીજાનું નસીબ ઓછું હોય તે ઓછું કમાઇ લાવે, પણ બધી કમાઇ ભેગી થઇને મઝિયારી બને.'

આ રકઝક દિવાલની બીજી બાજુ રહેલા ધનાજીએ સાંભળી એમના મનને દુઃખ થયું કે 'અરે ! આ મિલકત જ કેવી ગોઝારી કે બાપને દીકરા ત્રાસ આપે ?' ધનાજી માત્ર દુઃખ કરીને અટક્યા નહિ પણ વિચારમાં આગળ વધ્યા-

**ધનાજીની ઉદાર વિચારણા–**

'મિલકત ભાઇઓને વહેંચી આપું અને ભાઇઓ એ લઇ જુદા રહેવા જાય, તો પણ બાપુજી મારી સાથે રહેવાના, એટલે પછી એમને ઇર્ષ્યા થવાની કે 'જુઓ બાપાજીને ધનિયા સાથે મેળ રાખવો છે અમારી સાથે નહિ !' એટલે ઇર્ષ્યાથી વળી પાછા બાપાજીને ટોણાં મારી સતાવવા સંભવ. એના કરતાં હું જ મિલકત છોડી ચાલ્યો જાઉં. એટલે ભાઇઓને ઇર્ષ્યા કરવાની રહે નહિ, તેથી બાપાજીને સતાવે નહિ, ને ખુશીથી એ બધાય મિલકત ભોગવી સુખી રહે.'

બસ, આ વિચારના અંતે પોતે ચાલ્યા જવાનો, નિર્ણય લઇ લીધો, અને કોઇને જણાવ્યા વિના વહેલી પરોઢે બધાને ઊંઘતા મેલી, પહેર્યે લૂગડે એકલા બહારગામ દૂર દેશમાં જવા ચાલી નીકળ્યા.

ધનાજીની આ કેવી ઉદારતા ! 'મારું તે મારું ને તારું-મારું સહિયારું' તો નહિ, પણ 'મારું તે તમારું ને મારું કશું જ નહિ,' આ વિચારણા રાખી. મહાઉદાર વિના આ ન કરી શકે. દુનિયા તો સંકુચિત વિચારની છે. એની સામે જોઇને ચાલતા જશો તો ઉદાર નહિ બની શકો.

**દુનિયાની હવામાં તો મલિન વિચારની બદબો છે.**

એટલે એવા વિચાર પ્રસરે છે કે 'આવા ભાઇઓ હરામી ગણાય, માટે એમને તો કશું દીધા વિના જુદા કાઢવા જોઇએ. આવા નાલાયકોને આપણી પોતાની કમાઇનો વૈભવ ભોગવવા માટે આપણી સાથે શાના રાખવાના હોય ? પોતાનું તે પોતાનું, સગા ભાઇ શું, સગા બાપનું ય નહિ' એવી આજની દુનિયાની હવા છે. કેમકે ઉદારતાના વાંધા છે.

આશ્ચર્ય સાથે દુઃખ તો એ થાય કે ઉત્તમતાના મહાન પાઠ ભણાવનાર અને ઉદાર મહાપુરુષોના દ્રષ્ટાન્ત બતાવનારા જૈન ધર્મને પામીને પણ કેટલાયને આજે દુનિયાની હવામાં ભળી જઇ પોતાનું કમાયેલું તે પોતાનું કરવા જોઇએ છે, પણ પોતાનું તે સગા બાપનું ય કરવું નથી.

**જે જૈન ધર્મ એમ શીખવે છે કે 'આ સંસારમાં કશું પોતાનું નથી, માટે દિલને સાંકડું નહિ પણ વિશાલ ઉદાર બનાવો' તે જૈન ધર્મ પામ્યા પછી તો મળેલી નાશવંત તુચ્છ લક્ષ્મીને ને મામૂલી માલ મિલકતને એ નષ્ટ થાય એ પહેલાં સુકૃતમાં જોડી દેવી.'**

લક્ષ્મી સગા માબાપથી ય જુદી રાખવાનું કરાય, એ કેટલું બધું ખેદજનક ને આશ્ચર્યજનક છે ? ઉદારતાને બદલે કેવી સંકુચિતતા ?

મહાસતી રતિસુંદરી ઉદાર છે તેથી આ જોઇ રહી છે કે 'મારી આંખ જતી કરીને પણ રાજાને સદ્‌બુદ્ધિ આવી ગઇ ને ? હતો એ આંખનો ખરેખરો સદુપયોગ થઇ ગયો ! હવે જો રાજા કલ્પાંત કરતો મરવાનું કરે છે તો મારે એને બચાવી લેવો જોઇએ.'

રતિસુંદરીએ એ માટે શાસન દેવીનું ધ્યાન ધર્યું, ને એના મહાસતીત્ત્વના બળે શાસન દેવતા હાજર થયા ! પૂછે છે 'મને કેમ યાદ કરી ?'

મહાસતી કહે 'જુઓ આ રાજા મારી આંખ ગયાના દુઃખ પર મરવા તૈયાર થયા છે, એમને કૃપા કરીને બચાવી લો. બસ, આટલું જ કામ છે.

**સતીની પરીક્ષા-**

શાસનદેવી પારખું કરવા કહે 'રાજાએ તમારો મહાઅપરાધ કર્યો છે, એણે ઘોર પાપ કર્યા છે, તો મરવા દો એને. એ એના પાપે મરે છે, તમે કાંઇ એના મરવામાં નિમિત્ત નથી. શા સારુ એની ચિંતા કરો ?'

મહાસતી કહે 'ભગવતી ! એમના મરવામાં હું નિમિત્ત કેમ નહિ ? મેં મારી આંખ ફોડી એ નિમિત્તને પામીને તો એ મરવાનું કરે છે, અને એમણે એમની લાયકાત મુજબ અપરાધ કર્યો, તો મારે મારી લાયકાત મુજબ ઉપશમ રાખવો જોઇએ. એ માટે સર્વ જીવ-મૈત્રી જ રાખવી ઘટે, 'તેથી તમને વિનંતિ કરું છું કે એમને બચાવી લો.'

મહાસતીના અતિ ઉદાર દિલને જોઇ શાસનદેવી ખુશ થઇ ને, કોઇ મરેલા બકરાની આંખ લાવી સતીની આંખના ખાડામાં ગોઠવી દે છે. ત્યાં આબેહુબ આંખ બની જાય છે, ને એ જોઇ રાજાને ધરપત વળે છે, સતીનો અને શાસનદેવીનો ઉપકાર માની સતીને એના રાજ્યમાં પાછી મોકલી દે છે.

**સ્વાર્થને તુચ્છ માને એ જ પરોપકારને ઝીલી લે-**

વાત આ છે કે સ્વાર્થને અકિંચિત્કર મનાય ત્યારે જ અવસર પર પોતાનું ગુમાવીને પણ પરનું ભલું કરવાનું મન થાય. એટલે જ પેલા અનંતવીર્ય વાસુદેવે મહા મહેનતે મેળવેલી રૂપવતી કનકશ્રીને પટ્ટરાણી બનાવવાનો સ્વાર્થ અકિંચિત્કર માની માલ વિનાનો માની એને ચારિત્ર લેવાની સંમતિ આપી દીધી. હવે ચારિત્ર ધામધૂમથી અપાવવા જ માટે પોતાના રાજ્યમાં આવે છે. ત્યારે એક વિષમ ઘટના જોઇ. પોતે વૈતાઢ્ય પર્વત પર ગયેલા ત્યારે પોતાના મંત્રીઓ સહિત પુત્રને રાજ્ય ગાદી સોંપીને ગયેલા, ને હવે એ કનકશ્રીને ઉપાડી જાય છે, એ જોઇ દુશ્મન દમિતારિએ એનું રાજ્ય બથાવી પાડવા પોતાના પુત્રને મોકલેલો. તે લડવા આવેલો તે પોતાની સેના સહિત બળદેવના પુત્ર સાથે યુદ્ધ કરી રહ્યો હતો, ધણી વિનાના સૂના ખેતરમાં ગધેડા ચરે, એવો ઘાટ થયેલો. એના પર આપણે વિચારણા કરી કે 'જ્યાં દિલ, ઉદાર-ઉત્તમ ધણી આત્મા વિનાનું, સૂનું પડ્યું હોય ત્યાં સ્વાર્થ વૃત્તિ-સ્વાર્થાંધતા રૂપી ગધેડું ચર્યા કરે. મહાસતી રતિસુંદરીને દિલ પર એના ઉદાર-ઉમદા-ઉત્તમતાવાળા પોતાના આત્માનો કબ્જો હતો તેથી સ્વાર્થવૃત્તિ ત્યાં નહોતી ફરકતી. ને તેથી જ એણે પોતાની આંખ નષ્ટ કરવા સુધીના પ્રયત્ન કરી પોતાના શીલની રક્ષા કરવા, અને રાજાને દુર્બુદ્ધિથી બચાવી લેવાના ઊંચા ઉદેશથી કામ કરેલું આ

સૂચવે છે કે-

**દોષો પાપોરૂપી ગધેડાને આત્મ-ખેતરમાં ચરતા ફરતા નહિ રહેવા દેવા માટે પોતાના ઉદાર, ઉમદા, ઉત્તમ આત્મરૂપી ધણીને જાગતો રાખવો જોઇએ.**

ત્યાં અનંતવીર્ય વાસુદેવે પોતાની સાથેના વિદ્યાધરોને ઇશારો કરતાં એમણે પેલા લડી રહેલા દુશ્મન રાજાને જેર કરી લીધો. એ બિચારો વશ થઇ માફી માગે છે, ને વાસુદેવ ઉદાર દિલે એને ક્ષમા આપી દે છે.

હવે વાસુદેવ રાજધાનીમાં મોટા સ્વાગત સાથે પ્રવેશ કરે છે.

**તીર્થંકર પ્રભુને કનકશ્રીની વિનંતિ**

ત્યાં સ્વયંપ્રભુ તીર્થંકર ભગવાન પધાર્યા. બળદેવ અને વાસુદેવ પરિવાર સાથે ભગવાનના દર્શન-વંદન અર્થે ગયા, દર્શન વંદન કરી પ્રભુની દેશના સાંભળવા બેઠા. ત્યાં કનકશ્રીએ ઊભા થઇ પ્રભુને વંદન કરી વિનંતી કરી-

'ભગવાન ! વાસુદેવની આજ્ઞા લઇ આપની પાસે ચારિત્ર લેવા ઇચ્છુ છું. તો આપ રોકાઇ મારા પર ચારિત્ર આપવાની કૃપા કરજો.'

પ્રભુ કહે 'વિલંબ મમત્વ કરશો નહિ' વાસુદેવ તો આમેય એની દીક્ષામાં *સમંત થયેલા જ હતા, નહિતર પણ ભરી સભામાં તીર્થંકર ભગવાનની વાણી* સાંભળ્યા પછી પ્રભુની આગળ કનકશ્રી વાસુદેવની રજા માગે તો શું વાસુદેવ ના કહે ? પ્રભુની અને સભાની શરમ પડી જાય. એટલે હા કહેવી જ પડે. પરંતુ અહીં તો વાસુદેવ પહેલેથી જ સંમત થયેલ છે, એટલે હવે વાસુદેવે પ્રભુને વિનંતી કરી કે 'ભગવંત ! એની દીક્ષામાં મારી સંમતિ છે. એનો મોટો દીક્ષા મહોત્સવ કરી આપની પાસે એને લઇને આવું છું. ત્યાં સુધી અત્રે રોકાવા આપ કૃપા કરો.'

પ્રભુ કહે 'વિલંબ મમત્ત્વ કરશો નહિ'-'**મા પડિબંધં કુણહ**'.

**ઓચ્છવ અને દાન–**

હવે બળદેવ વાસુદેવ નગરમાં જઇ કનકશ્રીનો દીક્ષાનો મોટો ઉત્સવ માંડે છે. નગર આખાને શણગારી જિનેશ્વર ભગવાનના મંદિરોમાં જિનભક્તિનાં મોટા આડંબર અને ભારે ધામધુમવાળા કાર્યક્રમો યોજ્યાં. પ્રભુની માણેક મોતી સોનાથી અંગ રચનાઓ કરાવી, સંગીતકારો પાસે ભક્તિ સંગીતના પ્રસંગો યોજ્યા. બીજી બાજુ કનકશ્રી અર્થીજનોને છૂટે હાથે પૈસા વસ્ત્ર-અનાજ વગેરેનું દાન કરે છે.

લોકોને ખાવા પીવા પૂરું ન હોય તો એને જો કહો 'ભલે ભૂખે મરો પણ મારો વરઘોડો જુઓ' પેટમાં કૂવો ને વરઘોડો જુઓ' તો કોણ ભૂખે મરતા વરઘોડો જોવા આવે ? માટેજ મોટા જિનભક્તિ ઉત્સવોમાં દાન પહેલું કરાતું. અહીં કનકશ્રીના હાથેય ઉદાર દાન કરાય છે, તેથી પેટ ભરાયા પછી અહીં જિનભક્તિ મહોત્સવના કાર્યક્રમો લોકો આનંદથી જુએ છે ભક્તિ સંગીત સ્વસ્થ મનથી સાંભળે છે. મંદિરોમાં પ્રભુજીને ભવ્ય અંગરચનાઓ આજુબાજુ અને મંદિરની અંદર અને બહાર શણગાર, આગળ મંડપો, ધજાપતાકા, તોરણો કમાનો વગેરેથી મહાપૂજા રચવામાં આવી, આઠ દિવસ મહામહોત્સવથી નગરમાં અર્હદ્ ભક્તિની રેલમછેલમ કરવામાં આવી.

બીજી બાજુ કનકશ્રી છૂટથી વરસીદાન દે છે, એટલે લોકોને તો ખાવાનું ને જોવાનું બને મલતાં જૈન ધર્મ પ્રત્યે અહોભાવ થાય છે. નગરમાં જ્યાં ને ત્યાં વાહ ! કેવો સુંદર જૈન ધર્મ ! અહો ! જૈન ધર્મમાં આવા મહાદાન અને પ્રભુભક્તિના અદ્ભૂત કાર્યક્રમો કેવા સરસ બતાવ્યા છે.

**શાસન પ્રભાવક વરઘોડો–**

એમાં વળી જ્યારે કનકશ્રીને ઊંચી જરિયાન અને મોતી માણેકની સેરોથી સુશોભિત પાલખીમાં બેસાડી ભવ્ય વરઘોડો કાઢે છે, જે વરઘોડામાં ચતુરંગી દળ, અનેક પ્રકારના તાલાચર, વિદુષકો, લેઝીમવાળા, રાસડાવાળા, નૃત્યવાળા, નોબત-ટકોરખાનું, ૧૦૦૮ પતાકાથી શોભતો મોટો ધ્વજ, વગેરે વગેરેનો ઠાઠ છે, એ જોતાં તો લોકોને એમ થાય છે. કે 'અહો ! અહો ! જૈન ધર્મમાં આટલી મોટી સમૃદ્ધિવાળા પણ આ ઊગતી યુવાનીમાં સંસાર ત્યાગ કરે છે ! તે પણ જેને ત્રણ ખંડના માલિક અને મોટા વિદ્યાધર રાજાઓના પણ સમ્રાટ વાસુદેવની પટ્ટરાણી બનવાનું મહાસૌભાગ્ય મળેલું છે, એ આ અપ્સરાસમી નારી સંસારના મહાસુખોને લાત મારી ત્યાગના કઠોર પંથે નીકળી પડે છે ! વાહ વાહ ! ધન્ય ધન્ય ! અહો અહો કેવો ઊંચો અને સર્વોત્તમ જૈન ધર્મ !'

તાત્પર્ય, જૈન શાસનની જૈન ધર્મની અદ્ભૂત પ્રભાવના ઉચ્ચ કોટિના પ્રભાવના વ્યાપી ગઇ છે, અને કનકશ્રી હવે ઉદ્યાનમાં આવી પહોંચે છે અને વેશ બદલી સાધ્વીનો વેશ પહેરી તીર્થંકર ભગવાનની પાસે આવે છે. ત્યાં વાસુદેવ ભગવાનને વિનંતિ કરે છે,' ભગવાન ! આ મારી પટ્ટરાણી તરીકે ધારેલી સૌભાગ્યવંતી કનકશ્રીને વૈરાગ્ય થયો છે, ને હવે આપના પવિત્ર કરકમળે ચારિત્ર લેવું છે. તો પ્રભુ ! એને ચારિત્ર આપવાની કૃપા કરો.'

## સાધ્વી કનકશ્રીની આરાધના

પ્રભુએ કનકશ્રીને ચારિત્ર આપ્યું, ને સાધ્વી સમુદાયમાં સોંપી દીધી. ત્યાં એને ગ્રહણ-શિક્ષા આસેવન શિક્ષા મળે છે, ચારિત્રના આચાર-અનુષ્ઠાન આરાધવા સાથે વિવિધ તપ આદરે છે. સંયમ સમજીને લીધું છે એટલે હવે તપસ્યાનાં કષ્ટ ઉઠાવવામાં શું કામ બાકી રાખે ? કનકાવલિતપ, રત્નાવલિતપ, શ્રેણિતપ, તીર્થંકર દીક્ષા-જ્ઞાન-નિર્વાણ તપ વગેરે તપસ્યાઓ આરાધ્યે જાય છે. એક વખતની વિદ્યાધર સમ્રાટની સુકોમળ કન્યા અને ત્રણ ખંડના માલિક વાસુદેવની પટ્ટરાણી બનવાના આરે આવી ઊભેલી સંયમ ચારિત્ર લઇને કઠોર તપસ્યાઓ આનંદપૂર્વક આરાધે, ત્યારે માનવ જીવનમાં સંયમ અને તપસ્યાનું મહત્ત્વ કેવું.

કનકશ્રીએ પૂર્વભવથી પોતાના આત્માને ઊંચકયો હતો. ગરીબ સ્થિતિમાં તપધર્મમાં પોતાના આત્માને ચડાવ્યો હતો એમાં રોટલો ખાતાં ખાતાં પૈસા વધવા માંડ્યા એને પ્રભુ ભક્તિમાં લગાવવા માંડી ! ને દાન ધર્મમાં ચડવાનું કરેલું. એના સંસ્કાર અહીં કનકશ્રીના અવતારમાં એને કેટલો બધો ઊંચે ચડવા જોમ આપી રહ્યો છે !

ગરીબીમાં બે પૈસા વધુ મળવા માંડ્યા તો 'લાવ ત્યારે, હવે થોડી પૈસાની છૂટ થઇ છે તો થોડી સુખ સગવડ ભોગવું' એ મન ન કર્યું, પરંતુ ભોગ ટાળીને ત્યાગનો યોગ સાધવા માંડેલો. એ પૂર્વના ત્યાગના સંસ્કારે અહીં ત્યાગના ગુણાકાર કર્યા, આ મહાન ખૂબી છે, કે-

**પ્રબળ શુદ્ધ ભાવે અહીં સાધેલા ત્યાગ ક્ષમા-પરોપકારના ભાવોના પરભવે ગુણાકાર થાય છે.**

## શાલિભદ્રને ત્યાગના ગુણાકાર

શાલિભદ્રના જીવે પૂર્ભવમાં શુદ્ધ ભાવથી એટલે કે કોઇપણ જાતના દુન્યવી સુખ-સન્માનની લાલચ વિના એક માત્ર સાધુભક્તિના ભાવથી સર્વસ્વરૂપ થાળી ખીરનો ત્યાગ કરેલો. એ ત્યાગના ભાવના ગુણાકાર કેવા થયા કે પછીના ભવે રોજની મળતી દેવતાઇ નવાણું પેટીના માલનો બીજા બીજા દિવસે જ એંઠવાડિયા કૂવામાં ત્યાગ કરાતો ! તે પણ અવસર આવી લાગતાં શાલિભદ્રે એ પેટીઓ, વહાલીમાતા, અને ૩૨ દેવાંગનાશી રમણીઓ વગેરે સમસ્ત સંસારનો એક સાથે જીવનભર માટે ત્યાગ કરી દીધો ! અને સાધુ જીવનમાં શરીર મૂર્ચ્છા અને રોજિંદા

ભોજનનો ય ત્યાગ કરી ઘોર તપસ્યાઓ આદરી દીધેલી ! ને શરીર હાડપિંજર શું કરી દીધેલું ! ત્યારે પૂર્વભવે આંતરિક ત્યાગ ભાવ કેટલો બધો જોરદાર વિકસાવ્યો હશે અને એની મર્યા ત્યાં સુધી કેટલી ભારે અનુમોદના રાખી હશે કે અહી એના સંસ્કારના ગુણાકાર થઇ ગયા !

પાર્શ્વનાથ ભગવાનના જીવે મરુભૂતિના ભવથી અને સમરાદિત્ય કેવળીએ ગુણસેન રાજાના ભવથી શુદ્ધ ભાવે ક્ષમાનો ભાવ શરૂ કર્યો તો બંનેને ઉત્તરોત્તર ભવે ક્ષમાના પુનરાવર્તન ચાલ્યા.

**કનકશ્રીમાં મહાન ત્યાગ અને તીવ્ર તપસ્યા શાથી ?**

એમ કનકશ્રીને પૂર્વના બ્રાહ્મણીના ભવના શ્રાવિકા થઇને શુદ્ધ ભાવે સાધેલ ત્યાગ અને તપ ધર્મના ભાવના અહીં ગુણાકાર થયા ! મોટા પટ્ટરાણી બનવાના રાજાશાહી સુખોનો ત્યાગ કર્યો, અને એકાવલિ કનકાવલિ વગેરે ભગીરથ તપસ્યાઓ આદરી ! સુકોમળ તગડા શરીરની મૂર્ચ્છા મૂકી દઇ ત્યાગ અને તપસ્યાથી શરીરને સુકકુ લુખ્ખુ દુબળુ બનાવી દીધું ! ત્યાં કર્મના કેટલા ભુક્કા બોલે ?

**ત્યાગ તપ-સંયમની સાધના સાથે અહો અહો ભાવથી આંતરીક રીતે શુભ ભાવોલ્લાસના જુવાળ ચડે છે.**

મનને અહો ! અહો ! થાય છે કે 'અહો કેવી માનવભવની સાર્થકતા થઇ રહી છે ! કેવા અહો ! તારણહાર પરમાત્મા મળ્યા ! સદ્ગુરુ કેવા મળી ગયા ! કેવું અદ્ભુત સંયમ ! કેવા ત્યાગ ! કેવો તપ મળ્યો ! 'આમ અહોભાવ રાખતાં તપથી ભલે શરીર દુબળું પડે પરંતુ આંતરિક ભાવોલ્લાસ વધતા જાય એમાં આત્મા કેવો પુષ્ટ થાય !

બસ, કનકશ્રી સાધ્વી તે ભવના અંતે સર્વ કર્મક્ષય કરી મોક્ષ પામે છે. કર્મક્ષય કરવો પડ્યો ? ના, આપ મેળે કર્મક્ષય થવા માંડ્યો. કરવા પડ્યા અહોભાવ. અને શુભ ભાવોલ્લાસની વૃદ્ધિ. પછી તો જાણે કર્મ કહે છે કે 'જીવ ! તું આંતરિક અહોભાવ અને ભાવોલ્લાસ વધારતો રહે. અને અમે તારા ભાવોલ્લાસની વૃદ્ધિના પ્રમાણમાં રવાના થતા જઇએ છીએ !'

**આપણે ચિંતા 'કર્મ તુટ્યા કે નહિ' એની નહિ કરવાની, પરંતુ આંતરિક ભાવોલ્લાસ વધતા રહે છે ને ? એની ચિંતા કરવાની.**

**બળદેવની પુત્રી સુમતિનો ધર્મરંગ -**

## જીવન ઝગમગાટ, શીલ સદ્‌ગુણ સુકૃત-સદ્‌ભાવનાથી :-

ત્રિલોકનાથ શ્રી શાન્તિનાથ ભગવાનના અપરાજિત બળદેવના ભવમાં હવે એવો અધિકાર આવે છે કે બળદેવને એક સુમતિ નામની પુત્રી છે. પૂર્વ ભવે એ ધર્મનો પાયો માંડીને આવી હશે તે એને અહીં ધર્મ સહેજે રુચે છે. જિનેશ્વર ભગવાનના ભાખેલા તત્વોનો અભ્યાસ કરનારી અને શ્રાવિકાપણાના આચારો અને વ્રતોને ધરનારી છે. એ એને બહુ ગમે છે, તેથી ઉલ્લાસપૂર્વક એ આચાર અનુષ્ઠાનો સેવે છે વળી એ સુશીલ છે, સદ્‌ગુણોની ભંડાર છે, સુકૃત-પ્રેમી છે, અને શુભ ભાવનાઓમાં રમનારી છે. આ ચારથી જીવન હીરા જેવું ઝગમગતું છે.

આવા જીવો દેખાય ત્યાં ઝટ કહી દેવાય છે કે 'એમણે પૂર્વે આરાધેલું એટલે એમને આ બધું સુજે.' એમ કહીને ધર્મસાધનાના સંબંધમાં પોતાની નિષ્ક્રિયતાનો બચાવ શોધાય છે, પરંતુ એ નથી જોવાતું કે એમને પૂર્વ ભવે શી રીતે સૂજેલું ? શું અનાદિ નિગોદ અવસ્થામાંથી ધર્મ સૂજવાનું લઇ આવેલા ? ના, એ તો કોઇ એક ભવમાં સહેજે ધર્મ સૂઝવાનું નહિ સહી, કિન્તુ પરલોકના ભવેથી કે ગુરુવચનના દાક્ષિણ્યથી મનને પરાણે મનાવીને ધર્મ કરવાનું આરંભેલું તેથી પછીના ભવે ધર્મ સહેલાઇથી સુજવાનું થયેલું.

❀ ❀ ❀ ❀ ❀ ❀

## ધર્મનો રંગ અનાદિથી નથી, કોઇ એક ભવે જ શરૂ કર્યો હોય છે.

એમ અહીં તમે (૧) પરલોકના ભવથી કે (૨) ગુરુ વચનના દાક્ષિણ્યથી મનને પરાણે મનાવીને પણ ધર્મ સાધવાનું તથા સદ્‌ગુણે કેળવવાનું નહિ આરંભો તો હવે પછીના ભવમાં સહેલાઇથી ધર્મ સૂજવાનું શી રીતે બનવાનું ? તો શું એમ કહેશો કે

પ્ર.- આગળની ચિંતા અત્યારે શા માટે ?

ઉ.- ચિંતા અત્યારે એટલા માટે કે ભાવિ પરલોક સદ્ધર બનવાનું અહીંની કરણી પર બને છે. એક ગમાર પટેલ પણ ભવિષ્યની ચિંતા કરી ખેતર ખેડવાનું વાવેતર કરવાનું વગેરે કષ્ટ ઉઠાવે છે. તો તમે બુદ્ધિશાળી ભણેલા આમ બોલો છો કે 'ભવિષ્યની ચિંતા અત્યારે શા માટે કરવી ?' કે પરલોકને માનતા જ નથી ? પરલોક માને એને તો નજર સામે પરલોકનો બહુ લાંબો કાળ તરવરે છે.

**અહીંના ટૂંકા જીવનની મોજથી એ અતિદીર્ઘ પરલોક કાળ બગડી ન**

**જાય એની ચિંતા અહીં કરવી પડે.**

ઉત્તમ પુરુષોએ એ રીતે જ પરલોક ન બગડી જાય એ ચિંતા કરીને ધર્મનાં પગરણ માડ્યા હતા; તો જ એ ઊંચે આવ્યા.

આ બળદેવપુત્રી સુમતિ એ રીતે ઊંચે આવી છે. તેથી જુઓ એનામાં આત્માના ઉત્થાનને યોગ્ય કેવી કેવી માનવસુલભ વિશેષતાઓ આવી છે.

**માનવ તરીકે જનમ્યા પછી મૂઢને જ્યારે પશુસુલભ વિષયાસક્તિ, અજ્ઞાન કષાયો અને ખાનપાનાદિનું જ જીવન હોય છે. ત્યારે ઉત્તમ આત્માને ધર્મપ્રીતિ વગેરે હોય છે.**

સુમતિ બાળપણથી જૈન ધર્મ ઉપર અને જિનેશ્વર ભગવાનના વચન પર દ્રઢ અનુરાગવાળી છે. પૂર્વ જીવનમાં જૈન ધર્મની આરાધના કરતાં કરતાં આયુષ્ય પૂર્ણ થયે અહીં આવી હોય એટલે સહેજે એના સંસ્કારો અહીં જૈન ધર્મની પ્રીતિ જગાવી દે, તેમ જૈન ધર્મની પદ્ધતિ એવી છે કે એ જોતાં જૈન ધર્મનું આકર્ષણ જાગે અને વધે. દેવાધિદેવનું વીતરાગ સર્વજ્ઞ સ્વરૂપ, એમનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની મુખ્યતાવાળું શાસન, શાસનમાં દાન-શીલ-તપ-ભાવનાનાં અનુષ્ઠાનો દેવદર્શનાદિક ક્રિયાઓ, સામાયિક-અણુવ્રત-મહાવ્રત વગેરે સાધનાની પદ્ધતિ વગેરે વગેરે એટલું બધું પદ્ધતિસર છે કે એ જોતાં લઘુકર્મી આત્માને એ ગમી જાય ! બળદેવની પુત્રી સુમતિ જૈન ધર્મ પ્રત્યે દ્રઢ અનુરાગવાળી હતી.

વળી સુમતિને પંડિતનો યોગ મળવાથી જૈન ધર્મના જીવ-અજીવ વગેરે નવ તત્ત્વની સારી જાણકારી પ્રાપ્ત થઇ હતી.

**ધર્મશ્રદ્ધાને તત્ત્વજ્ઞાનનું બળ મળે એટલે શ્રદ્ધા વધુ પ્રબળ બને.**

અને ખરેખર ધર્મશ્રદ્ધાવાળાને તત્ત્વ સાંભળવા જાણવાની રુચિ અથાગ હોય જ છે માટે તો સમ્યકત્વનું પહેલું લિંગ તત્ત્વનાં શ્રવણનો અથાગ રાગ હોવાનું કહ્યું છે. સંયોગ ન હોય ને તત્ત્વ સાંભળવાનું ન બને એ જુદી વાત, પરંતુ એનો રાગ તો અવશ્ય હોય. એ હોય એટલે સંયોગ બનતાં તત્ત્વ શ્રવણ કરવા સહેજે દોડી જાય.

આપણી ધર્મશ્રદ્ધા કેવી છે, એ તપાસવા જેવું છે. સાધુ હોય અને એને શાસ્ત્ર સાંભળવા-વાંચવા-ભણવાનો રસ ન હોય તો એનામાં ય ધર્મ શ્રદ્ધા સમ્યક્ત્વના વાંધો પડી જાય. પૂછો

પ્ર.-તપ વગેરે બીજા યોગોનો રસ હોય તો, ને જિનવાણી સાંભળવાનો રસ ન હોય શું તરી ન જાય ?

ઉ.-શાસ્ત્ર વ્યવસાયનો રસ નહિ એ શું સૂચવે છે ? જિનવચનનો રસ નહિ એ જ ને ? જિનવચન સાંભળવાનો રસ નહિ એને જિનવચનનો રાગ કેટલો ? એ જો ન હોય તો સમ્યક્ત્વ ક્યાં.

**ધર્મ ન કરે તો ધર્મ હરખ શે આવે ? :-**

ધર્મ શ્રધ્ધાળુ અને તત્ત્વ વિદુષી સુમતિ વળી શ્રાવકના બાર વ્રતને ધારણ કરનારી હતી. એની ધર્મ શ્રદ્ધા અને તત્ત્વજ્ઞાન એને શીખવતા હતા કે ''જ્ઞાનસ્ય ફલં વિરતિઃ'' આશ્રવ તત્ત્વ જાણ્યું કે હિંસાદિ આશ્રવો અઢળક કર્મ બંધ કરાવે છે તો શા સારુ શક્ય એટલા હિંસાદિ પાપોનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ ન કરી લેવો ? સુમતિ એવું સુંદર વ્રતપાલન કરતી હતી કે કુટુંબ પર એની સુંદર છાયા પડેલી, અને એને પોતાને ય એટલા પાપોથી બચવાનો હરખ હરખ હતો.

ધર્મ કરે તો એનો હરખ થાય, ન કરે એને શો ધર્મનો હરખ ? વળી આ ધર્મ હરખની ખૂબી એ છે કે એ સહેજે સહેજે પાપના હરખને નહિવત્ કરી દે છે. ત્યારે જો પાપના હરખ એમજ ઊભા રહે તો એના ગાઢ સંસ્કાર પડે. ને એ પડીને ભવાંતર કેવો સરજે ? ભવાંતરે પાપિષ્ઠ જીવન કેવા સરજે ?

**પાપના હરખ પાપના અનુબંધ ઊભા કરી ભાવી પાપમય જીવન સરજે છે.**

માટે જ પાપના હરખ દબાવવા ધર્મના હરખ ઊભા કરવાની જરૂર છે. અને તે ધર્મને જીવનમાં ઉતારવાથી થાય. ધર્મ જીવનમાં ઉતારતા વિવિધ દાનાદિ ધર્મની પ્રવૃત્તિ થાય અને તેમાં આનંદ આવે એટલે આગળ આગળ હરખભેર ધર્મ પ્રવૃત્તિ થયા કરે. એમાંથી સહેજે સહેજે પાપ પ્રવૃત્તિમાં હરખ ન રહે. જુઓ સવારે વહેલા ઊઠીને સામાયિક-સ્વાધ્યાય-પ્રતિક્રમણ-દેવદર્શન-ગુરુવંદન વગેરે ધર્મપ્રવૃત્તિ હરખભેર કરતો હોય એને સહેજે સવારે ઊઠીને દાતણ-છાપું-ચા -પાણી વગેરે પાપ ન ગમે. કહેશો,

પ્ર.-ભલે ઊઠીને એ પાપ કરવાં ન ગમે, પણ પછીથી તો એ પાપ પ્રવૃત્તિમાં એ હરખભેર પડવાનો ને?

ઉ.-ના, જેને જીવનમાં ધર્મ જ ખરેખરો કરવા લાયક લાગી ગયો છે એટલે તો સવારે ઊઠીને પહેલો ધર્મ જ કરવાનું જેને સૂજે છે, એને પાપ કરણી પર સૂગ છે. માટે તો દિવસના પ્રારંભ પાપથી નથી કરતો; ને એ પાપકરણી કરવા જેવી શાનો માને ? એટલે,

**સહેજે એને પાપકરણી ન ગમે એને પ્રવૃત્તિમાં હરખ ન થાય.**

સારાંશ

મનનું મહાન કામ આ કે ધર્મ-પ્રવૃત્તિના હરખ માણો, પાપ પ્રવૃત્તિના હરખ મૂકો અહીં પૂછવાનું મન થશે કે,

પ્ર.-આટલું સાંભળ્યા પછી આ કરવા જેવું તો લાગે. પરંતુ પાપમાં હરખની જુગજુની ટેવ પડેલી, તે એકદમ શી રીતે ટળી શકે ?

ઉ.-પરંતુ વ્યવહારમાં જુઓ કે સામાન્ય રીતે લગ્ન પછી પત્ની પર હરખ ઊભો થયો પછી માતા પર એટલો હરખ નથી અનુભવતો, કોઇ વિશિષ્ટ લાયકાતવાળા યુવકની વાત જુદી કે એને માતા પર એટલો ને એટલો હરખ રહે, બાકી મોટા ભાગે તો આજે આ સ્થિતિ દેખાખ છે કે પત્ની મલ્યા પછી એના પર હરખ ઘણો અને માતા પર ઓછો ! કેમ વારુ ? આજના જગતનાં દ્રષ્ટાન્તમાં માતા પર હરખ વરસોથી હતો છતાં તે ઓછો થઇ ગયો ને ? કારણ એક જ પત્ની પર વહાલ બહુ ઉભરાયું. બસ, આ રીતે ધર્મ પર અથાગ વહાલ ઉભરાય તો પાપ પર હરખ ભલે જુગજૂનો ચાલતો આવેલો છતાં ઓછો થઇ શકે છે.

બલદેવ પુત્રી સુમતિને ધર્મ પર અતિ હરખને લીધે પાપના હરખ મોળા પડી ગયા. એટલે એણે સમકિત સહિત બારે વ્રત ઉચ્ચરી કેટલાય પાપ છોડેલા, ને સમકિત તથા બારવ્રતના આચાર હરખભેર પાળતી. ધર્મમાં શો હરખ ઉભરાય એ તો જાતે અનુભવ કરવાથી સમજાય. સમકિત સાથે બારવ્રત લઇ એના આચાર બરાબર પાળવા માંડો અનુભવથી સમજાશે કે 'આ ધર્મમાં શો હરખ છે ?'

**સાકર ચાખે એને એમાં શી મીઠાશ છે એ સમજાય, પણ ચાખ્યા વિના એના વર્ણન માત્રથી એની મીઠાશ ન સમજી શકાય. એમ ધર્મ ક્યાંથી ધર્મનો હરખ અનુભવાય.**

આજે એવા કેટલાય છે કે જેમણે જીવનમાં સત્સંગથી કે દેખાદેખી ધર્મ આચરવા માંડ્યો તો એમને એમાં હરખનો અનુભવ થયો કહે છે ભાઇ સાબ ! પહેલા અમન ચમનમાં પૈસા ઉરાડ્યા પણ જે નિર્દોષ આનંદ નહોતો લાગતો, તે આજે એ પાપો બંધ કરી ધર્મમાં અને પરોપકારમાં પૈસા ખરચવાથી લાગે છે.

ધર્મ નહિ કરનારને એમ થાય છે કે "ધર્મમાં તે વળી હરખ આવતો હશે ? પૈસા સંઘરી રાખવાને બદલે દાનમાં દઇ દેવામાં તે શું હરખ થાય ? વિષય સુખ છોડી બ્રહ્મચર્યમાં હરખ ? મજેના ખાનપાન છોડી તપસ્યામાં હરખ ? સુખમય

સંસાર છોડી કષ્ટમય ચારિત્ર પાળવામાં હરખનો અનુભવ ? આમ દાનાદિ ધર્મ નહિ કરનારને લાગે છે કે ધર્મમાં હરખ શે આવે ?

પરંતુ એટલું સમજવાની જરૂર છે કે સંખ્યાબંધ ભવ્યાત્માઓ ધર્મ કરે છે એ બધા જ શું રોતાં રોતાં ધર્મ કરે છે ? કોઇના બળાત્કારથી શું પરાણે ધર્મ કરે છે ? ના, ના, કેટલાય આત્માઓ સત્સંગ ઉપદેશથી સ્વેચ્છાએ ધર્મ કરે છે અને એમાં હરખ આનંદ અનુભવે છે. જિનશાસનમાં તો નાના બાળકો પણ તપની ટેવ પાડી હરખભેર તપ ધર્મ કરે છે. નજર સામે મોટાઓને માલપાણી ખાતા જોતા હોય છતાં પોતે આયંબિલ-ઉપવાસ કરી આનંદ અનુભવે છે. આ પરથી સમજવાનું છે કે આટલા બધા જીવો હરખભેર ધર્મ કરે છે, ત્યારે ધર્મમાં જરૂર કાંક હરખનું તત્ત્વ હશે. આ સમજાય તો પછી પ્રશ્ન શાનો ઊઠે કે 'ધર્મમાં તે વળી હરખ આવતો હશે ?'

પેલી, સુમતિને ધર્મમાં હરખ છે તે તપસ્યા પણ આનંદભેર કરે છે આમ સુમતિ રાજાશાહી કુળમાં જન્મેલી છતાં જૈન ધર્મ પર ભારે રાગવાળી થઇ નવ તત્ત્વની જાણકાર, બારવ્રતધારી અને તપસ્વિની બની છે.

એકવારનો પ્રસંગ છે, સુમતિ ઉપવાસનું પારણું કરવા બેસવા જાય છે ત્યાં બહારમાં અભિગ્રહ ધારી મહા મુનિને જતા જોયા એટલે એ ચાલો આજે પારણું મજાનો સુપાત્રદાનનો લાભ લઇને થશે એમ હરખઘેલી બની સફાળી દોડી બહાર, અને મુનિમહારાજને વંદના કરી વિનંતિ કરે છે, 'પ્રભુ ! મારે ઉપવાસનું પારણું છે, જરૂર મને સુપાત્રદાનનો લાભ આપો.

મોટી રાજપુત્રી છે, ઘરે સુખ-વૈભવની છોળો ઉછળે છે. ઊંચા ખાનપાન જરિયાન વસ્ત્રો હીરા મોતીના અલંકાર એવું એવું મળેલું છે છતાં એના હરખ નહિ, ને પારણે મુનિ મહાત્મા મળ્યા તો ભારે હરખ ! કારણ એકજ,

**સુમતિના મનને દુન્યવી પ્રાપ્તિ કરતાં ધર્મ અને ધર્મના અંગોની પ્રાપ્તિ જ મૂલ્યવંતી લાગે છે.**

તેથી સમજાશે કે સુમતિ મુનિરાજને જોતાં કેમ ઘેલી ઘેલી થઇ ગઇ ? 'વાહ ! કેવો સરસ મને પારણે મુનિનો યોગ મળ્યો !' એ દોડી બહાર અને મુનિને લાભ આપવા વિનંતિ કરે છે, મુનિ એના શબ્દોમાં ભક્તિભર્યા ભાવ જોઇ વહોરવા માટે પધારે છે સુમતિને મુનિને વહોરાવતાં હરખનો પાર નથી. એને તો આંગણે અચાનક કલ્પવૃક્ષ ફળ્યા જેવું લાગે છે.

કેવા સંયમી તપસ્વી મહાત્મા આમના પેટમાં ગયેલ કણ કણ અહિંસા-

સંયમ તપની મહાન સાધનામાં ઉપયોગી થશે તો આ મારું વહોરાવેલું એ ઉચ્ચ સાધનામાં કેવું સરસ લેખે લાગવાનું ? કેવાં મારા અહો ભાગ્ય ! એમ વિચારતાં હૈયે હરખના પૂર ઉછળે છે. આંખ હરખનાં આંસુથી ભીની ભીની થઇ જાય છે, વહોરાવીને મુનિને હાથ જોડી કહે છે ભગવન ! મહાન લાભ આપ્યો ! ખૂબ ઉપકાર કર્યો ! સંયમના કષ્ટ આપ ઉઠાવો છો, ને મને એમાં આ સ્વીકારીને સહભાગીની બનાવી ! ધન્ય પ્રભુ ! ધન્ય ! બોલતાં બોલતાં આંખે આંસુ ટપકે છે.

## સુમતિના દાન પર દિવ્ય વૃષ્ટિ

મહામુનિની ઉત્કૃષ્ટ સંયમ સાધના કઠોર કષ્ટ સહન અપાર સમતા અને ઉગ્રતપ ઉપર તથા સુમતિના આ ભાવોલ્લાસ ભર્યા દાન પર ત્યાં પંચ દિવ્યની વૃષ્ટિ થઇ. રત્નો સોનૈયા વસ્ત્રો પુષ્પો વરસ્યા !

ગગનમાં 'અહો દાન ! અહો દાન !' ની ઘોષણા થઇ. લોકોમાં આ છાનું રહે ? ચારે કોર ચમત્કાર વ્યાપી ગયો, 'વાહ ! કેવી ધન્ય સુમતિ ! કેવો એના સુપાત્રદાનનો પ્રભાવ !

બળદેવ અને વાસુદેવ પણ હવેલીની અંદર બેઠેલા આ જોઇ ભારે વિસ્મય પામી ગયા ! તરત દોડતા આવ્યા. ત્યાં સુમતિની પાસે ચોકમાં દિવ્ય વૃષ્ટિ થયેલી જુએ છે.

સુમતિને કહે છે સુમતિ ! સુમતિ ! આ શું ?'

સુમતિ બોલી, 'પિતાજી ! આમાં મારું કશું નથી. એ તો મહાત્માના તપ-સંયમનો પ્રભાવ છે. કેવા અલૌકિક સંયમી તપસ્વી એ મહાત્મા હશે કે એમના પ્રતાપે આ દિવ્ય વૃષ્ટિ થઇ !'

કેવી સ્વલઘુતા અને મુનિ પર ગૌરવવાળી આ બાઇ હશે કે એ પોતાની કશી વડાઇ જોતી નથી, ને મહાત્માનો જ પ્રભાવ જુએ છે.

**ધર્મના મહામૂલ્ય હૈયે વસ્યાની આ ખૂબી કે હૈયું પોતાની ભારોભાર લઘુતા જુએ ને ધર્મ પમાડનારાની મહાન વડાઇ જોઇ એના પર ઓવારી જાય.**

પ્ર.-કેમ મહાન ધર્મ-પુરુષાર્થ પોતે કર્યા છતાં પોતાની મહત્તા ન જોતાં ધર્મ-દાતા ધર્મપ્રેરકની મહત્તા જુએ છે ?

ઉ.-એટલા જ માટે, કે એ સમજે છે કે 'મારા પુરુષાર્થને શું ગાઉં ? મારી શી વડાઇ ? એ તો આ ધર્મદાતા ધર્મપ્રેરક મળ્યા તો જ ધર્મપુરુષાર્થ થઇ શક્યો

માટે વડાઇ ધર્મદાતાની.' દા.ત. અહીં જ જો આવા મહાત્મા ન મળ્યા હોત, ને એ મળ્યા પછી પણ ભિક્ષાદાન સ્વીકારવા મુનિ તૈયાર જ ન હોત તો પોતે શો દાનધર્મનો પુરુષાર્થ કરી શકતે ? પુરુષાર્થ તો બધે જ થાય છે, કર્મમાં થાય, મલિન ધર્મમાં થાય, અને સદ્ધર્મમાં ય થાય. એટલે પુરુષાર્થ બધે સામાન્ય છે, સમાન છે. પણ વિશેષતા સદ્ધર્મ પુરુષાર્થમાં નિમિત્ત બનનાર મુનિની છે. કે એમના જ આધારે એ દાન પુરુષાર્થ થાય છે. એટલે પુરુષાર્થ પ્રત્યેય મહાન ઉપકારી મુનિ છે'' આ હિસાબ પર સુમતિના હૈયામાં અથાગ ઉપકારી તરીકે જ્યાં મુનિ મહાત્મા વસી ગયા હોય, પછી ત્યાં એ સુમતિ શાનું પોતાનું ગૌરવ જુએ ? એટલે પંચ દિવ્યનો ચમત્કાર થવામાં મુનિ મહાત્માનો જ પ્રભાવ ગાઇ રહી છે.

દેવદર્શન-પૂજા-આંગી-ઉત્સવમાં પણ એ કરવાનું છે કે દેવાધિદેવની જ વડાઇ અને ઉપકાર માનવાના છે. કેમકે દર્શન-પૂજા આદિ દેવાધિદેવ અરિહંત ભગવાનનાં જ થાય છે તો જ વિશિષ્ટ લાભ મળે છે. મોટી સંઘયાત્રા કાઢી, ત્યાંય વડાઇ પોતાની નહિ, પણ દેવાધિદેવની.

**બળદેવને પુત્રીનું ગૌરવ અને વર ચિંતા -**

એના પિતા બળદેવને આજ સુધી સુમતિ ગુણિયલ તો લાગતી હતી. પરંતુ હવે સુમતિ ભલે મુનિના પ્રભાવના ગુણ ગાય કિન્તુ બળદેવ સુમતિના આત્માની વડાઇ ને એના ધર્મનો મહાન પ્રભાવ જુએ છે કેમકે મુનિ મળવા છતાં બીજાઓના ક્યાં આવા પ્રભાવક ધર્મપુરુષાર્થ અને એવી દિવ્ય વૃષ્ટિ જોવા મળે છે ? બળદેવ પોતાની પુત્રી સુમતિ પર ઓવારી જાય છે.

સુમતિ પર ઓવારી ગયેલા પિતા બળદેવને ચિંતા થાય છે કે 'અહો ! આટ આટલી ઉચ્ચ ગુણોવાલી અને ઉચ્ચ પ્રભાવવંતી સુમતિને યોગ્ય પતિ ક્યાં મળશે ?' ચિંતા શું કામ થાય ? મોટા ત્રણ ખંડના માલિક બળદેવ વાસુદેવ છે ને ? ત્રણ ખંડ એટલે ૧૬૦૦૦ દેશ! શું સોળ હજાર દેશના રાજા-રાજકુમારોમાં કોઇ એક રાજા કે રાજકુમાર યોગ્ય મળે નહિ ? પરંતુ એટલે બધે તપાસ ક્યાં કરાવવી ? એટલા માટે એમને સ્વયંવરનો વિચાર આવ્યો, 'લાવો સ્વયંવર માંડીએ, દેશોદેશ આમંત્રણ મોકલીએ. એ બધા આવે એમથી કોઇને કોઇ યોગ્ય વર મળી આવશે.'

**સ્વયંવરમાં કર્મસત્તા પર વિશ્વાસ :-**

જુઓ સંસારની રીતિ નીતિઃ- આ સ્વયંવર પણ કર્મસત્તા પર ભરોસો બતાવી

રહ્યો છે. શી રીતે ? જો સ્વયંવરને બદલે પોતાના ખાસ હોશિયાર દૂત દ્વારા તપાસ કરાવવાની હોય તો એ દૂત જઇને તપાસ કરે, આગળ પાછળ પૂછ ગાછ કરે, 'કે આ રાજા કે રાજકુમાર કેમ છે ? એનો સ્વભાવ, એના ગુણ-દોષ એની રહેણી-કરણી, એના કુટુંબની સ્થિતિ, વગેરે ઘણું ઘણું પૂછીને તપાસ કરી શકે, માપ કાઢી શકે કે, મુરતિયાની યોગ્યતા કેટલી છે ?' ત્યારે સ્વયંવરમાં તો કશું પૂછવા ગાછવાનું નહિ, માત્ર તે તે રાજા કે રાજકુમારનો પરિચય એનો દુભાષિયો આપે એટલા પર જ કન્યાએ જાતે તોલ બાંધવાનો. દુભાષિયો ત્યાં નરસું તો કશું કહેજ નહિ, ને જે કહે તે કેટલા ટકા વધારીને કહે, એનોય શો પતો ? એટલે માત્ર આટલા પર વિશ્વાસ મૂકી કુંવરીએ કોઇ એકને પસંદ કરી એના ગળામાં વરમાળા નાખવાની ને ? એમાં ભળતો માલ આવી જવાનો કેટલો બધો સંભવ ? છતાં આવી સ્વયંવર-પદ્ધતિ કેમ પસંદ કરતા હશે ?

કહો, એમ માનીને કે,

**અંતે તો કન્યાના ભાગ્યમાં હશે તે જ નિવડવાનું છે.**

**'આકૃતિઃ ગુણાન્ કથયતિ' સાચું છે ? કપટ ન હોય ?**

માત્ર અહીં તક એટલી મળે છે, કે અનેકાનેક દેશ-દેશાવરથી રાજા રાજકુમાર આવ્યા હોય, એમાં કોઇ કોઇ વિશિષ્ટ ગુણ વિશિષ્ટ પરાક્રમવાળા પણ હોય એને રૂબરુ નીરખવાની તક મળે, અને આકૃતિઃ ગુણાન્ કથયતિ મુદ્દા પરથી ગુણ મપાય.

આકૃતિનું પણ એક સાયન્સ છે, વિજ્ઞાન છે, હૈયાના ભાવ સામાન્યથી મુખ પર તરવરે છે. આંખમાં તરવરે છે. સામાન્યથી આ વાત છે. બાકી કોઇ કપટી હૈયાના ભાવ અંદરમાં જ છૂપાવી શકે છે, મુખ પર કે આંખમાં આવવા જ ન દે. દા.ત. અંતરથી ખાઉધરો હોય પરંતુ મહેમાન તરીકે તેડી એને જમવા બેસાડો, તો પોતાનું ખાઉધરાપણું ન વર્તાવા દેવા માટે અડધો ભૂખ્યો ઊઠે ! એટલી ખાવાની બેપરવાઇ દેખાડી જમતો હોય, મોં ઉપર કશી લોલુપતા 'ખાઇ લઉં ખાઇ લઉં' ન આવવા દે. એમ અંતરથી વિષયલંપટ હોય પરંતુ સંતોષિતા દેખાડવા આવા સ્વયંવર જેવામાં કન્યાની સામે પોતાની આંખ ન લગાવતાં માત્ર નીચી ઢાળેલી જ રાખે એમ અંતરમાં લોભિયો હોય કૃપણ હોય, છતાં મોં પર કે વર્તાવમાં નિસ્પૃહતા ઉદારતા જ દેખાડે. આમ કપટભાવથી મોંની આકૃતિ પર હૈયાનો ભાવ ન આવવા દે.

આવા કપટીને ક્યાં પહોંચાય ? પરંતુ એવા થોડા, બાકી તો કહે છે ને કે જેવું હૈયે તેવું હોઠે ? હૈયાના ભાવ મોં પર વર્તાય, એટલે કન્યા રાજા-રાજકુમારોના પરથી હૈયું પરખી શકે છતાં એમાં ઠગાવાનો સંભવ તો ખરો, તેમજ મોં પરથી કાંઇ બધા જ ગુણદોષ, રીતિ, નીતિ, સ્વભાવ, ધર્મ, અધર્મ, કુટુંબ, વગેરે ન સમજાય. એટલે પણ સ્વયંવરના પતિનો વીમો તો ખરોજ તો પછી શા માટે આવો વીમો ખેડવાનો ? કહો, આ હિસાબ પર કે

**દુનિયાદારીમાં અંતે તો પોતાના કર્મ મુજબ જ નીવડવાનું છે.**

વાસુદેવ એક બાજુ ચારે કોર નિયત દિવસના સ્વયંવરમાં પધારવાના આમંત્રણ મોકલ્યા, ને બીજી બાજુ એક હજાર થાંભલાવાળો આલીશાન મંડપ ઊભો કરાવ્યો. થાંભલા કેવા ? રત્ને જડેલા ! વળી ત્યાં છત અને આજુબાજુ ઝુલોજરિયાન કપડાની. એમાં વચ્ચે વચ્ચે મોતીના ઝુંબખડા લટકતા છે. રાજા-રાજકુમારોને બેસવા માટે રત્નના સિંહાસનો રાખવામાં આવેલા છે. વચ્ચે ચાલવા માટેની જમીન પર મખમલના ગાલીચા પાથરવામાં આવેલા છે. બધું જાણે ઇન્દ્રપુરીનો ઠાઠ જોઇ લો, *એવું બન્યું છે. સિંહાસનો પર બેઠેલા સામે દેખે એવા મોખરે એક મોટું મોતી* માણેક જડ્યું સ્ટેજ વ્યાસપીઠ છે. મંડપમાં ચાર બાજુ ધૂપસળીઓ અને પુષ્પોની ગુંજતી સુગંધ આખા મંડપમાં પ્રસરીને મઘમઘાયમાન કરી દે છે. બહારની બાજુએ વિવિધ વાજિંત્રોના ધીમા મધુરા નાદ ચાલી રહેલા છે, તે પણ મંડપને મધુર મધુર સૂરથી પુરી રહ્યા છે. અહીં રાજા-રાજકુમારો બળદેવ-વાસુદેવના આમંત્રણથી આવેલા સિંહાસનો પર ગોઠવાઇ જાય છે.

**સમ્યક્ત્વ સાધર્મિકવાત્સલ્ય-બહુમાન વિના ન હોય-**

સાધર્મિકવાત્સલ્ય કરો છો ને ? તપસ્વીઓની ભક્તિ કરો છો ને ? એ માટે પહેલું તો એવા મંડપ અને એની એવી રોનક બનાવવી જોઇએ. એ સાધર્મિકો તપસ્વીઓ કેમ જાણે મોટા રાજાઓ-રાજકુમારો છે. એવો મનમાં ભાવ લાવવો જોઇએ. પછી સારા પક્વાન્ન વગેરે વિવિધ સ્વાદનાં જમણની વાત. એકલી જિહ્વા ઇંદ્રિયને તો સારા રસ વાળા પદાર્થ પીરસી દીધા એટલે પત્યું, પરંતુ આંખને કાનને, નાસિકાને મઘમઘ કરે, કાનને મીઠા સૂર તૃપ્ત કરી દે એવી યોજના કરું' એવું મનને શાનું થાય ?

સમ્યકત્વ શું સમજો છો ? એકલા દેવ-ગુરુ પર શ્રદ્ધા અને બહુમાન એટલું જ સમ્યકત્વ ? કે સંઘ સાધર્મિક પર પણ પ્રેમ આદર સત્કાર સન્માન સમ્યકત્વમાં

જરૂરી ખરા ? સમ્યકત્વના આચાર દર્શનાચારમાં 'ઉવવુહ અને વચ્છલ્લં' પણ ગણેલા છે 'મન્હ જિણાણં આણં'ની સજ્ઝાયમાં કહેલા શ્રાવકના આચારમાં સાહમ્મિઆણ વચ્છલ્લં અને સંઘોવરિ બહુમાણં કહેલા છે. શાસ્ત્રે કહ્યું જેના ઘર આંગણે સાધર્મિક આવ્યા ને એમના પર જેને સ્નેહ આદર નથી ઊભરાતા, એને જિનશાસન પર પ્રેમ છે કે કેમ એ શંકાસ્પદ છે. આ સૂચવે છે કે સંઘ સાધર્મિક પર પ્રેમ આદર-બહુમાન વિના સમ્યકત્વ નહિ.

જો આ બહુમાન હૈયે વસી ગયું હોય તો પછી સાધર્મિકનું વાત્સલ્ય એમને મોટા પુરુષ માનીને ઊંચી ભક્તિથી થાય. અહીં સુમતિના સ્વયંવરમાં આમંત્રેલા રાજાઓ અને વિદ્યાધર કુમારો વગેરેને બહુમાન પૂર્વક નોતરેલા છે એટલે હવે એમની સરભરા પણ ઊંચી સામગ્રીથી થાય છે. મંડપ આવો ઇન્દ્રની સભા જેવો, એટલે પછી જમણ વગેરેનું તો પૂછવાનું જ શું ?

**રાજ-કન્યા સુમતિ મંડપમાં ઉપસ્થિત થતાં ચમકારો-**

હવે આ મંડપમાં સુમતિને લાવવામાં આવે છે. એમાં અંગ પર જરિયાન વસ્ત્રો અને રત્નોના અલંકાર-માથા પર પણ મોતીની સેરો છે એની આસપાસમાં સુશોભિત વસ્ત્રોવાળી સખીઓનો પરિવાર છે, સુમતિના મસ્તક પર એવું ચમકતું ઉજ્જવળ સફેદ છત્ર છે કે જાણે ચંદ્રનું બિંબ ન હોય ! પાછળ સુસજ્જ સિપાઇઓ ચાલી રહ્યા છે આથી સુમતિ જ્યાં મંડપના વ્યાસપીઠ પર ઉપસ્થિત થાય છે ત્યાં જ રાજાઓ અને વિદ્યાધરો કુમારો વગેરે એને જોતાં જ મુગ્ધ થઇ જાય છે ! એટલું બધું સુમતિનું સૌંદર્ય છે ! મનમાં સૌને મનોરથ ઉછળે છે કે આ આપણને વરે તો કેવું સારું !

સંસારની ચીજ જ એવી છે કે લાલચ કે અણગમો જગાવે. ગમતી ચીજ સામે આવી એટલી જ વાર, લાલચ જાગી જ સમજો, પછી ભલે ભાગ્ય ટૂંકું હોવાથી એ મળે એમ ન હોય. પરંતુ પામર જીવ મળવાની આશામાં તણાય છે અથવા ન મળવાની કમનસીબીમાં બળે છે. પછી આમાં મનને સ્વસ્થતા ક્યાંથી રહે ! અનંત અનંત કાળથી જીવ આવી આવીને નિષ્ફળ આશાઓને સંતોષ કરતો આવ્યો છે ! વળ્યું કાંઇ નથી, છતાં હજી ફજુલ આશાઓ મૂકવી નથી ને અંતે નાલેશી મળે એ જોવું નથી ! કે જીવનના અંત સુધી સંતાપ કરવાની મૂઢતા મૂકવી નથી.

**ભાગ્ય બહારની કે અધિકાર યોગ્યતા બહારની આશાઓ કરવામાં આપણી જાતે જ આપણામાં સંતાપ-આર્તધ્યાન-અસમાધિ ઊભા કરીએ છીએ.**

ભારે ખોરાક પચવાનું પુણ્ય ન હોય અને આશા કરે કે 'આ પકવાન્ના ખાઉં ને મને શક્તિ મળશે' ને જો એ ખાય, તો આશા ફળે ખરી ? કે પકવાન્ન ખાધેલું ભારી પડી જાય ? પછી સંતાપ કરાવે ?

આજે કેટલાય એવા છે કે જે સુખી થવાની આશાથી મા બાપ કે મોટા ભાઇથી જુદા રહેવા ગયા, પરંતુ કાં તો પત્ની માથે ચડી બેઠી, કે પત્ની બિમાર *પડી, યા પોતાને બિમારી આવી વગેરે આપદાઓમાં સુખને બદલે સંતાપ અનુભવી* રહ્યા છે.

**ભાગ્ય બહારની આશાથી દોડવા જાય એને અશુભ ભાગ્ય દંડી નાખે છે.**

સટોરિયા ખુવાર કેમ થઇ ગયા ? એક સોદામાં ગુમાવ્યું, બીજામાં ગુમાવ્યું, ત્રીજામાં ગુમાવ્યું, ચેતી જવું જોઇતું હતું કે હમણાં આપણું પુણ્ય નથી, શાંતિથી બેસો, પરંતુ ના, ભાગ્ય બહારની આશા કરી 'હવે આમ સોદો કરું, એને આમ પકડી રાખું, ને લાગ આવે એટલે લે-વેચ કરીને એટલું કમાઇ લઉં કે પૂર્વની બધી ખોટ ભરપાઇ કરી લઉં છું.' આ આશા ભાગ્ય બહારની હતી, તે એમ કરવા ગયા, ને ટાંટિયા પહોળા થઇ ગયા ! એવા કે હવે જિંદગી સુધી ઊંચા જ ન અવાય.

**ખોટી આશામાં જિંદગીના સંતાપ.''**

**ત્યારે અધિકાર બહારની આશા કરવામાં પણ માર ખાવો પડે છે.**

**અધિકાર બહારની પ્રવૃત્તિમાં પુરોહિત પુત્ર મરે છે.**

એક પુરોહિત પુત્ર હતો, બાપ પુરોહિત રાજાને ધર્માનુષ્ઠાન કરાવવા રાજ્ય મહેલે જાય ત્યારે એ સાથે જતો. જરાક રૂપાળો અને બોલી મીઠી તે મહેલમાં બધાને વહાલો થઇ પડેલો, તેમજ એની સમાન વયના રાજપુત્ર સાથે દોસ્તી થઇ ગયેલ, એટલે એ મહેલમાં પડ્યા પાથર્યા જેવો રહેતો હતો.

એકવાર કાંઇક ભૂલ કરી એટલે રાજમાતાએ એને ઠપકો આપ્યો. ભાઇને અપમાન લાગ્યું તે રાજમાતાની સામે જાણે લાડમાં ગમે તેમ બોલ્યો. રાજમાતા ગંભીર તેની આગળ કાંઇ ન બોલ્યા, તેમ બીજા કોઇએ પણ એને દબાવ્યો નહિ, એટલે ભાઇના મનને લાગ્યું કે 'અહીં આપણું કેવું સરસ ઉપજે છે ! આપણે જરાક આવેશથી બોલ્યા તો રાજમાતા કેવા દબાઇ ગયા ! ને એમને કેવા ચુપ થવું પડ્યું ? બસ, અહીં આપણે કોઇથી ય ન દબાઇએ તો વાંધો નહિ.'

શું કર્યું આ એણે ? અધિકાર બહારની આશા રાખી કે 'રાજમહેલમાં કોઇથી ય ન દબાઇએ તો વાંધો નહિ.' શું આ આશા ફળે ? એ આશાના દોરે પ્રવૃત્તિ કરવા

જાય તો ફાવી જાય ? કે.

અધિકાર બહારની ચેષ્ટામાં માર ખાય.

માર ખાધો પુરોહિત પુત્રે, એકવાર એવું બન્યું કે ગમે તે કારણે એ રાજમાતાને આક્રોશ કરવા લાગ્યો, તિરસ્કાર ભર્યા બોલ બોલે છે. રાજમાતા રાજપુત્રની દાદી છે. તે રાજપુત્રે જોયું કે 'પેલી વારે પણ આ ઉદ્ધતાઇથી દાદી સામે બોલેલો, પછી પણ બોલેલો, આજે પણ એવી વધુ જોસમાં સામું બોલે છે. આ ન ચલાવી લેવાય. ભલે મિત્ર છે તેથી શું ?

**'દાનો દુશ્મન સારો, પણ મૂરખ મિત્ર ખોટો.'**

પુરોહિત પુત્ર આવેશમાં ઉદ્ધત બોલતો રહ્યો તે રાજપુત્રે અંદર જઇ રિવોલ્વર લઇ બહાર આવી એના પર ગોળી છોડી એને ખત્મ કર્યો. સમરાદિત્ય ચરિત્રમાં આ પ્રસંગ છે.

બોલો, અધિકાર બહારની આશા રાખી વર્તવા જાય, એ શું પામે ? પુરોહિત પુત્રને આશા હતી કે 'રાજમહેલમાં કોઇને ગમે તેમ બોલું તો વાંધો ન આવે.' આ એના અધિકાર બહારની આશા હતી. પોતે એક પુરોહિત પુત્ર એનો રાજમહેલમાં અધિકાર કેટલો ? રૂપાળો, મીઠી બોલીવાળો અને રાજાને ધર્મકાર્ય કરાવનાર પુરોહિતનો પુત્ર, એટલે મહેલમાં અસ્ખલિત ગતિવાળો, ગમે ત્યારે ત્યાં જઇ શકે. બીજા સાથે બોલી ચાલી શકે, એટલો અધિકાર. એમાં વાંધો ન આવે એટલી અધિકાર અંદરની વસ્તુ એની આશા એ અધિકાર અંદરની આશા ગણાય. બાકી ઉગ્રતા આક્રોશને તે ઉગ્રતા રાજમાતાને ? અને તેનાથી માને કે, વાંધો નહિ આવે' એ આશા અધિકાર બહારની ગણાય એમાં મોત સુધીનાં ય સંતાપ આવે.

**જીવન જીવતાં પાછા ન પડવું હોય તો અધિકાર બહારની વસ્તુની આશાને પ્રવૃત્તિ ન કરવી.**

આ ખૂબ ખ્યાલમાં રાખવા જેવું કે અધિકાર બહારની વસ્તુની આશા ય ન કરવી ને એવી આશાનો આગ્રહ રાખી એમાં તણાવું નહિ.

મદનરેખા મહાસતીનો જેઠ રાજા પોતના અધિકાર બહારની ભાઇની આ પત્ની મદનરેખાને હાથ કરી પટ્ટરાણી બનાવીને આનંદમાં મહાલવાની આશામાં તણાયો. મહાસતી પાસે દાસી મોકલી એને સમજાવવા ગયો પણ એમાં નાસી પાસ થતાં એવી આશામાં દોડયો કે'' ભાઇને ખત્મ કરું તો તો પછી બાઇ મારા હાથમાં જ છે, એ ક્યાં જવાની હતી ? ને એમ છતાં નહિ માને તો એની સમક્ષમાં

એના દીકરાને ખડો કરી કહીશ 'બોલ હવે માની જવું છે ? તો મોટી પટ્ટરાણી બનાવી તારા દાસ જેવો થઇને રહીશ, ને જો નથી માનવું તો આ તારા દીકરાને ય ખત્મ કરું છું 'પછી એ માન્યા વિના ક્યાં જવાની હતી ? ધણી ખોયા પછી દીકરો થોડો જ ખોવા તૈયાર થાય ? એટલે પછી એને માની જ જવું પડશે ને મારે પછી લીલા લહેર રાજ્યપાટના સુખ કરતા ય આવી અપ્સરા સમી સ્ત્રીનું સુખ પારાવાર !''

રાજાની આ બધી અધિકાર બહારની આશા હતી, તો શું પામ્યો ? ભાઇને ઉદ્યાનમાં માર્યા પછી એક બાજુ પોતે ખુશી ખુશી થઇ રાજમહેલ તરફ ચાલ્યો, પણ બીજી બાજુ મદનરેખા તરત જ જંગલના ઉજડ માર્ગે પલાયન થઇ ગઇ. કારણ કે એણે જોયું કે જો અહીં હાજર રહું તો આ દુષ્ટ રાજા સવારે મને રાણી બનાવવા મારા દીકરાને મારવા લે ! જેને સગા ભાઇને મારી નાખતાં હૈયું કંપ્યું નહિ. એ ભત્રિજાને મારતાં શાનો ખચકાય ? માટે મારે શીલ રક્ષાર્થે અહીંથી ભાગવું જ રહ્યું.'

બોલો, અધિકાર બહારની આશામાં દોડતા રાજાને સવારે મદનરેખા મળત ? ના, ઊલટું વાત બહાર પડી જતાં નાલેશી મળત તો આ પાછા પડવાનું થયું કે નહિ ? પરંતુ એટલેથી ય પત્યું નહિ. રાજા રાજમહેલે ગયો ત્યાં અંધારામાં મોટો કાળો ભોરિંગ એને ડસી ગયો અને એના બિચારાના પ્રાણ ઊડી ગયા ! કેટલું પાછુ પડવાનું થયું ? મોત તો થયું જ, ને પાછળ લોકમાં નાલેશી ભયંકર થઇ. મંત્રીઓને એથી મહાસતીના આઠ વરસના પુત્ર ચંદ્રયશ ઉપર વધારે લાગણી થઇ આવી. તે એનો તરત રાજ્યાભિષેક કર્યો.

અને એને સારી રીતે કળા-કૌશાલ્ય-રાજનીતિ વગેરેમાં હોશિયાર કરવા ખૂબ સાવધાન બની ગયા.

**અધિકાર બહારની આશા માણસને જરૂર પડ્યે મહાપાપિષ્ઠ બનાવે છે.**

મદનરેખા મહાસતીનો જેઠ રાજા કેવો મહા પાપિષ્ઠ બન્યો ? આપણા જીવનમાં તપાસજો કેટલીકવાર ન કરવાનાં પાપ કર્યા હશે તો તે અધિકાર બહારની આશામાં તણાઇને કર્યા હશે. આપણી લાયકાત ન જોવી, પુણ્યાઇ ન જોવી. અધિકાર-હોદો-સ્થાન ન જોવું ને અણછાજતી આશાઓ ઊભી કરવી એ મૂર્ખતા છે, ઉચ્ચ જનમની બરબાદી છે. શું સાંસારિક બાબત, કે શું ધાર્મિક બાબત, બધેજ પગલું માંડતા પહેલાં આ ખ્યાલ રાખવાનો છે કે 'પોતાનો અધિકાર કેટલો ? લાયકાત કેટલી ? પોતાનું સ્થાન શું ? પોતાની પુણ્યાઇ કેટલી ?'

દીકરા પર બાપનો, શિષ્ય પર ગુરુનો, અને નોકર પર શેઠનો, અવસરે

દાબીને કડકતાથી કહેવાનો અધિકાર ખરો, પરંતુ દીકરાનો, શિષ્યનો કે નોકરનો તેવો અધિકાર નહિ. જો એ આ સમજીને વર્તો, તો જશ લઇ જાય, વડિલની ચાહના પામી જાય.

**સુમતિકુમારી સ્વયંવર મંડપમાં :-**

પેલી સુમતિ રાજકુમારી એક ઇન્દ્રાણીના જેવી શણગારાયેલી હાથમાં વરમાળા સાથે અને ચારે બાજુથી અલંકૃત સખીઓથી વિટંળાયેલી જ્યાં સ્ટેજ પર આવીને સિંહાસન પર બેઠેલી જોવામાં આવી કે રાજાઓ અને વિદ્યાધર રાજાકુમારો આશામાં તણાય છે કે આપણને આ વરમાળા પહેરાવે તો કેવું સારું !' આશામાં તણાનારને કુમારી ન વરે ત્યાં દિલમાં આઘાત કેવો ?

હવે જ્યાં સુમતિ રાજકુમારી સિંહાસન પરથી ઊભી થઇને મંડપમાં વરમાળા લઇને એને મનગમતા ઉમેદવારને પહેરાવવા માટે ફરવા નીકળે એટલામાં ત્યાં એક અજબ ચમત્કાર બન્યો એ ચમત્કાર એવો હતો કે સુમતિ પોતે ય સ્તબ્ધ થઇ જાય, અને આમંત્રિત રાજાઓ-કુમારો પણ દિગ્મૂઢ થઇ જાય કે 'આ શું અદ્ભુત ! આપણને એક આંકડાની ય કલ્પના નહિ' ને આ શું બની ગયું ?' સૌ આશ્ચર્ય ચકિત થયા એટલું જ નહિ પણ હવે શું થશે ? એવી આતુરતામાં પડી ગયા. કોઇને કશી કલ્પના જ નથી આવતી કે 'આમાં શું થશે ?'

દુનિયામાં આવી અણચિંતવી-અણકલ્પી ઘટના ક્યારેક બની આવે છે ત્યારે એમ વિચાર થાય કે 'માણસ શું જોઇને ફાંકો રાખતો હશે કે હું આમ કરી નાખું ને તેમ કરી નાખું ? કેમકે કોઇકવાર કલ્પના બહારનું એવું બની આવે છે કે જે પેલા ફોગટના અભિમાનના વિષયને ધૂળમાં રગદોળી નાખે, પોતાની મતલબને તદ્દન અશક્ય બનાવી દે.

એમ માણસની વધુ પડતી આશા અને અતિ વિશ્વાસ પણ નકામા છે કે મને હવે ચોક્કસ આ લાભ મળશે,' કેમકે અણચિંતવ્યું એવું બની આવે છે કે આશાને સાવ વાંઝણી બનાવી દે, વિશ્વાસના ભુક્કા ઊડી જાય.

**(૧) સ્થિત પ્રજ્ઞતાથી ખોટી આશામાં ન ચડાય :-**

એટલા જ માટે સ્થિતપ્રજ્ઞ અર્થાત્ સ્થિર બુદ્ધિવાળા સજ્જનો એવા ફાંકા રાખતા નથી, ને એવી આશામાં કે પાકા વિશ્વાસમાં તણાતા ય નથી. જુઓ-

રામચંદ્રજીને રાજ્ય મળવાનું હતું છતાં એમને એની એવી હરખ હરખ ભરી આશા નહોતી તેથી જ્યાં કલ્પના બહારની ઘટના બની કે ભરતને રાજ્યગાદી

આપવાનું દશરથે કૈકેયીને વરદાનમાં કહી દીધું, તો રામને જરાય આશ્ચર્ય કે દુઃખ થયું નહિ. હરખભરી આશા રાખી મૂકી હોત ને પાકા વિશ્વાસમાં રહ્યા હોત કે 'હાશ ! મને હવે રાજ્ય મળવાનું જ છે,' તો તો આ ઘટનાથી આશ્ચર્ય થાત, ને દુઃખ પણ થાત.

**કર્મસત્તાની વિચિત્રતા પરના વિશ્વાસે ખોટી આશાથી બચાય :-**

**(૨) 'કર્મસત્તાના વિચિત્ર સામ્રાજ્યમાં ક્યારે શું બને એ કાંઇ કહેવાય નહિ' એ સમજી રાખ્યું હોય તો ખોટી આશા અને પાકા વિશ્વાસમાં તણાવાય નહિ.**

કલ્પના બહારનું બને ત્યાં આ સમજથી ઝટ મન કહે ભાઇ ! કર્મ વિચિત્ર છે ન ધાર્યું ઘણું બનાવે એવું આ એક એમાં આશ્ચર્ય માનવાની જરૂર નથી.

એમ મનને કદાચ કશાની આશા બંધાણી, તો ય આ સમજથી સાથે જ વિચાર રહે કે 'જીવ ! આ આશા પ્રમાણે થશે જ એમ જરાય માનીશ નહિ, કર્મસત્તા વિચિત્ર છે એ ધાર્યું ન ય બનવા દે. અરે ! વિપરીત ય બનાવી દે.' આવું જો પહેલેથી વિચારી રાખ્યું હોય અને આશા નિષ્ફળ જાય, અથવા ઊલટું જ બની આવે, તો મનને કશો ખેદ નહિ થાય. મને કહેશે એ તો મને પહેલેથી ખબર હતી કે કર્મ સત્તા ધાર્યું કદાચ ન ય બનવા દે. અરે ! ઊલટું ય કરે.'

**ચિત્ત-સમાધિની આ ચાવી છે કે પૌદ્‌ગલિક બાબતમાં કર્મ સત્તાને મુખ્ય ગણી કર્મસત્તા નજર સામે રખાય.**

ત્યારે તો દમયંતીએ ઘણું રોકવા છતાં નળરાજા ભાઇ પુષ્કર સાથે જુગારના દાવ ખેલ્યે જ ગયા, ને વધુ ને વધુ હારતા ગયા ! તે પછી રાજ્ય ગુમાવી પહેર્યે લુગડે જંગલમાં નીકળી જવું પડ્યું ! ત્યાં નળ દમયંતીને કહે છે. ''મેં ધુત રમવાની મોટી ભૂલ કરી,'' એ વખતે દમયંતી ટોણો નથી મારતી કે 'હું તો તમને જુગારની ના કહેતી જ હતી પણ તમે માન્યું નહિ. ને મને ય જંગલમાં ઉતારી, ના દમયંતી કહે છે 'કાંઇ શોક ન કરો, કર્મસત્તા બળવાન છે. કર્મ જ એવા વિચિત્ર હશે કે એ જીવને ભુલાવામાં નાખી દે. માટે કશી અફસોસી કરવા જેવી નથી. અશુભ કર્મ ભોગવાઇને ઓછા જ થવાના છે.'

**કર્મસત્તા પર વિશ્વાસ કેવી લાયકીના બોલ બોલાવે.**

એ વિશ્વાસ ન હોય તો નાલાયકીનાં બોલ કઢાવે, પછી ત્યાં એ જોવા ન

રહે કે 'અનિષ્ટ પ્રસંગ બન્યાથી સામાનું દિલ ઘવાયેલું તો છે જ. એમાં હું ટોણો મારીશ તો વળી કેટલું વધારે ઘવાશે.' આ ન જુએ ને ટોણો મારે, એ નાલાયકીના બોલ ગણાય. દમયંતી જુએ છે કે 'પતિને રાજ્ય જવાથી કેટલો બધો આઘાત લાગ્યો હોય એમાં વળી હું ટોણો મારું તો ઘા પર ઘા થાય. પડતા પર પાટું મારવા જેવું થાય.' તેથી કર્મસત્તા પર વિશ્વાસ મુકાવી પતિનું હૈયું ઠારે છે, બાળતી નથી. વાત આ છે જગતમાં અને જીવનમાં આશ્ચર્યકારક બની આવે પણ એ કર્મસત્તાને ભળાવી કશું આશ્ચર્ય માનવા જેવું નથી.

**સ્વયંવર મંડપમાં વિમાન ઉતરે છે :-**

સુમતિ રાજપુત્રી જ્યાં હવે વર પસંદ કરવા મંડપમાં ફરવા નીકળવાની તૈયારીમાં છે ત્યાં એક મોટું આશ્ચર્ય આ બની આવે છે કે એક વિમાન ત્યાં ઉતરી આવે છે, ને એમાંથી એક ભારે દમામવાળી ને બહુ રૂપવાન દેવી બહાર નીકળી ઊભી રહે છે !

રાજાઓ ને વિદ્યાધર કુમારો આ જોતાં જ સ્તબ્ધ થઇ ઊભા થઇ ગયા ! દેવીને પ્રણામ કરે છે. ત્યાં સુમતિ પણ પ્રણામ કરીને હાથે જોડી આવકારે છે 'આવો, પધારો, સિંહાસનને પાવન કરો.

દેવી સિંહાસન પર બેસીને કહે છે-

**સ્વયંવર મંડપમાં ઇન્દ્રાણીના બોલ :-**

'અરે ધનશ્રી ! તું પ્રતિબોધ પામ, જૈન ધર્મનો પ્રતિબોધ પામ. તું તારા ભવની વિગત યાદ કરી એની તરફ જો કે પૂર્વે તે શું કરેલું ને અહીં શું કરવા તૈયાર થઇ છે ?

સુમતિ કહે 'પ્રભુ ! શી રીતે યાદ કરું ? મને પૂર્વનું કશું યાદ આવતું નથી. આપ દિવ્ય જ્ઞાનવાળા મહાદેવી છો, આપ જ્ઞાનથી જોઇને મને ફરમાવો'.

'દેવી કહે,' જો ત્યારે સાંભળ, પુષ્કરવર દ્વિપાર્ધમાં પૂર્વ ભરત ક્ષેત્રમાં શ્રીનંદન નામના નગરમાં એક મહેન્દ્ર નામે રાજા થઇ ગયો. એ સારી સમૃદ્ધિવાળો *પરાક્રમી રાજા હતો અને એને અનંતમતિ નામે પ્રાણથી અધિક પ્રિય પટ્ટરાણી હતી.* એ ગુણગણનો ભંડાર હતી. એકવાર પરોઢિયે એને સ્વપ્નું આવ્યું, ને એમાં જોયું કે 'પોતાના ખોળામાં સુગંધીથી મઘમઘતી અને નિર્મળ બે માળા ઉતરી આવી' સ્વપ્ન પુરું થયું, તરત જાગીને સુંદર સ્વપ્ન પર ખુશ ખુશ થઇ ગઇ ઊઠીને ગઇ પતિના ખંડમાં પતિ પાસે. મંગળ શબ્દોથી રાજાને જાગ્રત્ કરીને રાજાને કહે છે,'-

**અનંતમતિ રાણીને બે માળાનું સ્વપ્ન :-**

'ક્ષમા કરજો આપને ઊંઘમાંથી જગાડ્યા ! આજે હમણાં મને સ્વપ્નું આવ્યું તે કહેવા આવી છું. મારા ખોળામાં બે સુગંધિદાર નિર્મળ માળા અવતરેલી મેં જોઇ, ફરમાવો એનું શું ફળ મળશે ?

રાજા કહે 'સ્વપ્નું ઘણું સુંદર ! એના ફળમાં તમને બે સુંદર પુત્રી થશે એમ મને લાગે છે. એ બે શીલ સુગંધવાળી અને નિર્મળ ગુણોવાળી થશે. આવું મહાન સ્વપ્ન કહેવા તમે મને જગાડો એમાં કશો અપરાધ નથી, ઊલટું આનંદની વાત છે.'

રાણી 'તથાસ્તુ' કરીને બે હાથ મસ્તકે ધરી સ્વીકારી લે છે. રાણી તે પછી આવું સારું સ્વપ્ન, 'ઊંઘી જવાય તો નિષ્ફળ જાય.' એમ સમજી બાકીની રાત્રિ જાગતી ધર્મ ધ્યાનમાં રહી. વખત જતા રાણીએ બે પુત્રીને જનમ આપ્યો. એના નામ રખાયા કનકશ્રી ને ધનશ્રી.

પેલી સ્વયંવર મંડપમાં આવેલી દેવી હવે કહે છે 'હે સુમતિ ! આ બે પુત્રીમાં પહેલી કનકશ્રી તે હું અને બીજી ધનશ્રી તે તું, આપણે બંને બહુ લાડ ને લાલન-પાલન થી રાજાશાહી સુખોમાં ઉછરતા ગયા. જરા મોટા થતાં આપણને નિષ્ણાત પંડિત પાસે વિવિધ કળાઓ શીખવવામાં આવી, ને આપણે એને ઝીલીને કળા-કુશળ બની.

હે ધનશ્રી સુમતિ ! હવે જો કે આપણે ઉંમરમાં આવી એટલે સહેજે માતા-પિતાને ચિંતા થાય કે 'હવે આપને માટે યોગ્ય પતિ શોધવો જોઇએ. ક્યાં મળે એ ? પરંતુ સદ્ભાગ્યે જલ્દી મંડાણી નહિ તો ધર્મ પામવાનો અવસર મળી ગયો. શી રીતે મળ્યો ? શું કહે છે' સંસારની બેડીમાં જકડાઇ નહોતી તેથી ધર્મ અવસર મળ્યો. એ સૂચવે છે કે

**જેટલી સંસાર બેડીઓની જકડામણ ઓછી એટલો ધર્મ અવસર વધારે.**

**રાજકુમારીઓને ધર્મ અવસર મળે છે :-**

ધર્મ પામવાનો અવસર એ રીતે મળ્યો કે કળામાં કુશળ એવી આપણે બને પરસ્પર ખુબ પ્રીતિવાળી ને એકના વિના બીજી એકલી રહી શકે નહિ. તે એકવાર સખીઓની સાથે બહાર ફરવા નીકળેલી ઉદ્યાનમાં ક્રિડા કરતાં કરતાં આગળ વધી નંદનગિરિ નામના પર્વત પર ચઢી. ત્યાં એક ભાગમાં એક મહાન મુનિરાજ ધ્યાન કરતા જોયા.

આપણામાં કોઇ એવી ઉત્તમતા કે આટઆટલા મોટા રાજાશાહી સુખ

વિલાસની વચ્ચે મુનિનાં દર્શન થતાં આપણને અતીવ હર્ષ થયો, નહિતર રંગરાગના છક્કં છક્કામાં ત્યાગ અને ત્યાગી મુનિ તરફ આકર્ષણ થાય જ શાનું ?

**આવું ત્યાગીનું આકર્ષણ થાય એ જેમ ઉત્તમતા સૂચવે છે, એમ ભાવી ઉન્નતિને પણ બતાવે છે.**

વાત સાચી છે કે

**ત્યાગી મુનિ વિના આત્માની ઉન્નતિ ક્યાં સસ્તી પડી છે ?**

**દુનિયામાં રાગી અને ભોગી મળે એ તો રાગદ્વેષ અને ભોગની જ વાતો કરે એમના દર્શનમાં ય રાગના તાંડવ દેખાય. એના સમાગમ અને વાતોમાં ય રાગની બદબો જ હોય.**

**માટે તો સત્સંગનું મહત્વ છે. ત્યાગી સત્પુરુષોના સંપર્કમાં ત્યાગની સુવાસ મળે.**

❀ ❀ ❀ ❀ ❀ ❀

બોલો, જીવનમાં ત્યાગી ગુરુઓનો સત્સંગ મુખ્ય રાખ્યો છે ? કે ભોગીઓના સંગ મુખ્ય ? ભલે કદાચ સત્સંગમાં ઓછો આવી શકતો હોય, પરંતુ મન પર મુખ્યતા કોની ? મહત્વ કોનું ? સત્સંગનું ? કે ભોગીઓના સંગનું ? ખોટો સવાસલો કરતા નહિ કે 'અમારે મન મહત્વતો સત્સંગનું જ છે. આ તો સંસારમાં રહ્યા એટલે સંસારીઓની માંડવી પડે છે.'' આવો બચાવ કરશો નહિ. સંસારી ભોગીયોના સંગ લોથરૂપ લાગ્યા હોય તો તો એનું મહત્વ ન આંકતાં જીવને ખેદ રહ્યા કરે કે 'ત્યાગીઓનો તારણહાર સંગને છોડી આ વેઠ ક્યાં સુધી કરવાની' જીવને સત્સંગ કરવા દોડી જવાનું મન રહ્યા કરે. કારણ એક જ છે, સંગ તેવો રંગ. સત્સંગ દિલથી કર્યા પર એમાં જ દિલ ઠરે.

**મનને જેનું મહત્વ લાગે ત્યાં દિલ ઠરે, ને જેનું મહત્વ નહિ ત્યાં દિલ બળે.**

મનને ત્યાગીઓના સંગનું મહત્વ લાગ્યું હોય તો ત્યાગીઓના સંગ મળતાં દિલ ઠરે. જો ભોગીઓના સંપર્કમાં દિલ ઠરતું હોય તો સમજી રાખવાનું કે મનને મહત્વ ભોગીઓના સંપર્કનું લાગ્યું છે, ત્યાગીઓના સંગનું નહિ. તમે કદાચ કહેશો-

પ્ર.-પણ બંનેમાં દિલ ઠરે તો ?

ઉ.-બંનેમાં દિલ ઠરવાની ભ્રમણા છે. ભૂખ્યા ડાંસ માણસને શું

ભોજનમાંયદિલ ઠરે, ને હજી ભૂખે મરવાનું મળે એમાં ય દિલ ઠરે ? ભોજન સામે છતાં જો એમાં મન ન લાગતું હોય દિલ ઠરતું જ ન હોય, તો માનવું પડે કે આપને ભૂખ નથી લાગી એમ સત્સંગની ભૂખ લાગી હોય એને કુસંગમાં દિલ ઠરે ? મન લાગે ? કુસંગમાં મન લાગતું હોય, મનને હાશ રહેતી હોય, તો સમજવું પડે કે સત્સંગનું મહત્વ મનને નથી લાગ્યું. વૈરાગ્ય આ ચીજ છે -

**સાંસારિક જડ ચેતન પદાર્થોમાં દિલ ઠરે નહિ, દિલ સત્સંગમાં જ ઠરે.**

વૈરાગીના મનને મહત્વ જ સત્સંગનું લાગતું હોય, સાંસારિક જડ ચેતન વસ્તુનું નહિ. ભલે કદાચ જીવનભર એ છોડી ન શકતો હોય છતાં એમાં દિલને હાશ ન હોય. એને તો હાશ લાગે પ્રભુ પાસે જઇ બેસવામાં. સદ્ગુરુ પાસે બેસવામાં. પેલી મહાદેવી કહી રહી છે-

'જો સુમતિ ! પૂર્વભવે તું અને હું બંને બેનો જ્યાં પર્વત પર મોજથી ફરતા હતા ને એમાં ફરતાં ફરતાં મુનિ મહાત્મા દેખ્યા એટલે તરત પાસે જઇ નમન કરી એમને ત્રણ પ્રદક્ષિણા દીધી ને પછી નમસ્કાર કરી મુનિ પાસે બેઠા મુનિમહારાજે ધર્મનો ઉપદેશ આપ્યો. એ સાંભળતાં આપણે એવા ગદ્ગદ્ થઇ ગયા કે મનને થયું-

**મુનિદેશના પર બે બેનોનો સંતાપ :-**

અરે ! આ આપણે કેવું જીવન જીવી રહ્યા છીએ ? મહારાજ સાહેબ તો જીવનમાં કર્તવ્ય તરીકે ધર્મ બતાવે છે, ધર્મના ગુણ ગાય છે. ત્યારે આપણે તો પશુની માફક નર્યા વિષયોના રંગ રાગમાં મહાલીએ છીએ ! ધર્મ કશો કરવાનો રાખ્યો નથી ! તો પરલોકમાં આપણું શું થશે ? અહીં તો પૂર્વ ભવની કોઇ ધર્મસાધનના બળે પુણ્ય લઇને આવ્યા ને લહેર કરીએ છીએ, પરંતુ અહીં જો ધર્મ-સાધના નહિ તો પરલોકમાં રખડી મરવાનું ? ધિક્કાર પડો આવા ધર્મ વિનાના પશુ જીવનને !"

પેલી દેવી સુમતિ ને કહે બેન ! આ પસ્તાવાથી આપણે મુનિ મહારાજને કહ્યું 'ભગવન્ ! આપે ખરેખરી વાત કરી કે જીવનમાં ધર્મનું જ મહત્વ છે. તો અમે તો ધર્મ વિનાના જનાવર જેવા છીએ. અમને એનો પસ્તાવો થાય છે. અમારે ધર્મ કરવો છે. તો અમારી યોગ્યતા દેખી કરવા યોગ્ય ધર્મ બતાવો, જેની અમે આરાધના કરીએ.'

ત્યારે મહાત્મા કહે, 'જુઓ મુખ્ય ધર્મ તો પાપમય સંસારવાસનો અર્થાત્

સમસ્ત પાપ વ્યાપારોનો ત્યાગ કરી ચારિત્ર ધર્મ સ્વીકારાય અને પળાય તે છે, પરંતુ હાલમાં તમારી એ તાકાત નથી તો તમે એ ઉદ્દેશ મનમાં રાખી એની તાકાત આવે એ રીતે સમ્યકત્વ મૂલક શ્રાવકના બાર વ્રતોનો ધર્મ ગ્રહણ કરે' એમ કહી મહાત્માએ સમ્યકત્વ અને બાર વ્રતોનું સ્વરૂપ સમજાવ્યું ને આપણે એનો સ્વીકાર કરી લીધો. મહાત્માનો બહુ ઉપકાર માન્યો અને વંદના કરીને મુકામે પાછા આવ્યા.

**ક્યાં અને કેટલીવારમાં અને કેટલા વ્યાખ્યાન...સાંભળ્યા પછી સમકિત બારવ્રતો લઇ લીધા ?**

તમારા જીવનનો મેળ મેળવજો. તમે તો ઉપાશ્રયે આવનારા, ત્યારે આ તો બહાર મોજમજાહ કરવા નીકળ્યા છે, ત્યાં ઉપદેશ મળતાં ધર્મ સ્વીકારી લે છે. તે કેટલી વારમાં ? ૧।।-૨ કલાકનું વ્યાખ્યાન સાંભળ્યા પછી નહિ, કિન્તુ ૦। કલાકનો માનવ જીવનનું લક્ષ્ય ધર્મ બતાવતો ઉપદેશ સાંભળીને ધર્મ તરફ આકર્ષાયા ! ધર્મ લેવાની ભાવના જાગી અને મહાત્માએ ધર્મ તરીકે સમકિત અને બારવ્રત સમજાવ્યા કે તરત એનો સ્વીકાર કરી લીધો.

**ધર્મ શી રીતે પમાય ?**

*'જોઉં છું, થાય છે,' 'શી ઉતાવળ છે ?' એમ વેવલાપણું કરવાથી ધર્મ પમાય ? કે* ***'તરત દાનને મહાપુણ્ય' કરવાથી ધર્મ પમાય ?***

ઘણાં બધાં વ્યાખ્યાનો એકલા સાંભળ સાંભળ કરવાથી ધર્મ પમાય ? કે એક પણ વ્યાખ્યાન સાંભળતાં હૈયે ચોંટ લગાડવાથી ધર્મ પમાય ? એને પછી મગજમાં મમરાવતા રહેવાથી ધર્મ પમાય ?

ધર્મ શી રીતે પમાય ? પુણ્યાઇ મળી છે એટલે વૈભવ અને વિલાસની જાહોજલાલીમાં વડાઇ માનવાથી ધર્મ પમાય ? કે ધર્મ વિનાનું જીવન 'હું કેવું પશુ જીવન જીવી રહ્યો છું !' એમ હૈયાને નાલેશીનો ધક્કો લગાડવાથી ધર્મ પમાય ?

આજ વાંધા છે. કર્મની સંસારની બાબત હોય દા.ત. વેપારમાં પડવું હોય તો 'થાય છે જોઇએ છીએ શી ઉતાવળ છે ?' એમ ન કરતાં 'તરત દાન ને મહાપુણ્ય'ની કહેણી મુજબ તરત અમલ થાય છે. તો ધર્મની જ વાતમાં કેમ ઢીલ પડી ? કેમ ગળચિયાં ?

ત્યારે સાંસારિક લાભની વાત હોય તો એક કે બે વાર સાંભળીને ઝટ હૈયે લગાડી અમલ થાય છે. તો વ્યાખ્યાન ઘણાં સાંભળવા છતાં કેમ હૈયે ચોંટ નહિ ? કેમ **અમલ** નહિ ? કેમ નિત્ય પ્રગતિના પ્રયત્ન નહિ ? ધ્યાન પર લેવા જેવું છે કે

સમકિત અને બારવ્રત લીધા પણ હોય, તો ય એમાં નિત્ય વધારો કરતા રહેવાનું છે. શું ?

**માનવ જીવનનો સારઃ ધર્મમાં નિત્ય વધારો કરવો.**

**સમકિતમાં વધારો કરવો એટલે ? :-**

સમકિત એટલે દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા, એ તો અમે પામી ગયા એમાં હવે વધારો શો કરવાનો ? આવું મનને બેઠું છે એટલે વધારો કરવાના પ્રયત્ન થતા નથી, અરે ? વધારાની તાલાવેલી પણ નથી થતી ?

પહેલું તો શ્રદ્ધા જ છે કે કેમ એ તપાસવા જેવું છે. કુદેવની માન્યતા પૂજા વગેરેથી કોઇક લોકને કદાચ લાભ થતો દેખાય, તો મનને લાગે ખરું કે 'આ પણ દેવ ચમત્કારી છે ? ' એને માનવાની લાલચ ઊભી થાય તો સુદેવની શ્રદ્ધા ક્યાં ઊભી રહેશે ? એમ કુગુરુ બાવા-સંન્યાસી ચમત્કારી લાગે, ભારે યોગ-ધ્યાન કરનારા લાગે, તો એ આકર્ષણમાં સુગુરૂની શ્રધ્ધા અખંડ ક્યાં રહી ?

**ગુરુનું ગુરુત્વ શેમાં ?**

ગુરુનું ગુરુત્વ ચમત્કારમાં છે ? યા મિથ્યા શાસ્ત્રથી પ્રણીત અજ્ઞાન વ્રત-*યોગ-ધ્યાનમાં છે ? કે ગુરુનું ગુરુત્વ જિનોક્ત પંચમહાવ્રત અને પંચસમિતિ-*ત્રિગુપ્તિમય સમયમાં છે ? આવા ગુરુત્વવાળા ગુરુને છોડી અચારિત્ર-અસંયમવાળામાં આકર્ષાવામાં સુગુરુની અખંડ શ્રદ્ધા શી રીતે રહે ?

**સુધર્મ પર શ્રદ્ધા ક્યાં ક્યાં ઘવાય ? :-**

ત્યારે સુધર્મ પર શ્રદ્ધા પણ કુધર્મની કોઇ વાતો, એનાં પર્વ, એના ઉત્સવ-ધામધૂમ તરફ આકર્ષાઇ જતાં, શી રીતે ઊભાં રહે ! અથવા જૈન ધર્મના અંગો વૈરાગ્ય-જિનભક્તિ-સામાયિક-ચારિત્ર વગેરે આચરનાર પુત્ર-પુત્રી પર દાંતિયા કરવાથી પણ ધર્મ શ્રદ્ધા શી રીતે ઊંભી રહે ? એમ કોઇ ઉપાશ્રય વગેરેની ધર્મખાતાની ટીપમાં જાતે ભરવું નથી માટે એ ટીપ અને ટીપ લાવનાર પર અભાવ-અવગણના કરવાથી સુધર્મની શ્રદ્ધા શી રીતે રહી શકે ? અથવા જૈન ધર્મે નિંદા-વિકથા-વિશ્વાસઘાત-પાપોપદેશ વગેરે કનિષ્ટ પાપોને અત્યંત ત્યાજ્ય કહ્યા છે, તો એ પાપો ખુશમિશાલ આચરીને પણ એના પર સિક્કો મારવો છે, કે 'એમાં શું ખોટું કર્યું છે ? સાચાનું સાચું કહીએ એમાં ગુનો ? શઠં પ્રતિ શાઠ્યં કરીએ એમાં પાપ શાનું ?' નિંદાદિ પાપ પર આવા આવા કર્તવ્યપણાના સિક્કા લગાવાય ત્યાં સુધર્મની શ્રદ્ધા ક્યાં ઊભી રહે ?

એટલે અસલ વાત આ છે કે પહેલું તો સુદેવ, સુગુરુ, સુધર્મની શ્રદ્ધા સાચી અને હૃદયની ઊભી કરવી જોઇએ.

હવે એ સાચી હાર્દિક શ્રદ્ધામાં વધારો શો કરવાનો એ વિચારીએ.

**સમકિતમાં વધારો એટલે અધિક નિર્મળતા કરવી. સમ્યકત્વને અર્થાત્ શ્રદ્ધા-રાગ બહુમાનને વધુ પાવરફુલ બનાવવા.**

સમ્યક્ત્વને જોરદાર બનાવવા ને પુષ્ટ કરવા દેવગુરુ-ધર્મ ઉપર શ્રદ્ધા વધારવી એટલે કે એમના પર રાગ-પ્રેમ-ભક્તિ-બહુમાન વધારતા જવું. એ એવા વધતા જાય કે દુન્યવી પદાર્થ પરના રાગપ્રેમ ઘટતા આવે, એના માટે માન ઘટતું આવે, એની સેવા સરભરા પર થોડો થોડો પણ કાપ મુકાતો જાય ! એવું દેવ-ગુરુ-ધર્મના રાગની આગળ પોતાની કાયાનો રાગ પણ ઘટાડતા અવાય. આ માટે કાયાની સુખશીલતા, અમનચમન પર અવસરે કાપ મૂકાય, અને એને દેવ-ગુરુ-ધર્મની સેવા ભક્તિમાં લેખે લગાડાય.

જ્યાં બેઠા છો ત્યાં પણ દિન પ્રતિદિન આગળ વધવું છે ? આ એના ઉપાય છે કે આપણા સમ્યક્ત્વનો ફોર્સ (બળ) આવી આવી રીતે વધારતા જઇએ. શરૂ શરૂમાં મન ન માને તો પણ મનને મનાવીને આ કર્યે જઇએ.

**સમકિતમાં વધારા માટે સમકિતનાં લક્ષણોમાં વધારો :-**

ખાસ કરીને સમકિતના પાંચ લક્ષણો, શમ-સંવેગ નિર્વેદ-અનુકંપા-આસ્તિક્ય, આનો પાવર વધારતા રહીએ તો સમ્યક્ત્વનો રંગ વધતો જાય. સાવધાન આત્માઓને જ આ સૂજે, બાકી જડ ભરત જેવા હોય એને તો સંતોષ હોય, કે 'આપણામાં દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા છે એટલે સમકિત આવી ગયું છે. હવે આમાં કાંઇ વિશેષ કરવાનું રહેતું નથી.'

મૂઢ જીવને ખબર નથી કે બહારથી ધર્મ કરે છે એમાં સાથે સાથે અંતરમાં એનો જોશ વધારતા રહેવાનું છે. નવકાર-રટણુ એનું એ, પરંતુ અંતરમાં એના પ્રત્યે અહોભાવ અને ગદ્ગદ ભાવ વધુ ને વધુ વધારી શકાય છે. એ વધારાનું આ પરિણામ કે કમઠના લાકડાનો સાપ મરીને નાગકુમાર દેવલોકમાં ઇન્દ્ર ધરણેન્દ્ર થયો !

**બળેલા સાપને મન નવકારમાં ? કે બાહ્યમાં ? :-**

સાપના જીવનમાં બીજી કોઇ ધર્મ સાધના તો હતી નહિ છતાં નવકાર શ્રવણ પર ધરણેન્દ્ર થયો છે એ હકીકત છે. નવકાર તો આપણે ય ભણીએ છીએ. તો

શું આપણા જેવું એનું નવકાર આલંબન હશે ? ના, આપણે તો નવકારવાળી ગણતાં જરા ઘામ વધારે લાગ્યો તો મન નવકારને પડતો મૂકી ઘામમાં દોડી જાય છે, 'મનને ઘામ બહુ' એમ થાય છે ત્યારે પેલો સાપ કમઠના બળતા લાકડામાં અડધા જેવો બળ્યો છે, તો એને કેટલી બધી લાહ્ય લાહ્ય ઉઠતી હશે ? એમાં હવે બહાર કઢાઇને એને નવકાર મળે છે ત્યારે નવકારમાં મન લાગે ? કે અંગે ઊઠેલી લાહ્યમાં મન લાગે ? અને કદાચ નવકારમાં લાગે તો કેટલું ને કેવું લાગે ? જો સામાન્ય મન લાગે તો એમાં શું ધરણેન્દ્રપણું મળે ! પેલી બાણે ઘવાયેલી મરતી સમડીને નવકાર મળ્યો એમાં મન લાગતાં એ રાજકુમારી મનુષ્ય થઇ, દેવ કે ઇન્દ્ર ન થઇ. કેમ ફરક પડ્યો ? કહો.

**ધર્મમાં મન લાગવા-લાગવામાં ફરક, તેથી એના ફળમાં ફરક.**

ધર્મ પર ભારે અહોભાવ અને ગદ્ગદ ભાવ એ ધર્મમાં મન ભાર લાગ્યું ગણાય.

સમડી કરતાં સાપનો નવકાર પર અહોભાવ ને ગદ્ગદ ભાવ વધારે માનવો પડે, જેણે ઇન્દ્રપણું અપાવ્યું ! ભાવની તરતમતાએ ફળમાં તરતમતા આવે છે. આ ઇન્દ્રપણું પમાડનાર વિશિષ્ટ શુભ ભાવ શો ? આ નવકાર મલે બહુ સરસ છે એટલું જ ને ? ના, નવકાર પર અહોભાવ અને ગદ્ગદ ભાવ જોરદાર ઊઠ્યા એ વિશિષ્ટ શુભભાવ છે.

**જોરદાર અહોભાવ-ગદ્ગદ ભાવથી જોરદાર ફળ :**

'અહોભાવ' એટલે ? 'અહો ! અહો ! આ કેટલા અદ્ભુત નવકારપદો ! આની આગળ જગતનું બીજું શું વિસાતમાં છે ? વાહ ? આ ચીજ જગતમાં હોય છે ? અહો ! કેવી ઉત્તમ પ્રાપ્તિ !' આવું મનને થાય એ અહોભાવ.

'ગદ્ગદ્ભાવ' એટલે દિલ ગદ્ગદ થઇ જાય. દિલને એમ થાય કે 'અરે ! મારા જેવા અભાગિયાને આ ઉત્તમોત્તમ નવકારપદ મળ્યા -? મને રાંકને આ પરમનિધાન મળ્યું ? શી મારી લાયકાત ? ધર્મહીન એવા મને આ ઉત્તમોત્તમ પ્રાપ્તિ ?' એમ દિલ ગદ્ગદ થઇ રોવું આવી જાય, એ ગદ્ગદ્ભાવ.

**અહોભાવમાં વસ્તુનું ઊંચું મૂલ્યાંકન કરવાનું છે.**

**ગદ્ગદ ભાવમાં એ મળ્યાનો અપૂર્વ અનહદ આનંદ અનુભવવાનો છે.**

**ધર્મની વસ્તુ પ્રત્યે અહોભાવ કેમ જાગે ?**

અહોભાવ જગાડવા માટે આ કરવાનું છે કે વિશાલ વિશ્વની સામે જોવું કે

વિશ્વમાં શું શું પડ્યું છે, અને શું શું ચાલી રહ્યું છે ? નીચે નરકોમાં શું છે ? મધ્ય-લોકમાં અસંખ્ય દ્વીપ સમુદ્રોમાં શું છે ? ઉપર દેવલોકોમાં શું છે ? શું ચાલી રહ્યું છે ? એ જોવાનું, ને એમાં એ નિહાળવાનું કે ધર્મની વસ્તુ કેટલી ? ને ધર્મ સાધનારા કેટલા ? દા.ત. નવકાર મંત્ર કેટલો વ્યાપક ? કેટલો ફેલાયેલો ? ને એના માનનાર ગણનાર કેટલા ?

આ જોઇએ તો દેખાય કે 'નવકાર-મહામંત્ર વગેરે ધર્મની વસ્તુ બહુ ઓછી વ્યાપક છે, અને એના સાધક પણ બહુ ઓછા છે. મોટા ભાગે પાપની વસ્તુઓ મળે છે, મમતા ને રાગ-દ્વેષ કરાવનારી વસ્તુઓ મળે છે. ને મોટા ભાગે પાપાચરણ કરનારા મળે છે. મોટા વિશ્વમાં અર્થાત્ વિશાળ ઊર્ધ્વ-અધો અને મધ્ય લોકમાં બહુધા પાપ-પ્રેરક વસ્તુઓ દેખાય છે અને બહુધા પાપાચરણ ચાલી રહ્યું છે. ત્યારે, એમાં આપણને ધર્મની વસ્તુ મળે, ને એની આરાધના મળે, એ કેવુંક અતિ દુર્લભ ! આમ વિચાર કરતાં આપણને ધર્મની વસ્તુ પર ભારે અહોભાવ જાગે. પછી એ ધર્મની વસ્તુ અને એની આરાધના મળ્યાનો પરમ આનંદ થાય. એટલો બધો આનંદ કે દિલ ગદ્‌ગદ્ થાય. મનને એમ થાય-

'હું રાંક ને મને આ વિશ્વમાં અતિ અતિ દુર્લભ આ ધર્મ વસ્તુ અને આરાધના મળી ? મારી લાયકાત ક્યાં છે ? સંસારના તુચ્છ-અતિતુચ્છ વિષયોનો લાલચુ અને એમાં એકાકાર થઇ જનારો એવા મને ધર્મ મળવાનો અધિકાર શાનો હોય ?

**તુચ્છ વિષયોનું લાલચું અને એમાં એકાકાર થનારૂં દિલ એ નગરખાળ સમું છે.**

એવા દિલમાં ધર્મ-મહારાજા શાના પધારે ? ને શાના બિરાજે !

આમ જાતની અયોગ્યતા અનધિકારિતા જોવાય ત્યારે ત્યાં ધર્મવસ્તુની પ્રાપ્તિ એક મહાદુર્લભ યોગ લાગે, અને એથી અહોભાવ જાગે કે 'અહો ! ધર્મ વસ્તુ કેવી દુર્લભ ! અને મને એની પ્રાપ્તિ કેવી દુર્લભ ! એમ કરી હૈયું ગદ્‌ગદ બને.

આ અહોભાવ અને ગદ્‌ગદભાવ વધુને વધુ વિકસાવી શકાય છે, તે જેમ એ વિકસે, એમ ધર્મશ્રદ્ધા ધર્મપ્રેમનો જોસ વધે.

આ કર્યું બળતા સાપે અને ઘવાયેલી સમડીએ નવકાર મહામંત્ર પ્રત્યે ! એમાં અહોભાવ ગદ્‌ગદભાવના ટકા સાપમાં વધી ગયા, તો પેલી સમડી જ્યારે મનુષ્યપણું પામી ત્યારે આ સાપ ઇન્દ્રપણું પામ્યો !

શું સમ્યક્ત્વ કે શું બાર વ્રતો વગેરે ધર્મ આચાર, એના પર ભારે અહોભાવ

ગદ્‌ગદભાવ લાવવાનો છે, ને વધારવાનો છે. એનું નામ ધર્મ આચારમાં વધારો કહેવાય.

**ધર્મ-આચારમાં વધારાથી પણ સમ્યક્‌ત્વનો જોસ વધે.**

**પાંચ લક્ષણોનો જોસ વધાર્યાથી સમકિતનો જોસ વધે.**

બીજી વસ્તુ આ કરવાની કે સમકિતના પાંચ લક્ષણો વગેરેનો અને વ્રતોના વિવિધ ગુણોનો પાવર વધારતા રહેવાનું છે, દા.ત. આસ્તિકતા યાને જિનવચન પર રાગ, એનો પાવર વધારતા રહેવાનું. એમ સ્થૂલ અહિંસા-વ્રતનો ગુણ 'દયા', 'જયણા' એનો વેગ વધારવાનો એમ સમકિત અને વ્રતોમાં પાવર વધતો આવે.

**આ દયા, જયણા વગેરેનો અહોભાવ વધારી પાવર વધાર્યાનો પડઘો આ પડે છે કે પછી પોતાના કષ્ટ તકલીફ વગેરે બહુ લેખામાં નથી લેવાતા.**

જુઓ મેઘકુમારના જીવે હાથી જેવા તિર્યંચે સસલાની હિંસા ટાળી દયાભાવ કેળવ્યો ! એ દયાનો પાવર કેવોક હશે ? પોતાને પગ અકડી જવાથી ત્યાંને ત્યાં પડી ભૂખે મરી જવાનું, અને ભૂખ્યા તરસ્યા મરી જવાનું આવ્યું છતાં એ મહાકષ્ટ પણ બહુ લેખામાં ન લીધા. નહિતર તો જો એ બહુ લેખામાં લીધા હોત, તો તો હાય-હાય થાત, 'હાય મારે કેવી ભુખ ! કેવી તરસ ! હાય મારે કેવું આ મરવાનું આવ્યું !' આવી આવી મનોવ્યથા થાત એમાં આર્તધ્યાન અશુભ ધ્યાન રહેત, અને એ નવો તિર્યંચનો અવતાર ખડો કરી દેત ! પરંતુ હાથી તો મરીને રાજા શ્રેણિકના મેઘકુમાર રાજપુત્ર મનુષ્ય થયો ! એ સુચવે છે કે એણે મરતાં મરણાન્ત ઘોર ભુખ-તરસ વગેરેનાં કષ્ટ વેઠતાં એવી હાયવોય કરેલી નહિ, આ કેમ બન્યું ? કહો સસલા પરની દયાનો ગુણ પાવરફુલ રહેલો એણે આ ઘોર કષ્ટને પણ લેખામાં ન લેવા દીધું. દયાનો એવો પડઘો પડ્યો ! હૈયામાં દયાનો ભાવ પાવરફુલ બન્યા વિના જાત કષ્ટની અફસોસી શે અટકે ? આ હિસાબ છે.

**હેયામાં ધર્મનો ભાવ પાવરફુલ જગાવ્યાથી જાતકષ્ટનો સંતાપ અટકાવી શકાય.**

**એમ, જાત-કષ્ટને બહુ લેખામાં ન લઇએ તો દયા-પરોપકાર-ભક્તિ વગેરેના ભાવ જોરદાર બનાવી શકાય.**

હાથીએ જાત-કષ્ટને બહુ લેખામાં ન લીધું, ને દયાનો ભાવ પાવરફુલ બનાવ્યો તો એણે કેવો લાભ ઊભો કર્યો કે પછી મેઘકુમાર બનીને મહાવીર

ભગવાનની દયાની એક દેશના સાંભળતા હૈયામાં દયાનો ભાવ જળહળી ઉઠ્યો ! ઘરવાસમાં ભલે રાજાશાહી વૈભવ અને આઠ રાજકુમારી રમણીઓના ભોગવિલાસ છતાં રોજના થતા અસંખ્ય સ્થાવર જીવોના કચ્ચરઘાણ અસહ્ય લાગ્યા.

શું ? સ્થાવરકાય એકેન્દ્રિયજીવોની દયા ખાતર રાજાશાહી વૈભવ વિલાસના ય ત્યાગ કરવા પડે તો તે સહાય, પણ આ વૈભવ-વિલાસની મોજ ખાતર જીવોની હિંસા કચ્ચરઘાણ કરવા પડે તે અસહ્ય.

અસહ્ય એટલે ? આ ભાવ કે 'ભાઇ ! આપણાથી આ જીવસંહાર સહન નહિ થાય, જીવસંહાર ચલાવી નહિ લેવાય. ભલે વૈભવ-વિલાસના સુખ વિના ચલાવી લઇશું.'

મેઘકુમારનો આ વિવેક, 'આપણે સુખનો ત્યાગ સહ્ય છે, નભાવી શકાય છે, જીવોના સંહાર સહ્ય નથી. ચલાવી લેવાય એમ નથી.'

**અજ્ઞાન હાથીના અવતારે સુખનો ત્યાગ સહ્ય છે. જીવસંહાર સહ્ય નહિ !**

પૂર્વના અજ્ઞાન અબુઝ ગણાતા હાથીના અવતારે દયાનો પાવર કેવોક વધારેલો કે એના રૂડાં સંસ્કારે અહીં રાજકુમારના અવતારે પ્રભુની વાણીનું નિમિત્ત પામ્યે આ વિવેક આવ્યો ! વિવેક ક્યાં સુધી પાછો વધી ગયો ? મેઘકુમાર મુનિ બન્યા પછી ઉચ્ચ દયાની આડે આવતા જાત કષ્ટને લેખામાં ન લીધા ને બાર વર્ષ ઘોર તપસ્યા અને ત્યાગ અપનાવી કાયાને સુક્કી ભુખ્ખી અને લુખ્ખી બનાવી દીધી !

જીવનમાં કોઇ એકાદા આવા ધર્મનો ધર્મગુણનો પત્તો છે ? તપાસજો ધર્મગુણનો પાવર જોઇએ ધર્મનો પાવર એ માનવભવની લહાણ છે.

**જાત કષ્ટ ભૂલી ધર્મના પાવર વધારનારને મોક્ષ દૂર નથી.**

**ધનશ્રી-કનકશ્રીનો ધર્મ પાવર :-**

પેલી બળદેવ અપરાજિતની પુત્રી સુમતિને સ્વયંવરમાં વરમાળા લઇને ફરે તે પહેલાં ત્યાંજ વિમાનમાં ઊતરી આવેલી દેવી એને ધર્મ પ્રતિબોધ પામવા માટે એના પૂર્વભવ કહી રહી છે કે 'હું ને તું પૂર્વે બે રાજપુત્રીઓ કનકશ્રી અને ધનશ્રી, પર્વત પર મુનિ પાસે સમ્યક્ત્વ અને બારવ્રતનો ધર્મ પામી ઘરે આવી, સુંદર શ્રાવક ધર્મનું પાલન કરી રહેલી, શ્રાવકધર્મની આવશ્યક ધર્મક્રિયાઓ, ધર્મના આચારોનું પાલન, જિનભક્તિ-સુપાત્રદાન-જીવદયા વગેરે સાથે સમકિત અને બારવ્રતોની સુંદર આરાધના કરી રહેલી માનવભવને સફલ કરી રહી હતી.

**કનકશ્રી-ધનશ્રી પર આફત :- વિદ્યાધરે ગગને ઉપાડી :-**

એમાં એકવાર આપણે સખીઓ સાથે બહાર ફરવા નીકળેલા, ત્યાં ગગનમાર્ગે એક વિદ્યાધર રાજકુમાર વિચરી રહેલો, તેણે આપણને જોતાં આપણા રૂપસૌંદર્યથી મોહિત થઇ કામવાસનાએ એ ઉન્મત બન્યો, અને આપણને બન્નેને ઉપાડીને એ ચાલ્યો ગગનમાર્ગે. આપણે ચીસોચીસ પાડતી હતી, પરંતુ એ કામાંધને ક્યાં દયા હતી ?

રૂપ-સૌંદર્ય મનને સારા લાગે છે, મનને અભિમાન કરાવે છે, કે 'હું કેવી સુંદર રૂપવાન ! કેવું મારું ભલભલાને આકર્ષે એવું સૌંદર્ય !' પરંતુ એની પાછળના અપાય અનર્થ અવસરે કેવાક ભયંકર આવીને ઊભા રહે છે, એની નાદાન જીવને ગમ નથી એટલે જ રૂપ-સૌંદર્યના મોહ અને અભિમાનમાં તણાય છે ને ? આગળ નહિ તો પછી પરલોકના ભયંકર કૂડા અનર્થ શાના નજર સામે આવે ?

**અહીં અનેક વાતની જુદાઇ પૂર્વ ભવના લીધે :**

જીવ-જીવના પરલોક સામે નહિ જોનારાને મન, 'કેમ જાણે આ ભવની આગળ પાછળ કશું અનુસંધાન જ નથી !' પણ એ જોવું નથી કે, બીજાઓ કરતાં આપણો સ્વભાવ કેમ જુદો ? રૂચિ કેમ જુદી ? શોખ કેમ જુદા ? ટેવો જુદી, જ્ઞાનશક્તિ-કલ્પનાશક્તિ કેમ જુદી ? પુણ્યાઇ કેમ જુદી ? મુખનો દેખાવ કેમ સ્વતંત્ર ? વગેરે વગેરે આપણું જુદું જુદું કેમ ? આની પાછળ કોઇ ચોક્કસ કારણ હોવા જોઇએ,' આટલો વિચાર કરે તો ગયા ભવ તરફ દ્રષ્ટિ જાય. ગયા ભવના આપણા આચરણ અને વાણી-વિચાર કોઇ જુદા જ હોવા જોઇએ, તેથી આપણને વર્તમાનમાં આવી આગળ પ્રાપ્તિ થઇ છે, અને આજ હિસાબે.

## અપરાજિત અને અનંતવીર્ય

## (બળદેવ-વાસુદેવ, શ્રી શાંતિનાથ ભવ-૬)

**અહીંના આચરણ વાણી તથા વિચારસરણીના પડઘા આવતા ભવ પડવાના છે.**

જેવી કરણી તેવી ભરણી પરભવે ભરવી પડવાની છે. અહીંનું કરેલું કશું રદબાતલ નહિ થાય. એટલે જ પરભવ ઊભો છે.

ખુબી કેવી થાય છે કે અહીં રૂપ-સૌંદર્ય ઊંચી કોટિનું મળ્યું એ કાંઇ પૂર્વ ભવના પાપ વિચારને પાપી ભાવ પર નથી મળેલું. નહિતર તો પછી કુંધાપણું-

કુબડાપણું કેવા ભાવ પર મળે ? શું શુભ ભાવ અને શુભ વિચારધારા પર મળે ? ના, કદ્રુપાપણું વગેરે તો પૂર્વના અશુભ ભાવ ને પાપ વિચારો પર મળે. તો અહીં સુંદર રૂપ-સૌંદર્ય મળ્યા એ તો પૂર્વના શુભ ભાવ-શુભ વિચાર-શુભ કરણી પર મળ્યા છે, હવે જુઓ આજ રૂપ-સૌંદર્ય પર અહીં કેવા ભાવ, કેવા વિચાર ચાલે છે ! મોહ આસક્તિ-અભિમાનના જ ભાવ ચાલે છે ને ? એ શુભ ભાવ કે અશુભ ભાવ ? કહો, અશુભ છે.

**કેવી દુર્દશા ! શુભ ભાવ પર મળેલ રૂપ-સૌંદર્ય પર અશુભ ભાવ કરવાના ?**

આજની સ્ત્રીઓને આ લગન આ ભાવ રહે છે કે 'હું મારાં રૂપ-સૌંદર્ય બીજાઓને બતાવું' આ કેવો ભાવ છે ? શુભ કે અશુભ ? 'શુભ' કહેતા નહિ. કેમ અશુભ ?

પ્ર.-પોતાનું સુંદર રૂપ બીજાઓને બતાવવાનો ભાવ અશુભ કેમ ?

ઉ.-અશુભ એટલા માટે કે બીજાને બતાવીને શું કરવું છે ? એમને આ રૂપ પર મોહિત આકર્ષિત કરવા છે. બીજાને ધર્મભાવ જગાવવો એવી ઇચ્છા સારી ? કે મોહભાવ-પાપભાવ જગાવવાની ઇચ્છા સારી ? કઇ ઇચ્છા સારી ? ને કઇ ખરાબ ? કહેવું જ પડે કે-

**બીજાને મોહમાં પાડવાની બીજાની બુદ્ધિ બગાડવાની વૃત્તિ એ અશુભ ભાવ.**

**બીજાને સદ્બુદ્ધિ-સદ્ગુણ-ધર્મભાવ પમાડવાની વૃત્તિ એ શુભ ભાવ.**

એટલે હજી અહીં પોતાના રૂપ-સૌંદર્ય પર મનને એમ થાય કે 'જગતના બિચારા દયાપાત્ર જીવો મારાં રૂપ-સૌંદર્ય દેખી મોહનાં પાપમાં ન પડે, એ માટે મારાં રૂપ-સૌંદર્યને ઢાંક્યા રાખું,' તો આવો મનનો ભાવ એ શુભ ભાવ ગણાય.

ત્યારે ભયંકરતા કેવી છે કે બીજાને રૂપ-સૌંદર્યથી મોહ આકર્ષણ-રાગ જગાવવાની વૃત્તિમાં એ જોનાર તો કદાચ અમુક જ સમય મળશે, પણ પોતાને એ મલિન વૃત્તિ સતત ચાલુ રહે છે ! બિલાડીને ઉંદર ઝડપવાનો તો ક્યારેક, મોકો મળે, પણ એની ઉંદર પકડવાની મલિનવૃત્તિ આખો દિવસ-આખી રાત સતત ચાલુ ! એમ નામ દહેરે જવાનું, પણ ઉદ્ભટ વેશ પહેરીને નીકળેલી બાઇને રસ્તામાં કે મંદિરમાં એનું રૂપ જોનાર કદાચ અમુક જ સમય મળે, પરંતુ એની વૃત્તિ પેલી

બિલાડીની જેમ પોતાનું રૂપ જોનારને પકડવાની સતત !

**બિલાડીને ઉંદરને પકડી ત્રાસ આપવાની વૃત્તિ સતત ! એમ**

**ઉદ્‌ભટ વેશવાળીને બિચારા કર્મ-પીડીત જીવોને મોહ-રાગ આકર્ષણ જગાવવાની વૃત્તિ સતત !**

**આવી વૃત્તિ એ અશુભ ભાવ છે,**

આવી સતત અશુભ ભાવથી સતત કેવા પાપ કર્મ બાંધે !

ત્યારે વિચારો, ઉંદર પકડવાની વૃત્તિવાળી બિલાડી ભગવાનનાં નામની માળા ફેરવવા બેસી જાય તો એને પુણ્ય કેટલું મળે ? એનું હૈયું કેટલું ચોખ્ખું થાય ? કશું જ નહિ, એમ,

**પોતાના રૂપ સૌંદર્ય ખુલ્લા મૂકી બીજાને એનાં દર્શન કરાવવાની વૃત્તિવાળી સ્ત્રી મંદિરમાં પ્રભુ આગળ દર્શન-સ્તુતિ-પૂજા કરે તો પુણ્ય કેટલું બાંધે ?**

એનું હૈયું કેટલું ચોખ્ખું થાય ? કશું જ નહિ. વીતરાગ પરમાત્માનાં દર્શનાદિ કરતાં કરતાં ય હૈયું ચોખું ન થાય ? ન થાય, કેમકે

ઉદ્‌ભટ વેશના ચડસમાં હૈયાની વૃત્તિ જ ખોટી છે. પોતાનાં રૂપ-સૌંદર્યનાં બીજાને વિષપાન કરાવનારી મનોવૃત્તિમાં હૈયું કાળુ રહે.

આજે તો ઉદ્‌ભટ વેશની નવી ફેશન નીકળી છે તે અંગ ઢાંક્યાનું ઢાંક્યું ગણાય, પણ ઉપરનું નાયલોનાદિનું કપડું એવું કાચ જેવું પારદર્શક ઝીણું કે એની આરપાર રૂપ-સૌંદર્ય બરાબર દેખાય ! એટલે આવી પણ બેનો ચોરની બેન ઘંટી ચોર જ ગણાય ને ?

**મંદિર-ઉપાશ્રયે કેવા કેવા બોર્ડ જોઇએ ?:-**

(૧) આવાને સુધારવા છે ? તો મંદિર-ઉપાશ્રયમાં આવાં બોર્ડ મારો કે ''ઉદ્‌ભટ વેશ પહેરી મંદિરે-ઉપાશ્રયે આવવામાં પોતાનાં રૂપ-સૌંદર્ય દેખાડી જીવોને મોહમાં પાડવાની સતત પાપવૃત્તિ રહે છે, જેમ બિલાડીને ઉંદર પકડવાની વૃત્તિ સતત. ત્યાં પ્રભુદર્શન કે સાધુ દર્શનથી પુણ્ય શે મળે ? હૈયું ચોખ્ખું શે થાય ? માટે રૂપ-સૌંદર્ય ઢાંકો.''

બીજું બોર્ડ આવું થાય,

(૨) બિલાડીને ઉંદર ક્યારેક મળે, પણ ઉંદર પકડવાની વૃત્તિ સતત, એમ

ઉદ્ભટ વેશવાળા બેનોને એનાં રૂપ-સૌંદર્ય જોનાર ક્યારેક મળે કિન્તુ બીજાને એ દેખાડી મોહમાં પાડવાની પાપિષ્ઠ વૃત્તિ સતત રહેવાની, તો એ મહાપાપથી બચવા રૂપ-સૌંદર્ય ઢાંકો.

ત્રીજું બોર્ડ આવું થાય,

(૩) 'માનવંતી બેનો ! તમને રૂપ-સૌંદર્ય પૂર્વ ભવના પવિત્ર ભાવથી મળ્યા છે, તો હવે એ રૂપ-સૌંદર્યથી બીજાને મોહ પમાડવાના મલિન ભાવ ન રાખો એ માટે રૂપ-સૌંદર્ય ઢાંકો.''

ચોથું બોર્ડ કરવું છે ? આવું થાય,-

(૪) બેનોનાં રૂપ-સૌંદર્યના વિષપાન કરી પુરુષો નરક સુધીનાં ભયંકર પાપ બાંધે છે, એમની કત્લ થાય છે. માટે દયાળુ બેનો ! એમના પર એ ક્રૂરતા ન કરતાં દયા રાખો, અને રૂપ-સૌંદર્યને ઢાંકો,''

**સ્ત્રીઓ રૂપ-સૌંદર્ય ઢાંકે એ જીવો પર દયાળુ છે, ને ખુલ્લાં મૂકે એ ઘાતકી છે.**

કહેતા નહિ, આવાં તે બોર્ડ હોતા હશે ? હા હોય, પાપથી બચવા માટે (૧) દેરાસર આવનાર પુરુષોને પાપથી બચાવી લેવા માટે તેમજ (૨) સ્ત્રીઓને આ ઘોર પાપથી બચાવી લેવા માટે, આવા બોર્ડ હોય. એથી ભાવિક ભવી બેનો ઉપયોગવંતી થઇ જાય.

પ્ર.-પણ બેનો આ ક્યાં નથી જાણતી ?

ઉ.-શું જાણે છે ? આટલું જાણે છે કે 'હું મારાં રૂપ-સૌંદર્ય જગતને દેખાડી મારા તરફ આકર્ષણ કરું.' પરંતુ એ ક્યાં જાણે છે કે 'આમાં સામાની કત્લ થાય છે ? બીજાને મોહ પમાડવાની વૃત્તિમાં અહીં પોતાના શુભ ભાવ પવિત્રતાની કત્લ અને ભવાંતરે જનમ જનમ કત્લ થવાનું ક્યાં જાણે છે ?

**રૂપ-સૌંદર્યે કોને કોને બગાડ્યા ! :-**

સીતાજીના રૂપ-સૌંદર્ય પર રાવણ બગડ્યો.

મદનરેખાના રૂપ-સૌંદર્ય પર એનો જેઠ બગડ્યો.

સુરસુંદરી સતીના રૂપ-સૌંદર્ય પર સાર્થવાહ બગડ્યો.

રતિસુંદરીના રૂપ સૌંદર્ય પર મોટો રાજા બગડ્યો.

દીકરીના રૂપ-સૌંદર્ય પર બાપ પ્રજાપતિ રાજા બગાડ્યો.

બેનના રૂપ-સૌંદર્ય પર ભાઇ ચંદ્રશેખર રાજા બગડ્યો.

સ્ત્રીઓના રૂપ-સૌંદર્ય પર આજના પુરુષો બગડે છે.

**વિદ્યાધરને પત્નીની નિર્ભર્ત્સના :**

દેવી સુમતિ રાજપુત્રીને કહે છે-'બેન ! પૂર્વે હું કનકશ્રી, તું ધનશ્રી, રૂપ-સૌંદર્યવાળા બની ઠનીને બહાર ફરવા નીકળ્યા, ને ગગન વિહારી કોઇક વિદ્યાધર યુવાન એ જોઇને બગડ્યો ને એણે આપણને ઉપાડયા. આપણી ચીસાચીસ પેલા વિદ્યાધરની પત્નીથી અસહ્ય બની, ને એને પોતાના પતિની ભારે નિર્ભત્સ્ર્ના કરી. એને કહ્યું 'શરમ નથી આવતી આ બાળાઓને પકડતાં ? છોડી દો એમને, મૂકી આવો આમને જમીન ઉપર.' પરંતુ વિધિએ જુદું જ કર્યું, વિદ્યાધરે તરત આપણને છોડી તો દીધી, પણ ક્યાં ? નિરાધાર આકાશમાં ! આપણી પાસે ક્યાં વિદ્યા હતી તે ગગન વિહાર કરી શકીએ ? કે ગગનમાં ઊભા રહી શકીએ ? આપણે નીચે નદી તટે વચમાં જાળામાં પડી. વિદ્યાધરની પત્નીએ તો નીચે જમીન પર મૂકી દેવાનું કહેલું, પરંતુ વિદ્યાધર રીસમાં આવેલો ને એકદમ છોડી દીધી.

**ધનશ્રી-કનકશ્રી નીચે પટકાણી, પણ :-**

બે કન્યાઓને સારી રીતે વાગ્યું. મરણની દશામાં આવી ગઇ. હવે શું કરે ? રોવા ન બેઠી, કેમકે ધર્મ પામેલી હતી. શીલની રક્ષા થઇ ગઇ એનો આનંદ માન્યો.

કર્મનું ચક્ર કેવું ઊંચું-નીચું ચાલે છે ! કનકશ્રી ને ધનશ્રીને શુભોદય ચાલતો હતો. મજા કરતી હતી પણ અશુભ કર્મનો ઉદય થયો તો વિદ્યાધરે એમને ઉપાડી. એમાં શુભનો ઉદય થયો તો વિદ્યાધરની પત્નીએ એમને છોડાવી. વળી એમાં અશુભોદય અશાતા વેદનીયકર્મનો ઉદય જાગ્યો, તો નીચે પછડાતાં ભયંકર અશાતા ભોગવવાની આવી. શુભાશુભ કર્મના કેવા વિચિત્ર ઉદયે માણસ ગમે તેટલી મનગમતી વસ્તુની ધારણા કરે, મનોરથ કરે પરંતુ ઉદયે માણસ ગમે તેટલી મનગમતી વસ્તુની.

**વિચિત્ર કર્મચક્રની ઊંચી-નીચી ગતિ આગળ માણસનું શું ચાલે છે ?**

ધારી મૂકેલું કેટલું ય બનતું નથી, ને નહિ ધારેલી ભયાનક આપત્તિ માથે આવી પડે છે. આમાં ત્યારે જીવની હોશિયારી શી ચાલી ? એ બધી ધારણાઓમાં જે કાંઇ કાળા વિચારો, પાપસ્થાનકના વિચારો કર્યા હોય, એ બધા જ માથે પડી ગયા, હવે પાછુ ધારેલું અહીં ન બન્યું, એના પર સંતાપના કાળા વિચાર ચાલવાના ! આનાથી કેમ બચાય ?

**કર્મચક્રની વિચિત્રતા બરાબર નજર સામે રમ્યા કરે તો દુન્યવી એષણાઓ**

**ધારણાઓને મનોરથોમાં ન તણાવાય.**

કારણ ? મનને લાગતું હોય કે કર્મ કોણ જાણે કેવા ય ઉદયમાં આવે ? ને શું નું શું ય કરી નાખે ?

**કર્મના નિર્ધારિત ઉદય છતે હવાઇ કિલ્લા રચવાનું શું કામ ?**

**ખરું તો આપણે સન્માર્ગે ચાલ્યા જવાનું, અને કર્મ જે ભાવ ભજવે તે જોયા કરવાનો.**

આવે તે વધાવી લેવાનું, પરંતુ એ કર્મ જનિત છે માટે એના પર બહુ મદાર નહિ બાંધવાનો, જેથી ભારે હરખ-શોક ને કાળા વિચાર ન કરવા પડે.

કર્મચક્રને વશ તો રહેવાનું જ છે, ભલભલાને વશ રહેવું પડે છે, તો પછી એને ભૂલી, એષણાઓ અને ધારણાઓમાં શા માટે તણાવું ? એની પાછળ શા સારુ ખોટા વિચારો કરવા ?

પેલી દેવી સુમતિ રાજપુત્રીને કહે છે, 'જો ધનશ્રી ! આપણે આકાશમાંથી પૃથ્વી પર પટકાયા મરણાન્ત કષ્ટ આવ્યા, પરંતુ ધર્મ સમજેલા હતા તેથી પડતાં જ નમસ્કાર મંત્ર યાદ કર્યો.

સુખમાં કે દુઃખમાં નવકાર જ શરણ છે.

નવકાર છંદમાં શું બોલો છો ?

**સુખમાં સમરો, દુઃખમાં સમરો, સમરો દિવસ ને રાત,**
જીવતાં સમરો, મરતાં સમરો, સમરો સૌ સંઘાત.

પ્ર.-દુઃખમાં તો નવકાર યાદ કરવાનો, કેમકે એથી દુઃખ જાય પરંતુ સુખમાં શા માટે નવકાર ?

ઉ.-આ જ ગણિત ખોટું છે. દુઃખમાં નવકાર દુઃખ કાઢવા માટે નથી ગણવાનો, એસો પંચ નમુક્કારો પછી 'સવ્વ દુક્ખપ્પણાસણો' નથી બોલાતું, પરંતુ ''સવ્વ પાવ-પ્પણાસણો બોલાય છે. પંચપરમેષ્ઠીને નમસ્કાર સર્વ દુઃખોનો નાશક નહિ પણ સર્વ પાપનો નાશક એમ બોલાય છે. કેમ વારું ? એટલા જ માટે કે દુઃખને લાવનાર પાપ છે. સમર્થ શાસ્ત્રકાર આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ કહે છે-

**'दुःखं पापात् सुखं धर्मात्, सर्वशास्त्रेषु संस्थितिः'**

અર્થાત્ સમસ્ત આર્ય-શાસ્ત્રોમાં આ વ્યવસ્થા છે કે 'પાપથી દુઃખ અને

ધર્મથી સુખ મળે.'

જો પાપ છે, તો દુઃખ આવવાનું, એટલે સ્વાભાવિક છે કે 'પાપ કાઢીયે તો દુઃખ ન આવે.'

**નવકારથી દુઃખ કાઢવાની ભાવનામાં ભય :-**

પરંતુ એકલી દુઃખ કાઢવાની જ ભાવના હોય, અને નવકાર ગણીયે તો કદાચ નવકારના પ્રભાવે વર્તમાન દુઃખ તો જાય, પરંતુ સાંસારિક દુઃખ કાઢવાની અને સાંસારિક વિષયસુખ લેવાની ભાવના થાય એ પાપ ભાવના છે. એમાં સાંસારિક સુખની લંપટતા છે, ને એવી સુખ લંપટતા એ દશમે રાગ નામનું પાપ સ્થાનક છે.

એટલે શું થયું ?

દુઃખ કાઢવા નવકાર ગણ્યો એય ગર્ભિત પણે સુખ-લંપટતા, સુખ-રાગ નામનું પાપ સ્થાનક સેવ્યું ! એથી તો નવા પાપકર્મ બંધાવાના, એટલે ? એટલે શું ? ભાવી દુઃખને કંકોત્રી લખાઇ ! જુઓ આ શું ડહાપણ કર્યું ? ના, એમ કહેતા નહિ.

પ્ર.- તો એના કરતાં તો દુઃખમાં નવકાર ન ગણાવો સારો ને ?

ઉ.-અહીં ભૂલ્યા,

**ભાવી દુઃખને કંકોત્રી નવકારના કારણે નથી, કિન્તુ સુખ લંપટતાના કારણે છે.**

એટલે એમ કહેવું હોય તો એ કહો કે ''દુઃખ કાઢવા નવકાર ગણીએ એમાં સુખ લંપટતા પાપસ્થાનક ગર્ભિત રહે તો એ પાપથી ભાવી દુઃખ નક્કી થાય. એના કરતાં તો સુખ લંપટતા સુખ રાગ ન રાખીએ એ સારું ને ?'' મુંઝાશો નહિ.

પ્ર.-જો નવકાર ગણતાં દુઃખ કાઢી સુખ લેવાની લાલસા ન રાખવાની હોય, તો તો દુઃખમાં નવકારથી શું ઇચ્છવાનું ? દુઃખ કાઢવાનું મન તો છે. તો સુખનું મન ભેગું જ રહેવાનું ને સુખની લાલસા તો રાખવાની ના કહો છો ને ?

ઉ.-આવી મુંઝવણ કરવાની જરૂર નથી.

**દુઃખમાં નવકાર ચિત્તની સમાધિ માટે ગણવાનો છે.**

પ્ર.-તો સમાધિનો પણ રાગ એ રાગનામનું દશમું પાપસ્થાનક નહિ થાય ?

ઉ.-ના,

**સમાધિનો રાગ એ સંયમનો રાગ, તપનો રાગ, બ્રહ્મચર્યનો રાગ, આ**

**બધા રાગ જેમ ધર્મરાગ છે, પાપરાગ નહિ ત્યારે વિષયસુખોનો રાગ એ પાપરાગ છે.**

આ જો વિવેક ન કરીએ તો તો સંયમ, બ્રહ્મચર્ય, તપ, વગેરે કોઇ આવી વસ્તુના પણ રાગ કરાવા યોગ્ય ન ગણાય, અને તો તો એના રાગ વિના એમાં હોંશભેર પ્રવૃત્તિ ય શાની કરાય ? ને એ શુભ પ્રવૃત્તિ જો ન કરવા યોગ્ય, તો તો અનાદિથી ચાલુ અસંયમ અબ્રહ્મ યથેચ્છ ખાનપાન વગેરેની અશુભ પ્રવૃત્તિ ચાલુ રહેવાની. તો પછી જીવને આ સંસારમાંથી તરવાનું થાય જ શાનું ? પૂછો-

પ્ર.-પણ રાગ વિના ઉદાસીન ભાવથી સંયમાદિની પ્રવૃત્તિ થઇ શકે ને ?

ઉ.-પરંતુ પહેલો સવાલ તો એ છે કે સંયમાદિની પ્રવૃત્તિ કરે જ શું કામ ? અસંયમાદિની પ્રવૃત્તિ અસત્ છે, અશુભ છે, ને સંયમાદિની પ્રવૃત્તિ સારી શુભ છે, માટે જ અશુભને છોડી શુભેમાં પ્રવર્તે ને ? સારી માનીને પ્રવર્તે એટલે એના પર રાગ આવવાનો, જો રાગ નથી. ઉદાસીનતા છે, તો એનો અર્થ જ એ કે શું સંયમ કે શું અસંયમ એ બંને પ્રત્યે ઉદાસીન ભાવ છે, એટલે અસંયમાદિ પર દ્વેષ અરુચિ ગ્લાની નહિ રહેવાની, સંયમ-અસંયમ બંને સમાન લાગવાથી પ્રવૃત્તિ બંનેમાં થવા લાગશે.

ખરી વાત એ છે કે સારી માનીને પ્રવર્તે એનો અર્થ જ એ છે કે એના પર રાગ છે, બહુમાન છે.

**સંયમાદિ શુભનો રાગ જેટલો જોરદાર, એટલી શુભમાં પ્રવૃત્તિ જોરદાર.**

અર્ણિકાપુત્ર આચાર્ય મહારાજને પુષ્પચૂલા કેવળજ્ઞાની સાધ્વીજીએ ગંગા પાર કરતાં કેવળજ્ઞાન થવાનું કહ્યું તો આચાર્ય કેવળજ્ઞાનના રાગથી ઉપડ્યા ગંગા પાર કરવાને, ગંગાતટે જઇ નાવડામાં બેઠા. અહીં

વૈરી દેવતાની શક્તિથી નાવડું ડોલમડોલ થવા માંડ્યું અને દેવતાની પ્રેરણાથી બીજા યાત્રિકોએ માની લીધું કે આ મુંડિત માથાવાળા આચાર્ય અપશુકનરૂપ છે, ને એમ માની બધાએ ભેગા થઇને આચાર્યને ઊંચકી ગંગા પર ઊંચે ઉછાળ્યા !

અહીં હવે જુઓ આચાર્ય કેવળજ્ઞાન લેવા નીકળ્યા છે, તો કેવળજ્ઞાનનો રાગ વધારે ? કે સંયમ-અહિંસાનો રાગ વધારે ?

પ્રવૃત્તિ ઉપરથી રાગનું માપ નીકળે.

**આચાર્ય એમને ફેંકનાર અને વિંધનારની દયા ખાય છે :**

આચાર્ય મહારાજ ઊંચે ફેંકાયા, ને તરત વધારામાં દેવતાના ભાલાથી વિંધાયા, ત્યાંજ આચાર્ય મહારાજ એ ફેંકનારા લોકોની અને ભાલા પર વિંધનારા દેવતાની અહિંસાના ચિંતનમાં ચડયા ! વિચારે છે કે અરેરે ! આ મારું શરીર આ બિચારા જીવોને પાપ આચરવામાં નિમિત્ત બની રહ્યું છે ! એમની પરભવે કેવી હિંસા થશે ! એમને કેવા કારમા દુઃખ આવશે ! મારે શરીર છે તો જ એને ફેંકવાનું ને વીંધવાનું એ કરેને ? ને પરભવે દુઃખી થાય ને ? ધન્ય છે એ સિદ્ધ ભગવંતોને કે એ અશરીરી હોવાથી કોઇને ય પાપમાં કે દુઃખમાં નિમિત્ત બનતા નથી ! ત્યારે અહીં તો મારા શરીરના નિમિત્તે જ આ પાપ ને ભાવી દુઃખમાં આ લોકો પડે છે.

**બે બેનો પર આફત :-**

પેલી કનકશ્રી-ધનશ્રી બે બેનો શીલની રક્ષા માટે વિદ્યાધરે હરાઇ ત્યારથી નવકાર મહામંત્રની રટણા તો કરીજ રહી હતી. એમાં વિદ્યાધર-પત્નીના છોડાવવાના પ્રયત્ને વિદ્યાધરથી અદ્ધર ગગનમાં છૂટી મુકાતાં એમણે નમસ્કારમંત્રની રટણ જોરદાર ચાલુ કરી દીધી તે હવે વંશ જાળમાં પડતાં બચી તો ગઇ પરંતુ વાગ્યું છે સજ્જડ, તે એવું કે ચારિત્રની આવશ્યકતા ન રહે. ત્યાં મોટીબેન કનકશ્રી નાનીબેન ધનશ્રીને કહે છે,

'જો બેન ! આપણે અદ્ધરથી મુકાયેલા તે નદીમાં પડ્યા હોત તો પાણીમાં ગુંગળાઇને મરત, ને બીજી જમીન પર પડ્યા હોત તો માથું ને હાડકાના છૂંદા થઇ જાત. તો હવે જો બચી ગયા છીએ તો શું હવે પાપ પોષવા માટે જીવવું ? આમે ય વાગ્યું છે એવું કે ચારિત્ર લઇ શકીએ નહિ. તો હવે પાપમાં જીવીને શું કામ છે ? આપણે અનશન કરી વિધિપૂર્વક મૃત્યુને જ વધાવી લઇએ. નદીમાં કે જમીન પર એમજ મર્યા હોત, તો આ વિધિપૂર્વક સમાધિ મરણ ક્યાંથી પામી શકત ?

**કેવો ઉમદા વિવેક !**

**(૧) જીવતા રહ્યા છીએ તે પાપ પોષવા નહિ, પણ ધર્મ સાધી લેવા જીવતા રહ્યા છીએ.**

**(૨) માનવ અવતારે સર્વપાપ-ત્યાગ રૂપ સંયમ ધર્મ જ આચરી લેવા જેવો છે, કેમકે એ માનવ અવતારે જ મળે છે.**

**(૩) શરીરની તેવી કપરી સ્થિતિમાં સંયમ અશક્ય હોય તો અનશન**

**અને વિધિપૂર્વક સમાધિ-મરણ સાધી લેવું હિતાવહ છે.**

બસ નાની બેન એમાં મંજૂર થઇ, અને બંને બેનોએ અનસન કરી લીધું જીવનભર માટે ચારે આહારનો ત્યાગ કરી લીધો, અને આ ભવ પૂર્વ ભવોના સર્વ દુષ્કૃતોની નિંદા-ગર્હા કરી અરિહંતાદિ ચારનું શરણ સ્વીકારી લીધું. સર્વ જીવોને ક્ષમાપના કરી નવકાર મહામંત્રની રટણામાં લાગી ગઇ.

**કટોકટીમાં ધર્મ ક્યારે સૂઝે ?**

ધર્મ પામ્યો હોય ને ધર્મને હૈયામાં વસાવ્યો હોય તેમજ અમલમાં ઉતાર્યો હોય એને એવા કટોકટીના સમયે હાયવોય ન થતાં ધર્મ સૂઝે, નવકારમંત્ર અને અનશન સૂઝે. જીવનભર દુનિયાદારી કે રંગરાગ જ ખેલ્યા હોય એને એવી કટોકટી આવે કે અંતિમ સમય આવે ત્યારે ધર્મ શે સૂઝે ? એને તો હાય ને વોય, તથા દુર્ધ્યાન ને કુવિકલ્પોમાં મન લાગી ગયું હોય. એવા કોઇકને ધર્મ સૂઝે એ અપવાદ ગણાય. બાકી,

**સામાન્ય નિયમથી તો, જીવનભર જે ઘુંટ્યું હોય, એ જ અંતે આવીને ઊભું રહે.**

એટલે જ એવા દુનિયાદારીમાં રચ્યા-પચ્યા રહેવાતું હોય કે રંગરાગમાં જ બહુ ચિત્ત જતું હોય અથવા વારે વારે ગુસ્સો ને અભિમાન સ્ફુરી આવતા હોય, ત્યારે, પોતાના જીવને આ પૂછવા જેવું છે કે,

**તારે અંતકાળ કેવો લાવવો છે ?**

શું અંતે પણ દુનિયાદારીનો વિચાર જોઇએ છે ?

શું અંત સમયે પણ જડની સગવડ વિચારવી છે ?

શું મૃત્યુકાળે પણ ગુસ્સો ને ગર્વ કરવા છે ?

જો અંતકાળે તો આવું કશું જોઇતું નથી, ને ધર્મની લેશ્યા જ જોઇએ છે, અનશન જોઇએ છે, નવકાર મંત્રની જ રટણા જોઇએ છે, તો જીવનમાં એ ઘુંટ્યા વિના ક્યાંથી મળવાના ? અંત સમયે ઉપશમ અને સમતા જોઇએ છે તો અત્યારથી જ એનો અભ્યાસ પાડ્યા વિના અંત સમયે એ શી રીતે સ્ફુર્યા રહેવાના ?

અરે ! જીવનમાં સ્વપ્નો પણ ખરાબ આવતા અટકાવવા હોય તો દિલ ધર્મના વિચારોથી ભર્યું ભર્યું રાખવું જોઇએ, દિલમાં દુનિયાદારી રંગરાગ અને કષાયો જ ભર્યા ભર્યા રહેતા હોય તો સ્વપ્ન ખરાબ આવે એમાં નવાઇ નથી. **'યોગબિન્દુ'**

શાસ્ત્ર કહે છે,

**જેને ધર્મ જ પ્રિય હોય એને સારાં સ્વપ્ન લાધે છે.**

દુનિયાદારી, રંગરાગ, અને કષાયો બહુ વહાલા કરવામાં ધર્મ વહાલો નહિ થાય, વાત વાતમાં મારા ઘરવાળા ને મારા છોકરા-છોકરી જ મનમાં આવ્યા કરતા હોય, તેને ધર્મ શાનો એટલો બધો વહાલો હોય ? એટલા બધા વહાલથી ધર્મ શે સ્ફુરે ?

પ્ર.-પણ દુનિયા લઇને બેઠા એટલે દુનિયાદારી મનમાં કેમ ન આવે ?

ઉ.-ન આવે એ માટે આ વિચારણા રાખો-અનાર્ય મનુષ્યના ભવે તો મનમાં એ જ આળપંપાળ હોય, પરંતુ આર્ય માનવ અવતારે આ શી બહુ આળપંપાળ ? મનમાં આ જ પલોટાવ્યા કરીશ ને

**આવા સુંદર અવતારે ધર્મ નહિ પલોટાવ્યા કરે તો પછી આથી કયા સારા અવતારે ચિત્તમાં ધર્મ પલોટાવ્યા કરવાનું બની શકશે ?**

**દુનિયાદારી અકારી લાગે તો જ ધર્મ વહાલો :-**

દુનિયાદારીના કે રંગરાગના યા કષાયોના વિચારોના ઘસારા વખતે આ જીવની આ જડતી લેવાની છે, આ ઠપકો આપ્યા કરવાનો છે. સમજી રાખવાનું કે દુનિયાદારી, રંગરાગ, કષાયો તેને ને ધર્મને મેળ નથી, મિત્રતા નથી વૈર છે. એ દુનિયાદારી વગેરેના વિચાર ધર્મના વિચારને ખાઇ જાય છે, ખત્મ કરી નાખે છે, બિલાડી ઉંદરને જીવતો રહેવા દે ?

મૂળમાં ધર્મને વહાલો કરવો છે ? તો દુનિયાદારી રંગરાગ-કષાયોને અકારા કરો. એના પર મનમાં અભાવ લાવો તો જ ધર્મ પર સદ્ભાવ જાગશે. જેટલો ત્યાં અભાવ એટલો અહીં ધર્મ પર સદ્ભાવ. મનમાં દુનિયાદારી કે વિષયસુખો યા કષાયો સ્ફુરવા જાય કે ચિત્તને એ ખટકે કે 'ઊંચા ભવે આ શી લત ?' તો ધર્મ પ્રેમથી યાદ કરાય, ધાર્મિક વિચારો હોંશપૂર્વક કરતા રહેવાય.

પેલી કનકશ્રી અને ધનશ્રીએ ધર્મ પામ્યા પછી આ કર્યું છે એટલે જ હવે ગગનમાંથી નીચે પટકાયા તો માબાપ, રાજાશાહી સુખો, કે ગગનમાંથી અદ્ધરથી મૂકી દેનાર વિદ્યાધર પર કષાય ન જાગતાં એમને ધર્મ સૂઝે છે. અનશન અને નવકાર-મંત્રનું પારાયણ કરે છે.

**કનકશ્રી સૌધર્મ-ઇન્દ્રાણીઃ ધનશ્રી કુબેર મુખ્ય દેવી :**

બસ, એમાંજ એ જીવન પૂરું કરી સ્વર્ગનો રસ્તો લે છે. આ બધુ કોણ કહી

રહ્યું છે ? કોને કહી રહ્યું છે ?

પેલી બળદેવ પુત્રી સુમતિના સ્વયંવર મંડપમાં વિમાનમાં ઉતરી આવેલી દેવી સુમતિ કુમારીને કહે છે,

હે મહાનુભાવ ! હું કનકશ્રી ને તું ધનશ્રી, એ વખતે અનશન અને નવકારમંત્ર સાથે કાળ કરીને હું કનકશ્રી વૈમાનિક પહેલા દેવલોકના ઇન્દ્ર સૌધર્મેન્દ્રની અગ્રમહિષી ઇન્દ્રાણી તરીકે અવતાર પામી, ને તું કુબેરની મુખ્ય દેવી થઇ. તારું આયુષ્ય નાનું એટલે તું ત્યાંથી ચ્યવીને અહીં સુમતિ નામે બળદેવ પુત્રી થઇ.

**ઇન્દ્રાણીની તત્ત્વવાણી :-**

તારી આ, ધર્મ ભૂલીને, વિષયના રંગરાગ માટેની ધાંધલ-ધમાલ જોઇને હું ઇન્દ્રાણી ચોંકી ઊઠી કે 'અરે ! પૂર્વે જે પાપ વોસરાવી ધર્મ-પ્રતિબોધ પામ્યાનું આ ફળ આ ઉત્તમ માનવ અવતાર પામી, એ ઉત્તમ અવતારને ધર્મ પ્રતિબોધમાં લગાવવાનો ? કે પાપ વિષયોમાં ? ગાઠનાં પૈસા લઇ માણસ પરદેશ જાય તે પૈસાને રંગરાગમાં ઉડાવી નાખવા જાય ? કે અધિક પૈસા કમાવા માટે જાય ?

હે ભાગ્યવતી ! ભૂલી કાં પડે ? તારા પૂર્વ જન્મને યાદ કર. નજર સામે લાવ, અને ધર્મ પ્રતિબોધ પામ. એ પણ ધ્યાન કરજે કે આપણે સંકેત કરેલો કે 'જે દેવપણામાંથી પહેલો મનુષ્ય થાય એને બીજા દેવપણામાં રહેલાએ પ્રતિબોધ કરવો.'

આ સંકેતાનુસાર હું તને જાગ્રત કરવા આવી છું. તું જાગ્રત થાય પ્રતિબોધ પામે, તો મેં આપેલો ને તે સ્વીકારેલો સંકેત પાળ્યો ગણાશે.

'સૌધર્મેન્દ્રની ઇન્દ્રાણી અહીં ધર્મ પ્રતિબોધ કરવા આવી છે,' આ જાણતાં જ સુમતિને પારાવાર આશ્ચર્ય સાથે આનંદ થાય છે, હૈયું મલકે છે કે 'વાહ ! આવી ૩૨ લાખ વિમાનના માલિક સૌધર્મેન્દ્રની ઇન્દ્રાણી મારા માટે અહીં નીચે ઉતરી આવી છે ? કેવાં મારાં અહોભાગ્ય ! કેટલી જોરદાર મારી પુણ્યાઇ ! કેવો મહાન ઉપકાર આ ઇન્દ્રાણીનો !'

સુમતિનું હૈયું ગદ્‌ગદ થઇ ગયું, હાથ જોડીને ઇન્દ્રાણીને પગે પડી કહે છે' ભગવતી ! આ આપનો મારા પર કેટલો બધો અપરંપાર ઉપકાર કે આપ મારી ખાતર આટલે બધે નીચે ઉતરી આવ્યા ! હું તમારો મહા ઉપકાર માનું છું. ક્યાં હું એક તકલાદી શરીર અને અલ્પ જ્ઞાનવાળી માનવી સ્ત્રી ? ને ક્યાં આપ દેવલોકના મહા સમૃદ્ધ દિવ્ય શરીર દિવ્ય જ્ઞાનવાળા મોટા ઇન્દ્રાણી ? મારા જેવી રાંકડી ખાતર આપનો આટલો બધો શ્રમ ? આટલી બધી કરુણા ?...' બોલતાં બોલતાં સુમતિના

આંખમાંથી દડ દડ પાણી પડે છે.

ત્યાં સ્વયંવરમાં એકત્રિત થયેલા મોટા રાજાઓ અને વિદ્યાધર કુમારો પણ ઇન્દ્રાણીનું આગમન જોઇ થીજી ગયા છે ! જે સુમતિ કુમારીને એક અપ્સરા તરીકે જોઇ ખૂબ આકર્ષાયા હતા એનું રૂપ-સૌંદર્ય હવે આ ઇન્દ્રાણીના રૂપ-સૌંદર્ય આગળ કૂછ નહિ લાગે છે, અતિ તુચ્છ લાગે છે ! એવું તુચ્છ કે એવા તુચ્છ રૂપવાળી સુમતિ જાણે ઇન્દ્રાણીની દાસી થવાને પણ લાયક નહિ !

છતાં ખૂબી જુઓ કે હજી એ રાજા-રાજકુમારોને આવી પણ લાગેલી સુમતિને પરણવાના કોડ છે.

**જીવને અનાદિથી લાગેલો મોહનો રોગ ભયંકર છે.**

**મોહનો ભયંકર રોગ બધી બુદ્ધિ અક્કલ આવડતને બુઠ્ઠી બનાવી દે છે !**

માટે તો કહ્યું

**'બલવાન્ ઇન્દ્રિયગ્રામઃ પંડિતાનપિ પીડયેત્'**

ઇન્દ્રિયોનો સમૂહ બળવાન છે, એ પંડિતોને પણ પીડે છે. કેવી રીતે ? ઇન્દ્રિયોને વિષયોનાં આકર્ષણ છે, વિષયોનો મોહ છે, ને એ આકર્ષણ મોહ-પંડિતાઇ-વિદ્વત્તાને આવરી દે છે, બુઠ્ઠી બનાવી દે છે.

વિદ્વાન પણ માણસ પોતાનું જ્ઞાન ભૂલીને ઇન્દ્રિયો દ્વારા વિષયોના મોહને આધીન થઇ જાય છે ! ને મોહને ફગાવી દઇ સંયમી સાધુ બનેલાને વિષયો મોહ ન કરાવી શકે છતાં એવા મુનિઓને પણ વિષયોથી દૂર રહેવાનું કહ્યું છે, કારણ આ જ કે વિષયો મોહ જગાડવા સમર્થ છે. તે ક્યારે મોહ જગાડી દે અને મોહ મુનિને પણ ક્યારે પાડી દે એનો પત્તો નહિ. મોહ એ ભયંકર બેભાનતા છે.

આ જોતાં, બોલો માનવ જનમમાં કેટલું સાવધાન રહેવા જેવું છે ! એમ કહેતા નહિ,

પ્ર.- મોહ એટલો બધો જોરદાર ને અનાદિનો હોઇ આપણું શું ચાલે ?

ઉ.-મોહ જોરદાર ખરો પરંતુ ઇન્દ્રિય વિષયોના આધારે એ કૂદે છે. દેખાય છે કે માણસ ઘરે રહ્યો પત્નીને જોઇ પત્નીમાં મોહથી લેવાઇ જાય છે, કિન્તુ જો બહાર ગયો હોય તો એવું નથી બનતું, મોહ દબાયો રહે છે. આ શું સૂચવે છે ?

ઇન્દ્રિય-વિષયો મોહકારક છે.

**મોહકારક ઇન્દ્રિય-વિષયોથી આઘા રહો તો મોહથી બચી જાઓ.**

ત્યારે આજના કાળને ઓળખી લેવા જેવો છે.

આજનો કાળ આશીર્વાદ રૂપ નહિ, શ્રાપરૂપ છે.

કેમકે આજના કાળે મોહકારક નવનવા વિષયો ઘણા ઘણા વધારી દીધા. એનું શું પરિણામ ? જગતના પામર જીવો બિચારાને એ વિષયોના મોહ રાગ-આકર્ષણ તૃષ્ણા વધી ગયા ! મોહથી વિષયોની પરાધીનતા વધી ગઇ ! ઓછા વિષયોમાં જીવની થોડી ય સ્વાધીનતા હતી. એ વિષયો વધી જતાં ઝુંટવાઇ ગઇ અને વિષયોને આધીન જીવ કેવા કેવા જૂઠ-અનીતિ વિશ્વાસઘાત વગેરે દુષ્કૃત્યો નથી કરતો ? કેવા કેવા ક્રોધ-લોભાદિ કષાયો નથી સેવતો ?

બોલો, વિજ્ઞાનની શોધોએ જગતના દયા પાત્ર જીવોનું શું હિત કર્યું ? શું ભલું કર્યું ? કશું જ નહિ.

વિજ્ઞાનની શોધોએ દયાપાત્ર જીવો પર ઓર ક્રૂરતા કરી.

'મોહી જાઓ નવ નવા વિષયો પર, દુષ્કૃત્યો ને કષાયો સેવો, અને નરકાદિ દુર્ગતિમાં જાલિમ દુઃખો ભોગવો,' આ કર્યું વિજ્ઞાને, વિજ્ઞાનની શોધોએ, અરે ! પરલોકની પીડા તો પછી પણ અહીં વિષયોના મોહ વધારી એથી વધારી મૂકેલ જૂઠ-અનીતિ-દગો-વિશ્વાસઘાત વગેરેથી પવિત્ર-નિર્મળ-નિઃસંતાપ જીવન લુંટાઇ ગયું ! આ તો પોતાના માટે, અને બીજા જીવોને આના જુઠ-અનીતિ-વગેરેથી કેવી કેવી પીડાઓ નીપજાવે છે ? આ જાલિમ પાપો અને પીડાઓ સર્જનાર વિજ્ઞાન માનવજાત માટે અને બીજા એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવો માટે આશીર્વાદ રૂપ ?

## વિજ્ઞાન શ્રાપરૂપઃ ૩ કારીગરનું દૃષ્ટાન્ત :

શ્રાપરૂપ વિજ્ઞાનના ગુણ ગવાય કે એના અનર્થ વિચારાય ? ગુણ ગાઓ છો ને ? 'અહો ! વિજ્ઞાને કેવી સરસ રેલ્વે-મોટર-પ્લેન-ટેલીફોન-ટી.વી.-એરકન્ડીશન વગેરેની શોધો કરી !' આવું બોલો વિચારો છો ને ! શ્રાપરૂપ વિજ્ઞાનના ગુણ ગાવાના ? એમાં તો કેવો મહા અનર્થ એ જો જુઓ તો વિજ્ઞાનની પર નફરત થાય.

પેલા ત્રણ કુશળ કારીગરોની વાત ખબર છે ?

એક જંગલમાં ત્રણ રસ્તા ભેગા થતા હતા ત્રણેય રસ્તેથી ચાલી આવતા

ત્રણ કારીગર ભેગા થયા. વાત વીસામો કરવા બેઠા. એક બીજાને પૂછે તમે કોણ છો ? શું ધંધો કરો છો ? એક કહે 'હું શિલ્પી છું,' બીજો કહે 'હું ચિતારો છું' ત્રીજો કહે, હું વૈજ્ઞાનિક છું.' ચિતારો શિલ્પીને કહે તમે તમારી કળા બતાવશો ? શિલ્પી કહે 'હા'

એમ કહી શિલ્પીએ બાજુના તળાવમાંથી ભીની માટી લીધી એમાં થોડી કોરી માટી ભેળવી એનાથી સિંહનું શરીર બનાવ્યું.

બીજા બે કહે વાહ ! શું કળા છે ! કેવો સરસ આબેહુબ સિંહ છે !

ત્યારે શિલ્પી હવે ચિતારાને કહે 'તમારી કળા બતાવો' ચિતારો સામગ્રી સાથે આવેલો ને એણે એ માટીના સિંહ પર રંગ ચડાવ્યા.

ત્યારે બીજા બે કહે 'વાહ ! કેવી અદ્‌ભુત કળા ! હવે તો જાણે સાક્ષાત્ સિંહ જોઇ લો.'

હવે શિલ્પી અને ચિતારો વૈજ્ઞાનિકોને કહે 'હવે તમારી કળા બતાવશો ? વૈજ્ઞાનિકે હા ભણી પોતાની પાસેના સાધનોથી એ માટીના સિંહને જીવંત જેવો બનાવ્યો.

ત્યારે બીજા બે ચકિત થઇ કહે 'વાહ ! આ તો કમાલ કરી ! કેવી ગજબની કળા !

હજી આમ વિજ્ઞાનના ગુણ ગાય છે ત્યાં તો જીવંત જેવો સિંહ કૂદ્યો અને ત્રણેના બાર વગાડી નાખ્યા ! ત્રણેયને ખાંઇ ગયો.

બોલો વિજ્ઞાન આશીર્વાદ રૂપ ? કે શ્રાપરૂપ ?

કેટલાક દીકરા માબાપને માટે શ્રાપ રૂપ નીવડનારા હોય છે. દીકરાને માબાપ જો માથે ચડાવે, મતલબ એના ગુણ ગાય, એનું મહત્વ આંકે તો એવા શ્રાપરૂપ નીવડે કે માબાપને પછી કલેશનો પાર નહિ. એવું આજે વિજ્ઞાનનું અને વિજ્ઞાનની શોધોથી વધી ગયેલ સગવડ-સામગ્રીનું છે. એના જો બહુ ગુણ ગાઓ એને જો બહુ મહત્વ આપો, મતલબ એને માથે ચડાવો, તો પછી અવસરે એ એવા શ્રાપરૂપ નીવડે કે જીવને કલેશનો પાર નહિ !

પરંતુ જો આજની સાધન સગવડને મહત્વ્ ન આપો. એના ગુણ ન ગાઓ તો બને ત્યાં સુધી તો એનો ઉપયોગ જ ટાળવાનું થાય, અને કદાચ ઉપયોગ કરવો પડે તો સમજી મૂકીને કે આ આજનાં સાધનો ખતરનાક છે.' તો પછી એ સાધન ક્યારેક આડા ફાટતાં જીવને બહુ કલેશ નહિ થાય, મન કહેશે 'આ તો મને પહેલેથી

ખબર જ હતી'. મોટી વાત આ છે-

**વૈજ્ઞાનિક સગવડ-સાધનો જીવને ભારે રાગ આકર્ષણ કરાવી જીવને આત્મા ભુલાવી જડવાદી બનાવે છે. એ જ જીવને ભયંકર અનર્થરૂપ છે.**

**વિજ્ઞાનના પરલોકના માઠાં ફળ તો પછી, પણ અહીંજ એ જીવન ધર્મ માટે નીરસ, અને વિષયો લક્ષ્મી માનપાન માટે રસભર્યું બનાવે, એ ઊંચા માનવભવની સરાસર નિષ્ફળતા છે.**

પેલી ઇન્દ્રાણીએ સુમતિકુમારી માટે આ જોયું કે 'આ પૂર્વ ભવનું ભૂલી છે. ને સ્વયંવરમાં વર પસંદ કરી લેવા તૈયાર થઇ છે, એમાં એ, માનવભવમાં જ સુલભ જે મહાન તારણહાર સંયમધર્મ છે, તે ભૂલી જાય છે.' એટલે એ સ્વર્ગમાંથી નીચે આવી સુમતિને પૂર્વભવનો અધિકાર કહી ધર્મ પ્રતિબોધ પામવાની પ્રેરણા કરે છે. સુમતિએ બોધ ઝીલીને નમસ્કાર કરી ઉપકાર માન્યો, ઇન્દ્રાણીએ ટપ વિમાનમાં બેસી ચાલતી પકડી.

સુમતિના દેદાર વિગતવાર

બળદેવ-પુત્રી સુમતિકુમારી ઇન્દ્રાણી પાસેથી પોતાનો પૂર્વ ભવ સાંભળી ઊહાપોહમાં ચડી, 'હે હું ધનશ્રી ? આમ ધર્મ પામેલી ! આ રીતે અનશન કરેલું ? પછી કુબેર પત્ની થયેલી ? ચિંતનમાં ચડતાં એને જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વના બે ભવ એને આબેહુબ યાદ આવી ગયા ! એ પોતાનું પૂર્વનું જોઇ ચમકારો પામી ગઇ. એના મનને થયું.

'વાહ ! ધર્મનો કેવો રુડો પ્રતાપ ! આ સ્વર્ગમાં અવતાર અને અહીં બળદેવને ત્યાં ઉચ્ચ માનવ અવતાર શું આ વિષયોના રંગરાગથી મળે ? એમ જો મળતાં હોત તો આખી દુનિયા વિષયોના રંગરાગમાં ડૂબેલી છે તો બધાયને આવા સારા અવતાર મળી જવા જોઇએ. પણ એ નથી પામતા એ સૂચવે છે કે

**વિષયોના રંગરાગથી સારા અવતાર ન મળે, એ મળે વિષયોના ત્યાગથી-સંયમથી.**

તો હું આ શું કરવા તૈયાર થઇ છું ? સારો પતિ કરવા અને વિષયોની મોજ ઉડાવવા ? કઇ અક્કલે આ કામ ચલાવ્યું છે ?

આવા સારા અવતાર પરથી સમજી જવું જોઇતું હતું કે આ ભવ પૂર્વના વિષયત્યાગ અને સંયમના પ્રભાવે મળ્યો છે, તો એ હિસાબે અહીં વિષય રંગરાગની

ઘેલછા શી ? શું પાછું હલકા તિર્યંચના એકેન્દ્રિય વિકલેન્દ્રિયના કે તિર્યંચ પંચેન્દ્રિયના અવતારમાં પૂરાઇ જવું છે ?

જા રે જા જીવ ! આવા ઊંચા અવતારે આ ગલીચ ચેષ્ટા શી ? ને

જીવે અનંતી વાર આવા રંગરાગ ખેલ્યા છતાં જીવની એની ભૂખ ક્યાં મટી છે ! એમ મટે જ નહિ. એ તો વિષયોના ત્યાગના માર્ગે જઇએ તો વિષયોનો સંપર્ક છૂટવાથી ધીરે ધીરે એનાં આકર્ષણ ઓછા થતા આવે એ સ્વાભાવિક છે.

**જો વિષયોના સંગથી એની ભૂખ પોષાય છે તો એ ભોગ છોડવાથી એની ભૂખ શાની પોષાય ?**

**વિષય સંગથી એના સંસ્કાર જમા થાય એ જ મોટી ખરાબી :-**

વિષયોની ભૂખ કેમ પોષાતી રહે છે ?

કારણ આ જ કે એ ભૂખને વિષયોના સેવનથી શાંત પાડવા જવાય છે. પરંતુ એ સેવનથી વિષયના સંસ્કાર જમા થતા જાય છે. પછી ભલે વિષયસેવનથી વિષય ભૂખ ક્ષણભર શાંત કરી. પરંતુ પેલા વિષય સંસ્કાર વિષયોની લગન જગાડે છે ભૂખ જગાડે છે.

જીવને અજ્ઞાનતાવશ એમ લાગે છે કે 'આટલી વાર વિષય સેવી લઉં, એટલે તૃપ્તિ થઇ જાય, વિષય ભૂખ શાંત થઇ જાય. પછી નિરાંત, વિષય ભૂખ જાગે નહિ ને વિષય સેવનની જરૂર નહિ.' પરંતુ અજ્ઞાન એ નથી જોવા દેતું કે જે વિષય સેવન કર્યું એ વિષયના સંસ્કાર જમાવશે ને એ સંસ્કાર આગળ પર વિષય ભૂખ જગાડશે એનું શું ? ત્યાં ભૂખ શાંત રહેવાની વાત ક્યાં રહેવાની ?

આત્માનો જાણ પૂર્વકનો રાગ યા દ્વેષવાળો કોઇપણ અનુભવ સંસ્કાર નાખ્યા વિના નથી જતો. કેવળજ્ઞાનીને આખા જગતનો પ્રત્યક્ષ અનુભવ છે, પરંતુ રાગદ્વેષ વિનાનો છે તેથી એના સંસ્કાર એમનામાં પડવાનો સવાલ નથી રહેતો. છદ્મસ્થને રાગદ્વેષ મિશ્રિત અનુભવથી સંસ્કાર પડે છે. આ હિસાબે વિષયોનું સેવન એટલે કે વિષયોનો અનુભવ ભોગવટો કરો એટલે એના સંસ્કાર આત્મામાં ઊભા થવાના જ ને એ સંસ્કાર જાગ્રત થતાં વિષયની ભૂખ લગાડવાના એટલે વિષય સેવી લઇ જાગેલી વિષય-ભૂખને શાંત તો કરી, પરંતુ હવે પાછી ભૂખ નહિ જાગે એ ક્યાં રહ્યું ? કહો,

**વિષયભૂખ શાંત કરવા કરેલ વિષયસેવન-વિષયરાગના સંસ્કાર પેદા કરે છે. ને એ સંસ્કાર ભાવી વિષયભૂખ નક્કી કરી આપે છે.**

માટે જ કહેવાય છે કે વિષયસેવનથી વિષયભૂખ કાયમની મટતી નથી પણ વિષયભૂખને સલામત રાખે છે.

એ તો વિષયભૂખ તો જ મીટે કે વિષયોનો ત્યાગ કરવામાં આવે કેમકે ત્યાગમાં વિષયસેવન ન કરું એટલે નવા સંસ્કાર ઊભા થવાના નહિ, ને જુના સંસ્કાર વિષયસેવનના અભાવે ઘસારે પડતા જવાના.

એટલે જ ઉત્તમ આત્માઓ વિષયભોગ છોડી વિષયત્યાગના નિયમો કરી એનું નિર્મળ પાલન કરતાં આવ્યા છે. પૂર્વ પુરુષોના ચરિત્રોમાં સાંભળતા આવ્યા છીએ કે ગામ-નગરમાં આચાર્ય મહારાજ કે જ્ઞાનિ મુનિ મહારાજ પધાર્યા અને રાજા-મહારાજા-શેઠ-શાહુકારો અને નગરવાસીઓ ધર્મદેશના સાંભળીને વ્રત-નિયમો લે છે, સાધુ-દીક્ષા નહી તો શ્રાવકના બારવ્રત લે છે કેમકે સમજી ગયા કે-

**ભવચક્રમાં ભ્રમણ વિષયોના ને વિષય ભોગનાં કારણે છે એના ત્યાગ કર્યા વિના ભ્રમણ શે અટકે ?**

ભવ ભ્રમણ ભવમાં વારંવાર જનમ-મરણથી કંટાળ્યા છો ? ભાવી જનમ-મરણની પરંપરાની બીક લાગે છે ? તો સમજી રાખવાનું કે જેટલા વિષયભોગમાં પ્રવર્તાય છે. એટલા વિષય સંસ્કાર વધી નવી વિષયભૂખ ઊભી થવાની સગવડ કરાય છે, ને એની પાછળ ભવના ફેરા વધે છે.

**સુમતિને જાતિસ્મરણઃ સંયમ નિર્ણય :-**

પેલી સુમતિ રાજકુમારી જાતિસ્મરણ જ્ઞાન પામી અને જોયું કે પૂર્વના ધનશ્રીના ભવમાં વિષયોના ત્યાગ કરેલા એના પ્રભાવે સ્વર્ગ અને અહીં સમૃદ્ધિમાન બળદેવના ઘરે અવતાર મળ્યો તેથી હવે એ વિષયોનો ત્યાગ કરી તથા વિષયો ખાતર કરાતા હિંસા-જૂઠ અનીતિ વગેરે મહાપાપો છોડી સર્વવિરતિ ચારિત્ર લેવાનું નક્કી કરે છે. આ એનામાં મહાવિવેક પ્રગટ્યો.

સુમતિનો મહાવિવેક કેવા સંયોગોમાં ? રાજકુળમાં જન્મ પામી છે, અત્યારે એને વર પસંદ કરી લેવા સ્વયંવર મંડાયો છે, ને સ્વયંવર મંડપમાં રાજાઓ તથા વિદ્યાધર કુમારો એની પસંદગીનું પાત્ર થવા આવેલ છે, અને સુમતિના રૂપથી મુગ્ધ થઇ તલપી રહ્યા છે કે 'ક્યારે અમને વરમાળા આરોપે !' તેમ પોતે પણ તલપી રહી હતી કે 'ક્યારે હું મને સારામાં સારો લાગે એવા કોઇ રાજા કે રાજકુમારને વરમાળા આરોપી એને પતિ બનાવી લઉં !'

આવા અવસરે શું આ મહાવિવેક આવવો સહેલો છે ?

**'વિષયભોગભૂંડાઃ વિષયત્યાગ તારણહારઃ' એ મહાવિવેક છે.**

વિવેક શું ? સાર-અસારની ઓળખ કરવી વહેંચણ કરવી કે આ સારભૂત અને આ અસાર. 'જૂઠ-અનીતિથી કમાવું એ અસાર અને ન્યાયયુક્ત વેપાર-વ્યવહાર એ સારભૂત,' આ સામાન્ય વિવેક છે. જ્યારે, 'નીતિથી પણ કમાયેલા વિષયો ભૂંડા વિષયત્યાગ એ તારણહાર,' આ વહેંચણ કરવી એ મહાવિવેક છે. સુમતિનો મહાવિવેક વળી માત્ર એવી ઓળખ કરીને બેસી નથી રહેતો, 'ભાઇ ! સમજીએ છીએ. કે, વિષયો ભૂંડા, વિષયત્યાગ તારણહાર, પરંતુ આપણી હમણાં વિષયત્યાગ કરવાની શક્તિ નથી,' એવી કાયરતા આગળ મહાવિવેક અટકી પડતો નથી પરંતુ કાયરતાનો અંચળો ફગાવી દઇ ત્યાજ્ય ભૂંડા વિષયોનો ત્યાગ અપનાવી લેવા નિર્ધાર કરવા પ્રેરે છે. સામે લચબચ વિષયોના સંયોગ હોય ત્યાં આ નિર્ધાર સહેલો છે ?

પરંતુ સુમતિએ ત્યાગ શી રીતે સહેલો કર્યો ?

કહો, 'વિષયોના ત્યાગ ન કરવાની કાયરતા તો ભવોભવ કરી, કાયરતાને પકડી રાખી વિષયોના ભોગ કરવા જતાં એના સંસ્કારો વધી નવી વિષયભૂખને નોતરું મલે છે. એટલે પછી ત્યાં પણ આ કાયરતા આગળ આવવાની કે આપણાથી વિષયત્યાગ શક્ય નથી. આ સમજી લીધું.

**વિષયભૂખ વિષયસંયોગોમાં ન મરે. વિષયત્યાગથી એ મરે. વિષયોની ભૂખ તો જીવને વિષયત્યાગનો કાયર બનાવે છે.**

માટે જીવની વિષયભૂખ જ મારવા જેવી છે. એ વિષયોના સંપર્કમાં રહેવાથી ન મરે. વિષયસંયોગોમાં જીવ લલચાઇ જાય છે. લાવ આ વિષય હમણાં તો ભોગવી લઉં, પણ એથી નવા વિષયસંસ્કાર પડ્યા એટલે નવી વિષયભૂખ સહેજે ઊભી થાય છે. માટે વિષયભૂખ મારવી હોય તો વિષયત્યાગમાં આવી જવું જોઇએ.

બળદેવની પુત્રી આ સમજે છે કે-

**અનાદિ કાળથી વિષયોનો સંપર્ક રાખી રાખીને જ એના સંસ્કાર દ્વારા વિષયભૂખ (વિષય ભોગની લાલસા) બની રહી છે, તો અહીં પણ વિષયસંયોગો ઊભા રાખીને એ ભૂખ એ ભોગલાલસા મટવાની નથી. માટે હવે તો વિષયોનો ત્યાગ કર્યો જ છૂટકો છે.**

કયા અવસરે સુમતિ રાજકુમારી આ વિચારી રહી છે ? જ્યારે એને વર વરવા માટે પિતાએ મોટો સ્વયંવર ગોઠવી આંગણે મોટા રાજા મહારાજા ને વિદ્યાધર

કુમારોને આમંત્રી બોલાવ્યા છે. અને સુમતિ એમાંથી એકને પસંદ કરી વરમાળા આરોપવા હાથમાં વરમાળા લઇને તૈયાર ગઇ છે, આવા અવસરે એ આ વિચારી રહી છે કે 'વિષયસંયોગોનો હવે ત્યાગ કર્યે જ છૂટકો, માટે મારો નિર્ધાર જાહેર કરી દઉં.'

સામે ચુનંદા રૂપવાન રાજા રાજકુમારો પસંદ કરાવા માટે ખડા છે, એ વખતે કુમારીના મનને ગિલગિલિયા કેવા હોય ? શું મન માંડવાળ ન કરે કે 'હમણાં તો આમાંથી વર વરી લેવા દે. ત્યાગની વાત વળી પછી જોઇશું ? ના, એ સમજે છે કે 'જગતમાં આમ ને આમ જ જીવ અનંત અનંતવાર ભૂલો પડયો છે, વિષયો દેખી દેખીને લલચાયો છે, તે હવે પાછું આમ લલચાવાનું હોય.'

ખેર, પરંતુ આટલું વેતર્યા પછી હિંમત ચાલે ખરી કે 'મારે લગ્ન નથી કરવા ?' છેવટે દાક્ષિણ્ય તો નડે કે નહિ કે 'દૂર દૂરથી આટલે સુધી બોલાવ્યા પછી મારે હવે કહેવાય નહિ કે મારે વરવું નથી, પધારો પાછા ?'

અહીં પણ સુમતિને આ વિચાર છે કે-

**સારું કામ કરવું હોય તો દાક્ષિણ્યમાં ખોટું નહિ તણાવું.**

કેમકે અહીં દાક્ષિણ્યમાં તણાયે શું થાય ? આવેલાને મનને ખરાબ ન લાગે કે અમે આટલે આવ્યા ને એમજ પાછા ન કાઢ્યા એટલું જ ને ? એ ખરાબ ન લગાડ્યું સારું મનાવ્યું એનો લાભ કેટલો ? માત્ર હમણાં અભિનંદન. પરંતુ જીવનભરનાં અભિનંદન નહિ. ને પરલોકમાં તો કશો જ લાભ નહિ, ત્યારે એટલું ખરાબ લગાડીને પણ ત્યાગ કરી સંયમ લીધું તો સંયમી જીવનમાં જોઇને એ લોકોને પણ કેટલી બધી અનુમોદના થાય ? જીવનભર કેટલા અભિનંદન કરે ? માટે જ દાક્ષિણ્યમાં ખોટું તણાવાય નહિ. મનને થાય કે-

❧ ❧ ❧ ❧ ❧ ❧

**દાક્ષિણ્ય રાખું તો પ્રભુનું દાક્ષિણ્ય રાખું, દુનિયાના માણસોનું નહિ.**

જો એ રાખું તો એ દાક્ષિણ્ય પાપકામો કરાવી દુર્ગતિની જ વાટ દેખાડે માટે દાક્ષિણ્યમાં તણાવાનું નહિ, ને એ માટે હિંમત કેળવવાની. સુમતિની નજર સામે (૧) દાક્ષિણ્યમાં તણાઇ વરમાળા આરોપી સંસારવાસ ખેડવામાં દુર્ગતિની પરંપરા તરવરે છે. ને મળેલી દુર્લભ સંયમ તક વેડફી નાખવાની મહા મૂર્ખાઇ દેખાય છે, ને (૨) દાક્ષિણ્ય મૂકી દઇ સંયમ જીવન અપનાવવામાં મોક્ષ સુધીની સદ્ગતિની શક્યતા

અને દુર્ગતિની અટકાયતના મહા લાભ દેખાય છે તેથી એ લાભ નજર સામે રાખી દાક્ષિણ્યમાં ન તણાવાની હિંમત દાખવે છે.

સ્વયંવરમાં આવેલા રાજાઓ-રાજકુમારોને ઉદ્દેશીને એ હાથ જોડી કહે છે,

'મહાનુભાવો ! સૌધર્મની ઇન્દ્રાણી પાસેથી તમે મારા પૂર્વ ભવનો અધિકાર સાંભળ્યો છે. એ સાંભળીને મારું મન તો હવે આ સંસારના જાલિમ ભોગો પરથી ઊઠી ગયું છે. ને તમો સૌની સંમતિથી હું સંયમ લેવા ચાહું છું માટે મને તમે સૌ સંમતિ આપો, તમને આટલે સુધી બોલાવી કષ્ટ આપ્યું તેની ક્ષમા ચાહું છું.''

રાજાઓ રાજકુમારો પહેલાં ઇન્દ્રાણીનું વક્તવ્ય સાંભળીને તો ગદ્‌ગદ થઇ ગયેલા. તે હવે સુમતિનું વક્તવ્ય સાંભળીને વિશેષ ગદ્‌ગદ થઇ એને સંમતિ આપી દે છે, ''હમારી સંમતિ છે. તમારું કલ્યાણ કરો.''

કહેતા નહિ-

પ્ર.-કેમ સંમતિ આપી દે ? રાજાઓ આટલે સુધી આવ્યાનું કષ્ટ ન વિચારે ?

ઉ.-સુમતિ રાજકુમારી જે મહાત્યાગ કરી સંયમના મહાકષ્ટ ઉપાડવાનું પરાક્રમ કરવા તૈયાર થઇ છે એ જોતાં રાજાઓ પોતાના કષ્ટને તુચ્છ લેખે, એમાં નવાઇ નથી. સુમતિની ચારિત્ર-પરાક્રમની ભાવનાથી રાજાઓ અંજાઇ ગયા છે, એટલે એને અભિનંદનની ભૂરી ભૂરી અંજલી આપે છે.

**'માનવ-જનમ આવા ભાવ-પરાક્રમ માટે મળ્યો છે.'**

આ સમજ જો આવી જાય અને ખોટા દાક્ષિણ્ય હિંમતથી મૂકી દઇ, એ પરાક્રમ સધાય, તો દુનિયા અને એ સગાસંબંધીઓ ગૌરવ કરે છે. પરંતુ આજે એવા કેટલાય દેખાય કે જે સંયમનું મહત્ત્વ સમજવા છતાં કુટુંબના દાક્ષિણ્યને મૂકવાની હિંમતના અભાવે સંસારવાસમાં સડે છે ! 'વરસો સુધી સાથે રહ્યા. હવે એ સંયમમાં સંમત થતા નથી, તો એમ જ સંયમ લઇ લઇ એમના મનને ખોટું કેમ લગાડાય ? ખોટું લગાડી સંયમ કેમ લેવાય ?' આમ દાક્ષિણ્યમાં તણાય છે.

**દાક્ષિણ્ય ગુણ ? કે મહાઅવગુણ ?**

સ્નેહીઓના મનને ખોટું ન લગાડવાનું વિચારાય છે, પરંતુ એ નથી જોવાતું કે-

'સ્નેહીઓના દાક્ષિણ્યથી પાપસંસારમાં પડી રહ્યે એ સ્નેહીઓનું ય પરલોકમાં શું કલ્યાણ થવાનું ? ને પોતાનું ય શું કલ્યાણ થવાનું ?'

મૂળમાં આત્માનો અને પરલોકનો વિચાર નહિ તેથી ખોટા દાક્ષિણ્યમાં તણાઇ સ્વપરના પરલોક તરફ આંખ મિંચામણા કરાય છે,

ત્યારે વિચાર થાય કે આટલો ઊંચો આર્ય માનવ અવતાર મળ્યો અને સર્વોચ્ચ જિનશાસન મળ્યું તો પણ આત્માનો પરલોકનો વિચાર નહિ, તો પછી એ વિચાર આથી બીજા ક્યા સારા અવતારે કરવાનો ? નજર સામે કોઇકના અકસ્માત, ભયંકર રોગ, તીવ્ર પીડા-આફત એકાએક ઊભી થઇ દેખાય, કે કોઇકને એકાએક મૃત્યુ પામતા દેખાય, છતાં ય પોતાના માટે વિચાર નહિ કે 'આવું શું મારે બનવું શક્ય નથી ? ને નથી ને એવું કદાચ બન્યું તો પરલોક હિતસાધના વિના મારી દશા કઇ ? ના, એ તો મનને એમ છે કે 'મારે આવું શાનું બને ? હું ખખડધખ તંદુરસ્ત છું તેમ હજી મારી કાંઇ એવી ઘરડી ઉંમર નથી, તે હું એવો માંદો પડી જાઉં કે મરી જાઉં.'

કેટલી મૂઢ દશા છે ? શા કારણે ? એક જ દુનિયાના વિષયો વહાલાહેમ લાગે છે. અરે ! વહાલા હેમ જ કરી રાખવા છે, એટલે પછી બીજા પર અણધારી આફત જોવા છતાં પોતાના પર અણધારી આફતની સંભાવના મનમાં શાની ઊઠવા દે ? બાકી,

**સુજ્ઞ આત્માઓ બીજાની અણધારી આફત જોઇને પોતે ચેતી જાય છે.**

## અણધાર્યા બનાવ પર વિરાગી બનેલાના દાખલા.

### (૧) રાજા ચંદ્રાવતંસકના મૃત્યુ પર પુત્ર વિરાગી :

રાજા ચંદ્રાવતંસક રાતના ધ્યાનમાં બેઠેલા એકાએક કાળ કરી ગયેલા જોઇ, એમનો મોટો પુત્ર ચારિત્ર લેવા તૈયાર થઇ ગયો. મંત્રીઓ કહે 'પણ આ મોટું રાજ્ય કોણ સંભાળશે ?'

ત્યારે એ કહે-''રાજ્ય સંભાળવા બેસું એમાં પિતાજીની જેમ મારા પર અચાનક જમરાજની ધાડ નહિ આવે એની શી ખાતરી ? ને નથી ને તેવું બને, તો તો હું ચારિત્રની આરાધના વિના જ મરું ને ? જે ચારિત્ર માત્ર આવા ઊંચા આર્ય માનવ અવતારે જ મળી શકે, એ ચારિત્ર વિના આવો રૂડો અવતાર શું મારે એળે જવા દેવો ? શું નિષ્ફળ કરવો ? મારે ચારિત્ર વિના મરવાનો મોખ નથી.''

શું આ ? પિતાની એકાએક આફત જોઇ પોતે ચેતી ગયા.

### (૨) ગુણસેન રાજા સ્મશાનયાત્રા પર વિરાગી :-

રાજા ગુણસેન કોઇની સ્મશાનયાત્રા જોઇ પોતે પોતાના પર બોધપાઠ લે છે કે 'જમરાજની આ વિજય યાત્રા છે, અને એ જો યમરાજનો વિજય છે, મોટા દેવતા જેવા ઉપર પણ પથરાયેલો છે, તો હું કોણ માત્ર ? એ અચાનક મારા પર તૂટી પડે તો ચારિત્ર વિના રહી જાઉં'' માટે હમણાં જ ચારિત્ર લઇ લઉં.'

**(૩) લવણ-અંકુશ કાકાના મૃત્યુ પર વિરાગી :**

લક્ષ્મણજી મર્યા અને રામચંદ્રજી પાગલ જેવા થઇ ગયા, એ જોતાં રામચંદ્રજીના બે પુત્ર લવણ અને અંકુશ ઉઠ્યા ચારિત્ર લેવા ! મંત્રીઓ એમને રાજ્યગાદી સાંભાળી લેવા આગ્રહ કરે છે ત્યારે આ કહે છે-'જો કાકા અચાનક જ ગુજરી જાય, ને પિતાજી અચાનક પાગલ જેવા થઇ જાય, તો અમારો પણ શો ભરોસો કે આવી આફત એકાએક અમારા પર ન આવે ? માટે હવે તો એટલે અમારે દુન્યવી રાજ્યથી સર્યું. અમારે તો મોક્ષ સામ્રાજ્ય અપાવનાર ચારિત્ર જ લેવાનું છે.' બસ, એમ કહીને ત્યાંથી ઊઠી તરત જ ચારિત્ર માટે નીકળી પડ્યા.

આત્મહિતનાં પરાક્રમ કરવાનો અવસર માનવભવમાં છે. તે પરાક્રમ બીજાનાં જીવનમાં એવી અકસ્માત ઘટના દેખીને સૂજે તો પોતાના જીવનમાં એવી અણધારી-અણકલ્પી ઘટના બનેલી જોઇને તો જરૂર સૂજવું જોઇએ.

**(૪) દશરથ કંચુકીની વૃદ્ધતા જોઇ વિરાગી :-**

રાજા દશરથ વૃદ્ધ કુંચકીની અશક્તિ જોઇ પોતાને આવી ઘડપણ આવી અશક્તિ થાય તો સંયમ તપની સાધના શું કરી શકશે ? એ વિચાર પર સંયમનું આત્મ પરાક્રમ કરવાનું સૂઝ્યું.

**(૫) સીતાજી હકાલપટ્ટી અને અગ્નિ પરીક્ષા પર વિરાગી :-**

સીતાજી એકાએક વનમાં તરછોડાયા, ને સીતાજી પવિત્ર હતા છતાં રામચંદ્રજીના કહેવાથી અગ્નિ દિવ્ય કરવું પડ્યું એ અણધારી ઘટના પર ત્યાં જ આત્મ પરાક્રમ કરવા તૈયાર થઇ ગયા, અને ત્યાંથી જ સંયમ લેવા નીકળી પડ્યા.

**(૬) ધન્યકુમારને સ્ત્રીથી દ્રોહ પર વૈરાગ્ય :-**

સમરાદિત્યના જીવ ધન્યકુમારને ચોથા ભવમાં પરદેશ કમાઇ કરવા જતાં ભારે આપદાઓ અણધારી આવી તો એમાંથી પસાર થઇ ઘરે આવ્યા ને મુનિનો યોગ બનતાં ઘરે સમૃદ્ધ માબાપને એકના એક પુત્ર છતાં તેમજ માબાપ નવી શ્રેષ્ઠિ કન્યા પરણાવવાનું કહે છે છતાં એમણે ચારિત્ર લેવાનું આત્મ પરાક્રમ ખેડ્યું.

## (૭) સુમતિકુમારીને જાતિસ્મરણે સ્વયંવર મંડપમાં વૈરાગ્ય :-

અહીં સુમતિ રાજકુમારી ઇન્દ્રાણીનો ઉપદેશ મળતાં અને જાતિસ્મરણ જ્ઞાનથી પોતાનો પૂર્વ ભવ જોતાં સ્વયંવરના મંડપમાં જ સંસાર ત્યાગનું આત્મ પરાક્રમ ખેડવાનું નક્કી કરે છે વરમાળા હાથમાં હતી, તેને પડતી મુકી સ્વયંવરમાં આવેલા રાજાઓ રાજકુમારોને પ્રાર્થના કરે છે 'મને ચારિત્ર લેવા સંમતિ આપો,' રાજાઓ પણ આણે ઉપાડવા ધારેલા ચારિત્રનાં મહાકષ્ટ જોઇ પોતાના આટલે લાંબે સુધી આવવાનાં કષ્ટ વિસરી જઇને રજા આપે છે.

પિતા, કાકા, બળદેવ, વાસુદેવ પણ ચકિત થઇ જાય છે. સુમતિ પર ઓવારી જાય છે, અને મહા મહોત્સવ માંડે છે. મહોત્સવ એટલે (૧) જિનભક્તિ પહેલી, તે નગરના જિનમંદિરોમાં મહાપૂજા-ભક્તિ સંગીત વગેરે ના ઠાઠ જમાવે છે. (૨) બીજી બાજુ સુમતિ મનગમતાં અનુકંપાદાન છૂટે હાથે કર્યે જાય છે. (૩) પછી સુમતિની દીક્ષાનો ભવ્ય વરઘોડો કાઢવામાં આવે છે. જેને વરવા માટે દેશ-પરદેશથી સેંકડો હજારો રાજાઓ ઉતરી પડેલા, એ સુમતિ રાજકુમારી મહાસમૃદ્ધિમાન બળદેવ-વાસુદેવનું ઘર છોડી ચારિત્ર લેવા નીકળી પડે ! એમાં એમનું વિશાળ ચતુરંગી દળ લશ્કર પણ જોડાયેલું છે ! વળી એ વરઘોડામાં સૌધર્મેન્દ્રની ઇન્દ્રાણી તથા કૂબેરની અગ્રમહિષીઓ પણ દેવદેવીઓના પરિવાર સાથે સામેલ થાય ! એવી સુમતિનો એ દીક્ષા વરઘોડો જોવા નગરનું કોણ બાકી રહે ? કહો, નગરના જ શું પરંતુ બહારગામોમાંથી લોકો ટોળાબંધ ઉતરી પડેલા.

## સુમતિ રાજકુમારી સાથે ૭૦૦ રાજકન્યાઓ દીક્ષાર્થી -

એમાં વળી સુમતિના આ પરાક્રમને જોઇ બીજી ૭૦૦ રાજકન્યાઓ સુમતિની સાથે ચારિત્ર લેવા તૈયાર થઇ ગયેલી ! તે એ પણ વરઘોડામાં સામેલ છે.

કલ્પનામાં લાવો, વરઘોડાનું દ્રશ્ય કેવુંક હશે ? એમ માનશો નહિ કે,

પ્ર.-આવા વરઘોડાની કલ્પના કરવાથી શો ફાયદો !

ઉ.-ફાયદો એ કે દીક્ષાના એવા વરઘોડાની કલ્પના કરતાં એવી અતિ સમૃદ્ધિમાન અને મહાસન્માનવાળી સુમતિને ૭૦૦ રાજકન્યાઓ સાથે સંસાર ત્યાગ કરતી જોઇ, એમના પર મન ઓવારી જાય, નજરે દેખાતા એમના સંસાર ત્યાગની દિલમાં ભારોભાર અનુમોદના થાય. મનને એમ થાય કે 'અહોહો ! શું આવી કન્યાઓનું ત્યાગનું પરાક્રમ !

**કલ્પનાથી પૂર્વના મહાન શુભ પ્રસંગો પણ નજર સામે લાવતાં વિશિષ્ટ સુકૃત-અનુમોદનાના ભારે લાભ છે.**

**કલ્પનાથી નજર સામે લાવવા યોગ્ય પ્રસંગો :-**

(૧) મન આડા ને અવળા કચરાપટ્ટી વિચારો કર્યા કરે એના કરતાં મનમાં સુમતિનાં વરઘોડા જેવા શુભ પ્રસંગોને કલ્પનાથી નજરે જોવા શા ખોટા ?

(૨) શાંતિનાથ-કુંથુંનાથ-અરનાથ ભગવાન ચક્રવર્તી હતાં, એમનું ચક્રવર્તીપણું છોડી વરઘોડો નીકળ્યો હશે તે કેવોક હશે ! કલ્પનાથી એ દ્રશ્ય નજર સામે લાવો.

(૩) રાજા વિક્રમાદિત્યના સિદ્ધગિરિ સંઘમાં ૭૦ લાખ કુટુંબો, ૧ ક્રોડ ૧૧ લાખ ગાડાં, ને ૫૦૦૦ તે આચાર્યો હતા ત્યારે એ સંઘયાત્રા કેવીક હશે ? એ કલ્પનામાં નજર સામે લાવતાં અનેરા ભાવોલ્લાસ જાગે.

(૪) ત્રિભુવનપતિ શ્રી મહાવીર ભગવાનને સંગમદેવતા એક પછી એક ભયંકર ઉપસર્ગ કરે છે. એમાં પ્રભુ પોતાનાં તત્ત્વધ્યાન અને સમતાભાવ-ઉપશમભાવમાં લીન છે, તો પ્રભુની એ સમતાનું દ્રશ્ય કલ્પનામાં લાવીએ, એ ચિત્તને કેટલું બધું આલ્હાદ અનુમોદના કરાવનારું બને ?

(૫) રાવણ વાલિરાજાનું યુદ્ધ થાય, રાવણ હારે, વાલિરાજા જીતે રાવણનું આખું વિશાળ સામ્રાજ્ય હાથ કરી લે એવો અવસર છે છતાં એમ ન કરે, અલબત એમાં રાવણને નીચી મુંડીએ કબૂલ કરી લેવું પડે એમ છે. છતાં એ તો નહિ, પણ પોતાનું ય રાજ્યપાટ અને આખો સંસાર છોડી વાલિરાજા દીક્ષા લે ! એ દ્રશ્ય કેવું મનમોહક ! કલ્પનાથી એ નજરે જોતાં કેટલી બધી અનુમોદના હૈયે મઘમઘાયમાન થઇ જાય !

એટલું ધ્યાનમાં રહે કે,

**એવા અનુમોદનીય ચરિત્ર-પ્રસંગો વિચારવાના તે ગદ્ગદ દિલે વિચારવાના.**

દા.ત. આજ વાલિરાજાનો જીવન-પ્રસંગ વિચારતાં જ્યાં રાવણના અભિમાન પર સમર્થ વાલિએ કહેવરાવ્યું કે 'સ્વામિ સેવક ભાવનો સંબંધ નહિ, પણ પરસ્પર મૈત્રીભાવનો સંબંધ જોઇએ તો તે આપવા તૈયાર છું. ત્યાં આપણું દિલ ગદ્ગદ થઇ વિચારે કે 'અહાહા ! સમર્થ એવા પણ વાલિની કેવી આ નમ્રતાભરી નીતિમત્તા !

નહિતર તો એ કહેવરાવી શકત કે ''શાનો સ્વામિસેવકભાવ ? જોઇએ તો સેવકસ્વામિભાવ આપવા તૈયાર છું. તું સેવક ને હું સ્વામી. બાકી જો સ્વામિ-સેવકભાવ લેવા યુદ્ધ કરવા આવીશ તો ઊંધું ન થઇ જાય એ ધ્યાન રાખજે.' પરંતુ આવું કાંઇ ન કહેવરાવતાં મૈત્રીભાવનો સંબંધ રાખવા તૈયાર છું. કહેવરાવ્યું છે. અહોહો ! વાલિની કેવી નમ્રતા અને નીતિમત્તા ! નીતિમત્તા એટલા માટે કે પોતાની પાસે બળ છે માટે બીજાની સ્વતંત્રતા અન્યાયથી પડાવી લેવાની વાત નહિ ! વાહ રે વાલિ ! વાહ ! ધન્ય તમારી નમ્રતા ને શાંતિપ્રિયતા તથા ન્યાયાધીનતા !

આમ અહાહા ! અહોહો ! વાહ વાહ ! ધન્ય ધન્ય ! વગેરેનો ભાવ સાથે વિચારવાનું, તેમાં દિલ સહેજે ગદ્ગદ થાય.

**અહાહા ! અહોહો ! ધન્ય ધન્ય ! વાહ વાહ ! વગેરેનો પ્રભાવ છે કે દિલ ગદ્ગદ બનાવી શકે.**

દાન, શીલ, તપ, જિનભક્તિ, ગુરુસેવા, જિનવાણી શ્રવણ, શાસ્ત્રવાંચન વગેરે ધર્મની સાધના કરતાં આ જો એના વિશિષ્ટ સાધકોના પ્રસંગ, હૃદયમાં લાવીએ, તો એ દાનાદિ ગદ્ગદ દિલથી થાય. દા.ત. દાન વખતે અહોહો ! કેવો મને દાન સુકૃતનો અવસર મળ્યો ! અહાહા ! કેવા જૈન ધર્મના રૂડાં પ્રતાપ કે આ સુપાત્ર ઓળખાવ્યું ! ને મને સુપાત્ર દાનનો મોંઘેરો અવસર મળે છે ! યા કેવા સુંદર તારક સાત ક્ષેત્ર બતાવ્યાં કે એમાં દાનનો અવસર મળે છે ! એમ બધીય ધર્મ સાધના ગદ્ગદ દિલની થવી જોઇએ. માત્ર દેવદર્શન કરવા હોય તો એ પણ એજ સ્મરણ જાપ કરવો હોય તો એ પણ એજ ગદ્ગદ દિલથી કરાય, એનો લાભ અપરંપાર ?

**ગદ્ગદ દિલની ધર્મસાધનાના લાભ અપાર :-**

અંતકાળે સાપ, સમડી, બળદ જેવાને ય માત્ર નવકાર મંત્ર સાંભળવા મળ્યો ને એથી એ સદ્ગતિ પામ્યાં ! જીવનભરના પાપરક્ત અને અબુઝ જનાવર નવકારના શ્રવણમાત્રથી સદ્ગતિ પામે છે. એની પાછળ આ રહસ્ય છે કે શ્રવણમાં એમનું આમ દિલ ગદ્ગદ થઇ ગયેલું કે અહાહા ! કોઇ દયાળુ આ કેવું સુંદર સંભળાવે છે ! ગજબ છે અક્ષરો !' એમ ગદ્ગદભાવ અને નવકારના અક્ષર પર મન એકાગ્ર બની ગયું, તે ગદ્ગદ ભાવનો પ્રભાવ ત્યાં સુધી કે એ વખતે શરીરને તીવ્ર પણ પીડા વીસરાઇ ગઇ, પીડાનું આર્તધ્યાન મટી ગયું. આથી સદ્ગતિ થઇ.

વ્યવહારમાં આવું બને છે. મા કે બાપ અચાનક સીડીએથી પડી જવાથી ચામડીઓ છોલાઇ ગઇ હોય, પાટાપિંડી કરવા છતાં તીવ્ર બળતરા અનુભવાતી

હોય, અને એટલામાં જ છોકરો પરદેશથી પાંચ વરસે આવી ચડે, તો એ માતા કે પિતા કેવા ગદ્‌ગદ થઇ જતાં ક્ષણભર બળતરાની પીડા કેવી ભૂલી જાય છે ! પીડાની હાયવોય કેવી ભૂલી જાય છે ! ને દીકરાને ગદ્‌ગદ શબ્દે ઓહોહો ભાઇ ! આવ્યો ?' એમ આનંદથી વધાવે છે. બળતરાનું દુઃખ ભુલવાનું ગદ્‌ગદતાના પ્રતાપે થાય છે.

બસ, આજ રીતે મરણાંત પીડા વખતે પણ નવકારના અક્ષરો પર ગદ્‌ગદ દિલે અહોભાવ આવે, કોઇ અપૂર્વ શબ્દ મળ્યાં ! એમ લાગે ત્યાં એ સહજ છે કે,

**ગદ્‌ગદતાના પ્રભાવે બળતરાનું દુઃખ ભુલાય તેથી ધર્મ ગદ્‌ગદ દિલે કરો. પાપ લુખ્ખા દિલે.**

અત્યારે ઊલટું ચાલે છે ને ? વેપાર કમાઇ સુખ ભોગ ગદ્‌ગદ ભીના દિલે થાય છે, ને દેવદર્શન, પૂજા, સામાયિક, તપ, જપ, લુક્‌ખા દિલે !! કેવી દુર્દશા ! કેવીક અબૂઝતા ! કેવી મહામૂર્ખતા !

કેમ એમજ છે ને ? પૂછો-

**પાપ લુક્‌ખા દિલથી શી રીતે થાય ?**

મનને એ માટે આ સમજાવી દેવું જોઇએ કે 'જેમ ગદ્‌ગદ દિલથી ધર્મ થાય એ ઊંચા ઉગ્ર પુણ્ય બંધાવે, એમ ગદ્‌ગદ દિલથી વેપાર-કમાઇ વગેરે કરતાં ઊંચા તીવ્ર પાપ બધાશે, જીવ ! બોલ તારે આ મોખ છે કે તુચ્છ પૈસાના ખાતર ઊંચા એટલે કે તીવ્ર પાપો બાંધવા ? જો ના, તો પાપમાં ગદ્‌ગદતા લાવવી રહેવા દે, લુક્‌ખાશ રાખ.''

**શું સુકૃત કે શું દુષ્કૃત, ગદ્‌ગદ થઇ કરાતા, બંધમાં તીવ્રતા લાવે, ને લુક્‌ખા કરાતા બંધમાં મંદતા લાવે.**

**ગદ્‌ગદ દિલના ધર્મથી તીવ્ર પુણ્ય. લુકખા દિલના ધર્મથી મંદ પુણ્ય.**

**ગદ્‌ગદ દિલના દુષ્કૃતથી તીવ્ર પાપ. ને લુક્‌ખા દિલના દુષ્કૃતથી મંદ પાપ.**

જૂઠ બોલી ઘરાકને ઠગ્યો, પૈસા કમાયા, ને ખૂબ રાજી થયા કે 'વાહ ! કેવું સીફતથી ઘરાકને ગળે ઉતારી દીધું ?' તો ત્યાં દુષ્કૃતમાં દિલ ગદ્‌ગદ થયું કહેવાય. ને એમાં પાપ તીવ્ર બંધાય. પરંતુ જો ત્યાં જૂઠ બોલતાં દિલ આંચકો અનુભવે દિલ ઘવાય, મનને એમ થાય કે 'અરેરે ! કેવો હું કમનસીબ કે આ માટે જૂઠ બોલવું પડે છે ?'

**જૂઠના પૈસા એ પરલોક નહિ આવે, જૂઠનાં પાપકર્મ પરભવ સાથે**

લાગશે.

**અને અહીંની દરિદ્ર સ્થિતિના દુઃખ કરતાં પરભવે ભયંકર દુઃખ આવશે.**

જો આ વિચાર પર દિલ પાપમાં જરાય આનંદથી ગદ્‌ગદ ન હોય. પરંતુ પાપનો બળાપો હોય, તો એ દુષ્કૃત લુક્ખા દિલનું કહેવાય. આવું નાના-મોટા બધા દુષ્કૃતમાં સમજવાનું છે.

શ્રાવિકા ચૂલો ફૂંકતી હોય મનને જો એમ થાય કે 'વાહ ! ચૂલો સારો સળગી ગયો ! લાવ ઝટઝટ સારી રસોઇ કરી મારા ધણીને ને છોકરાઓને જમાડી તૃપ્ત કરું !' તો એમાં દિલ ગદ્‌ગદ થયું. ગદ્‌ગદ દિલના એ આરંભ-સમારંભ તીવ્ર પાપ બંધાવવાના.

પરંતુ જો મનને એમ થાય કે 'હાય ! ચારિત્ર લેવાને બદલે કાં વિષય-લાલચમાં પડી કે રોજને રોજ આ નિરપરાધી અગ્નિ-પાણી-વાયુ વગેરેના અસંખ્ય જીવોનો મારે કચ્ચરઘાણ કરવો પડે છે !' તો એ ચૂલો ફૂંકવા વગેરેમાં દિલ ગદ્‌ગદ નહિ, પણ સંતાપવાળું બન્યું, ને એને લુક્ખું દિલ કહેવાય, આરંભ-સમારંભાદિ દુષ્કૃત લુક્ખા દિલથી થયા ગણાય, ને એમાં પાપ મંદ બંધાય.

વાત આ હતી, મહાન પૂર્વ પુરુષોનાં જીવનનાં આત્મ-પરાક્રમોની અનુમોદના અહો અહો ! ધન્ય ધન્ય ! વાહ વાહ !' વગેરે આંતરિક ઉદ્‌ગારથી ગદ્‌ગદ દિલે કરાવી જોઇએ. તો એના ફળમાં પુણ્ય જોરદાર બંધાય. ત્યારે આવી અનેકાનેક મહાપુરુષોના અનેકાનેક સુકૃતો ને આત્મ પરાક્રમોની વારંવાર અનુમોદના ગદ્‌ગદ દિલથી કરતાં એના ઉગ્ર પુણ્યફળના જથાનું પૂછવું જ શું ?

પ્રસંગ એ હતો કે બળદેવની પુત્રી સુમતિરાજકુમારી સ્વયંવરેથી પાછી વળી કેવો જબરદસ્ત ત્યાગ કરે છે ! કેવો એનો દીક્ષાનો વરઘોડો ! વગેરે સુમતિના આત્મ પરાક્રમ ગદ્‌ગદ વિચારાય તો ગદ્‌ગદ દિલે એની કેટલી સુંદર અનુમોદના થાય ! એવા સુંદર પૂર્વ પુરુષોના પરાક્રમી પ્રસંગ કલ્પનાથી નજર સામે લાવવામાં શો ફાયદો ?' એ હવે સમજાઇ ગયું હશે.

સુમતિરાજકુમારી દીક્ષા લે છે, પછી ગુરુણીની સેવામાં પોતાની પૂર્વની જાહોજલાલીભરી સ્થિતિ તદ્દન ભૂલી જઇને પોતાને કર્મની મહાગુલામ અને અનેક પ્રકારના રાગદ્વેષ આદિ રોગોથી મહારોગિષ્ઠ એક પામર જીવ તરીકે જુએ છે. તેથી એ ગુલામી અને મહારોગિષ્ઠતાને હટાવનારી ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા એક ગરીબ ઘરની આવેલી શિષ્યાની જેમ ખૂબ આનંદથી લઇ રહી છે.

◆ ગ્રહણ શિક્ષા એટલે શાસ્ત્રોનું શિક્ષણ.

◆ આસેવનશિક્ષા એટલે ચારિત્રના આચારોનું શિક્ષણ.

**ગુરુ પાસેથી ગ્રહણ-આસેવન શિક્ષા સારી રીતે ક્યારે લેવાય ?**

**કહો, પોતાની બધી હોશિયારી ભૂલીને કર્મના ગુલામ અને રાગાદિના રોગિષ્ઠ એક મૂર્ખ પામર જીવ તરીકે પોતાની જાત નજર સામે રહે ત્યારે.**

પોતાનો જીવ મૂર્ખ અને પામર કેમ લાગે ?

મન પર પોતાની મૂર્ખતા લાવવા રાગાદિની મહારોગિષ્ઠતા નજર સામે રહે.

મન પર પોતાની પામરતા લાવવા અનંત કર્મોની ગુલામી નજર સામે ને નજર સામે તરવરે પૂછો,

પ્ર.-રાગાદિ-રોગિષ્ઠતા ને મૂર્ખતાને શો સંબંધ કે એવી રોગિષ્ઠતા પર જાતની મૂર્ખતા મનાય ?

ઉ.-સંબંધ આ છે કે આ રાગાદિ રોગો પોતાના કર્યા થાય છે. પોતાને કરવા હોય તો થાય, ને ન કરવા હોય તો ન થાય. એ જાત અનુભવથી અને ગુરુ ઉપદેશથી એ ખબર છે કે રાગદ્વેષ-વેર-ઝેર વગેરેથી પોતાને કેટલી આપદા ને કેટલા સંતાપ ચિંતા ઊભા થાય છે ! હવે જો આ ખબર છતાં રાગાદિ કરવા છે, તો એ ડહાપણ છે કે મૂર્ખતા ?

**પોતાને જ ચિંતા-સંતાપ-આપદા લાવી આપે એવા રાગાદિ કરવા એ મૂર્ખતા નહિ તો બીજું શું ? પૂછો,**

પ્ર.-શું રાગાદિ સહેજે નથી ઉઠતા ? પોતાના કર્યા થાય છે ?

ઉ.-હા, પોતાને રાગાદિ કરવા છે માટે થાય છે, ન કરવા હોય તો ન થાય. જુઓ, પુત્ર પર રાગ કરાતો હતો, પરંતુ જ્યાં એ ઉલ્લંઠ પાકે ઉદ્ધત થઇ સામા બોલ ઠોકે, ઉડાઉ થઇ પૈસા ફોગટ ઉડાવે, વ્યસની થઇ જાય, તો પછી એના પર રાગ કરો ખરા ? ના, કોઇ પૂછે 'કેમ દીકરા પર તમને પ્રેમ નથી થતો ?' તો ઝટ કહેવાના કે 'શું રાખ પ્રેમ કરે ? એનાં લક્ષણ જુઓને, લક્ષણ કેવાં ખરાબ છે ? એવા પર શાનો પ્રેમ રાખવાનો ? દીકરો છે એટલે પ્રેમ તો સહેજે કરીએ, પરંતુ પ્રેમ કરવા જેવી લાયકાત જોઇએ ને ?' આ શું સૂચવે છે ? પુત્રનાં ખરાબ લક્ષણ જોઇ એના પર પોતાને જો પ્રેમ-રાગ કરવો નથી, તો નથી થતો. આ હિસાબ છે-

**રાગ કેમ ઉઠે ? :-**

**(૧) બીજો વિરોધી રાગ ગોઠવાઇ જાય અગર (૨) આ રાગ પાછળ ભયંકર અનર્થ દેખાય તો આ રાગ ઉડવા માંડે છે.**

(૧) સગી માતા ચૂલણી રાણીને પુત્ર બ્રહ્મદત્ત પર રાગ હતો, પરંતુ એનો વિરોધી રાગ પોતાના યાર પર ગોઠવાઇ ગયો, તો યારના કહેવાથી પુત્ર પરથી રાગ ઊડ્યો, તે એટલે સુધી કે પુત્રને લાખના ઘરમાં સૂવાડી પછી આગ લગાડી ! જીવતો બાળી મૂકવા પેંતરો ગોઠવ્યો !

(૨) વિશ્વભૂતિને કાકા પર ભારે રાગ હતો, પરંતુ કાકાના માયા પ્રપંચને જાણ્યો કે કાકા પરથી રાગ ઊડ્યો.

સ્થૂલભદ્રજીને કોશા વેશ્યા પર અથાગ રાગ હતો, પરંતુ જ્યાં એની પાછળ મોક્ષમાર્ગની સાધના ગુમાવવાનો મહાઅનર્થ ધ્યાન પર આવ્યો કે કોશા પરથી રાગ ઉડ્યો.

એવું પ્રદેશી રાજાને ધર્મ પામ્યા પછી પ્રાણ પ્યારી સૂર્યકાન્તા રાણી પરથી રાગ ઉડ્યો. ત્યારે સૂર્યકાન્તા રાણીને પણ પતિ પ્રદેશી રાજા પર અથાગ રાગ છતાં જ્યાં એને લાગ્યું કે 'હવે આ મારી સાથે મોહની રમત નહિ કરે. માટે મને એ ન ફાવે,' એટલે પતિ પરથી રાગ ઉડ્યો, ને એવો ઉડ્યો કે મોકો મળ્યે પતિને ઝેર દઇને ખત્મ કર્યો.

**સારાંશ :-**

**રાગ આપણે જાતે જ સ્થાપીએ છીએ ને જાતે જ ઉથાપીએ છીએ.**

**પત્ની પરનો તીવ્ર રાગ દેવ-ગુરુમાં ચિત્ત ન ચોંટવા દે:-**

તો સંસાર અને સંસારના વૈભવ અને વિષયો પરથી તમારે રાગ ઉથાપવો છે ? તો એની પાછળ ઊભી થનારા આ લોક અને પરલોકના મહાઅનર્થ મન પર લો.

સંસાર-રાગના અહીંના અનર્થ ઓછા છે ?

એક ચાપલુસી કરનારી પત્ની પરનો રાગ દેવાધિદેવ અને ગુરુ પર ચિત્ત ચોંટવા નથી દેતું. જે મિઠાશ એવી પત્ની સાથે વાતો કરતાં હૈયે અનુભવાય છે, એવી દેવાધિદેવના સ્તુતિ-સ્તવનમાં કે ગુરુ સાથેની વાતચીતમાં ક્યાં અનુભવાય છે ?

**પ્રિય પત્ની સાથે વાતોમાં જે મીઠાશ. તે પ્રભુ સ્તુતિમાં નહિ તો ધર્મરાગ કેવો ?**

કુટુંબ પર આંધળો રાગ માંડ્યા પછી એની પાછળના ખર્ચામાં સુકૃત કેટલા

બધા ભુલાય છે ? પૈસા પૂર્વભવના સુકૃતે આપ્યા, પણ અહીં એ પૈસાથી સુકૃત કરવા નથી ! ને કદાચ કરવા છે તો જાણે દદુડી મૂતરાવવા જેટલા ! આ ઓછો અનર્થ છે ? મોહમાયા ખાતે અને પાપ ખાતે ઢગલા વરસાવવા છે, એનાં પાપકર્મના બંધન કેટલા ઢગલાબંધ પોતાના આત્મા પર લાગવાના ? એથી મોટા અનર્થ તો અહીંના રાચીમાચીને સેવેલા જડ વિષયોના આંધળા રાગના ઘેરા સંસ્કારો નવા નવા વિષય-સંયોગે વધતા ચાલી ચાલીને કેટલા બધા જથાબંધ જમા થયે જવાના ?

**એ વિષયોના નવા નવા સંસ્કારોના મોટા ઢગના ઢગ આગળના ભવોના ભવો સુધી જીવને (૧) કેટલો બધો વિષય-ઘેલો અને વિષયો ખાતર કેટલો બધો પાપિષ્ઠ બનાવશે ?**

**(૧) રાગાદિને હૈયામાંથી ઊઠાડી મૂકવા એક ઉપાયઃ એના અનર્થ જોવા :-**

આ મહાઅનર્થોનો વિચાર નહિ ને એના તરફ આંખ મિંચામણા કરવા અને વિષયોની ગુલામી સેવ્યે જવી એ એનો અર્થ જ એ કે આપણી જાતે જં રાગ થાપીએ છીએ. એમ જાતે જ રાગ ઉથાપીએ છીએ. દા.ત. સગારૂપી વિષય તરફથી વિશ્વાસઘાત આવી ગયો, તો એના પરથી રાગ ઉઠાડી મૂકતાં ય આવડે છે. બસ, એજ રીતે આત્માના ભયંકર અનર્થો મન પર લઇએ તો રાગને ઉઠાડી શકીએ છીએ.

આવું ઇર્ષ્યા-વૈર, હરખ-ખેદ, કામ-ક્રોધ-લોભ, માન-મદ વગેરે આત્માના રોગો અંગે છે. એને આપણે જ દિલમાં થાપીએ છીએ અને આપણે જ ઉથાપીએ છીએ. પરંતુ જેમ લૌકિક કારણ મળે તો ઉઠાડી મૂકીએ તેમ આત્માને એથી નીપજતા ભયંકર અનર્થ પર ચોંટ લગાડીએ ને એ જો દિલને ધ્રુજાવી મુકે, તો એથી બચવા આ ઇર્ષ્યા વગેરે રોગો આપણે ઉઠાડી મૂકવા શક્તિમાન છીએ.

**(૨) રાગાદિ ઉઠાડી મુકવા બીજો ઉપાય :-**

રાગદ્વેષ-ઇર્ષ્યા વગેરે રોગોને દબાવવા માટે જેમ એના અનર્થો ધ્યાન પર લેવા એ એક ઉપાય છે, એમ એ રાગાદિની પાછળના કારણ વિચારી એને ન્યાય આપવો, એ પણ એક ઉપાય છે. દા.ત. પકવાન્ન પર રાગ થાય છે, એની પાછળ કારણ એ છે કે પકવાન્નના પલટાતા પુદ્‌ગલોનો ખ્યાલ નથી, જો આ વિચારવામાં આવે કે આ પકવાન્નની પૂર્વાવસ્થા અને ઉત્તરાવસ્થામાં ગંદા પુદ્‌ગલોજ છે. પૂર્વા

વસ્થામાં ગંદા પુદ્ગલોએજ વર્ણ-રસ-ગંધ નવા લઇ પકવાન્ન સ્વરૂપ ધારણ કર્યું છે, ને ઉત્તરાવસ્થામાં તો જાણીએ છીએ કે પકવાન્ન શરીરમાં જઇને કેવી ગંદી રસ રુધિર માંસ વગેરે ધાતુ અને કેવા કફ-મળ-મૂત્ર વગેરે ગંદા ખાળનું સ્વરૂપ ધારણ કરે છે.

રાગની સારી વસ્તુની પાછળના કારણને ન્યાય આપીએ અર્થાત્ એના પર બોધપાઠ લઇએ કે 'વાહ ! હું કેવો મૂર્ખ ને મૂઢ કે આવા ગંદા પદાર્થના રૂપાંતર પર મોહી પડું છું ? નજર સામે નગરની મળ-મૂત્રાદિ ભરેલી ખાળનું પાણી કોલસીમાંથી ગાળી ચોક્ખું કરી પીવા આપે તો કોઇ પીએં ?

**(૩) રાગાદિને ઉઠાડી મુકવા ત્રીજો ઉપાય ત્યાગને મહત્ત્વ :-**

રાગાદિ ઉઠાડવા આ પણ એક ઉપાય છે કે વિષયોને મહત્વ ન આપતાં એના ત્યાગને મહત્ત્વ આપવું. જ્ઞાનીઓના વચનથી જાણીએ છીએ કે પુદ્ગલો પલટાતા છે, આજે સોનારૂપે દેખાતા પુદ્ગલ કાળાન્તરે પલટાઇને ઉકરડારૂપ બની જાય છે, મિષ્ટાન્ન રૂપે જણાતા અણુઓ વિષ્ટાના અણું બની જાય છે ! તો શું વર્તમાનમાં એ સોનું આંખને, ને એ મિષ્ટાન્ન જીભને રુચિકર લાગવા માત્રથી એના પર રાગ કરવો ? એને ત્યાગ તથા દાન વગેરે ધર્મ કરતાં બહુ મહત્ત્વ આપી દેવું ?

**લક્ષ્મી મહાન ? કે દાનધર્મ મહાન ?**

**લક્ષ્મી તો ચિત્તના ભાવ સંકુચિત ને સ્વાર્થી, કલુષિત અને લોભી બનાવનારી છે, ત્યારે,**

**દાન એ દાન છે, ચિત્તના ભાવ ઉદાર ને પરોપકારી નિર્મળ અને નિસ્પૃહી બનાવનાર છે.**

જે આ ભવ પછી પણ જીવની સાથે લાગી વિકાસ પામતાં અમર અવિનાશી શુભભાવ રૂપે બની જાય છે. ત્યારે સોનું બહુ સારું બહું સારું' એમ અથાગ રાગ કરી કરીને દાનમાં ન દેતા રાખી મૂક્યું તો આ ભવને અંતે તો અચૂક આપણી પાસેથી જવાનું ને પરભવે સાથે નહિ ચાલવાનું એવું નાશવંત છે, ને ઉપરાંત અહીં રહે ત્યાં સુધી આપણા ચિત્તના ભાવ બગાડનારું છે. તો અમર અવિનાશી બનનાર દાનને મહત્ત્વ ન આપતાં નાશવંત અને ચિત્તના ભાવ બગાડનારા સોનાને બહુ મહત્ત્વ આપી એના પર રાગ કર્યા કરવો એ કેવી મૂઢતા ?

**(૪) 'મહા સંપત્તિ પણ ચિત્તના ભાવ બગાડનાર હોઇ ત્યાજ્ય છે.' એ**

**વિચારતાં ય એના પરનો રાગ ઊડી જાય,**

**જંબુને કઇ ભાવના પર મહાત્યાગ સૂલભ ? :-**

જંબુકુમારને ૯૯ ક્રોડ સોનૈયા એકદમ જ મૂકી દેવાની હિંમત કેમ ચાલી હશે ? આટલા જ માટે કે સોનૈયા ચિત્તના ભાવ બગાડનારા અને અંતે અવશ્ય નાશ પામનારા છે, ત્યારે એનો સર્વે સર્વા ત્યાગ એ ચિત્તને મલિન ભાવથી બચાવી દેવ-ગુરુને આત્મ સમર્પણ અને ભક્તિના તથા તત્વ ચિંતનના શુભભાવને જનમવા અવકાશ આપે છે. તો પછી આવા અતિ દુર્લભ આર્ય માનવ અવતારે સોનૈયા વગેરેનો ત્યાગ કરી ચિત્તનો બગાડો કાં ન અટકાવવો ? અને ઉત્તમ શુભભાવો કાં ન જાગતા કરી દેવા ? જંબુકુમારને આ બુદ્ધિ જાગવા પર ત્યાગની હિંમત કેમ ન આવે ?

**માનવભવની ઊંચી સફળતા ચિત્તના મલિન ભાવો અટકાવી શુભભાવો કેળવવામાં છે.**

આ જો બરાબર ખ્યાલમાં તરવરતું રહે, તો વાત વાતમાં રાગાદિ મલિનભાવો કરવાનું ન થાય. આમ તો સોનું વગેરે નાશવંત છે માટે એના પર શો રાગ કરવો ?' એમ કરી રાગ રોકવા પ્રયત્ન થાય, પરંતુ ત્યાં તો મન પાછું એમ ચિત્તવે છે કે-

પ્ર.-અંતે નાશવંત તો નાશવંત, પરંતુ અત્યારે તો સુખ આપે છે ને ? માટે એમ શે છોડાય ? કેમ એના પર રાગ ન થાય ?

ઉ-આ હિસાબે માત્ર નાશવંતતા વિચારવાથી રાગ નથી હટતો કિન્તુ સાથે જો આ વિચારાય કે 'સોનું અત્યારે વર્તમાનમાં ચિત્તના ભાવ બગાડનાર છે, ચિત્તને મલિન કરનાર છે, તો એના પર રાગ કરતાં વિચાર પડે. ચિત્તના બગાડાની ભયંકરતા દેખી સોનાને એટલું મહત્ત્વ ન અપાય.

સોનાં વગેરે પર રાગ અટકાવવાની આવી આ છે, કે એનાથી વર્તમાનમાં થતા અને જીવનભર ચાલતા ચિત્ત બગાડા-અર્થાત્ મનોમાલિન્યને વિચારવા ખૂબ મન પર લેવા. ભાવી ભવોમાં આ ચિત્ત-ખરાબીઓ ચાલે એના પર ચોંકી ઉઠવું.

**સોના વગેરે પર મનની કેવી કેવી મલિનતાઓ ? :-**

સોનું વગેરે જડ પદાર્થો મનમાં અનેક પ્રકારના કેવા માલિન્ય ઊભા કરે છે, એ જીવોના અનુભવની વસ્તુ છે,

(૧) એના પર ભારે રાગ-આસક્તિ-મમતા થાય છે.

(૨) એને સાચવવા મનમાં હિંસાના ભાવ પણ આવે છે. બેન્કોમાં નાણાં વગેરે સાચવવાની ઇલેક્ટ્રીક સેઇફ કસ્ટડી વોલ્ટ શું છે ? 'જો કોઇ ચોર વોલ્ટ ખોલી માલ લેવા જાય તો ઇલેકટ્રીકથી અંદર ચોંટીને ખત્મ જ થઇ જાય એ ભાવથી એવી વોલ્ટ રખાય છે. ત્યાં શું વિચાર્યું ! ચોરને જીવતો ખત્મ કરવાનું કે બીજુ કાંઇ ? વ્યક્તિગત પણ એવો વિચાર આવવા સંભવ છે કે 'જો આ સોનું વગેરે હડપવાનું કોઇ કરવા જાય તો એને લમણામાં જ ઠોકું'...આ ભાવ શું મનોમાલિન્ય નથી ? છે જ સામાન્ય માલિન્ય નહિ પણ ભયંકર માલિન્ય.

સોના વગેરે માલ પર ચિત્તમાં બીજી મલિનતાઓ તરીકે

(૩) ભારે અભિમાન આવે છે,

(૪) ભાગ માગનાર પર દ્વેષ સળગે છે,

(૫) ભાઇ ભાઇ કે યાવત્ પિતા-પુત્ર, માતા-પુત્ર વચ્ચે ખટરાગ થાય છે,

(૬) અનેક પ્રકારના વિષય વિલાસોના મલિન ભાવ અને મલિન કૃત્યો થાય છે. કહો,

**સોનું વગેરે માલપર અઢારેય પાપસ્થાનકની મનોમલિનતાઓ ઊભી થાય છે.**

જંબુકુમાર ૯૯ ક્રોડ સોનૈયા અને અપ્સરાશી આઠ યુવાન પત્નીઓ વગેરેમાં આ અઢારેય પાપસ્થાનકની મહામલિનતાઓ જાગતી જોઇ ભડકી ઊઠે, ને એકદમ જ એ છોડવા તૈયાર થઇ જાય, એમાં નવાઇ શી ?

પેલી બળદેવપુત્રી સુમતિએ મોટા વૈભવ આમ જ છોડેલા, ચારિત્ર જીવનમાં ગ્રહણ-શિક્ષા, આસેવન શિક્ષામાં આમ જ લાગી ગયેલી. 'આ માનવ જન્મની સુંદર સફળતા પ્રાપ્ત કરવા માટે ચિત્તના ભાવ ન બગડવા દેવા ને ભાવ બગાડનાર મનોમાલિન્ય કરનાર સર્વ પ્રમાદ-પ્રવૃત્તિ અટકાવી દેવી.' આવું મનમાં નક્કી કર્યું છે. 'માત્ર ચારિત્ર વગેરે પંચાચારના આચાર અને શાસ્ત્ર સ્વાધ્યાયની જ પ્રવૃત્તિ રાખવી, જેથી ચિત્ત માત્ર પ્રશસ્ત ભાવમાં રમતું રહે,' આ હિસાબ છે.

ઉપરાંત સુમતિ સાધ્વી આ જુએ છે કે ખાન-પાનાદિની યથેચ્છ પ્રવૃત્તિ ઊભી હશે, તો એમાં પણ ચિત્તની મલિનતાઓ જાગવા સંભવ છે. માટે એનાથી બચવા તપસ્યા પણ જોરદાર કરવી. શ્રી રત્નાવલિ તપ, શ્રી કનકાવલિ તપ, શ્રી ઇન્દ્રિયજ્ય વગેરે ઉગ્ર તપસ્યાઓમાં પણ લાગી ગઇ છે. વાત પણ સાચી છે કે-

**છ પ્રકારના બાહ્ય તપનું જો જીવનમાં દેવાળુ હોય તો મનમાં ઘણી ખરી બદીઓ પેસે છે. ખરાબીઓ ઊભી થાય છે.**

દા.ત. બાહ્યતપમાં પહેલું અનશન એટલે ખાનપાનના ત્યાગ. એ પછી માસખમણ હો, એક ઉપવાસ હો અથવા આયંબિલ-એકાસન કે બેસણું હો, યા પુરીમઢ, સાઢપોરિસી કે પોરિસી વગેરે હો, યા બપોરે સારી રીતે જમી લીધું અને ત્યાં જ તિવિહાર કર્યો 'ચાલો આજે સાંજે કોઇ ખાવું-પીવું નથી એવું હો, તો એ બધું અનશન કહેવાય. નિયમ પૂર્વક ખાનપાનનો ત્યાગ જોઇએ, એ અનશનનો તપ છે, હવે એ જો ન હોય તો સહજ છે કે ખાવા-પીવાની લાલસા બની રહેવાની, એ લાલસામાં સગવડ મળ્યે મનગમતા રસ ઉડાવતા રહેવાની લાલસા પણ બની રહેવાની, ને એ મનની ખરાબી જ છે, મલિનતા જ છે, પછી ભલે સવાર-બપોર-સાંજ ત્રણ ટંક ખાતો પીતો હશે, પરંતુ એ નિયમ નથી કરવો કે 'મારે ચોથો ટંક નહિ કરવાનો' તો એ અંદરખાને લાલસા રહી. મનની આ પવિત્રતા નથી, વિશુદ્ધિ નથી, અશુદ્ધિ છે. મલિનતા છે માટે જો મલિનતા હટાવવી હોય તો પોરિસી-સાઢપોરિસી-બિયાસણ-એકાસણ-આંબેલ-ઉપવાસ વગેરે તપસ્યાનો અનશનનો તેમજ ચાલુ મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણનો અથવા હાલતાં ને ચાલતાં અમુક સમય માટે ખાનનો ત્યાગ પાનનો ત્યાગ એ અનશન તપ કરતા રહેવું જોઇએ. તેથી મનની ખાઉં ખાઉંની ખરાબી ઓછી થઇ વિશુદ્ધિ થતી આવે.

**મન એ કપડું છે, નાનો મોટો અનશન તપ એ સાબુ છે, એથી મનની મલિનતા ઘટી વિશુદ્ધિ થતી આવે.**

**(૨) એમ ઉનોદરીથી વિશુદ્ધિ :-**

ઉનોદરી એટલે ભુખ છતાં ઓછું ખાવું. આ પણ જો નથી કરતાં ને પૂરું કે સવાયું પેટ ભરવાનો હિસાબ રાખ્યો છે, તો એ જ્ઞાનીઓના હિસાબને અવગણવારૂપ મનની મલિનતા છે, શરીરને ટેકો આપવાનો છે. તે ઉનોદરીવાળા આહારથી અપાય જ છે. ઊલટું ઉનોદરીમાં અંદર વાયુને હરવા ફરવાની જગા ન રહેત, તે ઉનોદરીમાં જગા રહે છે, ને તેથી પાચન સારું થાય છે. વાયુની ગતિથી જ શરીરમાં આહાર રસ લોહી પાય-મલ વગેરેની ગતિ થાય છે. તો જ શરીર સુખાકારી કામ કરે છે. એમાં વાયુની અનુકુળ ગતિ કામ કરે છે, ને એમાં ઉનોદરી કામ કરે છે. પરંતુ આ તો ભૌતિક દ્રષ્ટિ થઇ. આત્મિક દ્રષ્ટિએ શરીરની શાતા સુખાકારિતા પર મનની સમાધિ રહે છે, ધર્મ સાધના સારી રીતે ચાલી શકે છે, પરમાત્માનું ધ્યાન ને તત્ત્વનું ચિંતન

અભગ્ન રીતે ચાલે છે. આ આત્માના લાભમાં છે.

ખાનપાન સંબંધમાં શરીર સુખાકારિતાની દ્રષ્ટિ રહેતી હોય, તોય તે પરિણામે ચિત્તની સારી સ્વસ્થતા સમાધિ અને સમાધિપૂર્વકની અર્થાત્ સ્વસ્થ ચિત્તે દેવદર્શનાદિ સારી ધર્મ સાધના કરવાની દ્રષ્ટિ રાખીને ખાનપાનાદિ કરવાના છે. એટલે

**એકલા ખાનપાનની જ નહિ. કિન્તુ બધીય પ્રવૃત્તિમાં ચિત્ત સમાધિની અને દેવદર્શનાદિની સ્વસ્થ દ્રષ્ટિ રાખવાની.**

ઉનોદરીમાં આ સચવાય છે. અતિ જરૂરી વાયુની ગતિ સારી સચવાય, એથી પાચન વગેરે સારું ચાલે, ને એથી શરીર શાતા સચવાઇને દેવદર્શનાદિ તથા શુભ ભાવના તત્ત્વચિંતનાદિ સારા સચવાય, સમાધિ સ્વસ્થતાથી થાય.

એટલું જ નહિ, પણ બાર પ્રકારના તપની જિનની આજ્ઞા છે તો એમાં ઉનોદરીની પણ જિનાજ્ઞા છે, તેથી ઉનોદરી રાખતાં જિનાજ્ઞાનું પાલન થાય એ મોટો લાભ છે. તેથી ઉનોદરી રાખવામાં મુખ્ય તો જિનાજ્ઞા પાલનની દ્રષ્ટિ રાખવાની છે.

**દરેક યોગ્ય પ્રવૃત્તિ કે નિવૃત્તિમાં મુખ્યપણે કારણ તરીકે ભગવાનની આજ્ઞા વિચારવાની છે.**

દરેક વાતમાં વીતરાગની આજ્ઞા આગળ કરવાથી જીવનમાં વીતરાગ મુખ્ય કર્યા ગણાય છે.

વીતરાગને દરેક વાતમાં આગળ કેમ કરવા ?

ત્યારે આપણા જીવનમાં વીતરાગ પરમાત્મા મુખ્ય કરાય એ કેટલી ઊંચી સાધના છે ! કેટલું ઊંચુ માનસ છે ! કેવો ઊંચા વિવેક છે ! કેટલી ઊંચી બુદ્ધિ છે !

કેવો ઊંચો શરણભાવ, સમર્પણ ભાવ અને નિરભિમાન ભાવ છે !

**આપણા સારાં કામમાં વડાઇ ભગવાનની :-**

વાતવાતમાં ભગવાનને આગળ કરીએ એટલે આપણી પોતાની હોશિયારી આગળ ન થાય. ઊંચું પણ કાર્ય આપણે બુદ્ધિ લડાવીને અને ભારે શ્રમ ખેડીને કર્યું હોય, છતાં ત્યાં જો વીતરાગને આગળ કરીએ તો વડાઇ વીતરાગ પ્રભુની લાગશે કે, આ કામ પ્રભુની કૃપાથી જ. તો આપણી જાતની વડાઇને આપણી હોશિયારીની વડાઇ નહિ લાગે, પણ વીતરાગ ભગવાનની વડાઇ લાગશે, એમની મહત્તા લાગશે, મનને થશે કે મારું શું ગજું ? ભગવાન વીતરાગ દેવનો પ્રભાવ કે આ કાર્ય બની

આવ્યું કેમ કે વીતરાગ પ્રભુએ માર્ગ પ્રકાશ્યો, તો જ મને ખબર પડી કે, આ માર્ગ કહેવાય આ કાર્ય કરવા જેવું છે માટે મુખ્ય મહત્તા વીતરાગના વચનની વીતરાગની.

અનાર્ય દેશમાં, કે આર્ય ઇતર કુળમાં જન્મેલાને વીતરાગના વચન અને વીતરાગ-કથિત કર્તવ્યાકર્તવ્ય માર્ગ બિચારાને મળ્યો જ નથી તો એવાને તો ક્યાં આ ઉત્તમ કાર્યો સૂઝે જ છે ? એ લોકો કાંઇક લાખો રુપિયા ય ખરચે છે, પણ આડા માર્ગે ! મારા અહોભાગ્ય છે કે મને વીતરાગ ભગવાન મળ્યા ! વીતરાગનો માર્ગ મળ્યો ! તો આ સૂઝ પડે છે કે, અમુક અમુક કાર્ય એજ માર્ગ, એજ કર્તવ્ય, એમ અમુક અમુક એ ત્યાજ્ય, એ અકર્તવ્ય માટે મહત્તા મુખ્યતા વીતરાગ-વચનની ને વીતરાગની.

ભલેને લાખો રૂપિયા ખર્ચીને સિદ્ધગિરિ મહાતીર્થનો યાત્રા સંઘ લઇ ગયા, પરંતુ એ વીતરાગ પ્રભુ અને એમનો કહેલો માર્ગ મળ્યો છે માટે જ લઇ ગયા ને ? તેથી મહત્તા એમની જ ગણાય, આપણી જાતની નહિ, કે આપણી હોશિયારી યા આપણા પૈસાની મહત્ત નહિ.

પ્ર.- પરંતુ એટલા પૈસા જ ન હોત તો ક્યાંથી સંઘ કાઢી શકાવાનો હતો ? માટે મહત્તા પૈસાની નહિ ?

ઉ.-તમે તમારા છોકરાને સમજાવી ફોસલાવી નિશાળે જોડ્યો, તો એ મહેનત કરીને બુદ્ધિ લડાવીને મેટ્રિક થયો, બી.કોમ.થયો, હવે એ છોકરો એમ કહે કે, *મારા બાપની શી મહત્તા હતી ? મેં હોશિયારી સાથે મહેનત જ ન કરી હોત તો* ક્યાંથી મેટ્રિક ને બી.કોમ. થાત ? આ તો હું મેટ્રિક બી.કોમ. થયો. એમાં મહત્તા મારી હોશિયારી અને મહેનતની છે મેં હોશિયારી ન લડાવી હોત કે મહેનત ન કરી હોત તો બાપાજી કે માસ્તરની શી મજાલ હતી કે મને મેટ્રિક કે બી.કોમ કરી શકે ? આમ ભણેલો છોકરો કહે તો એ યોગ્ય છે ? ના ત્યાં તો ઝટ તમે કહો કે તને અમે આ નિશાળ જ ન દેખાડી હોત ને માસ્તરે પાઠ જ ન સમજાવ્યા હોત તો તારી શી મજાલ હતી કે મેટ્રિક બી.કોમ. થઇ શકત ? તારી હોશિયારી ને મહેનત તો કોઇ આડા અવળા માર્ગે જ વેડફાઇ જાત ! માટે મૂરખ ! કૃતજ્ઞ બન, કૃતઘ્ન ન બન.

**આજની કેળવણી ઝેરી :-**

પરંતુ આજની કેળવણી જ ઝેરી છે એ કૃતજ્ઞતા ભુલાવે છે. જાતની મહત્તા, જાતની મહેનત, અને જાતની હોશિયારીની જ વડાઇ હોવાનું. શીખવે છે, ત્યાં મુખ્ય ઉપકારીઓ શી રીતે આગળ કરે ? આજની કેળવણીવાળા પાસે આત્મા જેવી

વસ્તુ નથી માત્ર બાહ્ય શરીર અને શરીર સંબંધિત જડ પદાર્થો ધન-માલ, વિષયો, માન-સન્માન, સત્તા-હોદ્દો વગેરે જ નજર સામે છે, એટલે એ એને જ મહત્ત્વ આપે છે. એમાં નવ નવાં સાધનો ઊભા કરાતા જાય છે. અનાદિના જડ મોહથી વાસિત જીવને આજ બધું નજર સામે તરવર્યા કરતું હોય, આની જ કવિતા સંભળાયા કરતી હોય, ધનવાન, સત્તાવાન ને હોદ્દાધારી ફૂલે પૂજાતા દેખાતા હોય સામે આત્મા પરલોક પુણ્ય-પાપ વગેરેનું કશું જ શિક્ષણ મળતું ન હોય, પછી જડને જ મહત્ત્વ આપે અને મહાન ઉપકારી માતાપિતા જેવાનેય ભૂલે, ને એમને કશું મહત્ત્વ જ ન આપે, એમાં શી નવાઇ છે ? નર્યો જડવાદ પ્રસરી રહ્યો છે.

**નર્યા જડવાદનું પરિણામ ?**

દેખો છે ને ? સ્વાર્થ, પ્રપંચ ઇર્ષ્યા, હોંશાતોશી, મદ-માનાકાંક્ષા અને ભયંકર દુષ્કૃત્યો કેટલા ફાલ્યા-ફૂલ્યા છે ! એટલે જ સમજી શકાશે કે આજની આ ખરાબીઓ મિટાવવી હોય તો શિક્ષણમાં જડના મહત્ત્વ છોડી આત્મા, પરલોક, ધર્મ, પાપભય વગેરેને મહત્ત્વ ખૂબ દેવું જોઇએ. ઉપકારી માતા-પિતા, વિદ્યાગુરુ અને પરોપકારી પરમાત્માના ઉપકાર ખૂબ ખૂબ અને વારે વારે આગળ કરવા જોઇએ.

જેવું ઊંધું વેતરણ આ છે કે 'છોકરો બુદ્ધિના જોરે અને મહેનત કરી કરી ગ્રેજ્યુએટ થયો એમાં માતા-પિતાનો મૂળ ઉપકાર આગળ ન કરે, જાતની હોશિયારી અને પરિશ્રમનો જ પ્રતાપ માને,' એવી રીતે ઊંધું વેતરણ આ છે કે ધર્મની સાધના કરે એમાં વીતરાગ જિનેશ્વર ભગવાન અને એમની આજ્ઞાનો મૂળ ઉપકાર ભૂલી, જાતની વડાઇ મનાય છે ! મૂળમાં વીતરાગનો માર્ગ મળ્યો તો જ આ સાધના જીવનમાં સ્થાન પામી શકે છે એ ભૂલી જવાય છે, એ સત્ય વાસ્તવિક હકીકત તરફ આંખ મીંચી દેવાય છે તેથી,

**માતા-પિતાનો ઉપકાર ભૂલી જાતની હોશિયારીનો પ્રભાવ માનવાનાં ઊંધાં વેતરણની જેમ, વીતરાગ અને જિનમાર્ગના ઉપકારને ભૂલી જાત વડાઇ માનવામાં ઊંધા વેતરણ છે.**

**વસ્તુ ગત્યા જીવનમાં ઠામ ઠામ વીતરાગ પ્રભુ અને એમનાં વચનને આગળ કરવાના છે. એમને મહત્ત્વ આપવાનું છે.**

દા.ત. પૈસા કમાયા શી રીતે કમાયા ? પૂર્વ જનમમાં વીતરાગને ભજ્યા હશે માટે કમાયા. વીતરાગનાં વચનનું આલંબન કરી સાધના કરી હશે માટે એથી

પુણ્ય ઊભું થઇ અહીં ધન મળ્યું.

અગર, પૈસા ખોયા, કે મળ્યા જ નથી, તો આ જ મુખ્ય વિચારે કે 'પૂર્વ ભવે વીતરાગને ભજ્યા નહિ હોય, એમનાં આલંબન કરી દાનાદિ સુકૃતની સાધના નહિ કરી હોય. અથવા સાધના કરવા જતાં કાંઇ વિરાધના કરી હશે, ઉભરાઇ ઉઠેલા સ્વાર્થભાવ કે આપમતિને લઇને અજુગતા રાગની પ્રવૃત્તિ કે મિથ્યા કલ્પના કરી હશે, તેથી પાપ ઊભું થઇ અહીં પૈસા મળ્યા નહિ, યા મળ્યા તો ખોવાઇ ગયા.' એમ માન-અપમાન, શાતા-અશાતા, વગેરે બધે વીતરાગ અને એમનાં વચન જ આગળ કરવાના.

ધર્મસાધનામાં પણ એમ જ કરવાનું, વીતરાગ અને એમનાં વચનનો જ ઉપકાર માનવાનો.

દા.ત. અનશન ઉપવાસો આદરીએ એમાં ય એ જ વિચારવાનું કે મારું શું ગજુ ? વીતરાગના પ્રતાપે જ આ થઇ શકે છે. એમણે આ અનશનનો માર્ગ બતાવ્યો તો જ હું આ કરી શકું છું, ને વીતરાગની આજ્ઞા છે માટે આ કરું છું.' એમ ઉનોદરી કરીએ એમાં પણ વીતરાગની આજ્ઞા આગળ કરવાની, 'ભગવાનની આજ્ઞા છે માટે આ કરું છું' એમ માનવાનું. એ મનાય એટલે 'ઊનોદરીથી શરીર સારું રહે' એવી ભૌતિક દ્રષ્ટિ રાખવાનું મન નહિ થાય.

**વીતરાગની આજ્ઞાને આગળ કરવાથી મન નિર્મળ બને છે.**

**બાહ્ય તપની ઉપેક્ષાથી મન મેલું :-**

માટે જ કહ્યું હતું કે (૧) વીતરાગ વચને કહેલ બાહ્ય તપની ઉપેક્ષાં હોય ત્યાં મન મેલું બની એમાં ઘણી ઘણી ખરાબીઓ પેસે છે. (૨) ઉનોદરી એક બાહ્યં તપ છે એ નથી સાચવવી, તો આહારની પૂરી આસક્તિ પોષાય. (૩) વૃત્તિસંક્ષેપ એ ત્રીજો બાહ્ય તપ છે, એમાં જેટલી વસ્તુ મળે તેટલી ખપે છે. કોઇ નિયમ નથી કે 'આટલાથી વધુ વસ્તુ ન ખપે', વસ્તુનો સંકોચ નથી, દ્રવ્યનો સંક્ષેપ નથી, તો પૂરી આસક્તિની મલિનતા છે.

જીવનમાં જો પૌદ્ગલિક વૃત્તિઓ પર અંકુશ નથી, જગતના ગમતા જડ પદાર્થો ભોગવી લેવા પર નિયમન નથી, તો 'જેટલું મળે એટલું ખપે' એવી આસક્તિ છે. જીવ આસક્તિવાળા મનથી જ સંસારમાં જન્મ-મરણના ફેરા કરી રહ્યો છે,

**જીવને નિઃસત્ત્વ બનાવનાર નિરંકુશ પૌદ્ગલિક આસક્તિ છે.**

**નિઃસત્ત્વતા કષાયો કરાવે છે.**

નિઃસત્ત્વતાને લીધે જ જીવ જડ પદાર્થ ખાતર ક્રોધાદિ કષાયો કરે છે મનની આવી ખરાબીઓ વૃત્તિ-સંક્ષેપ યાને દ્રવ્ય સંકોચ નામના બાહ્ય તપથી કાબૂમાં આવે છે. એક નાનકડો પણ નિયમ કર્યો કે 'મારે આજે પંદર ચીજથી વધુ નહિ ખાવી,' તો એટલો વૃત્તિનો સંકોચ થયો. વૃત્તિ પર નિયમન આવ્યું, એટલો જડ આસક્તિ પર કાપ પડ્યો. અલબત બીજી ઘણી ઘણી આસક્તિ ઊભી છે, છતાં આસક્તિના અંકુશના માર્ગે આટલું પગરણ મંડાયું. 'મારે વરસમાં આટલાથી વધુ વસ્ત્ર નહિ વાપરવા'. અથવા ! આટલી કિંમતથી વધુ રકમના વસ્ત્ર નહિ વાપરવા, એટલો નિયમ કરવાથી એટલા પ્રમાણમાં પૌદ્ગલિક વૃત્તિ પર નિયમન થયું. એટલી અનાસક્તિ થઇ.

**મોક્ષ અનાસક્તિથી મળે છે.**

**વૃત્તિ-સંક્ષેપથી અનાસક્તિના માર્ગે પ્રયાણ થાય છે.**

મોક્ષની ઇચ્છા છે ? સાચી ઇચ્છા હોય તો અનાસક્તિની તીવ્ર ઇચ્છા ઊભી કરવી જોઇશે, ને એ ઊભી થાય પછી આ શોધતા રહેવાનું કે 'ક્યાં ક્યાં હું મારા મનની નિરંકુશ જડ આસક્તિને વૃત્તિસંક્ષેપના નિયમથી અંકુશમાં લઉં. એ માટે કયા કયા એવા નિયમ કરું.'

હૈયામાં કોતરી રાખવાનું કે 'જડની આસક્તિ એ મનની ભારેમાં ભારે ખરાબી છે. પછી જેમ એ સમજાય છે કે અજીર્ણ અપચન એ પેટની ખરાબી છે.' તો એના નિવારણ માટે ઉગ્ર પણ ઉપચાર કરાય છે, ભૂખ્યા રહેવાય છે, ઓછું ખવાય છે, મન-ગમતા મિઠાઇ ફરસાણ વગેરે ખાવા બંધ કરાય છે, એવી રીતે આસક્તિને મનની ખરાબી સમજ્યા પછી એ નિવારવા જલદ ઉપાય કરાય. મનગમતું કેટલું ય નિયમો કરીને છોડાય. આ ખરાબી દિલને કરડતી રહેવી જોઇએ.

**અજીર્ણ એ પેટની ખરાબી, આસક્તિ એ મનની ખરાબી.**

અજીર્ણ ચાલુ ને ચાલુ જ રહ્યું તો શરીર તદ્દન ખલાસ, એમ આસક્તિ ચાલુ ને ચાલુ જ રહી તો આત્મા તદ્દન ખલાસ. એમ આત્મા તદ્દન ખલાસ એટલે સદ્ગતિના ભવો અટકી જવાના, ને દુર્ગતિના ભવોની હારમાળા ચાલવાની ! આનું મૂળ વૃત્તિસંક્ષેપ નહિ એ. એમાંથી આસક્તિ ફાલીફુલી રહીને એવા પાપાનુબંધી કર્મ ખડાં કર્યાં કે એણે પાપિષ્ઠ ભવોની પરંપરા ચલાવી.

ત્રિપૃષ્ઠ વાસુદેવે પૂર્વે સંયમના પણ ભવમાં જડ શારીરિક બળની આસક્તિ ઊભી કરી મનમાં ઊઠેલી બળની પૌદ્‌ગલિક વૃત્તિ પર અંકુશ ન મૂક્યો, ઊલટું નિયાણું કરી એ વૃત્તિ-આસક્તિને દ્રઢ કરી, તો પરિણામ કેટલું બધું ભયંકર આવ્યું ? ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં જડ વિષયોની ભારોભાર આસક્તિ રહી, ને એનાં પરિણામમાં સીધી સાતમી નરક, ને પછી જંગલી સિંહનો અવતાર, પછી ચોથી નરક, ને તે પછી તિર્યંચગતિમાં પાર વિનાના અવતારો ! માટે આ વાત છે કે-

**પેટના અજીર્ણ કરતાં મનનું આસક્તિ રૂપી અજીર્ણ ભયંકર**

એને નાથવા અટકાવવા વૃત્તિસંક્ષેપ તપની અતિ આવશ્યકતા છે.

(૪) એમ 'રસત્યાગ' નામના બાહ્ય તપની પણ પણ ખૂબ જ જરૂર છે. એય ન હોય તો સારા મન-ગમતા રસની ગૃદ્ધિ આસક્તિ રહેવાની, ને એ પણ મનની મોટી ખરાબી છે, કેમકે રસની લંપટતામાં પછી બીજું ભાન-બાન રહેતું નથી, ને એથી મોટા અનર્થમાં મુકાવું પડે છે. બોલો મનની જે રસ લંપટતા અનર્થ લઇ આવે એ મનની ખરાબી નહિ ?

રસની લંપટતાવશ માછલું માછીમારના કાંટામાં પરોવાય છે, ને પંખેરા જાળમાં સપડાય છે. માછલા સમુદ્રમાં યથેચ્છ હરી ફરી શકે છે કોઇ રોક ટોક નથી, તેમ પંખેરા આકાશમાં હરવા ફરવા સ્વતંત્ર છે, કોઇ તેને અટકાવી શકતું નથી, છતાં એ કેમ કાંટે વીંધાય છે ? ને બીજા કેમ જાળમાં ફસાય છે ? માણસ કાંઇ એમને હાથેથી પકડીને કાંટે વીંધવા કે જાળમાં ઘાલી દેવા સમર્થ નથી, છતાં જો એ ફસામણમાં આવતા હોય તો એક જ કારણ કે એમને મનગમતા રસની લંપટતા છે તેથી સ્વયં-જાતે રસદાર વસ્તુ પર ચોંટે છે, ને એથી કાંટે વીંધાય છે ને જાળમાં ફસાય છે.

**રસની લંપટતા પણ મનની એક ખરાબી છે.**

એમાં ભાન ભૂલેલો માણસ પણ (૧) પેટ બગાડે છે, (૨) તબીયત બગાડે છે, (૩) આયુષ્ય પર ઉપક્રમ આવવાની ભૂમિકા સર્જે છે, (૪) રસની લંપટતામાં પૈસા બગાડે છે (૫) એટલા પૈસાનો પરમાર્થ પરોપકાર થઇ શકતે, તે ચૂકે છે (૬) રસની લાલસા પોષવા કદાચ એ માટે જરૂરી પૈસા કમાવવા જૂઠ, અનીતિ, વિશ્વાસઘાત કરે છે, (૭) ન કરવા જોગ ધંધા કરે છે.

આજે જુઓ છો કે જાલિમ મોંઘવારીમાં પણ મનમાન્યા ભોજન પાછળ કેટલા ધૂમ ખરચ ચાલી રહ્યા છે ? 'સવારે ભૂખ હોય કે ન હોય પણ ચાહ, દૂધ તો

જોઇએ જ. બપોરે પણ ચાહ તો જોઇએ જ, ગાંઠિયા ફરસાણ જોઇએ જ, રવિવારે જમણ જોઇએ જ, લીલાં શાક ગમે તેટલા મોંઘા હોય તોય તે પણ જોઇએ જ.'

**રસ લંપટતા કેટકેટલા ખરચ કરાવે ? એની સામે પ્રભુ ભક્તિમાં ખરચવા કેટલું પહોંચે ? કેટલું ખરચાય છે ?**

આજે પ્રભુ પૂજામાં કેશર-વરખ બાદલું ઓછું થઇ ગયું ને ? કેમ ? કહેવાના, 'મોઘું બહું.' અલ્યા ! આ મોંઘવારીમાં બિનજરૂરી મીઠા મીઠા રસની મહેફીલ ઉડાવવા કેટલું ખરચે છે ?' કહે છે 'એટલું તો ખરચવું પડે.' કારણ ? જાતની ને કુટુંબની રસ લંપટતા પોષવી છે. ત્યારે જ જાતના ખરચમાં પહોળો, એ પરમાર્થના ખરચમાં સાંકડો, આ સામાન્ય નિયમ છે. પૂર્વજો પરમાર્થ ખરચમાં પહોળા હતા, કેમકે એ જાતના ખરચમાં સાંકડા હતા. રસની એમને એવી લંપટતા નહિ, એટલે જ એ પૂર્વજો ધંધામાં એવા જૂઠ-અનીતિ-વિશ્વાસઘાત કરતા નહિ. ત્યારે પ્રશ્ન થાય,-

પ્ર.-પૂર્વજોને ભલે રસનો શોખ નહિ, પણ પરમાર્થનો શોખ તો ખરો ને ? તો એ શોખ પૂરો કરવા પૈસા જોઇએ એ કમાવવા શું જૂઠ-અનીતિ ન કરે ?

ઉ.-બેમાં ફરક છે. રસની ગૃદ્ધિવાળા ને રસના લંપટ ને ગમે તે ભોગે રસનો શોખ પૂરો કરવો છે, તેથી ગમે તેવું આડું અવળું કરીને પણ પૈસા ઊભા કરવા જોઇએ છે, ત્યારે પરમાર્થના શોખીનને એવો રસ નથી કે ગમે તેમ આડું અવળું કરીને પણ પરમાર્થનો શોખ પૂરો કરવો, અર્થાત્ ગમે તેમ અન્યાય-અનીતિ-વિશ્વાસઘાત કરીને પણ પૈસા ઊભા કરી પરમાર્થ કરવો, એવું એના મનને નથી. આનું કારણ સ્પષ્ટ છે.

પરમાર્થના શોખીનને પરમાર્થનો રસ કેમ ? પરમાર્થ એ ધર્મ છે, ધર્મનો પોતાને રસ છે, માટે પરમાર્થનો રસ છે, શોખ છે, અને

**જેને ધર્મનો રસ છે એને પાપ પ્રત્યે આંતરિક અરુચિ હોય.**

સંયોગવશ એને કેટલાક પાપ કરવા પડે છે, પરંતુ અંતરમાં પાપ ડંખે છે. એટલે જ પરમાર્થ માટે પૈસા એવી રીતે લાવવા નથી ઇચ્છતો કે જેમાં વધુ પડતા પાપ ને ભારે પાપ કરવા પડે. એ સમજે છે કે-

**પરમાર્થથી મળેલું પુણ્ય ભવિષ્યમાં સંપત્તિ દેખાડશે પરંતુ પૈસા માટે કરેલ અનીતિ આદિ ઉગ્ર પાપના જાલિમ કુસંસ્કાર ભવિષ્યમાં ભયંકર પાપ**

**બુદ્ધિ કરાવશે. પાપિષ્ઠ બનાવશે.**

ત્યાં પછી સંપત્તિ મળી હોય તેથી શું ? ઉલટું સંપત્તિ સાથે પાપિષ્ઠ વૃત્તિ વધારે પાપ કરાવવાની. માટે જ જ્ઞાની ભગવંતો કહે છે.

**અન્યાયના પૈસા એ 'બડિશામિષ' જેવા છે. માછલીને વીંધનાર કાંટાને વિંટળાયેલ માંસ પેસી જેવા છે. પરિણામે ભયંકર વિપાક દેનારા !**

ભયંકર વિપાક આ, કે દુર્ગતિનાં દુઃખ ઉપરાંત પાપિષ્ઠ જીવન !

પરમાર્થ કરનારો ધર્મના રસથી પરમાર્થ કરે એટલે સહેજે એને પાપનો ભય, પાપની અરુચિ હોય, પછી એ ભલે પરમાર્થ માટે પૈસા જોઇએ છે, પરંતુ એ પૈસા માટે અન્યાય-અનીતિ-વિશ્વાસઘાત વગેરે ઓર પાપ શાનો કરે ?

પ્ર.-તો આજે એક બાજુ મોટી સખાવત કરનાર કે મોટું સુકૃત કરનાર કેમ એવા અન્યાયાદિના પાપ કરતા દેખાય છે ?

ઉ.-એનું કારણ, એવા માણસો પ્રાયઃ પરમાર્થનું કામ ધર્મના રસથી નહિ, પરમાર્થના શોખથી નહિ, પરંતુ લોક-વાહ વાહના રસથી કરે છે. એકાદ મોટું સુકૃત કરી લઇએ એટલે લોકોમાં સારી નામના મળે, પ્રસિદ્ધિ થાય, શેઠ તરીકે માન્ય થઇએ છોકરા-છોકરી સારે ઘરે મંડાય.' આવી આવી અંતરમાં ખોટી દાનત હોય છે. ત્યાં પરમાર્થ કરી લીધો પણ ધર્મનો રસ ક્યાં આવ્યો ?

બાકી જેને શુદ્ધ ધર્મના રસથી પરમાર્થ સુકૃત કરવાં છે એને તો ઉગ્ર પાપનો ભારે ભય હોય, ઉગ્ર પાપ પ્રત્યે ભારે નફરત હોય તેથી સુકૃત માટે જરૂરી પૈસા કમાઇ લેવા અન્યાય-અનીતિ-વિશ્વાસઘાત જેવા ઘોર પાપ ન કરે.

ત્યારે જે રસનો લંપટ છે, કામ લંપટ છે. એને એ રસના શોખ પુરા કરવા પૈસા જોઇએ છે. એમાં એને ધર્મનો રસ નથી. તેથી પાપનો ભય નથી, એટલે એ પૈસા ઊભા કરવા ભારે પાપ પણ શું કામ નહિ કરે ? પાપ કરવામાં એને સંકોચ શા માટે થાય ?

**રસ લંપટતાનું પાપ જેને ખપે છે, પછી બીજા ય પાપ તેને ખપવાના. જેને રસ-ત્યાગનો બાહ્ય તપ નથી એને મનની ખરાબીઓ કેટલી પોષાવાની ?**

**(૫) એમ, ધર્મકષ્ટ નથી ઉપાડવા એને ય મનની ખરાબીઓ ઘણી**

ધર્મ માટે કાયકષ્ટ વધાવવા એ 'કાયક્લેશ' નામનો ૫ મો બાહ્ય તપ છે.

એ મનની સુંવાળાશ-સુખશીલતા અને હરામ હાડકાપણું અટકાવે છે. વ્યાવહારિક કામ આવ્યું તો ભૂખ્યો રહેવા તૈયાર, એ માણસ પર્વતિથિ આવી તો નાનો ય તપ કરવા કેમ તૈયાર નહિ ? કહો મન સુંવાળું છે 'ના ભાઇ ! આપણાથી તપ ન થાય,' આ સુંવાળાશ છે 'અલ્યા પણ આજે ચૌદશ છે છેવટે બેસણું તો કર ?' ના, એ નહિ બને' જો મનગમતા વેપારના કામમાં ગોંધાય, તો બે વારથી શું એક જ વારના ભોજનથી એને નભશે, પણ નહિ નભે ધર્મની આરાધનામાં ! કેવી સુવાળાગીરી ?

**ધર્મમાં કાયકષ્ટથી હરામ હાડકાપણાનો દોષ અટકે.**

ધર્મ સાધવાની વાત આવે, સેવા-પરોપકારની વાત આવે, કર્તવ્ય બજાવવાની વાત આવે, ત્યાં જો કાયકષ્ટ ઉપાડવા તૈયાર નથી તો એ મનની સુંવાળાગીરી છે, એ મનની ખામી છે, મનનો દોષ છે. ત્યાં કાંઇ કાયા અશક્ત નથી, ધારે તો કામ બજાવી શકે છે. પરંતુ મનની સુંવાળાશ ને હરામ હાડકાપણું નડે છે 'ખમાસમણ વંદન ઊભા થઇને કરવું જોઇએ' પરંતુ આ હરામ હાડકાપણું વંદન બેઠા બેઠા કરાવે છે ! જ્ઞાનીઓએ આ દોષ હટાવવા કાયકષ્ટ નામનો તપ બતાવ્યો. એ કરતાં કરતાં મનની સુંવાળાશ ઓછી થાય છે હાડકા હરામ થતા અટકે છે, સત્ત્વ હણાતું નથી ખીલે છે.

પ્ર.-આ બધું સમજવા છતાં અવસરે કાયા કેમ સુંવાળી બને છે ? કષ્ટ કેમ ઉઠાવવાનું ?

ઉ.-કાયકષ્ટનો મહા મહિમા હૈયા પર અંકિત નથી. 'કાયકષ્ટ ન લેવાય તો મોટી ખોટ છે !' એની ભડક નથી કે 'હાય ! કાયકષ્ટ જતું કરી મેં કેવું સરસ કમાવાનું ગુમાવ્યું ?' દિલને આવો ઝાટકો ન લાગે, ઊલટું એમ થાય કે 'કાંઇ નહિ, કાયકષ્ટ ન ઉઠાવ્યું એમાં શું થઇ ગયું ? ત્યાં પછી કાયકષ્ટ જિંદગીના અંત સુધી ઉઠાવવાનું મન નહિ થાય. માટે

**'કાયકષ્ટ' તપ ઉઠાવવા,**

**(૧) કાયકષ્ટનો મહાન મહિમા હેયે વસાવવાનો.**

મહાન મહિમા આ, કે કાયાને જેમજેમ કષ્ટથી કસીએ તેમ તેમ આત્માની એક મહા ખરાબી, કાયાની ને મનની સુંવાળાશ' અસહિષ્ણુતા નિઃસત્ત્વતા ઓછી થતી આવે.

**તન મનની સુંવાળાશના કારણે જ કામક્રોધ, લાલચ વગેરે આંતર દુશ્મનો ફાલેફુલે છે.**

વિચારી જોજો, તપાસજો, તો એ આંતરદોષો ઝગમગવા પાછળ તન મનની સુંવાળાશ જ કામ કરતી દેખાશે. દા.ત. નોકરે ગ્લાસ ફોડ્યો. જો મન સુંવાળું છે તો ઝટ ગુસ્સો ચડી આવે છે. મન સુંવાળું એટલે અસહિષ્ણું, એ આ સહી લેવા તૈયાર જ નથી. મનને ખટકો કે હેં ? આ નુકશાન કર્યું ?' ત્યારે પૂછો,

પ્ર.-તો પછી વહાલો દીકરો ફોડે તો કેમ એના પર નોકરની જેમ એવો ગુસ્સો નથી ચડતો ? મન તો એનું એજ સુંવાળું છે ?

ઉ.-એનું કારણ આ કે,

**મનની સુંવાળાશ પર પ્રેમ ચડી બેસે છે.**

પ્રેમ મનને સુંવાળું બનવા દેતું નથી. અસહિષ્ણુ બનવા દેતું નથી. પ્રેમવશ મન ત્યાં ઝટ માંડવાળ કરે છે કે, 'એમાં શું બહું કુટી ગયું ?'

ઇંગ્લેન્ડના રાજા આઠમા એડવર્ડને લેડી સીમ્પસન પર અગાધ પ્રેમ હતો, જે પાર્લામેન્ટો કહ્યું, 'આ અમીર કુટુંબની નથી, આમકુળની છે બ્રિટીશ સલ્તનના વડાથી આમકુળની કન્યાને પરણાય જ નહિ, માટે કાં લેડી સિમ્પસન છોડો, યા રાજ્ય છોડો.' એડવર્ડના પ્રેમે મનને કાઠું બનાવી દીધું. મનને થયું' ભલે રાજ્ય જાઓ, પણ લેડી સીમ્પસન ન જાઓ' તે આખી બ્રિટીશ સલ્તનતનું રાજ્ય છોડી દીધું ! એમાં મન કેમ કાઠું બન્યું ? આટલો મોટો ત્યાગ કરવામાં મનની સુંવાળાશ કેમ આગળ ન આવી ? કહો, લેડી ઉપરના અથાગ પ્રેમથી એ સુંવાળાશ દબાઇ ગઇ. બાકી સુંવાળા મનથી કષ્ટ ઊપડે નહિ એ હકીકત છે. અલબત,

**ધર્મની ખાતર તનમનનાં કષ્ટ ઉપાડવામાં નડતી મનની સુંવાળાશને વીતરાગ ઉપરના અથાગ રાગથી દબાવી શકાય.**

જેમ આઠમા એડવર્ડે કર્યું કે 'મોટું સામ્રાજ્ય જાઓ પણ લેડી ન જાઓ,' એમ આપણે કરવું જોઇએ કે 'કાયાની સુખશીલતા જાઓ, પણ મારા વીતરાગ પ્રભુની આજ્ઞાનું પાલન ન જાઓ'. આ ભાવ, પ્રભુ ઉપર ને પ્રભુની આજ્ઞા પર અથાગ રાગ હોય તો આવે. આવો પ્રશ્ન થાય,

પ્ર.-ક્ષાયિક સમકિતી શ્રેણિકરાજા અને પ્રબળ સમ્યક્ત્વવાળા કુમારપાળ રાજાને વીતરાગ પ્રભુ ઉપર રાગ તો અથાગ હતો, તો કેમ એમણે ચારિત્રનાં કષ્ટ ન ઉપાડ્યા ? કેમ મન સુંવાળું રહ્યું ?

ઉ.-એમાં કારણ આ, એમને નિકાચિત કર્મ નડતા હતા. બીજુ એ તેવા સત્ત્વની ખામી ચારિત્રનાં કષ્ટ ઉપાડવા જે સત્ત્વ જોઇએ તે નહિ, એટલે ચારિત્રનાં

કષ્ટ શી રીતે સ્વીકારી શકે ? આનો અર્થ એ કે ધર્મ ખાતર કષ્ટ ઉપાડવા માટે કાયાની સુંવાળાશ સુખશીલતા જતી કરવી પડે, અને તે સત્ત્વથી થાય. માટે જ આ સમજી રાખવું જોઇએ કે

**જો હું ધર્મકષ્ટ નહિ ઉપાડું તો મારું સત્ત્વ હણાશે.**

**સત્ત્વ હણાયે સુકૃત શક્તિ હણાય -**

ધરાર નાનકડો પરોપકાર કરવાનું નજર સામે છે, છતાં જો એનું કષ્ટ નથી ઉપાડાતું તો ત્યાં જીવનું સત્ત્વ હણાય છે, સત્ત્વને હણવામાં સુકૃત શક્તિ હણાય છે, ને એથી ભાવી સુકૃત દુર્લભ બને છે.

સંભુતિ મુનિ-વિશ્વભૂતિ મુનિ વગેરેએ પૌદ્ગલિક સુખનાં નિયાણાં કર્યાં તો એમની સુકૃત-શક્તિ હણાઇ, ને સંભુતિમુનિ બ્રહ્મદત્ત ચક્રવર્તી થયા અને ભાઇમુનિ ત્યાં અવધિજ્ઞાની સાધુ થઇને ચારિત્ર લેવાનો ઉપદેશ આપે છે, છતાં એને ચારિત્રના ભાવ ન થયા, એટલું જ નહિ પણ ચારિત્ર ન લઇ શકવાની અફસોસી પણ ન થઇ ! ઊલટું ભાઇ મુનિની હાંસી કરે છે કે આ શું સાધુભેખ લઇને દુઃખી થઇ રહ્યા છો ? દયા ખાય છે કે 'આવો મારી સાથે, એક રાજ્ય આપું, રમણી પરણાવું આનંદ મંગળ કરો.' શું આ ? પૂર્વના નિયાણાંએ ચારિત્રરૂપી સુકૃતની શક્તિનો ક્ષય થઇ ગયેલો.

**દુન્યવી સુખની ઉત્કટ લાલસા મન સુંવાળું બનાવી સત્ત્વ અને સુકૃત શક્તિનો નાશ કરે છે.**

માતા પિતા કે સગાભાઇ સાથે રગડો કેમ થાય છે ?

**ધનમાલ, માનપાન, આપમતિ, આપખુદી, વગેરે દુન્યવી સુખની ઉત્કટ લાલસા સત્ત્વને હણી નાખે છે**, તેથી ઉપકારી પ્રત્યે કૃતજ્ઞભાવ-મૈત્રીભાવ વગેરે પાયાના ગુણ સાચવવા જોગું સત્ત્વ ન રહ્યું, એટલે ખુશમિશાલ રગડો ઊભો કર્યો અંટસ વિરોધ રિસામણા ઊભા કર્યા ત્યાં કશો ખેદ નથી થતો કે-

**હાય ! થોડા પૈસા ખાતર તુચ્છ માનપાન ખાતર કે આપમતિ ખાતર આ ઊંચા ભવમાં હું મૈત્રી-સુકૃતનું સત્ત્વ હણી રહ્યો છું ?**

'ખાસ નિકટના સગા સાથે ય મૈત્રીભાવ ગુમાવી રગડો ? કેમ આવો ખેદ નહિ ? કેમકે મૈત્રીભાવ રૂપી સુકૃતનું સત્ત્વ હણી નાખ્યું છે.

એમ પત્નીના પતિ થયા, ને થોડા પૈસા કમાયા, યા કોઇ સત્તા મળી, ત્યાં મદ-અભિમાન કેમ આવે છે ? આ દુન્યવી સુખના ઉત્કટ રાગે સત્ત્વ હણી નાખ્યું

તેથી નમ્રતા-મૃદુતા-લઘુતા રૂપી સુકૃતની શક્તિ ક્ષીણ થઇ ગઇ છે. જીવન ભાન નથી, કે

સુખ તો આજ છે ને કાલ નથી, પણ

**નાશવંત સુખના ઉત્કટ રાગમાં ચિરસ્થાયી સત્ત્વ હણાશે ! ચિરસ્થાયી સુકૃતની શક્તિ હણાશે !**

પતંગિયા દીવામાં કેમ મરે છે ? ચિરસ્થાયી જીવનનો આનંદ ભૂલી ક્ષણ સ્થાયી રૂપાળી દીપક જ્યોતમાં લોભાય છે. પરિણામ ? એ ક્ષણિક જ્યોત એને બાળી નાખે છે જીવન નષ્ટ થાય છે, દુન્યવી સુખ-સન્માનનો ઉત્કટ રાગ આમ જ ટૂંકો સમય ટકનાર સુખની ખાતર દીર્ઘ સમય અર્થાત્ પરલોકમાં સાથે ચાલી શકે એવા સત્ત્વ અને સુકૃત શક્તિનો ક્ષય કરે છે, ત્યારે,

**કાયકષ્ટ તપ સત્ત્વનો વિકાસ કરે છે, સુકૃત શક્તિને ટકાવે છે.**

**પશુને કાય કષ્ટ છતાં સત્ત્વ વિકાસ કેમ નહિ ?**

પરંતુ તે કષ્ટ ધર્મ ખાતર અને સ્વેચ્છાએ ઉપાડ્યા હોય તો સત્ત્વ વિકસે. એમ તો વાણિયો વેપાર અને કુટુંબ ખાતર ઘણાં ય કાયકષ્ટ ઉપાડે છે, પરંતુ એથી એ થોડો જ સત્ત્વને વિકાસનારો ગણાય ? થોડો જ એ સાત્ત્વિક બને ? એમ જનાવર પરાધીન પણે અનિચ્છાએ ઘણા કષ્ટ ઉપાડે છે. છતાં એને સત્ત્વવિકાસ નથી, એ સાત્ત્વિક નથી બનતો.

મરીચિ મુનિ સંયમ જીવનના કાયકષ્ટથી કંટાળ્યા, સત્ત્વ ગુમાવ્યું તો સંયમ-ભ્રષ્ટ થઇ ત્રિદંડિક બન્યા. પોતે સ્વીકાર પણ કર્યો છે, કે 'મુનિઓ સાત્ત્વિક હોઇ માથે છત્ર પગે પગરખાંથી રહિત છે પણ હું સત્ત્વહીન છું તેથી મારે માથે છત્ર અને પગે પાવડી હો.'

જીવનમાં કાયકષ્ટ કાયકલેશ તપ ન હોય તો મનની એમાં સત્ત્વહીનતા છે, કાયાની સુંવાળાશ કાયાનો રાગ છે ને એ મનની ખરાબી છે, એ ઓછી કરવી હોય તો હાલતાં ને ચાલતાં કે અવસરે અવસરે ધર્મનાં નાના નાના કાયકષ્ટ જરૂર ઉપાડી લેવા જોઇએ જેથી ધીમે ધીમે પણ ખરાબી ઘટતી આવે, ને સત્ત્વ વિકસતું *જાય, ને કુટિલ કાયાનો રાગ કપાતો આવે. હવે,*

**(૬) સંલીનતા નામનો છઠ્ઠો બાહ્યતપ ન હોય, તો મનની ચંચળતાની ખરાબી પુષ્ટ રહેવાની.**

આનો વિચાર કરીએ, સંલીનતા એટલે ગોપવી રાખવું, સ્થિર રાખવું, નિષ્ક્રિય રાખવું એ ત્રણ પ્રકારે, કાયાની, વાણીની અને મનની, અર્થાત્ કાયસંલીનતા, વાક્સંલીનતા, મનસંલીનતા.

(૧) કાય સંલીનતામાં કાયાને તેમજ એના અવયવોને તથા આંખ વગેરે ઇન્દ્રિયોને સ્થિર રાખવાનું આવે. કેટલાંકને બેઠા બેઠા અમસ્તો ઢીંચણ ઊંચો-નીચો કરવાની કે ખુરશી પર બેઠા લટકતા પગ હલાવવાની આદત હોય છે. એમ જાપ કે સ્તોત્ર પાઠ યા સ્વાધ્યાય કરતી વખતે કમ્મરને ઊંચી-નીચી કરવાની કે પગ લાંબા ટૂંકા કરવાની આદત હોય છે. અથવા બેઠાબેઠા બિનજરૂરી જમીન ખોતરવાની, મફતિયા કાગળને સળ પાડવાની, જરૂર વિના કપડું સરખું કરવાની, વારેવારે રુમાલથી મોં લૂછવાની આવી આવી આદત પડી ગઇ હોય છે. આ બધી કાયાની ચંચળતા છે.

એમ બિન જરૂરી ડોળો ફેરવ્યા કરવાની કે મફતિયા ડાફોળિયા મારવાની 'જરૂર વિના કશું સુંઘસુંઘ કરવાની, સુંવાળી વસ્તુ પર હાથ ફેરવ્યા કરવાની, અહીં ને તહીં આંટા માર્યા કરવાની વગેરે ઇન્દ્રિયોની ચંચળતા યાને અસ્થિરતા હોય છે. એ પણ કાયાની જ ચંચળતા છે. આ ચંચળતા એ ખરાબી છે. કાયાની સંલીનતા સ્થિરતાનો બાહ્ય તપ ન કેળવવામાં આવે તો આ ખરાબી પોષાયા કરવાની, એથી ધર્મયોગમાં સ્થૈર્ય નહિ આવે.

(૨) વાણીની સંલીનતાનો તપ પણ ખૂબ જ જરૂરી છે.

બિનજરૂરી બોલવાની ને બિનજરૂરી વાતો કરવાની આદત વાચાલ બનાવે છે, તે જાણે ફોનોગ્રાફની રેકોર્ડ ! કોઇ હરિનો લાલ મળવો જોઇએ. બોલવાનું ચાલુ થઇ જ ગયું સમજો. એવા માણસોને શું બોલવું એનો બહુ વિચાર નથી કરવો પડતો. આચડકુચડ કાંઇને કાંઇ બોલવાનું ચાલુ કરી જ દે છે. એમાં પાછું એક વાત બોલવી શરૂ કરી હોય, એમાંથી ઝટ બીજી વાત, એ પરથી વળી કૂદકો લગાવશે ત્રીજી વાત પર. એ ચાલુ કરી એમાંથી વળી કોઇ ચોથી વસ્તુ અંગે બોલવા માંડશે. તમને લાગશે આમાં શો વાંધો ?

પ્ર.-બહુ બોલે, આડીઅવળી વાતો કરે, એમાં શો બહુ વાંધો ?

ઉ.-પરંતુ તમને ખબર નથી, ઉત્તમ માનવ અવતારની અને માનવના મહા કિંમતી સમયની આમાં ચટણી થાય છે, કેમ કે

**માનવભવ અને માનવસમય અંતરાત્મામાં ઠરવા માટે બહુ ઉપયોગી મળ્યો છે.**

**બહુ બોલવામાં મન બહારમાં છે એ અંદરમાં ન ઠરે.**

બહુ બોલવાનું થાય છે એ લગભગ આત્માને છોડી બહારની વસ્તુ અંગે જ થાય છે, ને તે પણ કાંઇ મનના ઉપયોગ વિના નથી બોલાતું, એટલે કે મન દઇને બોલાય છે. આનો અર્થ શો થયો ? બહુ બોલો એમાં મન બાહ્ય વિષયોમાં ભટકે છે. આમ મન જ્યારે બહારના વિષયમાં ગયું તો આત્મામાં નહિ રહેવાનું આવી વાતો કલાક ચાલી, તો કલાકભર માટે મન બહારમાં જ ભટક્યું, પોતાનો આત્મા ભુલાયો, આત્મા ભુલાયો એટલે આત્માનું હિત ભુલાયું, બહારનું જ મનમાં રમ્યા કર્યું. એટલે આત્માના અહિતમાં જ મન રમ્યું.

**કલાક બહારની વાતો કરી એટલે ક્ષણે ક્ષણે આત્માનાં અહિત ઊભાં કર્યાં !**

કેટલું મોટું નુકસાન ?

બીજું એ છે કે બહારમાં જ મન લઇ જઇએ છીએ એટલે બહારની જ મમતા પોષાય છે, બહારના જ સારા નરસાના સંસ્કાર નખાયે જાય છે. એ આગળ શું ફળ દેખાડવાના ? આ જ, બહારની જ મમતા આસક્તિ. અને બાહ્ય અંગેના રાગદ્વેષ, ત્યાં પછી પોતાના આત્માનો ને આત્મહિતનો વિચારે ય શાનો સ્ફુરે ? એટલે

**બાહ્યની જ મમતા પર ચાલી ભવની પરંપરા !**

બહારની વાતો કરવામાં આ કેટલું મોટું નુકસાન ? આ જો ખ્યાલમાં રહે તો મફતિયા વાતો કરવાનું મન થતાં જ ચોંકી ઉઠાય કે 'હાય ! આ હું શાનું મન કરું છું ? જે પરિણામે ભવની પરંપરા ઊભી કરવાનું લાવે એનું મન કરવાનું ?'

❀ ❀ ❀ ❀ ❀ ❀

**ઉત્તમ માનવભવમાંથી આત્મા ભુલાયો એટલે પછીના ભવોભવ માટે આત્મા ભૂલાવાનો.**

**બહારની વાતો ભવોભવ માટે આત્માને ભુલાવે છે.**

**સંસાર ભ્રમણ બહારની વાતો પર છે.**

**મોક્ષ અટક્યો છે આત્મા સિવાયની બહારની વાતોથી.**

**વાણીની સંલીનતા એટલે મૌન. એ બહારથી મન રોકી ભવના ફેરા વધતા અટકાવે છે.**

**બહુ બોલવામાં જ મોટું નુકસાન :-**

બાહ્ય અંગે બહુ બોલ બોલ કરવાનું (૧) જેમ પોતાના આત્માને ભુલાવે

છે, એ નુકસાન છે, એમ (૨) જૂઠ પણ સુલભ બનાવે છે, (૩) અભિમાનને ય પોષે છે, ને (૪) નિંદાનો અધમાઅધમ દોષ પણ પોષે છે. ત્યાં જો સંલીનતા કરી, બોલવાને ગોપવ્યું, તો એ ખતરનાક દોષોથી બચ્યા.

જેવું વાણીમાં એવું વિચારોમાં. બાહ્યના જ વિચારોમાં મન લગાવ્યું તો એ આત્માને ભૂલશે.

**બાહ્યની લગન જૂઠ, અભિમાન ને પરદોષ-દ્રષ્ટિને પોષશે.**

માટે એના ખતરનાક પરિણામો ધ્યાન પર લઇ એવા બાહ્યના બહુ વિચાર પણ અટકાવવા જેવા છે. 'મનઃસંલીનતા' તપ કરવાની ખાસ જરૂર છે.

આ હિસાબે સમજાય એવું છે કે જો મન-વચન-કાયાની સંલીનતા કરવી નથી, જો એની સ્થિરતા નથી કરવી, તો એની ચંચળતા, ભાગાભાગ ને બિનજરૂરી બહુ પ્રવૃત્તિ કેટલા બધા દોષોને પોષનાર બને ? મનની કેટકેટલી ખરાબીઓ ઊભી થાય ? પોષાતી રહે ? ને વધતી રહે ? આમ જીવ ધર્મી હોય પરંતુ સંલીનતા ન કરવાને લીધે કેટલીય ખરાબીઓને પોષનારો બને !

**સુમતિ સાધ્વી સંલીનતાથી મોક્ષે :-**

પેલી બળદેવ પુત્રી સુમતિ સાધ્વી બનીને આ કરી રહી છે, સંલીનતા વગેરે બાહ્ય તપના આચરણમાં ખૂબ લાગી ગઇ છે, એથી એકેક અનશન ઉનોદરી વગેરે બાહ્ય તપના અભાવે જનમતી ને પોષાતી ખરાબીઓથી બચી રહી છે. ઉપરથી જુની ખરાબીઓના સંસ્કાર ભૂલી રહી છે. સાથે મોટા મોટા કનકાવલિ, રત્નાવલિ, એકાવલિ, ઇન્દ્રિયનિગ્રહતપ, કષાય-વિજય તપ, વગેરેને આચરી રહી છે. એમ કરતાં કરતાં એ શુભ ધ્યાનને જમાવી રહી છે. તે અવસર આવતાં ધર્મધ્યાનમાં સ્થિર થઇ શુકલધ્યાનમાં ચડે છે ને કેવળજ્ઞાન પામે છે ! અંતે સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષ પામે છે.

**અનંતવીર્ય વાસુદેવ નિયાણાથી નરકે :-**

શ્રી શાંતિનાથ ભગવાન છઠ્ઠા ભવમાં અપરાજિત નામે બળદેવ છે. એમના પ્રથમ ગણધરનો જીવ અહીં અનંતવીર્ય વાસુદેવ છે, રાજયપાટ કરતાં વાસુદેવ પૂર્વે ભવે પિતા ત્રિપૃષ્ઠ વાસુદેવ જેવા બળ સમૃદ્ધિમાન થવાનું નિયાણું કરીને આવેલ છે, એટલે અહીં વિષયાસક્તિથી પકડાયેલા છે. તે અંતે આયુષ્ય પૂર્ણ કરીને નરકમાં જાય છે ! કેવું ગોઝારું નિયાણું ! આમ તો સુંદર સંયમ સાધના કરેલી, તપશ્ચર્યા કરેલી, પરંતુ દુન્યવી સુખની તીવ્ર લાલસાથી નિયાણું કર્યું તો એનાથી મોહનાં

અનુબંધ પાપાનુબંધ આત્મામાં એવા સીલપેક થઇ ગયા કે અહીં મનગમતા બળ-સમૃદ્ધિ મળ્યા તો ખરા, પરંતુ એમાં મોહના ને તીવ્ર રાગ આસક્તિના જ પરિણામ ઝગમગતા રહ્યા. એણે નરક દેખાડી.

માણસને દુન્યવી વસ્તુના રાગનો આવેગ ચડે છે ત્યારે ભાન નથી રહેતું કે 'હું આ આવેગ પાછળ ઘેલો થઇ શું કરી રહ્યો છું ? કેવું ગોઝારું અપકૃત્ય કરી રહ્યો છું ? કેવી મહાખરાબી વહોરી રહ્યો છું ? રાગનો આસક્તિનો લાલસાનો આવેગ જ ભૂંડો છે. કેટલીકવાર મન આપણને ઠગે છે, એ મનાવે છે, અલબત્ મને રાગ છે, આસક્તિ છે, પણ એનો કોઇ એવો આવેગ નથી, ઉત્કટતા નથી, તીવ્રરાગ નથી, તીવ્ર આસક્તિ નથી, પરંતુ આ મનની ઠગાઇ છે, આપણા આત્માની ભ્રમણા છે.

આવી સ્થિતિમાં ખરી રીતે જાંચ કરવી જોઇએ કે રાગનો જો આવેગ નથી, તો

**રાગની વસ્તુને મહત્ત્વ કેટલું અપાય છે ? ને આત્મ-હિતકર વસ્તુને મહત્ત્વ કેટલું અપાય છે ? કોને વધારે મહત્ત્વ ને કોને ઓછું મહત્ત્વ અપાય છે ?**

પૂછો-

પ્ર.- મહત્ત્વ ઓછું વધારે એની શી ખબર પડે ?

ઉ.-ખબર એ રીતે પડે કે 'અવસરે અવસરે કોને ગૌણ કરી કોને મુખ્યપણે વળગીએ છીએ ?' દા.ત. માણસ મન મનાવતો હોય કે 'મને કાંઇ પૈસા પર એવો ઉત્કટ રાગ નથી,' પરંતુ દાનનો સુકૃતનો અવસર સામે આવી ઊભો ત્યાં જોવાનું કે-

**(૧) શું સુકૃત જતું કરી પૈસા બચાવવાનું મન રહે છે ? કે**

**(૨) શું પૈસા જતા કરી સુકૃત કમાઇ લેવાનું મન થાય છે ?**

જો સુકૃત કમાઇ લેવા મન થતું હોય તો તો મનાય કે 'પૈસાને મહત્ત્વ ઓછું આપ્યું, ને સુકૃતને મહત્ત્વ વધુ આપ્યું,' અરે ? પૈસા છૂટતા ન ય હોય, ને સુકૃત થતું ન ય હોય, છતાં જો મનને ભારે વિખવાદ કલ્પાંત થતો હોય કે 'અરેરે ! કેવો હું અભાગિયો કે આ સુકૃત સંઘ રવાના ખરા અવસરે એ જતું કરીને ધન સંગ્રહ જાળવી રહ્યો છું ? કેવો હું અંધ !' આમ જો કાળજું કપાઇ જતું હોય, હૈયું બળીને ખાખ થઇ જતું હોય તો હજી ય મનાય કે એણે મહત્ત્વ તો સુકૃતને આપ્યું છે પરંતુ શું કરે, સંયોગ યા કર્મ આગળ લાચાર બન્યો છે.

પરંતુ જો એવો વિખવાદે ય ન હોય ને સુકૃત જતું કરી પૈસા બચ્યાનો આનંદ હોતો હોય, તો તો માનવું પડે કે એણે મહત્ત્વ પૈસાને જ વધારે આપ્યું છે, એવું સુકૃતને નહિ, અને

**જેનામાં મહત્ત્વ વધારે લાગે એમ એના પર રાગ આસક્તિ વિશેષ ગણાય.**

**અનંતવીર્ય કેમ નરકે ?**

અનંતવીર્ય વાસુદેવ પૂર્વભવે ધર્મસાધના કરી કરીને ભૂલા પડી ગયા. ધર્મના ફળમાં પિતા ત્રિપુષ્ઠ વાસુદેવના જેવી શક્તિ-સમૃદ્ધિ મળવાનું ઇચ્છયું, આ ઉત્કટ રાગ હતો. મહત્ત્વ ત્યાગધર્મને ન આપતાં દુન્યવી સુખ-સમૃદ્ધિને આપ્યું, 'ધર્મના ફળમાં શું જોઇએ છે ?' 'ધર્મ નહિ, પણ સાંસારિક સુખ સમૃદ્ધિ' આ જ બતાવે છે કે અધિક રાગ સુખ સમૃદ્ધિનો ઊભો થઇ ગયો. તો ફળમાં વાસદેવપણાની સમૃદ્ધિ મળી તો ખરી, પરંતુ પેલા ઉત્કટ બનાવેલા રાગના સંસ્કાર પણ ચાલી આવ્યા. એણે જીવને સુખસમૃદ્ધિનો ભારે આસક્ત બનાવી દીધો ! પરિણામ ? પહેલી નરકમાં ચાલ્યા ગયા ! ૫૫ હજાર વર્ષના આયુષ્યમાં નારકીનાં દુઃખ માથે ઝીંકાઇ પડ્યા ! મહત્ત્વ ત્યાગધર્મને નહિ આપેલ, તેથી વાસુદેવના અવતારે ત્યાગ ન સૂઝ્યો.

શું સારું ?

(૧) સાંસારિક સુખ-સમૃદ્ધિનો ઉત્કટ રાગ રાખી એની લહેર ઉડાવવી ને પછી નરક ભેગા થવું, એ સારું ? કે

(૨) અહીંની સુખ-સમૃદ્ધિના ત્યાગનાં કષ્ટ ઉઠાવી દીર્ઘ સદ્ગતિ પામવી એ સારું ?

શું સારું ?

**ભાઇના મૃત્યુ પર અપરાજિતની શુભભાવના :-**

જુઓ બળદેવ અપરાજિતે આ કર્યું. અલબત પહેલું તો ભાઇ વાસુદેવના મૃત્યુ પર ભારે શોક થયો, કેમ કે ભાઇ ઉપર અનહદ રાગ હતો પરંતુ પછીથી આ નહિ ધારેલા નહિ ઇચ્છેલા ભ્રાતૃ વિયોગ પર સંસારના સર્વસંયોગ નાશવંત ગણી અને વિયોગમાં પરિણમનારા લેખી એનો મોહ મૂકી દીધો. બળદેવના મનને થયું.

'આવો રુડો અતિ પ્રિય ભાઇ જેવો ભાઇ ઊડીને ચાલ્યો ગયો તો પછી બીજી એનાથી ઓછી પ્રિય વસ્તુઓ કેટલી ટકવાની હતી ? અતિપ્રિય જાય ને શું પ્રિય કાયમ બેસી રહેવાની હતી ? ભાઇ ગયો, પણ એ જાય એવી જરાય ઇચ્છા ન

હોતી, આ મિનિટે જશે એવી ધારણાય ન હોતી, છતાં ઇચ્છા બહારનું અને ધારણા બહારનું બન્યું, તો આ રાજ્યપાટ, રાણીઓ, પરિવાર વગેરે શું, મારા નહિ ઇચ્છવા છતાં ને નહિ ધારવા છતાં, એટલે કે ઇચ્છા વિના અને ધારણા બહાર ઊડી નહિ જાય ?

'વળી વહાલામાં વહાલો ભાઇ ગયો, તો હવે બીજા પર શા વહાલ કરવા ? ભાઇનું જો આ બધું સુખ ભોગવતા બેસી રહેવું ? જા રે જા જીવ ! ભાઇને સુખ ગયું, તો શું મારે આ બધું જો પરાધીનપણે સુખ મૂક્યા તો હું એવો દિવસ આવે એ પહેલાં જ સ્વાધીનપણે સુખ કાં ન મૂકું ?

**"પરાધીનપણે સુખ મૂકવામાં રોવાનું છે, સ્વાધીનપણે મૂકવામાં હરખ થવાનો છે."**

બસ, બલદેવ અપરાજિત ચારિત્ર માટે તૈયાર થઇ ગયા.

**પાપવસ્તુના હરખ-ખેદમાં અસંયમ કેમ ?**

**સુખ ખુંચવાઇ જવામાં સંયમ નથી, સુખ ફેંકી દેવામાં સંયમ છે.**

સુખ ખુંચવાઇ જાય એ જીવને ગમતું નથી, તેથી એની પાછળ એ આર્તધ્યાન કરે છે, હાયવોય કરે છે, ને એ બધું મનનું અસંયમ છે.

**મનનું સંયમ એ, કે મન સ્વસ્થ રહે, સુખદુઃખમાં લહેવાઇ જાય નહિ.**

સુખને સ્વેચ્છાએ ફેંકી દેવામાં એ સંમયથી બને છે. સમજી વિચારીને જ સુખ જતાં કર્યા એટલે મનને એનો કશો વિખવાદ નથી, મન મસ્ત છે. વૈરાગ્યના જોરદાર રંગથી સંસારના વૈભવ-વિલાસના સુખ છોડી દીધા અને ચારિત્રમાર્ગ લીધો, સાધુ જીવન સ્વીકાર્યું એટલે પછી એ સુખ ગયાનો એને શાનો વિખવાદ હોય કે 'હાય ! મારા સુખ ગયાં !

સ્વેચ્છાએ મોટા સુકૃતમાં પૈસા ખરચી નાખનાર એટલે કે પૈસા ફેંકી દેનારના મનને ભારે તોષ થાય છે કે 'વાહ ! કેવું સરસ સુકૃત સાધવાનું મળ્યું ! જિંદગીભર એને સુકૃતની અનુમોદના રહે છે, સુકૃતનો આનંદ એટલે એટલા પૈસા ગયાનો આનંદ, પણ પાસે રહ્યાનો આનંદ નહિ અર્થાત્ પૈસાનો આનંદ નહિ પણ સુકૃતનો આનંદ, સુકૃત થયાનો હરખ હરખ રહે છે, ધન ખરચાઇ ગયાનો કશો ખેદ-વિષાદ નહિ. એ મનનું સંયમ છે. એમ કહેતા નહિ, કે-

પ્ર.-સુકૃતનો હરખ થાય એમાં મનનો સંયમ ક્યાં રહ્યો ?

ઉ.-અપ્રશસ્ત અશુભ વસ્તુના હરખ-ખેદ એ અસંયમ છે, પ્રશસ્ત વસ્તુના

હરખ એ અસંયમ નહિ, અસંયમનો નિગ્રહ છે, સંયમ છે, એમ પાપ કર્યાનો ભારે ખેદ થાય એ અસંયમ નહિ, સંયમ જ છે. એટલે જ તો ઝાંઝરિયા મુનિનો ઘાતક રાજા મુનિ હત્યાના ઘોર પાપ પર ખેદ કરનારા બનીને એ ખેદમાં આગળ વધીને રાજ્યપાટ વગેરે પાપ સંસાર, કુટિલ કાયા, અને ખતરનાક અહંત્વના ખેદ પર ચડી જતાં અનાસક્ત યોગ પર આરૂઢ થઇ ગયો ! અસંયમથી અનાસક્ત યોગ આવે ? ના, સંયમથી જ આવે.

એમ, પ્રશસ્ત વસ્તુ અંગે હરખ, એ પણ મનનો અસંયમ ન ગણાય કેમકે દા.ત. પરમાત્મા ઉપર રાગ થાય, પરમાત્મા મળ્યાનો અને એમનો માર્ગ મળ્યાનો આનંદ થાય, હરખ હરખ થાય, એ કાંઇ અસંયમ નથી. એનાથી તો મહાસંયમમાં જવાય છે ! કારણકે એ હરખમાં આગળ વધતાં વધતાં જ સંસાર અને સંસારની માયા પરની મમતા આસક્તિ અને એ મલ્યાના હરખ ઘટતા જાય, આ બધો અસંયમ જ ઘટતો ગયો ગણાય. યાવત્ એક દિવસ એવો આવે કે સંસાર ત્યાગ આવે. સંસારના સુખોનો સ્વેચ્છાએ ત્યાગ આવીને ઊભો રહે ! ત્યારે આવા ત્યાગમાં કોણ લઇ ગયું ? ભગવાન અને એમનો માર્ગ મળ્યાનો હરખ. તો એ શું અસંયમ કહેવાય ? હરગીજ નહિ. એટલે આ વસ્તુ છે કે

**અપ્રશસ્તના હરખ-ખેદ એ અસંયમ.**

**પ્રશસ્તના હરખ-ખેદ એ સંયમ.**

વાત આ હતી કે સુખ પરાધીનપણે છોડવા પડે એમાં રોવાનું થાય, ને સ્વેચ્છાથી એને ફેંકી દેવાય એમાં આનંદ થાય. અનંતવીર્ય વાસુદેવે સ્વેચ્છાએ સંયમસુખ ન છોડ્યા તો એને પરાધીનપણે છોડીને જવાનું આવ્યું. આવ્યું ત્યારે રોવા સિવાય શું કરે ? રોતાં રોતાં જ જવું પડ્યું, અને તે ય નરકગતિના ઘોર ત્રાસમાં મુકાવું પડ્યું !

ત્યારે એમના મોટાભાઇ બળદેવ અપરાજિત આ જોઇને હવે સ્વેચ્છાએ સંસારના સુખ છોડી દેવા તૈયાર થાય છે.

જુઓ વાસુદેવ વિના રાજ્યગાદી ખાલી પડી છે, તો 'લાવ ત્યારે, હું રાજ્યગાદી સંભાળું,' એમ મનમાં ન આવ્યું, પરંતુ ત્યાગનો વિચાર આવે છે. અક્કલવાળા ? કે અક્કલ વિનાના ? જીવને અંદરમાં પૂછો, કે 'આ સંયોગમાં તું શું કરે ? ભાઇ મર્યા, એની મિલકત હાથ આવે એમ ન હોય તો હાથ કરવા કેઇ પ્રપંચ રચવાનું કરાય ? કે મિલકત હાથ આવી છતાં 'ભાઇ જીવતો હોત તો ક્યાં આ

આપણને મળવાની હતી ? આ તો એ મર્યા માટે હાથ આવી છે તો ઉડાઓ સુકૃતમાં', એમ કરી સુકૃતમાર્ગે એને ખરચી દેવાનું કરાય ? શું સૂઝે ? મિલકત હાથ કરી લઇ એને ભોગવવાનું જ સૂઝે છે ? ત્યાં નથી દેખાતું કે

**મિલકત પર વૈરાગ્ય ભાવના :-**

'મિલકત ભોગવતાં ભાઇ મર્યા તો હું શું અમર રહેવાનો છું ? મારે પણ એક દિ' મરવાનું જ છે. પરંતુ પરિગ્રહ અને ભોગવટામાં જ મરવાથી દુર્ગતિ દુઃખદ પરલોક છે. ત્યારે ત્યાગમાં મરવાનું આવે તો સદ્ગતિ મળે છે. તો ત્યાગ સારો ને ? તમે કહેશો-

પ્ર.-પણ પરિગ્રહ અને ભોગવટો મીઠા મીઠા લાગે છે તે કેમ ત્યાગ થાય ?

ઉ.-ત્યાં આ વિચારવાનું છે કે-

**જો પરિગ્રહ અને રંગરાગમાં જ રમીશ તો ઉત્તમ માનવ ભવનો દુર્લભ સાધનાકાળ વેડફાઇ જશે, સાધના કરવાની રહી જશે.**

આવા ઉચ્ચ જનમમાં રંગરાગ ભોગવવા મજાના લાગે છે, તો દયા-દાન-શીલ-તપ વગેરે સાધના ગમતી ક્યારે કરવાની ? જીવનમાં રંગરાગને જ સ્થાન આપ્યું તો ધર્મને સ્થાન કયા ભવમાં આપવાનું ?

ભાઇ વાસુદેવનું ત્રણ ખંડનું રાજ્ય હાથમાં આવવા છતાં બળદેવ કેમ એમાં લોભાયા નહિ ? કહો એમણે આ જ વિચાર્યું કે મોક્ષમાર્ગ અહિંસા સંયમ-તપની સાધના માટેનો કાળ આ રાજ્યભોગના સનેપાતિયા ચાળા કરવામાં વેડફાઇ જશે. જીવન તો પૂરું થઇ જશે અને સાધના કરવી રહી જશે. માટે મૂક આ રાજ્ય ને પાટ, ને ઊઠ ચારિત્ર લઇ લે.

વળી ભાઇના દ્રષ્ટાન્તથી જો અત્યારે સ્વાધીનપણે એટલે કે મારી પોતાની મરજીથી નહિ છોડું તો પરાધીન પણે તો રોતાં રોતાં છોડવું જ પડવાનું છે. અને એ વખતે રુદન જ થવાનું છે, ત્યારે અત્યારે મારી મરજીથી છોડીશ તે હસતાં હસતાં છોડવાનું છે. તો પછી અંતે રોવાનું થાય એના કરતાં અત્યારે જ હસતાં હસતાં સ્વેચ્છાએ જ પાપ છોડી દેવા દે ને ?'

આવી સમજપૂર્વક બળદેવ અપરાજિતે સંસાર ત્યાગ કર્યો, બહુ સુંદર રીતે પાળ્યો અને દીર્ઘકાળ અહિંસા, સંયમ, તપની ઉત્તમ સાધના કરી બારમા અચ્યુત દેવલોકના ઇન્દ્ર તરીકે ઉત્પન્ન થયા છે.

**બળદેવ વાસુદેવના અંત પરથી બોધ :-**

બળદેવ-વાસુદેવ બે ભાઇઓ એક બાપના દીકરા, પરસ્પર કેટલો બધો પ્રેમ ? છતાં પછીથી ક્યાં ? એક અચ્યુત દેવલોકમાં, બીજો નરકમાં કેટલો મોટો ફરક ? આ જોતાં સંસારની ઓળખ પડે છે ? સંસારની માયાના બંધન કેવા ? એની પિછાણ થાય છે ? અને ધર્મના મૂલ્ય સમજાય ?

પતિ પત્નીની, પિતા-પુત્રના, માતા-પુત્રીના, ભાઇ-ભાઇના રાગ જીવનભર રાચીમાચીને કર્યો એનું પરિણામ ? એની પાછળ આરંભ પરિગ્રહ અને ક્રોધાદિના પાપ પારાવાર કર્યા ? એનું પરિણામ શું ?

અનંતવીર્ય વાસુદેવના જીવન અંતે જે બન્યું એ પરથી આરંભ-સમારંભ, પરિગ્રહ, કષાયોના પરિણામનો ખ્યાલ આવે છે.

ત્યારે માયાના બંધન છોડી ધર્મસાધના કરી લેવાનું પરિણામ કેવું સુખદ ! એ બળદેવના જીવનના અંતે જે બન્યું એ પરથી સમજાય એવું છે.

**સાંસારિક રાગ એટલે સાપ ખાયને મુખડું થોથું :-**

મારો ભાઇ મારો ભાઇ ! કે મારી ઘરવાળી, મારી ઘરવાળી વગેરે જીવનભર રહ્યાં, સરવાળે એમાંથી શું ખાટવાનું ? કહેવત છે, 'સાપ ખાયને મુખડું થોથું' કોઇને સાપ કરડે ત્યારે ગામડામાં લોક કહે છે, 'ફલાણાને સાપે ખાધો' આમાં જો સાપે ખાધો તો સાપના મોંમાં શું આવ્યું ? કશું નહિ, ઊલટું મોંમાં ઝેર હતું તે બહાર નીકળી ગયું, મોઢું ખાલી થોથું રહ્યું ! આવું સંસારના સંબંધીઓના રાગ કરવામાં ને સંબંધીઓને બહુ માનવામાં છે કેમકે એમાં સરવાળે આપણો આત્મા પરલોક વિદાય થતાં ખાલી થોથું કશું સાથે ચાલે નહિ, કોઇ સાથે ચાલે નહિ તેમજ એ બધાની મહોબ્બત પણ કશી કામ લાગે નહિ.

મનને સંસારની બહુ માયા લાગે ત્યારે આ અતિ પ્રેમાળ બળદેવ-વાસુદેવની પરભવગતિ નજર સામે લાવવા જેવી છે. બળદેવને ભાઇ વાસુદેવ પર ઘણો ઘણો પ્રેમ છતાં ભાઇને નરકમાં જતો બચાવી શક્યા નહિ, કે નરકમાં ઘોર રીબાતો પણ બચાવી ન શક્યા ! તેમ વાસુદેવને ભાઇ બળદેવ પર ઘણો ઘણો પ્રેમ છતાં ભાઇને પરલોકમાં અનુસરી શક્યા નહિ.

**નાસ્તિક પણ રાગના દુઃખદ પરિણામ પર શું કહે ?**

નાસ્તિક માણસ ભલે આત્મા પરલોક ધર્મ વગેરે ન માને, પરતુ આવી

કરુણ દશા બને ત્યાં એ શું કહી શકે ? આ તો પ્રત્યક્ષ હકીકત જ થઇ કે બળદેવનો નાના ભાઇ વાસુદેવ પર ગાઢ પ્રેમ હોવા છતાં વાસુદેવને કરુણ રીતે મરતાં બચાવી શકતો નથી. ઊલટું વાસુદેવ મરે ત્યારે બળદેવ ગાઢ પ્રેમવશ ભયંકર કલ્પાંતમાં પડે છે, અતિ ઉગ્ર શોકમાં ચડે છે, તે એવો કે જરૂર પડ્યે વાસુદેવનું મડદું છ છ મહિના સુધી ગાંડાની જેમ ખભે લઇને ફરે ! આ શાનું પરિણામ છે ? અતિ ગાઢ રાગનું જ ને ? તો પછી જે અતિ ગાઢ રાગ અંતે આવા ઘોર કલ્પાંતમાં નાખે ને પાગલ જેવી ચેષ્ટા કરાવે શું એ ગાઢ રાગ વખાણવા લાયક ? નાસ્તિક અહીં શો જવાબ દે ? શું એમ કહે 'આવો દુ:ખદ પણ રાગ સારો ?'

નાસ્તિકને ધર્મ નથી માનવો, ને દુન્યવી વસ્તુ પર ગાઢ રાગ કરવાં છે, અને એમાં હોશિયારી માનવી છે. એ ગાઢ રાગના આ પ્રત્યક્ષ દારુણ પરિણામ જોતાં શી રીતે પોતાનો કક્કો ખરો કરી શકે ? ભલે એ આમાં ય માને કે ન માને, પરંતુ આમાં ધર્મની ઉપયોગિતા સાબિત થઇ જાય છે.

**ધર્મ દુ:ખદ રાગ દબાવવા ઉપયોગી છે :-**

જ્યારે એ હકીકત છે કે અતિ રાગમાં દુ:ખદ શોક-કલ્પાંત આવે છે તો પછી એવા રાગને આ સમજપૂર્વક અટકાવવો જોઇએ, ત્યારે ધર્મનું આ જ કર્તવ્ય છે કે દુન્યવી પદાર્થ પર ગાંડિયા રાગ અટકાવવા, એટલે એવા રાગને અટકાવવો, એ એક પ્રકારનું ધર્મ કર્તવ્ય જ થયું. પછી ધર્મ ભલે એવા સાંસારિક રાગ અટકાવવા માટે પરમાત્મા પર રાગ, ગુરુ પર રાગ, ને એમની ઉપાસના વગેરે બતાવે, પરંતુ એમાં ય સરવાળે તો સાંસારિક રાગનો હ્રાસ જ કરવાનો છે. આમ રાગ અટકાવાય એ ધર્મનું જ સ્વરૂપ છે. નાસ્તિકને જો પરિણામે દુ:ખદ રાગ દબાવવા અટકાવવા લાયક લાગતો હોય તો એણે ધર્મનું જ શરણું લીધું ગણાય.

**અનંતવીર્ય નરકમાંથી મેઘનાદ વિદ્યાધર :-**

વાસુદેવ નરકમાં ૪૨ હજાર વરસનું આયુષ્ય પૂર્ણ કરીને, અહીં વૈતાઢય પર્વત પર રાજા મેઘવાહનના પુત્ર તરીકે મનુષ્ય અવતાર પામે છે. એનું નામ મેઘનાદ રાખવામાં આવે છે. મેઘનાદ તૈયાર થતાં પિતા એને રાજ્ય ગાદીએ બેસાડી પોતે ચારિત્ર માર્ગે જાય છે. હવે મેઘનાદ જિનશાસનનાં ભક્ત બન્યા છે. અહીં સવાલ થાય કે

# (બળદેવ-વાસુદેવ, શ્રી શાંતિનાથ ભવ-૬)

પ્ર.-મેઘનાદને નરકમાંથી નીકળી તરત આટલી બધી પુણ્ય સ્થિતિ શી રીતે પ્રાપ્ત થઇ ?

ઉ.-સારી સ્થિતિનું નિકટનું કારણ નરકગતિમાં જે એમણે ભયંકર દુઃખ વેઠ્યા છે તે બીજા નારકોની જેમ જાલિમ કષાય કરીને નહિ, સામાન્ય રીતે કહેવાય છે 'દેવ ગતિના જીવોને લોભ વધારે-મનુષ્ય ગતિના જીવોને માન, તિર્યંચ ગતિના જીવોને માયા અને નરક ગતિના જીવોને ક્રોધ વધારે હોય છે.' પરમાધામી અને બીજા નારકો તરફથી નારકોને ત્રાસ સહન ન થાય એવા હોય એટલે ગુસ્સો ભારે થઇ આવે, એ સહજ છે આપણો પોતાનો અનુભવ એવો છે ને ? જરાક કોઇકના તરફથી કશું સહવાનું આવ્યું તો મન ઝટ ઊકળી જાય છે ને ! ક્રોધ ચડી આવે છે ને ? તો પછી નરકમાં અતિ ભયંકર ત્રાસ સહવાના આવે તો ગુસ્સો ચડ્યા વિના રહે ? પરંતુ વાસુદેવ અનંતવીર્ય નરકમાં પડ્યો છે ત્યાં અવધિજ્ઞાનથી પોતાની પૂર્વ સ્થિતિ જુએ છે, પોતાના પૂર્વ કર્મોને જાણે છે, તેથી અહીં નરકમાં સહવાનું કરે છે તેમાં જાલિમ ક્રોધ ન કરતાં સમ્યગ્ રીતે સહવાનું કરે છે.

**નરકમાં દુઃખ સમ્યગ્ સહવા વિચારણા :-**

નરકની કારમી વેદનાઓ સમ્યગ્ રીતે સહવાનું એટલે જાલિમ દ્વેષ-ગુસ્સા ને અસમાધિમાં ન ચડતાં પોતાના પૂર્વ કર્મનો જ દોષ જોવો 'આમાં સામાનો શો વાંક ગણું ? વાંક મારા કર્મનો છે. પૂર્વભવે જાલિમ દુષ્કૃત્યો કરતાં પાછું વળીને જોયું નથી, એટલે હવે અહીં સહવાનું આવે એમાં નવાઇ નથી. વાંક મારો જ છે, મારા કર્મનો જ છે. ભગવાન કહે છે કે કર્યા કર્મ ભોગવ્યા વિના છૂટકો નથી, ને ભોગવ્યા પછી એ કર્મ રહેતા નથી, નષ્ટ થાય છે. એટલે ભલે આ ભોગવવાનું આવ્યું, સહવાનું આવ્યું, પરંતુ એમાં મારાં કર્મ એટલાં ઓછાં જ થાય છે. એટલો કર્મનો કાટ કપાય છે, તો એમાં અફસોસી શી કરવાની ?' વેદના સમ્યગ્ રીતે સહવામાં આવી આવી ભાવના કરવાની આવે.

પાપનો ભય લાગે તો આ ભાવના સરળ બને. મનને એમ થાય કે 'દુઃખમાં હાયવોય ને કષાય કરીશ તો કર્મ બંધાશે. એમાં દુઃખ સહતા બે કર્મ તો છોડવાના થાય, પરંતુ હાયવોય ને કષાયો કરવામાં બાર કર્મ બાંધવાના થાય ! બકરું કાઢવાનું, ને ઊંટ પેસાડવાનું ! કેવી મૂર્ખતા માટે દુઃખ શાંતિથી સહી લેવા દે.

માણસ જો વિચાર કરે તો સમજાય એવું છે કે દુઃખ આવ્યા તે સહ્યા વિના તો છુટકો જ નથી, પછી શા માટે આકુળ-વ્યાકુળ અને ગુસ્સે થવું ! એમ થવામાં સહવાનું થોડું જ મીટે છે ? દુઃખ થોડાં જ અટકે છે તો પછી શા સારુ હાયવોયને દ્વેષ કરવા ?'

**ઊલટું હાયવોયમાં દુઃખ સહવાનું વધારે લાગે છે ને શાન્તિથી વધાવવામાં દુઃખ ઓછું લાગે છે.**

લડાઇમાં લડવૈયાઓ ઘા લાગે તો ય કેમ ભાગી ન જતાં 'ફરીથી ઘા લાગે તો લાગે' પણ લડવાનું કેમ ચાલુ રાખે છે ? શું ઘાનું દુઃખ સહવાનું નથી આવ્યું ? પરંતુ કહો, એ સહવામાં હાયવોય નથી, કિન્તુ વધાવી લેવાનું જ રાખ્યું છે, 'સહવાનું આવ્યું ? ભલે આવ્યું સહી લેવા દે પણ પાછા પડવું નથી,' આ એની ભાવના રહે છે. એનો પ્રતાપ છે કે એને સહવાનું ઓછું લાગે છે. 'હાય આટલું બધું સહન કરવાનું ? હાય ! મારાથી સહન નથી થતું,' આવું જો મનને થાય, તો તો આગળ એ લડી રહ્યો.

**સુભટને આગળ લડી જ લેવું છે માટે ઘા સહવાનું વધાવી લે છે, ને તેથી સહવાનું મનને ઓછું લાગે છે.**

**એમ, કર્મ સામે લડી જ લેવાનું નક્કી થાય, તો કર્મે આપેલ દુઃખ સહવાનું વધાવી લેવાય. ને એ સહવાનું મનને ઓછું લાગે.**

ડોકટરનું ઇંજેકશન લેતાં શું થાય છે ? પહેલેથી જ જો મન નબળું પડ્યું કે 'હાય ! કેવુંક ભોંકાશે ? તો ઝીણી પણ સોય સહેજ ભોંકાતા અસહ્ય લાગશે, શરીરે કમકમી થશે પરંતુ જો પહેલેથી નક્કી રાખ્યું કે 'માત્ર ઝીણી સોય નહિ, પરંતુ ખાસી જાડી ખીલી ભોંકાવાની છે, ને તે મારે સહી લેવી છે,' તો પછી ઝીણી સોય ભોંકાતાં સહવાનું બહુ નહિ લાગે. મન અંદરથી કહેશે, ડૉકટર ! ઘોંચો, ઘોંચો, મારા શરીરમાં ખીલો ઘોંચો, મારે સહી લેવું જ છે.' ત્યાં બહુ પાતળી સોય ઘોંચાતા શાનું લાગે ? મન પર મોટો આધાર છે.

**કર્મે આપેલા દુઃખને કાયર મન વધારી દે છે ને વિવેકી મન ઘટાડી દે છે.**

આપણા જીવનમાં જોઇશું તો દેખાશે કે કર્મે આપેલા દુઃખને વધારી દઇએ છીએ. કેમકે વિવેક નથી કાયરતા છે. જો વિવેક હોય તો કર્મજન્ય દુઃખને નગણ્ય

કરી શકીએ છીએ.

ખૂબી કેવી છે ? સોય તો, એની એજ ભોંકાય છે, પરંતુ 'હાય ! સોય ભોંકાવાની ?' કરનારને એ સહવાનું બહુ લાગે છે, ત્યારે 'સહી જ લેવું છે,' માત્ર સોય નહિ જાડી ખીલી ભોંકાવાનું સહી લેવું છે, એમ સહવાનું વધાવી લેનારને સહવાનું ઓછું લાગે છે.

શેમાં ડહાપણ ? 'હાય ! સોય વાગી' કરવામાં ? કે 'ભલે સોય વાગી' કરવામાં ? ભલે વાગી કરનારને દુઃખ ઓછું લાગે ને' એમ અશુભના ઉદયમાં 'હાય ! દુઃખ' કરનારને દુઃખ વધારે, 'ભલે દુઃખ' કરનારને દુઃખ ઓછું.

**મેઘનાદને પુણ્યાનુબંધી પુણ્ય અને વિવિધ હિત સાધના :-**

અનંતવીર્ય વાસુદેવના જીવે નરકમાં અવધિજ્ઞાનથી પોતાના કર્મ પર નજર રાખી નરકના જાલિમ પણ ત્રાસ સમ્યગ્ રીતે સહન કર્યા, એ વસ્તુ પછીની પુણ્ય સ્થિતિમાં નજીકનું કારણ, અને એની પૂર્વે અનંતવીર્ય અને શ્રીવિજયના ભવમાં ધર્મ-સાધના કરી છે, એ દૂરનું કારણ, આ બે કારણે અહીં હવે ૮મા મેઘનાદના ભવમાં વૈતાઢ્યની બંને શ્રેણીના એકસો દસે નગર પર એને આધિપત્ય મળ્યું છે, કહો, એ વિદ્યાધર ચક્રવર્તી બનેલ છે.

પરંતુ એ પાછું પાપાનુબંધી પુણ્યના પ્રભાવે નહિ, કિન્તુ પુણ્યાનુબંધી પુણ્યના પ્રભાવે મળ્યું છે. એટલે પુણ્યથી આટલી બધી સમૃદ્ધિ પામવા છતાં એ ધર્માનુરાગી છે એને ભગવાન જિનેશ્વર દેવ ઉપર અને જિનશાસન પર ભારે શ્રદ્ધા-પ્રીતિ-બહુમાન છે, એટલે જિનેશ્વરદેવની ખૂબ ભક્તિ કરે છે, શાસનની પ્રભાવનાનાં કાર્યો કરે છે, સાધુજનોનો સમાગમ અને જિનવાણીનું શ્રવણ કરે છે, શક્તિ અનુસાર ત્યાગ, તપસ્યા પણ આદરે છે, ઉપરાંત સંસાર વ્યવહારમાં સત્ય, ન્યાય, નીતિ, પરોપકાર વગેરેને પણ એણે પોતાના પ્રાણ બનાવ્યા છે.

**મેઘનાદ રાજા કેમ નિવૃત્ત ? ધર્મ પરિણતિ એવી :-**

આવું ધર્મિષ્ઠ જીવન જીવનાર સંસારમાં શાના રચ્યા-પચ્યા રહે ? એ તો સંસારથી ઊભગેલા હોય, એટલે જ અવસર આવ્યે સંસારના સાવદ્ય વ્યાપાર યાને પાપ પ્રવૃત્તિઓ બંધ કરી દેવા જ ઝંખે. મેઘનાદે એ કર્યું, પોતાના પુત્રો રાજ્ય કારભાર સંભાળવા શક્તિમાન થઇ ગયા જાણી મેઘનાદે પુત્રોને વૈતાઢયની બંને શ્રેણીના ૧૧૦ નગરોના રાજ્ય વહેંચી આપ્યા.

**મેઘનાદની ધર્મપરિણતિ એને શીખવી રહી છે કે 'રાજ્યપાટ કે વેપાર વગેરેની**

**ખટપટ જિંદગીના છેડા સુધી સંભાળવાની ન હોય.** નહિતર એ છેલ્લા પ્રાણ સુધી એમાં રચ્યા-પચ્યા રહેવાનું હોયે તો-

**શું પરભવના ભાતામાં આ રાજ્ય વેપારની ખટપટની ઉપયોગિતા છે ?**

જીવનના અંત સુધી જેને વેપારાદિની ઉપાદેયતા લાગ્યા કરે છે એનું મન કહે છે 'ભાઇ ! વેપાર પણ સંભાળવાની વસ્તુ છે. એના વિના કાંઇ ચાલે ? ધરમે ય ખરો, ને વેપારે ય ખરો. સંસારી છીએ તેથી બધુંય સંભાળવું પડે. એમાં વેપાર પણ સંભાળીએ એમાં કાંઇ આત્માનું બગડી જતું નથી,' આવા આવા મનનાં ધોરણ મિથ્યાત્વને દ્રઢ કરનારા છે. ભવાંતરે આ મિથ્યાત્વનું સંપેતરું લઇને જ જવાનું ને ?

આજના વિષમ કાળની આ બલિહારી છે કે સાંસારિક વેપાર ધંધો એ પાપ છે એમ લાગવા જ નથી દેતો ! એમાં વળી દુકાન પર કે ઘર પર બેઠા બેઠા પૈસા મળતાં હોય, તો તો વેપારમાંથી નિવૃત્ત થવાની વાતે ય શી ? દુકાને જતાં જો કાંઇ અફસોસી જ નહિ કે 'હાય ! હવે મારે જવાનો સમય પાકી ગયો, ને આ હું શું કરી રહ્યો છું ? ક્યાં સુધી આ વેપાર પાછળના પાપી આરંભ-સમારંભો અને પરિગ્રહની પાપી મૂર્ચ્છા પોષવાની ? જિંદગીના છેડા સુધી ? તો પછી

**'આ ભવભવ ભટકાવનારી આરંભ પરિગ્રહની મૂર્ચ્છા પડતી ક્યારે મૂકવાની ? ક્યાં પડતી મૂકવાની ?'**

આવી કોઇ સળગતી ચિંતા જ નથી, કેમકે બે કલાક દુકાને બેઠા ને પૈસાની ટંકશાળ વહી આવે છે, તો એ શું કામ કડવી લાગે ? શું આ ચિંતા જ નહિ, ને રાચી-રીઝીને વેપાર જિંદગીના છેડા સુધી ચાલુ રહે, એમાં સમ્યક્ત્વ આવે ? આવ્યું હોય તો ઊભું રહે ? મનને લગાડો કે જિંદગીના છેડા સુધી ધંધા-વેપારની લગન મિથ્યાત્વ જ પોષશે, ને મિથ્યાત્વા પોષણ દુર્ગતિના ભવો સુલભ કરે.

સમ્યક્ત્વની આ કસોટી-પત્થર છે કે 'પરિગ્રહ વેપાર આરંભ-સમારંભ શું જિંદગીના પ્રારંભથી તદ્દન ત્યાજ્ય લાગે છે ?

**આરંભ-પરિગ્રહની મૂર્ચ્છાના કુસંસ્કાર પોષાવા દ્વારા વધતા દ્વારા ભવના ફેરા જ વધે**

આનો પાકો ભય લાગે છે ? જો હા, તો તો આત્માની સમ્યક્ત્વની પરિણતિ રૂપી સોનું કસોટીએ પાર ઉતર્યું. પરંતુ જો એની તદ્દન ત્યાજ્યતા હોવાનું નથી લાગતું, અને ભવવૃદ્ધિનો ભય નથી લાગતો, તો આત્માની પરિણતિ સોનાની નહિ પણ કથિરની સાબિત થાય.

વીતરાગ ભગવાનનાં દર્શન રોજ કરો છો, તો પ્રભુ પાસે આ રોજ માગો કે 'હે નાથ ! મારું હૃદય આવું બનાવી આપ કે એને વેપાર પૈસા વગેરે મારા હિતકારી નહિ પણ મારું નિકંદન કાઢનારા લાગે. એનાથી હું ઊભગેલો રહ્યા કરું.' આવી રોજની બે ટાઇમ પ્રાર્થના થાય તો એ પણ ફળદાયી બને છે. શાસ્ત્રમાં લખ્યું છે કે,

**प्रार्थनातः एव इष्टसिद्धिः । પ્રાર્થનાથી જ ઇષ્ટ સિદ્ધિ છે.**

પ્ર.-શું પ્રાર્થના ન કરીએ તો ઇષ્ટ સિદ્ધિ નહિ ?

ઉ.-અમે વીતરાગ પ્રભુને પ્રાર્થના કર્યા વિના જ અમારું ઇષ્ટ સાધી લઇશું'. આ ભાવના અભિમાનના ઘરની છે, કેમકે એમાં 'અમારે વીતરાગ પ્રભુની શી જરૂરી છે ?' એ જાતનો મદ છે. જે વીતરાગ અરિહંત ભગવાનની જરૂર મોટા ગણધર દેવોને લાગી, એમની જરૂર ન લાગવી અને જાતની અક્કલ હોશિયારી પર ચાલવું, એ અભિમાન નહિ તો બીજુ શું ? અભિમાન હોય ત્યાં ઇષ્ટ કાર્યને યોગ્ય હૃદયનો મૃદુભાવ ન રખાવે, તેથી ઇષ્ટ સિદ્ધિ ન થાય.

બીજી એ પણ વાત છે કે સાચા હૃદયથી પ્રાર્થના કરે કે 'પ્રભુ મારે તમારા પ્રભાવથી આ સિદ્ધિ થાઓ.' એમાં એ વસ્તુની હૃદયમાં તીવ્ર આશંસા રહેલી હોય છે, અને વસ્તુની તીવ્ર આશંસા એ પ્રણિધાન છે, પ્રણિધાન એ સિદ્ધિ-બીજ છે.

**You deserve and desire.**

**You desire and obtain.**

તમે લાયક બનો અને ઇચ્છો. તમે ઇચ્છો અને પામો.

વસ્તુ પામવાની લાયકાત વિનાની ઇચ્છા નકામી. આત્મહિતની વસ્તુ પામવી છે. એની પહેલી લાયકાત નમ્રતા, અહંત્વત્યાગ. પ્રભુની આગળ પ્રાર્થના કરો એટલે એમાં 'પ્રભુ ઊંચા, પોતે નીચા એ ભાવ ગર્ભિત છે, એટલે કે નમ્રતા છે. એથી ત્યાં વસ્તુની સાચી ઇચ્છા ઊભી થાય.

વસ્તુની સાચી ઇચ્છા કરો, અને વસ્તુ પામો.

**Where there is will, there is a way.**

જ્યાં સાચી તમન્ના છે ત્યાં એ પામવાનો માર્ગ છે. પ્રભુની આગળ જઇને વસ્તુની પ્રાર્થના કરીએ છીએ એમાં એ વસ્તુની તીવ્ર આશંસા તીવ્ર તમન્ના ગર્ભિત રહે છે. કહો કે

**પ્રાર્થનામાં આપણી તીવ્ર આશંસા જ વ્યક્ત કરીએ છીએ. ને ધર્મની**

**આશંસા ઇચ્છા એ ધર્મના ચાર સોપાન. ઇચ્છા-પ્રવૃત્તિ-સ્થૈર્ય-સિદ્ધિ એમાં પહેલું સોપાન છે.**

પ્ર.-તીવ્ર આશંસા-અભિલાષા તો પ્રાર્થના ન કરીએ તો પણ થઇ શકે ને ?

ઉ.-'પ્રાર્થના વિના' એ અભિમાન વાક્ય છે, એટલે પ્રાર્થના વિના આશંસા કદાચ કરવામાં આવે તો એ અભિમાનવાળી આશંસા થાય. પ્રાર્થનામાં અભિમાન રહિત આશંસા છે.

તીવ્ર આશંસા-અભિલાષા થઇ એટલે વસ્તુ સાધવાનો ઉપાય ઊભો થવા માટે એને રોકતાં કર્મ આવરણ હટાવવા જોઇએ, કર્મનો ક્ષયોપશમ કરવો જોઇએ. અહંત્વ ટાળીને નમ્રભાવ અને અરિહંત પ્રભુના અચિંત્ય પ્રભાવની શ્રદ્ધા એ ક્ષયોપશમ કરી આપે છે.

પ્રાર્થનામાં આ નમ્રભાવ અને પ્રભુના પ્રભાવ પર વિશ્વાસ ગર્ભિત છે. માટે પ્રાર્થનાથી જ ઇષ્ટ સિદ્ધિ થાય એમાં નવાઇ નથી.

વાત આ હતી કે વેપાર ને રોજગાર, આરંભ સમારંભ ને પરિગ્રહ જિંદગીના છેડા સુધી છોડવાનું મન નથી થતું, કેમકે એ ભૂંડા ખતરનાક લાગતા નથી, તો પ્રભુ આગળ એવા લગાડવા માટે પ્રાર્થના કરો. એથી એની તીવ્ર આશંસા ને સાચી તમન્ના ઊભી થવાથી એ વેપારાદિ ભારે ખતરનાક લાગવા માંડશે, પછી એવા સંયોગો બની આવતાં કે ઉંમર આવતાં એથી નિવૃત્તિ લેવાનું મન થશે.

મેઘનાદ આ કરે છે, છોકરા ઉંમરલાયક આવી મળતાં પોતાના વૈતાઢ્ય પરની બંને શ્રેણીના ૧૧૦ નગરીના રાજ્ય એમને વહેંચી આપી, પોતે નિવૃત્તિ લે છે. નિવૃત્તિ લઇને શું કરવાનું ? નવરા પડ્યા ગામ-ગપાટા નહિ, કિન્તુ પરમાત્માની વિશેષ ભક્તિ, વિશેષ સાધુસેવા વગેરે આત્મહિતકર ધર્મસાધના કરવાની. નહિતર **ગામ-ગપાટા કરવાના હોય તો નિવૃત્તિ પરચિંતામાં લઇ જઇ અધમાધમ કાર્ય કરાવનારી બની ! ઓલામાંથી ચૂલામાં પડ્યા જેવું થયું.**

શાસ્ત્ર કહે છે,-**ચિંતા ચાર પ્રકારની**

(૧) આત્મ ચિંતા ઉત્તમ, (૨) વિષયસુખ-ચિંતા મધ્યમ,

(૩) ધન ચિંતા અધમ, અને (૪) પર ચિંતા અધમાઅધમ.

**(૧) આત્મ ચિંતા ઉત્તમ એટલા માટે,**

(૧) એમાં પોતાના માત્ર જન્મસ્થાયી શરીરની ચિંતા મૂકી પરલોકગામી આત્માની ચિંતા કરવામાં પોતાના આત્માનો દીર્ઘ પરલોક ન બગડે, પરલોક સુધરે, એની ચિંતા આવે છે. પરલોકે કાંઇ શરીરને જવાનું નથી, એટલે શરીરની ચિંતામાં પરલોકનો વિચાર નથી, માત્ર આ જનમનો વિચાર છે. આ જનમમાં સુખ, સન્માન, મોટાઇ કેમ મળે એટલું જ જોવાય છે, એટલે પછી એની ખાતર ગમે તેવા પાપ-પ્રપંચ કરવામાં કે ક્રોધાદિ કષાયો કરવામાં સંકોચ રહેતો નથી, કેમકે એ પાપ પ્રપંચોને કષાયોથી પરલોક બગડવાનું તો જોવું નથી. માત્ર શરીરનો વિચાર હોય ત્યાં, શરીરને ક્યાં પરલોકમાં જવું છે ? તેથી, પરલોકનો વિચાર શું કામ કરવાનો રાખે ? એ તો

**આત્માની ચિંતા હોય એને પરલોકની ચિંતા આવે.**

કેમકે પોતાના આત્માને પરલોક જવું પડવાનું છે. અને અહીંના કર્યાં ત્યાં ભોગવવાનાં છે. એટલે જો આત્માની ચિંતા હોય તો પરલોક બગાડનારા પાપ પ્રપંચો, વિષય વિલાસોને, કષાયો વગેરેથી આઘા રહેવાનું થાય, તેમજ જિનભક્તિ વગેરે પરલોક સુધારનારા કાર્યોમાં મુખ્ય પ્રવૃત્તિ થાય. આ સ્થિતિ સરજનાર કોણ ? આત્મચિંતા માટે આત્મચિંતા ઉત્તમ કહી.

વાત પણ સાચી છે કે માણસ બધીય વાતની ચિંતા કરે પણ એ ચિંતા કરેલા વિષયો (૧) પોતાની ઇચ્છા મુજબ નહિ પણ કર્મ પરવશ વર્તતા હોય, ને (૨) અણધાર્યા ઉડી ય જતા હોય અને (૩) જીવનના અંતે તો સમૂલગા છૂટી જ જવાના હોય તેમજ (૪) એ ચિંતામાં કરેલા ધરખમ પાપવિચાર તથા એના બંધાયેલા કર્મબંધ અશુભ કર્મોના ભાર માથે લઇ પરલોક જવાનું હોય, તો પછી જીવનભર હૈયું એની ચિંતાથી વિડંબ્યા કર્યું એનો શો લાભ ? એવી ચિંતાને સારી ઉત્તમ કેમ કહેવાય ? એના કરતાં પોતાના આત્માની ચિંતા કરી હોય ને એ ચિંતા મુજબ હેય અહિતના ત્યાગ અને ઉપાદેય હિતના આદર કર્યા હોય, તો એ કર્માધીન નહિ પણ પોતાની ઇચ્છાનુસાર વર્તનારા હોય છે. દા.ત. આત્માની ચિંતા કરી એને અભક્ષ્ય-ભક્ષણ અહિતકર હોઇ એનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ કર્યો હોય તો એમાં કર્મની શિરજોરી નથી ચાલતી કે એ ત્યાગ ન કરવા દે. ત્યાગ એ ત્યાગ. કર્મ કાંઇ પરાણે મોમાં અભક્ષ્ય ખોસી ઘાલતાં નથી. એમ આત્મહિત ચિંતાથી સિનેમા ત્યાગ કર્યો તો કર્મની મજાલ નથી કે એ સિનેમાને આંખમાં ખોસી ઘાલે. આ આટલો મોટો ફરક છે કે,

**જો આત્માની ચિંતા રાખી હિત-પ્રવૃત્તિ અને અહિત-નિવૃત્તિ કરાય તો**

**એ હિત-પ્રાપ્તિ ને અહિત-નિવારણ કર્મને પરવશ નથી, આત્માને પોતાને સ્વાધીન છે, ત્યારે**

**જો અર્થ કામની ચિંતા કરી એમાં ઇષ્ટ-પ્રવૃત્તિ ને અનિષ્ટ-નિવૃત્તિ કરવા ગયા તો એ પછી ઇષ્ટ-પ્રાપ્તિ અનિષ્ટ નિવારણ કર્મને આધીન છે.**

ઇષ્ટમાં પ્રવર્તવા છતાં કર્મ અનુકુળ ન હોય તો ઇષ્ટ સિદ્ધ ન થવા દે, અગર ઇષ્ટ સિદ્ધ થયા પછી પણ કર્મ પ્રતિકૂળ બને તો ઇષ્ટને ઉરાડી ય નાખે ! દા.ત. ઇષ્ટ છે પૈસા, એ માટે વેપારમાં પ્રવૃત્તિ કરી, પરંતુ કર્મને પરાધીન એટલે અનુકુળ હોય તો જ પૈસા મળે પ્રતિકૂળ હોય તો પૈસા ન જ મળે. વળી મળ્યા પછી પણ અશુભ કર્મ ઉદય પામી જાય તો પૈસા જાય પણ ખરા. એટલે આ બધું કર્મને આધીન.

આવું અનિષ્ટ નિવૃત્તિમાં છે. દા.ત. અનિષ્ટ છે પોતાની ફેકટરીનો મેનેજર. એને કાઢવા માટે યત્ન કર્યો, પરંતુ એ જવો કર્મને પરાધીન, તે પેલો નોકરી ન છોડવા ગુમાસ્તા-ધારો આગળ કરે તો શું કરો ? કોરટે ગયા તો કોરટ એની ફેવરમાં રહે છે.

**એક અનુભવ :-**

અમે સંઘ સાથે સિદ્ધગિરિ જઇ રહ્યા હતા. એક વિહારમાં અમે ગામના નાકે આગળ પહોંચ્યા, સંઘને આવવા વાર હતી. ગામ બહાર રોકાયેલા એમાં બે ભાઇ એમના પિતાજીની શાતા પૂછવા આવેલા, તે બેઠા અમારી પાસે, વાત કરે કે ''સાહેબ ! આજના શું કાયદા થાય છે ? અમારી ફેકટરીમાં મેનેજર અઢી હજારના પગારે કામ કરે છે. અમને એની પૂર્વ સર્વીસમાં અનીતિ કર્યાની ખબર પડી. અમે નોકરીમાંથી છૂટા થવા નોટિસ આપી. એ કહે 'હું નથી છૂટો થવાનો.' અમે કોરટે ગયા ત્યારે સામાના વકિલે એની તરફેણમાં રજુ કર્યું કે 'આ ફેકટરીમાં મારા અસીલે વરસોથી ન્યાયનીતિ પુરસ્સર પ્રામાણિકતાથી નોકરી બજાવી છે. એટલે કાયદાહેઠળ છૂટા કરાવાને પાત્ર નથી.' કોરટે જજમેન્ટ આપ્યું 'પૂર્વે એણે ગમે તે કર્યું. અહીં તમારે ત્યાં કશી અનીતિ કે સર્વીસને બેજવાબદાર કશું વર્તન કર્યું નથી માટે નોકરીમાંથી કાઢી નહિ મૂકાય' શું આ ? નોકર અનિષ્ટ છે એને કાઢવા માટે ઠેઠ કોરટે લડવા સુધીના પ્રયત્ન કર્યા, પરંતુ કર્મને પરાધીન, તે અશુભ કર્મ અનિષ્ટને ઊભું રાખે છે. જીવને કર્મ અનિષ્ટથી નિવૃત્તિ નથી પામવા દેતું.

અર્થ એટલે કે પૈસાની જેમ આવું સુખની ચિંતામાં થાય છે. સુખની ચિંતા ગમે તેટલી કરો, પરંતુ સરવાળે સુખ મળવા-ટકવાનું કે દુઃખ ટળવા ન ટળવાનું કર્મને આધીન છે. દા.ત. સંસારનું સુખ જોઇએ છે માટે લગ્ન કર્યા પરંતુ કર્મ વાંકા છે તો કન્યા જ ટી.બી. વાળી મળી ! કે લગ્ન પછી પોતાને જ ટી.બી. લાગી ગયો ! ડૉકટર એને બ્રહ્મચર્ય પાળવાની સખ્ત તાકીદ આપે છે, નહિતર ટી.બી. વધી જઇને મોતની ચેતવણી આપે છે. હવે કહો, સુખની ચિંતા અને પ્રવૃત્તિ ઘણીય કરી, પરંતુ સુખ મળ્યું ? સુખ ટક્યું ?

એમ દુઃખ ટળવામાં ય ચિંતા ગમે તેટલી કરો પરંતુ ટળવાનું કર્મને પરાધીન ! દા.ત. શરીરે ટી.બી., કેન્સર, લકવા જેવું દુઃખ છે, એ ટાળવાની ભારે ચિંતા કરી અને દવા દારૂના પ્રયત્ન કર્યા, પરંતુ કર્મ પ્રતિકૂળ છે તો એ બધી ચિન્તા અને પ્રયાસ બેકાર ! દુઃખ જવા ન દે.

**સારાંશ, અર્થ કામની ચિંતા કર્મને પરવશ હોઇ, ફળે કે ન ય ફળે, પરંતુ આત્માની ચિંતા તો આત્મહિત સ્વાધીન હોઇ સફળ જ થાય છે. માટે આત્મચિંતા ઉત્તમ છે.**

**એમ અર્થ-કામની ચિંતા પાછળ પાપના બંધન છે, આત્મચિંતાની પાછળ પુણ્યની અને કર્મ નિર્જરાની કમાઇ છે. માટે આત્મચિંતા ઉત્તમ છે.**

**આત્મ ચિંતામાં શું કરવાનું ?**

આત્માની ચિંતા કરવાની એટલે શું કરવાનું ? ખાલી વિચારતા બેસવાનું નથી કે 'મારા આત્માનું શું થશે ?' પરંતુ (૧) પહેલાં તો આત્માને હિતકારી શું શું, ને અહિતકારી શું શું, હેય-ત્યાજ્ય શું શું ને ઉપાદેય શું શું, એનો વિવેક મનમાં જાગતો રાખવાનો, અને વિવેકને અનુરૂપ મનનું વલણ રાખવાનું છે એટલે કે ત્યાજ્ય અહિત પ્રત્યે અભાવ તથા ઉપાદેય હિત-પ્રત્યે સદ્ભાવ રુચિ રાખવાની છે, ને હિત આરાધવાની તીવ્ર ભૂખ જગાડવાની છે. ને પછી (૨) બીજા નંબરે જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં ત્યાં અહિતથી અર્થાત્ ત્યાજ્ય બાબતથી નિવૃત્ત થવાનું ને દૂર રહેવાનું છે, તેમજ શક્ય હિતમાં ઉપાદેયમાં પ્રવૃત્તિ કરવાની છે.

અહીં આત્મચિંતામાં હિત-અહિતનો યાને હેય-ઉપાદેયનો હૃદયમાં વિવેક જાગતો રહે એ પહેલું જરૂરી ગણ્યું.

**આત્મ વિચાર સાચો ક્યારે ? :-**

**આત્માની ખરી ચિંતા જ પહેલા નંબરમાં હેય-ઉપાદેયનો વિવેક છે.**

બાકી હેય-ઉપાદેયના વિવેકના કશા વિચાર વિનાનું માત્ર આત્માનું ચિંતન એ ભ્રમણા છે.

'આત્મા દેહથી જુદો અરૂપી શુદ્ધ જ્ઞાન-દર્શનવાળો' એવી વિચારણા તો કરી, પરંતુ 'મારે આરંભ-વિષય-પરિગ્રહ અહિતકારી છે, ને સામયિક-બ્રહ્મચર્ય-અપરિગ્રહ જ હિતકારી છે' આ વિવેકનો વિચાર નથી. વળી વિવેકને અનુરૂપ માનસિક વલણમાં આરંભ-વિષય-પરિગ્રહ પ્રત્યે ઘૃણા-અભાવ-અરુચિ નથી, એના ત્યાગની કોઇ તાલાવેલી નથી, તો પેલો આત્મ વિચાર શુષ્ક છે, કોરો ધાકોર છે, બનાવટી છે.

જો ખરેખર પોતાનો આત્મા પોતાના શરીરથી જુદો લાગે છે, ને પોતાને શરીર કરતાં આત્મા ગમે છે, આત્મા પર પ્રેમ છે, મમત્વ છે, તો શું પોતાના આત્માના અહિતકારી પદાર્થો પર અભાવ ન થાય ? એ છોડવાની ઇચ્છા તમન્ના ન રહે ? જો આમાનું કશું નહિ, તો પછી આત્માનો વિચાર શો રહ્યો ? અરે ! આરંભાદિ છોડવાની વાત તો પછી, પણ એના પ્રત્યે દિલમાં અભાવ તો થવો જોઇયે ? ગ્લાનિ-અરુચિ અકળામણ તો રહેવી જોઇએ ? ના, હિંસામય આરંભ-સમારંભમાં ઇન્દ્રિય વિષયોમાં અને પરિગ્રહમાં ટેસબંધ ધમધોકાર કામ ચાલે છે, કોઇ ખટકો થતો નથી, ને વાત કરે છે 'આત્મા આવો છે ને તેવો છે' એ ઢોંગ-ધતૂરો છે, પાંડિત્ય પ્રદર્શન છે. છૂપી નાસ્તિકતા છે.

એટલા માટે તો આત્માના વિચારને ઉત્તમ ન કહેતાં આત્માની ચિંતા ઉત્તમ કહી.

આત્માની ચિંતા એટલે આત્માના હિત-અહિતની ચિંતા, આત્માને માટે હેય-ઉપાદેયની ચિંતા.

કહે છે ને કે માણસ કુટુંબ લઇને બેઠો એટલે કુટુંબની ચિંતા કરવી પડે, કુટુંબની ચિતા એટલે કુટુંબને સુખ સગવડ કેમ મળે, ને દુઃખ-આપદા કેમ ટળે એની ચિંતા કાળજી-શક્ય પુરુષાર્થ. એમ આત્માની ચિંતા એટલે આત્માનું હિત કેમ સધાય ? અને અહિતથી કેમ બચાય ? અહિતથી બચવા માટે હેય-ત્યાજ્ય શું શું ? અને એનાથી કેમ આઘા રહેવાય ? એની ચિંતા કાળજી ને શક્ય પુરુષાર્થ. તેમજ હિત સાધવા માટે ઉપાદેય આદરણીય શું શું અને એ કેમ આદરાતું રહે ? એની ચિંતા રહે એ આત્મ-ચિંતા છે.

**આત્માને અહિતકારી શું શું ? :-**

આમાં પહેલી વાત, હેય-અહિત અને ઉપાદેય-હિતનો વિવેક વહેંચણ કરવાની છે, અને વિવેક મુજબ અહિતકારી હેય પદાર્થો કે હેય પ્રસંગો યા હેય પ્રવૃત્તિઓ પ્રત્યે દિલનો અભાવ રહે, ગ્લાની અકળામણ-નિરુત્સાહ રહે પણ સદ્‌ભાવ-હોંશ ઉમળકા નહિ. માણસ સંસાર લઇને બેઠો એટલે આત્માને અહિતકારી હિંસા-આરંભ-સમારંભ વિષયો અને પરિગ્રહની તેમજ ક્રોધ-માન-માયા-લોભની કેટલીય પ્રવૃત્તિ આવરવી પડતી હોય પરંતુ એમાં એને હોંશ ન હોય, આનંદ મંગલ ન લાગે, પરંતુ દિલમાં ઊંડે ઊંડે અભાવ રહેતો હોય, ગ્લાની રહેતી હોય, 'આ માયાના બંધનની વેઠ મારે ક્યાં સુધી કરવાની ? કર્મની ગુલામીનાં જીવન મારે ક્યાં સુધી જીવવાનાં ? એવો આંતરિક વિષાદ હોય, દિલદર્દ હોય.

**આત્માને હિતકારી શું શું ? :-**

એમ આત્માને હિતકારી ઉપાદેય જે પદાર્થ, પ્રસંગ, કે પ્રવૃત્તિ એની પ્રત્યે હૈયાના આદર હોય, સદ્‌ભાવ હોય. (૧) જિનમંદિર-જિનમૂર્તિ-તીર્થ-સાધુ-શાસ્ત્ર સાધર્મિક...વગેરે વગેરે એ હિતકારી પદાર્થ છે, ઉપાદેય પદાર્થ છે. એમ (૨) જિનભક્તિ-મહોત્સવ, વ્રતોચ્ચારણ-પ્રસંગ, દીક્ષા-પ્રસંગ, ઉપધાન ઉદ્યાપન-નવપદ ઓળી પ્રસંગ, સંઘયાત્રા-પ્રસંગ, પ્રતિષ્ઠા-અંજનશલાકા-પ્રસંગ, વગેરે વગેરે પ્રસંગો હિતકારી ઉપાદેય પ્રસંગો છે. એમ (૩) દાનની પ્રવૃત્તિ, શીલની પ્રવૃત્તિ, તપસ્યા, દેવદર્શન-પૂજા-સામાયિક-પોષધ વગેરેની પ્રવૃત્તિ, વ્રત-નિયમગ્રહણ-પાલન, બ્રહ્મચર્ય, ચારિત્ર-પાલનની પ્રવૃત્તિ, ક્ષમાદિ ધર્મમાં પ્રવૃત્તિ વગેરે વગેરે એ હિતકારી ઉપાદેય પ્રવૃત્તિ છે.

આ ઉપાદેય પદાર્થ પ્રસંગ-પ્રવૃત્તિ પ્રત્યે દિલ કેવું જોઇએ ? સદ્‌ભાવ અને હોંશવાળું, ઉછરંગ ને ઉમળાકાવાળું જોઇએ. જ્યાં એનું નામ કાન પર આવે, ત્યાં હૈયું વિકસ્વર થાય અહોભાવવાળું થાય, હૃદયનો પૂર્ણ સદ્‌ભાવ જળહળે. વિવેકનું આ ફળ છે વસ્તુનો વિવેક આવ્યો એટલે એનું મૂલ્યાંકન કર્યું કે 'આ કઇ જાતની અને કેટલી કક્ષાની ?

વસ્તુની જાતભાતનું મૂલ્યાંકન થાય, એટલે સહેજે મનને થાય કે 'આ વસ્તુ જો નુકસાન કરનારી છે તો એના પ્રત્યે રુચિ ન થાય, પરંતુ અભાવ થાય.' એમાં વળી એની નુકસાનકારકતા જો ઉગ્રરૂપની લાગે તો એના પ્રત્યે અભાવ પણ ઉગ્રરૂપનો થાય. વ્યવહારમાં આ અનુભવ થાય છે.

દા.ત. શરીરમાં ડાયાબીટીસ રોગ હોય અને વૈદ ડૉક્ટર કહે 'મિઠાઇ તમને નુકસાન કરનારી ચીજ છે તેથી જો લાંબો ગાળો સુખે જીવતા રહેવું હોય તો મિઠાઇને અડશો જ નહિ.' એમ મિઠાઇ નુકસાનકારક હોવાથી વૈદ-ડૉક્ટર પાસેથી જાણવા મળ્યું કે તરત જ એના પ્રત્યે દિલમાં અભાવ ઊભો થાય છે. અલબત જીભને એ ગમતી ચીજ છે છતાં દિલમાં એના પ્રત્યે એક પ્રકારની સૂગ ઊભી થાય છે, ક્યારેક કદાચ મિઠાઇ ખાવા મન લલચાઇ પણ જાય, ને ખવાઇ પણ જાય, છતાં જે પહેલાં ખુશમિશાલ અને સારા પ્રમાણમાં ખવાતી હતી એના બદલે હવે એના પર, આ મને નુકસાન કરનારી' એવો ભય લાગ્યાથી ખુશમિશાલ નહિ ખવાય, તેમ સારા પ્રમાણમાં ય નહિ ખવાય, બસ,

**ડાયાબીટીસમાં મિઠાઇ પ્રત્યે અભાવ, એમ હિતાહિત વિવેકમાં અહિત પ્રત્યે અભાવ થાય :-**

આત્મચિંતામાં આત્માને હિત-અહિતનો હેય-ઉપાદેયનો વિવેક જાગ્યા પછી મન પર એના પ્રત્યે રુચિ-અરુચિની અસર થાય છે. હેય પ્રત્યે અભાવ અને ઉપાદેય પ્રત્યે રુચિ-સદ્ભાવનું વલણ ઊભું થાય છે. એજ સાચી આત્મચિંતા છે. આત્મદર્શન છે. એટલે કહો,

**આત્મચિંતા આત્મદર્શન શું ? આત્માને હિતકારી પ્રત્યે સદ્ભાવનું અને અહિતકારી પ્રત્યે અભાવનું વલણ.**

આ આવ્યા પછી પોતાનું ચાલે ત્યાં અહિતકારીના ત્યાગનો અને હિતકારીના ગ્રહણ-આદરનો પ્રયત્ન સહેજે થવાનો. મૂળમાં આ વલણ ઊભું કરવાની જ આવશ્યતા છે. આ વલણ ઊભું કરવામાં અર્થાત્ સાચી આત્મચિંતા કરવામાં પોતાની સ્વતંત્રતા છે. જગતને જગતના હિત-અહિતકર પદાર્થને કેવા લેખવા, એ પોતાની મુનસફીની વસ્તુ છે, એમાં કર્મના જજમેન્ટની જરૂર નથી. આમ,

**(૧) આત્મચિંતા ઉત્તમ, કેમકે આત્મચિંતાનું ફળ પુરુષાર્થને આધીન અર્થ-કામ-ચિંતાનું ફળ કર્માધીન.**

ત્યારે અર્થ અને કામની ચિંતા મધ્યમ અને અધમ છે, કેમકે એમાં ચિંતા ફળવા ન ફળવાનો આધાર કર્મના જજમેન્ટ પર છે. અર્થ અને કામની અર્થાત્ પૈસા અને સુખની ગમે તેટલી ચિંતા કરો ને પ્રયત્ન કરો, પરંતુ એ મળવા ન મળવાનું અંતે કર્મના હાથની વાત છે, કર્મને આધીન છે. કર્મ અનુકૂળ હોય તો જ મળે. કર્મ પ્રતિકૂળ હોય તો ન જ મળે.

બીજી રીતે જોતાં આત્મચિંતામાં આત્મચિંતાનો વિષય આત્મા અને હિત એ અમર છે, ત્યારે અર્થ ચિંતા અને કામ ચિંતાના વિષય નાશવંત છે. ગમે તેટલી અર્થ ચિંતા કરીને પૈસા લઇ આવ્યા, પરંતુ અંતે એ પૈસા જવાના એમ દુન્યવી સુખની ગમે તેટલી ચિંતા કરી સુખ ઊભું કર્યું પરંતુ અંતે એ સુખ જવાનું, અને એ જે કાયા ખાતર, તે કાયા ય જવાની. ત્યારે આત્મ-ચિંતા કરી તો એ પોતાનો આત્મા અને આત્માના હિત કદી ખોવાઇ જવાના નથી, આત્માનાં હિત ફરી બેસવાના નથી. એટલા જ માટે આત્મ ચિંતા એ ઉત્તમ છે. તાત્પર્ય.

**(૨) આત્મચિંતા ઉત્તમ, કેમકે એનો વિષય અમર છે.**

ચિંતા કરવી છે ? તો અવિનાશી આત્માની ચિંતા કરો, નાશવંત અર્થ કામની ને કાયાની શી ચિંતા કરવી હતી ?

**(૩) આત્મ-ચિંતા ઉત્તમ કેમકે મન નિર્મળ કરે.**

ત્રીજી રીતે જોતાં આત્મચિંતા એટલા માટે ઉત્તમ છે કે એમાં મન નિર્મળ બનતું આવે છે, ત્યારે અર્થ-કામની ચિંતા કરવા જતાં મન મલિન બને છે. જુઓ, આત્માની ચિંતા કરવા જશો એટલે શું વિચારશો ? આ જ કે 'મારા આત્માને હિતકારી શું ? અહિતકર શું ?' ત્યાં ચોકખું દેખાશે કે, 'હિંસા-જુઠ-અનીતિ અહિતકારી છે, અહિંસા-સત્યનીતિ એ હિતકારી છે,' તો એ ચિંતવવામાં અને હિતકર આદરવામાં અને અહિતકર છોડવામાં મન મેલું નહિ કરવું પડે. પરંતુ જો અર્થ-કામની ચિંતા જાગી, દુન્યવી પૈસા અને સુખની ચિંતા થાય તો એની ખાતર મનમાં કેટલાય ખોટા વિચાર આવવાના, કેટલાય પાપ ઊભા થવાના, ને એમાં મન મેલું થવાનું.

જુઓ જ છો ને, પૈસા ઊભા કરવા કેટકેટલાં પાપ મનમાં લાવવા પડે છે ? ખાનપાન મોજનાં સુખ જોઇએ છે તો એની પાછળ પણ મનમાં કેટલાં પાપ ઊભા થાય છે ? એ જ બતાવે છે કે અર્થ-કામની ચિંતા મનને મલિન બનાવે છે. માટે એ ઉત્તમ ચિંતા નથી. ત્યારે આત્મ-ચિંતા મનમાં મૈત્રી આદિના ને અહિંસાદિના શુભભાવ જગાવે છે મનને નિર્મળ કરે છે, માટે એ ઉત્તમ ચિંતા છે તો બોલો,

આવા ઊંચા આર્ય માનવ અવતારે શું કરવા લાયક ! મનને મેલુંદાટ બનાવે એ ? કે મનને નિર્મળ બનાવે એ ?

**મનને મેલુંદાટ બનાવનાર અર્થ-કામની ચિંતા કરવા લાયક ? કે મનને નિર્મળ બનાવનાર આત્મચિંતા કરવા જેવી ?**

શું કરવા જેવું ? કઇ ચિંતા કરવા જેવી ?

સવારે ઉઠ્યા ત્યારથી મનમાં શું ચાલી રહ્યું છે ? મન કેવું કેવું બનાવાઇ રહ્યું છે ? મનમાં શું શું ઘલાઇ રહ્યું છે ? રાગ-દ્વેષ-પ્રપંચ-ગુસ્સો-અભિમાન રોષ રોફ વગેરે ? કે વૈરાગ્ય-ઉપશમ-મૈત્રી-કરુણા વગેરે મનમાં ઊઠી રહ્યા છે ? કોની ખાતર આ રાગ-દ્વેષ વગેરે કચરા મનમાં ઘલાઇ રહ્યા છે ? કહો, અર્થ અને કામની ચિંતા ખાતર પ્રશ્ન થાય-

પ્ર.-ઘર લઇને બેઠા એટલે પૈસાની ચિંતા તો થાય જ ને ? શરીર લઇ બેઠા એટલે એના સુખની ચિંતા તો થાય જ ને ?

ઉ.-થાય નહિ થઇ આવે, પણ તમને ખબર છે કે ત્યાં આત્મ ચિંતા ન ભૂલાય, ને એ માટે મનને થાય કે 'આ પૈસાની ચિંતા કરું પરંતુ પહેલાં ધર્મ સાચવું, ને પછી એ ચિંતા. બાકી સવારથી પૈસાની ચિંતા શી માંડવી હતી ? સવારથી તો દુકાન વેપલો નથી ? વળી ભાગ્યાનુસાર મળી રહેવાનું છે, તો સવારથી શી એની ચિંતા ? વળી દુકાન સમયે પૈસાની ચિંતા થાય એમાંય અન્યાય-અનીતિ-નિર્દયતા ન થઇ જાય એ ચિંતા ખાસ રાખું'' આમ,

**પૈસાની ચિંતામાં ય ધર્મની ચિંતા આગળ કરાય, એ આત્મચિંતા જ થઇ.**

**સુખની ચિંતામાં ૩ સાવધાની એ આત્મચિંતા :-**

સુખની ચિંતામાં ય એવું જ છે. શરીર લઇ બેઠા એનો અર્થ એ નથી કે માત્ર સુખની જ ચિંતા કરવી, ને ધર્મની ચિંતા ન કરવી. સુખની ચિતામાં પણ સુખ (૧) અનુચિત વિષયના ન લેવાય, (૨) અનુચિત માર્ગે ન લેવાય, (૩) ધર્મ ભૂલીને ન લેવાય, એ ધ્યાન રહે, એમાં પણ આત્મચિંતા જ છે.

સુખ સગવડની ચિંતામાં કે પૈસાની ચિંતામાં પણ જેટલી પાપથી બચવાની ચિંતા છે, એ આત્મચિંતા છે. આ આત્મચિંતા પણ બહુ ઉપયોગી છે. કેમકે એમાં પાપનો ભય છે, ને જો આજે અન્યાય-અનીતિ વગેરે પાપથી બચવું છે, તો કાલે મૂળ જ પૈસા એના પાપથી બચવાની વૃત્તિ ઊભી થશે, સાક્ષાત્ કે પરંપરાએ ષટકાય જીવસંહાર કે એવા વેપાર-ધંધાના પાપથી બચવાની વૃત્તિ ઊભી થશે.

**(૪) અર્થ અને કામની ચિંતામાં થોડા પણ પાપથી ડરી બચવાની વૃત્તિ એ આત્મચિંતા છે,** ને એ ઉત્તમ છે, કેમકે એમાં આગળ વધતાં સર્વ પાપોના ત્યાગના ભાવ સુધી પહોંચાય છે.

છેલ્લે આત્મચિંતા ઉત્તમ એટલા માટે કે-

**(૫) આત્મ ચિંતાથી સુસંસ્કાર સત્પુણ્ય સંપત્તિની વૃદ્ધિ છે. આત્મચિંતામાં**

**હેય અહિતની ઘૃણા અને ઉપાદેય હિતની લાલસાના શુભભાવ છે.**

માટે 'શુભાશુભ ભાવથી શુભાશુભ કર્મ બંધાય' એ ન્યાયે, અહીં શુભ કર્મ યાને સત્પુણ્ય બંધાય છે, અને આવાં શુભ ચિંતનથી આત્મામાં એના સુસંસ્કાર જમા થાય છે. ત્યારે વિચારો, કે-

આવા અનેરા લાભ કરાવનારી આત્મચિંતા કેવી ઉત્તમ ગણાય ! ત્યારે આ પણ સમજી રાખવાનું કે આત્મચિંતાની ઉત્તમતા હેયની ઘૃણા અને ઉપાદેયના આલ્હાદભરી લાલસા ઉપર છે. એટલે કહો,

**હેયની ઘૃણા અને ઉપાદેયના આલ્હાદ વિનાની આત્મચિંતા એ વસ્તુ આત્મચિંતા નથી.**

**આજના સાક્ષરો રાત્રિભોજનાદિ પાપને શું કહે છે ?**

માટે જ કોરા સાક્ષરો આત્માનું તત્ત્વ લાંબુ ચોડું ખોલે, પરંતુ વાસ્તવમાં જો એમના દિલમાં હેયની ઘૃણા અને ઉપાદેયના આલ્હાદની ભીનાશ નથી, તો એમને ખરેખર આત્મચિંતા નથી. જો એ હોત તો પ્રસંગ આવ્યે હેયનું સમર્થન અને ઉપાદેયની ટીકા-ટિપ્પણ કરત નહિ. હેયનો ત્યાગ ન કરી શકાય એ બને, પરંતુ હેયની ઘૃણા હોય તો કમમાં કમ હેયની દલાલી તરફેણ સમર્થન તો ન જ કરે ને ? દા.ત. આજના કેટલાક કાળે રાત્રિભોજન, અભક્ષ્ય-ભક્ષણ, હેયોપાદેયના શૂન્ય અધ્યાત્મ વિનાની કેળવણી, વગેરે માટે આજના બોધ સાક્ષરોને પૂછો શું કહે છે ? રાત્રિભોજનાદિ હેય છે ને ? એનું સમર્થન કરશે ? કે એને ઘૃણાસ્પદ અને ત્યાજ્ય કહેશે ?

પ્ર.-પણ એમ કહે છે કે દેશ કાળ તો જોવા જોઇએ ને ?

**ઉ.-દેશ કાળ શા માટે જોવાના ?**

હેયને ઉપાદેય બતાવવા માટે ? ને ઉપાદેયને હેય બતાવવા માટે જોવાના ? આત્મ હિતાર્થે જોવાના ? કે આત્મચિંતા મૂકીને જોવાના ? શું દેશ-કાળ બદલાયાથી હેય હેય મટી જાય ? કદાચ હેયને છોડી ન શકો પરંતુ હેયને પાપ જ નહિ માનવાનું ? આજ માંસાહાર બહુ વધી ગયો, તેથી શું હવે માંસાહાર હેય નહિ ? પણ ઉપાદેય ? આજે મોટા ભાગે જૂઠથી વેપાર ચાલે છે, તો શું જૂઠ એ હેય મટી ગયું ? હેય તે હેય જ રહે, પાપ તે પાપ જ રહે. સંયોગ કે પરિસ્થિતિ કે નબળાઇવશ એ ન છોડાય એ વાત જુદી, પરંતુ જ્ઞાનીઓએ હેય કહેલા એના સ્વરૂપને ઉઠાવાય ? જમાનાવાદ એ

ઉઠાવવાનું કહે છે.

**જમાનાના રવાડે ચડશો નહિ, નહિતર પાપને પાપરૂપ માનવાજોગી ય પવિત્રતા ગુમાવવાનું થશે.**

**પડતા કાળે ધર્મ-ઔષધ વધારો.**

જમાનાવાદ એને છે જેને સાચી આત્મચિંતા નથી, જેને આત્માને અહિતકર હેય પદાર્થ પ્રત્યે ઘૃણા નથી. બાકી હેયની ઘૃણાવાળો તો એમ જ માને કે 'આજે પડતો કાળ છે, કેમ કે પાપ વધી ગયા, તેથી આવા કાળે તો ધર્મ ઔષધ વધારવું જોઇએ. મન કરીને ય પાપ ઘટાડવા જોઇએ.

ઉત્તમ આત્મચિંતા, મધ્યમ વિષય સુખ ચિંતા, ને અધમ અર્થ ચિંતા. પૂછવાનું મન થશે કે-

પ્ર.-સુખ ચિંતા કરતાં અર્થ ચિંતા વધુ ખરાબ કેમ ?

ઉ.-કારણ એ છે કે સુખ ચિંતા કરતાં અર્થ ચિંતામાં મનના પરિણામ ભયંકર કાળી લેશ્યા સુધી પહોંચે છે. માટે અર્થ ચિંતા વધુ ખરાબ. 'અર્થ' એટલે પૈસા-માલ, સુખ-સાધનો, એની ચિંતામાં એના સંરક્ષણની ચિંતા રહે ને સંરક્ષણની ચિંતા *એટલી બધી ભૂંડી છે કે એમાં જરૂર પડ્યે પોતાના ધનમાલ ચોરનારના વાત સુધીની* વિચારણા થાય છે. મારી નાખવા સુધીની લેશ્યા થાય છે.

**વાણિયાને અર્થ-ચિંતામાં નર હત્યાના વિચાર :-**

વાણિયો લાખોનું ઝવેરાત દાટવા જંગલમાં ગયો, દાટવાની જગા આવી ત્યાં છોકરાને કહે 'જા, જોઇ આવ આસપાસ કોઇ છૂપાયું નથી ને ?' છોકરો જોઇ આવી કહે 'એક આખુ અખંડ મડદું પડ્યું છે',

'અરે ! એ મડદું નહિ, જીવતો માણસ હશે. જા જા, આ ડાંગ લઇ કૂટી જો. પહેલાં ઢંઢોળીને કહેજે ઊઠ, નહિ તો કૂટું છું.'

છોકરો કૂટીને આવી કહે, મડદું જ છે, જરાય સસડ્યો જ નહિ ને,

બાપ પૂછે, 'અરે ! સોળ ઊઠ્યા હતા ?'

'હા.' અરે ! તો તો એ કોઇ જીવતો ઢોંગી હસે. લે આ છરી, કાન કાપી આવ.'

કાપી લાવી કહે છે 'લ્યો આ કાન' મડદું જ છે. જીવતો હોય તે પોતાના

કાન કાપવા દેતો હશે ?'

બાપ કહે અલ્યા મૂર્ખ ! આ લોહી નીંગળતા ? મડદામાં લોહી ન રહે. કોઇ જીવતો ઢોંગી હશે. જા નાક કાપી આવ. ઢોંગી પણ નાક નહિ કપાવા દે,'

હવે પેલો ખરેખર ઢોંગી જ હતો, એને માલ ઉપાડવો હતો તેથી છોકરા પાસે પોતાનું નાક પણ કપાવા દીધું.

છોકરો આવી બાપને કહે, 'લ્યો આ નાક. ઝાડ પરથી તરતનો પડી મરેલો હોય તો લોહી નીકળે. એમ કાંઇ તરતમાં લોહી સૂકાઇ જાય ? મડદું જ છે.'

વાણિયે લાખોનું ઝવેરાત દાટ્યું. ઉપર નિશાન કર્યું. બાપ દીકરો ત્યાંથી ચાલ્યા. પેલાએ માલ ઉપાડ્યો, શહેરમાં બંગલો રાખી શેઠ બન્યો, કાન પર બુકાની રાખે છે, ને નાક લાકડાનું રાખ્યું.

વાણિયે એક દિ આને જોયો, ચોંક્યો કે 'આ શું ? નાક લાકડાનું ને કાન લાગતા નથી !' વહેમાયો, 'પેલો ઢોંગી તો ન હોય ?' ગયો ! તરત જંગલમાં જોયું તો ખાડામાં ઝવેરાતને બદલે કાંકરા પથરા જ છે. એ જોઇ પડ્યો કલ્પાંતમાં,

'હાય ! કેવી મારી ભૂલ ! આ કાન નાક કપાવ્યા, તો પછી ગળું કેમ ન કપાવ્યું ?'

વાણિયો ધનસંરક્ષણમાં ક્યાં સુધી પહોંચ્યો ? 'આ હરામીને મેં મારી કેમ ન નખાવ્યો ?'

આ સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન છે. પ્રાયઃ ધનમાલ અંગે આ થવા સંભવ છે, સુખ અંગે નહિ. કેમકે સુખ ભોગવવાની ચિંતા છે, ત્યારે ધન સુખ સાધન મેળવવા સાચવવાની ચિંતા છે.

સુખ ભોગવવાની ચિંતામાં તો એટલું થાય કે 'સારાં સારાં ખાન-પાનાદિ સુખ ભોગવું ! રંગરાગ કરું !' સુખ ભોગવામાં કેવી મજાહ છે !' એમ કહેતા નહિ કે-

પ્ર.-સુખ પણ ટકે તો સારું, એમાં સુખને સાચવવાની સંરક્ષવાની ચિંતા નહિ આવે ? એમાં ધનની જેમ રૌદ્રધ્યાન બીજાને મારી નાખવા સુધીની બુદ્ધિ નહિ થાય ?

ઉ.-સુખ ટકે તો સારું, એમાંય ટકાવવા છે. સુખસાધન ને સાધન એ અર્થ છે, અને અર્થ સંરક્ષણની બુદ્ધિમાં રૌદ્રધ્યાન આવે એ સહજ છે. તો પછી એમ પૂછો-

**સુખ ચિંતા કેમ ખરાબ ?**

તાત્પર્ય, ઉત્તમ આત્મચિંતા, વિષયચિંતા વિષય સુખની ચિંતા, મધ્યમ, પરંતુ અર્થ ચિંતા અધમ છે. અહીં મધ્યમ એટલે અધમ કરતાં સારી એટલું જ, પરંતુ સુખની ચિંતા યાને વિષયચિંતા આત્માને હિતકારી નહિ, કેમકે વિષયચિંતામાં શરીર અને ઇંદ્રિયોના સુખ જોવાય છે, ત્યાં આત્માનું કશું યાદ નથી આવતું. ઊલટું

**સુખની ચિંતામાં આત્માને હિતકારી એવા વૈરાગ્ય, પરોપકાર અને ધર્મ ભુલાય છે.**

દ્રષ્ટિ જડના સુખો તરફ એટલે પોતાના આત્માના હિતકર પદાર્થ પર દ્રષ્ટિ જ નથી, મજા-આનંદ પૌદ્ગલિક ગુણોમાં માણે છે. ત્યાં એ વખતે આત્મિક ગુણોનો આનંદ કશો અનુભવાતો નથી.

દા.ત. 'જમણ બહુ સરસ !', 'આ ગીત હાઇકલાસ !' 'મખમલની તળાઇ અને ઉપર પંખો કેવો મજેનો ?' આવા આવા, વિષય સુખોમાં મોજ આનંદ વર્તાતા હોય ત્યાં આત્મા કે આત્માના ગુણો હૈયાના કયા ખૂણામાં ય યાદ આવે છે ? વિષયોના આનંદની મસ્તી ઉડતી હોય ત્યાં જેમ કોઇ રાજાએ જુની રાણી અણમાનીતી કરી, ને નવી રાણીને બહુ માનીતી કરી, એની સાથે આનંદની મસ્તી ઉડાવતો હોય, ત્યાં જુનીને ભૂગર્ભમાં અર્થાત્ મહેલના કોઇ ગુપ્ત આવાસમાં છૂપાઇ રહેવું પડે છે, એમ,

**વિષયોના આનંદની મસ્તીમાં આત્મ ને જુની રાણીની જેમ ભૂગર્ભમાં છૂપાઇ જવું પડે છે.**

ત્યારે આત્માના સરાસર વિસ્મરણ સાથે વિષયોના સુખસંવેદન અનુમોદન ચાલતા હોય એ આંધળા સુખ-સંવેદન માનવભવની પશુભવ કરતાં શી વિશેષતા બતાવી રહ્યું છે ? વિચાર નથી અફસોસી નથી કે

**'હાય ! હું પશુભવથી ઊંચે માનવભવે આવ્યો તો પશુભવ કરતાં શી ઊંચી કરણીમાં લાગ્યો ?'**

પશુભવની જેમ જ વિષયસુખોની ચિંતામાં જ મશ્ગુલ રહેવાનું ? મને કેમ વિચાર નથી કે,-

**માનવ ખોળિયાથી ઊંચો ? કે કરણીથી ઊંચો ?**

જંગલનું શિયાળ સિંહનું ચામડું ઓઢી સિંહના બચ્ચાની જેમ રોફ મારતું ફરતું હતું, પરંતુ એક દિવસ વાઘે ગર્જના કરી તો શિયાળ ભડકીને ભાગવા લાગ્યું. ત્યાં વાઘે જોયું કે 'આ તો કોઇ માત્ર ખોળિયાથી સિંહ બન્યું છે, પરંતુ કરણી સિંહ જેવી વીરતાની નહિ, પરંતુ શિયાળ જેવી કાયરતાની છે. તેથી આ ખરેખર સિંહ નથી. માટે ફિકર નહિ, કરો એના પર હલ્લો, તે વાઘ ફલાંગો મારી એની પૂંઠે પડ્યો ને ઝડશમાં આવતાં એને ખત્મ કરી નાખ્યું.

એમ કર્મસત્તા આપણને શું કરશે ? શું એ નહિ જુએ કે 'આ જીવ ખોળિયે તો માનવ છે, પરંતુ હૈયાથી ને કરણીથી પશુની જેમ વિષયસુખ ચિંતાની જ પ્રવૃત્તિ કરે છે. માટે આ કોઇ સાચો માનવ નહિ, તેથી આની પૂંઠે પડી કરો એને ખત્મ'' આવું શું કર્મસત્તા નહિ કરે ?

**વિષયોની આનંદ મસ્તીથી જ ઊભા થયેલ અશુભ કર્મોના દુઃખદ વિપાક આવે છે, માટે જ વિષય ચિંતા ખતરનાક છે.**

એટલા જ માટે ઊંચા માનવભવને છાજતી ઊંચી કરણીમાં આત્મચિંતાને ઝગમગાવનાર જિનભક્તિ, સાધુસેવા, સત્સંગ, જિનવાણી શ્રવણ, દાન, શીલ, તપ, સંયમ, વગેરેની જ કરણી કરાય. ઊંચા ભવે ઊંચી જ કરણી કરાય ? કે હલકી કરણી ?

**વિષયચિંતા કરતાં અર્થચિંતા કેમ ભયંકર ?**

આવી વિષયચિંતા કરતાં ય ખતરનાક અર્થચિંતા છે. 'અર્થ' એટલે સુખનાં સાધનભૂત ધનમાલ વગેરે. એની ચિંતા એ અર્થચિંતા છે. એ ખતરનાક કેમ ? એટલા માટે કે એમાં ય પોતાનો આત્મા ભૂલાય છે અને આત્માની વિપત્તિ ટાળી સંપત્તિ કેમ કમાવવી એ ય ભૂલાય તો છે, પરંતુ વધારામાં જરૂર પડ્યે કાળી લેશ્યા, રૌદ્રધ્યાન અને અતિ સંક્લિષ્ટ ભાવ જાગતા હોય છે એ ભયંકર છે. પેલા જંગલમાં ઝવેરાત દાટવા ગયેલા વાણિયાના દૃષ્ટાન્તથી આ સમજાય એવું છે. શું વિચાર્યું એણે ? 'પેલા ઢોંગ કરીને સૂતેલાના નાક-કાન કપાવ્યા પણ મેં એનું ગળું કેમ ન કપાવ્યું ? તો મારું ધન તો ન લઇ જાત !' કેવી ભયંકર ચિંતા ? મારી શક્યો નથી, છતાં મારવાની ચિંતા.

પરંતુ હવે શાસ્ત્રકાર કહે છે,

**આ અધમ અર્થ-ચિંતાને ય ટપી જાય એવી ચિંતા છે પરચિંતા.**

**પરચિંતા કેમ અતિ ભયંકર ? :-**

પરચિંતા એટલે પરની પંચાત, જે પંચાત પોતાનું જીવન ચલાવવા માટે કશી ઉપયોગી નથી, જેની સાથે પોતાને કશી લેવા દેવા નથી, અને જે પંચાયતમાં પોતાને અને સાંભળનારને ભારોભાર રાગદ્વેષ થાય છે. પરની નિંદા હલકાઇ ગાવા સાંભળવાનું થાય છે, એટલું જ નહિ પણ પરપંચાત કૂટવામાં પોતાનું દિલ પાપના ભય વિનાનું, અતિ ક્ષુદ્ર, તામસી અને સંક્લિષ્ટ બને છે.

**પરચિંતા એ અનર્થ દંડઃ શિકારની હિંસા જેવી :-**

વિષયચિંતા અને અર્થચિંતામાં હજી પોતાનો સ્વાર્થ સરવાની વસ્તુ હોય છે, જ્યારે પરચિંતામાં પરપંચાતીમાં પોતાનો કશો સ્વાર્થ સરતો હોતો નથી. તેથી એ અનર્થદંડની છે, માટે એ ભયંકર છે. જુઓ, માંસાહારી માંસ માટે જીવને મારે એ ખરાબ છે, પરંતુ માત્ર કૌતુક-મશ્કરી ને દેખવાની મોજ ખાતર શિકાર કરી જીવને મારે એ કેવો ? મહા ભયંકર જ ને ? એમ અહીં પરચિંતામાં પણ એવું જ છે, માત્ર કૌતુક છે, યા મન હળવું કરવું છે, અથવા પોતાની હોશિયારી બતાવવી છે. એવા તુચ્છ આશયથી પરચિંતા થાય છે. જોવા જઇએ તો લાગે કે વિષયચિંતામાં વિષયરાગ અને વિષયોની આસક્તિથી એના રંગરાગની ચિંતા છે, જ્યારે પરચિંતામાં તો તેવી વિષયાસક્તિ વિના માત્ર એ ચિંતા છે કે દા.ત. 'ફલાણાનું આવું છે, અમુક કેમ આમ કરે છે ? પેલાનો મિજાસ ભારે, એ આટલો નમાલો...' આવી જ ચિંતા છે. તો પછી પરચિંતા કેમ અધમાધમ ?

એમ તો અર્થદંડ આજીવિકાદિની ચિંતામાં તો ધન માલના ભારે લોભથી એની ચિંતા કરાય છે, એમાં ઠેઠ ધન-સંરક્ષણની ચિંતામાં મહાહિંસા જુઠ વગેરેના વિચાર સુધીય પહોંચી જવાય છે, જ્યારે અનર્થદંડમાં દા.ત. વિકથા-કુથલીમાં એવા *તીવ્ર ધન-લોભના અનુભવ વિના ઉપર કહ્યું તેમ, પરની પંચાત કરાય છે. તો એ* અધમાધમ કેમ ? કહો એટલા જ માટે કે

**પરચિંતાના અનર્થદંડ સેવવામાં પાપનો ભય નથી લાગતો માટે એ અધમાઅધમ.**

**એમ પરચિંતાના મૂળમાં મહામોહનો અંધકાર છે. તેથી એ અધમાધમ.**

કેમ જાણે પોતે સર્વગુણસંપન્ન છે અને બીજાઓ દોષથી ભરેલા છે ! તે પરનું છોલવાનું કરાય છે. એ કરીને પણ ક્યાંય પોતાને ખેદ નથી કે 'આ હું પરદોષની

પિંજણ કરું છું તે ખોટું છે. હાય ! હું ક્યાં પરનિંદામાં પડયો !' આવી કોઇ અફસોસી નથી. કદાચ એને પૂછો કો 'કેમ ભાઇ ! આ પરની પંચાતમાં પડ્યો ? પરનું હલકું જોવામાં કેમ પડ્યા ?' તો ઝટ કહેશે 'આમાં પંચાત શી કરી ? આ તો જે હકીકત છે તે જ કહીએ છીએ' 'તો પછી તમારી જ હકીકત હોય તે કહોને ?' ના, એ કશું કહેવાનું છે નહિ. પરનું જ બોલ બોલ કરવું છે. આમાં સરાસર ભૂલવાનું થાય છે, અને પોતે જે આ પરપંચાત કરે છે તે બરાબર છે એમ હૈયે સંતોષ રાખવો છે. કહો પાપ પર કર્તવ્યતાનો યથાર્થતાનો સિક્કો મારવો છે ! જિંદગીના છેડા સુધી 'પરચિંતા એ પાપ કર્યું' એમ મનને લગાડવાની વાત નથી ! માટે પરચિંતા એ મહામોહનું તાંડવ બને છે. માટે અધમાધમ છે.

**પરચિંતા સાધુને ય ભુલાવે માટે અધમાધમ-**

સાવધાની ન રાખે તો સાધુ પણ આમાં ભૂલા પડી જાય. બિન સાવધાન સાધુ પોતાનાં મહા કિંમતી સ્વાધ્યાય-ધ્યાન ચૂકીને પરચિંતામાં પડે તો પડે, પણ એનો અફસોસ પણ ન થાય કે 'અરરર ! મહાન સંયમનાં ગુણસ્થાનકેથી આ હું ક્યાં અસંયમ અને મિથ્યાત્વના ગુણસ્થાનકે પટકાયો ? આમાં મૈત્રીભાવ-કરુણાભાવ-પ્રમોદભાવ ક્યાં ઉભા રહ્યા ? મારા મહાવ્રતોમાં ડગલે પગલે લાગતા અતિચારોનો પરપંચાતમાં વિચાર જ ક્યાં રહ્યો ? વિચાર જ નહિ, તો અતિચારોના ખેદની વાતે ય શી ? ઊલટું 'આ આમ કેમ કરે છે ? ને પેલો એમ કેમ કરે છે ?' એમ હૈયું બાળવામાં પોતાના આત્માથી સેવાઇ જતા સંયમના દોષો માટે હૈયું બાળવાનું ન રહ્યું કે 'હાય ! કેટકેટલા સંયમ દોષો સેવું છું !' ને પરની પંચાત કરી હૈયું બાળે છે !! એ તો ઉઘાડી વાત છે કે-

**જો બીજાની ભૂલની બહુ બળતરા છે, તો પોતાની ભૂલની બળતરા લગભગ નહિ રહે.**

**અને જાતના દોષોની બળતરા ગઇ એટલે દોષોનું સેવન ખુશમિશાલ ચાલતુ રહેવાનું.**

ત્યાં પછી પ્રતિક્રમણે ય સાચું નહિ થાય.

પરચિંતાની કુટેવવાળાની આ દુર્દશા હોય છે કે એ પ્રતિક્રમણમાં ય પોતાના અતિચારોના હૃદય-સંતાપ કરવાના ભૂલી, બીજાની ખામી તરફ જોયા કરે છે ! પરની પડશી કરવામાં પડે છે ! એનું મન પર ચિંતામાં દોડ્યા કરે છે પૂછો,

પ્ર-એમ તો અર્થચિંતામાં-વિષયચિંતા વાળોય પ્રતિક્રમણમાં અર્થ-કામના વિચારમાં ચડે ત્યારે પોતાના દોષોની ચિંતા ભૂલે છે ને ?

ઉ.-એ ભૂલે ખરો, પરંતુ એનો ખ્યાલ આવતાં ખેદ થાય છે કે આ હું ક્યાં અર્થ-કામના વિચારના પાપમાં પડ્યો ? ત્યારે પર ચિંતાના રસિયાને તો આવો કોઇ ખેદ જ નથી કે આ હું ક્યાં પરચિંતામાં પડ્યો ? એ મહા મોહનું અંધારું છે.

**મોહ-મહામોહનો ભારે ફરક :-**

મોહનો અંધકાર ભૂલ કરાવે, પણ પછી ભૂલના ખેદને અવકાશ રહે છે. જ્યારે મહામોહનો અંધકાર ભૂલ કરાવીને ય ખેદનો અવકાશ ન રહેવા દે. ઊલટું 'એમ કશું ખોટું નથી, બરાબર છે', એમ મનાવે છે ! મહા અને મહામોહના અંધકાર વચ્ચે આ મોટો ફરક છે. ત્યારે,

**જ્યાં દોષને દોષ માનવાની વાત જ ન હોય, દોષનો હૃદય સંતાપ જ ન હોય, ત્યાં દોષનું દરદ અસાધ્ય બની જાય છે. મહામિથ્યાત્વ આવે છે.**

પરચિંતા અધમાધમ હોવાનું આ કારણ છે કે એમાં મહામોહને ને મહામિથ્યાત્વને મહાલવાનો અવસર મળે છે અને એ તો દીવા જેવું સ્પષ્ટ છે કે પરચિંતામાં પરમાં પડવાનું થાય છે એટલે પોતાનો આત્મા સરાસર વીસરાઇ જાય છે. જોશો તો દેખાશે કે પરની ટાપસી કૂટનારા ભાગ્યે જ પોતાના આત્માનો વિચાર કરશે, ભાગ્યે જ પોતાની ખામીઓનો હૃદય-સંતાપ અનુભવશે. એનું કારણ પરની ટાપશી કૂટવામાં જાતની હોશિયારી માને છે ! એટલે પછી હોશિયારી માનનારાને પોતાનામાં ખામી શાની દેખાય ?

**જો પરચિંતામાં પોતાની ખામી ન દેખાય તો પોતાની ખામી પર હૃદય બાળવાનું ક્યાંથી આવે ? નિયમ છે-**

**બહારમાં જાઓ એટલે ઘરમાં ગેરહાજર. પર ચિંતામાં પડો એટલે અંદરમાંથી ખોવાઇ જવાનું થાય.**

**પરચિંતાવાળાને અફસોસી નહિ :-**

વિષયચિંતા અર્થચિંતાવાળો તો હજી સાધુના વ્યાખ્યાનમાં જાય તો હજી પોતાની ભૂલ સમજશે, ભૂલની બળતરા કરશે, પરંતુ પર ચિંતાવાળો ગમે તેટલા વ્યાખ્યાન સાંભળવા છતાં પોતાની ભૂલને સમજશે જ નહિ પછી હૈયું બળવાની વાતે ય શી ? આમ પર-ચિંતા અધમાધમ બની જાય છે.

વળી પર ચિંતા અધમાધમ હોવાનું આ પણ કારણ છે કે 'પોતે જેમની પંચાત કરી રહ્યો છે, એમને આની ખબર પડી તો એના હૃદયને આઘાત લાગશે,' એની આ પરચિંતાવાળાને પરવા નથી. ત્યારે એ પણ પરવા નથી કે 'જેની પંચાત પોતે કરે છે એના કાને આ વાત જતાં એ આપણો વિરોધી થશે તો ?' ના, કશુંજ જોવું નથી 'પર પંચાતની ખણજ ઊઠ્યા કરે છે તે પૂરી કરવી' આ જ એક લત છે.

સારાંશ, પરચિંતાના અનેક નુકસાન છે, પરંતુ મોટું નુકસાન આ કે

**પરચિંતાથી આત્મામાં એકલો બાહ્યભાવ-બહિંર્મુખતા પોષાય ને ક્ષુદ્રતા પોષાય, એટલે ભવાભિનંદીપણું જાગતું.**

અને પરચિંતા ધર્મસાધનાનું ય ચિત્ત બગાડી નાખે, તેમજ આ કુટેવ મટવી તો મુશ્કેલ, પણ 'એમાં ખતરો છે' એય ન માનવા દે. પરચિંતા ઉપર કર્તવ્યનો સિક્કો લગાડી આપે એ મોટું નુકસાન છે.

વાત આ હતી કે શાન્તિનાથ ભગવાનના પ્રથમ ગણધરનો જીવ અનંતવીર્ય વાસુદેવ નરકમાં જઇ હવે મેઘનાદ નામે વિદ્યાધર સમ્રાટ થયેલો, તે મોટું સામ્રાજ્ય પુત્રોને વહેંચી દઇ નિવૃત્ત થાય છે. તો વૃદ્ધપણે નિવૃત્તિ લઇને શું કરવાનું ? શું પરચિંતા કર્યા કરવાની ?

આજે જ્યાં છોકરા વધુ હોશિયાર પાક્યા ને વેપાર વધારી દીધા ને ખૂબ હોશિરાયીથી ચલાવે છે, અને બાપને નિવૃત્તિ આપે છે, તો બાપ હવે શું કરે છે ? આત્મચિંતા ? કે પરચિંતા ? નિવૃત્ત બાપને પણ એવા બીજા નિવૃત્ત વૃદ્ધો મળી આવે છે ને ? તે એમની સાથે બેસીને પરચિંતા પરની પંચાત કરશે ? કે કોઇ શાસ્ત્રચરિત્રનું અવલંબન કરી પરસ્પર ધર્મચિંતા કરશે ? અથવા કોઇ ન મળ્યું તો દિવસના ૧૦-૧૨ સામાયિક કરી આત્મચિંતા કરશે ? મુશ્કેલ છે,

**જ્યાં પરલોકની ચિંતા નથી પરલોકનો ભય નથી, ત્યાં આત્મચિંતાના ફાંફા, ને પરચિંતા ભારોભાર.**

તે પણ પરચિંતા પાછલી ઉંમરે ! કેમ જાણે જીવનભર પાપ ન કર્યા એટલા પાપ હવે પરચિંતામાં જીવન પૂરું કરીને કરવાના રાખ્યા ! કેમકે પરચિંતામાં પાપનો પાર નહિ, અને પાપ બંધાય તેય ચિકણાં બંધાય, કેમકે પાપનો ખેદ નહિ, કેવી દુર્દશા !

પરંતુ મેઘનાદ નિવૃત્તિ લઇને હવે આત્મચિંતા કરે છે. જિનેશ્વર ભગવાનની

ખૂબ ભક્તિ કરે છે, તે એકવાર મેરુ પર્વત પર શાશ્વતા ભગવાનની યાત્રા કરવા માટે ગયો. શું ?

**મેઘનાદ નિવૃત્તિમાં તીર્થયાત્રાદિ કરે છે.**

**બળદેવ ઇંદ્રનું આગમન :-**

મેરુ ઉપર દેવતાઓ યાત્રાર્થે ગયા કરે, તે જ્યારે મેઘનાદ મેરુ પર આવ્યો છે, ત્યારે દેવતાઓ પણ આવ્યા છે. એમાં બારમા દેવલોકનો ઇન્દ્ર અચ્યુતેન્દ્ર જે અપરાજિત બળદેવનો જીવ છે, એ પણ ત્યાં આવેલ છે.

અચ્યુતેન્દ્ર મેઘનાદને જોઇ અવધિજ્ઞાનથી તપાસે છે કે 'આ કોણ છે ?' તરત ખ્યાલ આવી ગયો કે 'પૂર્વભવે હું બળદેવ અપરાજિત અને આ મારો પ્રિય ભાઇ વાસુદેવ અનંતવીર્ય. એ બિચારો નરકમાં ૪૨ હજાર વર્ષ ભયંકર વેદના ભોગવી આવ્યો, તે હવે અહીં મેઘનાદ વિદ્યાધર સમ્રાટ થયો છે. પરંતુ હવે એ પાપ ભર્યા ઘરવાસમાં જ જીવન પૂરું કરે એ કેટલું દુઃખદ !'

જુઓ ભાઇ પ્રત્યેની લાગણી કેવી ! 'ભાઇ મારો દુનિયાના રંગરાગમાં ભલે લહેર કરે' એ ભાવના નહિ કિન્તુ 'ભાઇનો પરલોક કેમ સુધરે, કેમ એના આત્માનો અભ્યુદય થાય !' એ ભાવના કરે છે. ત્યારે પરલોક શી રીતે સુધરે ! આત્માનો અભ્યુદય શી રીતે થાય ?

**આત્માનો અભ્યુદય જોગમાયા અને મોહમાયા સંભાળ્યા કરવાથી થાય ? કે પરમાત્માને ભજવાથી ? અને એમનો માર્ગ સંભાળવાથી થાય ?**

**તામલિની ભાવના :-**

જોગમાયા એટલે ? પત્ની.

મોહમાયા એટલે ? પૈસો ને પરિવાર.

તામલિ ગૃહસ્થ શી રીતે એકાએક સુખી ઘરવાસમાંથી ઉઠ્યો ? અડધી રાતે જાગી પડતાં આ જ વિચારે છે કે-

'આ મોંઘેરો માનવભવ શું કરવા માટે ? આ મોહમાયાનું સંભાળવા ? કે મારા આત્માનું સંભાળવા ? સેવા ઉપાસના આ કુટુંબ કબીલાની કરવા માટે ? કે પરમાત્માની કરવા માટે આ ઊંચો અવતાર ? આમાં ને આમાં જીવન પૂરું કરીશ તો મારા આત્માનું હિત ક્યારે સાધીશ ? બસ, હજી જીવન હાથમાં છે તો આત્માનું સાધી લઉં.'

આ વિચારે પત્ની-પરિવાર ઘરબાર-પૈસાટકા બધું મૂકી દઇ તામલિ ચાલી ગયો જંગલમાં ! અને છઠ્ઠને પારણે છઠ્ઠ, પારણે ૨૧ વાર ધોયેલા ભાત ! આ તપસ્યા સાઇઠ હજાર વરસ કરી ! કેમ ? ઘોર તપ કરીને ઘોર કર્મ નષ્ટ કરી દઇ, જનમ મરણની જંજાળથી મુક્ત થઇ મોક્ષ પામવો છે તામલિનો હિસાબ આ હતો કે-

**ઘોર કર્મ ઘોર તપથી જ નષ્ટ થાય.**

**તપથી કર્મ નષ્ટ થયે સિદ્ધિ થાય.**

**તપ વિના સિદ્ધિ નહિ, ને માનવભવ વિના તપસ્યા નહિ.**

આમ સર્વ કર્મનાશ અને એથી થતી સિદ્ધિનું જ લક્ષ્ય નક્કી કર્યું હોય, ત્યાં દેવીઓ આવીને લલચાવે કે 'તમે નિયાણું કરી અમારા સ્વામીદેવ થાઓ.' તો એમાં એ શાનો લલચાય ? જનમનો જ અંત લાવવો છે, એ દેવતાઇ જનમ પણ શાનો ઇચ્છે ?

વળી સિદ્ધિનું લક્ષ્ય છે, તો સિદ્ધિ એમ કોઇ સુંવાળા રહેવાથી ન મળે' એમ સમજે છે. સિદ્ધિ તો કાયાને કસવાથી મળે, કેમકે કાયાની સુખશીલતાથી જ કર્મ ઉપાર્જ્યા છે, એટલે કાયા કસાય તો જ કર્મને ધક્કો લાગે, કાયાને કસ્યા વિના ને એને ધર્મના કષ્ટ આપ્યા વિના કર્મ કેમ ઉખડે ? વળી એ પણ હકીકત છે કે ભારે સુખશીલતાથી ભારે કર્મ આત્મખજાને પડ્યા છે એટલે ભારે કષ્ટ વિના એ કર્મનો નાશ કેમ થાય ? ઉગ્ર તપસ્યામાં ભારે કષ્ટ છે તેથી ઉગ્ર તપસ્યાથી ઉગ્ર કર્મનો નાશ થાય.

**કાયા માયા યથેચ્છ સંભાળવાનું મૂકો તો પરમાત્માને ભજાય :-**

તામલિએ આ સમજીને જ જંગલમાં જઇ ઉગ્ર તપસ્યા આદરી છે. કેટલી ? સાઇઠ હજાર વરસ સુધીની ! આ પણ મોહમાયા મૂકીને હોં. એ સમજ્યો છે કે,

'કાયા ને માયા સંભાળ્યા કરવાથી આત્માના અભ્યુદય ન થાય. અભ્યુદય તો કાયા માયાને સંભાળવાનું મૂકી પરમાત્માને અને પરમાત્માના માર્ગને ભજવાથી થાય.' આ સમજથી તામલિ ગૃહસ્થ મટી તાપસ બની ઘોર તપ તપે છે.

મોટા મોટા શાલિભદ્ર સનત્કુમાર ધન્નો જંબુકુમાર વગેરે જ શું, ઋષભદેવ ભગવાનની પાટે પરંપરામાં સળંગ અસંખ્ય રાજાઓએ કાયા માયા સંભાળવાની પડતી મૂકી ભગવાનને ભગવાનના માર્ગને ભજવાનું કર્યું તો એમના આત્માનો અભ્યુદય અલૌકિક થયો, ઠેઠ મોક્ષ અવસ્થાએ પહોંચ્યા !

બળદેવ અપરાજિત ચારિત્ર પાળીને બારમા દેવલોકના ઇન્દ્ર બન્યા છે. એ અચ્યુતેન્દ્ર આ સમજે છે કે પોતાના પૂર્વભવમાં પોતે ય એજ કર્યું છે, તો જ આટલે ઊંચે આવ્યા છે, એટલે હવે અહીં ભાઇ મેઘનાદને ઊંચે લાવવા એજ શિખામણ આપે ને ? કે દયા ખાય કે બિચારાને રાજ્ય સંપત્તિની લહેર મૂકાવી ચારિત્રના કષ્ટમાં કાં પાડું ? એ સંસારની લહેરના ભયંકર પરિણામનું ભાન ન હોય એજ એવી ખોટી દયા ખાય. અહીં તો અચ્યુતેન્દ્રને ખબર છે એટલે ખોટી દયા ન ખાતાં ભાઇને ઊભો કરે છે.

**ભાઇનો ઉપદેશઃ મેઘનાદની દીક્ષા :-**

અચ્યુતેન્દ્ર મેઘનાદને કહે છે,

"હે મેઘનાદ ! કાં ભૂલો પડે ? તું ને હું પૂર્વ ભવે બે ભાઇ અનંતવીર્ય અને અપરાજિત. તું સંસાર ત્યાગ કર્યા વિના મર્યો, ગયો નરકમાં ! મેં સંસારનો ત્યાગ કરી ચારિત્ર લીધું ને પાળીને આ અચ્યુતેન્દ્ર થયો છું. આ પરથી સમજ કે શું કરવા જેવું છે ?

**બહારની કાયા માયાનું તો બહુ સંભાળ્યું, એટલું અંદરવાળા આત્માનું ક્યારે સંભાળીશ ?**

ઊઠ ઊભો થા, માયા મૂકી દે, ચારિત્ર લે, બહોત ગઇ થોડી રહી, હવે આત્મહિત સાધવામાં વિલંબને સ્થાન નથી."

મેઘનાદને શું લાગે ? ભડકે કે નહિ કે એકદમ ચારિત્રની વાત ? ના, ચારિત્રની વાત કોણ કહે છે ? મોટો બારમા દેવલોકનો ઇન્દ્ર ! તે પણ દલીલ સાથે કહે છે. એની મેઘનાદ પર અસર પડી ગઇ. એ વચન તહત્તિ કરી લે છે, અને તાકડે ત્યાં ચારણ (આકાશગામી) મુનિ પધાર્યા છે, એટલે હવે કશો વિલંબ કર્યા વિના એમની પાસે ત્યાંજ સંસાર ત્યાગ કરી ચારિત્ર લઇ લે છે.

**સંસાર છોડતા જ કેમ પૂછવાનું ? :-**

પ્ર૦-'ઘરે જવાનું નહિ ? છોકરાઓ ને એમની માતાને પૂછવાનું નહિ ? એમની રજા નહિ લેવાની ?

ઉ.-પણ મેઘનાદ આ કશું કરતા નથી કેમ વારું ? કારણ કે જનમતાં પૂછ્યું નથી, રજા નથી લીધી કે 'તમારે ત્યાં જન્મું કે નહિ ?' તેમ મરતાંય કોઇ રજા નથી લેતું કે 'હવે મરું કે નહિ ? મરીને અહીંથી અમુક જગાએ જાઉં કે નહિ ?' તો પછી

સંસાર છોડતાં રજા લેવાની ?

આ જીવને આત્મ કલ્યાણની વાત આવે ત્યાંજ જીવ કેમ રજા લેવાની વાત આગળ કરે છે ?

બજારમાં તેજી આવી, ને ઝાઝું કમાઇ લેવાનો અવસર દેખાય તો ઘરે રજા લેવા જાય ખરો કે 'હું ઝાઝા પૈસા કમાઉં કે નહિ ?' કહેતા નહિ,

પ્ર.-કમાઇ કરવા ગયા ત્યારે જ રજા તો આપેલી છે કે જેટલા કમાવાય એટલા કમાઇ લાવજો. તેથી હવે નવી રજા શી માગવાની ?

ઉ.-તો પછી દાન દેવાના અવસરે માણસ કેમ કહે છે ઘરે પૂછીને લખાવીશ ? દાન દેવાની રજા નથી એમ ને ? ધનકમાઇની છૂટ, પણ સુકૃત કમાઇની છૂટ નહિ ? આ કોના બંધન ? કલ્યાણ મિત્રના ? કે હિત શત્રુના ? પાપ કરવા હોય ત્યાં સગાને પૂછવાની જરુર નથી લાગતી, એવી ઘણી ય વાતોમાં પૂછવાનું રહેતું નથી, ને આત્મકલ્યાણની વાત આવે ત્યાં 'ઘરે પૂછીને કહીશ' એમ પૂછવાનું રહે છે !

**વાહ ! કેવું હિતેષીપણું ! ધર્મ માટે પૂછવાનું, ને પાપ માટે પૂછવાનું નહિ !**

દહાડામાં દસ વાર ખાવું હોય તો પૂછવાની જરૂર નથી પણ ઉપવાસ કરવો હોય તો અમને પૂછજો. ધર્મનું કામ હોય તો પૂછવાની જરૂર લાગે છે એ સૂચવે છે કે કાં તો તમને પોતાને પોતાની કલ્યાણની ઇચ્છા કાચી છે, અગર ઘરવાળાને કલ્યાણ પસંદ નથી.

તો પછી તમારું આત્મ-કલ્યાણ ઘરવાળાને પસંદ નહોતું માટે તમે આત્મ-કલ્યાણ ન સાધ્યું, એથી કર્મસત્તાને ત્યાં માફી મળશે ખરી ને ? ભૂલશો નહિ,

**બીજાને પસંદ નહિ તેથી તમે આત્મહિત ન સાધ્યું એમાં કર્મસત્તા માફ ન કરે. પાપ કર્મ બંધાતા ન અટકે.**

**સુકૃત-અવસરે સગાની રુચિ સામે જોવું એ મૂર્ખતા -**

જીવની આ મૂર્ખતા છે કે આત્માનું હિત સાધવાની વાત આવે ત્યાં મોહાંધ કુટુંબીના સામું જુએ છે કે 'એમને પસંદ છે કે નહિ !' આ મૂર્ખતા એટલા માટે છે કે

આનો અર્થ એ થાય છે કે ''મારે પરભવે સદ્ગતિમાં જવાનું ઘરવાળાને પસંદ નથી માટે મારે સદ્ગતિમાં નહિ જવાનું. પરભવે મારે સુખ ભોગવવાનું ઘરવાળાને પસંદ નથી માટે મારે એની તૈયારી ન કરવી, એવા પરલોક સુખદાયી કાર્ય અહીં નહિ કરવા.'' આવું કોણ સુજ્ઞ કરે ?

**એ તો સરાસર અજ્ઞતા મૂર્ખતા હોય ત્યારે દુષ્કૃત તો ઘરવાળાને પૂછ્યા વિના કરે, પરંતુ સુકૃત ઘરવાળાને પસંદ નથી માટે ન કરે.**

મેઘનાદને અચ્યુતેન્દ્રની વાણી સીધી ગળે ઊતરી ગઇ, તેથી સંયમનું મહાન સુકૃત સાધી લેવાનો ધન્ય અવસર આવ્યો, તો સગાવહાલાને એ પસંદ છે કે નહિ એ જોવા ન ઊભા રહ્યા. એ દેખે છે કે વાસુદેવના ભવે ઘરવાળાને પસંદ રંગરાગ ઉડાવ્યા હતા તો પોતાને નરકનાં દુઃખ દેખવાના આવેલા ત્યાં ઘરવાળા કોઇ બચાવવા નહોતા આવ્યા.

**'અમને ત્યાગ ધર્મ પસંદ નથી સંસાર ભોગવો' એમ કહીને ઘરવાળા અક્કડ ઊભા રહેશે પણ એથી સરજાતાં દુર્ગતિનાં દુઃખમાં બચાવવા નહિ આવે.**

**ત્યાગની સાચી ભાવના હોય તો ત્યાગમાં વિલંબ ન પાલવે.**

મેઘનાદ મોટો વિદ્યાધર સમ્રાટ પરંતુ દીક્ષા લેવા માટે મોટો ઠાઠ આડંબર ઉત્સવ કરવા ય થોભ્યો નહિ. ઇન્દ્રે જાગ્રત કર્યો, ત્યાંજ મહાત્મા પધાર્યા અને પોતે ઊઠીને ત્યાંજ સંસાર ત્યજી ચારિત્ર માર્ગ સ્વીકારી લીધો. ત્યાગની જ્વલંત ભાવના જળહળી ઊઠ્યા પઠી ત્યાગ લેવામાં ક્ષણનો પણ વિલંબ પાલવતો નથી. મનને લાગે છે કે 'મારે તો ક્ષણ લાખેણી જાય. એકેક ક્ષણ લાખ લાખના મૂલ્યની છે એ હવે મોહમાયામાં કેમ ગુમાવું ?'

મેઘનાદ મુનિ બન્યા પછી ગ્રહણ-આસેવન શિક્ષા સાથે તીવ્ર તપસ્યામાં લાગી જાય છે.

**સાધકની આ ગણતરી. સાધવા જ નીકળ્યા છીએ પછી સાધનામાં કચાશ શા સારું રાખવી ?**

પૈસા કમાવવા જનારો કચાશ રાખે છે ? જમવા બેસનારો કચાશ રાખે છે ? બોલવા બેસનારો કચાશ રાખે છે ? શિલ્પ-ચિત્રકામ વગેરે કરનારો કચાશ રાખે છે ? મનગમતા સ્નેહી મળ્યા પછી સ્નેહ કરવામાં કચાશ રખાય છે ? ઘણા

લાંબા વખતે માતબર જમાઇ ઘરે આવ્યા પછી એની સરભરામાં કચાશ રખાય છે ? તો પછી,

**માતબર સાધના એની આત્મ ઘરે આવ્યા પછી સરભરામાં અર્થાત્ એને સાધી લેવામાં કચાશ કેમ રખાય ?**

મોટા શાલીભદ્ર-ધનાજી સનતકુમાર ચક્રવર્તી...વગેરેના સામે જુઓ, મુડદાલના સામે જુઓ છો ? સાધનામાર્ગ હાથમાં આવ્યા પછી એમણે સાધનામાં ક્યાં કચાશ રાખેલી ? મુડદાલ સત્ત્વહીનની સાધનાની સામે જોઇ સાધવા જશો તો શક્ય સાધી લેવાનું ગુમાવશો.

**દેવી ઉપસર્ગ :-**

હવે બને છે એવું કે પૂર્વના અશ્વગ્રીવ પ્રતિવાસુદેવના પુત્રનો જીવ સંસારમાં ભટકીને દૈત્ય થયેલો છે, તે આ મેઘનાદ મુનિને પોતાનો વૈરી સમજી એમના પર ઉપદ્રવ કરવા આવે છે. કેમ વૈરી ? અશ્વગ્રીવને ત્રિપૃષ્ઠ વાસુદેવે મારેલો. ત્રિપૃષ્ઠના પુત્ર હતા શ્રી વિજય, તે જ અહીં ક્રમશઃ મેઘનાદ બન્યા છે.

**મેઘનાદ મુનિ પર દેવતાઇ ઉપદ્રવ :-**

દેવતા ઉપદ્રવ કરે એટલે શું કામ બાકી રાખે ?

એમાં મુનિ વળી પ્રતિમા ધ્યાનમાં છે, તેથી ભાગવાનું નથી, અંશેય હાલવાનું નથી, પછી ઉપદ્રવ કરનારને કેટલી બધી ઉપદ્રવની અનુકૂળતા મળી ગઇ ? પ્રતિમા-ધ્યાન એટલે ચોક્કસ પ્રકારનું ધ્યાન નક્કી કરી અભિગ્રહ ધારીને કાયોત્સર્ગમાં રહેવાપણું. આ ચોક્કસ પ્રકારનું ધ્યાન લીધું એટલે પછી સામે ગમે તેવા પ્રલોભન આવે કે ઉપદ્રવ આવે, પરંતુ સ્વીકારેલું એ ધ્યાન મૂકવાનું છે નહિ. મનમાં એ સિવાય બીજું કાંઇ ઘાલવાનું નહિ. પ્રલોભન કે ઉપદ્રવનો કશો વિચાર વિકલ્પ કરવાનો નહિ. મેઘનાદ મુનિ આ રીતે ધ્યાનમાં સ્થિર છે ત્યાં પેલો દૈત્ય એમના પર ભારે જુલ્મ વરસાવે છે.

ઉપદ્રવ કેઇક કર્યા હશે, સાપ-વાઘ-પિશાચ-હાથી વગેરેના રૂપ કરીને ડરાવવાના ઉપદ્રવ, એમ અનાડીઓના રૂપ કરી ટોણા-મેણાં-અપમાન ગાળ તિરસ્કાર...યાવત્ તાડન પીટણ વગેરેના ઉપદ્રવ પરંતુ મેઘનાદ મુનિ પોતે નિર્ભીકપણે પોતાના ધ્યાનમાં સ્થિર રહે છે, જરાય દ્વેષ ગુસ્સો કે સામનો યા ભાગંભાગ કશું જ નહિ. માત્ર સૌમ્ય મુદ્રા અને સૌમ્ય હૃદય તદ્દન શાંત મન રાખી રહ્યા છે. તમને થશે,

પ્ર.-આ શી રીતે બને ? ભયંકર ઉપદ્રવોમાં શાંતિ ?

ઉ.-પરંતુ આ પ્રશ્ન કાયરતાના ભારોભાર સંસ્કારમાંથી ઊઠે છે. આપણે સહેજ સહેજ ઉપદ્રવમાં ખળભળી ઊઠવાને આકુળ-વ્યાકુળ થવા ટેવાયેલા છીએ ને ? એ કાયરતા છે, તેથી મોટા ઉપદ્રવની વાત આવે ત્યાં ચમકારો લાગે છે.

**શૂરવીરતા ભાવનામાં ય અશક્ય ? :-**

મુશીબત તો એ છે કે કાયરતાને બદલે શૂરવીરતા હજી આચરણમાં ન ઉતારી શકાય એ બને, પરંતુ શૂરવીરતા ભાવનામાં ય લાવવી પણ પાલવતી નથી ? કેમ જાણે શૂરવીરતાને ભાવનામાં લાવીએ તો લૂંટાઇ જ જઇએ ! ખત્મ જ થઇ જઇએ !'

અથવા સ્વેચ્છાથી મોટા પણ ઉપદ્રવ સમતાભાવે સહી લેવા એ વીરતા નહિ, પરંતુ જબ્બર સામનો કરીને ઉપદ્રવ હટાવવામાં શૂરવીરતા દેખાય છે ને સહી લેવામાં કાયરતા લાગે છે ! આ નર્યું અજ્ઞાન છે.

આ મોટી મુશીબત છે કાં શૂરવીરતાનું સાચું સ્વરૂપ ખબર નથી, અગર ખબર છે તો સાચી શૂરવીરતા ભાવનામાંય લાવવાનું પાલવતું નથી, પછી 'મહાન આત્માઓએ શૂરવીરતાથી ભયંકર ઉપદ્રવો સમભાવે સહી લીધા.' એ વાત આવે એટલે ચમકારો જ થાય ને ? કે 'હેં ? આટલું બધું તે આનંદથી સહી શકાતું હશે ?

**મોટા ઉપદ્રવમાં ય શૂરવીરતા લાવવા શું વિચારાયું ? :-**

પરંતુ ચમકારો લાવતા પહેલાં આ વિચારવા જેવું છે કે મોટી સેનાઓની લડાઇમાં સૈનિકો કેવી રીતે લડે છે, મોટા ભાલાના ઘા તલવારોના ઘા, કે તીક્ષ્ણ બાણના ઘા સામેથી આવતા દેખાય, ત્યાં શું એ કાયર થઇ ભાગી જવાનું કરતા હશે ? જો કરે ને, તો તો યુદ્ધ ખેલી રહ્યા. ખૂનખાર યુદ્ધ મચે છે ત્યાં જુઓ તો દેખાય કે લડવૈયાઓ નજર સામે કેઇને ઘા ખાઇ ખાઇ લબડતા ને નીચે પડતા જુએ છે છતાં પોતે કાયર બની ભાગતા નથી, યાવત્ પોતાને પણ ઘા લાગે છતાં હજી જો ઊભા રહેવાની શક્તિ હોય તો લડવાનું ચાલુ રાખે છે ! સામેથી હજી બીજા પ્રહાર આવવાનું નજરો નજર દેખાય છે, છતાં મનને નક્કી કર્યું હોય છે કે 'ભલે હજી પણ ઘા આવે તો આવે પરંતુ હું લડતો રહી દુશ્મનના કેઇ સુભટોને ખત્મ કરી કરી નીચે પાડીશ,' છે ક્યાંય કાયરતા ?

**સૈનિકોને કાયરતા કેમ નથી ?**

કહો, સેનામાં જોડાયા ત્યારથી શૂરવીરતાની આ ભાવના કર્યે રાખી છે,

'યુદ્ધમાં જાઉં ને ભલેને મોટા ભાલા તલવારના ઘા ખાવાના આવે, પરંતુ મારાં શસ્ત્રોથી દુશ્મન સૈનિકોનો કચ્ચરઘાણ કાઢું' આવી શૂરવીરતાની ભાવના હોય પછી ભયંકર ઘા એને પાછો ન વાળી શકે.

બસ, મહાત્માઓ તે સાધના હાથમાં લીધી ત્યારથી મનમાં આ ભાવના ભાવતા રહેવાનું કર્યું હોય છે કે,

'ભલેને ભયંકર ઉપદ્રવો આવે પરંતુ શુભ ધ્યાનના શસ્ત્રથી કર્મોનો કચ્ચરઘાણ કાઢું.'

આ શૂરવીરતાની ભાવના છે એ ભાવનાથી હૈયું ભાવિત કર્યું હોય પછી ખરેખર ઉપદ્રવ આવે ત્યારે એ ભાવનાને અમલમાં મૂકતાં શું કામ પાછી પાની કરે ? એટલે કહો,

**જેણે સૈનિકોની જેમ શૂરવીરતાની ભાવના કર્યે રાખી હોય એ ઉપદ્રવો આવતા કાયર ન બને, પણ કર્મશત્રુનો કચ્ચરઘાણ કાઢવાની જ ધૂનમાં હોય.**

**જીવનમાં આ મહાન કર્તવ્ય છે. સારી વાતનો ભલે અમલ ન બને, પરંતુ એની ભાવના જરૂર કર્યા કરો.**

પ્ર.-એકલી ભાવનાથી શું વળે ?

ઉ.-એ સારાની ભાવનાનો આ મહાન લાભ છે કે આત્મા પર એના સુસંસ્કાર પડ્યા કરે, ને એ સુસંસ્કાર સારા પ્રમાણમાં એકત્રિત થયેથી અવસરે એવા જાગ્રત થઇ જાય કે એ સારાના અમલનું બળ આપી દે.

દા.ત. મનમાં આ ભાવના કરાય કે ''આજે તો પુણ્યોદયે સારું છે, પરંતુ નથી ને કદાચ કાલે અશુભોદયે ગરીબી આવે તો ફિકર કરવાની જરૂર નથી.

**ફિકર-ચિંતા-ખેદ કરવાથી કાંઇ અશુભોદય એ શુભોદયમાં ફેરવાઇ જતો નથી.**

ગરીબી આવેલી ટળી જતી નથી. પછી આ સારુ ફિકર કરવી. આપણે તો ધન્ય અવસર માનવો કે આત્માના કોઠારે પડેલા અશુભ આ રીતે છેદાઇને જઇ રહ્યા છે, ઓછા જ થઇ રહ્યા છે.'' આમ ભાવના કર્યે ગયા.

એ સારી ભાવનાના સુસંસ્કારોના જથાનો એ પ્રભાવ પડે કે અવસરે કપરી સ્થિતિમાં એ જવાબ આપે, એવો કે સૈનિકની જેમ શૂરવીરતાથી કપરી સ્થિતિને સમતા-શાંતિપૂર્વક વધાવી લેવાય, અને કર્મનો કચ્ચરઘાણ કાઢી નખાય.

**યુદ્ધના લડવૈયાને પોતાને બહુ ઘા પડ્યાનું દુઃખ થતું નથી પરંતુ શત્રુ-સૈનિકોનો કચ્ચરઘાણ કાઢ્યાનો આનંદ રહે છે, એમ,**

**સમ્યગ્દ્રષ્ટિ આત્માને ઉપદ્રવોનું દુઃખ નહિ, પરંતુ કર્મશત્રુના કચ્ચરઘાણ નીકળ્યાનો આનંદ રહે.**

**કપરી સ્થિતિની કલ્પનાથી શુભ ભાવના કર્યાનો એક લાભ સુસંસ્કાર બળ :-**

આમાં આત્મામાં કેટલી બધી શૂરવીરતા આવી ! જે ભાવનાના અમલમાં આ ઉમદા લાભ થાય છે એ ભાવના કેમ વારંવાર ન કરવી.

દા.ત. ભાવના કર્મે રાખી કે 'નથી ને કદાચ કાલે મોટી બિમારી આવી જાય તો હું તો માનું કે

**કર્મ ખપાવાનો અવસર એહવો ફરી નહિ મળશે પ્રાણી-રે.'**

હવે બિમારીનો એવો અવસર જ આવી લાગ્યો તો સહેજે પેલી ભાવનાના સુસંસ્કારોના બળ પર ભાવનાના અમલનો સંભવ રહેશે, જરાય દીનતા હાયવોય નહિ થાય, અને સમતાથી રોગ વેદી લેતાં કશુંજ કઠિન નહિ લાગે ને એમાં અશુભ કર્મોના થોકના થોક ખત્મ થશે. સારાની વારંવારની ભાવનાનો આ કેવો પ્રભાવ ! તો પછી સારાસારીમાં પણ કપરી સ્થિતિની કલ્પના કરી આ શુભભાવના કરતાં રહેવું, એ શું ખોટું ?

**શુભભાવનાનો બીજો લાભ :-**

કપરી સ્થિતિની કલ્પના કરી શુભભાવના કરતાં રહેવાનો આ બીજો એક મહાન લાભ એ છે કે વર્તમાન સારી સ્થિતિ વખતે મન એમાં બહુ લંપટ-આસક્ત-અભિમાની ન થઇ જાય.

જ્યાં કલ્પના કરી કે 'ભાઇ ! જીવનમાં સારા સારી કે કપરી સ્થિતિ કર્મને આધીન છે, એટલે સારા સારી ચાલુ જ રહે એવો નિયમ નથી. કોણ જાણે શુભોદય ક્યારે ઓછો થઇ જાય યા બંધ પડી જાય ! શુભ કર્મનો ઉદય મોળો પડતાં સારાસારી પણ મોળી પડવાની. જોરદાર શુભોદય હતો ત્યારે તો લાખો કમાતા હતા પરંતુ શુભોદય મોળો પડવામાં માત્ર હજારો જ કમાવવાનું થવાનું, ને શુભોદય અટકી જવામાં કમાવાનું જ બંધ પડવાનું, અને વધારામાં અશુભનો ઉદય ચાલુ થતાં કમાવાનું તો દૂર, ઊલટું ગુમાવવાનું થવાનું,' તો આ કલ્પના પર વર્તમાન સારી સ્થિતિમાં અભિમાન-આસક્તિ નહિ થાય.

એટલે આ જો નજર સામે રાખ્યું કે અશુભોદયની કપરી સ્થિતિમાં બધી ય હોશિયારી પાણીમાં જવાની, ને કશો ય રોફ નહિ મારી શકાય, કશું ય અભિમાન નહિ રાખી શકાય, તો પછી અત્યારે,

**સારાસારીમાં ય માથા પર કર્મની ગુલામી સમજીને અભિમાન શા રાખવા ? આસક્તિ લંપટતા શી કરવી ?**

**જો સારી સ્થિતિમાં બહુ આસક્તિ લંપટતા રાખી છે, તો કપરી સ્થિતિમાં હૈયું હાથમાં નહિ રહે.**

ભારોભાર રોવાનું થશે કે, 'હાય ! હાય ! મારું લૂંટાઇ ગયું !' પણ અત્યારે સુખમાં લંપટ ન હોઇએ, આસક્ત ન રહીએ, સમજીએ કે આ ય ટકવાનું નથી, ક્યારે ઊડે એની ખબર નથી, તો પછી આમાં અંધ ન બનું, ઉદાસીન રહુ કે ઠીક છે સારું ચાલે છે પણ એ મારી હોશિયારીનું નથી, શુભકર્મના ઉદયનું છે.

**શુભકર્મ એટલે પર, ને પરની માલમિલકત પર કોણ આસક્ત કે અભિમાની થાય ?**

એ તો ઉદાસીનભાવે જોવાનું. તેમ પરના માલ પર અભિમાન નહિ કરવાનું. શેઠ પાસે ઘણુંય હોય તેથી મુનીમ થોડું જ અભિમાન કરે છે કે 'હું કેવો શ્રીમંત !' એમ, શુભકર્મના માલ પર હું શાનું અભિમાન કરું ?

કપરી સ્થિતિ નજર સામે હોય, એની કલ્પના હોય, તો સારી સ્થિતિમાં અંધ આસક્ત ન બનતાં ઉદાસીન રહેવાય, અભિમાન ન કરતાં નમ્રતા-લઘુતા રખાય. પછી કપરી સ્થિતિ કદાચ આવે તો એ વખતે રોવાનું નહિ કરાય.

**કપરી સ્થિતિમાં સમતા કેમ આવે ? :-**

કપરી સ્થિતિમાં કેમ રોવાનું નહિ ? કારણ છે, કે મન સમજે છે કે 'સારાસારીમાં ય સમજતા હતા કે આ કાંઇ આપણું નહિ, પણ 'પર' એવા શુભકર્મનું છે. એટલે તો એમાં મોળાશ આવતાં ય સમજીએ છીએ કે 'હોય, શુભોદય માંદો પડે તો આમ થાય. એમાં શુભોદયના મંદવાડ પર શા સારું આપણો મંદવાડ માની મનને ઓછું લાવવું ?' એમ સમજીને આપણે માંદા નહોતા પડતા, દુઃખ નહોતા કરતા, તો પછી અત્યારે શુભોદયના સર્વનાશમાં સારું બધું ગયું એ સહજ છે, પરંતુ એમાં આપણો સર્વનાશ માનવાની શી જરુર છે ?

**શુભોદયનો મંદવાદ એ આપણો મંદવાડ નથી.**

**શુભોદયનો સર્વનાશ એ આપણો સર્વનાશ નથી.**

આ કેટલું સુંદર તત્ત્વજ્ઞાન છે !

રામ અને સીતા, નળ અને દમયંતી, પાંડવો અને દ્રૌપદી, હરિશચંદ્ર અને તારામતી રાજ્ય ગુમાવી જંગલ ભેગા થયા એમાં કેમ દુખિયારા ન બન્યા ? કેમ રોવા ન બેઠા ? કહો, આવું કોઇક તત્ત્વજ્ઞાન હૈયે ચળકતું પ્રકાશતું રાખ્યું હશે, એટલે શું કામ મનને ઓછું લાવે ?

❀ ❀ ❀ ❀ ❀ ❀

પૈસા ગયા. રાજ્ય ગયું. એ શુભોદયના સર્વનાશને લીધે. પણ તેથી આપણો પોતાનો કાંઇ સર્વનાશ થયો નથી.

આપણી આત્મશ્રદ્ધા-ધર્મશ્રદ્ધા-પરમાત્મશ્રદ્ધા તો એની એ જ ઊભી છે, આપણી હિંમત, આપણી દયા, આપણો મૈત્રીભાવ, વગેરે ગુણો તો એના એજ ઊભા છે. આ વારંવાર યાદ કરવાનું.

**પુણ્ય માદું તેથી આપણે માંદા નથી, પુણ્ય નષ્ટ તેથી આપણે નષ્ટ નથી.**

**પૂછો.**

પ્ર.-તો પછી માણસને પૈસા ખલાસ થતાં કેમ એમ લાગે છે કે હાય ! હું ખલાસ થઇ ગયો ?

ઉ.-એનું કારણ ભ્રમણા છે. અને 'હું' ની સાચી ખબર જ નથી ખરેખર હું એટલે કોણ ? કેવો ? એનો સાચો ખ્યાલ નથી. એને તો પૈસા જ હું લાગે છે ! અલ્યા પણ જેની પાસે પૈસા નથી એ હું નથી ? જો 'હું એટલે આત્મા, મૈત્રી આદિ વિવિધ ગુણ સંપન્ન આત્મા એ હું', આ જો નજર સામે રમતું હોત તો પૈસા ખલાશ થતાં જુઅત કે મૈત્રી આદિ ગુણવાળો મારો આત્મા ઊભો છે, તેથી હું પોતે ખલાસ નથી. તો શું કામ માનું કે પૈસા ખલાસ એટલે હું ખલાસ ? વ્યવહાર પણ 'હું એટલે આત્મા બતાવે છે. શરીર માંદું પડતાં ડૉક્ટરને કહેવાય છે કે 'ડૉક્ટર ! જુઓને આ મારું શરીર બગડ્યું છે.' પણ એમ નથી કહેવાતું કે 'ડૉક્ટર જુઓને આ હું બગડ્યો છું.' અરે ! કાયા માંદી પડતાં ય મૈત્રી આદિ ગુણવાળો મારો આત્મા માંદી પડતાં ય મૈત્રી આદિ ગુણવાળો મારો આત્મા માંદો પડ્યો નથી, તો 'કાયાના મંદવાડે હું માંદો', એવું શું કામ માનું ? વારંવાર આ ગોખો-

**કાયા માંદી તેથી આપણે માંદા નથી.**

**કાયા ખલાસ તેથી આપણે ખલાસ નથી.**

કાયાનો મંદવાડ અશુભઅશાતા કર્મના લીધે છે. અર્થાત્ શુભશાતા કર્મને મંદવાડ લાગ્યો તે શુભશાતા મોળી પડી, પરંતુ એ વખતે કાંઇ આત્માના મૈત્રી વિનય શ્રદ્ધા વગેરે શુભને મંદવાડ નથી, તો એવી ગુણ સંપન્ન જાતને માંદી પડી શું કામ માનવી ? શા સારું મન માંદું કરવું ?

**લડવૈયો કાયા ખંડિત થતાં મન ખંડિત નથી થવા દેતો, એમ ધર્માત્મા :-**

વાત આ છે કે ભાવના બળ આપે છે. લડવૈયો યુદ્ધમાં ઝુકાવતા પહેલાં ભાવના કરે છે કે 'લડાઇમાં કદાચ કાયા પર ઘા પડે તો ય એને વિસાતમાં લેખવા નથી, અને બરાબર લડી લેવું છે. આ ભાવના એને મન અખંડિત રાખવાનું બળ આપે છે.

એમ સાધક આત્મા જો પહેલેથી ભાવના રાખે કે ''સાધના કરતાં કરતાં કદાચ કાયા દુબળી પડે તો ય એને વિસાતમાં લેખવી નથી, કેમકે એથી કાંઇ મારા આત્માના સંયમાદિ ગુણો ઘવાતા નથી આત્માની પુણ્ય મૂડી દૂબળી પડતી નથી. એ તો સાધનામાં આગળ ધપાવ્યે રાખવાનું. કર્મના સામે લડી જ લેવાનું ને આત્માની પુણ્યાઇ પુષ્ટ કર્યે જવાની'' આ ભાવના કરી કરી સાધનામાં ઝુકાવે પછી કાયા દૂબળી પડતાં મન શું કામ દૂબળું પડે ?

હવે સમજાશે કે મેઘનાદ મુનિ દૈત્યના ઉપદ્રવોમાં કેમ પાછા પડતા નથી ? કેમ સાધનામાંથી ચંચળ ન થતાં સ્થિર રહે છે ?

**ચારિત્ર પાલનમાં ચંચળ એટલે ? :-**

સાધનામાં ચંચળ એટલે શું એ સમજો છો ? ઉપદ્રવ આવ્યે ભલે ચારિત્ર સાધુવેશ છોડીને ન જાય, 'હાય ભાઇ સાબ ! આટલું બધું દુઃખ ? આપણાથી ન સહન થાય. ચાલો ઘેર' એમ ભલે ન વિચારે, ભલે સાધુપણું મૂકીને ન જાય પરંતુ મનમાં જો કષ્ટ દેનાર પ્રત્યે ગુસ્સો વગેરે કષાય લાવે, કષ્ટ પ્રત્યે કંટાળો-અરુચિ-અભાવ લાવે, તો એ સાધનામાંથી ચંચળ થયો ગણાય.

કારણ સ્પષ્ટ છે-

સાધના ચારિત્રની સાધના છે, એટલે કે ક્ષમાદિ દશ પ્રકારના યતિધર્મની સાધના છે.

(૧) હવે કોઇ ઉપદ્રવ આવ્યો, કોઇએ કાંઇ આપણું વાંકુ કર્યું પ્રતિકુળ કર્યું

ને આપણને ય એના પર ક્રોધ થઇ આવ્યો દ્વેષ થઇ આવ્યો, તો આપણે ક્ષમાની સાધનામાંથી ચંચળ થયા, એમાંથી ખસ્યા ગણાય.

(૨) એમ આમ તો પુદ્ગલ પ્રત્યે, વિષયો પ્રત્યે વૈરાગ્ય, નિસ્પૃહતા, નિર્લોભતા રાખીને રહીએ છીએ, પરંતુ કાંઇક પ્રલોભન આવ્યું ને દિલમાં રાગ-સ્પૃહા આકર્ષણ ઊભું થયું, પરસ્ત્રી સામે આવી ને જોવાનો રાગ ઊભો થયો, તો સાધનામાંથી આપણે ચંચળ બન્યા ગણાઇએ, કેમકે યતિધર્મનો 'મુક્તિ' ધર્મ ઘવાયો.

(૩) વળી આમ તો પર રૂપ-સ્પર્શનાં આકર્ષણ મૂકી બ્રહ્મચર્ય પાળીએ છીએ, પરંતુ જો જરાક રૂપાળા સુંવાળા પુરુષનો રૂપ પ્રત્યે 'આ સારો ગોરો-ગુલાબી', એમ આકર્ષણ ઊભું થયું, એને સહેજ અડીને સુંવાળાશ ગમી, તો એ બ્રહ્મચર્યના સાધનામાંથી ચંચળ થયા, સાધનામાંથી ખસ્યા, સાધનામાં સ્થિર ન રહ્યા.

(૪) સાધનામાં સ્થિરતા, માત્ર બાહ્ય ક્રિયા-વર્તાવ ટકાવી રાખ્યા એટલેથી ટકી એવું નથી, કિન્તુ આભ્યન્તર સાધનાના ભાવ પણ ટકાવી રાખવામાં સ્થિરતા છે, પ્રભુ દર્શને ગયા, આંખ તો પ્રભુને જ જોઇ રહી છે, તો શું દર્શનની સાધનામાં સ્થિર છીએ ? ના, જો મનમાં બીજો વિચાર આવ્યો તો આંતરિક દર્શન બીજાનું થયું, એટલે પ્રભુ દર્શનની આંતરિક સાધના સ્થિર ન રહી, ચંચળ બની.

મેઘનાદ મુનિ પર પેલો દૈત્ય જુલ્મ વરસાવે છે. છતાં મુનિને માત્ર બાહ્ય સાધના જે સાધુપણું કાયોત્સર્ગ વગેરે, એને ટકાવી રાખ્યા એટલી જ એમને સ્થિરતા નથી, પરંતુ અંતરમાં જે મુનિપણું એટલે કે ક્ષમા-નમ્રતા-નિર્લોભતા વિગેરેની સાધના એને પણ ટકાવી રહ્યા છે.

**સાધનાની સ્થિરતા બાહ્ય-આભ્યન્તર બંને ટકાવી રાખવામાં થાય.**

ઉપવાસની સાધના શરૂ તો કરી, સાંજ પડ્યે ભૂખ લાગી, પરંતુ ખાધું નહિ, તો બાહ્ય સાધનામાં તો ટકી રહ્યા, પરંતુ જો મનને પસ્તાવો થયો કે 'આ ક્યાં મેં ઉપવાસ કર્યો, ઉપવાસ ન હોત તો ખાઇ લેત, ને ગોખવા ભણવામાં પ્રતિક્રમણમાં મન બરાબર લાગી જાત' આવું મનમાં આવ્યું ત્યાં આંતરિક ઉપવાસની સાધનામાં ચંચળ બન્યા ત્યાં પૂછો.

**ઉપવાસની સાધનામાં સ્થિરતા શી ?**

આ જ કે ઉપવાસની આંતરિક સાધનામાં ય સ્થિર રહેવા માટે તો આવો કોઇ વિચાર જોઇએ કે 'ભલે ભૂખ લાગી, પણ સારું થયું કે મારે ઉપવાસનું પચ્ચક્ખાણ છે, તો આહારની ગુલામીથી બચ્યો.' કહેતા નહિ,

પ્ર.-પણ ઉપવાસમાં ભૂખ લાગી તો ઢીલા પડવાથી સ્વાધ્યાય-પ્રતિક્રમણ વગેરે બીજી આરાધના બગડે ને ?

ઉ.-ન બગડે, જો કાયા ઢીલી પડવા સાથે મનને ઢીલું ન બનાવીએ તો સ્વાધ્યાયાદિ રુડા ચાલી શકે છે. કાયાની ઢીલાશ છતાં મન તો જોરમાં હોય કે 'કેવો ધન્ય અવસર કે મને ઉપવાસની સાધના મળી ! ને છે શું ? ભગવાને છ છ મહિના સુધી ઉપવાસ ખેંચ્યા છે, છતાં મનથી જરાય ઢીલા ખિન્ન અસ્થિર ન પડતાં પ્રસન્ન રહ્યા છે, ને પ્રભુએ પોતાની તત્ત્વચિંતન-સ્વાધ્યાયની સાધના પ્રસન્નતાથી ટકાવી રાખી છે. છ છ મહિનાના ઉપવાસમાં આ તો મારે એક જ ઉપવાસ છે, એમાં સુંવાળાશ શી ? ઢીલાશ શાની કરવાની હોય ?

**સ્વાધ્યાયાદિ સાધનામાં સ્થિરતાનો આધાર કાયા કરતાં મનની પ્રસન્નતા પર વધારે છે.**

કાયા તો સ્વસ્થ સારી હોય, પરંતુ જો ગમે તે કારણે મન ઢીલું પડે તો સ્વાધ્યાયાદિ સાધનામાં ઢીલાશ આવી જાય છે. માટે અંતે તો મનની મજબૂતાઇ સ્થિરતા પ્રસન્નતા પર મોટો આધાર છે.

**સાધનાની આંતરિક સ્થિરતા માટે પ્રસન્ન ઉત્સાહી મનની ખૂબ જરૂર છે.**

મેઘનાદ મુનિ દેવતાઇ ઉપદ્રવમાં પણ પોતાની સાધનામાં સ્થિર છે, એ આ મનની પ્રસન્નતા-સ્થિરતા ઉત્સાહિતતાને લીધે છે.

પ્ર.-હદ બહાર સહવાનું આવે ત્યાં મન દુઃખિત ન થાય ?

ઉ.-ઉપદ્રવ સહન કરવામાં કર્મ શત્રુનો કચ્ચરઘાણ થઇ રહ્યો છે 'એ વિચાર પર મન શું કામ દુઃખિત થાય ? મન પ્રસન્ન જ રહે, લડવૈયા શત્રુના શસ્ત્રોના ઘા સહતાં પણ આનંદમાં જ રહે છે ને ?

**લક્ષ્ય સિદ્ધિનો આનંદ કષ્ટમાં પણ મનને પ્રસન્ન ખુશ રાખે છે.**

ઉપવાસ કરીને પણ ભલેને ભૂખ લાગી ને કાયા ઢીલી પડી, કિન્તુ ઉપવાસ કરવાનું જે લક્ષ્ય છે, એના પર દ્રષ્ટિ રાખી હોય તો દેખાય કે 'ભલે કાયાની ઢીલાશ તો ઢીલાશ કિન્તુ ઉપવાસથી થતો કર્મ શત્રુનો નાશ જે લક્ષ્ય છે એ કર્મનાશ તો મારે સિદ્ધ થઇ જ રહ્યો છે. ઉપવાસ પહોંચે ત્યાં સુધી કર્મનાશ ચાલુ છે, પછી શું કામ દુઃખિત થાઉં ? બોલીએ છીએ ને કે **'જાવ મણે હોઇ નિયમ સંજુત્તો છિન્નઇ અસુહં કમ્મં'** અર્થાત્ જ્યાં સુધી આત્મા મનમાં નિયમવાળો છે ત્યાં સુધી અશુભ કર્મ છેદાયે જાય છે.' વાત આ છે,

**સાધનાની સ્થિરતા માટે મન પ્રસન્ન, ને એ માટે લક્ષ્ય પર દ્રષ્ટિ જોઇએ:-**

એ જ સુભટનું દ્રષ્ટાન્ત જુઓ. એનું લક્ષ્ય છે શત્રુ-વિનાશ, ને એના પર દ્રષ્ટિ કેન્દ્રિત છે. યુદ્ધમાં એક જ ધૂન છે 'દુશ્મનોને મારું' તો ભલે સામેથી બાણ-ભાલા વગેરેના પ્રહારનાં કષ્ટ આવે છે છતાં લક્ષ્ય સિદ્ધિ પર આનંદ હોવાથી મન એ કષ્ટમાં પણ યુદ્ધ માટે સ્થિર છે, ચંચળ નથી. એમ સાધક મુનિ મેઘનાદ કર્મ વિનાશના લક્ષ્ય પર મન કેન્દ્રિત કરી દૈત્યના ઉપસર્ગોના કષ્ટમાં આનંદિત રહી સાધનામાં સ્થિર રહે છે.

ધર્મ તો કરવો છે. પરંતુ જરા કશું વિઘ્ન આવ્યું કે

**ધર્મમાંથી મન ચંચળ કેમ બને છે ? કહો લક્ષ્ય પર દ્રષ્ટિ કેન્દ્રિત નથી.**

પર્વતિથિએ તપ કરવાનું નક્કી કર્યું એમાં કોક પર્વ દિવસે સુસ્તી દુખાવો કે બીજું કાંઇ વિઘ્ન આવ્યું, ત્યાં મન કેમ ઢીલું પડી તપ ભૂલે છે ? કહો લક્ષ્ય કાં તો નક્કી કર્યું નહોતું, કે મન એમાં કેન્દ્રિત નથી.

**ધર્મ કરવા માટે કેવા કેવા લક્ષ્ય યાને ઉદ્દેશ રાખવા ?**

(૧) મારે જિનાજ્ઞા પાલન કરવું છે, યા

(૨) મારે બાહ્ય તપ કરી પ્રભુના માર્ગે ચાલી પ્રભુને વહાલા કરવા છે.

(૩) મારે કર્મ વિનાશ કરવા છે, અથવા

(૪) આહારાદિ સંજ્ઞાને થોડી પણ કચરવી છે કે,

(૫) થોડી પણ ધર્મની મુખ્યતા કરવી છે, જેથી એમાં આગળ વધતાં સર્વેસર્વા ધર્મની મુખ્યતા આવી ચારિત્ર લેવાય અને પળાય.

(૬) ધર્મ-અવસર પ્રત્યે નફટાઇ રોકવી છે. દા.ત. પર્વ દિવસે પણ ચાલુ દિવસની જેમ ખાઇ-પીને પર્વ પ્રત્યે અને ધર્મના ઉપદેશક ભગવાન સામે નફટાઇ થતી અટકાવવી છે.

આવું કોઇ લક્ષ્ય કાં તો ખ્યાલમાં લીધું નથી, અગર લીધું છે તો દ્રષ્ટિ એના પર કેન્દ્રિત નથી, જેટલી સુખાકારિતા અને એશઆરામી પર દ્રષ્ટિ કેન્દ્રિત છે. તો પછી લક્ષ્ય વિનાના ધર્મની કેટલી કિંમત ? શાસ્ત્ર એવા લક્ષ્ય વિનાની સાધનાને સંમૂર્ચ્છિમ અનુષ્ઠાન કહે છે. ઘાંચીનો બેલ ૧૦ કલાક ચાલે પણ અંતે ત્યાંનો ત્યાં ! એમ લક્ષ્યના નિર્ણય વિનાની સાધના ઘણી કરાય છતાં સરવાળે જીવ ત્યાંનો ત્યાં સંસારના માર્ગ પર ઊભો હોય !

માટે લક્ષ્યનો નિર્ણય જોઇએ, અને દ્રષ્ટિ એના પર કેન્દ્રિત જોઇએ એ થોડું

થોડું પણ સિદ્ધ થતું આવે એનો આનંદ રહે, એટલે પછી વિઘ્નના કષ્ટની પરવા ન કરાય, કષ્ટમાં મન દુઃખિત થઇ સાધના છોડી ન દે.

કોઇપણ ધર્મસાધના કરતાં આ કહેલાં લક્ષ્ય ધ્યાન પર લેવા જેવા છે.

**(૧) જિનાજ્ઞા પાલનનું લક્ષ્ય.**

કોઇપણ સાધના કરતી વખતે આ લક્ષ્ય હોય કે મારે આ જીવનમાં શક્ય એટલા જિનવચનનું પાલન કરી જવું છે, કેમકે **'આજ્ઞારાદ્ધા શિવાય'** જિનાજ્ઞાનું આરાધન મોક્ષ માટે થાય છે. જિનાજ્ઞાની આરાધના મોટા ચૌદ પૂર્વના રચનાર પરમ વિદ્વાન ગણધર મહારાજા કરે છે. જગતમાં મોહની આજ્ઞા તો અનંત અનંતવાર આરાધી. નથી આરાધી જિનની આજ્ઞા. તેથી હજી સુધી ભટકતા રામ છીએ. કવિ પ્રભુની સ્તુતિ કરતાં કહે છે **"પામ્યા, પામે, પામશે, રે જે કોઇ જ્ઞાનાદિ અનંત,**

**તે તુજ આણ લહ્યે થકે રે, કહે માન વિજય ઉલસંત.**

**અનંત જિન ! આપજો રે મુજ એહ અનંતાચાર."**

એટલે આપણા અહોભાગ્ય ક્યાંથી કે થોડી પણ જિનાજ્ઞા આરાધવા મળે !

જીવનનું આ લક્ષ્ય નજર સામે ને નજર સામે હોય, તો ડગલે ને પગલે પ્રવૃત્તિમાં કોઇક ને કોઇક જિનાજ્ઞાનું પાલન મિશ્રિત કરી દેવાય દા.ત. ચોરીમાં પરણવા બેઠા, ત્યાં આ લક્ષ્ય જાગ્રત હોવાથી મનને એમ થાય કે કન્યાના સુંવાળા હાથના સ્પર્શમાં મોહિત ન થઇ જાઉં. અનંતવાર આવા સ્પર્શમાં મોહિત થવાથી જીવનભર મોહઘેલો બન્યો રહી ઉત્તમ માનવભવોમાં પણ ચારિત્ર લીધા વિના રહ્યો.

જિનાજ્ઞા આરાધવા મળે એના આનંદની બલિહારી છે. મહાવીર ભગવાન ગૌતમ સ્વામીને કહે, 'ગૌતમ ! આણંદ શ્રાવકને મિચ્છામિ દુક્કડં કરી આવો શ્રાવકને તમે ના કહેતા કે શ્રાવકને એટલું અવધિજ્ઞાન ન થઇ શકે એ બરાબર નથી. ગૃહસ્થને પણ એટલું અવધિજ્ઞાન થઇ શકે.'

ગૌતમ હોંશે હોંશે ઉપડ્યા શ્રાવકને મિચ્છામિ દુક્કડં કરવા, કોણ ઉપડે છે ? દ્વાદશાંગીના સ્વયં પ્રણેતા ! ૧૪૦૦૦ મુનિઓમાં વડેરા ! ૫૦ હજાર કેવળજ્ઞાનીઓના ગુરુ ! એ ખમાવવા જાય છે, કોની આગળ ! એક સત્તર પાપસ્થાનકમાં પડેલા ગૃહસ્થની આગળ ! જે ગૃહસ્થ પાછો રોજ પોતાને વંદન કરવાનો છે ! એની આગળ મિચ્છામિ દુક્કડં કરવા હોંશે જાય ? પણ કેમ હોશે જાય છે ?

કહો, એમાં જિનાજ્ઞા આરાધવા મળે છે, ગૌતમ સ્વામીના મનને આ છે,

'મને ભગવાને આજ્ઞા કરી ! મને જિનાજ્ઞા મળી ! મારાં અહોભાગ્ય છે !

**જગતમાં જિનાજ્ઞા મળવા જેવું કોઇ પુણ્ય નથી. તો જિનાજ્ઞા આરાધના જેવો કોઇ સત્પુરુષાર્થ નથી.**

વાત પણ સાચી છે, કે ઠેઠ મોટા ચમરબંધી ગ્રૈવેયક દેવલોકના દેવ બનવાનું પુણ્ય ઊભું થયું, અને ભોગવવા મળ્યું, પણ જો જિનાજ્ઞા મળવાનું પુણ્ય નથી, તો એ ભોગવટાને અંતે પણ ચારે ગતિમાં પરિભ્રમણ ઊભું જ છે ! ભવના ફેરા ટૂંકા ન થાય.

**ભવના ફેરા ટૂંકા કરવાની તાકાત જિનાજ્ઞામાં છે ને જિનાજ્ઞા મળે પુણ્યથી.**

**જિનાજ્ઞાના પુણ્યની કદર હોય તો દુન્યવી રોદણાં બંધ :-**

માટે 'જિનાજ્ઞા-જિનશાસન મેળવી આપનાર પુણ્ય મળ્યાની કદર કરો, મનમાન્યા પૈસા વગેરેનાં પુણ્ય ન મળ્યાના રોદણાં શું રુઓ ?' આ શિખામણ કોણ આપવાનું ? કુટુંબ આખામાં છે કોઇ એક પણ સજ્જન ? કે જે જિનાજ્ઞાના આ મૂલ્ય મહત્ત્વ સમજાવે ? ત્યારે જાતે પણ સૂઝ પડે એવી છે ? જો આ સૂઝ પડે, યા સમજ આવી જાય, તો દુઃખના રોદણાં બંધ થઇ જાય.

મહાન પુણ્યનો ઉદય હોય તો જ જિનાજ્ઞા મળે અને જિનાજ્ઞા જિનશાસન મળવાનું ઉત્કૃષ્ટ પુણ્ય મળ્યું છે તો મારે બીજા પુણ્ય ન મલ્યાં ઓછા મળ્યાની શા વિખવાદ કરવાં મનને ઓછું લાવવાનું ? એમ સમજતા નહિ કે

પ્ર.-તો શું જિનાજ્ઞા મળવાનું પુણ્ય મળ્યું એટલે ન્યાલ થઇ ગયા.

ઉ.-ના, હવે જિનાજ્ઞા આરાધવાનો પુરુષાર્થ કરવાનો ઊભો રહે છે કેમકે 'આજ્ઞારાદ્ધા શિવાય' જિનાજ્ઞાની આરાધના મોક્ષ આપે છે. આરાધના ન કરો તો કાંઇ વળે નહિ. આજે જૈનકુળમાં જનમવા માત્રથી કેટલાયને જિનશાસન મળ્યું છે એ એટલે પુણ્યથી જ મળ્યું છે. જિનાજ્ઞાનું મળવાનું પુણ્ય તો છે, પરંતુ આરાધના જ નથી, તેથી એમ એ થોડા જ તરી જાય ? કહેતા નહિ,

પ્ર-તો તો પછી જિનાજ્ઞાની આરાધનાનું જ મહત્ત્વ રહ્યું ને ? જિનાજ્ઞાના પુણ્યનું શું મહત્ત્વ ?

ઉ.-જિનાજ્ઞાના પુણ્યનું ઊંચું મહત્ત્વ છે જ, કેમકે જો જિનાજ્ઞાને મેળવી

દેનારું આ પુણ્ય જ મળ્યું ન હોત, તો જિનવચન મળત જ નહિ, ને જિનાજ્ઞા મળ્યા વિના એની આરાધના શી રીતે કરવાના ? માટે

**જિનાજ્ઞા મળવાના પુણ્યની બલિહારી છે.**

અલબત એ પુણ્ય મળવા માત્રથી કે પુણ્યે જિનાજ્ઞા-જિનશાસન મળવા માત્રથી નિસ્તાર નથી, કલ્યાણ નથી, પરંતુ એની આરાધનાથી જ કલ્યાણ નીપજે છે, આત્માનો ભવથી નિસ્તાર થાય છે, ને એ ખૂબ ધ્યાનમાં રહે કે

**જિનાજ્ઞા પુણ્યે મળે છે, પણ જિનાજ્ઞાની આરાધના પુણ્યે નથી મળતી, પરંતુ પુરુષાર્થથી થાય છે.**

જેમ બાપની હોશિયારી અને મહેનત છોકરાને સારા વેપાર સુધી લાવી મૂકે છે, પરંતુ પછી વેપાર કરવાનું છોકરો પુરુષાર્થ કરે તો જ થાય છે, એમ પુણ્ય આપણને જિનાજ્ઞા સુધી લાવી મૂક્યા, હવે જિનાજ્ઞાને આરાધવાનું આપણે પુરુષાર્થ કરીએ તો જ થાય છે.

એ આરાધનાના પુરુષાર્થમાં દાન-શીલ-તપ-ભાવના, જિનભક્તિ-સાધુસેવા, અહિંસા-સંયમ-તપ, ક્ષમા-નમ્રતાદિ, દયા, સત્ય-નીતિ વગેરે કરવાનું આવે છે, ને એ કરીએ એમાં 'અહો ! મારે કેવું સુંદર 'જિનાજ્ઞાની આરાધનાનું' મહાન લક્ષ્ય સિદ્ધ થઇ રહ્યું છે એનો અહોભાવ સાથે આનંદ આનંદ હોય.

બસ, કોઇપણ ધર્મ સાધવાનો, પરોપકારાદિ સુકૃત સેવવાનો, કે ક્ષમાદિ સદ્ગુણ કેળવવાનો અવસર આવે ત્યાં પહેલેથી આ જિનાજ્ઞારાધવાનું જ લક્ષ્ય જો આગળ કરવાનું નક્કી કરી રાખ્યું હોય કે 'ધન્ય ભાગ્ય મારા કે મને જિનાજ્ઞા જિનવચનની આ કિંમતી આર્ય માનવ જનમમાં આરાધના કરવાની મળે !' તો એ ધર્મ-સાધના વગેરેમાંથી આપણું મન બહાનું કાઢી છટકી ન જાય, ઢીલું ન પડી જાય.

સાધનાના આ પહેલા લક્ષ્યની વાત થઇ.

(૨) પ્રભુના માર્ગે ચાલી પ્રભુને વહાલા કરવાનું પણ લક્ષ્ય રખાવા ધર્મ સાધનામાં આ પણ એક મહાન લક્ષ્ય છે. સંસારમાં ઘણા ઘણાને વહાલા કર્યા ને પડતા મૂક્યા, એમાં આપણો કશો ધડો રહ્યો નથી. એક જનમમાં કોઇને વહાલા કર્યા ત્યારે એને સર્વેસર્વા વહાલા કરીને ચાલ્યા, એને કહ્યું 'મારે તો તમે જ સગા તમે જ સાચા સગા કે સ્નેહી છો,' પણ જરૂર પડ્યે એ જ જનમમાં એને પડતા મૂકી

બીજાને સાચા સગા સ્નેહી કર્યા, અથવા એ જનમ પછી બીજા જનમમાં તો બીજા જ સગા સ્નેહી કર્યા, ક્યાં આપણો ધડો રહ્યો ? કહેશો-

પ્ર.-બીજા જનમમાં પૂર્વ જનમના સમાચાર નથી આવતા ને ? એટલે બીજા સગા કરાય છે,

ઉ.-ભલે એમ વ્યક્તિ તરીકે સમાચાર નથી આવતા, પરંતુ એટલી તો ખબર પડે છે ને કે, હું પરલોક માનનારો, મારે પૂર્વભવમાં સગા-સ્નેહી તો મેં કરેલા જ, એમાં પત્નીને કે પતિને મેં એમ કહ્યું ય હશે કે 'મારે તો આ જગતમાં તમે જ સાચા સગા છો ને મારે હવે તમારા જેવા બીજાને વહાલા કરવા નથી,' તો હવે અહીં કેમ વહાલા કરાય છે ? જેમ આજે પણ એવા કોઇક મળે છે જેમણે એક પત્ની વહાલી કરી તો એ પત્નીના ગુજરી ગયા પછી એ બીજી પત્ની કરતા નથી. એમ અહીં ભલે ભવ પલટાયો, પરંતુ ગત ભવમાં કોઇકને એવી વહાલી કરેલી, એ જીવનનાં અંત સુધી રહી. હવે અહીં એ નથી, તો બીજાને શું કામ વહાલી કરાય છે ?

સારાંશ, આપણે દુન્યવી માણસોને વહાલા કર્યા એમાં કશો ધડો રાખ્યો નથી. કે 'આજ વહાલા, તે વહાલા, હવે બીજાને વહાલા કરવા હરામ,' જો આ ધડો નથી રાખ્યો, તો પવનચક્કીની જેમ જીવ ફરતો રહ્યો છે. માટે હવે પ્રભુને જ એવા વહાલા કરું કે પછી બીજા કોઇને એવા કરવા જ ન પડે, ભલેને જનમ પલટાય તોય.

**અહીં પ્રભુને જ વહાલા કર્યાના સંસ્કાર એવા સાથે આવે કે બીજા જનમમાં પ્રભુને જ વહાલા કરાય.**

આવું દુનિયાના સગા-સ્નેહી અંગે ન બની શકે. પૂછો,

પ્ર.-પ્રભુનો સ્નેહ પરભવે સાથે આવી શકે, તો દુન્યવી માણસનો સ્નેહ કેમ સાથે ન આવી શકે ?

ઉ.-કારણ સ્પષ્ટ છે. પ્રભુનો સ્નેહ સ્વાર્થભર્યો નથી. દુન્યવી માણસ સાથેનો સ્નેહ સ્વાર્થભર્યો છે. સ્વાર્થભર્યા સ્નેહનો અર્થ જ એ, કે વ્યક્તિ પર સ્નેહ ખરો પણ સ્વાર્થની વસ્તુના રાગમાં ગૌણ થઇ ગયેલો, એટલે કે ઇષ્ટ વસ્તુનો રાગ છે માટે જ વ્યક્તિ પર રાગ છે, સ્નેહ છે. ખરો રાગ ઇષ્ટ વસ્તુ પર છે. એ પરભવે સાથે લાગે પણ વ્યક્તિનો રાગ-સ્નેહ નહિ.

ત્યારે ભગવાન પર સ્નેહ કરીએ એ નિઃસ્વાર્થ કરીએ, 'પ્રભુ સર્વોચ્ચ પરમ પુરુષ છે, ને પ્રભુનું આલંબન તારણહાર છે.' માટે પ્રભુ પર સ્નેહ કરીએ, એટલે એ સ્નેહ એના જોરદાર સંસ્કાર ઊભા કરે છે. તેથી જ પરભવે એ સ્નેહ ચાલી આવે છે.

ત્યારે અહીં ખૂબ પ્રયત્ન કરીને પ્રભુ પર નિઃસ્વાર્થ સ્નેહ કર્યે જઇએ એ પરભવે સાથે ચાલે પછી જોઇએ શું ?

વાત આ હતી કે ધર્મ કરવામાં જેમ એક લક્ષ્ય જિનાજ્ઞા-પાલન રાખી શકાય, એમ એક લક્ષ્ય પ્રભુને વહાલા કરવાનું રાખી શકાય. એ રાખ્યું હોય પછી જેમ જિનાજ્ઞારાધનાના લક્ષ્યવાળાને કોઇ પૂછે 'કેમ ધર્મ કરો છો ? કેમ દાન દો છો ? કેમ વ્રત-નિયમ આદરો છો ?' તો એ કહે કે, 'આ જનમમાં જિનાજ્ઞાપાલન જેટલું થઇ જાય એટલી જનમની સફળતા છે, જેટલું જિનવચન આરાધી જવાય એટલું આરાધી લેવું છે,' એમ આ લક્ષ્યવાળાને કોઇ પૂછે 'કેમ ધર્મ કરો છો ? કેમ દાન-શીલ-તપ આરાધો છો ?' તો કહે કે 'પ્રભુને વહાલા કરવા છે માટે.'

પ્ર.-પ્રભુને વહાલા કરવા માટે ધર્મ કરવાની શી જરૂર !

ઉ.-ધર્મની જરૂર આ, કે

**ધર્મ કરવામાં કશું અળખામણું કરવું પડે છે, એ કરીએ તો જ પ્રભુ વહાલા થાય. પ્રીતિ અનંતી પર થકી, જે ત્રોડે તે જોડે એહ.**

દેવચંદ્રજી કવિ કહે છે, 'ઋષભ જિણંદશું પ્રીતડી કિમ કીજે હો કરો ચતુર વિચાર, અર્થાત્ 'ભગવાનની સાથે પ્રીત કેવી રીતે કરવી એનો હે ચતુર નર ! વિચાર કરો,' ત્યાં અંતે આ કહ્યું કે, 'પર વસ્તુ સાથેની અનંત પ્રીત તોડે તે જ પ્રભુ સાથે પ્રીત જોડી શકે.'

દા.ત. દાન ધર્મ કરવો છે, તો પૈસા ઉપરની પ્રીત છોડીએ, પૈસાને અળખામણા કરીએ, તો જ સાચો દાન ધર્મ થાય, ને પૈસા અળખામણા કરીએ એટલે પ્રભુ વહાલા થાય. પ્રભુને વહાલા કરવા છે તો પૈસા અણગમતા કરવા પડે, એનો ત્યાગ અર્થાત્ દાન કરવાનું. દાન કર્યું ? તો કે પ્રભુને વહાલા કરવા દાન ધર્મનું લક્ષ્ય પ્રભુને વહાલા કરવાનું.

એમ શીલધર્મનું લક્ષ્ય પ્રભુને વહાલા કરવાનું કેમકે શીલધર્મમાં વિષય સુખને અળખામણું કરવું પડે, દુરાચારનું સુખ અણગમતું કરાય, તો જ સદાચાર પળે. સ્ત્રી સંગનું સુખ જતું કરાય તો જ બ્રહ્મચર્ય સેવાય ને પળાય. આ સુખના

વિષય સાથે સંબંધ તોડો, તો પ્રભુ સાથે સંબંધ જોડાય. પ્રભુને વહાલા કરવા છે, ને દુન્યવી સુખના વિષયો પણ એટલા જ વહાલા કરવા છે, તો ખરેખર તો વિષયો જ વહાલા થશે કેમકે એ અનાદિના વહાલા છે, પણ પ્રભુ ખરેખર તો વહાલા નહિ થઇ શકે. આ બતાવે છે કે,

**પ્રભુને વહાલા કરવાનું લક્ષ્ય હોય તો એ સિદ્ધ કરવા માટે ધર્મ અને ધર્મનાં કષ્ટ વધાવી લેવા જોઇએ.**

વિચારો સુલસા શ્રાવિકાએ વિદ્યાધર અંબડ પરિવ્રાજકે ઊભા કરેલા બ્રહ્મા-*વિષ્ણુ-મહેશના જીવંત જાગ્રત સાક્ષાત્ રૂપ જોવા કેમ તત્પરતા ન કરી ?*

જીવનમાં કદાચ એકજ વાર મળે એવું સારું અલૌકિક જોવાનું મન ન થાય ? પરંતુ એવું જોવાનું અળખામણું કર્યું ! કારણ કોઇ ? આ જ કે સુલસાને વીર પ્રભુ વહાલા કરવા હતા. પ્રભુ વહાલા એમ ને એમ થાય ?

**જે તે કચરાપટ્ટી જોવાનું વહાલું કરાય, તો શું પ્રભુ વહાલા થઇ શકે ? ના, એ જોવાનું અણગમતું કરો તો જ પ્રભુ ગમતા થાય.**

સમ્યગ્દર્શનનો ધર્મ કરવો છે, તો એમાં મિથ્યાદર્શનની વાતોને અણગમતી કરવાનું સમાયેલું જ હોય.

**ધર્મ કરવામાં કશું અણગમતું કરવું જ પડે છે.**

**તપ કરવો છે તો ખાવાનું અણગમતું કરવું જ પડે, તો જ તપ ગમતો થાય.**

સાધુસેવા-ગુરુસેવા કરવી છે, તો હાડકા હરામ કરવાનું અણગમતું કરવું જ પડે, ને તો જ સેવા ગમતી થાય. એ થાય એટલા પ્રમાણમાં પ્રભુ વહાલા થયા. કેમકે સેવા એ પ્રભુનો માર્ગ છે, પ્રભુનો આદેશ છે.

દુનિયામાં ય દેખાય છે કે કોઇને વહાલા કરવા હોય તો એની ખાતર ભોગ આપવો પડે છે. ભાઇ પોતાના ભાઇની ખાતર વારે ને વારે ભોગ આપતો હોય, તો ભાઇને ભાઇ વહાલો લાગે છે. એમ એવું પણ છે કે ભાઇ આપણને ખરેખર વહાલો લાગતો હોય તો આપણને એની ખાતર ભોગ આપવાનું મન થાય જ છે. પત્ની ને પતિ વહાલો લાગે છે તો પતિ ખાતર કેટલો બધો ભોગ આપે છે ? પત્નીને પોતાની અમુક વસ્તુ ગમે છે પણ પતિને એ વસ્તુ નથી ગમતી, પતિ એ

નથી ખાતો, તો પત્ની એ વસ્તુ છોડી દે છે. પતિ ખાતર એ વસ્તુના આનંદનો ભોગ આપી દે છે, ને તેમ કરીને મનને આનંદ માને છે કે ચાલો પતિ માટે મારામાં આ સાચી લાગણી કરી શકાઇ.' સુશીલ સદ્ગુણી પત્નીની આ વાત છે. કુશીલ હોય. દુર્ગુણી હોય, સ્વાર્થાંધ હોય, એને એવી કોઇ પરવા ન હોય કે 'પતિ આ સારી વસ્તુ નથી ખાતા તો મારે ન ખાવી જોઇએ. પતિ બહુ કામકાજમાં રાતના ઉજાગરા કરતા હોય તો મારે બહુ નિદ્રા આરામી ન કરાય.' આવો અવગુણી સ્ત્રીને માથા પર ભાર જ નથી હોતો. બાકી સુશીલ સદ્ગુણી પત્ની તો પતિના અણગમતાને અણગમતું, ને પતિને ગમતા ને ગમતું કરનારી હોય, પછી ભલેને એ પોતાને પહેલાં અણગમતું હોય. આમ પોતાના ગમતાનો ભોગ આપવાનું કરીને એ જાતને કૃતાર્થ માને છે કે 'ચાલો મેં પતિ પર ખરેખરો પ્રેમ બજાવ્યો !'

બસ, આ રીતે જો આપણે પ્રભુની ખાતર એટલે કે પ્રભુનો આદેશ છે માટે ગમતું છોડીએ અણગમતું વધાવીએ, તેમજ ધર્મનાં કષ્ટ ઉપાડીએ, તો પ્રભુ પર વહાલ કર્યાનો સંતોષ મળે છે. એ ઇષ્ટનો ભોગ આપીને કે એ કષ્ટ ઉપાડીને મનને થશે કે 'ચાલો, આમાં પ્રભુ પ્રત્યે ખરેખર વહાલ સચવાય છે, વહાલ ઉભરાય છે.'

**નળના વિરહમાં દમયંતીનો ત્યાગ :-**

દમયંતીને જંગલમાં નળરાજાએ અડધી રાતે એકલી ઊંઘતી મૂકી ચાલી જવાનું કર્યું. પછી દમયંતીએ જાગીને જ્યાં જોયું કે પતિ છોડીને ચાલી ગયેલ છે, ત્યાં એને આઘાત લાગ્યો કે 'અરે ! મને પિયેર મોકલવા આ પ્રપંચ ? મેં તો પહેલેથી કહ્યું જ હતું કે મને પિયેર જવામાં કશો આનંદ નથી, પણ સાથે રહેવામાં જ ભરપૂર આનંદ છે. કેમકે એવાં જંગલમાં રખડવામાં કષ્ટ પણ એમનો સહયોગ રહેવાથી એમના પર પ્રેમ વધારનારા બને છે. તો અરેરે ! હવે આ શી આપદા આવી ?'

આમ મનને આઘાત લાગ્યો, અને હવે જ્યારે પિયેરના રસ્તે પતિ વગર ચાલવું જ પડશે તો શીલની રક્ષા થાય એ માટે એણે પતિનો મેળાપ ન થાય ત્યાં સુધીના માટે આ ચાર અભિગ્રહ (નિયમ) કર્યા,-

(૧) છ વિગઇઓનો ત્યાગ,

(૨) રંગીન વસ્ત્ર પહેરવું નહિ,

(૩) પથારીમાં સૂવું નહિ, અને

(૪) શરીર શૃંગાર સજવા નહિ.

પતિની હાજરી ન હોય અને આ છ વિગઇ વાપરવામાં આવે તો શ્રૃંગાર વગેરે સજવામાં આવે તો ચિત્તમાં વાસના જાગવાનો સંભવ છે, ને એ જાગે ને પતિ છે નહિ, તો મન અયોગ્ય રસ્તે ચડી જાય, માટે સારું આ જ છે કે 'એ વાસનોત્તેજક વસ્તુઓનો ઉપયોગ જ નહિ કરવો.'

આ હિસાબ ઉપર દમયંતીએ આ ચાર મહાત્યાગ કર્યા.

સવાલ એ છે કે મહાસતી દમયંતીએ આ પ્રતિજ્ઞા કર્યા પછી વરસો સુધી એને પાળ્યા, એમાં એને કષ્ટ ન લાગ્યા ? ચાર ત્યાગ પાળવાનું કષ્ટમય ન લાગ્યું ?

જવાબ એ છે કે ભલેને કદાચ કષ્ટરૂપ લાગે તેવું હોય છતાં એ કષ્ટ વેઠવાથી પતિ ઉપરનો પ્રેમ વધે છે. કોની ખાતર ત્યાગ ? પતિની ખાતર. પતિ સિવાય બીજા પુરુષમાં મન જવા દેવું નથી, તેમજ પતિ જંગલમાં રખડવામાં ભરચક છ વિગઇઓ, સુંવાળી શય્યા, વગેરેની લહેર ન ભોગવે, અને કષ્ટ વેઠે, ને હું લહેર ભોગવું ? ના, હરગીજ નહિ.'

આ હિસાબ હતો એટલે પછી ત્યાં ત્યાગનાં કષ્ટની ગભરામણ ન હોય, પરંતુ ઊલટું પતિ પર લાગણી વધુ રહે, વહાલ વધુ થાય.

સાચું વહાલ શું ચીજ છે ? લાગણી.

છોકરાને બાપે ખોટી રીતે ધમધમાવ્યો હોય અને છોકરો રીસમાં ચડી શીરો ન ખાતો હોય, તો માતા શું કરે છે ? એને દીકરા પર વહાલ છે એટલે આવી લાગણી છે કે એને એમ થાય છે કે 'હાય ! હાય ! મારો બાબો શીરો ખાવાનો જતો કરે છે, ને હું શીરો ખાઉં ?' આમ શીરો ન ખાઇને દીકરા પરની લાગણી દીકરા પરનું વહાલ મજબૂત કરી રહી છે.

એમ આપણે ધર્મનાં કષ્ટ ઉપાડીએ એમાં એ વિચાર હોય કે 'મારા મહાવીર પ્રભુએ ધર્મનાં ભયંકર કષ્ટ ઉપાડેલા, તો હું થોડા પણ કષ્ટ ન ઉપાડું, ને શું હું રંગરાગની લહેર કરું ? ના, હું પણ સહર્ષ કષ્ટ ઉપાડું.' આ શું કર્યું પ્રભુ પર લાગણી ઉભરાવી, પ્રભુ પર વહાલ વધાર્યું, દ્રઢ કર્યું.

**પ્રભુ પરની લાગણી ખાતર ધર્મકષ્ટ વધાવી લેવામાં લાગણી દ્રઢ બને છે.**

**માટે ધર્મકષ્ટ કેમ ઉઠાવવાના ? તો કે પ્રભુ પર લાગણી વહાલ દ્રઢ કરવા સારુ.**

આમ, સમજાશે કે ધર્મકષ્ટ શા માટે ઉઠાવવાના ? શા માટે વધાવી લેવાના ? તો કે પ્રભુ પર વહાલ લાગણી દ્રઢ થાય એ માટે. ધર્મસાધનાનું લક્ષ્ય અરિહંત પ્રભુ પર વહાલ વધારવાનું દ્રઢ કરવાનું રહે. મારા વહાલા વીર પ્રભુએ ઉત્કૃષ્ટ ભોગ આપ્યા મારા પ્રભુએ સર્વોચ્ચ કક્ષાની કાયોત્સર્ગ અને અસદ્ વિકલ્પ નિગ્રહ યુક્ત ધ્યાન વગેરે ધર્મસાધનાઓ કરી, અને ઉત્તમ ક્ષમાદિ ગુણ જ અપનાવ્યા ! ને હું કષ્ટથી ભાગું ? કશો ભોગ આપવાની વાત નહિ ? થોડી પણ ધર્મસાધના નહિ ? અને સામાન્ય કક્ષાના પણ ક્ષમા-નમ્રતા-નિસ્પૃહતાદિ ગુણની પરવા જ નહિ તો મેં પ્રભુ પ્રત્યે શી લાગણી ધરી ? પ્રભુ પર શું વહાલ રાખ્યું ? પ્રભુએ એટલા બધા દુઃખદ કષ્ટસહનાદિ કર્યા, ને હું જીવનમાં આનંદ-મંગલ, એશઆરામી, સુખશીલતા, સ્વાર્થ માયા અને ક્રોધાદિ દોષોને મહલાવું, તો મેં પ્રભુ પર વહાલ શું રાખ્યું ?

આ વિચાર પ્રભુની લાગણીના ઘરનો છે, એ વિચાર પર જે ધર્મકષ્ટ ઉઠાવાય, તન-મન-ધનનો ભોગ અપાય, દેવદર્શનાદિ ધર્મસાધના થાય, અને ક્ષમા-નમ્રતાદિ ગુણનો ખપ કરાય, એમાં પ્રભુ પ્રત્યે લાગણી વહાલ દ્રઢ થાય છે, એટલે એ કષ્ટ-સહનાદિનું લક્ષ્ય શું ? તો કે પ્રભુ પર લાગણી-વહાલ દ્રઢ કરવું એ લક્ષ્ય કહેવાય.

અરિહંત પરમાત્મા પ્રત્યેના વહાલને શું સમજો છો ? એ વહાલમાં અર્હદ્-વાત્સલ્ય રહેલું છે, ને એ વાત્સલ્ય તીર્થંકર નામકર્મનો એક અવ્વલ કોટિનો ઉપાય છે. મારે દિલમાં અરિહંત પ્રભુ પ્રત્યે વહાલ વધારવું છે, તેથી જો પ્રભુએ ધર્મકષ્ટ વધાવ્યા, ને ધર્મના કષ્ટ ઉપાડું નહિ તો મને પ્રભુ પ્રત્યે વહાલ શું ? એમ જો પ્રભુએ કેઇ વાતના ભોગ આપ્યા, ને હું ભોગ ન આપું, તો પ્રભુ પ્રત્યે મારામાં ખરેખરું વહાલ શું ?

**ધર્મકષ્ટ સહતાં ને ધર્મ ખાતર ભોગ આપતાં આમ પ્રભુ પર વહાલનો ઉદ્દેશ અત્યંત પુષ્ટ થવાથી તીર્થંકરનામકર્મ સુધીની પુણ્યાઇ સર્જે છે.**

**ધર્મ-કષ્ટમાં પ્રભુ પર વહાલનું બીજું કારણ :-**

જો પ્રભુ પ્રત્યે વહાલ છે, લાગણી છે, તો પ્રભુએ ધર્મ ખાતર ભારે કષ્ટ ઉપાડ્યા ને ભારે ત્યાગ કર્યા, ને આપણે થોડા પણ કષ્ટ અને ત્યાગ ન ઉપાડીએ ? ધર્મકષ્ટ ઉપાડવા પાછળ આ એક દ્રષ્ટિ છે.

બીજી દ્રષ્ટિ એ છે જો ધર્મના કષ્ટ નથી ગમતા, તો એનો અર્થ જ એ છે કે

સહેલ સપાટી જ ગમે છે. દા.ત. ઉપવાસ-એકાસણું નથી ગમતું તો ખાઉં ખાઉં જ ગમે છે. દાન નથી ગમતું તો પૈસાનો સંગ્રહ પરિગ્રહ ગમે છે. શીલ, વ્રત નિયમ નથી ગમતાં ઇન્દ્રિયોના વિષયો જ ગમે છે...વગેરે વગેરે. એમ જો આહાર-વિષય-પરિગ્રહ એટલા બધા વહાલા લાગે છે ! કે એ મૂકીને પ્રભુને વહાલા કરવાનું પરવડતું નથી. આનો અર્થ શો ?

આ જ કે પ્રભુ ! તમે મને વહાલા, પરંતુ તમારા કરતાં મારા પૈસા-પત્ની-પરિવાર અને વિષયો વધારે વહાલા, એટલે તમારી ખાતર એ પૈસા વગેરેને જતા કરી દાનાદિ ધર્મ કરવાનું મારે નહિ બને. જરૂર પડ્યે એ બધાની સેવામાં તમારો ઉપયોગ કરી લઇશ અથવા તમને જતા કરીશ.' આવો જ ગર્ભિત અર્થ નીકળે. એટલે જ દેખાય છે કે પૈસા જોઇએ છે માટે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુને ભજાય છે, પરંતુ પ્રભુની ઊંચી ભક્તિ જોઇએ છે માટે પ્રભુસેવામાં ગમે તેટલા પૈસા ક્યાં લગાવાય છે ?

**પ્રભુ વહાલા ન થવા દેનારું પૈસાનું જે વહાલ છે તે તોડવા દાન-ધર્મ ક્યાં છે ?**

એટલે કોઇ પૂછે 'દાન કેમ દો છો ?' તો ઝટ આ જવાબ નથી દેવાતો કે 'શું કરું ? આ પૈસાનું વહાલ પ્રભુ પર એટલું વહાલ નથી થવા દેતું. તેથી દાન દઉં તો પૈસાનું વહાલ ઓછું થાય તો પ્રભુ સારા વહાલા લાગે, આવો જવાબ કેમ નથી આવડતો ? ખબર નથી કે

**નિઃસ્વાર્થપણે પ્રભુ વહાલા કરવા હોય તો પૈસા વગેરેને થોડા અકારા કરવા પડે, ને એ દાનાદિ ધર્મ-કષ્ટ ઉઠાવવાથી થાય.**

ઉઘાડો હિસાબ છે,

અનંત અનંત કાળથી કાયા-કંચન-કુટુંબને વહાલા કરતા આવ્યા છીએ, તેથી પ્રભુ પર નિઃસ્વાર્થ વહાલ નથી થતું. એ કાયાદિ પર વહાલ પ્રેમ કેમ દબે ?

તપ એ કાયાનો પ્રેમ દબાવે છે.

દાન એ કંચનનો પ્રેમ દબાવે છે.

શીલ એ કુટુંબ સાથે વિષયોના રંગરાગ ઉડાવવાની લગન ઘટાડે છે.

**તપ આદિ કષ્ટથી કાયાદિનો પ્રેમ દબાય એટલે પ્રભુ પ્રત્યે પ્રેમ ખૂલે.**

રાજા શ્રેણિકને વીર પ્રભુ પ્રત્યે એવો પ્રેમ ખૂલેલો હતો એટલે જ્યાં પોતે

અભયકુમારને રાજયભાર સંભાળી લેવા કહે છે, ને ત્યાં અભયકુમાર ચારિત્ર લઇ પ્રભુની સેવામાં જવાનું કહે છે તો શ્રેણિક એની વાત વધાવી લે છે ! જો શ્રેણિકને પ્રભુ કરતાં પોતાની કાયા પર વધુ વહાલ હોત તો કહી દેત કે 'ઊભો રહે, મારી સેવા કરવાનું મૂકી પ્રભુની સેવા કરવા જવું છે ? માબાપના ઉપકારના બદલામાં માબાપને રખડતા કરવાના ? એમ માબાપની આંતરડી કકળાવીને પ્રભુની સેવા કરવા જવાનું ?'...એવા કોઇ બોલ કાઢત.

પણ ના, શ્રેણિક સમજે છે કે,

**મારી જાત કરતાં પ્રભુ પર વધુ વહાલ રાખવું હોય તો જાતની સેવાને બદલે પ્રભુની સેવા કરવા પુત્રને જવા દેવો જોઇએ.**

શ્રેણિક કેવી કટોકટીમાં લાયક પુત્ર અભયને દીક્ષા લેવા દે છે ! પોતાને નિવૃત્તિ લેવી છે, ને જો અભય રાજ્યભાર સંભાળી લે તો જ શાંતિ રહે એવું એ સમજે છે. માટે અભયને રાજ્ય સંભાળી લેવા કહ્યું પરંતુ કોણિકને એમ ન કહ્યું. ને અભયની દીક્ષા પછી કટોકટી સર્જાય છે, કોણિક પ્રપંચ કરીને પિતા શ્રેણિકને જેલમાં નાખી રાજ્યગાદી પર ચડી બેસે છે. આમ બનવા છતાં શ્રેણિકને જેલમાં એ સંતાપ નથી થતો કે 'આ અભયકુમારે દીક્ષા ક્યાં લીધી ને મારે જેલવાસ તથા કોરડા ખાવાના આવ્યા ? આવો સંતાપ નથી થતો, પણ ઊલટું દીક્ષા લેનાર અભય આદિની અનુમોદના કરે છે-

**જેલમાં શ્રેણિકની દીક્ષાની અનુમોદના :-**

'ધન્ય છે તે અભયકુમાર આદિને કે જેમણે પ્રભુએ કહેલી દીક્ષા લીધી તો સંસારની માયાજાળમાંથી બચી ગયા ! હું હીનભાગી, મેં પ્રભુએ કહેલી દીક્ષા લીધી નહિ, તો આ દિવસ જોવાના આવ્યા ! પ્રભુ ! તમને લાખ લાખ ધન્યવાદ કે આવો સુંદર દીક્ષા પંથ બતાવ્યો. જેલવાસ અને કોરડા ઝીકાય છે છતાં રાજા શ્રેણિકને અભયકુમાર માટે એમ નથી થતું કે 'આણે દીક્ષા લીધી તો આ મારે કોણિકના હાથે માર ખાવાના દહાડા આવ્યા !' કે પ્રભુ માટે ય એવો વિચાર નથી આવતો કે 'આ પ્રભુ તો જ્ઞાની હતા એમણે તો જોયું હશે કે અભયકુમાર દીક્ષા લેશે એટલે જે કોણિકને ફાવટ આવશે અને બાપની બૂરી વલે કરવાની છે. પ્રભુ તો આવું જાણતા *જ હશે તો પછી એમણે શું જોઇને અભયકુમારને દીક્ષા આપી ?' શ્રેણિકને આવા* કોઇ મુફલિસ વિચાર હલ્કા વિચાર નથી આવતા એનું શું કારણ ?

કહો, શ્રેણિકને પ્રભુ પ્રત્યે વહાલ હતું તેથી પ્રભુએ બતાવેલ કર્મ-સિદ્ધાન્ત નજર સામે રમે છે કે 'આપણું સારું-નરસું આપણા પોતાના કર્મથી જ થાય છે બીજા તો માત્ર કુહાડાના હાથા જેવા નિમિત્ત માત્ર બની જાય છે. આ માન્ય હોય પછી શું કામ કોણિક પર દ્રષ્ટિ લઇ જાય કે આણે મોંકાણ સર્જી ? કે શું કામ અભયકુમાર પર દ્રષ્ટિ લઇ જાય કે ક્યાં આણે દીક્ષા લીધી ને મારે આ દિવસ જોવાના આવ્યા ?

શ્રેણિક પ્રભુ પરના વહાલથી એમ પણ વિચારતા હશે કે 'મારા પ્રભુએ કહ્યા મુજબ આ જેલના કષ્ટમાં મારા અશુભ કર્મના કચરા સાફ થઇ રહ્યા છે, તો એમાં રોવાનું શું હોય ? ખુશી જ થવાનું. વળી કષ્ટ સહવાના છે એ વધાવી લઇ શાંતિથી સહન કરવામાં કાયાને અણગમતું વધાવી લેવાય છે, એમાં કાયા પરના વહાલ કપાઇ મારા પ્રભુ પર વહાલ વધે છે. માટે પ્રભુ પર વહાલ વધે એ માટે પણ કાયકષ્ટ સહી લેવા જ જોઇએ. મારા પ્રભુએ પોતે જ કષ્ટ ક્યાં ઓછા વધાવી લીધા છે ?

સારાંશ, ધર્મસાધના કરીએ, ધર્મકષ્ટ ઉઠાવીએ, ધર્મખાતર તન-મન-ધનનો ભોગ આપીએ, એમાં ઉદ્દેશ લક્ષ્ય પ્રભુ પર વહાલ વધારવાનું રખાય. કાયા-કંચન-કુટુંબ અને વિષયો પર કષ્ટ વધાવી લઇ એના પરના વહાલ ઓછા ન કરું, તો પ્રભુ પર ખરેખરું વહાલ નહિ ઉભરાય. એ કષ્ટ સહું, તો પ્રભુ પર વહાલ વધે.

**ધર્મસાધનામાં કે કષ્ટ સહવામાં આ બીજો ઉદ્દેશઃ પ્રભુ પર વહાલ વધે.**

### ધર્મસાધનાનું ૩ જું લક્ષ્યઃ કર્મક્ષય

ધર્મસાધના કરવામાં ત્રીજો ઉદેશ ત્રીજું લક્ષ્ય આ રાખવાનું છે કે 'ધર્મસાધના કરવામાં આપણાં કર્મોનો નાશ થતો આવે.' કોઇપણ ધર્મ સાધવાનો આવ્યો ત્યાં એકજ લક્ષ્ય કે 'પાપકાર્યો કરી કરીને મેં કર્મ ઘણા ઘણા બાંધ્યા છે, હવે મારે ધર્મ કરીને કર્મોનો ક્ષય કરવો છે, માટે આ ધર્મ કરું છું.

કેમ દેવદર્શન ચાલ્યા ? તો કે 'પાપકર્મોનો ક્ષય કરવા.' કેમ નવકાર યાદ કરો છો ? તો કે 'પાપકર્મોને તોડવા માટે.' કેમ દાન દીધું ? ત્યાં એજ ઉત્તર કે 'કર્મ ખપાવવા છે માટે.'

કર્મક્ષયનું લક્ષ્ય એટલું બધું મહાન છે કે એ જો શ્વાસોચ્છ્વાસમાં વણાઇ

જાય કે 'મારે આ જનમમાં કર્મબંધ નહિ, પણ કર્મક્ષય કરતા રહેવું છે,' તો કેટલીય ચિંતાઓ વ્યાકુલતાઓ અને કુવિકલ્પો અટકી જાય. એ શી રીતે ? એ આ રીતે કે-

ચિંતા, વ્યાકુળતા અને કુવિકલ્પો કેમ થાય છે ? જીવનમાં કાંઇ અણગમતું મન પર આવે એટલે એના અંગે મન આકુળ-વ્યાકુળ થાય છે, કેમ કરવું, શું કરવું, વગેરે ચિંતાઓ સળગે છે, ને એના પર મન કેઇ કુવિચારો-કુવિકલ્પો કરે છે. એ તો અહીં જીવનનો આ મુદ્રાલેખ નજર સામે રહે કે 'મારે તો યેનકેન કર્મક્ષય સાધવો છે. ને આ અણગમતું બનવામાં પાપકર્મનો ક્ષય જ થઇ રહ્યો છે, તો પછી મારે આકુળ-વ્યાકુળ શું થવાનું ? મારે તો પાપક્ષય મનગમતાં જ છે તો પછી પાપક્ષય કરાવનાર અનિષ્ટ અણગમતાને હટાવવા ચિંતા જ શા માટે કરું ?

**પાપક્ષયનું લક્ષ્ય દુઃખમાં અર્થાત્ પાપના ઉદય વખતે સિદ્ધ થતું આવે છે. પછી દુઃખમાં ખોટા વિચાર શા સારું કરવા ?**

મુનિઓને ઘાણીમાં પીલાવા જેવા કે ચામડી ઉતારવા જેવા મહાભયંકર દુઃખ આવ્યા, છતાં એમણે મન ન બગાડ્યું, ખરાબ વિચાર ન કર્યા, ઊલટું શુભભાવ શુભભાવના ચકાવી ! કેમ વારું ! એટલા જ માટે કે એમણે આ મહાકષ્ટમાં મહાકર્મક્ષય જોયો. આવો સુઅવસર વારે વારે ન મળે, એ જોયું-

''કર્મ ખપાવવાનો અવસર એહવો ફરી નહિ મળશે પ્રાણી રે.''

'આમ કર્મક્ષયનું લક્ષ્ય સુંદર સિદ્ધ થાય છે તો પછી દુઃખમાં પોક શી મૂકવી હતી ? ધન્ય અવસર જ માનવાનો.' આ હિસાબ રાખેલો. પરંતુ 'હાય ! મારે કેવો પાપનો ઉદય !' એમ દીનતા નહિ કરેલી. બોલો,

**દુઃખ વખતે પાપનો ઉદય માનવામાં ડહાપણ ? કે પાપનો ક્ષય માનવામાં ડહાપણ ?**

મહાપુરુષોના પગલે પગલે ચાલી એવા ભયંકર દુઃખ વખતે નહિ સહી, પરંતુ સામાન્ય સામાન્ય દુઃખમાં કષ્ટમાં શું આપણે 'કર્મ ખપાવવાનો અવસર એહવો ફરી નહિ મળશે પ્રાણી રે.' એમ ન વિચારી શકીએ ?

અવસર એહવો કેમ ? એટલા માટે કે દુઃખ તો ચારે ગતિમાં આવે છે. પરંતુ એની સાથે જિનશાસન મળ્યું હોય, ને શાસનની કર્મબંધ કર્મક્ષય અંગેની સમજ મળી હોય એવો અવસર મળવો દોહિલો, તે અહીં મળી ગયો. જિનશાસનની સમજ મળવાથી ચિત્તને અસ્વસ્થ આકુળ-વ્યાકુળ થવાની જરુર નહિ, કેમ કે

જૈનશાસનના કર્મ સિદ્ધાંતની આ સમજ છે કે "દુઃખમાં કર્મ ભોગવાઇને નષ્ટ થાય છે. તેથી દુઃખ એ કર્મક્ષયનું સાધન છે." બીજી વાત એ છે કે -

**કર્મક્ષયનું લક્ષ્ય છે એટલે કર્મબંધની ગભરામણ હોય. તેથી કર્મબંધના પ્રસંગમાં પણ કર્મક્ષય કેમ થાય એ દ્રષ્ટિ જાગતી રખાય.**

સુલસાના ધર્મસત્ત્વની પરીક્ષા કરવા હરિણૈગમેષી દેવતા મુનિનું રૂપ કરીને આવી સુલસાને 'લક્ષપાક તેલનો ખપ છે' એમ કહે છે. સુલસા રાજી રાજી થઇ ગઇ. દાસીને કહે છે 'કબાટમાંથી લક્ષપાક તેલનો સીસો લાવ.' દાસી સીસો કબાટમાંથી લેતાં જ દેવતા અદ્રશ્યપણે એના હાથ પર થપાડ લગાવી સીસો પડાવી નાખે છે. અહીં સુલસાને દાસી પર ગુસ્સો ન થાય ? પણ સુલસા જરાય ગુસ્સો નથી કરતી કેમ ? સુલસા સમજે છે, કે

**સુલસાની ધર્મ સમજ :-**

અહીં ગુસ્સો કરવાથી કર્મબંધ થાય. સીસો ફૂટયો એ અશુભ કર્મના ઉદયે. પરંતુ સીસો ફૂટવાથી એટલાં અશુભ કર્મ તૂટયાં, એટલું કર્મ ભોગવાઇ નષ્ટ થયું. કર્મક્ષય થયો, તો આ તો લાભમાં જ છે, માટે લાભની વેળાએ વ્યાકુળતા ગુસ્સો શો કરવો ? ઊલટું ગુસ્સાના પ્રસંગમાં ગુસ્સો અટકાવી ક્ષમા-સમતા રાખું તો વધુ કર્મક્ષય થાય છે. માટે મારે ક્ષમા-સમતા જ મુબારક હો.

શું કર્યું સુલસાએ ? દ્રષ્ટિ સમ્યક્ રાખી. દ્રષ્ટિ મિથ્યા હોત તો 'હેં ? મારી આવી સારી દાનની વસ્તુ ખલાસ કરી ?' એમ કહી દાસી પર ગુસ્સો ઉતારત, કર્મક્ષયને બદલે કર્મ-બંધ કરત.

માણસો દર્શન પૂજા કરે છે, પરંતુ ત્યાં કર્મક્ષયનું પાકું લક્ષ્ય નહિ એટલે, જો નથી ને દર્શન પૂજા વખતે કોઇક આડે આવી ઊભું, કે પૂજાની ચીજ વસ્તુ કોઇકે ઉપાડી, તો ગુસ્સો કરી નાખે છે. એ જોતો નથી કે 'હું પ્રભુનાં દર્શન પૂજન કરવા આવ્યો છું તે કર્મક્ષય કરવા માટે, તો પછી ગુસ્સો કરી કર્મબંધ કાં કરું ? મારે જો અંતરમાં દર્શન-પૂજનનો ભાવ છે. ભાવ પ્રમાણે ક્રિયા છે, તો પછી બહારના અંતરાયમાં એવી તે ખોટ શી કે હું આકુળ-વ્યાકુળ થાઉં ?' આમ,

**સાધનામાં કર્મક્ષયનું પાકું લક્ષ્ય નજર સામે રખાય, તો વિરુદ્ધ વર્તનાર પર ગુસ્સો અને કર્મબંધ નહિ થાય.**

**જીવન જીવતાં કર્મક્ષયનું પાકું લક્ષ્ય રખાય, તો મોટી આપદામાં પણ મનને આનંદ-મંગલ રહે, કેમ કે કર્મક્ષય થઇ રહ્યો છે.**

એટલે તો રામ-સીતા નળ-દમયંતી વગેરેને મહેલવાસ અટકી વનવાસની મોટી આપદા આવી ત્યાં એમણે મન આનંદ-મંગળમાં રાખ્યું, કેમકે કર્મક્ષયની મહાન કમાઇ ચાલુ થઇ ગઇ છે. એટલે જ ખેદ ન કર્યો કેમકે મનને નકામું વિખવાદમાં લઇ જવાથી જટિલ કર્મબંધ થાય, ને આપણે તો કર્મક્ષયના ચાહક છીએ, તો કર્મબંધ કેમ કરાય ? કર્મ બંધાવે એવા શોક વિખવાદ ગુસ્સો કેમ કરાય ? મોટી આપદામાં તો એ વેઠી લેવાથી મોટો કર્મક્ષય થાય છે પછી નારાજ શું થવું હતું ? કર્મક્ષયનું પાકું લક્ષ્ય આ ચિત્તસમાધિ ચિત્ત-સ્વસ્થતા આપે છે. ધર્મસાધનાના લક્ષ્ય તરીકે જેમ 'મારે યેન કેન કર્મક્ષય કરતા રહેવું છે.' એ ઉદ્દેશ રાખી શકાય, એમ

**(૪) ધર્મ સાધનાનું ૪થું લક્ષ્ય આહારાદિ સંજ્ઞા નિગ્રહ :-**

આહારાદિ સંજ્ઞાઓને જ્યારે ને ત્યારે મારે દબાવવાનું કચરવાનું કરવું છે. એવો ઉદ્દેશ પણ રાખી શકાય.

આ ઉદ્દેશ રાખવાનું કારણ આ જ કે આહારાદિ સંજ્ઞાઓથી સંસાર સલામત રહ્યો છે, તો હવે આ પાપ સંજ્ઞાઓને વેરવિખેર કરવામાં આવે તો જ સંસાર પણ વેરવિખેર થઇ જાય.

**૧૦ પાપ સંજ્ઞા**

| | | | |
|---|---|---|---|
| આહારસંજ્ઞા | ક્રોધસંજ્ઞા | લોભસંજ્ઞા | |
| વિષયસંજ્ઞા | માયાસંજ્ઞા | લોકસંજ્ઞા | આરામીસંજ્ઞા |
| પરિગ્રહસંજ્ઞા | માનસંજ્ઞા | ઓઘસંજ્ઞા | |

**તે તે ધર્મસાધનામાં જોવાનું કે આમાં આ દશ સંજ્ઞામાંથી કઇ સંજ્ઞા દબાય ?**

ને સાધના કરતાં તે દબાવવાનો ઉદ્દેશ રાખી રાજી થવાનું કે 'ચાલો, આ સંજ્ઞા દબાતી આવે છે.'

દા.ત. પરોપકાર કરવા મળ્યો, એ જો તનથી પરોપકાર હોય તો આરામી સુખશીલતા હરામ હાડકાની સંજ્ઞા દબાવવા અવસર છે માટે એ ઉદ્દેશ રખાય. પરોપકાર જો ધનથી હોય તો એમાં પરિગ્રહસંજ્ઞા-લોભસંજ્ઞાને દબાવવાનો અવસર

મળે છે. માટે ત્યાં એ ઉદ્દેશ રખાય.

કેમ પરોપકાર કરવા નીકળ્યા ?

તો કે 'ભાઇ ! એશઆરામીની સંજ્ઞા મને બહુ પજવે છે, તેને દબાવવી છે. કચરવી છે. શરીરે શ્રમ લઇ પરોપકાર કરું તો એ આરામીની સંજ્ઞા દબાય. એમ ધનથી પરોપકાર કરું તો મારી પાપી પરિગ્રહસંજ્ઞા દબાય.'

તપધર્મ સાધના હોઇએ તો આ ઉદ્દેશ રાખવાનો કે 'મારે આહાર-સંજ્ઞા દબાય.'

શીલ-વ્રત-નિયમ સાધતા હોઇએ એ એટલા માટે કે વિષય-સંજ્ઞા દબાય. વ્રત નિયમ નથી તો વિષયસંજ્ઞા બેફામ રીતે જીવને વિષયોમાં તાણી જાય છે, વ્રત નિયમ કર્યે જઉં એથી એટલા એના ત્યાજ્ય વિષયોમાં મન ન જાય જેમકે 'એઠાં મોંઢે ન બોલવું.' નિયમ કર્યો, ત્યાં ત્યાજ્ય વિષય જેમ તેમ એંઠા મોંઢે બોલવું તે. જીવને એની સંજ્ઞા રહે છે, તે નિયમથી દબાય.

એમ બ્રહ્મચર્ય-સદાચારનો નિયમ લઉં ને પાળું તે એટલા માટે કે બેફામ વિષયસંજ્ઞા-કામસંજ્ઞા કાબુમાં આવે, દબાય.

ક્ષમા એટલા માટે રાખું કે ક્રોધસંજ્ઞા દબાય. જીવને મોકો મળ્યો કે ક્રોધ, કરવાની વૃત્તિ રહે છે, આદત રહે, તેના પર કાપ પડે, એને દબાવવાનું થાય, એટલા માટે ક્ષમા રાખતો ફરું છું.

એમ, 'કેમ નમ્ર-લઘુ થઇને ફરો છો ?' તો કહેવાય કે માન-સંજ્ઞાની સતામણીથી બચવા માટે.

એમ, 'પ્રપંચીની સામે કેમ પ્રપંચ નથી કરતા ?' તો કે માયા સંજ્ઞાને કચરવા માટે.

એમ 'કેમ બજારમાં બહુ નથી ફરતા ? તો કે લોભ સંજ્ઞાને દબાવવા માટે.

એમ 'ધર્મ કર્યા કરો એમાં લોક ધરમઘેલા કહે છે તો શા સારું ધર્મનો આવો આગ્રહ રાખો છો ?' તો કહેવાય કે એટલા જ માટે કે લોકસંજ્ઞાને જીતાય, ભલે લોક એમ કહેતું. એની પરવા મૂકાય માટે ધર્મ કરું છું.

એમ ધર્મ ભગવાનની આજ્ઞા પાળવાની સમજપૂર્વક કરતા રહીયે તો ઓઘસંજ્ઞા દબાય. ઓઘસંજ્ઞામાં ધર્મ કરાય છે, પણ ગતાનુંગતિકતાથી કરાય છે. તત્ત્વ સમજવાની પરવા ન રહે એ ઓઘસંજ્ઞા છે. એને દબાવવા સમજપૂર્વક ધર્મની

આરાધના થાય.

ધર્મસાધનાના આ ઉદ્દેશ નજર સામે રહે એની સાથે અંશે અંશે પણ એ પાપસંજ્ઞા દબાવવા મળ્યાનો હરખ રહેવો જોઇએ. દા.ત. મનને એમ થાય કે 'વાહ કેવો મજેનો ઉપવાસ કરવા મળ્યો ! એનાથી 'ચાલો આજના દિવસ માટે તો આહાર-સંજ્ઞા સક્રિય બનતી અટકી ?' એમ વિચારી એનો આનંદ મનાય.

**ધર્મથી પાપસંજ્ઞા દબાવવા મળ્યાનો હરખ હરખ હોય તો જીવનમાં ધર્મ-સાધના ભરચક કરતા રહેવાય.**

**પાપસંજ્ઞાને કચરનાર ધર્મસાધના છે.**

'આહારાદિ પાપસંજ્ઞાઓ બહુ ખરાબ,' એટલું બોલવા માનવા માત્રથી એ સંજ્ઞા નહિ દબાય, કેમકે એમ માનવા છતાં મળ્યું ત્યારે ખાતા રહ્યા, પછી ભલે દિવસમાં દસ ટંક ! સહેજ ચાહ મળી તો પીધી, સહેજ સોપારી મળી તો ખાધી, તો એમાં કાંઇ આહારસંજ્ઞા દબાય નહિ. એ તો તપ કરીએ તો દબાય. 'મારે દિવસમાં પાંચ ટંકથી વધુ વાર ખાનપાન નહિ, માત્ર પાણીની ને જરૂરી કશું, ચાખવાની છૂટ, આવો નિયમ હોય તો આહારસંજ્ઞા કંઇક કચરાય, જીતાય. ધર્મ સાધતા રહો તો પાપસંજ્ઞાને અશે પણ દબાવવાનું મળે. કમમાં કમ ધર્મસાધતી વખતે તો આહારાદિસંજ્ઞા ખાસ અટકાવાય.

એમાં વળી પાપસંજ્ઞાને દબાવવાનું મળવા પર આનંદ આનંદ હોય તો એ દબાવનારી ધર્મ-સાધના શોધતા ફરાય, સાધનાનો મોકો મળતાં ઝટ એને ઝીલી લેવાય. આહારાદિ સંજ્ઞાઓ દબાવવાનો ઉદ્દેશ મજેનો ઉદ્દેશ છે. એ ઉદ્દેશ રાખવા જતાં ધર્મ કરવામાં બીજા જે મલિન ઉદ્દેશ રખાય છે તે નહિ રખાય. દા.ત. માન્યું કે 'દાન ધર્મ કરું તો માન મળે,' આમાં લોકમાં માન મેળવવાનો મલિન ઉદ્દેશ છે. હવે જો પરિગ્રહસંજ્ઞા દબાવવા માટે દાનધર્મ કરાય છે, તો એ દાન કરીને બીજી પાપસંજ્ઞાને પોષવાનું શું કામ કરે ? એ તો ઝટ જુએ કે માન મેળવવાની લાલસામાં લોભસંજ્ઞા પોષાય છે, જીતી જાય છે શું કામ. એવો અવળો ધંધો કરવો ?

**ધર્મ કરીને પાપસંજ્ઞા પોષવી એ અધર્મ છે, અવળો ધંધો છે.**

ધર્મ કરીએ કરીએ ને મનમાં માન મેળવવાનો લોભ રહે એટલે કે પાપસંજ્ઞા પોષી એ પાપસંજ્ઞાથી આપણે જ હારી જવાનું કરાય એ અવળો ધંધો નહિ તો બીજું શું છે ?

મહાવીર ભગવાનના જીવ વિશ્વભૂતિ મુનિએ એક હજાર વરસ સુધી તપધર્મની જોરદાર સાધના કરી, તે પણ પાપસંજ્ઞા પોષ્યા વિના શુદ્ધ નિરાશંસભાવે કરી. એથી તો એમનામાં લબ્ધિ ઊભી થઇ. પરંતુ અંતે બળનો લોભ કરી બળ મેળવવાનું નિયાણું કર્યું તો પાપિષ્ઠ લોભ-સંજ્ઞાથી કેવા હારી ગયા ? ઘોર તપ સંયમ સાધ્યા હતા એટલે નિયાણું ફળ્યું તો ખરું મહાબળવાન ત્રિપુષ્ઠ વાસુદેવ થયા ખરા, પરંતુ પૂર્વે પાપસંજ્ઞાએ ધર્મ ભાવનાને હરાવી નાખી હતી, એટલે અહીં ધર્મની લેશ્યા જ ન રહી, તે વિષય કષાયોની સંજ્ઞા જોર કરી ગઇ ને એમને સાતમી નરકે પટક્યા પછી પણ સંસારે ઘણું ભમાવ્યા.

**ધર્મ કરવો ને ધર્મથી પાપસંજ્ઞા પોષવી એ સંસારમાં ભટકવાનો ધંધો છે.**

અસલ તો ધર્મ શુદ્ધ આરાધાય, એમાં તો પાપસંજ્ઞા ન પોષાય, પરંતુ ધર્મ સિવાય સાંસારિક જીવનમાં પણ પાપસંજ્ઞા ન પોષવા પ્રયત્ન જોઇએ. એટલે ? દા.ત. ધર્મ કરતી વખતે તો રોફ ન મારીયે, ગુસ્સો ન કરીએ, પરંતુ બાકી જીવનમાં પણ ગર્વ-ગુસ્સાની સંજ્ઞાને વશ ન થવા પ્રયત્ન રહેવો જોઇએ.

ત્યારે આજે કેટલાકને ધર્મ કરતી વખતે પણ રોફ મારવા જોઇએ છે, ને ગુસ્સો કરવા જોઇએ છે ! કેમ જાણે ધર્મ આટલા જ માટે કરે છે કે બીજાઓ પર રોફ મારી શકાય, ગુસ્સો કરી શકાય ! એને કોણ કહે, ધર્મ કરીને પાપસંજ્ઞાનું પોષણ ?

**ધર્મ કરતી વખતે ગર્વ ગુસ્સો અટકાવવા ભાવના :-**

અરે ભલા આદમી ! મહા તારણહાર ધર્મ કરે છે ને સાથે પાપસંજ્ઞા પોષે છે ? ધર્મ કરીને તો ધર્મસંજ્ઞા પોષવી જોઇએ. બીજા પ્રત્યે ક્ષમાની બુદ્ધિ રખાય, નમ્રતા-લઘુતાની બુદ્ધિ રખાય, એ ધર્મસંજ્ઞાનું પોષણ છે. 'ધર્મ સાધના વખતે ધર્મસંજ્ઞાનું પોષણ નહિ કરે, તો શું પાપ સંસાર ચલાવતાં ધર્મસંજ્ઞા પોષીશ ?' આ વિચારાય તો ધર્મ કરતી વખતે ગર્વ કરી રોફ મારવાનું ન કરાય, આપણાને પ્રતિકૂળ વર્તનાર પ્રત્યે ગુસ્સો ન કરાય. ઉદ્દેશ જીવતો જાગતો રાખ્યો હોય કે 'મારે ધર્મસાધના કરીને ક્રોધાદિ પાપસંજ્ઞાનો જીતવી છે, પાપસંજ્ઞાને કચરવી-દબાવવી છે, તો કષાય શા માટે કરું ? એમ ધર્મ કરીને થોડું માન મેળવવાનો લોભ પણ શા માટે રાખું ? એમાં તો પાપી લોભસંજ્ઞાને ધર્મથી જ પોષાવાનું મળે !'

મહાન આત્માઓ મોટો ધર્મ કરીને પણ કેમ માનાકાંક્ષા નથી રાખતાં ?

આટલા જ માટે કે એ સમજે છે કે,

**આમે ય માન-લોભ વગેરેની સંજ્ઞા કચરવા જેવી છે, તો શું તારણહાર ધર્મ કરીને એ દુષ્ટ સંજ્ઞાને સક્રિય કરીને પોષવી ?**

ધર્મ કરીને લઘુતા-નિસ્પૃહતાની ધર્મસંજ્ઞા પોષાય, પણ ક્રોધ-માન-લોભની પાપસંજ્ઞા ન પોષાય,'' આ સમજ હોય પછી ધર્મથી માન-સન્માન મેળવવાનો લોભ શું કામ રાખે ? પાપી લોભસંજ્ઞા શું કામ પોષે ?

**(૪) ધર્મ-સાધનાનો 'પાપસંજ્ઞા રોકવાનો' ઉદ્દેશ મહાન છે, એમ**

**(૫) ધર્મસાધના કરવામાં ધર્મને મહત્ત્વ આપવાનો ઉદ્દેશ પણ મહાન છે.**

કોઇ પૂછે 'કેમ સંસારના કામ મૂકી ધર્મ કરો છો ?' તો કહેવાય કે જીવનમાં ધર્મને મહત્ત્વ આપવા માટે.

**ધર્મસંગ્રહ શાસ્ત્રે** કહ્યું-

શ્રાવક આજીવિકા અર્થે ધંધો કરવા ઘરેથી નીકળે ત્યારે નમસ્કારાદિ મંગળ કરીને નીકળે.

કેમ વારુ ?

એ મંગળ કરીને નીકળે એ તો પૈસા સારા મળે એટલા માટે નહિઃ પણ શાસ્ત્રે ત્યાં લખ્યું છે કે

**धर्मस्य पुरुषार्थ-प्रधानत्वात्**

અર્થાત્ શ્રાવક સમજે છે કે ધર્મ-પુરુષાર્થ એ ધર્મ, અર્થ, કામ, મોક્ષ, એ ચાર પુરુષાર્થમાં મુખ્ય હોવાથી. અર્થાત્

શ્રાવક જીવનમાં ધર્મ-પુરુષાર્થને જ મુખ્ય માનનારો હોવાથી દરેક વાતમાં ધર્મને આગળ કરે છે.

**બધે જ પ્રારંભે નવકાર કેમ ? ધર્મ પુરુષાર્થને મુખ્ય કરવા :-**

નમસ્કાર-મંગળ કરવું, અર્થાત્ પંચપરમેષ્ઠીને નમસ્કાર કરવો, અથવા નમસ્કાર સૂત્રના અક્ષર યાદ કરવા, એ ધર્મ છે, ધર્મ પુરુષાર્થ છે. શ્રાવક ધર્મપુરુષાર્થને મુખ્ય કરનારો હોવાથી સમજે છે કે આજીવિકાર્થે ધંધે જવું છે એ તો પુરુષાર્થ કહેવાય, પરંતુ એના મોખરે ધર્મ પુરુષાર્થને મૂકવો જોઇએ. ખાવા બેસીએ એ કામ પુરુષાર્થ છે, એના મોખરે ધર્મ પુરુષાર્થ મૂકવો જોઇએ. એટલા માટે જમતાં પહેલાં

નવકાર ગણી લેવાનો. ચોપડો લખવા બેસો એ અર્થ પુરુષાર્થ છે, એના મોખરે ધર્મ પુરુષાર્થ જોઇએ, એ માટે પહેલાં નવકાર-સ્મરણ કરી લેવાનું.

બસ, ધર્મ પુરુષાર્થ મુખ્ય છે, એ દિલમાં બરાબર લખાઇ જાય એટલે અર્થ કામના દરેક પુરુષાર્થના પ્રારંભે આ નમસ્કાર મંગલ આદિ ધર્મ-પુરુષાર્થને આચરે છે. જીવનમાં દુનિયાદારી અને મોજમજાહ ગૌણ થઇ જિનેશ્વર ભગવાનનો ધર્મ ને ધર્મ આરાધના મનને મુખ્ય થઇ જાય એ ધર્મસાધનાનો ઉદ્દેશ છે. કેમ દેવદર્શને ચાલ્યા ? કેમ ઉપવાસ કર્યો ? આ બધા ય સવાલનો એક જ જવાબ કે 'મનને જીવનમાં ધર્મ મુખ્ય બની જાય એટલા માટે.'

મનને ધર્મ મુખ્ય બનવાની બલિહારી છે. બાદશાહે સત્યવાદી વણિકને પૂછ્યું તમારી પાસે મૂડી કેટલી ?

વણિક કહે 'માત્ર ૧૦ હજાર રૂપિયાની.'

બાદશાહ કહે, 'આ તમારું સત્યવાદીપણું ? લોકો તો તમારી પાસે લાખો રૂપિયાની મૂડી કહે છે.'

વણિક કહે 'નામદાર ! માફ કરજો એ મૂડી મારી નહિ. આપે તો મને મારી મૂડી પૂછી તો હું હમણાં ધર્મ પામ્યો છે એટલે મારા આત્મામાં રૂપિયા માત્ર ૧૦ હજારના સુકૃતની મૂડી સ્થાપિત થયેલી છે. બાકીનું ધન તો તિજોરીની મુડી છે.'

એવું પૂછ્યું 'તમારી ઉંમર કેટલી ?'

વણિક કહે 'મારી ઉંમર માત્ર ૧ વરસની.'

'અરે ! ૫૦-૫૨ વરસની ઉંમરના તો નજરે દેખાઇ રહ્યા છો, ને ઉંમર ૧ વરસની ? કેવું હડહડતું જૂઠાણું ?'

વણિક કહે 'સાહેબા ! જે પૈસા ફોગટ પડી ગયા એ લેખામાં નથી લેવાતા, પૈસાનું રોકાણ મકાન-દાગીના-ફરનીચર વગેરેમાં થયું હોય એ જ ગણતરીમાં ગણાય છે કે 'મારે આટલી સંપત્તિ' એમ મારી એળે ગયેલી ફોગટ પડી ગયેલી ઉંમરને શું લેખામાં લેખી દાવો રાખું કે 'હું બાવન વરસની ઉંમરવાળો ?' છેલ્લા ૧ વરસથી સદ્‌ગુરુ પાસે ધર્મ પામી ધર્મ સાધનામાં રોકાયું હોવાથી મારી ઉંમર તરીકે ગણું, તો એક જ વરસ ગણાય એમ છે.

શું છે આ ? જીવનમાં ધર્મને મુખ્ય કર્યો હોવાથી મોકો આવ્યો ત્યાં ધર્મ પર જ દ્રષ્ટિ ગઇ.

**ઊંઘવા પડ્યા ત્યાં તીર્થયાત્રા-સ્મરણ :-**

ધર્મ મુખ્ય કરનારને તો જાગતાં ય પહેલો ધર્મ, ને ઊંઘતા પહેલાં ય છેલ્લે ધર્મ. ઊંઘવા પડ્યા ત્યાં દુનિયાદારીની ખટપટ મનપર ન લાવતાં જીવનમાં ફરસેલા જિનમંદિરો અને તીર્થોની ક્રમશ યાત્રા તથા એમાંના એકેક ભગવાનના ક્રમશઃ દર્શન અને 'નમો જિણાણં નમો જિણાણં' થી વંદન કરતા જવાય. એમાં વચમાં ક્યાંય ઊંઘ આવી જાય.

શા સારું આ કરવાનું ? જીવનમાં ધર્મ કરવા માટે. રસ્તામાં સ્નેહીએ બોલાવ્યા, પૂછ્યું 'કેમ છો ? ત્યાં કહેવાય 'દેવગુરુ કૃપાએ આનંદ છે' જવાબમાં દેવગુરુ કેમ લાવ્યા ? તો કે ધર્મને મુખ્ય કરવા માટે.

**વાતવાતમાં ધર્મને યાદ કરીએ, ધર્મને અગત્ય આપીએ, તો મનને ધર્મ મુખ્ય બની જાય.**

**આચરણ વિના ભાવ નહિ.**

એક રાતા પૈસાનું ય દાન નથી કરવું ને મનમાં ભાવના કરે કે પૈસા કોઇ ચીજ નથી, પૈસા મારણહાર છે, તો એ ભાવના કેવી ? મનનો એ ભાવ કેવો ? બનાવટી કે સાચો ? થોડા પણ દાનના આચરણ વિના પૈસાની કોથળી પેક બાંધી સાચવી રાખીને 'પૈસા મારણહાર' માનવાનો ભાવ શે જાગે ? મૂર્ચ્છાત્યાગનો ભાવ શે જાગે ? રાતના ઊંઘ આવી જાય ત્યાં સુધી આવા કોઇ તીર્થોનાં સ્મરણ આચર્યા વિના મગજમાં ભારોભાર સાંસારિક ખટપટ વિચારતા રહેવામાં હૈયે 'ધર્મ એ તારણહાર' ધર્મને તરણતારણ માનવાનો ભાવ શે આવે ?

માટે જો એમ બોલાય કે 'ધર્મક્રિયા તો બહુ કરી પણ સંસાર સુખના રાગ છે ત્યાં સુધી કલ્યાણ શે થાય ? સુખના રાગવાળી એ ક્રિયા તો ભવના ફેરા વધારનારી છે, માટે પહેલાં સુખનો રાગ છોડો.'

તો એનો અર્થ એ થાય કે 'હમણાં તો સુખનો રાગ છૂટે' એમ નથી તેથી ધર્મક્રિયા કરીને ભવના ફેરા વધારવા એના કરતાં તો ધર્મક્રિયા ન કરવી સારી, શું આ વાજબી છે ?

ધર્મક્રિયા મુકી દીધા પછી શું રહેવાનું ? પાપક્રિયા, એ ભવના ફેરા નહિ વધારે ? ધર્મક્રિયા જ ભવના ફેરા વધારશે ? આ ખોટું છે. માટે બોલવામાં વિવેક જોઇએ. નહિતર ભદ્રક શ્રોતા ઊંધું લઇ જાય.

આજે ધર્મક્રિયા કરનારા કેટલા ? જૈનો કેટલા અને એમાં જિનપૂજા-સામાયિક-પ્રતિક્રમણ-પોષધ કરનારા કેટલા ? પર્વતિથિ લીલોતરી-ત્યાગ, એકાસણ, બિયાસણ કરનારા કેટલા ? જાઓ ગામેગામ જઇ જુઓ મોટા આચાર્ય મહારાજ પણ પધાર્યા હોય છતાં પ્રતિક્રમણમાં કેટલા માણસ આવે છે ? ચૌદશે પૌષધ કેટલા કરે છે ? ફુરસદે સામાયિક કરવા ઉપાશ્રયે કેટલા આવે છે ?

પૂર્વે મોટા શ્રીમંતો પણ સમૃદ્ધિ સાથે ઉપાશ્રયે આવી સામાયિક કરતા. પૂજામાં બોલો છો ને ?

**'ગીત વાજિંત્ર રથ આગળ પાળા, પરશંસે ખટ દરશન વાળા,'**

આજે શ્રીમંતોને તો આવડતું નથી પણ મધ્યમ કે સામાન્ય સ્થિતિવાળાને ય ઉપાશ્રયે આવી સામાયિક કરવાનું આવડતું નથી.

ત્યાં સુખના રાગ ભૂંડા લાગ્યા છે ? ના, તો દેવદર્શન પણ ભવભ્રમણનું કારણ બનશે. આવી સલાહ શ્રોતાના મનમાં કયો ભાવ ઊભો કરશે ? આ જ કે 'ક્રિયા ક્રિયા શું કરો છો ? સુખનો રાગ ભૂંડો લગાડો. એ વિના તો ધર્મક્રિયા પણ દુર્ગતિમાં લઇ જશે,' આમ ધર્મક્રિયા પ્રત્યે સુસ્તી લાવી દેશે. ધર્મ-આચરણ વધારવાનું નહિ, પણ નાનપણમાં ધર્મ આચરણ કરતા હતા એ ય પડતા મૂકવાનું કરાય છે.

કાનજી મત શું કહે છે ? ધર્મ-આચરણ પર જરાય ભાર નહિ, ભાર માત્ર આત્મભાવ પર આપી રહેલ છે. ''ધર્મ-આચરણ તો વ્યવહાર છે. વ્યવહાર ધર્મથી કશું કલ્યાણ ન થાય. કલ્યાણ નિશ્ચય ધર્મથી થાય.' એમ કહે છે.

'બાહ્ય ધર્મક્રિયાથી મોક્ષ' થવાનું માનવું એ મિથ્યાત્વ છે, એમ કહે છે. નિશ્ચય નયે આ સાચું હોવા છતાં વ્યવહાર નયે અસત્ય છે, ને બાળ જીવોને ધર્મક્રિયા પ્રત્યે બેપરવા બનાવનાર હોવાથી પાપ દેશના છે. શાસ્ત્રો કહે છે, 'પરસ્થાન દેશના પાપ દેશના'. એમ સુખના રાગ ભૂંડો લાગ્યા વિના કરાતી ધર્મક્રિયા. દુર્ગતિમાં લઇ જનારી છે, એવો ઉપદેશ ધર્મક્રિયા વિનાના બાળજીવોને ધર્મક્રિયા પ્રત્યે દુર્લક્ષ કરાવનાર હોવાથી પાપદેશનારૂપ છે. જેના જીવનમાં ધર્મનું આચરણ નથી, અને રસપૂર્વક સાંસારિક પ્રવૃત્તિ ભરચક છે, એ 'સુખનો રાગ ભૂંડો 'સુખનો રાગ ભૂંડો' એમ રટ્યા કરે, એના દિલમાં ભાવ કયા ચાલવાના ?

**આચરણ વિનાનો ભાવ બનાવટી :-**

આજના ખુશમિશાલ કરાતા ભરચક પાપાચરણના જમાનામાં ધર્મ-આચરણ પર ભાર ન મુકીએ, અને ભાવ પર ભાર મુકીએ, તો બાળજીવોને ફાવતું જડી જાય કે 'ચાલો, ભાવ શુદ્ધ બનાવો તો જ તરી શકાશે. ભાવ વિના દહેરાની દાબડી ફેરવી, કે ચરવળા મુહપત્તિ ફેરવી, એથી શું કલ્યાણ થવાનું હતું ? પણ આમને ખબર નથી કે જીવ જેટલો ધર્મ આચરણમાં આવશે, જેટલો ધર્મ-ક્રિયામાં બેસશે, એટલો જડનો સંપર્ક અને સંસારસુખનો સંપર્ક ઓછો રહેશે, ને એટલો એ આત્માની નિકટ રહેશે. આમ થાય તો જ આત્મભાવ અંશે પણ પ્રગટવાનું થાય, સુખનો રાગ અંશે પણ મૂકવાનું થાય. બાકી તો કશા ધર્મ-આચરણ વિના જો જડના પથારામાં જ આળોટતો રહે, તો ત્યાં આત્મભાવ અંશે પણ શે આવે ? સાંસારિક સુખની પ્રવૃત્તિઓમાં પલોટાયેલો રહે, ત્યાં સુખનો રાગ શે ઊડે ? શે ભૂંડો લાગે ?

**થોડા પણ સંસારસુખની પ્રવૃત્તિ છોડી ધર્મ પ્રવૃત્તિમાં લાગ્યા વિના સુખનો રાગ છોડવો સહેલો નથી,**

**અરે ! રાગ ભૂંડો માનવાનું ય સહેલું નથી.**

આઠમ-ચૌદશ બેસણું પણ નથી કરવું, ને ઘી-કેળાની નાસ્તાપાણી ઉડાવવા છે ત્યાં સંસારસુખ ભૂંડું લાગવાનું ? પાંચ તિથિ ય બ્રહ્મચર્ય પાળવું નથી, મહિનાના ત્રીસે દિવસ વિષયસુખ ભોગવવા છે, એને સુખ ભુંડું લાગવાનું ? કે મીઠું ધરાખ ?

એ તો પાંચ તિથિ કે બે ચૌદશ પણ સંસાર સુખની પ્રવૃત્તિ છોડી ધર્મચરણ કરે એને દિલમાં કહેવાય કે સુખ ભુડું લાગ્યું છે. માટે તો છેવટે બે તિથિ પણ સુખ છોડી બ્રહ્મચર્યનું ધર્મ આચરણ કરે તો ધર્મ-આચરણ એટલા પ્રમાણમાં સંસાર સુખની પ્રવૃત્તિ મૂકાવે છે, ને હૈયે ખરેખર લગાડે છે કે 'સુખ ભુંડું.' કહેતા નહિ કે

પ્ર.-તો પછી ધર્મ આચરણ તો પૂર્વે અનંતીવાર કર્યા, તો કેમ સુખ ભુડું ન લાગ્યું. ને એ ધર્મ આચરણ એળે ગયા ?

ઉ.-એ ધર્મ-આચરણ સંસારસુખ માટે કર્યા હતા, તેથી એળે ગયા. આ ધર્મ આચરણ કરવાની વાત છે એ સંસારસુખના પાશથી અળગા રહેવા માટે કરવાની છે, જેથી સંસાર સુખની પ્રવૃત્તિથી સુખનો રાગ પોષાયા કરતો હતો તે પ્રવૃત્તિ ઓછી થવાથી સુખનો રાગ પોષાય નહિ.

**સંસાર-સુખનો રાગ યથેચ્છ પોષાતો રહે, તો શું સુખ ભૂંડું લાગે ?**

સંસારસુખનો રાગ યથેચ્છ પોષનાર રસભર કરાતી સાંસારિક

પ્રવૃત્તિઓ છે.

એવી સાંસારિક પ્રવૃત્તિને અટકાવનાર ધર્મ-આચરણ છે.

એટલે હવે સમજાશે કે ધર્મના આચરણનું કેટલું ઊંચું મહત્ત્વ છે ! એથી એટલા પ્રમાણે સાંસારિક સુખની પ્રવૃત્તિ અટકી સુખનો રાગ પોષવાનું અંશેય અટકે છે, ને તો જ સંસાર-સુખ ખરેખર ભુંડું લાગવા જાય. બાકી થોડા પણ ધર્મ-આચરણની પરવા નહિ, ને સુખની પ્રવૃત્તિ ભારોભાર 'સુખ ભુંડું' નું ગાણું ગાય એ ઢોંગ ધતુરો થાય કે બીજુ કાંઇ ? સુખ ભુંડું લગાડવા સુખ પ્રવૃત્તિ મૂકી ધર્મ-આચરણમાં આવવું જરુરી છે. કહેતા નહિ કે-

**દ્રવ્ય ક્રિયાથી ભાવ જાગે ? :-**

પ્ર.-ભાવ વિના અનંતા ધર્મ-આચરણ ફેઇલ ગયા પછી પણ ધર્મ-આચરણનો આગ્રહ શા સારું ? સુખ ભુંડું લાગવાના ભાવનો જ આગ્રહ જોઇએ ને ?

ઉ.-શ્રી પંચવસ્તુ શાસ્ત્રમાં આવા જ પ્રશ્નના સમાધાનમાં કહ્યું છે કે 'ભાવસ્તવ વિના અનંતા દ્રવ્યસ્તવ નકામાં ગયાં એ સાચું, પરંતુ જ્યારે ભાવપૂજા આવશે ત્યારે તે દ્રવ્યસ્તવથી આવશે એ સમજી રાખવા જેવું છે. કેમકે બાહ્ય શુભ નિમિત્ત વિના આંતરિક શુભભાવ જાગવો મુશ્કેલ છે. દયાની-જયણાની પ્રવૃત્તિ કરતા રહીએ તો અંતરમાં દયાનો ભાવ જાગે. જો એવી દયાની પ્રવૃત્તિ જ ન હોય એટલે હિંસાની જ પ્રવૃત્તિ કે જયણાં વિનાની આરંભ-સમારંભની જ પ્રવૃત્તિ રહેતી હોય, તો એ હૈયામાં દયાનો ભાવ શી રીતે જાગે ?

ભગવાન જિનેશ્વરદેવની ભક્તિની પ્રવૃત્તિ ન હોય. અને મોહમાયાની જ પ્રવૃત્તિ રહેતી હોય તો અંતરમાં પ્રભુ પ્રત્યે રાગ-આદર-બહુમાન શી રીતે જાગે ? એમ દાનની પ્રવૃત્તિ ન જ હોય અને સંગ્રહ કે જાત-ભોગની જ પ્રવૃત્તિ હોય, તો એથી હૈયામાં ઉદારતા, ત્યાગવૃત્તિ અને ધનની મૂર્ચ્છાની ઓછાશના ભાવ શી રીતે જાગવાના ?

'શ્રી પંચવસ્તુ' શાસ્ત્ર આ કહે છે કે-

**'જ્યારે અંતરમાં શુભભાવ (ભાવસ્તવ) જાગશે ત્યારે તે શુભ પ્રવૃત્તિ (દ્રવ્યસ્તવ) થી જાગવાના છે. માટે શુભ પ્રવૃત્તિનું મહત્ત્વ છે.**

આ હિસાબ પર સંસારનું સુખ ભૂંડું લાગવાનો શુભભાવ, સંસાર સુખની પ્રવૃત્તિ કંઇકે ઓછી કર્યા વિના, શી રીતે જાગવાનો ? એકલી સંસાર-સુખની પ્રવૃત્તિ ભરચક આદર્યે રાખવી છે, અને સંસાર-સુખ ભુંડું લગાડવું છે, એ શેં બને ? ત્યારે

સંસાર-સુખની પ્રવૃત્તિ ઓછી કરવી હોય તો સામે ધર્મની પ્રવૃત્તિ લાવવી જોઇએ. ધર્મ-આચરણમાં લાગો એટલો સમય સહેજે સંસાર-સુખની પ્રવૃત્તિ બંધ રહેવાની.

શ્રી લલિતવિસ્તરા શાસ્ત્ર કહે છે જો જિનેશ્વર ભગવાનની મૂર્તિની પુષ્પાદિથી દ્રવ્યપૂજા કરવામાં હિંસા થાય છે તો તેવી પૂજા કેમ કરવાની કહો ? એવો પ્રશ્ન ઉઠાવાય તો જવાબ આ છે કે જીવ દ્રવ્યપૂજામાં પરાવાયેલો રહે એટલો સમય ખેતી વગેરે બહુ હિંસાની પ્રવૃત્તિ, તથા વિષય-વિલાસની પ્રવૃત્તિ અટકે છે. આમ નાની હિંસા મોટી હિંસાને અટકાવનારી હોવાથી એ નાની હિંસા પ્રારંભે ત્યાજ્ય નથી બનતી, દોષરૂપ નથી ગણાતી.

**વિષય વિલાસમાં પણ સાક્ષાત્ કે પરંપરાને પરની હિંસા હોવા ઉપરાંત સ્વાત્માની પણ હિંસા છે.**

દ્રવ્ય પૂજામાં જોડાતા આ બધું અટકતું હોય તો શું ખોટું છે, શું એ દોષરૂપ ગણાય ?

વિશેષ તો એ છે કે પોતાનું દ્રવ્ય ખરચીને અને સમયનો ભોગ આપીને પરમાત્માની દ્રવ્યભક્તિ કરે છે એટલે પરમાત્મા ઉપર ભક્તિ-આદર–બહુમાન પ્રગટે છે. હવે જો કોઇ પ્રશ્ન કરે,

**દ્રવ્યપૂજા કરતાં માળાનું મહત્ત્વ કેમ નહિ ?**

પ્ર.-સાંસારિક આરંભ-સમારંભ અને વિષય-વિલાસથી બચવા દ્રવ્યપૂજા જ શા માટે જરૂરી ? પ્રભુના નામની માળા કે સામાયિક યા કોઇ શાસ્ત્ર વાંચન વગેરેમાં જોડાઇ શકે ને ? ને એમાં પુષ્પાદિની હિંસાનો દોષ પણ ન લાગે, તેમજ પેલી મહાહિંસાદિથી પણ બચી શકે ને ?

તો એનો ઉત્તર આ છે-

ઉ.-વાત સાચી, પરંતુ એમાં પરમાત્મા પ્રત્યે એવો પ્રેમ-આદર બહુમાનનો ભાવ ન જાગે. એનું કારણ આ છે કે પ્રભુભક્તિમાં પોતાનું દ્રવ્ય નથી ખરચવું ધનનો ભોગ નથી આપવા એટલે પ્રભુ કરતાં પૈસા વધારે વહાલા કરવાનું થાય છે, તેમજ પ્રભુની ભક્તિ નથી કરવી એટલે અહંત્વ પોષાય છે. પ્રભુની દ્રવ્યપૂજાની કરણી જ એવી છે કે આત્માને નમ્ર બનાવે. કેમકે નમ્રતા આવે તો જ પ્રભુને અભિષેક, પ્રભુની ચરણપૂજા, તિલકપૂજા વગેરે થાય. આ ભક્તિ અને નમ્રતા વધતાં વધતાં વીતરાગ પરમાત્માનો રાગ વધારી પરમાત્માની વધુને વધુ નિકટ અવાય છે, ને નિકટતા અર્થાત્ રાગ વધી જતાં સર્વ પાપત્યાગ, સર્વ હિંસાત્યાગ કરી વીતરાગ પરમાત્માના ચોવીસે કલાકના એકાકાર ધ્યાનમાં આવી જવાય છે.

સારાંશ,

એમાં પ્રભુની દ્રવ્યપૂજા વિષયવિલાસથી બચાવતાં વિષય વિલાસમય સંસારના ત્યાગમાં ચડાવી મૂકે છે, અલબત્ત દ્રવ્યપૂજામાં સંસારના વિષય-વિલાસથી એટલો સમય બચવાનું મળ્યું. એનો આનંદ જોઇએ. મનને થવું જોઇએ કે 'હાશ ! ભગવાનની પૂજા-ભક્તિમાં જોડાવા મળ્યું તો સારું થયું કે એટલો સમય ગોઝારા વિષય-વિલાસની પ્રવૃત્તિથી બચવાનું મળ્યું.

આમ ભગવાનની દ્રવ્યપૂજામાં જોડાતાં જે વિષયસુખની પ્રવૃત્તિથી બચવાનો અને પરમાત્માની ભક્તિ મળ્યાનો આનંદ છે, એમાં ગર્ભિત રીતે વિષયોનું સુખ ભૂંડું લાગે છે.

સંસાર સુખ પ્રત્યે આ ભાવ સક્રિય બને છે. જો આટલું ય જિનપૂજા જેટલું ધર્મ-આચરણ ન હોય અને એકલી વિષયસુખની ઠમઠોક પ્રવૃત્તિ ચાલુ હોય તો વિષયસુખ ભૂંડું શું લાગ્યું ? પૂછશો-

પ્ર.-જિનપૂજાદિ ધર્મપ્રવૃત્તિ કરનારા પણ જ્યારે સંસારસુખમાં રાચ્યા-મચ્યા રહે છે, ત્યારે એમને સુખ ભુંડું ક્યાં લાગ્યું છે ?

ઉ.-એટલું સમજી રાખવાનું છે કે જો જિનપૂજાદિ ધર્મ પ્રવૃત્તિ કરતી વખતે જે સંસારસુખની પ્રવૃત્તિથી બચાય છે, એનો આનંદ છે, તો ગર્ભિત રીતે એના દિલમાં સુખ ભુંડું લાગેલું જ છે.

**સુખ ભૂંડું લાગ્યું ન હોય તો પ્રભુભક્તિ વખતે સુખની પ્રવૃત્તિથી બચ્યાનો આનંદ શાનો હોય ?**

ત્યાં તો કંટાળો હોય કે 'હાય ! આ ધર્મ-પ્રવૃત્તિ વળી કરવાની ક્યાં આવી કે મારે એટલી વિષયસુખની પ્રવૃત્તિ અટકે છે ?' પરંતુ કંટાળો નથી, આનંદ છે, એ સૂચવે છે કે વિષયસુખો જતા કરીને પ્રભુભક્તિ વધારે ગમે છે.

અગર, પ્રભુભક્તિ વધારે ગમી, માટે ભક્તિમાં આનંદ છે, ને એટલો સમય સંસારસુખ જતાં કર્યા છે, તો એનો અર્થ જ એ, કે સુખની પ્રવૃત્તિથી બચ્યાનો આનંદ છે, તો એમાં ગર્ભિત છે, કે સંસારસુખની પ્રવૃત્તિ અંતરને ખટકે છે.

ભૂંડા લાગતા સુખની પ્રવૃત્તિ જ અટકે, મીઠા લાગતા સુખની પ્રવૃત્તિ શાની અટકે ? હવે પૂછો-

પ્ર.-સુખ ભુંડું લાગ્યું છે તો સુખમાં રાચ્યો-માચ્યો કેમ રહે છે ?

ઉ.-સુખમાં રાચ્યો-માચ્યો રહે તો દેખાય છે, એ અવિરતિ પાપના લીધે,

બાકી તો એનું અંતર જાણે છે કે એને કેટલો આંતર ઉદ્વેગ છે. મિથ્યાદ્રષ્ટિની માફક એ નિર્ભીક સુખભોગી નહિ. મિથ્યાત્વ દબાયાના પ્રતાપે એના અંતરના ખૂણામાં સુખ ભૂંડું હોવાનું બેઠું છે, તો જ એને દેવદર્શન-જિનપૂજા-સામાયિક-પ્રતિક્રમણાદિ ધર્મ- આચરણ વખતે ગોઝારી વિષયસુખની પ્રવૃત્તિથી બચ્ચાનો આનંદ રહે છે. પૂછો.

પ્ર.-ધર્મઆચરણ કરવા છતાં અમારું અંતર કહે છે કે હજી અમને સુખ ભુંડું નથી લાગ્યું, તો અમારા ધર્મ-આચરણ નકામા નથી ?

ઉ.-અહીં એ સમજી રાખો કે, જેમ સંસારસુખ ભુંડું લાગ્યું હોય તો સંસાર-સુખની પ્રવૃત્તિ પડતી મુકી સહેજે ધર્મ આચરણ કરવાનું મન થાય ને એ કરવું જરુરી છે. એમ સંસારસુખ ભુંડું લગાડવા માટે પણ ધર્મ આચરણ જ કરવું જરૂરી છે. કેમકે એકલી સુખ પ્રવૃત્તિ જ કરતા રહેવામાં તો સુખ ભૂંડું લાગવાને કોઇ તક નથી. મન મારીને પણ ધર્મઆચરણમાં લાગી સંસારસુખની પ્રવૃત્તિ અટકાવતા રહેતાં અને એ અટકાવાનો આનંદ માનતા રહેતાં સુખ ભૂંડું લાગવાને અવકાશ છે.

વાત આ છે કે સંસારસુખ ભૂંડું લાગે એ માટે પણ ધર્મ આચરણ બહુ જરૂરી છે. આજના જીવો જ્યાં ટ્રેન-બસ-ફોન-ફેન-પ્લાસ્ટિક સાધનો વગેરે આધુનિક ભરચક સુખસગવડોની પ્રવૃત્તિમાં રચ્યા-પચ્યા રહી ધર્મ આચરણ પ્રત્યે ઉપેક્ષાવાળા દેખાય છે, ત્યાં એ મનગમતા સંસારસુખ એને ભૂંડા લગાડવા ધર્મ-આચરણમાં જોડવાની જરૂર છે, એની આગળ ધર્મ-આચરણ પર ભાર મૂકવાની જરૂરી છે. જીવનમાં ધર્મને મહત્વ અપાવવાનીને ધર્મને મુખ્ય કરાવવાની જરૂર છે. એટલે જ ધર્મસાધના કરવામાં કેવા કેવા લક્ષ્ય રાખવાના, કેવા કેવા ઉદ્દેશથી ધર્મ-સાધના કરવાની, એની વિચારણામાં જેમ બીજા બીજા ઉદ્દેશો છે, એમ ધર્મ મુખ્ય કરવા માટે પણ ધર્મસાધના કરવાની છે.

**ધર્મ કરવાના ઉદ્દેશો :-**

(૧) 'ધર્મ સાધનાથી આ જીવનમાં જેટલું જિનાજ્ઞાપાલન થઇ જાય એટલો હું ભાગ્યશાળી'-એમ આજ્ઞાપાલનનો ઉદ્દેશ.

(૨) ધર્મ સાધના કરીને જીવનમાં જિનેશ્વર ભગવાન બહુ ગમતાં કરવા છે, પ્રભુને ગમ્યું તે મને ગમે, તો મને પ્રભુ ગમ્યા. પ્રભુનું હું કરું તો મને પ્રભુ ગમ્યા, આમ પ્રભુ ગમતા કરવાના ઉદ્દેશથી ધર્મ સધાય.

(૩) ધર્મસાધના કરી કરી મારે કર્મક્ષય કરવો છે, કર્મક્ષયના ઉદ્દેશથી ધર્મ.

(૪) ધર્મસાધના કરી કરી મારે આહારાદિ સંજ્ઞાઓ કચરવી છે, એવો સંજ્ઞા-નાશનો ઉદ્દેશ રાખી ધર્મ સધાય.

(૫) ધર્મ કરીને ધર્મ પ્રત્યે નફ્ફટાઇ અટકાવવી જોઇએ.

આ બધા ઉદ્દેશો, એમ આ પણ એક ઉદ્દેશ છે કે-

ધર્મસાધના કરી જીવનમાં મારે ધર્મને મુખ્ય કરવો છે, ધર્મને સૌથી અધિક મહત્ત્વ આપવું છે. એ ઉદ્દેશથી ધર્મસાધના બહુવાર કરતો રહું.' પૂર્વ પુરુષોને જીવનમાં ધર્મ મુખ્ય શી રીતે થયો ? કશો ધર્મ કર્યા વિના જ શું દિન-રાત સંસાર પ્રવૃત્તિઓમાં રચ્યા-પચ્યા રહીને ? ના, એમના જીવનમાં ધર્મ-આચરણ સારું સ્થાન પામીને ધર્મ મુખ્ય કરાયેલો, ધર્મને અધિક મહત્ત્વ અપાયેલ, અને એટલે જ એમને સંસારસુખ ભૂંડા લાગેલ, ને સમ્યક્ત્વ પ્રાપ્તિ થયેલી.

ત્યારે એ પ્રશ્ન થાય,

**શ્રેણિકમાં ધર્મ-આચરણ :-**

પ્ર.-શ્રેણિક-કૃષ્ણ મહારાજે ક્યાં એવાં ધર્મઆચરણ કરેલા ? છતાં એમને સંસારસુખ ભૂંડું લાગી સમ્યક્ત્વ વરેલું ને ?

ઉ. શ્રેણિક-કૃષ્ણ મહારાજના જીવનમાં ધર્મઆચરણ નહોતા એમ માનવું જ ભૂલ ભરેલું છે.

રાજા શ્રેણિકને રોજ ત્રિકાળ જિનપૂજા કરવા જોઇતી હતી, આ પૂજાનું ધર્મઆચરણ હતું. જિનપૂજામાં રોજ નવા ઘડેલા સોનાના જવલાથી સાથિઓ કરવા જોઇતો હતો. પરમાત્મારૂપી પરમપાત્રમાં આ વિશિષ્ટ દાન ધર્મનું જ આચરણ હતું. મહાવીર ભગવાનની સુખશાતાના સમાચાર મેળવવા જોઇતા હતા. આ પ્રભુ પર અવ્વલ રાગનું ભાવ ધર્મનું જ આચરણ હતું, સુખશાતાના સમાચાર લાવનારને સારી રકમનું વધામણી-ઇનામ આપતા એ દાન ધર્મનું જ આચરણ હતું.

**ધનનું સુખ ભૂંડું શી રીતે લાગતું હશે ? અદ્ભુત પ્રભુ દર્શને પૈસા પર પૂરી મમતા રાખીને ?**

સુંદર આંગી સહિત પ્રભુનું આલ્હાદજનક દર્શન મળ્યું, ત્યાં એની ખુશાલીમાં ખીસામાંથી ઝટ પૈસા કાઢી પ્રભુના ભંડારમાં નખાય, ને આંગી રચનારને ઇનામ અપાય, તો સમજાય કે પ્રભુ દર્શને મનને લાગ્યું છે કે પૈસા ભૂંડા રાખી મૂકી દર્શનની સામે એના પર મમતા કરાય નહિ. સુંદર અદ્ભુત દર્શન જેવા સુકૃતની અનુમોદના માટે એનો સદુપયોગ કરી લેવો જોઇએ.

રાજા શ્રેણિકમાં આ ધર્મ-આચરણ હતું. પ્રભુજીની સુખ શાતાના સમાચાર લાવનારને વધામણી દાનમાં સોનાથી નવરાવી દેતા, એમ પૈસા અકારા કરતા તો જ પ્રભુ ખુબ વહાલા થતા. મનને એમ પ્રશ્ન થાય-

પ્ર.-તે શું સારાં દર્શન સમાચાર વગેરે મળે તો ખુશાલી દાન દેવું જ જોઇએ ?

ઉ.-અલબત દુનિયામાં બજારમાંથી સારો માલ લઇ તરત નાણાં અપાય છે, તો પછી આટલો બધો સુંદર દર્શન સમાચાર રૂપી માલ મળ્યો એના નાણાં ચૂકવવાને બદલે એમ જ મફતમાં ચાઉં કરવાનું મન થાય છે ? એ સૂચવે છે કે પૈસા ભૂંડા નથી લાગતા. દર્શન રૂપી સુંદર ભવ્ય માલ મળ્યો, છતાં જ નાણાં આપવા નથી તો માલ લેવાનું મન શાનું થાય ?

**રામજી શેઠને ગુરુ પધાર્યાની વધામણીની કિંમત :-**

ગંધારના રામજી શેઠને માણસે જગદ્‌ગુરુ હીરસૂરિજી મહારાજ ખંભાતની પાસેના ગામમાં પધાર્યાની વધામણી આપી, તો શેઠને એટલો બધો હરખ હરખ થયો કે એમણે વધામણી લાવનાર માણસને વધામણીદાન આપવા ચાવીનો ઝુડો આપી કહ્યું ''આમાંથી તને ગમે તે ચાવી કાઢી લે. એ ચાવી જે કોઠારના તાળાને લાગે, એ કોઠારનો તમામ માલ તને ભેટ.'' સમજાય છે ગુરુ પધાર્યાની વધામણીની કિંમત ?

પેલો માણસ બિચારો ગામડિયો તે એણે મોટી લાંબી ચાવી પસંદ કરી ! એના મનને કે 'મોટી ચાવીના કોઠારમાં મોટો માલ હોય.'

શેઠને દયા આવી ગઇ કે 'હું આપનાર બેઠો છું, ને શું આ રાંક મામૂલી ભેટ પામે ? પેલાને કહે 'જો, જો, બીજી કોઇ સારી ચાવી પસંદ કરી લે.'

પેલાના મનને થયું કે 'શેઠ આ મોટી ચાવીવાળો કોઠારનો મોટો માલ જતો જોઇ ગભરાતા લાગે છે, પણ આપણે તો આ જ લેવું છે.' એટલે શેઠને કહે 'ના, ના, શેઠ ! અમારે ગરીબને આટલું બસ છે.' શેઠ સમજ્યા કે 'આનું ભાગ્ય જ ટૂંકું લાગે છે. ખેર અપાવી દઉં આ ચાવીનો માલ.'

મુનિમને કહ્યું, 'આ ચાવી જેને લાગે એ વખારનો માલ આ ભાઇને આપી દો.'

મુનિમ લઇ ગયો માણસને, ને ચાવી લગાડી તો લાગી દોરડાની વખારને. માણસને કહે 'આ બધો માલ તને શેઠ તરફથી ભેટ.'

માણસ જોઇને ગભરાઇ ગયો, શેઠ પાસે જઇ કહે, 'શેઠજી ભાઇસાબ ! હું

આ દોરડાના મોટા જંગી ઢગલાને શું કરું ?'

શેઠ કહે 'મેં તો તને પહેલેથી કહ્યું હતું કે બીજી સારી ચાવી પસંદ કરી લે. ખેર, જા તને એની કિંમતના રૂપિયા અપાવી દઉં છું.

શેઠ મુનિમને કહે, 'બજારના વેપારીઓને બોલાવી એ વખારના સમગ્ર દોરડાની કિંમત અંકાવો, અને એ વખાર આપણે આ માણસ પાસેથી ખરીદી લઇએ છીએ એટલે એની કિંમતની રકમ આને આપી દો.'

મુનિમે તેમ કર્યું. વેપારીઓએ ૧૧ લાખ રૂપિયાની કિંમત આંકી, ને શેઠ તરફથી મુનિમે પેલા વધામણી લાવનાર માણસને રૂપિયા અગિયાર લાખ રોકડા આપી દીધા ! થોડા ને વધારે ! કેટલા રૂપિયા ? અગિયાર લાખ પુરા !! હેં ! હેં ! આટલું બધું વધામણી દાન ? હા, કારણ છે,-

**વધામણી દાન શા માટે ? જીવના હૈયે સૌથી વહાલા પૈસા છે. હવે એ હૈયામાં ગુરુ વધુ વહાલા તરીકે બેસાડયા છે, તો પૈસાને થોડા અળખામણા કરવા જોઇએ, માટે વધામણી દાન.**

પૈસા એ સંસાર-સુખ છે, એ ભૂંડા કેમ લાગે ? ગઠડીમાંથી અવસર પર એક કાવડિયો ન છૂટે, એને પૈસા ભૂંડા લાગ્યા છે ? કે પૈસા ભૂંડા એમ ખાલી રટણા કરવાથી શું પૈસા ભૂંડા લાગી શકે ? ના, એ તો કાંઇક પણ દાનનું, ધન ત્યાગનું, ધર્મ-આચરણ કરે તો દિલને લાગે કે 'પૈસા ભૂંડા, જવા દો, એને સુકૃતમાં.'

જીવનમાં ધર્મને મુખ્ય કરવો છે, તો ધર્મ-આચરણ વારે વારે કરતા રહેવું જોઇએ.

કોઇ પૂછે, 'ધર્મ-આચરણ શા માટે કરો છો ?'

તો કહીએ 'જીવનમાં ધર્મને આચરણ કરીએ છીએ તે ધર્મને મુખ્ય કરવા, જેથી દુનિયાદારી ગૌણ બની જાય.'

એટલે શું આવ્યું ? ધર્મ-સાધના કરવાનો આ એક ઉદ્દેશઃ ધર્મને મુખ્ય કરવો એ એક બીજો ઉદ્દેશ છે.

**ધર્મ-સાધનાનો ઉદ્દેશ ધર્મ પ્રત્યે નફ્ફટાઇ અટકાવવીએ.**

જીવને અનંત અનંત કાળથી ધર્મ પ્રત્યે નફ્ફટાઇ છે. ધર્મનો કશો ભાર એના માથે નહિ, ધર્મની કશી શરમ એને ન પડે, ધર્મ ખાતર ભોગ આપવાની એને પરવા નહિ.

વ્યવહારમાં જુઓ, નફ્ફટ છોકરા બાપ સાથે કેવો નફ્ફટાઇનો વર્તાવ

રાખે છે ! એને માથે બાપનો કશો ભાર નહિ ! એને બાપની કશી શરમ ન પડે ! બાપની ખાતર કશો ભોગ આપવાની પરવા નહિ ! મહાઉપકારી બાપ પ્રત્યે આ એની નફ્ફટાઇ છે. બાપથી જુદો રહેતો હોય, અને સારું કમાતો હોય, છતાં માથે બાપનો કશો ભાર નહિ એટલે કમાઇમાંથી બાપને કશું દેવાની વાત નહિ, અથવા દદુડી મૂતરાવશે, ને પોતાની બૈરી છોકરામાં પૈસા સારા ઉડાવશે, સ્નેહી સબંધીમાં ય ખરચશે, પણ બાપને કશું દેવાની મોકલવાની વાત નહિ, બાપનો કશો માથે ભાર જ નથી રાખ્યો, તો આ નફ્ફટાઇ છે.

જીવની ધર્મ પ્રત્યે આવી નફ્ફટાઇ છે, જાત-ભોગ અને સગા-સ્નેહી ખાતર ખાસા ખરચ કરશે ! ધર્મ ખાતર કશું ખરચવું નથી. ધર્મને કશું દેવું નથી. કેમકે ધર્મનો માથે કશો ભાર જ નથી રાખ્યો.

હજી જેમ નફ્ફટ છોકરો પોતાની બૈરી, છોકરા તથા સ્નેહી-સંબંધી ખાતર તન-મનથી ઘણું ઘણું કરી છુટશે, કેટલીય એમની સેવા કરશે, પરંતુ મા-બાપનું કશું કરી છૂટવાની વાત નહિ, એમની કશી સેવા નહિ કરે, કેમકે માથે કશો માબાપનો ભાર જ નથી રાખ્યો, એમ જીવનું ધર્મ પ્રત્યે એવું જ છે. હજી આખી દુનિયાનું કરી છૂટવા તૈયાર ! પણ ધર્મનું કશું કરવું નથી ! ધર્મનો માથે ભાર જ નહિ ! તેથી શું કામ ધર્મનું કરી છુટે ?

જીવની ધર્મ પ્રત્યે જે આ બેપરવાઇ છે, ઊંચા જૈન કુળમાં જનમવા છતાં કુળની શરમ નથી, તેથી શરમથી પણ ધર્મ કરવા તૈયાર નથી, એવી ધર્મ પ્રત્યેની નફ્ફટાઇ તો જ અટકે કે જો ધર્મનો આદર કરાય, આચરણ કરાય.

**ધર્મનો આદર અને આચરણ કરતાં કરતાં ધર્મ પ્રત્યેની નફ્ફટાઇ ઘટે.**

**એ ઘટતાં ઘટતાં ધર્મ પ્રત્યે અતિશય ગરજ-આદર-બહુમાન જાગે.**

આ હિસાબે કોઇ પૂછે 'ધર્મ કેમ કરો છો ?' તો કહેવાય કે-ધર્મ પ્રત્યેની નફ્ફટાઇ ન આવે એટલા માટે ધર્મ કરું છું, મનને ધર્મનું દાક્ષિણ્ય અડે એટલા માટે ધર્મનો પરિચય રાખું છું.'

**ક્ષુલ્લક મુનિ દાક્ષિણ્યથી બચ્યા :-**

ક્ષુલ્લક મુનિનું દ્રષ્ટાન્ત છે ને ? બાળવયે દીક્ષા લીધી. પાછળથી મોહનો ઉદય જાગ્યો, પણ નફ્ફટ નિર્લજ ન થઇ જવાય એ માટે કેટલાક વખત ચારિત્ર ધર્મમાં ટકી રહ્યા. છતાં મોહ શમ્યો નહિ એટલે માતા સાધ્વીની, ચારિત્ર મૂકી દેવા રજા માગે છે.

સાધ્વીજી કહે, 'તમને મેં નવ મહિના પેટમાં ઊંચકયા છે, જનમ આપ્યો છે, તો મારા વચનથી બાર વરસ ટકી જાઓ.'

ક્ષુલ્લક મુનિ ટકી ગયા, કેમ વારુ ? માતા પ્રત્યે નફ્ફટ-નિર્લજ્જ ન થઇ જવાય એટલા માટે.

બાર વરસ પછી માતા સાધ્વીને કહે 'હવે રજા આપો' ત્યારે સાધ્વીજી કહે 'ગુરુણી મહારાજને પૂછો.' મંડાણી ? પૂછ્યું. ગુરુણી કહે 'કટોકટીમાં તમારી માતાને અમે આશ્રય આપ્યો છે, એટલે જો એમને તમોએ બાર વરસ આપ્યા તો અમને બાર વરસ નહિ આપો ?'

બસ, બીજા બાર વરસ મુનિ ટકી ગયા. કેમ વારુ ? ઉપકારી માતાના, ઉપકારી ગુરુણી પ્રત્યે નફ્ફટ ન થઇ જવાય એટલા માટે. વચન અવગણે તો નફ્ફટાઇ આવે.

વળી બાર વરસ પછી રજા માગે છે તો સાધ્વીજી કહે 'આચાર્ય મહારાજને પૂછી લો.'

જો કઠણાઇ ? ગયા, આચાર્ય મહારાજને પૂછે છે તો આચાર્ય મહારાજ પણ કહે છે, 'આ બધાને બાર બાર વરસ આપ્યા તો અમને બાર વરસ નહિ આપે ?'

અહીં પણ ક્ષુલ્લક મુનિ જુએ છે કે જો ના કહું તો ઉપકારી ગુરુનું દાક્ષિણ્ય મન પર ન રહે. ગુરુ પ્રત્યે નફટાઇ થાય. એ નફ્ફટાઇ ન થાય એ હેતુથી વળી બાર વરસ ટકી ગયા પરંતુ બાર વરસ પૂરા થયા પછી હવે મા સાધ્વીને કહી પોતાના કાકા રાજાની રાજધાનીમાં જાય છે, ત્યારે જુઓ-

**ધર્મ પ્રત્યે, ધર્મગુરુ પ્રત્યે નફ્ફટાઇ ન થાય એ ઉદ્દેશથી ધર્મ કરનારને કેવો મજેનો બચાવ મળે છે, એ ક્ષુલ્લક મુનિના દ્રષ્ટાંતમાં જોવા મળે છે.**

ક્ષુલ્લક મુનિ મુનિના વેશે જ રાજધાનીમાં ગયા. ત્યાં રાજગઢમાં નટનો ખેલ ચાલતો હતો. નટ ઊંચે દોરડા પર નાચે છે., નીચે નટડી ઢોલ બજાવે છે. રાજા રૂપાળી નટડીને જોઇ એના પર મોહી ગયો, તે ઇચ્છી રહ્યો છે કે 'ક્યારે નટ નીચે પડે ને મરે, ને હું નટડીને હાથ કરી લઉં, મહારાણી બનાવું.'

જુઓ કામાંધતા, ભલભલાનાં કેવા બેહાલ કરે છે ! મોટો રાજા છે રાજકન્યાઓ પરણવા મળી છે, છતાં કામનો ભુખારવો એક નીચ કૂળની નટડી પર મોહિત થઇ જાય છે ! એને રાણી બનાવવા ઇચ્છે છે ! પોતાની કુળવટ ને ખાનદાનીનો વિચાર નથી કરતો ! પરલોકના ભયંકર વિપાકની પણ ચિંતા નથી !

વળી પોતાની કામલંપટતાને પોષવા નટનું મૃત્યુ ઇચ્છી રહ્યો છે ! કેવું રૌદ્રધ્યાન ! કેવી મૂઢતા !

**અર્થ અને કામે જગતને મૂઢ બનાવ્યું છે.**

**આ અર્થ-કામની મૂઢતામાંથી બચાવનાર જિનેન્દ્ર ભગવાન અને જિનશાસનનો કેટકેટલો મહાઉપકાર !**

આ ભગવાન અને જિનશાસન પામ્યાનો આપણને કેટકેટલો હરખ હરખ જોઇએ ? એવો ઉછળતો હરખ હોય તો અર્થ-કામની વાસના પર ભારે નફરત્ છૂટી એના પર નિયંત્રણ મૂકી દેવાય. નિયંત્રણ શેનાથી ? વ્રત નિયમોથી.

પેલો રાજા નટડીમાં મોહિત થયેલો તે નટના ત્રણ ત્રણ વારના નાચ પછી પણ ઇનામ ન આપતાં 'મારું ધ્યાન રહ્યું નહિ, તું ફરીથી એકવાર તારો ખેલ બતાવ.' એમ કહે છે ! નટ હવે કંટાળ્યો છે થાક્યો છે ત્યાં નટડી એને કહે,

**'બહોત ગઇ થોડી રહી શીદને રંગ ગુમાવે ?'**

આ વાક્ય પર ક્ષુલ્લક મુનિનું મન ઠેકાણે આવી ગયું મનને થયું.

'અરેરે ! આટઆટલા વરસ સંયમ પાળ્યું, હવે જીવવું છે કેટલું તે એમાં વિષયસંગ કરી સંયમનો રંગ બગાડું ? ત્યાં બીજો પુરુષ કરી લેવા ઇચ્છતી એક પતિ-વિરહણી શેઠાણી, રાજ્ય પડાવી લેવા ઇચ્છતો રાજ્યનો દિવાન, અને નટનું મોત ને નટડી ઇચ્છતો રાજા પણ ઠેકાણે આવી ગયેલો, એમ ક્ષુલ્લક મુનિ પણ ઠેકાણે આવી ગયા, ને ગુરુ પાસે જઇ સંયમ આરાધનામાં લાગી ગયા.

મૂળમાં માતા સાધ્વી, એમની ગુરુણી, ને આચાર્ય મહારાજના દાક્ષિણ્યે ક્ષુલ્લક મુનિ પણ ૧૨-૧૨ વરસ સંયમમાં ટક્યા હતા. તો આ પરિણામે પહોંચ્યાં. મન નહિ છતાં ૧૨-૧૨ વરસ સંયમ કેમ પાળતા રહ્યા ? કહો એ ઉપકારી સામે નફ્ફટતા ન આવે એ માટે.

ꕥ ꕥ ꕥ ꕥ ꕥ ꕥ

ધર્મ સાધનાનો આ એક ઉદ્દેશ છે કે દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે નફ્ફટ ન થઇ જવાય, એમના દાક્ષિણ્યનો માથે ભાર રહે, એ માટે ધર્મની આરાધના સારા પ્રમાણમાં કર્યે જવાની.

ધર્મ સાધનાના વિવિધ ઉદ્દેશમાંથી જિનાજ્ઞાપાલન, કર્મક્ષય, દેહાધ્યાસત્યાગ વગેરે કોઇ લક્ષ્ય નક્કી રાખ્યું હોય અર્થાત્ સાધના કરતી વખતે લક્ષ્ય શુદ્ધિ હોય તો સાધના સફળ બને છે, સાધના સુલભ થાય, અને સાધનામાં ચળ-વિચળતા ન

બને, અંતરાય આવે એનાથી ભાવોલ્લાસ વધતા રહે.

**મેઘનાદ મુનિ લક્ષ્ય શુદ્ધિ પર ઉપસર્ગમાં અખિન્ન :-**

આ લક્ષ્ય પર જો મનની બરાબર ચોંટ હોય, સાધના કરતા પહેલાં લક્ષ્ય ચોક્કસ કર્યું હોય, તો પછી સાધનામાં ગમે તેટલાં કષ્ટ આવો, જીવ એમાં થાકે નહિ, કંટાળે નહિ, કેમકે વધુ કિંમતી લક્ષ્ય સાધવાનો આનંદ છે. જુઓ, લડવૈયાને દુશ્મનનો બને તેટલો ખોડો કાઢવાનું લક્ષ્ય નજર સામે તરવરે છે, તો એ લડતાં લડતાં પોતાના શરીર પર ગમે તેટલા ઘા આવે છતાં ક્યાં થાકે છે ? ક્યાં કંટાળે છે ? એટલે જ,

મેઘનાદ મુનિને લક્ષ્ય નક્કી હતું કે મારે અનંત અનંત કાળથી વળગેલી કર્મસત્તાને ધરમૂળથી ઊખેડી નાખવી છે, ને તે તપ-પરીષહ-ઉપસર્ગ વધાવી લેવાથી જ ઉખડે, તેથી દેવતાઇ ઉપસર્ગ ભયંકર આવ્યા તો વધાવી લીધા, જરાય કંટાળ્યા નહિ, મનને નક્કી છે કે 'આ સમતાથી સહી લેવામાં કર્મોના ઝુંડના ઝુંડ ઊખડી જ રહ્યા છે, લક્ષ્ય અંશે અંશે સિદ્ધ થઇ જ રહયું છે,' પછી યુદ્ધ ભૂમિ પરના સુભટની જેમ શું કામ કંટાળે ?

અંતે દેવતા થાક્યો, ઉપદ્રવ બંધ કરી મુનિના ચરણે પડી ગયો, ક્ષમા માગી, મહાત્માની ઉત્તમ પ્રશંસા કરી ચાલ્યો ગયો.

**મેઘનાદ મુનિ ૧૨ માં દેવલોકે :-**

મહાત્મા પૃથ્વીતળ ઉપર સંયમમાં વિહરી રહ્યા છે, ત્યાગ તપ આરાધી રહ્યા છે, સ્વાધ્યાય-ધ્યાનમાં લીન રહે છે, અંતે અનશન કરી સમાધિ મૃત્યુ પામી અચ્યુત ઇન્દ્રના સામાનિક દેવ તરીકે ઉત્પન્ન થાય છે.

સામાનિક દેવ એટલે ઇન્દ્રના સમાન ઋદ્ધિવાળો દેવ. મેઘનાદ મહાત્મા બારમા અચ્યુત દેવલોકમાં સામાનિક દેવ થયા, તે અચ્યુતેન્દ્રની સાથે થઇ ગયા. કોણ અચ્યુતેન્દ્ર ? પૂર્વ ભવનો મોટોભાઇ બળદેવનો જીવ અત્યારે અચ્યુતેન્દ્ર છે:

આ સામાનિક દેવ એ ગણધરનો જીવ છે, અને અચ્યુતેન્દ્ર એ શાંતિનાથ ભગવાનનો જીવ છે. શાંતિનાથ ભગવાન પહેલા ભવે રાજા શ્રીષેણ, બીજા ભવે યુગલિક, ત્રીજા ભવે દેવ, ચોથા ભવે અમિતતેજ, પાંચમા ભવે દેવ, છઠ્ઠા ભવે અપરાજિત બળદેવ અને સાતમા ભવે અચ્યુતેન્દ્ર, આમ સાત ભવનો અધિકાર અહીં પૂર્ણ થાય છે. હવે આઠમા ભવની વાત.

**છઠ્ઠો-સાતમો ભવ સમાપ્ત**

**તીર્થંકરનાં ચરિત્ર શ્રવણથી સમ્યક્ત્વાદિ મહાલાભ :-**

ત્રિલોકનાથ તીર્થપતિ શ્રી શાન્તિનાથ ભગવાનના આઠમા ભવનો અધિકાર હવે જોવાનો છે. તીર્થંકર ભગવાનનાં ચરિત્ર બહુ ઉલ્લાસથી સાંભળતાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે, ને એ પ્રાપ્ત થયું હોય તો અધિક નિર્મળ બને છે. તેમજ બીજી બાજુ ચિરસંચિત પાપકર્મોનો વિનાશ થાય છે, લાખો ભવની સ્થિતિ કપાઇ જાય છે.

શ્રી 'વંદિત્તા સૂત્ર' એટલે કે શ્રાવક પ્રતિક્રમણ સૂત્ર, એમાં શું બોલો છો ?

**'ચિર સંચિય પાવપણાસણીઇ, ભવ સયસહસ્સ મહણીએ**
**ચઉવીસ જિણ વિણિગ્ગય કહાઇ, વોલંતુ મે દિઅહા'**

'ચોવીસ તીર્થંકર ભગવાનના મુખેથી નીકળેલી કથાઓ દીર્ઘકાળના ભેગા કરેલા પાપકર્મોનો નાશ કરનારી હોય છે, અને લાખો ભવનું મંથન કરનારી હોય છે, તેથી મારા દિવસો આવી કથાઓથી પસાર થાઓ.'

જો તીર્થંકર ભગવંતોએ ફરમાવેલ ચરિત્રોનો આ પ્રભાવ, તો ખુદ તીર્થંકર ભગવાનનાં ચરિત્રોનો પ્રભાવ એથી ય અદ્‌ભુત હોય ! એમાં શી નવાઇ ?

પ્ર.-શી રીતે આટલો મોટો પ્રભાવ કે તીર્થંકર ચરિત્રો જુગજુના કાળના બાંધેલા પાપકર્મોનો નાશ કરે ? ને લાખો ભવોની સ્થિતિને તોડી નાખે ?

ઉ.-પ્રભાવનું કારણ સ્પષ્ટ છે,

**જીવ જે પાપકર્મો બાંધે છે એ**

(૧) મિથ્યાત્વના વિકલ્પોથી,
(૨) અવિરતિ અર્થાત્ પૌદ્‌ગલિક આસક્તિના જોશથી,
(૩) કષાયોના આવેશથી, અને
(૪) અસત્‌વાણી-વિચાર-વર્તાવથી.

ત્યારે તીર્થંકર ભગવાનનાં ચરિત્ર સમ્યક્ત્વના શુભભાવ ઊભા કરે છે એથી મિથ્યાત્વના વિકલ્પો દૂર થાય છે. પૌદ્‌ગલિક આસક્તિમાં મંદતા લાવે છે, એટલે વ્રત નિયમ-વિરતિ આવે છે. ઉપશમના ભાવ જગાવે એટલે કષાયો દબાય છે. અને ચરિત્ર-શ્રવણ સત્ પ્રવૃત્તિ રૂપ બની સદ્‌વિચાર ઊભા કરે છે, એમાંથી સત્‌વાણી-વર્તાવ જન્મે છે.

**એ તો ન્યાયયુક્ત છે કે-અશુભ ભાવોથી અને અસત્ પ્રવૃત્તિથી પાપકર્મો ઊભા થયાં હોય એનો શુભભાવ ને સત્પ્રવૃત્તિથી નાશ થાય.**

તીર્થંકર ભગવાનનાં ચરિત્રો સાંભળીએ એ સત્ પ્રવૃત્તિમાં શુભ ભાવ

જાગીને આ કામ થાય છે કે દીર્ઘકાળમાં એકત્રિત કરેલાં પાપકર્મો ય નાશ પામે અને ભવસ્થિતિ સારા પ્રમાણમાં કપાઇ જાય. એ સમજવા જેવું છે કે,

**ભવસ્થિતિ કપાય એટલે શું ?**

**'ભવસ્થિતિ કપાય' એટલે જીવને ભવમાં સંસારમાં પકડાઇ રહેવાનો કાળ ઓછો થાય. આત્માની આ ભવસ્થિતિ યાને સંસારકાળનો આધાર આત્મા પર લાગેલા પાપાનુબંધ ઉપર છે.**

**પાપાનુબંધ એટલે પાપબુદ્ધિ જગાડનારી બીજશક્તિ.**

પાપાનુબંધ બહુ હોય અને તીવ્ર હોય તો ઘોર પાપિષ્ઠ બુદ્ધિ રખાવે, એથી હલકો ભવ નક્કી થાય, એ ભવમાં ય પાપબુદ્ધિ એથી વળી હલકો ભવ...એમાં વળી તીવ્ર પાપાનુબંધોના વારસા, એટલે તીવ્ર પાપિષ્ઠ બુદ્ધિ...એમ પૂંછડું ચાલ્યા જ કરે; એટલે ભવ પર ભવ દીર્ઘકાળ સુધી થયા કરે, આ ભવસ્થિતિ કહેવાય. પૂર્વેથી લાવેલા કર્મોમાં પાપાનુબંધ એટલે કે પાપબુદ્ધિ કરાવનારી બીજશક્તિ પડેલી હોય છે, એના પર ભવોની હારમાળા સરજાય છે. એ ભવસ્થિતિ છે દા.ત. ૧૦૦ ભવની, ૧૦૦૦ ભવની, કે લાખ ભવની વગેરે કાળ મર્યાદા. એ ભવસ્થિતિ કહેવાય.

પ્ર.-આ ભવસ્થિતિ કપાય એટલે શું ?

ઉ.-આ જ, કે દીર્ઘકાળ સુધી ભવોની પરંપરા ચાલ્યા કરવાના મૂળમાં જે તીવ્ર પાપાનુબંધો હતા, એ મોળા પડે. પાપાનુબંધો મોળા પડવાથી પાપિષ્ઠ બુદ્ધિ પહેલા જેવી તીવ્ર ન થાય, એથી એના આધાર પર ભવોની પરંપરા પહેલા કરતાં ઓછા કાળની થાય, અર્થાત્ ભવસ્થિતિ ટૂંકી થઇ, ભવસ્થિતિ કપાઇ. દા.ત. લાખ ભવની સ્થિતિ હતી તે ૧૦ હજાર ભવની થઇ.

**પ્ર.-ભવસ્થિતિ શી રીતે કપાય ?**

ઉ.-ભવસ્થિતિ કપાવા માટે પાપાનુબંધો તુટવા જોઇએ.

પાપાનુબંધો તોડવાનાં ૩ સાધન.

(૧) અરિહંતાદિ ચાર શરણનો સ્વીકાર,

(૨) દુષ્કૃતોની ગર્હા-સંતાપ, અને

(૩) સુકૃતોની અનુમોદના.

આ કર્યે જાઓ તો પાપાનુબંધો તુટતા આવે.

જ્ઞાનિઓની દ્રષ્ટિએ વર્તમાન પાપાનુબંધો એવા ને એવા ઊભા રહે તો એના પર અમુક દીર્ઘકાળની ભવસ્થિતિની આગાહી ગણાય. અને એમાં જો

પાપાનુબંધો મોળા પડે, તો એના આધાર પર પેલા કરતાં ઓછી ભવસ્થિતિનું સર્જન સંભવે. આ પણ જ્ઞાની જોઇ શકે.

આ ઓછી થયેલી ભવસ્થિતિ વધે પણ ખરી, જો તેવો કોઇ ઉગ્ર પાપભાવ અશુભભાવ જાગે તો જે કર્મ બંધાય એ તીવ્ર પાપાનુબંધી. કર્મ બંધાયા પછી એના પર તીવ્ર પાપિષ્ઠતા અને ભવોની લાંબી પરંપરા સરજાવાની સ્થિતિ ઊભી થાય.

**પાપાનુબંધો તુટવા-વધવા પર ભવસ્થિતિ ટૂંકી-લાંબી થાય.**

**મરીચિને શું થયેલું ?**

નયસારના ભવે સમ્યક્ત્વનું પાલન કરી શુભભાવો દ્વારા પાપાનુબંધો થોડા તોડેલા, એટલે ભવસ્થિતિ ઓછી કરેલી. પાપાનુબંધોને મોળા પાડવાને લીધે જ મરીચિના ભવે પાપિષ્ઠબુદ્ધિ ન રહેતાં, ભગવાન શ્રી આદીશ્વર પ્રભુનું સમવસરણ જોતાં ચારિત્રધર્મની ભાવના થઇ, ને ચારિત્ર લીધું. એમાં શુભભાંવોલ્લાસથી વળી પાપાનુબંધો તોડ્યા હશે એથી ભવસ્થિતિ ટૂંકી થઇ હશે.

પરંતુ જ્યાં ઉત્સૂત્રભાષણ કર્યું કે તરત એના તીવ્ર અશુભભાવથી પાપાનુબંધ જોરમાં આવી ગયા, ને ભવસ્થિતિ એક કોડાકોડી સાગરોપમના કાળ જેટલી લાંબી થઇ. સારાંશ,

**ભવસ્થિતિ વર્તમાનમાં આત્માની સિલકમાં રહેલા પાપાનુબંધો અને વર્તમાન સંક્લિષ્ટ પરિણામ પર મપાય કે આનાં ધોરણે આ જીવનો સંસારમાં રહેવાનો આટલો કાળ બાકી.**

**હવે જો આ પાપાનુબંધો તોડવામાં આવે અને એમાં રાગદ્વેષના તીવ્ર સંકલેશ મોળા કરવામાં આવે, તો પછી એના આધાર પર પહેલા જેવી ભવસ્થિતિ ન રહે, ભવસ્થિતિ કપાય ઓછી થાય.**

તીર્થંકર ભગવાનનાં ચરિત્રનું ભાવથી શ્રવણ આ કામ કરે છે. એ પાપાનુબંધોને તોડે છે, એથી ભવસ્થિતિ કપાય. પૂર્વના પાપાનુબંધો પર આધારિત લાખો ભવની કાળની સ્થિતિ હજારો કે સેંકડો યા એથી ય ઓછા ભવના કાળની સ્થિતિમાં આવી ઊભી રહે. એટલે આપણે શ્રી શાંતિનાથ ભગવાનનું ચરિત્ર વિચારીએ છીએ.

શ્રી શાંતિનાથ ભગવાન પહેલા ભવમાં રાજા શ્રીષેણ, પછી બીજા ભવે યુગલિક અવતારે, ત્યાંથી દેવલોકમાં દેવ થઇ, ચોથા ભવે વિદ્યાધર રાજા અમિતતેજ. પછી દેવતા થઇ છઠ્ઠા ભવે અપરાજિત બળદેવ. સાતમા ભવે અચ્યુત ઇન્દ્ર થયા છે.

તે હવે આઠમા મનુષ્ય ભવે, મહાવિદેહમાં ક્ષેમંકર નામના રાજા જે તીર્થંકર ભગવાન થવાના છે, એમના પુત્ર વજ્રયુધ નામના થાય છે.

**શાંતિનાથ ૮ મા ભવે ક્ષેયંકર રાજાના પુત્ર વજ્રાયુધ :-**

રાજા ક્ષેયંકરને રાણી રત્નમાલાથી ચૌદ સ્વપ્ને સૂચિત વજ્રાયુધ પુત્ર થાય છે. વજ્રાનું પણ સ્વપ્ન જોયેલ, તેથી વજ્રાયુધ નામ. રાજકુળમાં જન્મ છે એટલે મોટા વૈભવથી એમનો ઊછેર થાય છે. ત્યાં લાલન-પાલન કેવા હોય ? છતાં ખૂબી એ છે કે એમનામાં કોઇ અવગુણ ન પોષાતાં ગુણોની પુષ્ટિ થાય છે. પૂછશો ?

પ્ર.-લાલન-પાલનમાં ઉછેર છતાં અવગુણનું પોષણ કેમ નહિ ?

ઉ.-આનાં બે કારણ છે.

(૧) એક તો કારણ એ, કે પોતે પૂર્વ જીવનમાં ગુણમય જીવન જીવીને આવ્યા છે, એટલે ગુણોના સુસંસ્કારની મૂડી લઇને આવ્યા છે.

(૨) બીજું કારણ એ, કે તીર્થંકર પ્રભુના કુળના ઉત્તમ સંસ્કાર મળ્યા કરે છે.

આમાં પહેલું કારણ જરા વિચારીએ.

પૂર્વભવેથી લાવેલા ગુણોના સુસંસ્કાર અહીં જાગ્રત થઇને ગુણોને જ પ્રગટ કરે ? કે અવગુણોને ? ગુણોના સંસ્કારમાંથી ગુણ જ પ્રગટ થાય, એમાં નવાઇ નથી, આ પરથી સમજવા જેવું છે કે-

અત્યારે આપણામાં અવગુણ દેખાતા હોય તો એ સૂચવે છે કે પૂર્વભવે અવગુણોનું જીવન જીવેલા, એટલે એના જ સંસ્કાર પોષાયા. અવગુણના સંસ્કારમાંથી અહીં અવગુણો જ પ્રગટે એ સ્વાભાવિક છે.

પરંતુ હવે જ સાવધાન થવાનું છે ? અહીં પણ જો અવગુણનું જીવન જીવ્યા તો એના સંસ્કાર કેવા પડશે ? ગુણોના ? કે અવગુણોના ? કહેવું પડે કે અવગુણોના જ સંસ્કાર પડવાના એ આગળના ભવે શું પ્રગટાવશે ? અવગુણો જ. ત્યારે એક સવાલ થાય,

પ્ર.-પૂર્વભવેથી જો અવગુણોના સંસ્કાર લઇ આવ્યા છીએ તો તો અહીં ગુણ પ્રગટાવવા ધારીએ છતાં ગુણો પ્રગટે જ શી રીતે ?

ઉ.-એ રીતે ગુણ પ્રગટે કે ભલે પ્રારંભમાં ગુણો સહજભાવે ન પ્રગટ થાય, છતાં પણ,

**મન મારીને ય ગુણોનો અભ્યાસ કરતાં રહીએ તો એના સંસ્કાર ઊભા થાય છે,**

**અને બહુ અભ્યાસ તથા સંસ્કાર-વૃદ્ધિના બળે આગળ જતાં ગુણ સહજભાવે પ્રગટ થાય છે.**

**જીવન જીતવું એટલે શું ? :-**

આ જગતમાં આ જ રીતે જીતવાનું છે. પૂર્વના અવગુણના સંસ્કાર આપણને અવગુણ તરફ પ્રેરતા જાય, પરંતુ મન મારીને અને શાસ્ત્રવાણી દિલમાં ધરીને ગુણનો પ્રયત્ન કરતાં જઇએ, તો તો ગુણનો અભ્યાસ થઇ શકે છે. મન મારી મારીને અવગુણ અટકાવી ગુણનો અભ્યાસ કર્યે જઇએ તો જીવન જીતી ગયા. એના બદલે અવગુણના જીવન જીવ્યા તો જીવન હારી ગયા. દા.ત.

**તપ સહજ કેમ બને ? :-**

માનો ને તપ ગુણના પૂર્વના સંસ્કાર નથી. ખાઉં ખાઉંના જ સંસ્કાર છે. હવે તપ ગુણ કેળવવો છે, તો શું કરવાનું ? આ જ કે ભલે સહેજે સહેજે તપનો ભાવ નથી થતો, કિન્તુ મન મારીને નવકારશી પોરિસી બિયાસણનું પચ્ચક્ખાણ કરી લીધું. બપોરે સારી રીતે જમણ એવું જમી લીધું કે મનને લાગે કે આજે સાંજે ભૂખ નથી લાગવાની, તો બપોરે જમ્યા પછી મન મારીને તિવિહારનું પચ્ચક્ખાણ કરી લીધું. તો એ પચ્ચક્ખાણના પ્રતાપે તપનો અભ્યાસ થશે. ચતુર્દશી આવી, 'આજે ઉપવાસ' એવું સહેજે આનંદથી થતું નથી છતાં મન મનાવીને ઉપવાસનું પચ્ચક્ખાણ કરી લીધું, તો ત્યાં તપનો અભ્યાસ પડશે. ભલે તપ સહેજે નથી કર્યો. 'ખાવું ખોટું, તપ સારો' એવું મનમાં સહેજે નહિ ઉઠવાથી ઉપવાસમાં ભલે ખાવાના વિચાર આવે છે. 'આજ ખાવાનું નથી' એ ખ્યાલથી સુસ્તી આવે છે, પરંતુ પચ્ચક્ખાણના પ્રભાવે 'આજે તો ખાવું નથી જ' એવો નિર્ધાર છે, તેથી હકીકતે તપ સાંગોપાંગ પૂરો થાય છે. એ તપગુણનો અભ્યાસ છે, પ્રેક્ટિસ છે.

વારંવાર આ તપનો અભ્યાસ આત્મામાં તપના સંસ્કાર નાખે છે, અને એટલા પ્રમાણમાં ખાઉં ખાઉંના સંસ્કાર મોળા પડે છે. એમાં આગળ વધતાં,

**તપના સંસ્કારો વધવાથી પછી કંઇક અંશે પણ તપગુણ સહજ બને છે.**

દર ચૌદશે આવી રીતે ઉપવાસ કે આયંબિલ તપ કરનારને આ અનુભવ થાય છે. એમ રોજ કે બાર તિથિએ પોરિસી કરનારને એ સહજ બનવાનો અનુભવ થાય છે.

મન મારીને પણ કરેલા તપના અભ્યાસથી તપના સંસ્કાર પડે છે, ને એ ભવાંતરે તપનો ઉપદેશ મળતાં સહેજે તપની રુચિ કરાવે છે, ને તપગુણ સહજ બનાવે છે.

એમ, અહિંસા-દયા જયણાનો અભ્યાસ, તે પણ મન મારીને પણ કરેલો વારંવાર અભ્યાસ, એના સંસ્કાર ઊભા કરી એ ગુણ સહજ બનાવે છે. એવું સત્યગુણ, ક્ષમાગુણ વગેરેમાં બને છે.

વાત આ છે, કે-કોઇપણ ગુણનો કે ધર્મનો કદાચ પૂર્વ સંસ્કારના અભાવે અહીં સહજભાવ ન હોય, છતાં અહીં મન ઉચ્છ્રૂંખલને દબાવીને એ ગુણનો ધર્મનો અભ્યાસ કરતા રહો. તો એના સુસંસ્કારનો જથ્થો ઊભો થઇ અહીં કે ભવાંતરે એ ગુણને ને ધર્મને સહજ બનાવશે.

ધર્મનો વારંવાર અભ્યાસ શા માટે ?

**ધર્મનો જેટલો અભ્યાસ વધારે, એટલા એના સુસંસ્કારો વધારે, ને એટલો એ ધર્મનો સહજભાવ થાય.**

ત્યારે પૂછો-

પ્ર.-આ અધર્મ અને અવગુણના ભરચક અને જોરદાર કુસંસ્કારોની સામે મન મારીને ધર્મનો ને ગુણનો અભ્યાસ કેળવવાનું દિલ કેમ નથી થતું ?

ઉ.-એવું મન નહિ થવાનું કારણ, ગુણો અંગેનો નિર્મળ બોધ નથી, એ છે.

ગુણના અભ્યાસ માટે ગુણના લાભના નિર્મળ બોધની જરૂર છે. ગુણ કેળવવાનું મન ક્યારે થાય ? ત્યારે થાય કે જો એમ જાણ્યું હોય કે

(૧) આ ગુણનાં લાભ કેવા કેવા ?

(૨) ગુણ ન હોય ને અવગુણ હોય તો નુકસાન કેવા કેવા ખતરનાક ?

(૩) ગુણવાળા મહાપુરુષો કેવા ને કયા કયા થઇ ગયા ?

(૪) એમણે ગુણના પરાક્રમ કેવા કેવા કર્યા ને કેવા કપરા સંયોગોમાં પણ કર્યા ?

(૫) કેટલી હદ સુધી ગુણ પરાક્રમ કર્યા ?

(૬) એમનો કેવો મહાન ઉદય થયો ?

(૭) તેમજ ગુણને બદલે અવગુણ કેળવનાર કોણ થયા ને એ કેવો વિનાશ પામ્યા ?

(૮) ગુણનું પવિત્ર સ્વરૂપ શું ? એના ભેદ કેટલા ? એ લાવવા શું શું ચિંતવવું.

આ બધી વસ્તુનો નિર્મળ બોધ હોય ને એ કહેનાર જ્ઞાની ઉપર અપરંપાર શ્રદ્ધા-પ્રીતિ-બહુમાન હોય તો મન મારીને પણ ગુણનો અભ્યાસ કરવાની કેમ ઇચ્છા ન થાય ?

કહો ગુણ અંગેનો નિર્મળ બોધ પામવાની મહેનત કરી છે ?

પ્ર.-અવગુણના જ કુસંસ્કાર ભર્યા હોય ત્યાં ગુણનો નિર્મળ બોધ પામવાની મહેનતે ય શી રીતે થાય ?

ઉ.-આ ગેરસમજ છે. એટલું સમજી રાખો કે અવગુણના કુસંસ્કાર અવગુણ પ્રગટ કરે, ગુણ પ્રગટ થવાની આડે આવે, પરંતુ ગુણનો નિર્મળ બોધ પામવાની અને પામવા માટેની મહેનત કરવાની આડે ન આવે.

શું ?

**અવગુણના કુસંસ્કાર ગુણ પ્રગટવાની આડે આવે, પણ ગુણનો નિર્મળ બોધ પામવાની મહેનતની આડે ન આવે.**

દાખલા તરીકે સમજો કે ક્રોધ અવગુણ છે, ને એની સામે ક્ષમા એ ગુણ છે. હવે જો પૂર્વ જન્મોના ક્રોધના કુસંસ્કારો બહુ લઇને આવ્યા છીએ તો એથી ક્રોધ પ્રગટ થવાનો, ક્ષમા ગુણ નહિ, ક્ષમા ગુણ પ્રગટવાની આડે ક્રોધના સંસ્કાર આવવાના. પરંતુ ગુરુના ઉપદેશથી ક્ષમાનો નિર્મળ બોધ પામવો છે, પામવાની મહેનત કરવી છે, તો એ ક્રોધના કુસંસ્કાર એની આડે નહિ આવે. ક્રોધ વારેવારે થયા કરે છે. છતાં ગુરુ પાસે જઇ શકાય છે, એમનો ઉપદેશ સાંભળી શકાય છે. આ મહેનત કરવાની આડે ક્રોધના કુસંસ્કાર નથી આવતાં, તેમજ ઉપદેશમાં સમજવા મળે કે ક્રોધના આવા આવા ખતરનાક પરિણામ છે, તો એ સમજવાની આડે ક્રોધના કુસંસ્કાર નથી આવતા.

**'આગ ઊઠે જે ઘર થકી, તે પહેલું ઘર બાળે,'** પછીથી પાસેનું પાડોશીનું ઘર બાળે. એમ ક્રોધ કરવાથી પહેલું તો પોતાના આત્માને નુકશાન થાય છે, પછી સામાને નુકશાન થાય. આ ક્રોધનું ખતરનાક પરિણામ ઉપદેશમાં સાંભળવા મળે તો એ સમજી શકાય છે.

**જિનવાણીના ભરપૂર શ્રવણની જરૂર આટલા માટે છે કે એથી પાપો ને અવગુણોના ભયંકર અનર્થો સમજાય. ભયંકરતા લાગે તે પછી મન મારીને ય ધર્મ અને ગુણોનો અભ્યાસ કરતા રહેવાય.**

ઉપદેશમાં સાંભળવા મળ્યું કે ક્રોધ કરનાર અગ્નિશર્મા વગેરેની આવી આવી અધોગતિ થઇ, આવી આવી નરક સુધીની વેદનાઓ ઊભી થઇ, ને એ પણ સમજવા મળ્યું કે ક્રોધ-અવગુણની સામે ક્ષમા-ગુણના કેવા કેવા લાભ, ક્ષમા રાખનાર અને ખુશીથી ચામડી ઉઝરડાવા દેનાર ખંધક મુનિનું આત્મ-પરાક્રમ કેવું ? એમ રાજા

ગુણસેન તથા ગજસુકુમાલ મુનિ વગેરેના ક્ષમાના પરાક્રમ કેવા ? એનાં સુખદ ફળ કેવા આવ્યા ? એય ઉપદેશમાં સાંભળવા મળ્યું તો એનો ય નિર્મળ બોધ પામી શકાય છે. ત્યાં ક્રોધના કુસંસ્કાર એ બોધ પામવાની આડે નથી આવતા.

તેમજ ક્રોધનું સ્વરૂપ ને એના ભેદ, તથા ક્ષમાનું સ્વરૂપ અને એના પ્રકાર, તથા ક્રોધ દબાવવાના અને ક્ષમા રાખવાના ઉપાય સાંભળવા મળે તો એનો ય નિર્મળ બોધ થઇ શકે છે.

નિર્મળ બોધ એટલે જ્ઞાનીનાં વચન પર શ્રદ્ધાવાળો બોધ. એ થયા પછી પણ ક્ષમાગુણ આવતાં હજી વાર લાગે, પરંતુ ક્ષમાગુણનો અભ્યાસ કરવાની રુચિ થાય, ને એ અભ્યાસ કરી શકાય.

**ક્ષમાના નિર્મળ બોધથી ક્ષમાગુણ કદાચ ન પ્રગટે પરંતુ ક્ષમાની રુચિ અને ક્ષમાનો અભ્યાસ લાવી શકાય.**

**ક્ષમાગુણ અને ક્ષમાગુણના અભ્યાસમાં શો ફરક ?**

ક્ષમાગુણ એટલે હૈયામાં ક્ષમા વણાઇ ગઇ હોય.

ક્ષમા ગુણનો અભ્યાસ એટલે હૈયામાં ક્ષમા ન વણાયાં છતાં બહારથી ક્ષમા રાખવાનો પ્રયત્ન થાય.

એ પ્રયત્ન વારંવાર કરતાં કરતાં અંતરમાં ક્ષમાગુણ ઊભો થઇ શકે. મૂળમાં એનો નિર્મળ બોધ જોઇએ. ત્યારે કહેવાના,

પ્ર.-નિર્મળ બોધ તો છે, આપ કહો છો એ બધું સમજીએ તો છીએ, છતાં અવસરે ક્રોધ જ થઇ જાય છે, ક્ષમા નથી રહેતી. તેનું કેમ ?

ઉ.-શું કહ્યું નથી કે 'સહજ ક્ષમાની વાર છે ? પરંતુ એનો અભ્યાસ મન મારીને કરવાનો છે.' શ્રદ્ધાવાળા નિર્મળ બોધને શું સમજો છો ?

❀ ❀ ❀ ❀ ❀ ❀

**શ્રદ્ધાવાળો નિર્મળ બોધ એ તો આગ છે આગ.**

જો ખરેખર જાણ્યું કે ક્રોધના આ ભયંકર પરિણામ અને ક્ષમાના સુખદ પરિણામ, તો હૈયામાં આગ સળગે છે કે 'હેં ? આમ છે ? તો તો આ ક્રોધને સળગાવી નાખું ? ગમે તે ભોગે ક્ષમા ન છોડું.' મનમાં આવી આગ સળગે. આ જો ન હોય તો શ્રદ્ધા સંપન્ન નિર્મળ બોધ શો થયો ?

વાત આ હતી કે પૂર્વના સંસ્કાર હોય તો અહીં નાની વયમાં પણ ગુણો પ્રગટ થાય. પરંતુ એવો નિયમ નથી કે પૂર્વભવના સંસ્કાર હોય તો જ ગુણો પ્રગટ

થાય, કેમકે અનાદિકાળથી તો કાંઇ ગુણોના સંસ્કાર ચાલી આવતા નથી, અનાદિકાળથી તો જીવ અવગુણોનો ભરેલો છે. એ તો જ્યારે ને ત્યારે ગુણો પ્રગટ કરવાનું કામ નવેસરથી જ કરવાનું છે. એ શી રીતે થાય ? ગુણોનો મન મારીને પણ અભ્યાસ કરવાથી ગુણો પ્રગટ થતા જાય. પહેલો થોડો, પછી વધારે, પછી એથી વધારે, ગુણ અંતરમાં પ્રગટે.

**ગુણોના અભ્યાસ માટે ત્રણ સાધન છે.**

(૧) જે કુળમાં જનમ્યા તે કુળમાં ગુણોનું જીવન હોય.

(૨) માતાપિતા તરફથી ગુણોનો અભ્યાસ કરાવવાનો પ્રયત્ન હોય.

(૩) ગુરુનો ઉપદેશ ગુણો માટેનો વારંવાર સાંભળવા મળતો હોય.

**(૧) કુળ સંસ્કાર :- જયણાનું જીવન :-**

આમાં પહેલું, કુળમાં ગુણોનું જીવન જોવા મળતું હોય તો એ જોઇ જોઇને બાળકના મન પર ગુણોની છાયા પડે, અસર પડે. દા.ત. કુળમાં કુટુંબમાં વારેવારે જીવદયા માટે જીવજતના-જયણા માટે પ્રવૃત્તિ થતી રહેતી હોય, જેમકે ચૂલો ફૂંકવો છે, તો પહેલાં ચૂલાને પૂંજણીથી પૂંજી લો. વાસણ વાપરવું છે તો પહેલાં જોઇલો કે અંદરમાં જીવજંતુ નથી ને ? પછી જીવજંતુ હોય તો કોઇનો પગરવ ન હોય એવી જગાએ એની રક્ષા કરો. વાસણમાં જીવજંતુ ન દેખાય-વાસણ ને જોયા પછી પોચા હાથે કપડાના છેડાથી પૂંજી લો. ખાટલો-પાટલો-ટેબલ ઘસેડવું છે, તો પહેલાં એની નીચે અને આગળ જગા પૂંજી લો. બૂટમાં પગ ઘાલવો છે, તો પહેલાં જીવ હટાવવા માટે એને ખંખેરી લો. શેતરંજી-ગાદલું પાથરવું છે તો પહેલાં જગા પૂંજી લો.

આમ, જીવ-જયણાની કુળમાં ચાલુ પ્રવૃત્તિ હોય તો એ જોઇ જોઇને બાળકના મન પર પણ એ દયા-જતનાના સંસ્કાર પડે. આ સૂચવે છે કે કુટુંબમાં ગુણોનું જીવન જોઇએ. કાંઇક નુકસાન થયું તો સમતાથી વાત કરવાની ટેવ જોઇએ ઘાટા- ઘોંઘાટા નહિ કરવાના. બહારથી માણસ આવ્યું તો આવકાર, 'આવો પધારો, લ્યો જળપાન કરો, કેમ સારા છો ને ? તબીયત બરાબર ચાલે ?' આવો મધુર વચને આવકાર આપવાનો અભ્યાસ હોય, પણ લુખ્ખી ભાષાને અનાદર જેવું નહિ કરવાનું. સારાંશ,

**જીવ જયણા, મીઠાં વચન, ઓછું બોલવાનું, કોઇની નિંદા નહિ, બીજાના ગુણની પ્રશંસા, વાતવાતમાં આત્મા-પરલોક-પુણ્ય-પાપ વગેરેની વાત. જિનભક્તિ, સાધુસેવા, પરોપકાર વગેરે ગુણોનું જીવન કુળવ્યાપી જોઇએ.**

આખા કુટુંબમાં આનાં જીવન હોય તો નાનાઓને એ જોઇને ગુણોની

પ્રેરણા મળે, ગુણોનો અભ્યાસ થાય, ગુણમય કુળજીવન જોઇ ગુણની પ્રેરણા મળે છે.

કુળનાં જીવનનો પ્રભાવ શું સમજો છો ? દેખાય છે, હલકા કુળમાં જન્મેલા ને એ કુળના કુટુંબીઓના હલકા વર્તાવ ને હલકી વાણી જોઇ જોઇને એવા અવગુણોના જ અભ્યાસ થાય છે. ત્યારે સારા કુળના કુટુંબીઓના ઉમદા વર્તાવ ઉમદા વાણીને જોઇને એ કુળમાં જન્મેલા સારા ઘડાય છે, સારા સંસ્કરણ પામે છે. જનમથી ગુણોના અભ્યાસ થાય છે.

શ્રી ઋષભદેવ ભગવાનના ઇક્ષ્વાકુ વંશમાં જુઓ અસંખ્ય પાટ પરંપરા સુધી રાજાઓ રાજ્ય છોડી છોડી દીક્ષા લેનારા બનેલા ! કેમ વારુ ? કારણ, એ વંશમાં જનમનારાને કુળના ઊંચા જ રિવાજ જોવા મળ્યા. ભરત મહારાજાની પાટે સૂર્યયશા રાજા થયા, એમને દા.ત. અષ્ટમી ચતુર્દશી, આરાધવાનો અખંડ રિવાજ હતો, તે પણ પ્રજામાં ય આરાધાય, માટે આગલે દિવસે નગર આખામાં ઢોલ પીટાવી ને ટેલ પાડવામાં આવતી કે ''આવતીકાલે અષ્ટમી છે. આવતીકાલે ચતુર્દશી છે, માટે સાંસારિક આરંભ-સમારંભ અને વિષય-વિલાસના રંગરાગ બંધ કરી શ્રી ઋષભદેવ ભગવાનની આરાધનામાં લાગવું. તપ, જપ, ભક્તિમાં રહેવું.'' હવે એમના ઘરે જન્મેલાને શું જોવા મળે ? આવા જ બધા ધર્મના અને ગુણના રિવાજ જોવા મળે, તેથી બાળકના મન પર એની અસર પડતી જાય, એટલે એ પણ ગુણનો અને ધર્મનો અભ્યાસ કરવા માંડે. પૂર્વના સુસંસ્કાર કદાચ એવા ન હોય તો ય આ જોઇ જોઇને અભ્યાસ આવે.

**(૧) એમ કુળ સંસ્કારથી ગુણાભ્યાસ થાય.**

**(૨) એમ ગુણાભ્યાસનો બીજો ઉપાય : માતા પિતાનું શિક્ષણ :-**

કેટલાક કુળ-કુટુંબ આખામાં આટલા ઉમદા રિવાજ ન હોય, છતાં ધર્મ પામેલા પિતા કે માતા જો બાળકના જનમથી જ ચીવટ રાખીને (૧) એને ગુણનું, ધર્મનું શિક્ષણ આપતા રહે, (૨) ગુણનું આચરણ શિખવાડે, ને ધર્મના આચારમાં જોડે, તથા (૩) બાળકની જેટલી જેટલી સમજ આવતી જાય એટલા એટલા પ્રમાણમાં ગુણની અને ધર્મ આચારની સમજણ-શિક્ષણ-આચરણ આપતા રહે, તો એ રીતે પણ બાળકમાં ગુણનો અભ્યાસ થતો આવે.

માતા-પિતાનાં શિક્ષણથી બાળકને નિર્મળ બોધ થતો આવે છે, એ હકીકત છે. અલબત્ બાળકને બહારની દુનિયામાં તો ઊંધું જોવા ને ઊંધું સાંભળવા મળે છે, પરંતુ માતા કે પિતા ખબરદાર હોય તો નાની વયથી પ્રેમવાત્સલ્ય દર્શાવી

બાળક પર એવી છાયા પાડતા હોય કે બાળક બહારમાં શું જોઇ આવ્યો, શું સાંભળી આવ્યો, તે એમની આગળ ઓકી નાખે, ને એના પર માતાપિતા સારી સમજ આપતા રહે, ને એમ બાળકને માતાપિતા પરની શ્રદ્ધા-દાક્ષિણ્ય-પ્રેમને લઇને એમનું કહેલું સ્વીકારી લઇ નિર્મળ બોધ થતો આવે.

**આર્યરક્ષિતને માતાના સંસ્કાર :-**

આર્યરક્ષિત બ્રાહ્મણ કુળમાં જન્મેલા, પરંતુ માતા શ્રાવિકા હતી અને માતાનો વર્તાવ એવો ઉમદા હતો કે આર્યરક્ષિતના દિલમાં માતા પ્રત્યે વાત્સલ્ય-ભક્તિ ગજબના અંકિત થયેલ, એનો પડઘો કેવો અદ્ભુત પડ્યો !

આર્યરક્ષિત મોટો થયે પાટલિપુત્ર જઇ બ્રાહ્મણના શાસ્ત્ર ભણી પંડિત થઇ આવેલો છે, નગરનો રાજા એનું સામૈયું કરાવે છે, એમાં બાપા-કાકા-ભાઇઓ બધા દેખાય છે, માત્ર મા નથી દેખાતી ! ચિંતા થાય છે, 'મા કેમ નથી દેખાતી ?' શાના પ્રભાવે આ ચિંતા ? માતા તરફથી વાત્સલ્યનો નિર્મળ બોધ મળેલો એના પ્રભાવે, **'મહાઉપકારી માતાને કેમ ભુલાય, ભલે ને વિદ્યા પૈસા પ્રતિષ્ઠા બહુ મળ્યા ?' માતા પરનો પ્રેમ અત્યધિક બન્યો રહે.**

આર્યરક્ષિતને આ નિર્મળ બોધ મળ્યો છે, તેથી ચિંતા થાય છે કે 'સામૈયામાં માતા કેમ નથી દેખાતી ? શું માંદી હશે ?' તે ઠેઠ ઘરના અંદરના ઓરડામાં માતાને માળા ગણતી બેઠેલી જોઇ, ત્યારે ચિંતા ટળી 'હાશ ! મા માંદી તો નથી.' પરંતુ જ્યાં ગળગળો થઇ માતાના પગમાં માથું મૂકી નમે છે અને માતા કશો હરખ દેખાડ્યા વિના એટલું જ કહે છે, 'ભાઇ ! આવ્યો ?' ત્યાં ચિંતા થઇ 'મારી વહાલી અને મહાઉપકારી માતાને આનંદ કેમ નહિ ? હું આટલું બધું ભણી આવ્યો ને સગી માતાને હરખ નહિ ?'

આ ચિંતા કોણ કરાવે છે ? માતા પ્રત્યેનું અખૂટ વાત્સલ્ય એ એવા નિર્મળ બોધ પરથી જનમ્યું છે કે વિદ્યા ગમે તેટલી ભણીને મોટા પંડિત થયા, પરંતુ માતાના હરખ-દુઃખને પહેલું જોવાનું.

છે આજના ભણેલા કોલેજીયનોને ને ડીગ્રીધરોને આ ? કેમ નહિ ? કારણ છે કે આ નિર્મળ બોધ નથી કે ગમે તેટલી વિદ્યા કે ગમે તેટલી પ્રતિષ્ઠા અને પૈસા મળ્યા હોય પરંતુ મનમાં એની ખુમારી લાવ્યા વિના મહાઉપકારી માતાના હરખ કે ખેદને પહેલો જોવાનો.

આ નિર્મળ બોધ ન મળવામાં કારણભૂત માતા પણ હોઇ શકે છે.

**વિષયરંગમાં રંગાયેલી માતા પતિ પરના મોહના નશામાં બાળકના હિતનું ભાન નથી રાખતી.**

નહિતર આર્ય માતા પેટે આવેલા આશ્રિત સંતાનનું હિત ભૂલે ? પાસે સૂતેલા સંતાન અમારા રંગવિલાસ કદાચ જોઇ જશે તો ? અને એથી અહિતમાં પડશે તો ? એવો માતાને ભય ન હોય ?

પણ વિષયનો નશો ને વિષયનો અંધાપો તથા સુખદાતા પતિ પરનો મોહ ભૂંડી ચીજ છે, એ આશ્રિતના ય હિતાહિતનો વિચાર ન આવવા દે, તો બીજાની શી વાત ? માતા તરફથી આર્યરક્ષિતને નિર્મળ બોધ મળેલો છે કેમકે શ્રાવિકા માતા પતિ પરના મોહના નશામાં સંતાનનું હિત ભૂલે એવી નહિ.

આર્યરક્ષિતને માતા તરફથી હિતની કાળજી એવી મળી હશે કે માતાની માયા એવી લાગી કે બહાર મોટાં સન્માન મળ્યાં એની કિંમત પછી, પણ પહેલો માતાનો રાજીપો જોઇએ. એટલે જ માતાને પૂછે છે, **'મા ! આખું ગામ રાજી, ને તું રાજી નહિ ?'**

મા કહે, ''હા, ગામ કાંઇ તારી મા નથી તેથી રાજી થાય, પણ હું તો તારી મા છું તે શેના પર રાજી થાઉં ? તું શું ભણી આવ્યો ? પેટની વિદ્યા એટલે પાપની જ વિદ્યા ને ? એનો ઉપયોગ કરીને ભારોભાર અભિમાન અને આસક્તિ પોષવાનો કે બીજું કાંઇ ? જેથી ભવોમાં ભટકવાનું ઊભું થાય એના પર તારી શ્રાવિકા માતા રાજી થાય ?''

આર્યરક્ષિતમાં માતા પ્રત્યેની ભક્તિના સંસ્કાર કેવા મળ્યા છે કે માતાની નારાજીથી એ દુઃખી થાય છે, માતાને પૂછે છે,-

''તો મા ! હું શું ભણું તો તું રાજી થાય ?''

માતા કહે છે ''તું દ્રષ્ટિવાદ ભણે તો હું રાજી થાઉં.''

''દ્રષ્ટિવાદ'' એટલે શું ? ખબર છે તમને ? આ અમારી જૈન સંઘની માતાઓને ખબર છે ? ના,

**આજની બેનો બી.એ, બી. કોમ ભણી પણ બધું બહારની ભણી, આત્માનું કશું ભણી નહિ.**

**જૈન સંસ્કૃતિ શી રીતે ટકવાની ?**

**કોઇપણ સંસ્કૃતિ ટકે એના આચાર વિચાર પર.**

એ હિસાબે જૈન સંસ્કૃતિ પણ એના આચાર પર ટકે. જૈન સંસ્કૃતિના

આચારોમાં આ પણ એક આચાર કે જૈન સંસ્કૃતિનું જ્ઞાન મેળવતા રહેવાનું આચરણ કરો.' હવે જો આ આચરણ ન હોય તો જૈન સંસ્કૃતિ ટકે શાના પર ? એમ કહેતા નહિ કે-

પ્ર.-ભલે જૈન ધર્મનું જ્ઞાન મેળવવાનું આચરણ ન હોય પરંતુ જૈન ધર્મના બીજા દેવદર્શનાદિ આચરણ હોય તો ય જૈન ધર્મ યા જૈન સંસ્કૃતિ ટકે ને ?

ઉ.-આ માન્યતા ગંભીરતાથી વિચારણા માગે છે. ગંભીરતાથી એટલે કે ઊંડાણથી વિચારવા જેવું છે. જૈન ધર્મનું જ્ઞાન મેળવવા-વધારવાનું આચરણ નહિ એટલે આજના વિદ્યાના યુગમાં બીજી-બીજી વિદ્યાઓ ભણવા મેળવવાના આચરણ ભરપૂર ચાલવાના. એમાં આજની વિદ્યાઓ એટલે જડની જ વિદ્યાઓ.

**શું સ્કુલ, કે શું કોલેજ, આજે ક્યાંય આત્માની વિદ્યા જ ભણાવાતી નથી !**

આત્મા અને એના અંગેના પુણ્ય-પાપ પરલોક વગેરે કશાનું નામ પણ લેવાતું નથી ! ત્યારે જડના માત્ર નામ નહિ, પરંતુ એના સ્વરૂપના શાસ્ત્રોના શાસ્ત્રો ભણાવાય છે. વરસો સુધી છોકરો આ ભણે એટલે એને એના જ અનુકૂળ સંસ્કાર આત્મા પર પડયે જ જાય, પડ્યે જ જાય. એ સંસ્કારો દિલમાં ભૌતિક જ વાતો લાવ્યા કરે, જડના જ ભરપૂર વિચારો સુલભ કરી આપે.

હવે વિચારો કે

**જ્યાં મનમાં જડના જ ભરચક વિચારો ચાલ્યા કરતા હોય ત્યાં દેવદર્શનાદિ ધર્મના આચરણ દિલથી ક્યાંથી થાય ?**

ધર્મનો હૃદયવેદી વિચાર જન્મે જ શાનો ? ત્યારે તેવા હૃદયવેદી દેવદર્શનાદિના ભાવ ન જાગે, પછી જે ઉપલકિયા દ્રષ્ટિથી દેવદર્શનાદિ કરાતા રહે એ અંતરાત્મામાં કેટલી અસર કરે ?

**હૃદયના તાર ઝણઝણ્યા વિનાની ધર્મક્રિયા દ્રવ્યક્રિયા બને છે, ભાવક્રિયા નહિ.**

**ભાવક્રિયા ક્યારે બને ?**

અનુયોગદ્વાર સૂત્ર ભાવક્રિયાવાળાનું આ સ્વરૂપ કહે છે.

'તચ્ચિત્તે, તમ્મણે, તલ્લેસ્સે'...

આમાં 'તલ્લેસ્સે' એટલે કે 'તે તે સૂત્રની ક્રિયાની લેશ્યાવાળો બને' એમ કહ્યું દા.ત. ઇરિયાવહિય સૂત્રની ક્રિયા એ જીવહિંસાના પ્રશ્ચાત્તાપ પૂર્વકની 'મિથ્યાદુષ્કૃત' કરવાની ક્રિયા છે. એ એને અનુરૂપ લેશ્યાવાળી બનવી જોઇએ. તો ક્રિયાકારકે દિલના પ્રશ્ચાત્તાપ અને મિથ્યાદુષ્કૃતની લેશ્યાવાળા થવાનું, થવું જ પડે,

જો ભાવક્રિયામાં આવવું હોય તો,

આમાં તેની લેશ્યાવાળા બનવું પડે એટલે શું ?

સૂત્ર અને ક્રિયા હાથમાં આવી એ એવા હૃદયવેદી હૃદયસ્પર્શી વલણસંવેદનવાળી બનાવવી જોઇએ.

એ બનાવવી હોય ત્યારે હૃદયમાં આધ્યાત્મિક વાતાવરણ જોઇએ, આધ્યાત્મિક વલણ જોઇએ. પરંતુ જૈન ધર્મનું જ્ઞાન મેળવવા-વધારવાની પરવા જ રાખી નથી, એટલે પછી ભૌતિકજ્ઞાનને દુનિયાભરના જડકચરાનું જ્ઞાન ભરપુર લેવાનું રહ્યું છે. એનાથી હૃદયમાં વાતાવરણને વલણ જડ પદાર્થોનું જ રહેલું હોય. એવા હૃદયમાં જૈન ધર્મની ક્રિયાને અનુરૂપ આધ્યાત્મિક વલણ-વાતાવરણ ક્યાંથી રહેવાનું ?

**જૈન સંસ્કૃતિનો ઉદ્ધાર કરવો હોય તો કુટુંબમાં રોજ યા આંતરે દિવસે કે છેવટે રજાના દિવસે ઉપદેશમાળા, જૈન રામાયણ, ત્રેશઠ શલાકાપુરુષચરિત્ર, વગેરેનું સમૂહ વાંચન રાખો.**

આજે છાપા વાંચન, રેડિયો શ્રવણ, અને વાતોચીતો જીવનમાં એટલા ઘુસી ગયા છે કે ત્યાં ધાર્મિક સમરાદિત્યકેવળી, રામાયણ, ઉપદેશમાળા વગેરે ચરિત્રો શાસ્ત્રો વાંચવાને અવકાશ જ ક્યાં છે કે એનાથી હૃદયમાં આધ્યાત્મિક વલણ વાતાવરણ રહે ? એ તો ક્રિયાના આચરણની જેમ જૈન ધર્મના જ્ઞાનનાં આચરણની ગરજ હોય એ ધાર્મિક ચરિત્રો ને ઉપદેશ ગ્રન્થો નિયમિત વાંચે, વિચારે તો એના હૃદયમાં આધ્યાત્મિક વલણ-વાતાવરણ રહ્યા કરે, ને રોજ દેવદર્શન વગેરે ક્રિયા તલ્લેશ્ય બનીને ભાવથી સધાતી રહે. પૂર્વે જૈન કુટુંબોમાં આ ચાલતું હતું, આ જ્ઞાનાચાર પળાતો હતો, તેથી ધર્મશ્રદ્ધા, આત્મભાન, આત્મજ્ઞતા, પરલોકદ્રષ્ટિ, પાપભય...વગેરે કુટુંબના જીવનમાં પ્રધાન રહેતા.

**આજના જડવાદના ઝેરથી જ્ઞાનાચરણ મરી પરવાર્યા જેવું છે.**

**આર્યરક્ષિતને દ્રષ્ટિવાદની આજ્ઞા :-**

એટલે પછી ધર્મનું જ્ઞાન ક્યાંથી આવે ? એ સ્થિતિમાં દ્રષ્ટિવાદ એ ધર્મની કઇ વસ્તુ છે એ ક્યાંથી ખબર હોય ?

આર્યરક્ષિતની શ્રાવિકા માતા પોતાના પિતાના ઘરે જ્ઞાનાચરણ પામી હશે તેથી એને ખબર છે કે દ્રષ્ટિવાદ એટલે દ્વાદશાંગી યાને બાર અંગમય જિનાગમ, એમાનું બારમું અંગ 'દ્રષ્ટિવાદ' આગમ છે. જેમાં ૧૪ પૂર્વ શાસ્ત્રો સમાયા છે.

એ દ્રષ્ટિવાદ યોગ્ય મુનિને જ ગુરુ ભણાવે. એટલે ભણવું હોય તો પહેલાં ચારિત્ર દીક્ષા લેવી પડે. એ માતા જાણે છે, અને શ્રાવિકા માતા છે ને ? એટલે એને દીકરાને સાધુ બનાવવાના કોડ છે. પરંતુ તે સીધું નથી કહેતી કે ''તું સાધુ બન,'' પરંતુ દ્રષ્ટિવાદ ભણવાનું કહે છે. ''તું દ્રષ્ટિવાદ ભણ'' તો હું રાજી થાઉં.''

હવે જૂઓ અહીં મોટો પંડિત થઇને આવેલ પુત્ર આર્યરક્ષિત શું કહે છે. રાજા સામૈયું કરાવે એવી ઊંચી પંડિતાઇ મેળવેલા આર્યરક્ષિતને હવે રાજસભામાં પાંડિત્ય બતાવવાના, સ્થાનિક પંડિતો અને બહારથી આવતા પંડિતોને આંજી દેવાના, પ્રભાવિત કરી દેવાના, તેમજ ભારે પ્રતિષ્ઠા-સત્કાર-પુરસ્કાર મેળવવાના કેટલા કોડ, હોય ? પરંતુ એ કોડ જતા કરીને આર્યરક્ષિત માતાને રાજી કરવા તરત તૈયાર થઇ જાય છે. કેટલી ઊંચી આધ્યાત્મિક દશા ! કે જ્યાં માતાની ખુશી ખાતર ભારે ભૌતિક લાભો તરફ પીઠ કરવામાં આવે છે.

**માતાના રાજીપા આગળ પોતાના કોડની વસ્તુની બહુ કિંમત નહિ એનું નામ માતૃભક્તિ છે.**

માતાને પૂછી લે છે. 'દ્રષ્ટિવાદ કોણ ભણાવે ?

માતા કહે છે, 'તારા મામા તોસલિપુત્ર આચાર્ય ભણાવશે. એ હાલ બાજુના ગામમાં છે.'

❀ ❀ ❀ ❀ ❀ ❀

આર્યરક્ષિત તરત કહી દે છે, 'તો સારું, હું વહેલી સવારે ઊઠીને એમની પાસે ચાલ્યો જઇશ.' સવારે કુટુંબ આખાને ઊંઘતુ રાખી આર્યરક્ષિત ત્યાં પહોંચી જાય છે, અને માંગણી કરે છે.

'મારી માતાએ દ્રષ્ટિવાદ ભણવા તમારી પાસે મોકલ્યો છે. મને એ ભણાવવા કૃપા કરો.'

આચાર્યશ્રી કહે છે 'એ તો સાધુ થાય એને જ ભણાવાય.'

આ કહે 'તૈયાર છું.' શું ? માતાની ભક્તિ ખાતર આર્યરક્ષિત તરત સાધુ થવા તૈયાર થઇ જાય છે ! શું વૈરાગ્ય થયો છે ? ના, માતાને રાજી કરવી છે.

માતાએ આ સમજીને જ દ્રષ્ટિવાદ ભણવાનું કહ્યું હશે. તો એ માટે ભલે સંસારના તમામ વિલાસ જીવનભર માટે વોસિરાવવા પડે તો વોસિરાવવાના, ને સાધુ થવું પડે તો થવાનું, ને દ્રષ્ટિવાદ ભણવાનું.

**વિચારો આ આપણા પૂર્વજનાં પરાક્રમ !**

શું માતાને રાજી કરવા આટલું બધું ?

હા, કારણ કે માતા પ્રત્યે વાત્સલ્ય, ભક્તિ અને વિનયના સંસ્કાર મળેલા છે.

(૧) સારા સંસ્કાર પૂર્વ ભવથી ય આવે, અને

(૨) અહીં કુટુંબના ઉત્તમ ઉમદા જીવન જોઇને ય આવે, તેમજ

(૩) માતા-પિતાના સુશિક્ષણથી ય ઊભા થાય.

આપણી વાત હતી શ્રી શાંતિનાથ ભગવાનનો જીવ આઠમાં ભવમાં ક્ષેમંકર રાજાના પુત્ર વજ્રાયુધ છે એના સુસંસ્કારની અને સદ્‌ગુણોની. ક્યાંથી આવ્યા એ સંસ્કાર અને સદ્‌ગુણો ? કહો ત્રણે ય રીતે.

(૧) પૂર્વભવના પોતાના ઉત્તમ જીવનના સુસંસ્કારો ચાલી આવ્યા છે, અને

(૨) અહીં જે કુટુંબમાં જન્મ પામ્યા છે એ કુટુંબમાં જીવન ઉત્તમ ઉમદા જોવા મળ્યાં છે, તેમજ

(૩) માતાપિતા તરફથી સારાં શિક્ષણ મળ્યાં છે.

એટલે વજ્રાયુધ રાજકુમાર સુસંસ્કાર અને ઉત્તમ સદ્‌ગુણોવાળા છે.

આની સાથે સાથે વજ્રાયુધ ઉત્તમ ધર્મશ્રદ્ધા ધરાવે છે. એની નજર સામે ને નજર સામે ધર્મને રાખનારો છે. માટે તો જુઓ એના ગુણ કેવા સ્વર્ગે ગવાય છે !

**વજ્રાયુધને ઇન્દ્ર પ્રશંસે છે :-**

એકવાર એવું બને છે કે દેવલોક બીજામાં ઇશાન ઇન્દ્ર ભરી સભામાં દેવતાઓ આગળ કાંઇક ચર્ચા નીકળતાં વજ્રાયુધની પ્રશંસા કરે છે કે "આજ કાલ મૃત્યુલોકમાં ક્ષેમંકર રાજાના પુત્ર વજ્રાયુધ અદ્‌ભુત સમ્યક્‌ત્વ ધરાવે છે એમાંથી ચમરબંધી દેવતા પણ એને ડગાવી શકે નહિ-ધન્ય એનાં જીવનને ! ધન્ય એનાં સમ્યક્‌ત્વને !"

ઉત્તમ ઉમદા દિલમાં ગુણવાનના ગુણ રમે છે.

**દિલમાં બીજાના દોષ રમે એ દિલ અધમ છે, ક્ષુદ્ર છે.**

દિલમાં બીજાના દોષ નહિ, ગુણ જ હોય, એ દિલ ઉમદા.

ઇન્દ્રનું દિલ ઉત્તમ છે, ઉમદા છે, તેથી એ દિલમાં વજ્રાયુધનો સમ્યક્‌ત્વગુણ તરી આવે છે. નહિતર જો દિલ અધમ અને ક્ષુદ્ર હોત તો તો ઇન્દ્ર અવધિજ્ઞાની હતા એટલે બીજા મનુષ્યોના ભારે દોષ જોઇ શક્ત અને એનું પિંજણ કરી શકત. પરંતુ ના,

**ઉમદા ઉત્તમ દિલમાં બીજાના દોષ આવે નહિ.**

ઇન્દ્ર ભરી સભામાં પ્રશંસા કરે છે કે આજ કાલ મૃત્યુલોકમાં વજ્રાયુધ રાજકુમાર દ્રઢ સમ્યક્ત્વ ધરાવે છે, મોટો દેવતા પણ એને ચલાયમાન ન કરી શકે.

ઉત્તમના ગુણ ગાવતાં ગુણ આવે નિજ અંગ.

તમે ગુણવંતના ગુણ ગાઓ રે, ગુણ ગાઓ રે, તો પાઓ ગુણ સંપદા.

ઇન્દ્રના મુખે વજ્રાયુધની પ્રશંસા સાંભળીને એક દેવતાને ઇર્ષ્યા થઇ આવી. મનમાં એમ થયું કે 'વજ્રાયુધનું એવું તે કયું દ્રઢ સમ્યક્ત્વ હોઇ શકે ? હું જાઉં હમણાં, અને વજ્રાયુધના સમ્યક્ત્વનું પારખું કરું.'

**રાજસભામાં દેવતા :-**

દેવતા રાજા ક્ષેમંકરની રાજસભામાં ઊતરી આવે છે. રાજા સભા ભરીને બેઠા છે. રાજાની બાજુમાં વજ્રાયુધ પણ બેઠેલ છે. સભામાં મંત્રીઓ, અમાત્ય, સેનાપતિ, ખજાનચી અને બીજા અમલદારો તથા શેઠિયાઓ વગેરે ઉપસ્થિત છે. ત્યાં દેવતા દેવરૂપે જ હાજર થાય છે. દેવરૂપે હાજર થવાની નવાઇ નથી, કેમકે રાજા ક્ષેમંકર આજ ભવમાં તીર્થંકર થવાના છે. તે હાલ ગૃહસ્થપણે છે. એમની પાસે દેવોનાં આગમન સ્વાભાવિક છે. કેમકે કોઇ સમકિતી દેવતાને એમનાં દર્શનનાં કે સેવાના કોડ થાય, તીવ્ર આતુરતા થાય, તો અહીં ઊતરી આવે. કહે છે ને કે પ્રભુ બાળવયના હોય ત્યારે અલબત પોતે તો અવધિજ્ઞાની અને મહાવિરાગી હોવાથી એમને પોતાને રમવા કરવાનું કોઇ કૌતુક આતુરતા હોતી જ નથી, પરંતુ બાળવયમાં બાળકોના અનુરોધથી એમનું મન રાખવા માટે એમની સાથે રમે છે. એ વખતે દેવતા પણ પ્રભુની સેવામાં પ્રભુની સાથે રમવા આવી જાય. તેમજ પ્રભુ મોટા થયા એમના દર્શનાર્થે પણ આવી જાય એ સહજ છે.

**વજ્રાયુધ સામે દેવતાનો લવારો :-**

રાજસભામાં દેવતા કહે છે ''હે કુમાર ! આજ કેટલાક લોકોને કેમ ગાંડપણ લાગ્યું છે કે તપસ્યાથી કાયાને નકામી તપાવે છે ? ઘરમાં ખાવા-પીવાનું ભર્યું પડ્યું હોય છતાં એ છોડીને શું કામ નકામાં તપસ્યા કરતા હશે ? જેને બિચારાને નથી મળ્યું એ એના અરમાન-ઓરતા કરે છે કે ક્યારે સારું સારું ખાવા-પીવાનું મળે ને મોજથી ખાઇએ પીએ ! ત્યારે આ અજ્ઞાન લોકો શું કામ ખાવા-પીવાનું છોડી તપ તપતા હશે ?

કુમાર કહે 'મહાનુભાવ ! એ પોતાના આત્માના કલ્યાણ માટે કરે છે.'

દેવ કહે, 'પણ કુમાર ! આત્મા જ કોણે જોયો છે ?'

**આત્માની સાબિતી :-**

વજ્રાયુધકુમાર કહે 'ભલાભાઇ ! આત્મા તો આપણા રોજના અનુભવમાં છે. બધી વાતમાં હું, મને, મારું, વગેરે કોણ કરે છે ? માણસ કોઇ એવા અવસરે બોલે છે 'હું મિઠાઇ જોઇશ ખરો, પણ ખાઇશ નહિ' તો આ 'હું' તરીકે કોણ બોલે છે ? જો જીભ કહીએ તો જીભને ખાવાની ખબર છે એટલે એ કદાચ એમ કહે કે 'આ ખાઇશ ને આ નહિ ખાઉં' પરંતુ જીભને જોવાની ક્યાં ગમ પડે છે કે 'આ જોઇશ ને આ નહિ જોઉં ?' એમ જો કહો કે આંખ બોલે છે, તો પણ એજ સવાલ છે, આંખને જોવાની ગમ તો પડે કે 'આ જોઇશ ને આ નહિ જોઉં', પરંતુ ખાવા અંગે તેને કશી ગમ જ ક્યાં છે કે એ બોલે 'હું આ ખાઇશ ને આ નહિ ખાઉં ?' આંખનો ખાવું-પીવું એ વિષય જ નથી તો શી રીતે કહી શકે કે 'હું મિઠાઇ ખાઇશ નહિ.'

આમ આંખ અને જીભના તદ્દન અલગ વિષય હોઇને તે તે પ્રકારના વિષયોનો સમન્વય કરનાર જુદો આત્મા એ કામ કરે છે, એમ માનવું જ પડે. એ કહે છે. 'મારે મિઠાઇ આંખથી જોવી છે, પણ જીભથી ખાવી નથી.' એમ એ અલગ વ્યક્તિ કહી શકે. આ જ આત્માની સાબિતી છે.

દેવતા કહે 'પણ એ સમન્વય તો મન પણ કરી શકે ને ? એ માટે આત્મા માનવાનું શું કામ ?'

કુમાર કહે 'પરંતુ જ્યાં મનના કામને ય સમજવાની જરૂર હોય છે ત્યાં એ કરનાર કોણ ? દા.ત. જ્યાં એમ બોલાય છે કે મારે મનથી ખોટા વિચાર નથી કરવા, સારા જ વિચાર કરવા છે,' ત્યારે મનમાં 'મારે' એટલે કોને ? શું મન પોતે એમ કહે કે 'હું મનથી ખોટું નહિ વિચારું ?' એને વળી શું બીજું મન છે ? એમ જ્યાં માણસ એમ કહે કે 'હું વિચારીશ ખરો પણ બોલીશ નહિ,' ત્યાં હું એટલે કોણ ? મન ન કહેવાય કેમકે બોલવું એ મનનો વિષય જ નથી. એટલે ત્યાં પણ જુદો આત્મા જ માનવો પડે, કે જે એમ કહી શકે કે 'મારે મનથી વિચારવાનું છે, પણ જીભથી બોલવાનું નથી' તો પછી 'હે દેવ ! શું આત્મા જેવી વસ્તુ છે જ નહિ ? આત્મા છે જ. એના કલ્યાણનો વિચાર હોવાથી માણસ તપસ્યા કરે છે. એમાં ગાંડપણ શાનું ?

દેવતા જુએ છે કે 'કુમાર આત્મતત્ત્વની શ્રદ્ધામાં છે તો પાકો, પરંતુ હજી વિશેષ ચકાસવા દે.' એટલે કહે છે-

'કુમાર ! ભલે આત્મા હો, પરંતુ શું તમને નથી લાગતું કે આત્માનું

કલ્યાણ તો સારું સારું ખાવા-પીવા મળ્યું છે, તો એ આરામથી ખાવા-પીવામાં છે, તપથી ભુખે મરવામાં નહિ ?'

કુમાર કહે 'ભાગ્યવાન ! જો શરીરથી જુદી આત્મા જેવી વસ્તુ અવિનાશી છે જ, તો એ સ્પષ્ટ છે કે શરીર તો નાશવંત છે, એ કાંઇ પરલોક જતું નથી. આત્મા છે તો એને પરલોક જવાનું છે. ત્યાં શું અહીંનું સારું ખાધેલું પીધેલું એને જવાબ આપે ? એમ તો આખી દુનિયા ખાય-પીએ છે તો બધાયનું પરલોકમાં કલ્યાણ જ થઇ જાય ! માટે માન કે પરલોકમાં કલ્યાણ અહીંના તપથી જ થાય છે, માટે જ બહું થોડા જ જીવો પૂર્વભવે તપ કરીને આવેલા હોય છે ને એ થોડા જ જીવો સુખ પામેલા દેખાય છે.

દેવતા કહે, 'રહેવા દો રહેવા દો કુમાર પરલોકની વાત. પરલોક કોણે જોયો છે ? પરલોક-પુણ્ય-પાપ ધર્મ વગેરે વગેરે બધી લોકોને ભરમાવવાની વાતો છે.'

કુમાર કહે 'અરે મહાન પુણ્યવંતા દેવ ! આ તું શું બોલે છે ? મને એ તો કહે કે તું પોતે દેવ છે એટલે તું તારો પૂર્વનો ભવ જોઇ શકે છે ને ? તો પૂર્વભવના હિસાબે આ ભવ તારો પરલોક પરભવ ખરો કે નહિ ?

તું પોતે જ જોઇ શકે છે કે તારા પૂર્વભવમાં તેં સારી ધર્મકરણી કરેલી એટલે તું અહીં દેવ તરીકે થયો છે. તો હવે તારો આત્મા જ પરભવ દેખવા પામ્યો ને ? તેમ એ દેવ વૈભવ દેખવા પામ્યો તે ધર્મની કરણીના પુણ્યથી પામ્યો, પરંતુ નહિ કે અધર્મ કરણીના પાપથી પામ્યો. તો આમાં 'પરભવ નથી પુણ્ય નથી પાપ નથી' આવા જુઠા બોલ બોલી શા સારુ તારા આત્માને ભારે કરી રહ્યો છે ?

**પૂર્વભવના સારા ધર્મના બોલથી આ દેવ ભવની જીભ મળી એજ જીભથી અધર્મના બોલ બોલવાના ?**

તને પ્રત્યક્ષ એવા આત્મા અને પરલોક પદાર્થનો અપલાપ કરી શા સારુ મિથ્યાત્વમાં ડુબી રહ્યો છે ? તારે દેવને તો વિચરતા તીર્થંકર ભગવાન પાસે જવાનું મળે છે, અને એમની વાણી સાંભળવાનું મળે છે એટલે તારે એ સાંભળીને સમ્યગ્દર્શન પામવાનું ને એને અજવાળવાનું સુલભ ! એ છોડીને મિથ્યાત્વના ઝેરી વિચાર અને વાણીમાં ફસ્યો રહે છે ?'

દેવની પાસે આનો કોઇ ઉત્તર ન હોતો, પરભવ પ્રત્યક્ષ છે, અહીં રહ્યા જોઇ શકે છે કે 'હું ગયા ભવમાં અમુક હતો, ને અમુક કરણી કરનારો હતો.' આવું

પ્રત્યક્ષ જુએ એમાં ગયો ભવ એટલે કે પરભવ જાતે અનુભવ્યો એનો હવે અપલાપ નિષેધ શી રીતે કરી શકે ?

દેવતાને આત્મા-પરલોક-પુણ્ય-પાપ હવે કબૂલ કર્યે જ છૂટકો હતો, પરંતુ જો ગાઢ મિથ્યાત્વ હોય તો આ કબૂલ ન થાય.

**મિથ્યાત્વનો પ્રભાવ જ એવો છે કે સાચું જ થવા દે નહિ.**

બોલો જ્ઞાનિઓનું વચન છે કે 'સંસારના ધનમાલ અને વિષયો ભૂંડા છે, બૂરા છે, ને એ પ્રત્યક્ષ દેખાય પણ છે કે એ કેવી કેવી બૂરાઇઓ સરજે છે, છતાં દિલને એ વાત જ જચે છે ? કહેશો, 'હા, જચે છે,'

તો હવે એ કહો, ધનસંપત્તિ અને વિષયો બૂરા તરીકે હૈયે જચ્યા હોય તો એના પ્રત્યે અભાવ ન થાય ? બૂરા પ્રત્યે અભાવ થાય કે સદ્ભાવ થાય ? દીકરો બૂરો નીકળ્યો તો એનાં પ્રત્યે હવે સદ્ભાવ થાય ? કે એવો અભાવ થાય કે 'હાય ! આ દીકરો ક્યાં મારા કપાળે લખાયો ?' અલબત એને ઘરમાંથી કાઢી શકાતો ન હોય, તો ય એની પ્રત્યે વર્તાવ તો અભાવભર્યો જ રહે ને ?

તો બોલો, ધન સંપત્તિ અને શબ્દાદિ વિષયો પ્રત્યે અભાવભર્યો વર્તાવ કરો છો ને ? હૈયે બળતરા છે ને કે 'હાય ! ક્યાં મારે આ બૂરા ધનમાલ વિષયો લમણે લખાયા ? કેમ આમાં ફસી રહ્યો છું ?' આવો સંતાપ જ થાય છે ? કે એ મળ્યાની ખુશનસીબી લાગે છે ? એમ કહેવાના,

પ્ર.-જ્ઞાનીઓ ધનસંપત્તિ અને વિષયોને બૂરા કહે છે પણ અમને બૂરા લાગતા નથી એટલે એના પર શી રીતે અભાવ અને સંતાપ થાય ?

ઉ.-તમને કેમ એ બૂરા નથી લાગતા ? આ દુનિયામાં ધનમાલ અને વિષયો બૂરાઇઓ કેટલી કરાવે છે ? તો જે બૂરાઇઓ કરાવે એ બૂરા ન કહેવાય ?

ધનમાલ અને વિષયો કેટલી બૂરાઇઓ સરજે છે એ ખબર નથી ? પહેલું તો એ રાગ જ એવો કરાવે છે કે મનને એ સર્વેસર્વા લાગે છે. પૈસા તારણહાર લાગે છે. 'પૈસા પર પ્રેમ પહેલો, ભગવાન પર પ્રેમ પછી, પૈસા ખાતર ભગવાનનો ઉપયોગ થાય, ભગવાન ખાતર પૈસાનો ઉપયોગ નહિ. પૈસા જાત અને કુટુંબ માટે કમાયા છીએ ભગવાન માટે નથી કમાયા.'

**પૈસાના વધુ રાગમાં મિથ્યાત્વ :-**

ભગવાન કરતાં પણ પૈસા પર વધારે રાગ કેવી મૂઢતા કરાવે છે કે- ''ભગવાન ! તમે વહાલા પણ તમારા કરતાં પૈસા મને વધારે વહાલા,'' મોકો

આવ્યો હોય તો ય ભગવાનને ભજવાનું ભગવાનની ભક્તિ કરવાનું જતું કરીને ય પૈસા સાચવવાના ! પણ પૈસા જતા, કરીને ભગવાનને નહિ સાચવવાના ! નહિ ભજવાના !''. આવો આંધળો રાગ પૈસા પર છે ને ? એમાં મિથ્યાત્વ છે, કેમકે એમ પૈસા વધુ વહાલા કરવામાં કશું ખોટું લાગતું નથી કે 'હાય ! જે ભગવાનના પ્રતાપે તો પૈસા મળે છે, એ પ્રભુ કરતાં પૈસા વધુ વહાલા કરું છું ? કેટલું ખરાબ !'

પૈસા આવો આંધળો રાગ કરાવે, મિથ્યાત્વમાં સડતા રાખે, એ એની ઓછી બૂરાઇ છે ?

ઘરમાં આગ લાગી, કબાટ પર ભગવાનનો ફોટો લટકાવેલો છે, ને કબાટમાં નોટોના બંડલ છે, પહેલું શું બચાવો ? પૈસા જ ને ? કેમ ? એવી સમજ છે કે 'પૈસા બચશે તો અલબત ભગવાન બીજા લાવશે, પણ ભગવાન બચાવીએ તો એ થોડાજ આગળ પૈસા લાવી આપે ? આવી ઘેલી સમજ મનમાં બેઠેલી ખરી ને ?

પૈસાની આ તો એક બૂરાઇ, પણ બીજી બૂરાઇઓ કેટલી ?

**પૈસાની બૂરાઇઓ ગણવા માંડો :-**

(૧) પૈસા ધનદાતા ભગવાનને પણ નીચા પાટલે બેસાડે.

(૨) પૈસાના કારણે ભાઇ-ભાઇમાં ઝગડો થાય છે ! ને પછી લડે છે ! લડે તે કેવું લડે ? એકલા એ બેને વચ્ચે જ નહિ પણ એમના કુટુંબ વચ્ચે પણ મોટા અંટસ ! એક બીજાની નિંદા ! એક બીજાને દેખે તે રોષ અને રીસની દ્રષ્ટિથી ! બધું પૈસાના કારણે.

(૩) પૈસાના કારણે માણસ પરદેશ જશે, દેવ-ગુરુ-ધર્મનો યોગ ન હોય તો ય ચલાવશે. 'લાવ, ત્યાં ઘર મંદિર રાખું.' નાના ભગવાન પધરાવી રોજ અષ્ટપ્રકારી પૂજાનો લાભ લઉં,' એ નહિ. કેમ નહિ ? કારણ મફતિઓ ખરચ વધી જાય એમ લાગે છે. હાય પૈસા !

(૪) પૈસાની લાલચે ધંધા-ધાપામાં એટલો બધો સમય કાઢશે કે શક્ય એવા કેટલાય સામાયિક સ્વાધ્યાય-વ્યાખ્યાનશ્રવણ-જાપ વગેરે ધર્મને સમય નહિ આપે. તેમ ધંધા-ધાપાની માથે ચિંતા એટલી બધી, ને મગજ એમાં એટલું બધું રોકાયેલું કે એ મગજમાં પછી ધર્મને માટે જગા જ નહિ હોય ! બુદ્ધિ-કુનેહ-તર્ક વગેરે બધું પૈસા પાછળ વાપરવાનું એટલે ધર્મ માટે એ નહિ. તેથી ૬૦ વરસની ઉંમર હશે પણ પ્રતિક્રમણનાં ય સૂત્ર નહિ આવડતા હોય ! પૈસાના કારણે કેટલું ગુમાવવાનું ?

(૫) પૈસાના જ કારણે અતિ નિકટના પણ સગા સ્નેહી સાથે વૈમનસ્ય થાય છે. સ્નેહ સદ્ભાવ ગુમાવવાનું થાય છે. એની પાછળ બીજું કેટલું ય ગુમાવવાનું થાય ! બીજા કેટલાય નુકસાન ઊભાં થાય !

આ બધું જો વિચારવા બેસીએ તો સમજાય કે 'હાય ! લક્ષ્મી અને વિષયો આટલી બધી બૂરાઇઓ ભર્યા છે ? એ ભારે બૂરા છે તેથી જ્ઞાનીઓ પણ એને આશ્રવ તરીકે એટલે બૂરા તરીકે ઓળખાવે છે. છતાં નર્યું મિથ્યાત્વ હોય તો જ્ઞાનીઓનાં આ વચન હૈયે જચે નહિ, ને ધનમાલ વિષયો બૂરા લાગે નહિ.

મિથ્યાત્વનો એ પ્રભાવ છે જે સાચું જચવા દે નહિ, ને ઊંધું જ મનાવે. લક્ષ્મી બૂરી છે એ સત્ય ન જચવા દે, પણ ઊલટું લક્ષ્મીને સારી મનાવે ! પરલોક છે એ માનવા ન દે. ઊલટું પરલોક નથી, પુણ્ય-પાપ નથી, ધર્મ નકામો છે, એવું એવું મનાવે ! શરીરમાં તાવ હોય તો સાકર પણ મીઠી નથી લાગતી, ઊલટું કડવી લાગે છે ! એમ મિથ્યાત્વ પણ એક જાતનો તાવ છે, સાચું ન સૂઝવા દે, 'ધર્મ તારણહાર' એમ ન માનવા દે, ઊલટું ધર્મ નકામો અને દુ:ખરૂપ મનાવે !

**વજ્રાયુધે દેવને આત્માની સાબિતી આપી :-**

પેલા વજ્રાયુધ રાજકુમારના સમ્યક્ત્વની પરીક્ષા કરવા આવેલો દેવ એવા મહામિથ્યાત્વવાળો નહોતો, એટલે જ્યાં કુમારે દેવને એનો જ પોતાનો જ પૂર્વભવ જોવા કહ્યું, અને એ પરથી 'પૂર્વભવ અને આ ભવનું અનુસંધાન કરનાર કોણ ? બંને ભવના દેહ નહિ, પણ આત્મા જ છે,' એ જોવા કહ્યું.

વ્યવહારમાં પણ દેખાય છે કે 'જે અનુભવ કરે તેને જ તેનું સ્મરણ થાય છે. બજારમાં જે માણસ ફરી આવ્યો ને કાંઇક જોઇ આવ્યો એને જ ઘરે આવી એ યાદ આવે છે, પરંતુ માત્ર ઘરમાં બેસી રહેલને એ યાદ નથી આવતું, એમ અહીં પણ પૂર્વ ભવનું યાદ આવે છે કે 'મારે પૂર્વ ભવે એ અનુભવેલું'. હવે જોઇએ તો દેખાય છે કે પૂર્વ ભવે કાંઇ અહીંનું શરીર નહોતું, તેથી અહીંનું શરીર પૂર્વ ભવે અનુભવ કરનાર નહોતું, અને પૂર્વ ભવનું શરીર જ જો અનુભવ કરનાર ગણીએ, તો એ શરીર કાંઇ અહીં આવ્યું નથી. અહીં તો શરીર તદ્દન નવું જ બનેલું છે. એટલે પછી વિચારવું પડે કે 'જે પૂર્વ ભવે અનુભવ કરનાર વ્યક્તિ હતી, એ જ વ્યક્તિ અહીં યાદ કરનારી હોય. એવી વ્યક્તિ કોણ ?' કહેવું જ પડે કે પૂર્વ ભવે શરીરમાં રહેલ જે આત્મા-વ્યક્તિ જ અનુભવ કરનારી, એ જ આત્મા-વ્યક્તિ અહીંના શરીરમાં રહેલી, એ જ સ્મરણ

કરનારી કે 'મેં પૂર્વ ભવે આવો આવો અનુભવ કરેલ.' પૂર્વ જન્મનું સ્મરણ એટલે કે જાતિસ્મરણ થાય, એ વ્યક્તિ ને આ અનુભવ થાય છે. દેવતા તો વળી અવધિજ્ઞાની હોય છે, એટલે એને તો પૂર્વભવ જાણે અત્યારે પ્રત્યક્ષ નજર સામે હોય એમ દેખાય છે. એટલે માનવું જ પડે કે એનું શરીર નહિ પણ એનો આત્મા જ આ પૂર્વભવ જોઇ રહ્યો છે.

**દેવતા ક્ષમા માગે છે :-**

દેવતા કબૂલ થઇ ગયો, વજ્રાયુધને કહે 'નરોત્તમ ! તમે ઠીક મારી આંખ ખોલી નાખી. હું તમારો ખૂબ આભાર માનું છું, અને આત્મા જ નથી તો પુણ્ય-પાપ-પરલોક વગેરે કશું નથી એવો એ બધા તત્વોનો અપલાપ કર્યો તેનો મને ખૂબ જ પસ્તાવો થાય છે. હું ક્ષમા માગું છું. તમે મારા ગુરુ છો, મારું મિથ્યાત્વ ટાળ્યું છે, તો હવે તમે મને સમ્યક્ત્વ આપો.'

રાજકુમાર વજ્રાયુધ આ સાંભળીને દેવતાને ધન્યવાદ આપે છે કહે છે 'ધન્ય છે તમને કે આત્મ-તત્ત્વ ઝટ સમજાઇ ગયું અને ઝટ મિથ્યાત્વ ફગાવી દીધું ! તમને સમ્યક્ત્વ હું શું આપું ? ગુરુ મહારાજ આપે.'

દેવતા કહે 'તમે જ મારું અજ્ઞાન ટાળી જ્ઞાન આપ્યું, એટલે તમે જ મારા ગુરુ છો. તમેજ આપો મને સમ્યક્ત્વ.'

દેવતાના આગ્રહથી વજ્રાયુધ કુમારે એને સમ્યક્ત્વનો નિયમ આપ્યો.

દેવતા કહે, 'તમે મારા પર મહાન ઉપકાર કર્યો ! દુર્ગતિમાં પડતો બચાવ્યો ! મારા ભવના ફેરા ઓછા કરી આપ્યા ! હવે માગો હું શું તમારું પ્રિય કરું ? તમારા ઉપકારનો તો બદલો જ વળે એમ નથી એટલે તમારા ઉપકારના બદલા રૂપે તો કાંઇ કરી શકું એમ નથી, પરંતુ તમારી કાંઇ સેવાનો લાભ મને આપો. કહો, તમને ગમતું શું કરું ?'

**સમકિતની કિંમત કેટલી :-**

જુઓ દેવતા કેટલા બધા વિવેકથી બોલે છે ! કુમાર હવે કાંઇ માંગે તો 'એણે પોતે સમકિતનું દાન કર્યું, એના બદલા રૂપે લેશમાત્ર નથી' એમ દેવતા મનાવે છે, કેમકે એ સમજે છે કે કુમારે સમ્યક્ત્વ એક એવી ચીજ આપી છે કે જેનાથી દુર્ગતિને તાળાં લાગી જાય, ઉપરાંત ઉપરના દેશવિરતી-સર્વવિરતી આદિ ધર્મના દરવાજા ઉઘડી જાય, તે ઠેઠ વીતરાગતાના શિખરે ચડી જવાય !

અરે ! એટલું જ નહિ, પણ દેવભક્તિ-ગુરુભક્તિ અને દયા-દાનાદિ સુકૃત

પર ધર્મપણાનો સિક્કો મારી આપ્યો ''દાનાદિક કિરિયા નવિ હુએ, સમકિત વિણ શિવશર્મ'' તો આવા સમકિતથી ચડિયાતી તો નહિ પણ સમકિતની હરોળમાંય કઇ વસ્તુ ઊભી રહી શકે ?

વજ્રાયુધ રાજકુમારને દેવતા કઇ એવી વસ્તુ આપી શકે કે જે આ સમકિતની હરોળમાં ઊભી રહી શકે ?

**ધર્મમાં સ્થિરતા કેમ આવે ? :-**

**ધર્મ-ઉપકારનો બદલો વાળવા ઉપાય છે ?**

હા, જો સમ્યક્ત્વાદિ ધર્મ આપનારો પોતે કદાચ એ ધર્મ ગુમાવે, તો એને ફરીથી એ ધર્મ પમાડવાની અથવા ધર્મમાં અસ્થિર થઇ જાય તો ધર્મમાં સ્થિર કરવાથી બદલો વાળ્યો એમ ગણાય, પરંતુ અહીં તો સમ્યક્ત્વ દેનાર કોણ છે ? વજ્રાયુધ કુમાર છે, જે બહુ ઊંચી સમજ અને શ્રદ્ધાવાળો છે. એ પોતે ધર્મ ખોઇ નાખે એવી આશા જ શી ? કેમકે જન્મ જન્માંતરથી એ ધર્મની ઊંચી આરાધના કરતા આવ્યા છે, એટલે એ ધર્મ ખોઇ નાખવાની કલ્પના જ અસ્થાને છે. પછી એમને ધર્મ પમાડી શકવાની વાત જ શી ?

દેવતા આ સમજે છે, તેમજ એ પણ સમજે છે કે પોતે સમ્યક્ત્વ પામ્યાની સામે જગતની મહા કિંમતી વસ્તુ આપી દે, અરે ! દુનિયાનું રાજ્ય આપી દે, તો ય તે સમ્યક્ત્વના બદલા તરીકે જરાય ન ઊભી રહી શકે, કેમકે

**દુનિયાનું મોટું સામ્રાજ્ય પણ પરલોકમાં સાથે ન ચાલે, તેમ પરલોકનું કશું સુધારી ન શકે, ત્યારે સમ્યક્ત્વ આ કામ કરે છે કે એ પરલોકે સાથે ચાલી શકે અને પરલોકમાં સદ્‌ગતિ અને બીજી અઢળક પુણ્યાઇ આપી શકવાથી પરલોકને મહા સુધારનાર ગણાય.**

આમાનું કશું જ દુનિયાનું સામ્રાજ્ય કરી શકે નહિ, એટલે સમકિતના બદલામાં અંશે પણ ન ઊભું રહી શકે. દેવતા આ સમજે છે. તેથી કુમાર તરફથી પોતાને સમકિતનું દાન મળ્યું એના બદલા તરીકે પોતે કશું આપી શકવાનો દાવો કેમ રાખી શકે ? શાસ્ત્ર કહે છે.

**''સમકિત દાયક ગુરુ તણો પચ્ચુવયાર ન થાય, ભવ કોડા કોડે કરી કરતાં સર્વ ઉપાય.''**

શું કહ્યું ? સમકિત દાતા ગુરુનો એ સમકિત દાનના ઉપકારના બદલામાં પ્રત્યુપકાર ન થાય, ન થઇ શકે. ક્યારે ? માત્ર એક ભવમાં લૌકિક સર્વ ઉપાય

કરીને તો નહિ, કિન્તુ ક્રોડ ક્રોડ ભવમાં સમસ્ત ઉપાય કરીને પણ નહિ ! અર્થાત્ ક્રોડ ક્રોડ ભવના દરેક ભવમાં દુનિયાનું રાજ્ય વગેરે બધું જ સમકિત દાતાને આપ્યે રાખે, તો પણ એ બધું ય સમકિતના બદલામાં ન આવી શકે. કારણ કાંઇ ? કારણ આ જ, કે

• સમકિત મનની ને આત્માની જે વિશુદ્ધિ આપે છે,
• મનને જે નિર્મળ પ્રસન્નતા આપે છે,
• હૃદયને જે પ્રશાંતતા આપે છે,
• આત્માને જે સમાધિ આપે છે,
• દેવાધિદેવ વીતરાગ ભગવાન ઉપલર જ્વલંત રાગ આપે છે,
• જિનવાણી-શ્રવણનો જે તીવ્ર રસ અને ચારિત્રની જે તીવ્ર ભૂખ આપે છે,

સમ્યગ્દર્શન જે આ બધું આપે છે એમાનું કશું આપવાની તાકાત ક્રોડ ક્રોડ જનમના દુન્યવી સામ્રાજ્ય વગેરે અઢળક સંપત્તિ સત્તા-સન્માનમાં, દાનમાં નથી. ત્યારે, સમ્યક્ત્વની એ મનની વિશુદ્ધિ, એ મનની નિર્મળ પ્રસન્નતા, વગેરે બક્ષીસો ન મળી હોય, અને મોટા સામ્રાજ્ય પણ મળ્યા હોય પરંતુ તેથી શું ? જીવને શો લાભ ? એમ કહો, લાભ તો દૂર, કિન્તુ નુકસાનીય પારાવાર ! જેવી કે કામ-ક્રોધ-લોભ વગેરે મનની અનેક વ્યાધિઓ, તેમજ મનની પ્રસન્નતાને બદલે આધિ-અતિસંતાપ-ચિંતાઓ. વગેરે આ બધામાં જીવને જંપ તો નહિ પરંતુ ભારે અંજપો ! વળી અપાર દુર્બુદ્ધિઓ ને પાપ વિકલ્પો...વગેરે કેટલું ?

સમકિત-દાતા ગુરુનો પ્રત્યુપકાર ન થઇ શકે, કેમકે માનો કે મોટા ચક્રવર્તીને ગુરુએ આ સમકિત જે આપ્યું, એની સામે પ્રત્યુપકાર રૂપે ચક્રવર્તી પાસે ય ગુરુને આપવાની એવી કોઇ વસ્તુ નથી કે સમકિતની બરોબરી કરી શકે. પૂછો-

પ્ર.-સમકિત દાતાને ચક્રવર્તી પોતાનું આખું છ ખંડનું રાજ્ય, નવનિધાન, ૧૪ રત્ન સાથે આપી દે, તો તે ગુરુએ આપેલા સમકિત કરતાં ઘણું ઘણું આપ્યું ન કહેવાય ?

**પરલોક ભુલાવનારી બે ભ્રાન્તિ :-**

ઉ.-આ સવાલ એવી બુદ્ધિમાંથી ઉઠે છે કે (૧) 'સંસારના વિષયોમાં મહાસુખ છે, અને સમકિત વગેરે ધર્મમાં એવું કાંઇ સુખ નથી.' તેમજ એવી બુદ્ધિમાંથી પ્રશ્ન ઊઠે છે કે (૨) 'આ લોકને અર્થાત્ આ જનમને સુખકારી મહાકિંમતી વસ્તુઓ મળી ગઇ, પછી મેળવવા જેવું બીજુ રહે છે જ શું ? પરલોકને સુખકારી વસ્તુ

મળ્યાથી શું બહુ વિશેષ ? કેમકે પરલોકનાં ફળ તો અહીં ક્યાં દેખાય છે તે એના પર શ્રદ્ધા થાય ?'

આ એને બુદ્ધિ અને સમજ ખોટી છે, કેમકે સંસારના વિષયોમાં મહાસુખ પણ નથી, ને એ એવા કિંમતી પણ નથી કે એ મળ્યા પછી કશું મેળવવા જેવું ન રહે, અને તેથી માત્ર આ જનમને કિંમતી માનીને એની આગળ પરલોકને કિંમત વિનાનો ગણવામાં પરલોકને વિસરી જવાય, એવા એ પદાર્થો કિંમતી નથી.

**વિષયોમાં સાચું સુખ કેમ નહિ ? :-**

આમાં પહેલી વાત ચર્ચા જોઇએ તો દેખાશે કે સંસારના વિષયોમાં મહાસુખ શું ? સામાન્ય પણ સાચું સુખ નથી. પૂછશો-

પ્ર.-ત્યારે થાક્યાને મોટર મળી, ભૂખ્યાને મિઠાઇ મળી, ત્યાં સુખનો અનુભવ થાય છે એ શું ખોટો અનુભવ ?

ઉ.-ખસ ખરજવાના દરદમાં ખણવામાં આનંદનો અનુભવ થાય છે, તો એ શું સાચું સુખ માનવું ? કે મહારોગ માનવો ?

સાચું સુખ હોય તો માણસ કેમ દવાથી ખસ ખરજવું મિટાવવા ઇચ્છે છે ? મિટાવવા મથે છે ? એટલા જ માટે કે એમાં તે ખણવાની ખણજ-ચળ ઊભી થઇ હોય તો જ ખણતાં સુખનો અનુભવ છે, અને ખણજ-ચળ એ રોગ છે, એ દુઃખ છે, એક જાતની બળતરા છે, માટે એને નિવારવા આદરેલું ખણવાનું એમાં સુખ ન ગણાય. તાવ આવ્યો ને ભલે ને મીઠી મીઠી દવા લેવી પડી તો એમાં કોણ માને છે કે 'અહોહો ! આ દવા પીતાં બહુ મઝા આવી ?'

**ખાવાની ખણજ એ રોગ, અને ખાવું એ દવા :-**

એમ મોટર-બંગલા વગેરે વિષયોના સુખમાં ય શું છે ? પેટ ભૂખ્યું છે, ને પેંડા ખાવા અંગેની ખણજ ઉઠી, તો જ પછીથી પેંડા ખાતાં સુખ લાગે છે. અર્થાત્ પેંડા ખાવાની ખણજ એ રોગ, અને એ ખણજ શમાવવા પેંડાનું ભક્ષણ એ દવાનો ઉપયોગ. તો એ દવા ખાવામાં સુખ શાનું ? જમીને પેટ ચિક્કાર ભરાઇ ગયું છે, નામ માત્ર પણ ભૂખ જરાય રહી નથી, એટલે હવે પેંડા ખાય તો સુખનો અનુભવ ખરો ? ના, સુખ તો દૂર, ઊલટું અરુચિ ઊલટી જેવો અનુભવ થાય છે. એ બતાવે છે કે પેંડા ખાવામાં ખરેખર સુખ છે જ નહિ. સુખ લાગે છે એ ખાવાની ખણજના રોગનો માત્ર દવા જેવો પ્રતિકાર છે. ખરેખર સુખ તો આવી ખણજ જ ન હોય એ છે. માટે જ સિદ્ધ અવસ્થામાં સાચું સુખ છે.

**સારું ખાવાની લગન એ દારૂના વ્યસનની લગન જેવી :-**

એક બીજો દાખલો જુઓ, દારૂડિયાને દારૂ પીતાં અનહદ આનંદનો અનુભવ થાય છે. બોલો એ સાચો આનંદ ગણાય ? ના, કેમકે વ્યસનની લગન છે માટે સુખ લાગે છે. કિન્તુ પછીથી દશા ભૂંડી, ભાન વિનાનો બને છે. એવી દશા કરનાર મદિરાપાનને સુખરૂપ કેમ કહેવાય ? બસ, સંસારસુખમાં એવું જ છે, એમાંય અનાદિની વ્યસન જેવી વિષયસંગની લગન છે, તેથી વિષયસંગમાં સુખ લાગે છે, પણ પાછળથી પરલોકના કારમા દુઃખ ઊભા થાય છે, અને અહીં ચિંતા સંતાપ-ભય- અજંપો વગેરે અનેક અનર્થ સાથેજ લાગેલા રહે છે. તેથી

**દારૂના નશાની જેમ વિષયોના રાગના નશા પર લાગતું સુખ, એ સુખ નહિ પણ દુઃખ જ છે**

બીજી વાત એ છે કે વિષયસુખના નશામાં જીવ વિષયોની બહુ કિંમત આંકે છે, એટલે પણ સમ્યક્ત્વની કિંમત સમજી શકતો નથી, કિંમત આંકી શકતો નથી. સમ્યક્ત્વ ઇન્દ્રિયોના વિષયોને હલાહલ ઝેર અને ફણીધર નાગ જેવા મનાવે છે.

**"સલ્લં કામા, વિસં કામા, કામા આસીવિસોવમા."**

"શ્રી ઉત્તરાધ્યયન આગમ-શાસ્ત્ર કહે છે, 'કામા' એટલે કે શબ્દાદિ વિષયો અને એના ભોગવટા એ શલ્યરૂપ (તિક્ષ્ણ કાંટા રૂપ) છે. ઝેર રૂપ છે, દાઢમાં ઝેરવાળા ફણીધર નાગ જેવા છે. આ શાસ્ત્રવચનની શ્રદ્ધા હોય તો જ સમ્યક્ત્વ-સમ્યગ્દર્શન આવે, ને ટકે. વળી સમકિતીનું લક્ષણ છે-

**"સુર-નર-સુખ જે દુઃખ કરી લેખવે, વંછે શિવસુખ એક."**

આવા લક્ષણવંતા સમકિતી જીવને મન, વિષય સુખોની અને વિષયોની શી કિંમત હોય ? કશી જ નહિ. એટલા માટે તો વિષયોની, વિચિત્ર કર્મોને આધીન, ઊંચી-નીચી જોઇ સમકિતી આત્મા એની ખાતર મન બગાડતો નથી, દીનતા કે ઉન્માદ કરતો નથી, પરંતુ એની વચમાં પરમ તારક પરમ મંગલકારી શ્રી જિનવચન મળ્યા પર મનથી પ્રસન્નતા અનુભવે છે. ખબર છે ને ? રાજા ગુણસેન ધ્યાનમાં હતા ને અગ્નિશર્મા દેવે અગ્નિ ઝરતી રેતની વર્ષા કરી ! ત્યાં સળગતી ન શેકાતી કાયાએ પણ એમને અમૃત જેવા જિનવચનો મળ્યાનો પરમ આનંદ માન્યો અને વચનાનુસાર ક્ષમા-સમતા ને ઉપશમનો જ ખપ કર્યો ! જિનવચન અને ક્ષમા આગળ કાયાની સુખાકારિતા કિંમતી નહિ.

રાજા હરિશ્ચંદ્ર દેવપરીક્ષામાં હરણી વિંધાયા પર પ્રાયશ્ચિત્તની રૂપે પોતાનું રાજ્ય આપી દીધું અને ઉપરાંત લાખ સોનૈયા આપવાના ઊભા રહ્યા તો પોતાની જાત વેચીને પણ તે ભરપાઇ કરવાની તૈયારી રાખી ! પોતાની વહાલસોયી અને સુકોમળ મહારાણી તારામતી અને પુત્ર રોહિત સાથે પહેર્યે લુગડે ચાલી નીકળતાં એમને જરાય આંચકો ન આવ્યો ! પ્રસન્ન મનથી ચાલી નીકળ્યા ! કેમ ? મન આવા મોટા વિનાશથી ઉદ્વિગ્ન નહિ ? કહો,

**એમને મન પ્રતિજ્ઞાપાલન વગેરે ગુણોની જે કિંમત હતી, એવી દુન્યવી વિષયોની કિંમત ન હોતી.**

એટલે જ 'વિષયો જતા કરીને પણ પ્રતિજ્ઞા પાલન મળે છે ને ? એનો જ આનંદ હતો, પોતે મસાણમાં નોકરી લીધી, પત્ની બ્રાહ્મણના ઘેર પાણી ભરે છે ! છતાં મન બગાડ્યું નથી. પૂછતા નહિ-

પ્ર.-પણ આટલા બધા દુઃખ સંકટથી મન બગડે નહિ ? શું મનને એટલો ય ખેદ ન થાય કે આ બહુ ખોટું થયું ?

ઉ.-ના, કારણ એક જ કે દુન્યવી સુખ અને પ્રતિજ્ઞાપાલન, એ બે માં સુખ એવું કિંમતી ન હોતું માન્યું જેવું કિંમતી પ્રતિજ્ઞાપાલન માન્યું હતું. પછી જો દુઃખ સંકટની વચમાં કિંમતી પ્રતિજ્ઞાપાલન પાસે છે, તો બિન કિંમતી દુન્યવી સુખ પાસે ન હોવાનો ખેદ શા માટે જ થાય ?

વ્યવહારમાં જુઓ, પત્ની કિંમતી લાગે છે એવી નોકરડી કિંમતી નથી લાગતી. હવે જો કોઇ એવા સંયોગમાં નોકરડી ગુમાવવી પડે, પણ પત્ની બચી જાય, સલામત રહે, તો તો પતિને નોકરડી ગુમાવ્યામાં એવું કોઇ દુઃખ નથી થતું અને જો એથી ઊલટું જ બને કે પત્ની ગુમાવવી પડે, ને નોકરડી સલામત રહેતી હોય, તો મનને ભારે ખેદ થાય છે. કારણ એકજ,

**કિંમતી જાયને બિનકિંમતી સલામત રહે એની શી વડાઇ ?**

**સમકિતીને મન કિંમતી ધર્મ છે, પ્રતિજ્ઞાપાલન છે, ને એની સામે સંસારસુખ ને સુખના વિષયો બિનકિંમતી છે.**

તેથી જે કિંમતી ધર્મ કે પ્રતિજ્ઞાપાલન સચવાય છે, સલામત રહે છે, ને વિષયો ગુમાવવાનું થાય છે, તો ખેદ શાનો કરવાનો હોય ? એથી ઊલટું,

**બિનકિંમતી વિષયો સલામત રહી મહાકિંમતી ધર્મ ગુમાવવાનું થતું હોય તો સમકિતીને ભારે ખેદ થાય.**

જુઓ (ચંદનબાળા) વસુમતીની માતા ધારિણીને વસુમતીની સાથે ઉપાડી જતા સુભટે ધારિણીને કહ્યું ''તું ચિંતા કરીશ નહિ કે હાય ! મારો ધણી ગયો ? હવે મારું કોણ ? હું તને મારી ગૃહિણી ઘર-રાણી બનાવીશ.'' આ સાંભળતાં જ ધારિણીએ જોયું કે ''આમાં તો મારા શીલને ભય છે, પણ તે હું જીવતી હોઉં તો શીલ ગુમાવવું પડે ને ? ફિકર નહિ હમણાં જ પ્રાણ-ત્યાગ કરી દઉં એટલે આ જીવનમાં ઠેઠ સુધી શીલ તો અખંડ સલામત રહ્યું !' સતીને મન શીલ કિંમતી છે, પ્રાણ નહિ. એટલે બિનકિંમતી પ્રાણ રહીને મહાકિંમતી શીલ જો જાય છે, તો એનો એને ભારે ખેદ હોય છે. એટલે જ ધારિણીએ તત્કાલ જીભ કચડી પ્રાણ-ત્યાગ કર્યો. પ્રાણ જતા કર્યા અને શીલ સાચવી લીધું. તે ય મરવાનું પણ હરખભેર પસંદ કરી લીધું. હરખ શાનો ?

**મારા બિનકિંમતી પ્રાણ જઇને મારું મહાકિંમતી શીલ સચવાય છે ને ? સતીને એનો હરખ છે.**

રાજા હરિશ્ચન્દ્રને પણ આ આનંદ છે કે બિનકિંમતી રાજ્યપાટ-ખજાના વગેરે વિષયો ગુમાવીને પણ મહાકિંમતી પ્રતિજ્ઞા-પાલનનો ધર્મ સચવાય છે ને ?

સમકિતીને મન દુન્યવી વિષયો તુચ્છ છે, માલ વિનાના, કિંમત વિનાના છે, ને ધર્મ કિંમતી છે. તેથી અવસર આવ્યે,

**સમકિતી ધર્મ ગુમાવી વિષયો સાચવવા તૈયાર નહિ, પણ વિષયો ગુમાવીને ધર્મ સાચવવા-સલામત રાખવા હરખભેર તૈયાર હોય છે.**

**મહાકિંમતી ધર્મ સાચવવા બિનકિંમતી પ્રાણ, પૈસા કે વિષયો જતા કરવાના, એ મહાવિવેક છે.**

**૯૯ ક્રોડ રૂા. કિંમતી નહિ -**

નવ્વાણું ક્રોડ રૂપિયાનું રાણકપુરનું મંદિર બંધાવવા એક જ ધણીનું જીગર શી રીતે ચાલ્યું હશે ? કહો જીગર આટલા માટે જ ચાલ્યું કે ''અરિહંત ભગવાનની ભક્તિનો ધર્મ મહાકિંમતી છે, પૈસા મહાકિંમતી નહિ. તેથી મહાકિંમતી અર્હદ્-ભક્તિનો ધર્મ કમાઇ લેવા ભલે ને બિનકિંમતી પૈસા ખર્ચાઇ જાય.'' આ વિવેકનો દીવો ઝગમગતો હતો તેથી એટલી મોટી હિંમત કેમ ન આવે ?

**નવો બંગલો કિંમતી નહિ :-**

''નવા બંધાવેલા બંગલા પર આ સરસ બન્યો છે એવી અનુમતિ કોઇ આચાર્ય મહારાજ ન આપે'' એમ સાંભળતાં રાજા સિદ્ધરાજ જયસિંહના મંત્રી શાંતનું

મહેતાએ કહી દીધું 'લ્યો ત્યારે સાહેબ ! આજથી આ બંગલો પોષધશાળા તરીકે સંઘને સમર્પણ કરું છું.' એમ કહી આચાર્ય મહારાજને કહે "કહો, કહો સાહેબ ! આ પોષધશાળા કેવી ?" ત્યાં આચાર્ય મહારાજ કહે "પૌષધશાળા સુંદર છે" બસ ? આટલી જ વાત પર મોટો બંગલો, જે કેટલીય હોંશથી અને કેટલોય ખર્ચ કરીને બંધાવ્યો હશે, એ પોષધશાળા તરીકે આપી દેવાય ? હા આપી દેવાય.

'બંગલો એ દુન્યવી મિલકત છે, એની ધર્મ અને ધર્મસ્થાન આગળ કશી કિંમત નથી' એમ અંતરનું સમકિત બોલતું હોય, ત્યાં પછી અવસર આવ્યે બિનકિંમતી બંગલો જતો કરીને કિંમતી પોષધશાળા સરજી દેવા કેમ ઉલ્લાસ ન થાય ?

**રાજ્ય સંપત્તિ કિંમતી નહિ -**

"પિતા દશરથે કૈકેયીને આપેલા વરદાનનું વચન પળાવું જ જોઇએ એ ધર્મ છે, એની સામે રામને મળનારું પોતાના હકનું રાજ્ય એ દુન્યવી સંપત્તિ છે. ધર્મ આગળ દુન્યવી સંપત્તિની કાંઇ કિંમત નહિ," એમ સમજનાર રામચંદ્રજીએ એ ધર્મ ખાતર રાજ્ય સંપત્તિ જતી તો કરી, ઉપરથી 'અયોધ્યામાં પોતાની હાજરી હોય તો ભરત રાજ્ય સ્વીકારે જ નહિ તો પિતૃવચન પાલન સચવાય નહિ' એટલે રામચંદ્રજીએ જાતે વનવાસ માગી લઇ નગરવાસ-મહેલવાસના સુખ તુચ્છ લેખી જતા કર્યા.

❀ ❀ ❀ ❀ ❀ ❀

**સમ્યક્ત્વથી ધર્મ કિંમતી સમજાય ને એની આગળ દુન્યવી સુખ સંપત્તિ તુચ્છ લેખાય, પછી ધર્મ ખાતર એ જતી કરવી સહેલી.**

ધર્મને આવો મહાકિંમતી સમજાવનાર સમકિત એટલે તો મનને એ સમકિતના કેટલા બધા ઊંચા મૂલ્ય લાગે ?

એ સમકિત મળ્યાથી કેટલી ઊંચી બાદશાહી લાગે ? તો એવા સમકિતનું દાન કેટલું બધું ઉપકારી લાગે ?

**દેવતાનું વરદાન છતાં નિસ્પૃહા -**

શ્રી શાંતિનાથ ભગવાનના આઠમા ભવમાં પોતે વજ્રાયુધ રાજકુમાર છે. એમને પેલો દેવતા કહે, સાહેબ ! તમે મને સમ્યક્ત્વ આપીને આ ભવકૂપમાંથી મારો ઉદ્ધાર કર્યો છે. એ અનહદ ઉપકારનો બદલો ન વાળી શકાય. ફક્ત તમારી યત્કિંચિત સેવાનો મને લાભ મળે એ માટે મને ફરમાવો હું તમારું શું પ્રિય કરું ? કહો તે કરવા તૈયાર છું, ફરમાવો. દેવનું દર્શન નિષ્ફળ ન જાય.'

જુઓ દેવતા આપમેળે માગણી કરે છે કે 'માગો તે આપવા તૈયાર છું.' તો તો કુમારને સારું માગી લેવાની તાલાવેલી જાગે કે નહિ ?

પણ વજ્રાયુધ રાજકુમાર દેવની પાસે એટલું જ માગે છે કે 'તું દ્રઢ સમ્યક્ત્વી બનજે.' કેમ બીજી કોઇ દુન્યવી વસ્તુની પોતાના માટે માગણી નહિ ? કારણ એક જ કે,

**સમ્યક્ત્વ દુન્યવી વસ્તુમાત્રના વૈરાગ્યથી એક એવી તૃપ્તિ ઊભી કરી દે છે કે દીનતા ને માગણિયાપણું ન રહેવા દે.**

**વૈરાગ્ય શાથી ? :-**

જેમ કે કોઇ નોકર રાખ્યો, ને સેવા સારી કરે છે, પરંતુ પાછળથી ખબર પડી કે 'આ બેવફા છે,' તો શું થાય છે ? મન ધરાઇ જાય છે કે 'આપણે તો ભાઇ ! આવાની સેવાથી ધરાઇ ગયા. હવે આ ટળે તો સારું !' જો કે પોતાને સંયોગવશ હમણાં એની જરૂર છે તેથી કે સામાની ડાંડાઇ છે તેથી કાઢી મૂકી શકાતો નથી, છતાં એના દિલને નોકરની કશી કિંમત નથી.

બસ, એ જ પ્રમાણે જીવે 'સાંસારિક વિષયો બેવફા છે, વિશ્વાસભંગ કરે એવા છે,' એમ ઓળખી લીધા પછી મન ધરાઇ જાય છે કે 'આપણે તો ભાઇ ! આ વિષયોથી ધરાઇ ગયા, હવે આ લપ ક્યારે ટળે ?' અલબત સંયોગવશ એનો ત્યાગ નથી કરી શકાતો છતાં મનને કહે છે કે 'આવાની ખાતર માગણિયા શું થવું ? બીજાની આગળ વિષયોની ભીખ શી માગવી ?'

એટલે સમ્યક્ત્વધારી વજ્રાયુધ કુમાર દેવતા આગળ બેવફા વિષયોની ભીખ શાનો માગે ?

**સમકિતી કેમ ન માગે એનું બીજું કારણ :-**

બીજું એ પણ કારણ છે કે પોતે સામાને સમ્યક્ત્વ પમાડવાનું મહાન સુકૃત કર્યું એ સુકૃતનું ફળ પોતાને ભવાંતરમાં એવા મહાંન સમ્યક્ત્વની પ્રાપ્તિ, ને એના પર યાવત્ મોક્ષ સુધીના પદની પ્રાપ્તિ થવાનું જુએ છે, પછી એવા અતિ ઉચ્ચ ફળને પડતું મૂકી અહીં તુચ્છ વિષય-ફળ માગી લેવા શાનો ઇચ્છે ?

**અદ્ભુત સુકૃતને શું લૌકિક તુચ્છ વસ્તુથી વેચી નાખવું ?**

સામો જો કહે છે 'તમે સમકિત પમાડ્યું મહાન ઉપકાર કર્યો હવે એના બદલામાં કંઇક માંગો' તો એનો અર્થ તો એ જ ને ? કે ''આ સુકૃત વેચી નાખો ને બદલામાં કિંમત માગી લો.''

વજ્રાયુધનું દિલ સુકૃતને આમ વેચી દેવા તૈયાર નથી. એ સમજે છે કે 'આમાં તો ઐરાવણ હાથી વેચીને ગધેડો ખરીદવા જેવું થાય.'

સુકૃત એ ઐરાવણ હાથી જેવું છે, બદલામાં દુન્યવી સંપત્તિ એ એની આગળ ગધેડા જેવી છે.

વાત પણ સાચી કે

**ઉત્તમ સુકૃત એ આત્મસંપત્તિ છે, લૌકિક ફળ એ નાશવંત જડસંપત્તિ છે.**

ક્યાં એ આત્મ સંપત્તિ ? ને ક્યાં નાશવંત અને નુકસાનકારી દુન્યવી સંપત્તિ ?

એટલે તો રાવણની અષ્ટાપદ તીર્થમાં ભક્તિ જોઇ ધરણેન્દ્ર કહે છે 'હું તમારી ભક્તિથી પ્રસન્ન થયો છું એના બદલામાં કંઇક આપવા ઇચ્છું છું માગો તે આપું.' ત્યાં રાવણે બદલામાં તુચ્છ દુન્યવી સંપત્તિ માગવા ના પાડી, કહે છે-ભક્તિના બદલામાં મોક્ષ જોઇએ છે આપી શકતા હો તો એ આપો, બીજુ કાંઇ જોઇતું નથી.

ધરણેન્દ્ર કહે છે, 'મારો પોતાનો જ મોક્ષ કરવા શક્તિમાન નથી, તમારો મોક્ષ શી રીતે કરી શકું ?'

સમ્યક્ત્વની બલિહારી છે, એ ધર્મને સુકૃતને સાચી મહાન આત્મ સંપત્તિ મનાવી લૌકિક સંપત્તિને તુચ્છ લેખાવે છે. તેથી ધર્મના સુકૃતના બદલામાં તુચ્છ સંપત્તિને શાની મંગાય ? જુઓ પૂર્વ પુરુષોના દાખલા, એમાં દેખાશે કે ધર્મના બદલામાં, દેવતા માગે તે આપવા તૈયાર છતાં, એ કશું માગતા નથી. તો પૂછોને,

પ્ર.-દેવતા આપવા તૈયાર હોય તો અમને કેમ માગી લેવાનું મન થાય છે ?

ઉ.-મનને ખોટું ન લગાડશો, કારણ એ છે કે સમકિત માત્ર કહેવા બોલવાનું રાખ્યું છે, ને વિષયોનું લાલચાડાપણું હજી એમજ ઊભું છે.

**સમકિત અને લાલચુડાપણું ?**

વિષયોનું લાલચુડાપણું ન હોત તો દિવસમાં કેટલીયવાર વિષયોના જ વિચાર કેમ આવે છે ? નાના નાના વિષયોમાં પણ કેમ ટકાવારી કરવાનું થાય છે કે આ ચીજ સારી, પણ પેલી વધારે સારી. રોટલી સારી, પણ પૂરી વધારે સારી. લાડું સારા કિન્તુ પેંડા-બરફી વધારે સારા. શો માલ છે એ પૂરીમાં કે બરફી પેંડામાં ? ઊતર્યું ઘાટી ને થયું માટી. એવી બરફી, પેંડા ને પૂરીની દશા છે. પછી એમાં ટકા શા આપવા ? પરંતુ વિષયોનું લાલચુ મન એનાં લેખાં મંડાવે છે, ટકા મંડાવે છે.

**વિષયોને તુચ્છ લેખવા હોય તો એમાં ટકાવારી ન કરો.**

તુચ્છ ધૂળની શી ટકાવારી ? કે આ ધૂળ સારી, પણ પેલી વધારે સારી ? આવા ટકા શા મૂકવા ? જ્યાં સુધી વિષયોના ટકા મૂક્યા કરાશે ત્યાં સુધી મનને એની કિંમત લાગ્યા કરશે.

**વૈરાગ્ય એનું નામ કે વિષયોની કિંમત ન લાગે.**

જો વિષયો કિંમતી લાગ્યા તો વૈરાગ્ય ઊડી જશે, ને વિષયોની લાલચ ઊભી રહેશે. વિષયોની લાલચ મૂકી દેવી છે ? તો વિષયોની કિંમત કોડીની ગણો, કહી દો, એને, કે 'તમે કોણ કિંમતી ? તમે તો આયારામ ગયારામ, ને મારા આત્માનું કશું અજવાળનારા નહિ. તમારાથી કાંઇ પુણ્ય ન મળે. 'તમારાથી તો તમારો રાગ ને તમારી મમતા થઇ થઇને પાપકર્મ જ બંધાય. એવા પાપકર્મ બંધાવનારા તમારી કિંમત શી આંકવી ? કે તમારી લાલચ શી રાખવી ?'

વાત સાચી છે કે પૈસા સંગ્રહીને પુણ્ય નથી બંધાતું, પણ પૈસાનું દાન કરીને, ત્યાગ કરીને પુણ્ય કર્મ બંધાય છે. એમ દુન્યવી વિષયો હોઇને કે ભોગવીને તો પાપ જ બંધાય છે, પુણ્ય નહિ. પુણ્ય તો એનો ત્યાગ કરો તો બંધાય. એટલે કિંમત પૈસા અને વિષયોની નથી, પણ એના ત્યાગની છે. મનને લાગશે કે,

**પૈસાથી દાન થાય માટે પૈસા કિંમતી ?**

પ્ર.-પણ પૈસા હોય છે તો દાન થઇ શકે છે ને ? માટે પૈસા કિંમતી નથી ?

ઉ.-પરંતુ આમ મનને લગાડવું એ અજ્ઞાનતા છે, કેમકે પૈસા કિંમતી લાગ્યા પછી દાન કરતી વખતે પૈસા સામું જોવાશે કે પૈસા વધારે તો નથી ખરચાઇ જતા ને ? દાન પછી આપણી પાસે પૈસાની સારી બેલેન્સ (સિલક) રહે છે ને ? કેમ આ વિચાર આવે છે ? દાન પછી પણ પૈસા પાસે સારા રહે તો એનાથી રંગરાગમાં વાંધો ન આવે એટલા માટે જ દાનમાંથી પૈસા બચાવવાની ઇચ્છા ને ? તો એ પૈસા ભોગવિલાસમાં ઉપયોગી લાગ્યા એટલે શું કર્યું ? નરક-તિર્યંચ ગતિના પાંપ બંધાવનારા ભોગવિલાસમાં ઉપયોગી પૈસા, એટલે નરકાદિનાં પાપ ઉપાર્જવામાં ઉપયોગી ને ? એવા પૈસા કિંમતી ગણાય ? માટે 'પૈસા હોય તો દાન દઇ શકાય છે તેથી પૈસા કિંમતી એવું માનશો જ નહિ.

**પૈસા કિંમતી ન લાગે એ દાનમાં કસર ન કરે.** પૈસાને કિંમતી માન્યા એટલે દાનમાં કસર કરવાનું અને ધનસંગ્રહ સલામત રાખવાનું મન રહે છે.

**દાન સલામત રખાય ? કે પૈસા સલામત રખાય ?** સમ્યગ્દર્શનનો વિવેક આ બતાવે છે કે, 'પૈસા વગેરે સંસારના વિષયો જો કિંમતી મનાશે તો એની સામે

દાનાદિ ધર્મ અને દેવ-ગુરુ-મંદિર-શાસ્ત્ર કિંમતી નહિ મનાય. જે કિંમતી લાગે તેની વધારે રક્ષા કરવાનું મન રહેશે. વજ્રાયુધ કુમાર સમ્યગ્દર્શન ધરાવે છે એ એના વિવેકથી પરોપકાર સુકૃતને કિંમતી માને છે, અને એ સુકૃતના ફળમાં આગામી ભવોમાં વિશેષ વિશેષ સુકૃતને ઝંખે છે, તેથી અહીં સુકૃત વટાવવાનું શાનું કરે ? એટલે જ દેવતાને કહે છે, 'તું સમ્યક્ત્વને દ્રઢ કર એટલું જ હું માગું છું.' શું કરે દેવતા ? દેવ થાક્યો.

**પૈસા કિંમતી ન લાગે તો દેવા ઇચ્છનાર દેવતા થાકે.**

દેવતા જુએ છે કે કુમાર કશું માગે એમ નથી એટલે પોતે આપમેળે કુમારને દિવ્ય આભૂષણ બહુમાન પૂર્વક અને આગ્રહ સાથે ભેટ કરે છે, અને કુમારનો ફરીથી ઉપકાર માની ત્યાંથી ચાલ્યો જઇ સ્વર્ગમાં આવી પહોંચે છે.

**ઇન્દ્રની સભામાં વજ્રાયુધની પ્રશંસા :-**

અહીં ઇન્દ્રની સભા ચાલુ છે. દેવતા સભામાં આવી પોતે અનુભવેલ વજ્રાયુધ કુમારની સમ્યગ્દર્શનની દ્રઢતા અને વિવેકની ભારોભાર પ્રશંસા કરી કહે છે, 'પ્રભુ ! આપે પ્રશંસા કરી તે યથાર્થ છે.' ત્યારે ઇશાનેન્દ્ર કહે છે, 'એમાં કાંઇ નવાઇ નથી. આ વજ્રાયુધ કુમાર તો ભવિષ્યમાં સોળમાં તીર્થંકર થવાના છે, એટલે તીર્થંકરના જીવમાં સહેજે ઉત્તમતા હોય.'

હવે એવો અવસર બને છે કે વજ્રાયુધ રાજકુમાર પોતાની લક્ષ્મીવતી નામની મુખ્ય પત્નીની ઇચ્છાથી પોતાના અંતઃપુર સાથે વસંત ઋતુની મોજ માણવા ઉદ્યાનમાં ગયેલ છે, અને વાવડીમાં જ્યાં ક્રીડા કરે છે, ત્યાં પૂર્વ ભવે પોતે જ્યારે અપરાજિત નામે બળદેવ હતા ત્યારે એમના ભાઇ વાસુદેવે જે પ્રતિવાસુદેવ દમિતારીને મારેલો, એ દમિતારીનો જીવ ભવોમાં ભમીને હવે વિદ્યુદ્દંષ્ટ્ર દેવ થયેલો છે, એ વૈર યાદ કરીને અહીં વજ્રાયુધ કુમાર પર હલ્લો લઇ આવે છે.

**વૈર કેમ ખતરનાક ? :-**

એક ભવમાં કોઇના પ્રત્યે ઊભું કરેલું વૈર કેવું ખતરનાક છે કે જેના પર વૈર ઊભું કર્યું, એ ભવાંતરે ગમે તેવો ગુણવાન અને મોટો પુણ્યશાળી પુરુષ થયો હોય, તેમ મોટી દુનિયા એને સન્માનતી હોય, છતાં આ વૈરવાળો એને દુશ્મન દેખી એની હીલના-કદર્થના કરવાનું નીચ કૃત્ય કરે છે ! જુઓને અહીં વજ્રાયુધ કુમાર ઇન્દ્રથી પ્રશંસાયેલા છે, ને કુમાર દ્વારા સમ્યક્ત્વ પમાયેલ દેવતાથી સન્માનાયેલા છે, છતાં આ તુચ્છ વિદ્યુદ્દંષ્ટ્ર દેવ એમની હીલના-કદર્થના કરવા આવે છે.

પરંતુ કુમારના અદ્ભુત પરાક્રમ આગળ દેવતાના પાસા નકામા જાય છે. પૂછો.

પ્ર.-શું દેવતા માણસથી હારી જાય ?

ઉ.-આ દેવતા જે સામાન્ય આરાધનાથી અહીં દેવતાપણું પામ્યો છે એના કરતાં કેઇ ગુણી વિશિષ્ટ આરાધનાથી આ વજાયુધ કુમાર અહીં ઉત્પન્ન થયેલ છે. તેથી સ્વાભાવિક છે કે કુમારની પુણ્યાઇ જોરદાર હોય અને એટલે જ એનાથી દેવતા મહાત થઇ જાય. હિસાબ આ છે-

**જો આરાધના ઊંચી, તો પુણ્યાઇ ઊંચી, ને પ્રભાવ ઊંચો.**

આ પરથી એ ફલિત થાય છે કે જો દુનિયામાં તમે બીજાઓ તરફથી પરાભવ પામતા હો, તમને અપમાન મળતા હોય, અભાવ-અરુચિ મળતા હોય, તો સમજી લેવાનું કે '(૧) પૂર્વની તમારી પુણ્યાઇ ઓછી છે, અને એનું કારણ (૨) જિનભક્તિ વગેરે આરાધના નહિ કરેલી, અગર કરેલી તો (૩) બહુ સામાન્ય કરેલી, એટલે કે દિલમાં બહુ સામાન્ય ભાવથી પ્રભુભક્તિ વગેરે ધર્મક્રિયા કરેલી, અથવા (૪) આરાધનાના ભાવ જ નહિ થયેલા તેથી પુણ્યાઇ ઓછી મળી.' આ જો સમજાય તો પછી હવે અહીં શું કરવાનું મન થાય ? ધર્મની આરાધના ? કે પાપસાધના ? હૈયે શું ઘાલવાનું મન થાય ?

**હૈયામાં આરાધનાના ભાવ ઊભા કરવાનું મન ? કે પાપના ભાવ બન્યા રાખવાનું ?**

જો આ ખબર છે કે 'પૂર્વે એવી આરાધના નથી કરી તેથી એવી પુણ્યાઇ નથી મળી, ને તેથી અહીં મનમાની સુખ-સગવડ ન મળતાં દુઃખ-અગવડ અણગમતાં બન્યા કરે છે,' તો હવે અહીં ધર્મ આરાધના કર્યા વિના જપ વળે ? આરાધના જોરદાર કર્યા વિના મન રહે ? એ માટે હૈયામાં ઊંચી આરાધનાના ભાવ વસાવ્યા વિના રહેવાય ?

ધર્મની વાત આવે ત્યારે 'બધી મને ખબર છે' એમ દાવો રાખવાનું કરાય છે, પરંતુ આ દાવો વાસ્તવિક છે કે માત્ર બોલવા પૂરતો જ છે ? એની જાંચ કરતા રહેવાનું છે, ધર્મની એકાંત કલ્યાણકરતાની જો ખબર છે તો એની સાધના આરાધનાની તમન્ના તાલાવેલી કેટલી થાય ?

માણસને જો પૈસા એ ખૂબ સુખકારી લાગે છે, તો પૈસાની સાધના કેટલા ભર્યા ભર્યા ઉત્સાહથી અને ઉછળતા ઉલ્લાસથી કરે છે ? એ ક્યાં અજાણ્યું છે ? તેમ ધર્મ કલ્યાણકારી હોવાની ખબર છે, અને કલ્યાણનો પોતાને ખપ છે, તો પછી

એ સાધવામાં ઉલ્લાસનું પૂછવાનું હોય ?

**ધર્મ સુખકારી એવી ખબર સાચી આ છે કે અમલ થાય, અને અમલ ન બની શકતો હોય એનું હૈયે પારાવાર દુઃખ હોય.**

**દેવની હાર અને ઇન્દ્ર પ્રશંસા :-**

વજાયુધ કુમારે પૂર્વ ભવે જોરદાર ધર્મ આરાધના કરેલી છે તેથી પુણ્યનો પ્રકર્ષ લઇને આવેલા છે એટલે દેવતા પણ એમનાથી હારી જાય છે.

દેવતા જ્યાં વજાયુધ કુમારથી ડઘાઇ ગયો છે, ત્યાં જ સૌધર્મેન્દ્ર મહાવિદેહથી નંદીશ્વર જતાં આવી પહોંચે છે, ને વજાયુધ કુમારની સાત્ત્વિકતા જોઇ પ્રશંસા કરે છે, કહે છે 'આ તો સોળમાં તીર્થંકર થવાના છે ! ને આ ભવમાં ચક્રવર્તી થનાર છે !'

પુણ્યનો પ્રકર્ષ છે કે મોટા ઇન્દ્ર જેવા પણ પ્રશંસા કરે છે. માણસ સારાની પ્રશંસા-વાહવાહ લેવા ફાંફાં મારે છે ! પરંતુ એ નથી જોતો કે 'પ્રશંસા વાહવાહ પ્રપંચ કરવાથી નથી મળતી. એ મળે છે પુણ્યના પ્રકર્ષથી, અને પુણ્યનો પ્રકર્ષ ધર્મસાધના ને ગુણસાધનાથી ઊભો થાય છે. આ જોવું ન હોય પછી ધર્મસાધના ને ગુણસાધનાનો પ્રયત્ન ન કરતાં સારા માણસોની વાહવાહ-પ્રશંસા લેવા માટે આડાઅવળા ફાંફા મારે, કેઇ પ્રપંચ રચે, ને માયાજાળ રમે-એમાં નવાઇ નથી.

દા.ત. ભાઇ સાથે ઝગડો હોય અને દુનિયાને દેખાડવું હોય કે 'પોતે સાચો છે,' દુનિયા આગળ શાહ થવું હોય, દુનિયા તરફથી પોતાને શાહ તરીકેની વાહવાહ લેવી હોય, તો શું કરશે ? દાનાદિ ધર્મની સાધના નહિ સૂઝે, નિંદાત્યાગ, ક્ષમા, ઉમદા સ્વભાવ વગેરે ગુણોની સાધના નહિ સૂઝે, પરંતુ ભાઇની નિંદા ને પોતાની ભળતી વડાઇના ગુણગાન વગેરે પ્રપંચ કરવાનું મન થશે. આ શું છે ? આડાઅવળા ફાંફા મારવાનો ધંધો. કહેશો-

પ્ર.-પણ આજે એવા પ્રપંચ કરીને નિંદા કરીને ફાવે છે ને ?

ઉ. -બધાજ ફાવે છે એવું નથી, કદાચ કોઇક ફાવી જતો દેખાય, તોય તે કામ ચલાઉ, લોક કદાચ કામ ચલાઉ વાહવાહ ગાશે, પરંતુ પછી ભંડો ફૂટી જતાં લોકની આગળ ખુલ્લો પડી જાય છે. ને ત્યારે લોકની નિંદાને જ પામે છે. પ્રપંચ કેટલો ટકે ? કહે છે ને ? 'પાપ પીંપળે ચડીને પોકારે છે. ત્યારે

**શુદ્ધ દિલે ગુણસાધના અને ધર્મસાધના કરનારો મસ્ત જીવે છે, અજ્ઞાન લોકની બહુ પરવા કરતો નથી, ને સરવાળે પ્રાયઃ લોકનો યશ પામે છે.**

મસ્ત જીવન જીવવાનું કારણ એ, કે ગુણસાધનામાં એને બીજાની શું, કે

સગાભાઇની શું, કોઇની નિંદા નહિ કરવાનો ગુણ એને ખપે છે, સત્પ્રશંસા યાને બીજાના વાસ્તવિક ગુણની સમ્યક્ પ્રશંસા કરવાનું એને ગમે છે, એટલે પોતાના મનમાં ય બીજાની હલકાઇ લાવતો નથી, બીજાના ગુણ જ દેખે છે, ને એ જોઇને પ્રમોદ આનંદ અનુભવે છે. આવા ગુણની સાધના કરનારને મનમાં શાના કશા વિખવાદ કે ચિંતા-સંતાપ હોય ? મનમાં વિખવાદ-ચિંતા-સંતાપ ન હોય એટલે સ્વાભાવિક છે કે એ મસ્ત જીવન જીવે. એટલું ધ્યાન-રાખવાનું કે ગુણસાધના ને ધર્મ સાધના લોકની પ્રશંસા માટે નથી કરવાની, કિન્તુ

**ધર્મસાધના ઉત્તમ માનવભવની સફળતા કરી લેવા માટે કરવાની છે,**

ધર્મ અને ગુણના ભરચક ઉત્તમ સંસ્કારો કમાઇ લેવા માટે કરવાની છે. જેથી એ સંસ્કારો ભવાંતરને ઉત્તમ ઉજ્જવળ બનાવે, ને સદ્ગતિની પરંપરા ઠેઠ વીતરાગતા સુધીના ધર્મ અને ગુણની પ્રાપ્તિ કરાવે. અસ્તુ-

વજ્રાયુધ કુમારને પૂર્વ ભવથી ધર્મસાધના અને ગુણસાધના ચાલી આવે છે, એટલે એનાથી ઊભા થયેલ પુણ્ય-પ્રકર્ષને લીધે શક્રેન્દ્ર મહાવિદેહથી નંદીશ્વરે જતાં હશે, તે અહીં ઊતરી આવે છે ને વજ્રાયુધ કુમારની પૂજા અર્થાત્ સત્કાર-સન્માન કરે છે, ને પ્રશંસા ગાય છે ! જેની ઇન્દ્ર પૂજા પ્રશંસા કરે, એની લોકમાં કેટલી બધી સારી છાયા ફેલાય ?

**પિતા ક્ષેમંકરની દીક્ષા અને તીર્થંકર પદ :-**

ત્યાર પછી એવું બને છે કે વજ્રાયુધ કુમારના પિતા ક્ષેમંકર રાજા નવ લોકાંતિક દેવથી પ્રતિબોધ પામવાની વિનંતિ થતાં વર્ષીદાન શરુ કરે છે, ને વરસને અંતે ઇન્દ્રો જેવાથી ઉજવાતા દીક્ષાભિષેક અને દીક્ષા-કલ્યાણક-વરઘોડા પૂર્વક ચારિત્ર લે છે, લઇને અલ્પ સમયમાં ઉચ્ચ સંયમ અને ઉચ્ચ તપની સાધના દ્વારા કેવળજ્ઞાન પામી તીર્થંકર થાય છે.

**વજ્રાયુધ ચક્રવર્તી :-**

ત્યારે ક્ષેમંકર રાજાએ દીક્ષા લેતાં પહેલાં વજ્રાયુધને રાજ્યગાદી સોંપી છે, તે હવે વજ્રાયુધ રાજા ચક્રવર્તીપણાનું પુણ્ય લઇને આવેલા છે એટલે હવે એ ચક્રરત્ન પ્રગટ થતાં છ ખંડ જીતવા નીકળી પડે છે ને ક્રમશઃ છ ખંડના વિજેતા ચક્રવર્તી બને છે. પોતાના પુત્ર સહસ્રાયુધ જે આગળ પર એમના પ્રથમ ગણધર થવાના છે, એમને અહીં યુવરાજ પદે સ્થાપે છે.

**વિદ્યાધર શરણે આવે છે :-**

એકવારનો પ્રસંગ છે, વજ્રાયુધ સમ્રાટ-ચક્રવર્તી રાજા સભા ભરીને બેઠા છે ત્યાં આગળ એક વિદ્યાધર આવીને ફડફડતો ફડફડતો શરણું માગે છે. કહે છે 'મહારાજાધિરાજ ! મને બચાવો બચાવો, હું આપના શરણે છું. મને શરણ આપો, શરણ આપો. એક ગુસ્સે ભરાયેલી સ્ત્રી મને મારવા આવે છે, એનાથી મને બચાવો.'

**ઉત્તમ આત્માઓ બીજાનાં દુઃખ જોઇ પીગળી જાય છે.**

એમના હૃદય બીજાનાં દુઃખ જોઇ તરત જ કરુણાથી ભીનાં બને છે, એટલે પછી એ ક્ષણભર જોવા વિચારવા નથી બેસતા કે 'આ દુઃખી માણસ પોતાના કોઇ અનાડીપણાથી તો દુઃખ નથી પામ્યો ?' પૂછશો-

પ્ર.-પરંતુ અનાડીપણું ન જોતાં માત્ર એનું દુઃખ જોઇ એકદમ પીગળી જવું એ અવિવેક નથી ?

ઉ.-ના, અવિવેક નહિ, પણ પર દુઃખ પ્રત્યે કોમળ દિલ નામનો એ ગુણ છે. એ ન હોય અને પરનું અનાડીપણું જ જોતો બેસે, તો દિલ કઠોરનું કઠોર જ રહે. એટલે એવાના પણ દુઃખ જોઇને દ્રવિત થવાનો ગુણ કમાવાનો અવસર આવ્યો એ ચૂકી જવાય. એમ તો દુનિયામાં અનાડી કોણ નથી ?

**જીવો દુઃખ પામે છે એ આ ભવના કે પૂર્વ ભવના અનાડીપણાથી.**

હવે જો એનું અનાડીપણું જ જોવાનું હોય તો તો કોઇ દુઃખીના દુઃખ સામે જોવાનું રહે જ નહિ, ને તેથી આપણું હૈયું કઠોર ને કઠોર જ રાખવાનું રહે. શું આ કઠોરતા એ ગુણ છે ? કે દયા કોમળતા એ ગુણ છે ?

દયા ગુણ કમાવાનો અવસર દુઃખી નજરે ચડે ત્યારે જ હોય છે, ને ત્યાં એનું દુઃખ ન જોતાં એનું અનાડીપણું જ જોવું છે, એટલે દયા ગુણ કમાવવાનો અવસર જ ચૂક્યા ને ?

**તીર્થંકરના જીવની દયા :-**

તીર્થંકર ભગવાનનો પૂર્વના ત્રીજા ભવમાં જગતના જીવમાત્રને કર્મથી વિડંબિત-દુઃખી જુએ છે, ને પીગળી જાય છે, અને એમને એથી મુક્ત કરવા કરુણા ચિંતવે છે કે 'ક્યારે મારામાં શક્તિ આવે ને આ જીવોને મોક્ષમાર્ગ પમાડી દુઃખથી મુક્ત થાય એવું કરું !' આ દયા વિચારે છે ત્યારે શું એ નહિ સમજતા હોય કે આ જીવો પોતાના અનાડીપણાથી જ કર્મ-વિટંબણા ભોગવી રહ્યા છે ? જરુર સમજે, પરંતુ સાથે એ ય સમજે છે કે જો માત્ર અનાડીપણું જોવાનું હોય ને દુઃખ ન જોવાનું હોય તો આ જીવોની દયા કરવાની રહે જ નહિ, ને એમાં તો દયાળુના ઉપદેશ વિના

એ જીવોને દુઃખના માર્યા સારું તો સૂઝવાનું નથી, સુધબુધ છે નહિ, એટલે નવા અનાડી- પણાને આચરશે, ને એથી આગળ પર વધુ દુઃખી થશે !

તીર્થંકર ભગવાનનો આત્મા સમજે છે કે ખરેખર તો

**જીવોમાં અનાડીપણું એ ભાવદુઃખ છે, ને એની દયા જ કરવાની હોય, દ્વેષ કે ઘૃણા–તિરસ્કાર યા ઉપેક્ષા નહિ,**

એટલે જીવોનું અનાડીપણું નજરે ચડતું હોય તો ય એમના પર દ્વેષ ઘૃણા તિરસ્કાર કે ઉપેક્ષા નથી વરસાવવાના, પરંતુ એમની દયા જ ચિંતવવા જેવી છે. શક્તિ પ્રમાણે દયાથી એમના એ અનાડીપણાના ભાવદુઃખને દૂર કરવા જેવું છે, ને એ માટે સદ્‌બુદ્ધિ આપવા જેવી છે.

'દુઃખી એ અનાડી છે માટે દયા ખાવા યોગ્ય નથી.' એ સૂત્ર ક્યાંથી લાવ્યા ? એમ તો એ સૂત્ર પહેલું તમારા પર જ લાગશે, કેમકે તમે ય જો એક યા બીજી વાતે દુઃખી છો તો એ દુઃખ તમારા પૂર્વના અનાડીપણાને લીધે જ છે.

પૂર્વના અનાડીપણા વિના દુઃખ આવતું નથી.

આ જૈન સિદ્ધાંત છે. અનાડીપણાથી પાપકર્મ બંધાય છે, અને એ દુઃખ લઇ આવે છે. પછી તમે કોઇની દયાની અપેક્ષા રાખતા નથી ને ? તમારા દુઃખમાં સૌ 'તમે પૂર્વના અનાડી છો' એમ કરીને તમારા પર દ્વેષ ધરે, ઘૃણા કરે કે તિરસ્કાર કરે, તો તમે ચલાવી લેશો ? શાંતિથી બેસશો ? શું એમ કહેશો કે ''લોકો મારો તિરસ્કાર કરે છે એ વાજબી છે ?'' ના એ તો કહેવું નથી.

❧ ❧ ❧ ❧ ❧ ❧

પોતાનું ગમે તેવું અનાડીપણું છતાં પણ પોતાના દુઃખમાં બીજાની સહાનુભૂતિ જોઇએ છે, દયા જોઇએ છે, તો પછી બીજાના દુઃખ વખતે એના પર દયા નહિ કરતાં એનું અનાડીપણું જ નજરમાં રાખી એનો તિરસ્કાર કરવો છે ? એના પર દ્વેષ કરવો છે ? ને બીજા ભાગ્યશાળી એની દયા ખાતા હોય એને અવિવેક કરનારા કહેવા છે ? જાતને માટે કાયદો જુદો ? ને જગતના જીવો માટે કાયદો જુદો ? આ ક્યાંનો ન્યાય ?

અવધિજ્ઞાની મહર્ષિઓ નરકના જીવોના કારમા દુઃખ નજરે જુએ છે, સાથે એ પણ જુએ કે 'આ જીવોએ પૂર્વે કેવા અનાડીપણાથી આ દુઃખ ઊભા કર્યા છે, છતાં એ અનાડીપણું મગજમાં લાવીને એ જીવો પ્રત્યે સૂગ નથી કરતા, ઘૃણા નથી

કરતા કે 'આ પાપીઓ પૂર્વે કેવા અનાડી !' ના, એ તો એનાં વર્તમાન દુઃખની દયા ચિંતવે છે કે 'આ નરકના જીવો બિચારા કેવી કર્મ વિટંબણા ભોગવી રહ્યા છે !' હિસાબ જ એક કે,

*આપણી સામે બે છે, (૧) જીવોનું અનાડીપણું અને (૨) જીવોનાં દુઃખ.*

**આપણા સારા નસીબે એમાંથી જીવોનાં દુઃખ પર દયા ચિંતવવાનું મળ્યું છે.**

કરુણા કરવાનું મળ્યું છે, તો એ છોડીને જીવોના અનાડીપણાને આગળ કરીને એમના પર દ્વેષ-ઘૃણા-તિરસ્કાર કરવાની કમનસીબી શા માટે વહોરવી ?

**દયા કરનારો નસીબદાર છે, ભાગ્યશાળી છે.**

**ઘૃણા કરનારો કમનસીબ છે, હીનભાગી છે.**

**તલવાર સાથે વિદ્યાધરી -**

વજ્રાયુધકુમાર ભાગ્યશાળી છે તેથી શરણે આવેલા વિદ્યાધરે અનાડીપણું શું કર્યું હશે તે તરફ ન જોતાં એના દુઃખ તરફ જોઇને એની દયા કરવા તૈયાર થાય છે, શરણું આપી એને કહે છે, 'બેસ સ્વસ્થતાથી બેસ, તારું રક્ષણ થશે.'

આટલું કહી રહ્યાં છે એટલામાં તો એક વિદ્યાધર સ્ત્રી ઉઘાડી તલવાર સાથે ગુસ્સામાં ધમધમતી ત્યાં આવે છે, ને કહે છે-

'મહારાજાધિરાજ ! છોડી દો, છોડી દો, પાપીને, એના ઘોર પાપનું હું એને હમણાં જ ફળ દેખાડી દઉં છું.'

આ પરથી ચક્રવર્તીને સમજાઇ તો ગયું કે 'આ શરણે આવેલ વિદ્યાધર કશું મહાન પાપ કરીને આવેલો છે,' પરંતુ તેથી પોતે વ્યાકુળ નથી થતા, પસ્તાવો નથી કરતા કે 'હાય ! તો પછી આવા પાપીને મેં ક્યાં આશરો આપ્યો !' ના, કશો સંતાપ નહિ, કેમકે એ સ્થિતપ્રજ્ઞ છે. સ્થિર પ્રજ્ઞાવાળા સ્થિર બુદ્ધિવાળા છે, દુઃખી જાણીને આશરો આપવાની બુદ્ધિ ધરી તે ધરી, એ બુદ્ધિપ્રજ્ઞા સ્થિર રાખવાની ને આશરો તેને આપ્યો, હવે નવી આપત્તિ આવે તો એને કુનેહથી ઉકેલવાની, પણ શરણાગતને છેહ નહિ દેવાનો દુઃખીની દયા કરવી એ ધર્મનું કામ.

**ધર્મનું કામ હાથમાં લીધાં પછી આપત્તિથી ગભરાવું નહિ.**

**ધર્મમાંથી ચલિત ન થવું એ ધર્મની ૩ જી કક્ષા છે.**

**ધર્મની ૪ કક્ષાઃ ઇચ્છા-પ્રવૃત્તિ-સ્થૈર્ય-સિદ્ધિ.**

ધર્મની ૩ જી કક્ષા ધર્મમાં સ્થિરતાં છે. 'યોગવિંશિકા' શાસ્ત્ર ધર્મ સાધવામાં

ચાર સોપાન-ચાર કક્ષા બતાવે છે. ધર્મસીડીના ચાર સોપાન અર્થાત્ ચાર પગથિયાં ચડીએ એટલે ધર્મ સિદ્ધ થાય. અથવા કહો, જેમ વિદ્યાર્થીને પહેલી કક્ષા, બીજી કક્ષા, યાવત્ દશમી અગિયારમી કક્ષાએ મેટ્રિક આવે, એમ અહીં પણ ધર્મની પહેલી કક્ષા, બીજી કક્ષા યાવત્ ચોથી કક્ષાએ ધર્મ-સિદ્ધિ થાય.

ધર્મની ચાર કક્ષા ચાર સોપાન એટલે ધર્મઇચ્છા, પ્રવૃત્તિ, સ્થૈર્ય અને સિદ્ધિ આ ચાર કક્ષારૂપ છે અર્થાત્ ક્રમશઃ પ્રગટતા ચાર પ્રકારે ધર્મ છે

**(૧) ઇચ્છારૂપ ધર્મ (૨) પ્રવૃત્તિરૂપ ધર્મ (૩) સ્થૈર્યરૂપ ધર્મ ને (૪) સિદ્ધિરૂપ ધર્મ.**

આ ચાર પ્રકાર જો બરાબર સમજી લેવામાં આવે તો ધર્મ સાધવામાં કામ ઘણું સહેલું અને શક્ય એવા પ્રકારે દરેક ધર્મ સાધવાના ઉલ્લાસવાળું બની જાય છે.

**(૧) ઇચ્છારૂપ ધર્મ :-**

ધર્મ કરવાની શુદ્ધ ઇચ્છા એ ઇચ્છારૂપ ધર્મ. અહિંસા-સત્ય વગેરે કોઇપણ ધર્મ આચરવાની શુદ્ધ ઇચ્છા થાય, ત્યાંથી ધર્મનું પગથિયું મંડાયું, ધર્મની કક્ષા શરૂ થઇ. પ્રશ્ન થાય-

પ્ર.-ધર્મની માત્ર ઇચ્છા કરી એમાં શો ધર્મ કરી નાખ્યો તે ઇચ્છાને ધર્મ કહો છો ?

ઉ.-ધર્મની શુદ્ધ ઇચ્છા એ પણ ધર્મરૂપ એટલા માટે છે કે આમ તો

**જીવને અનાદિ કાળથી ધર્મ સાથે કશો સંબંધ નથી.**

*શાસ્ત્રો કહે :-*

**ધર્મ ચરમાવર્તમાં જ થાય** :- શાસ્ત્ર કહે છે જીવને માત્ર ચરમાવર્તકાળમાં એટલે કે મોક્ષ પામવાના છેલ્લા પુદ્ગલ-પરાવર્તકાળમાં જ શુદ્ધ ધર્મદ્રષ્ટિ જાગે છે, ને ધર્મની પ્રાપ્તિ થાય છે. તે પૂર્વમાં અ-ચરમ આવર્તોમાં જો કે ચારિત્ર ધર્મનો સ્વીકાર અને પાલન સુધી જીવ પહોંચે છે, પરંતુ તે તો દુન્યવી માન-પાનાદિ વિષયસુખ પ્રાપ્ત કરવા માટે જ, એટલે આત્મકલ્યાણના હેતુ તરીકે ધર્મપર કશો પ્રેમ નથી, શુદ્ધ ધર્મદ્રષ્ટિ ત્યાં આવતી જ નથી, ધર્મ તરીકે ધર્મની ઇચ્છા ત્યાં થતી જ નથી. આ હિસાબે જોઇએ તો દેખાય કે ધર્મદ્રષ્ટિ ચરમાવર્તમાં જ આવે છે, તે પણ ચરમાવર્તકાળમાં પેસતાં જ ધર્મદ્રષ્ટિ આવે જ, ધર્મ પામે જ એવો ય નિયમ નથી.

પ્ર.-તો પછી ચરમાવર્તકાળમાં ય ધર્મ ક્યારે પામે ?

ઉ.-ચરમાવર્તકાળમાં જ્યારે ગુરુ ઉપદેશાદિથી મોક્ષ પર દ્રષ્ટિ જાય, ને મોક્ષના

સાધન તરીકે ધર્મ તરફ દ્રષ્ટિ જાય તેમજ ધર્મ પામવાની ઇચ્છા થાય, તે પછી ધર્મ પ્રાપ્તિ થાય છે, ધર્મ સાથે જીવને સંબંધ થાય છે. તે ચરમાવર્તની વચમાં ય થાય, ને છેડે ય થાય, એટલો નિયમ ખરો કે ધર્મ પ્રાપ્તિ થાય તો તે ચરમાવર્તકાળમાં જ થાય, તે પૂર્વે નહિ.

**ઇચ્છા ધર્મ સાથે સંબંધ કરી આપે :-**

અર્થાત્ અનાદિકાળથી ધર્મ સાથે કશા પણ સંબંધ વિનાના જીવને હવે ચરમાવર્તકાળમાં ધર્મ સાથે સંબંધ થાય છે. આ ધર્મ સાથે સંબંધ કરી આપનાર ક્યું તત્ત્વ છે ? તો કે ધર્મદ્રષ્ટિ, ધર્મઇચ્છા. ધર્મદ્રષ્ટિ એટલે ધર્મ તારણહાર લાગે, ધર્મ એકમાત્ર કર્તવ્ય લાગે, પરંતુ એ લાગ્યા પછી પણ જ્યાં સુધી 'હું આ ધર્મ કરું' એવી ઇચ્છા ન જાગે ત્યાં સુધી ધર્મ સાથે જીવને કનેક્શન ન થાય, સંબંધ ન થાય.

દા.ત. અહિંસા ધર્મ તરફ દ્રષ્ટિ તો ગઇ એટલે લાગ્યું કે 'અહિંસા તારણહાર છે, *અહિંસા કરવા જેવી છે, કર્તવ્ય છે,' પરંતુ જ્યાં સુધી ઇચ્છા ન થઇ કે* ''હું અહિંસાધર્મ પાળું, હું અહિંસા પાળવા માટે અહિંસાની પ્રવૃત્તિ કરું'' આ ઇચ્છા ન થઇ ત્યાં સુધી અહિંસા ધર્મમાં ડગલું નથી માંડ્યું.

વ્યવહારમાં જુઓ કન્યા માટે મૂરતિયો જોયો, મૂરતિયો સારો પણ લાગ્યો, અને કન્યાનો એની સાથે જીવનભરનો સંબંધ બાંધવા જેવો લાગ્યો, કિન્તુ જ્યાં સુધી સગાઇ ન કરી ત્યાં સુધી એ ઉમેદવાર કન્યાનો પતિ નહિ ગણાય. ત્યારે, જ્યાં સગાઇ કરી કે ત્યાંથી જ એને જમાઇ તરીકે હવે ઓળખે છે. તેમ કન્યા એને પતિ સમજે છે. મૂરતિયો કન્યાને પત્ની તરીકે જુએ છે. અલબત્ત હજી લગ્ન નથી થયા, કન્યાને સાસરે વરાવી નથી, પતિ-પત્ની તરીકેના કશા વ્યવહાર નથી ચાલ્યા, છતાં સગાઇ થઇ ત્યાંથી જ પતિ-પત્ની બન્યા ગણાય છે.

બસ, આજ રીતે ધર્મની ઇચ્છા થઇ એટલે ધર્મ સાથે સગાઇ થઇ, ને ત્યાંથી જ ધર્મવાળા ગણાઇએ, ધર્મ સાથે સંબંધ શરૂ થયો. માટે કહેવાય કે

**અહિંસાદિ ધર્મ અહિંસાદિની ઇચ્છાથી શરૂ થાય છે.**

બીજો દાખલો જોઇએ,

સવાલ થાય કે પ્રભુદર્શન એ ધર્મ ખરો ?

તો 'હા' જ કહીએ

કેમ એ ધર્મ ? ધર્મ તો પ્રભુની ભક્તિ કરાય એ ને ? માત્ર ભગવાન

દર્શનથી જોયા એ ધર્મ ?

હા, અહીં સમજવાનું છે કે દિલમાં પ્રભુભક્તિની ઇચ્છાથી પ્રભુનું દર્શન કરાય, ત્યાં ભક્તિધર્મ સાથે આત્માનું કનેક્શન થયું, સંબંધ થયો.

નહિતર એમ તો પૂજારી સવારે પ્રાયઃ પહેલો જ પ્રભુ-દર્શન કરે છે, પરંતુ એને એ દર્શન થોડો જ ધર્મરૂપ છે ? નથી, કેમકે એને પ્રભુદર્શન થતાં અંતરમાં પ્રભુ પ્રત્યે કશો ભક્તિભાવ ઊઠતો નથી. એને તો આ નોકરી બજાવ્યાનો પગાર મળે એજ એક આશય છે. ત્યારે, શ્રાવકના દિલમાં પ્રભુ-દર્શન થતાંજ ભક્તિભાવ ઊઠે છે, દર્શન કરીને પછી સ્તુતિ-પૂજા વગેરે પ્રભુભક્તિ કરવી છે, માટે એનું પ્રભુદર્શન એ ભક્તિધર્મ જ છે, એજ પ્રમાણે અહિંસાદિ ધર્મની ઇચ્છા કરી એ ધર્મમાં પ્રવેશ કર્યો, નિશાળીઓ હજી એકડી કલાસમાં બેઠા હોય ત્યાંથી એનું ભણતર શરૂ થયું કહેવાય છે, પછી ભલેને એકડોય નથી આવડતો. એનું કારણ એ છે, કે ભણવાની કક્ષાઓ છે, બાળપોથીના કે એકડીના કલાસ (કક્ષાથી માંડીને એમ.એ., પી.એચ.ડી., ના કલાસ સુધીની કક્ષાઓ, એમ અહીં ધર્મની કક્ષાઓ ઇચ્છાથી માંડીને સિદ્ધિની કક્ષા સુધીની છે. ધર્મની દ્રષ્ટિ જ નહોતી, ઇચ્છા જ નહોતી, ત્યાં સુધી તો એ ધર્મની બહાર ભટકતો હતો, ઇચ્છા થઇ એટલે ધર્મ તરફ મોં થયું.

સાચી શુદ્ધ ઇચ્છાને મામુલી સમજતા નહિ. મોક્ષ માટે લાયક કોણ ? તો કહેવાય કે જેને મોક્ષ પામવાની સાચી અભિલાષા છે, ઇચ્છા છે, એ મોક્ષ માટે લાયક છે. હજી તો સંસારની ભરચક પ્રવૃત્તિઓ કરી રહ્યો છે, છતાં એના દિલમાં મોક્ષની સાચી ઇચ્છા જાગી એ મોક્ષ માટે યોગ્ય બન્યો, અને મોક્ષ તરફ પ્રયાણનું પહેલું ડગલું માંડ્યું. શું ઇચ્છાનું આટલું બધું મહત્ત્વ ?

**ધર્મની સાચી ઇચ્છાનું મહત્ત્વ છે ? :-**

હા, કારણ છે, મોક્ષની ઇચ્છા માત્ર કરી એટલે એણે શું કર્યું ? સંસારની બધીજ ઘટમાળ, બધીજ સુખ-સંપત્તિઓ અને બધીજ પ્રવૃત્તિ પર ચોકડો માર્યો કે 'આ રાખવા-સંભાળવા જેવી નહિ, મહા ખતરનાક !' તેથી હવે એનાથી વિપરીત મોક્ષ અવસ્થાને જ મેળવવા-રાખવા જેવી માની એની ચાહના કરી. આમ સંસારની જે તીવ્ર શ્રદ્ધા-રુચિ–લાલસા ઉપર સંસાર અનંત અનંત કાળથી ચાલ્યો આવે છે, એને ભારે ધક્કો પહોંચાડ્યો. એથી સંસારના પાયા હચમચ્યા. આ કરનાર કોણ ? મોક્ષની ઇચ્છા. માટે મોક્ષની ઇચ્છાનું ઓછું મહત્ત્વ ન ગણાય, કે જેણે સંસારની

ઇચ્છાનું તીવ્ર શ્રદ્ધા-રુચિ-લાલસાને ધક્કો પહોંચાડવા દ્વારા સંસારના અનંત અનંત કાળના સ્થિર બની બેઠેલા પાયાને હચમચાવ્યા.

**ધર્મ કોણ ? પરિણતિ કે પ્રવૃત્તિ ? :-**

તો આ પરથી એ પણ સમજવાનું છે કે જેમ મોક્ષની પ્રારંભિક ઇચ્છા એ પણ મોક્ષના પ્રયત્નની જેમ મહત્ત્વની ચીજ છે-તેમ કોઇપણ અહિંસાદિ ધર્મની ઇચ્છા એ પણ એ ધર્મની જેમ મહત્ત્વની ચીજ છે.

બીજી રીતે જોઇએ તો, ધર્મની પ્રવૃત્તિને પણ ધર્મ કહેવામાં આવે છે, પરંતુ તે કેમ બની શકે ? કેમકે ખરેખર ધર્મ તો અંતરાત્માની તથાવિધ પરિણતિ છે. પરંતુ એ પરિણતિનું કારણ છે, ધર્મ પ્રવૃત્તિ, તેથી **કારણમાં કાર્યનો ઉપચાર કરીને ધર્મ પ્રવૃત્તિને ધર્મ કહેવાય જ છે. બસ, તો પછી ધર્મ-ઇચ્છાને પણ ધર્મનું કારણ હોવાથી ધર્મ કહેવામાં કશો વાંધો નથી.**

**ઓઘ દ્રષ્ટિ :-** જીવ અનાદિકાળથી ભવાભિનંદી હોય છે. એને ભવમાં જ આનંદ હોય છે. ભવમાં ભટકે, અનેકાનેક પ્રકારના દુઃખો પામે, છતાં કદી ભવથી ઉભગવાની વાત નહિ, ભવથી મુક્ત થવા તરફ દ્રષ્ટિ જ નહિ. દ્રષ્ટિ માત્ર ભવના વિષયોનો આનંદ લૂંટવાની. જગતના મોટા ભાગના જીવોની આ દ્રષ્ટિ કે ઇન્દ્રિયોના વિષયોનો આનંદ લૂંટવો, એ સર્વ સામાન્ય દ્રષ્ટિ છે, એને ઓઘદ્રષ્ટિ કહેવાય. ઓઘ એટલે સર્વ સામાન્ય. આવી ઓઘદ્રષ્ટિમાં અભવી જીવ તો શાશ્વતકાળ માટે રમતો હોય છે, પણ ભવી જીવ પણ એના સંસારના અંતના છેલ્લા (ચરમ) પુદ્‌ગલ પરાવર્તકાળ સિવાયના પૂર્વના અ-ચરમ અનંતાનંત પુદ્‌ગલ-પરાવર્તકાળમાં ઓઘદ્રષ્ટિમાં જ રમતો હોય છે. એને ભવમાં જ આનંદ, પણ ભવથી ઊભગવાની ને ભવમાંથી મુક્ત થવાની કોઇ ઇચ્છા જ નહિ, કલ્પના જ નહિ, બસ એકજ ધૂન, એકજ લગન, 'ભવના વિષયોનો આનંદ લૂંટો, વિષયોમાં જ મહાલો.'

**આ તીવ્ર વિષયરાગ એ સહજમળ છે.**

અનાદિકાળથી જીવની સાથે લાગેલો મળ. એ ચરમાવર્ત પૂર્વે જોરદાર કામ કરતો હોય છે.

એ તો માત્ર ચરમાવર્તમાં આવે ત્યારે જ એનો સહજમળ એટલે કે નિબિડ રાગદ્વેષનો મળ ઘસારે પડવાથી ભવથી ઉભગવાનું થાય, ભવથી મુક્ત થવા તરફ દ્રષ્ટિ જાગે, અને ત્યાં આઠ યોગ દ્રષ્ટિમાંની પ્રારંભિક પહેલી યોગદ્રષ્ટિ પ્રાપ્ત થાય

છે. મતલબ,

**યોગદ્રષ્ટિમાં આવવું છે ? તો ઓઘદ્રષ્ટિમાંથી બહાર નીકળો.**

સંસારના વિષયોના આનંદથી ઉભગો.

''હાય ! નરકાદિ દુર્ગતિઓમાં જાલિમ દુઃખ આપનારા આ વિષયો ? જાલિમ દુઃખદાયી આ-વિષયોના આનંદ ? એમાં મહાલતાં મારું શું થશે ? અનંત અનંત કાળ વિષયોમાં અને વિષયોના આનંદમાં મહાલ્યો, તેથી તો અનંતકાળ સંસારના ભવોમાં ભટકતો રહ્યો ! ચારે ગતિની ચોરાશી લાખ યોનિઓમાં અનંતા ચક્કર કાઢ્યા ! અનંતવાર ભટક્યો ! ધિક્કાર પડો આ વિષયોને ને વિષયોના આનંદને ! વિષયોની લગનને ને એ લગનવાળા મારા જીવને ય ધિક્કાર પડો !'

**વિષયોથી આમ ઉભગવાનું થાય ત્યાં ઓઘદ્રષ્ટિ ટળે ને યોગદ્રષ્ટિ આવે.**

શ્રી યોગદ્રષ્ટિ સમુચ્ચય નામનું શાસ્ત્ર કહે છે, પહેલી યોગદ્રષ્ટિમાં જીવ આવે ત્યારે એને પહેલું યોગાંગ 'યમ' પ્રાપ્ત થાય છે. યમ-નિયમ-આસન-પ્રાણાયામ...વગેરે ૮ યોગાંગ છે. યોગના ૮ અંગ છે.

**'યમ' 'નિયમ' એટલે ?**

**''અહિંસા સત્ય અસ્તેય બ્રહ્મચર્ય અપરિગ્રહાઃ યમાઃ''**

અહિંસા, સત્ય, અસ્તેય, (અ-ચોરી) બ્રહ્મચર્ય અને અ-પરિગ્રહ એ પાંચ યમ છે.

એ પાંચ યમનું સંરક્ષણ-સંવર્ધન કરનારા પાંચ નિયમ છે, જે બીજી યોગદ્રષ્ટિમાં પ્રાપ્ત થાય છે.

નિયમ એટલે ?

**'શૌચ-સંતોષ-સ્વાધ્યાય-તપ-ઇશ્વરપ્રણિધાનાનિ નિયમાઃ ।।'**

શૌચ, (પવિત્રતા) સંતોષ, શાસ્ત્રસ્વાધ્યાય, તપ અને પરમાત્માનું ધ્યાન એ પાંચ નિયમ છે.

યમ એ મૂળ ગુણ કહેવાય, અને નિયમ એ ઉત્તર ગુણ કહેવાય, ઉત્તરસાધક ગુણ કહેવાય. એમાં ને એમાં જીવ પલોટાયો રહે તો અહિંસાદિ મૂળ ગુણ સિદ્ધ થવા સુધી પહોંચે.

યોગની બીજી દ્રષ્ટિ એ પહેલી કરતાં વિકસિત ઉજ્જવળ દ્રષ્ટિ છે, તેથી

એમાં પાંચ નિયમોનું પાલન હોય છે. પહેલી યોગદ્રષ્ટિમાં જીવને પાંચ યમની સાધના હોય છે. ત્યારે અહીં પ્રશ્ન થાય છે કે-

પ્ર.-યોગની પહેલી દ્રષ્ટિ તો હજી પ્રારંભિક દ્રષ્ટિ છે, એમાં સાધુ જે અહિંસાદિ પાળે છે, એ અહિંસાદિની સાધના હોય ? જો એમ હોય તો તો શું એમ કહેવું છે કે સાધુને જ પહેલી યોગદ્રષ્ટિ લાધે છે ?

ઉ.-ના, પહેલી યોગદ્રષ્ટિ મંદ મિથ્યાત્વ અવસ્થાથી પ્રાપ્ત થાય છે, તો પછી એવા પ્રારંભિક જીવને અહિંસાદિની સાધના શી રીતે ? આ સવાલ સહેજે ઊઠે, તો આનો જવાબ યોગદ્રષ્ટિ સમુચ્ચય શાસ્ત્રની ટીકામાં શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ પોતે જ આ રીતે આપે છે કે-

'અહિંસા-સત્ય વગેરે કે દયા-દાન-શીલ વગેરે, યા પ્રભુભક્તિ-ગુરુભક્તિ-સંઘભક્તિ વગેરે, અથવા ક્ષમા-નમ્રતા વગેરે, કોઇપણ ધર્મની સાધના ચાર કક્ષાની હોય છે. ચોથી કક્ષા એ 'સિદ્ધિ' સુધી પહોંચે છે, અર્થાત્ ચોથી કક્ષાએ એ અહિંસાદિ ધર્મ આત્માને સિદ્ધ થાય છે.

**ધર્મસાધનાની આ ચાર કક્ષા અનુક્રમે ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થૈર્ય અને સિધ્ધિરૂપ છે. એટલે, ધર્મની શુદ્ધ ઇચ્છા એ પહેલી કક્ષાની ધર્મસાધના છે.**

હવે જીવ જ્યારે પહેલી યોગદ્રષ્ટિમાં આવ્યો છે. ત્યારે ભવથી ઉભગ્યો છે, ભવના વિષયોથી ઉભગ્યો છે, એટલે એ ભવ અને વિષયો ખાતર કરવા પડતા હિંસા-અસત્ય વગેરે પાપોથી પણ સહેજે ત્રાસ્યો છે, ઊભગ્યો છે, તેથી હિંસાદિથી ત્રાસેલા એને અહીં અહિંસા, સત્ય વગેરે ધર્મની સહજ ઇચ્છા થાય છે. એના મનને થાય છે કે 'મારે ભવમાં ભટકાવનારા આ હિંસાદિ પાપો ક્યાં સુધી આચરવાના ? ક્યારે મને અહિંસાદિ ધર્મ પ્રાપ્ત થાય !' આ અહિંસાદિની શુદ્ધ ઇચ્છા થઇ. એને અહીં શાસ્ત્રકાર પહેલી કક્ષાની અહિંસાદિ-ધર્મની સાધના કહે છે. એટલી ઇચ્છા જાગી એ પણ અહિંસાદિ રૂપ પાંચ યમની સાધના થઇ, ને એ ઇચ્છા પહેલી યોગદ્રષ્ટિમાં આવી શકે છે. શુદ્ધ અંતરથી ઇચ્છા થઇ એટલે પછી સહેજે થોડી પણ શક્ય અહિંસાદિની સાધનામાં એ પ્રવૃત્તિ કરવાનો. અલબત્ત સર્વે જીવોની અહિંસા આચરવાની પ્રવૃત્તિ પહેલે તબક્કે નહિ આવે, છતાં પણ આત્મા ! ઓઘદ્રષ્ટિમાં જોઇએ તેટલી જીવહિંસામાં પ્રવર્તતો હતો ને લેશ પણ અહિંસાની ઇચ્છા જ નહોતી થતી, તે હવે અહિંસાની ઇચ્છા થવાથી અહિંસા તરફ દ્રષ્ટિ ખૂલી છે. તેથી હિંસામય

જીવનમાં પણ શક્ય અહિંસા પાળવા તરફ ધ્યાન જશે, શક્ય અહિંસાદિની પ્રવૃત્તિ કરશે.

દા.ત. જીવ પહેલાં શિકાર કરતો હતો, તો હવે અહિંસા ધર્મને સાધવાની ઇચ્છા થવાથી શિકાર છોડી દેશે. એમ, રસ્તે ચાલતાં નીચે કીડીઓ દેખાઇ તો પહેલાં નિર્ધૃણપણે એના પર પગ દઇને ચાલતો હતો, તે હવે બાજુમાંથી કીડીઓ વિનાના રસ્તે ચાલશે. એમ, ઘરકામ કે ધંધાધાપામાં પણ જીવોને નિર્ધૃણપણે બિનજરૂરી મારવાનું નહિ કરે. આ બધી અહિંસાની જ પ્રવૃત્તિ છે.

❁ ❁ ❁ ❁ ❁ ❁

એનું મૂળ શેમાં છે ?

હિંસાદિ પાપથી ઊભગી અહિંસાદિ ધર્મની સાધનાની અંતરથી શુદ્ધ ઇચ્છા જાગી છે એ મૂળ છે. એ શુદ્ધ ઇચ્છા એ પણ પ્રાથમિક સાધના છે.

આ પરથી સમજવા જેવું છે કે

**પાપથી ઉભગીને-ભડકીને-ત્રાસીને ધર્મની શુદ્ધ ઇચ્છા કરીએ એટલે પણ ધર્મસાધનામાં આવ્યાનો મહાન લાભ મળે છે.**

એ લાભ એટલે યોગની પહેલી દ્રષ્ટિ પ્રાપ્ત કરવાનો લાભ છે.

અલબત ધર્મસાધનાની ઇચ્છા શુદ્ધ જોઇએ. દુન્યવી સુખ-સન્માનની લાલસાથી ધર્મસાધના કરવાનું મન થાય એ શુદ્ધ ઇચ્છા નહિ. પરંતુ પાપથી મન ઉભગ્યું છે, એટલે પાપથી બચવા ધર્મસાધનાની ઇચ્છા થાય, તેમજ ભવથી ઊભગી મોક્ષ જોઇએ છે, 'ને મોક્ષ ધર્મથી સિદ્ધ થાય છે, માટે ધર્મ સાધનાની ઇચ્છા એ શુદ્ધ અંતરની ઇચ્છા છે.'

પ્ર.-એકલા પાપના ભયથી ધર્મસાધનાની ઇચ્છા થાય તો ન ચાલે ? ભવના ભયથી મોક્ષની ઇચ્છા આમાં શું કામ ઘાલો છો ?

ઉ.-અભવી જેવો જીવ દેવતાઇ સુખની ઇચ્છાથી ચારિત્ર લે છે ત્યારે એને હિંસાદિ પાપનો ભય રહી સંયમ શુદ્ધ પાળવાની ઇચ્છા રહે છે, પરંતુ એ શુદ્ધ ઇચ્છા નથી, કેમકે સાથે ભવનો ભય, ને મોક્ષની ઇચ્છા નથી. તેથી ભવ એટલે કે વારંવારના જનમ-મરણનો ભય પણ જોઇએ, મોક્ષની ઇચ્છા જરૂરી. એવી ધર્મસાધનાની શુદ્ધ ઇચ્છા થવી એ ય મોક્ષ તરફ પ્રયાણ છે, પરભવે મહાન ઉદયનું બીજ છે. બોલો, શું ?

**શુદ્ધ ધર્મસાધનાની ઇચ્છા એ મોક્ષ તરફ પ્રયાણ અને ભાવી મહાન ઉદયનું**

**બીજ છે.**

**શુદ્ધ ધર્મેચ્છામાં વિરોધી મરે છે -**

નાગકેતુએ પૂર્વભવે અઠ્ઠમરૂપી ધર્મ સાધવાની ઇચ્છા જ કરેલી, અઠ્ઠમ કરી શકેલ નહિ, છતાં એમના આત્માનો કેવો ને કેટલો બધો મહાન ઉદય થયો ? આ એટલા માટે કહેવાય છે કે એક તો દાન આદિ સારી વસ્તુની ઇચ્છા કરીએ એમાં ભય રાખવાની જરૂર નથી કે દાનમાં પછી તૂટી પડવું જ જોઇએ, એવું નથી. એ વસ્તુ અમલમાં ન ઉતારી શકીએ એમ પણ બને, છતાં ઇચ્છા કરવામાં શું જાય ? ક્યાં કશો ખરચ લાગે છે ? ક્યાં કશો શ્રમ પડે છે ? કે કશો સમય લાગે છે ? માત્ર મનની તીવ્ર ઇચ્છા કરવાની છે. તો ગમે તે પ્રકારના દાનની ઇચ્છા રાખીએ, શીલની ને વ્રત-નિયમની ઇચ્છા કરીએ, કોઇ ત્યાગ-તપસ્યાની ઇચ્છા કરતા રહીએ, એમાં શું નડે એમ છે ? નડતું કાંઇ નથી ને આપણે એ ધર્મની પહેલી કક્ષામાં આવીએ છીએ, ને એમાં આત્મામાં સારા સંસ્કાર ઊભા થાય છે. દયા-દાન-શીલ-જિનભક્તિ વગેરે કોઇપણ ધર્મની શુદ્ધ ઇચ્છા કરીએ એટલે શું કરીએ છીએ ? આ, કે

**શુદ્ધ ધર્મ-ઇચ્છાથી એના પ્રતિપક્ષી (વિરોધી) નિર્દયતા, કૃપણતા, ગાઢ લક્ષ્મી મૂર્ચ્છા, વિષયરંગ વગેરે પાપો પરથી કાંઇક પણ દિલ ઉઠાડીએ છીએ.**

એટલેસ્તો દયા-દાન વગેરે ગમતા થઇ એની ઇચ્છા થાય છે.

એમ દાનની સાચી ઇચ્છા કરી, તો એમાં ગર્ભિત કયો ભાવ રહ્યો ? પોતાના પૈસા જતા કરવાની ઇચ્છા કરી, એટલી પૈસાની મમતા મૂકી દેવા ઇચ્છ્યું અનંત અનંત કાળમાં પૈસા છોડી દેવાની ઇચ્છા જ ક્યાં થઇ છે ? કોઇ દુન્યવી સ્વાર્થ ખાતર છોડવા ઇચ્છ્યું એ તો બદલો ઇચ્છ્યો. જેમ વેપારી પાસેથી માલ મળવાના બદલામાં એની કિંમતનાં પોતાનાં નાણાં વેપારી તરફ જતા કરવાનું કર્યું, એ કાંઇ ધન મમતા છોડવાનું નથી કર્યું. અરે ! પૂર્વે અનંતીવાર દ્રવ્ય-ચારિત્ર લીધા એમાં પણ દેખીતો સર્વ ધનત્યાગ કર્યો, પરંતુ તે બદલામાં દેવતાઇ માલ લેવાના હિસાબે કર્યો, એમાં કાંઇ ધન મૂર્ચ્છા નથી છોડી. જ્યારે અહીં દાનની ઇચ્છા કરાય તેમાં જે ધનત્યાગ છે, એ કોઇ બદલામાં દુન્યવી સુખ લેવાની ઇચ્છાથી નથી. તેથી આ ધનત્યાગમાં તો ખરેખર ધન-મમતા મૂકી દઇ દાન કરવાની ઇચ્છા છે.

સારાંશ, દાનની ઇચ્છામાં ગર્ભિત ધનમૂર્ચ્છા છોડવાની ઇચ્છા છે. આ કાંઇ સામાન્ય વસ્તુ નથી. અનંત અનંત કાળમાં જીવે ધનમૂર્ચ્છા જ કોઠે વળગાડેલી.

લેશમાત્ર ધનમૂર્ચ્છા મૂકવાની વાત જ નહોતી. તે હવે અહીં મૂકવાની ઇચ્છા થાય છે એ અનાદિ ધનમોહ પર આત્માનો મહાન વિજય છે. શું ? **અનંતા કાળમાં નહિ એવી ધનમૂર્ચ્છા ત્યાગની ઇચ્છા એ મોહ પર વિજય છે.**

આમ એકલું દાન જ શું, બીજા બીજા શીલ, તપ, ત્યાગ, ક્ષમા, દેવ-ગુરુ-ભક્તિ વગેરે ધર્મની સાચી ઇચ્છા કરવામાં તે તે પાપના ત્યાગની ઇચ્છા ગર્ભિત રહે છે એ મોહ પર વિજય અપાવ્યે જાય છે.

**ભાવના ભવનાશિની કેમ કહી છે ?**

આટલા જ માટે કે જે જે દાન શીલ વગેરે ધર્મની ભાવના કરો છો, એ ભાવનામાં તેના તેના પ્રતિપક્ષી પાપના ત્યાગની ભાવના ગર્ભિત રહે છે, ને એટલો એટલો મોહ દબાતો જાય છે, મોહ પર વિજય થતો આવે છે. એ આગળ પર સર્વથા મોહ વિજય સ્વરૂપ બની આવતાં વીતરાગતા, કેવળજ્ઞાન અને મોક્ષ નીપજી જવાના. ત્યાં ભવનો નાશ થયો. એ કરનાર, મૂળમાં ધર્મની ભાવના છે, પાપત્યાગની ભાવના છે. માટે ભાવના ભવનાશિની છે.

**ધર્મસાધનાની ૩ કક્ષાઓ :-**

બે વાત છે-

- ધર્મની ઇચ્છા કરો, ને
- ધર્મ-વિરુદ્ધ જે પાપ એના ત્યાગના ભાવ પણ કેળવો.

આવી પાપત્યાગ સહિત ધર્મની ઇચ્છા એ પહેલી ધર્મસાધનાની કક્ષા છે, ને

બીજી કક્ષાએ ધર્મની પ્રવૃત્તિ છે. જેટલી બને તેટલી ધર્મપ્રવૃત્તિ કર્યે જવાની. ત્યારે,

ત્રીજી કક્ષાએ એ ધર્મપ્રવૃત્તિમાં સ્થૈર્ય કેળવવાનું. આ એટલા માટે કે ધર્મ પ્રવૃત્તિ કરતાં એના પર વિઘ્ન આવે તો સ્થૈર્ય-સ્થિરતા-દ્રઢતા કેળવવાને લીધે ધર્મથી ચલિત ન થઇ જવાય. ધર્મમાં આ સ્થૈર્યદ્રઢતા એ ત્રીજી કક્ષાની ધર્મસાધના છે.

**ધર્મવિઘ્ન અસત્ કલ્પનાઃ એ હટાવવા શું કરવું ?**

ધર્મ સ્થૈર્યની સામે વિઘ્નરૂપે કોઇવાર કદાચ બહારનું વિઘ્ન ન આવે, પણ ખોટી માનસિક કલ્પના ઊભી થાય, તો એ આંતર વિઘ્ન છે. તેને પણ અટકાવી ધર્મદ્રઢતા અખંડ રાખવાની. દા.ત. તપની પ્રવૃત્તિ તરીકે પચ્ચક્ખાણ લઇ વર્ધમાન આયંબિલ તપની મોટી ઓળી શરૂ કરી છે. હવે એમાં વચમાં મનને એમ થાય કે

અશક્તિ લાગે છે, હજી આયંબિલ બહુ બાકી છે, કેમ પૂરા થશે ? અશક્તિ વધી જશે. તેથી હમણાં ઓળી પડતી મૂકવા જેવી છે,' આ કલ્પના ઊઠી એ વિઘ્નરૂપ છે, એ જો ન દબાવ્યું તો સંભવ છે કે ઓળી મુકાવી દે, ધર્મની દઢતા જાય ને ચંચળતા આવે. ત્યાં દઢતા રાખવા એ કલ્પનાને હટાવવી જોઇએ. એ માટે મનને લગાડવું જોઇએ કે 'આમ અશક્તિ થવાની કલ્પના કરીશ તો તો આગળ પર પણ તપ કરી રહ્યો ? રોજ આયંબિલનો ખોરાક તો સારી રીતે લઇ શકે છે, પછી અશક્તિ શાની ? એ તો આગંતુક શરદી કે વાયુ જેવું થયું તેથી અશક્તિ લાગે, પરંતુ એને ઉપાયથી દબાવી શકાય. એના બદલે નકામી વધુ અશક્તિ થઇ જવાના ભયની કલ્પના શા સારુ કરવી ? આ રીતે એ કલ્પનાને હટાવી શકાય, ને ધર્મ સ્થૈર્ય ઊભું રહે.

અથવા કદાચ એવી કલ્પના થઇ કે 'આયંબિલ ઓળી તો શરૂ કરી, પરંતુ આંબાની મોસમ આવે છે, તો ઓળી ચાલુ રાખવામાં આંબા ખાવાના રહી જશે ! માટે હમણાં ઓળી મૂકી દઉં. મોસમ પછી અગર મોસમનાં પાછલાં ભાગે ઓળી લઇ શકાશે.' આ માનસિક કલ્પનાનું વિઘ્ન આવ્યું. ત્યાં તપની દ્રઢતા રાખવા માટે એમ વિચારવું જોઇએ કે-

**તપની દ્રઢતા માટે વિચારણા :-**

'અરે ! આવી કાયરતા શી ? યા રસની ગુદ્ધિ શી ? આયંબિલ ઓળીઓ કરું છું એ રસની ગૃદ્ધિ તોડવા માટે. ત્યાં આ હાય ! રસ ઉડાવવો રહી જાય, આવી કલ્પના જ કેમ આવી ? એમાંય આંબાના રસની ગૃદ્ધિ તો મહાખતરનાક ! કેમકે એમાં તો મહિનો બે મહિના નહિ, પણ બાર મહિનાય કેરી ખાધ્યે રાખી તો ય કંટાળો નહિ આવે. એ બતાવે છે કે આમ્રરસની આસક્તિ-રાગ જલ્લાદ છે. જલ્લાદ રાગ એટલે અતિ સંક્લિષ્ટ રાગ અને અતિ સંક્લિષ્ટ રાગ એટલે બહુ ચિકણાં કર્મ બંધાવે ! હાય ! ઘોર અશાતા વેદનીય કર્મ, નીચ ગોત્ર કર્મ, અપયશ-અનાદેય-દૌર્ભાગ્ય વગેરે નામકર્મ, તેમજ ઉગ્ર જ્ઞાનાવરણીય વગેરે કર્મ બંધાય, ને પરિણામે જીવના ડૂચા નીકળી જાય !

માટે મારે આ રસગૃદ્ધિનું પાપ જોઇએ નહિ. સારું થયું ભગવાને આયંબિલ ઓળીની યોજના એવી બતાવી કે જેમાં આ આમ્રરસના પાપથી સહેજે બચી જવાશે !

આમ આ રસના પાપથી બચી જવાનો મહાન આનંદ મનાય, એટલે ઓળીમાં દ્રઢ રહેવાય.

વાત આ છે-ધર્મની ઇચ્છા કરો, ધર્મપ્રવૃત્તિ કરો, પરંતુ જો એમાં સ્થિરતા ન કેળવી તો ધર્મથી સ્ખલિત થઇ જવાનો સંભવ છે.

**વજ્રાયુધને શરણું આપ્યામાં વિઘ્ન :-**

પેલા વજ્રાયુધ ચક્રવર્તીએ વિદ્યાધરને શરણું આપ્યું છે. હવે પાછળથી વિદ્યાધર સ્ત્રી આવીને કહે છે-'મહારાજા ! છોડી દો છોડી દો એ પાપીને, હમણાં હું એની દુષ્ટતાનું ફળ દેખાડી દઉં છું.' આ વિઘ્ન આવ્યું. અશરણને શરણું આપી દીધેલું એ ધર્મ. એમાંથી ચલિત કરી નાખે એવું વિઘ્ન આવ્યું. 'અરે ! આવા પાપીને મે શરણું આપ્યું ? એમ મનને વસવસો ઊભો થાય એ વિઘ્નરૂપ છે. કોઇ જીવને શરણું આપવાનો સ્વીકાર કર્યો એ અનાથને શરણદાન રૂપી ધર્મની પ્રવૃત્તિ છે. પણ પછી ? હવે તો એવું કાંઇક સાંભળવા મળ્યું કે 'આ તો દુષ્ટ કામ કરીને આવ્યો છે,' અને એના પર મનને વિમાસણ થાય કે 'તો શું આવા દુષ્ટને શરણું આપ્યું ? આ તો શરણને અયોગ્ય ગણાય,' તો આ વિમાસણ એ વિઘ્નરૂપ છે. એને જો પાર કરી જવાય અર્થાત્ એનાથી લહેવાઇ ન જવાય, તો જ શરણદાનના ધર્મની પ્રવૃત્તિમાં સ્થિર રહેવાય.

વજ્રાયુધ ચક્રવર્તી ધર્મમાં સ્થિરતાવાળા છે, તેથી વિઘ્નથી ચલિત થતા નથી, 'એ જીવને શરણું આપ્યું તે આપ્યું હવે એને તરછોડવાનો નહિ, આ એમનો દ્રઢ નિર્ધાર છે. ત્યારે પૂછો-

તો પછી પેલી વિદ્યાધર સ્ત્રી કહી રહી છે એનું શું ?

એનો માર્ગ કાઢવાનો, સુવ્રત શેઠે ચોરને અભય અપાવવાનો નિર્ણય કર્યો હતો, તો રાજાના ના કહેવા પર માર્ગ કાઢેલો ને ?

**સુવ્રત શેઠે વિઘ્ન ટાળવા માર્ગ કાઢ્યો :-**

સુવ્રત શેઠે પહેલાં તો રાજાને કહી દીધું કે 'ચોરને અભયદાન આપો એ માટે પ્રાર્થના કરવા આવ્યો છું.'

ત્યાં રાજા કહે 'પણ શેઠિયા ! તો બદમાશ માણસોને અભયદાન આપીએ તો પછી રાજ્ય કેમ ચાલે ? આવાને અભયદાન ન અપાય.'

શેઠ કહે 'તો સાહેબ ! જ્યાં સુધી એને અભયદાન નહિ અપાય ત્યાં સુધી મારે ઉપવાસનું પારણું નહિ થાય.'

શેઠે એમ ન વિચાર્યું કે 'લ્યો ભાઇ ! આપણે તો ઘણું ય અભયદાન અપાવવા

ધારેલું, પરંતુ રાજા જ ના કહે છે ત્યાં શું થાય ? મૂકો વાત પડતી. ના,

સુવ્રતશેઠને અહિંસા ધર્મ સિદ્ધ કરવો છે. પોતાના નિમિત્તે ચોરોની હિંસા થાય છે એ ન અટકાવાય ને એના તરફ આંખ મિંચામણા થાય તો પોતાની અહિંસા-પ્રવૃત્તિ અધુરી રહેલી લાગે છે. તે પાલવતી નથી. અહિંસાની પ્રવૃત્તિ બરાબર આચરવી છે. એમાં રાજાનો ચોરોને છોડવાનો ઇન્કાર આડે આવે છે. વિઘ્ન આવ્યું હવે શું કરવાનું ? શું ? માર્ગ કાઢવાનો. માર્ગ કાઢી વિઘ્ન હટાવવાનું. તો જ ધર્મપ્રવૃત્તિ વચમાં તૂટે નહિ, પણ અખંડ ચાલે.

**વિઘ્ન પાર કરાય તો જ અહિંસાદિ ધર્મપ્રવૃત્તિમાં સ્થિરતા રહે, અખંડિતતા રહે, ને સાધના સિદ્ધિ સુધી પહોંચે.**

સુવ્રત શેઠની સ્થિરતા છે, દ્રઢતા છે, એટલે ગમે તે ભોગે વિઘ્ન પાર કરવું છે, તેથી રાજાને આ નિર્ધાર આપી દીધો-'ચોરોને અભયદાન ન મળે ત્યાં સુધી મારે પારણું નહિ થાય.'

એમાં વળી રાજા કહે 'પણ શેઠિયા ! પછીથી આ ચોરીઓ કરશે એનું શું ? આજે ચોરીનો ગુન્હો છતાં છૂટવાનું મળે છે એટલે તો એમને લીલાલહેર થઇ ગઇ. ફરીથી ચોરીઓ કરવાના. એનું શું ?'

આ ય પાછું વિઘ્ન આવ્યું. પરંતુ શેઠને વિઘ્નો પાર કરી પોતાની અહિંસા-પ્રવૃત્તિમાં સ્થિરતા રાખવી નક્કી છે, એટલે તરત રાજાને કહે છે, 'મહારાજા ! એ હવે પછી ચોરીઓ ન કરે એની જવાબદારી મારા માથે.'

પછી રાજાએ ચોરોને અભયદાન દીધું તો શેઠે ચોરોને શું કર્યું એ ખબર છે ને ?

**સુવ્રત શેઠની કેવી ઉદારતા ! :- :-**

ચોરોને ઘરે લઇ જઇ ધનની થેલી આપતાં કહ્યું 'લ્યો શા સારુ ચોરી જેવો હલકો ધંધો કરો છો ? પેટ માટે કરતા હશો, લ્યો આ પૈસા લઇ જાઓ પ્રામાણિક ધંધો કરજો.' ચોરો લે ? ધિટ્ઠા હોય તો લે. પણ એ શેઠના દાક્ષિણ્યમાં આવી ગયા છે, તે કહે છે-'શેઠ મારા ! જીવનદાન અપાવ્યું એ ઓછું નથી. મરાઇ ગયા હોત તો ક્યાં ચોરી કરવા જવાના હતા ? લ્યો, આજથી પ્રતિજ્ઞા કે ભૂખે મરશું પણ કદી ચોરી નહિ કરીએ. એમ કહી ધન લીધા વિના ચોર ચાલી ગયા. એકની ધર્મ સ્થિરતા શું કામ કરે છે !

અહિંસાની ઇચ્છા, અહિંસાની પ્રવૃત્તિ, અને એમાં સ્થૈર્ય રખાય, તો ધર્મસાધનાની ૩ કક્ષા વટાવી, ચોથે પગથિએ અહિંસાની સિદ્ધિ સુધી પહોંચાય. સુવ્રત શેઠ શ્રાવક છે, એમને આ સિદ્ધિ કરવી છે, તેથી એ પૂર્વની જે સ્થિરતા એ ટકાવવા એમણે આટલે સુધીની તૈયારી રાખી, કે પોતાનું જ ઝવેરાત ચોરવા આવેલા, ને ચોરીને ઉપાડી જવા જતા હતા એવા ચોરોને એ ઉપરથી ધંધો કરવા ધન આપે છે !

ત્યારે ધર્મપ્રવૃત્તિમાં સ્થૈર્ય એમ ને એમ સચવાતું હશે ? વિઘ્ન આવે તો ડગી ગયે સ્થૈર્ય ન રહે.

વજ્રાયુધ ચક્રવર્તીએ પેલા વિદ્યાધરને શરણું આપ્યું છે. શરણદાન એ પરોપકાર ધર્મની પ્રવૃત્તિ છે. એમાં, વિદ્યાધર સ્ત્રી એ વિદ્યાધરને દુષ્ટતા કરી આવેલા તરીકે ઓળખાવી છોડી દેવા કહે છે એ વિઘ્ન આપ્યું, તો 'એમ છે ? તો ભલે એ પોતાની દુષ્ટતાને લીધે મરે, મારે એને નથી રક્ષણ આપવું' એવું ચક્રવર્તી નથી વિચારતા. કેમ ? પરોપકાર ધર્મની પ્રવૃત્તિમાં સ્થિરતા-દઢતા રાખવી છે.

અહીં જુઓ એ વિદ્યાધરની દુષ્ટતા કેવી ખુલ્લી થાય છે ! વિદ્યાધર સ્ત્રીની પાછળ એક બીજો વિદ્યાધર આવે છે, એ ચક્રવર્તીને નમસ્કાર કરીને કહે છે-

**વિદ્યાધરી દુષ્ટતા શી ? :-**

''મહારાજા ! આ મારી પુત્રી શાન્તિમતી પ્રજ્ઞપ્તિ-વિદ્યા સાધવા પર્વતની ગુફામાં ગયેલી તે વિદ્યા સાધતી હતી. એમાં આ દુષ્ટ વિદ્યાધરે બદદાનતથી એને ઉપાડી હતી.''

વિષય-સંજ્ઞા કેવી ભયંકર છે ?

એ સામાની સાધના પ્રવૃત્તિને નથી જોવા દેતી. એમાં પુરુષ જાતની વિષય-સંજ્ઞા એટલે ? એકાંતમાં સ્ત્રીને જોઇ એટલે બસ ગાંડોતૂર ! 'અલ્યા પણ આ બિચારી સ્થિર સાધનામાં રોકાયેલી છે, તો સાધના પૂરી થતા સુધી રાહ જો ?' 'ના, પછી તો વળી એ વિરોધ કરે એટલે શાની હાથમાં આવે ? અત્યારે તો એ ધ્યાનમાં સ્થિર છે. એટલે આપણે ઉપાડીએ તો એ કાંઇ હાલવા ચાલવાની યા બોલવાની નથી કે કશો વિરોધ કરવાની નથી, માટે અત્યારે જ આને ઉપાડવાનો સોનેરી અવસર છે.' એમ સમજે છે. કોણ સમજાવે છે ? વિષયલંપટતા. તો કહો વિષયસંજ્ઞા કેટલી ભયંકર !

વિષયલંપટતા સામાની સાધનાની સ્થિરતાને એક નબળી કડી તરીકે

જુએ છે.

**માણસ બીજાને ઠગવાનું-લુંટવાનું કરે છે એ શાના ઉપર ?**

**સામાની કોઇ નબળી કડી જોઇ એનો લાભ ઉઠાવી લેવાની બદદાનત પર.**

આજે દુકાનના બોર્ડ પર કે માલ પર યા માલની જાહેરાતમાં શૃંગારી સ્ત્રીનાં ચિત્ર કેમ રાખે છે ? માણસની નબળી કડી જુએ છે કે 'એ પરસ્ત્રી-લંપટ છે, તેથી પરસ્ત્રીનું ચિત્ર જોતાં ય આકર્ષાશે, ને બોર્ડ કે જાહેરાત વાંચશે, માલ જોશે, અને પછી ખરીદવા આકર્ષાશે.

દુકાન પર આવેલા સારા ઘરાકને ચહા કેમ પવાય છે ? બહુ સ્નેહ ઉભરાયો છે ? ના, 'ઘરાક માણસ છે ને ? એની આ નબળી કડી છે કે કોઇનું ખાધું-પીધું તો પછી દાક્ષિણ્યમાં આવશે, ને થોડી પણ ખરીદી દાક્ષિણ્યવશે એ કર્યા વિના નહિ રહે.

મિત્ર મિત્રની પત્નીને ફસાવે છે શાના પર ? મિત્ર-પત્નીની દાક્ષિણ્યની નબળી કડી પર. હમણાં જો એ પત્ની દાક્ષિણ્ય બાજુએ ફગાવી સહેજ પણ આગળ વધનાર પતિમિત્ર સામે રાડ પાડી ઊઠે, તો પેલો ખો ભૂલી જાય. નહિતર તો એ સ્ત્રી ભલે સુશીલ હોય, પરંતુ આગળ વધતા ને રસોડામાં ઘુસતા, તેમજ 'કેમ ભાભી ! કોઇ ચહા-બહા નહિ પાઓ ?...એમ ટાયલા કરતાં જરાક અડપલું કરવાના ખોટા નિમિત્તને પામી સુશીલ પણ સ્ત્રીને પડતા વાર નહિ.

વાત આ છે, કે

**જે નબળી કડી સમજી ધૂતારા ધૂતવા ઇચ્છતા હોય તે નબળી કડી દૂર ફગાવી દેવી જોઇએ.**

બાકી સ્ત્રી સ્થિર ધ્યાનમાં છે, એ ધ્યાન દરમ્યાન હાલવા-ચાલવાની નથી માટે એને ઉઠાવવી એ ધર્મદ્રોહ ધર્મ-ઠગાઇ છે.

પરંતુ વિષયલંપટનાં હૈયા ધિટ્ટા, તો આ ધર્મ-દ્રોહ, ધર્મ-ઠગાઇનો એને રંજ નથી હોતો, અફસોસી નથી હોતી, એટલે જ ધર્મ-દ્રોહના ભયંકર પાપથી બચવું હોય એણે વિષયલંપટતા અને ધનલંપટતાથી દુર રહેવું જોઇએ.

**પરસ્ત્રીદર્શનમાં બે ધર્મદ્રોહ :-**

આજે માણસને મંદિર ઉપાશ્રયોમાં પણ પરસ્ત્રી પર નજર નાખતાં સંકોચ નથી, પરંતુ એને ખબર નથી કે આમાં ધર્મ-દ્રોહ થાય છે.

(૧) એક ધર્મદ્રોહ એ, કે મંદિરમાં નિસીહિ કહીને પેઠો એ વીતરાગના દરબારમાં પાપપ્રવૃત્તિ ન કરવાની પ્રતિજ્ઞા કરીને પેઠો. હવે એનો ભંગ કરવો એ દેવાધિદેવનો દ્રોહ કરવા જેવું છે.

બીજા ધર્મદ્રોહ એ, કે સ્ત્રીઓ મંદિરે પ્રભુ દર્શનનાં ધર્મ માટે આવે છે. એના પર ખોટી દ્રષ્ટિ નાખવી એ એને પાપમાં નિમિત્ત બનાવવા જેવું છે. એ એના પ્રત્યે ધર્મ-દ્રોહ છે.

માણસે વિચારવું જોઇએ કે 'જો આવા પવિત્ર ધર્મમગ્ન ભવ્યાત્માને ઠગવા સુધીની વિષયલંપટતા છે, તો તે સિવાયના પ્રસંગમાં વિષયલંપટતા કેટલી જોરદાર રહેવાની ? એના પર કમમાં કમ એટલો તો અંકુશ જોઇએ ને કે 'હું મારી લંપટતામાં સામાને ધર્મમાં ઠગું નહિ ? એનો ધર્મદ્રોહ ન કરું ?'

વિષયલંપટતા ખતરનાક છે ! એ આટલી અધમ કક્ષાએ ધર્મદ્રોહ અને ધર્મીનો વિશ્વાસઘાત કરાવે છે. માટે જ જરાય જાતની વિષયસંજ્ઞાના ભરોસે ન રહો, કે હું કોઇનો ધર્મદ્રોહ તો નથી કરતો ને ? જો વિષયલંપટતા અને ધનલંપટતા પર અંકુશ નથી રાખ્યો, તો એ જંગલી મદોન્મત્ત હાથીની જેમ કેવા ય ભયંકર ધર્મદ્રોહ યા બીજા ભયંકર ઊંડા પાપવનમાં ભટકાવી દેશે !

એવી આકરી વિષયલંપટતાથી બચવા વિચારવું તો એ જોઇએ કે 'અરે ! હું તે કાંઇ જનાવર ગધેડા જેવો છું કે લંપટતા પર કાબુ જ નથી ? જો ગધેડા કરતાં મારો આ ભવ ઊંચો છે તો એને છાજતી ઊંચી વિચારસરણી અને ઊંચી કરણી જ રખાય. બાકી તો બેલગામ લંપટતામાં નક્કર વળવાનું કશું નહિ, શરીરનો રાજા વીર્ય ખલાસ, સત્ત્વ ખલાસ, તામસીવૃત્તિ ખખડધખ, અને વિચારસરણી કાળી ચાલવાની ! એટલે જ આજે દેખાય છે, જો પરસ્ત્રી લંપટ પુરુષો સંસ્થાના કારભારી હોય છે તો તે નિઃસત્ત્વતા અને તામસી પ્રકૃતિના યોગે જરાક શી વાતમાં એવા આવેશમાં આવી એવા નઠોર વર્તાવ અને કર્કશ તથા તિરસ્કારભર્યા અભિમાનના બફારા કાઢવાનું કરે છે કે જે નાના ધાર્મિક માણસને ય ન છાજે, તો મોટા કારભારીને તો છાજે જ શાનું ?

આ સાર્વત્રિક નિયમ નહિ સમજતાં, પરંતુ જ્યાં બહુ મિજાજી વલણ ને રોફ બજાવવાનું હશે ત્યાં જોજો કદાચ છૂપી લંપટતા હશે.

વિષયલંપટતા ભૂંડી ! અહીં ય દુષ્ટ કામો કરાવે, કર્કશ બોલ બોલાવે, ને કાળા વિચારો કરાવે ! પછી પરલોકમાં તો નરકાદિ દુર્ગતિઓમાં એની ખેર નથી.

વિષયલંપટતામાં પેલો વિદ્યાધર પ્રજ્ઞપ્તિ વિદ્યાની સાધનામાં સ્થિર રહેલી વિદ્યાધર કન્યાને ઉઠાવી ચાલવા માંડે છે. ત્યારે એના કેવા બૂરા હાલ છે એ જુઓ.

વજ્રાયુધ ચક્રવર્તી આગળ શરણું લીધેલા વિદ્યાધરની દુષ્ટતા માટે નવો આવેલ વિદ્યાધર કહી રહ્યો છે કે 'મહારાજાધિરાજ ! આણે મારી આ કન્યાને એની સાધનામાં ઉપાડી તો ખરી, પરંતુ એના ફૂટેલા નસીબે કન્યાને લઇ જતાં કન્યાની સાધનાની દ્રઢતાથી પ્રજ્ઞપ્તિ વિદ્યાદેવી આગળ એનું શું ચાલે ? ગભરાઇને ભાગીને આપના ચરણમાં પેઠો. તેથી મારી કન્યા વિદ્યા સિદ્ધિ સાથે અહીં એને શિક્ષા કરવા આવી છે. એને વિદ્યા સિદ્ધ થવાનો સમય જાણી હું એને લેવા ગયો, તો ત્યાં ગુફામાં ન જોતાં શોધવા નીકળ્યો, તે અહીં આવ્યો છું. આ દુષ્ટને આપ કૃપા કરી સોંપી દ્યો મારી પુત્રીને પ્રજ્ઞપ્તિ વિદ્યાના સહારે એ એની ખબર લઇ નાખશે.''

આ પરિસ્થિતિ જાણીને ચક્રવર્તી પરોપકાર ધર્મની ઉપાડેલી પ્રવૃત્તિમાં ડગમગ થાય કે નહિ ? પણ ના, પરોપકાર ધર્મની સિદ્ધિ કરવી છે, તો એની પ્રવૃત્તિમાં વિઘ્ન આવ્યે સ્થિરતા જ રાખવી પડે.

વજ્રાયુધ ચક્રવર્તી આમાં માર્ગ કાઢવા અવધિજ્ઞાનથી પૂર્વભવની એમની સ્થિતિ જોઇ લે છે, અને કહે છે-

**દુષ્ટ વિદ્યાધર અને કન્યાનો પૂર્વભવ :-**

''હે મહાનુભાવ ! આ વિદ્યાધર તારી પુત્રી પર કેમ મોહિત થઇ ગયો એ તું જાણે છે ? ના, તો એનું પૂર્વભવનું કારણ સાંભળ. તો તને જ લાગશે કે આમાં એનો વાંક નથી.

''જો, પૂર્વભવે આ દત્ત નામનો એક શ્રેષ્ઠિપુત્ર હતો, અને આ કન્યા ત્યાં એની પ્રભંકરા નામે પત્ની હતી, આમ તો બંનેને ખૂબ રાગ હતો, અને એટલે જ એકવાર બંને ઉદ્યાનમાં ફરવા માટે ગયેલ. ત્યારે ત્યાં વિદ્યાધર રાજાનો પુત્ર નલિનકેતુ ફરવા આવેલો. એણે પ્રભંકરાને જોઇ એના સૌંદર્ય પર મોહિત થઇ ગયો, તેમણે એને એકલી જોઇ ઉપાડી, ને એ ચાલતો થઇ ગયો. વનવડીઓમાં જઇ એની સાથે ક્રીડા કરવા મંડ્યો.

અહીં દત્ત બિચારો પોતાની પત્ની પ્રભંકરાને નહિ જોતાં શોધવા નીકળ્યો.

હૃદયમાં ભારે સંતાપ છે કે 'હાય ! આ બિચારી પત્નીને શું કોઇ ઉપાડી ગયું ?'

**સંસારની માયા કેવી દુઃખદ છે ! :-**

સંસારની માયાને પોતાની કરો અને સુખકારી માનો એટલે સમજી રાખવાનું કે "એ માયા દુઃખનાં પોટલાં ન લઇ આવે તો એનું નામ માયા નહિ. માયા સમજો છો ? 'માયા' એટલે ઇન્દ્રજાળ માયાજાળ એ રણનાં ઝાંઝવાનાં નીર જેવી. એમાં ગર્ભિત દુઃખ જ હોય, પરંતુ તાત્કાલિક સુખનો આભાસ કરાવે ! અને આ જાદુગર મોહની માયાજાળ છે ને ? એટલે એ સુખના આભાસ પાછળ લખલૂટ પાપ અને કષાયો કરાવે ! એથી ભાવી નરકાદિ દુર્ગતિઓની ભયંકર વેદનાઓમાં આંધણ મૂકાયાં !" આ સમજી રાખવાનું.

**સંસારમાયાને ઓળખનાર શું કરે ? :-**

એટલે તો મહાપુરુષો એ માયાને તિલાંજલિ આપીને પોતાના આત્માના હિતની સાધનામાં લાગી ગયા, ને જે માયાને ન છોડી શક્યા એ દુખાતા દિલે એમાં રહ્યા રહ્યા જીવોની ખૂબ દયા-જયણા પાળનારા, તેમજ અસત્ય-અનીતિ-વૈર-વિરોધ-ઇર્ષ્યા-અસૂયા વગેરેનો સદંતર ત્યાગ કરનારા બન્યા, એટલું જ નહિ, પણ વિષયોના રંગરાગ પર ભારે સંયમન નિયમન મૂકી જિનભક્તિ સાધુભક્તિ અને જિનવાણીના ઉપાસક બન્યા રહ્યા. જિનવચનના અનુસારે વ્રત-નિયમ-સામાયિક-શાસ્ત્રસ્વાધ્યાયાદિને જીવનમાં મુખ્ય કરનારા બન્યા. બાકી એકલા માયાના ઉપાસક બન્યા રહ્યા એ એજ જનમમાં કર્મની તમાચ લાગતાં એકલી હાયવોય સંતાપ અને રોદણાં કલ્પાંત કરતા બેઠા.

**દત્ત ને કેવળજ્ઞાની :-**

પેલો દત્ત બિચારો પત્નીની માયાથી મોહિત, તે પત્ની ઉપડી ગઇ છે એટલે ભારે ચિંતા સંતાપ કરતો એને શોધતો ફરે છે. એમાં ભાગ્યયોગે ફરતો ફરતો એક એવા સ્થાને આવી ઊભો છે, કે જ્યાં એક 'સુમન' નામના મુનિ મહાત્માને આરાધનાનો વેગ વધતા અપૂર્વકરણ, ક્ષપકશ્રેણિ અને શુક્લધ્યાન લાધ્યાં ! અને એમાં ચાર ઘાતીકર્મોનો ભુક્કો બોલાવી દીધો ! ને કેવળજ્ઞાન લાધ્યું છે ! આરાધનાના વેગથી આ સુલભ છે. આરાધના વેગ વિનાની ચાલુ સામાન્ય સામાન્ય ચાલતી હોય, તો એથી ગુણસ્થાનકે હાઇ જમ્પ (High Jump) ઊંચો કૂદકો મારવાનું ન બને.

**ઉપર ઉપરના ગુણસ્થાનકે કૂદવાનું આરાધનાના વેગથી થાય.**

**આરાધનાનો વેગ એટલે ?**

(૧) આરાધનાની માત્ર સંખ્યાનો વધારો એ આરાધનાનો વેગ નહિ, પરંતુ આરાધનાની ગુણવત્તાનો સારો વધારો, આરાધનામાં વીર્ય-જોમ-ભાવોલ્લાસનો વધારો એ આરાધનામાં વેગ વસ્તુ છે. એ વીર્ય-જોમ-ભાવોલ્લાસ એવા વધે, કે-

(૨) પહેલાં આરાધના આત્માથી અલગ-ભિન્ન જેવી થતી હોય તે હવે આત્માથી અભિન્ન જેવી થવા માંડે,

(૩) પહેલાં આરાધના પાપના ભયથી થતી હોય તે હવે સહજ અત્યંત ઉપાદેય બુદ્ધિથી થવા માંડે. મન કહે 'આ જ કરવા જેવી કરણી છે, દુનિયાદારી કરવા જેવી નહિ.'

(૪) અથવા પહેલાં આરાધનામાં ભાવોલ્લાસ તો હતો, પરંતુ પછી દુનિયામાં તક આવતાં ક્રોડો કમાતાં જે અત્યંત ભાવોલ્લાસ હોય, એના કરતાં ય એકદમ જ ભારે ભાવોલ્લાસ વધી ગયો, તો એ આરાધનામાં નવો વેગ આવ્યો ગણાય, ને એથી ગુણસ્થાનકની પાયરીએ ચડવાનું થાય. એ જ વેગ વધતાં વધતાં ઉપર ઉપરના ગુણસ્થાનકે ચડી જવાનું થાય.

**નાગકેતુને પુષ્પપૂજામાં ભાવોલ્લાસ**

નાગકેતુ મહાન શ્રાવક પ્રભુની પુષ્પ-પૂજા કરી રહ્યા હતા, એમાં કરંડિયામાંથી પુષ્પ લેવા જતાં અંદર રહેલ સાપે ડંખ માર્યાનું નિમિત્ત બન્યું. અહીં બીજાને આરાધનામાં ભંગ થઇ જાય અગર વેગ મંદ પડી જાય, એની જગાએ મહાન શ્રાવક અને અરિહંત દેવના પરમ ભક્ત નાગકેતુને આરાધનામાં વેગ વધી ગયો !

નાગકેતુને આરાધનામાં વેગ શો વધ્યો હશે ?

એમને અર્હદ્‌ભક્તિની પુષ્પ-પૂજારૂપ આરાધના ચાલી રહી હતી, એ ભક્તિની આરાધનામાં સાથે ભાવોલ્લાસ પણ વર્તી રહ્યો હતો.

**આરાધનામાં સારો ભાવોલ્લાસ એટલે આરાધના વખતે**

(૧) અત્યંત ઉપાદેય બુદ્ધિ,

(૨) આહારાદિ સંજ્ઞાઓની અટકાયત, અને

(૩) નિરાશંસ ભાવ, તથા વચમાં વચમાં પ્રશસ્ત સાધ્યનો ય વિચાર નહિ, કિન્તુ એક માત્ર સાધના-આરાધનાને પ્રબળ પ્રબળ બનાવવાનો પ્રયત્ન.

આ ત્રણ સારા કામ કરી રહ્યા હોય એટલે સારો ભાવોલ્લાસ. એ સારા ઉલ્લાસથી પુષ્પ-પૂજા ચાલી રહી હતી, એમાં હવે સર્પદંશનું નિમિત્ત મળ્યું તેથી ભાવોલ્લાસ વધી ગયો ! એટલે કે દંશની પીડામાં પણ આ પૂજા છોડીને શરીરની પીડાનો લેશમાત્ર વિચાર નહિ. પૂજામાં કર્તવ્યભાવ તો હતો જ, પરંતુ હવે કર્તવ્યભાવ ઓર વધી ગયો ! 'જીવનમાં આ અર્હદ્ભક્તિ કરવા મળી છે, એ બીજા પ્રલોભનો કે આપત્તિઓ સામે અદ્ભુત કર્તવ્ય હોઇ, અત્યારે વચમાં બીજા કશા ઉપર કર્તવ્યભાવ લાવવાનો નહિ, ને આમાં જ તન્મયતા વધારવાની એવી કે જાણે પોતાનો આત્મા અરિહંતમાં એકમેક થઇ રહ્યો છે !

એમાં વળી શરીરના રાગની વિષયસંજ્ઞા નડવા જાય, પરંતુ જોમ વિકસાવીને તેને ઉઠવા જ નહિ દેવાની. સર્પદંશની પીડાએ કદાચ મન તે તરફ જવા જાય, પરંતુ ત્યાં જ આ નિર્ધાર કે 'કાયાનું ગમે તે થાઓ, મારા પ્રભુ પ્રત્યે ભક્તિભાવના પ્રવાહને જરાય અટકવા દેવાનો નહિ, બલ્કે વધુ ગાઢ કરવાનો, અર્થાત્ અરિહંત પ્રભુમાં વધુ ઓતપ્રોત થવાનું.

**નાગકેતુએ ભાવના કેમ વધારી ?**

એમ નાગકેતુને પુષ્પ પૂજા કરતાં સર્પદંશ થયો ત્યાં પૂજાની આરાધના વખતે શરીર પીડાની પરવા ન કરી. 'શરીર એ વિષય છે, એ અત્યારે સારી સ્થિતિમાં છે કે નબળી સ્થિતિમાં ? એ કશું જોવું જ નથી. વિષયસંજ્ઞાને અહીં અટકાવી જ દેવી છે. એટલે શરીર વિષય તરફ જોવાનું જ નહિ.' એમ મન વિષયમાંથી ઊચકેલું છે. તે માત્ર ઊચકેલું જ નહિ, પણ બીજી બાજુ વીતરાગ પ્રભુની ભક્તિમાં જોરદાર લગાડેલું છે. 'શરીરની બલા છે માટે એને સર્પદંશને ? અને એમાં ધ્યાન જતાં પ્રભુ ભૂલાય ને ? બસ, બલાની લેશ પણ ચિંતા જ નહિ કરવાની.' એમ શરીર પર બેપરવાઇ વધતાં મન પ્રભુમાં વધારે ચોંટવા માંડ્યું. આ ભક્તિની આરાધનાનો વેગ વધ્યો કહેવાય. એમાં પ્રભુની વધુ નિકટ એટલે કે સંયમ ભાવમાં આવ્યા, એમાં ય પ્રભુની એથી વધુ નિકટ એટલે કષાયોનો નાશ ને પ્રમાદ હટતાં અપ્રમત્તભાવ, અપૂર્વવીર્ય, શુક્લધ્યાન, ક્ષપકશ્રેણી વીતરાગતા ને ઠેઠ કેવળજ્ઞાન સુધી પહોંચી ગયા !

આરાધનાના વેગની બલિહારી છે !

**આરાધનામાં વેગ લાવવા માટે સંસારની જળોજથા ઘટાડવા જેવી છે, ને સંસારની દુઃખદ સ્થિતિ જોઇને જ સંસારની જળોજથા ઘટાડવાનું બને.**

દા.ત. બાજુના ઘરવાળો જુવાનિઓ રૂપાળી કન્યા પરણી લાવ્યા પછી એના પર બહુ મોહમૂઢ થઇ એને લાડ લડાવવા એને એણે છૂટો દોર આપ્યો. તો એમાં પત્ની માથે ચડી બેઠી, રોફ-રોષ-મિજાજ વગેરે ચલાવે છે, તે વરસ દહાડમાં જ એ જુવાનીયાની દુઃખદ સ્થિતિ થઇ છે.

તો આ જોઇને પાસેના ઘરવાળા ને બીજા ઘણા જુવાનિયાના મનને શું થાય ? આ જ કે 'હવે મારા લગ્ન નજીકમાં છે તો પરણ્યા પછી એવો મોહઘેલો અને બૈરીને લાડ લડાવનારો ન બનું' એવી બાજુવાળાની દુઃખદ દુર્દશા જોઇ દિલ ઊભગી જાય ને ? અને સ્ત્રીની ગુલામી લેશમાત્ર ન કરે ને ?

બસ, એમ સંસારની દુઃખદ દુર્દશા જોઇ, મન એથી ઊભગી જાય, ને ધર્મની આરાધનામાં લાગે. એટલું જ નહિ, પણ સંસારની દુર્દશા ધ્યાનમાં રાખી આરાધનામાં વેગ વધારતો જાય.

આવું પેલા દત્ત શ્રેષ્ઠિપુત્રને બને છે.

**દત્તનો જીવનપલટો :-**

વજ્રાયુધ ચક્રવર્તી અવધિજ્ઞાનથી જોઇને પેલી ઊકળી આવેલી વિદ્યાધરી અને એના બાપ વિદ્યાધરને પૂર્વભવ કહી રહ્યા છે કે 'જુઓ તો ખરા, કે આ જેને તમે ગુનેગાર સમજો છો એ પૂર્વભવમાં દત્ત શ્રેષ્ઠિપુત્ર હતો, અને તું શાન્તિમતિ પૂર્વભવે એની પ્રિય પત્ની પ્રભંકરા હતી. પત્નીને રાજપુત્ર નલિનકેતુ ઉઠાવી ગયો, તો દત્ત બિચારો પત્નીની શોધમાં નીકળી પડ્યો છે, 'હાય ! બિચારીને કોણ ઉઠાવી ગયું ? એ બિચારીનું શું થતું હશે ?' એમ વલખાં મારતો ગામ ગામ ફરે છે, ત્યાં એને એક સુમન મુનિ જેમને હમણાં જ આરાધનામાં વેગ આવવાથી કેવળજ્ઞાન થયું છે, અને દેવતાઓ કેવળજ્ઞાનની ઉજવણી કરવા આવ્યા છે, એ પત્ની પાછળ શોધમાં ઘુમતા દત્તના જોવામાં આવ્યું.

દત્ત નસીબદાર તે આ વિશિષ્ટ પ્રસંગ જોવા મળ્યો ! નહિતર

**સંસારના ખારા પાટમાં મીઠા પાણીની વાવડીની જેમ વિશિષ્ટ ધર્મ-પ્રસંગ ક્યાં જોવા મળે ?**

એવો ધર્મ-પ્રસંગ જોવા મળ્યા પછી પણ હૈયાને સંસારની દુઃખદ દુર્દશાના હિસાબે સંસાર પર વૈરાગ્ય-નફરત-સૂગ ન થાય, ધર્મ-ભાવના ન જાગે કે ન વધે, ત્યારે માનવું પડે કે 'જીવ ભારે કર્મથી પીડાઇ રહ્યા છે. અહીં પેલો દત્ત નસીબદાર

તો ખરો ઉપરાંત હળુકર્મી છે, તે આ કેવળજ્ઞાનની દેવતાઇ ઉજવણી પર પ્રસન્નતા અનુભવી પ્રસંગ જોઇ પત્ની ખોયાનો ઉદ્વેગ ભૂલી ગયો, અને ત્યાં કેવળજ્ઞાની ભગવંતની દેશના સાંભળવા બેસી ગયો.

કેવળજ્ઞાની જુએ છે કે 'આ ભવી જીવ કર્મની અને મોહની વિટંબણાથી પીડાઇ રહ્યો છે, એને બચાવી લેવા જેવો છે, તેથી ઉપદેશમાં કહે છે કે-

''હે ભવ્યાત્માઓ ! આ સંસારની કોઇ ચીજના મોહમાં પડતા નહિ, નહિતર એ મોહની ચીજમાં આઘું-પાછું થતાં બગાડો થતાં મોહના લીધે દુઃખી થશો. સમજી રાખો કે, **એ દુઃખ વસ્તુના બગડવાના લીધે નથી, પરંતુ પોતાના અંતરના મોહના લીધે છે.** જેને મોહ નથી એને કાંઇ દુઃખ નથી. આ સંસારમાં ભટકાવનાર મોહ છે. મોહના લીધે, ધર્મ આરાધનાના સંયોગો હાથ-વેંતમાં છતાં, આરાધના સૂઝતી નથી, અને **મૂઢ જીવ મોહના સંકલ્પ-વિકલ્પમાં આવો ઊંચો જનમ પણ વેડફી નાખે છે.**

કેવળજ્ઞાનીની દેશના સાંભળતાં દત્તનું હૈયું હચમચે છે, અલબત પત્ની ગુમાવ્યાનો ભારે ખેદ હતો, અને એને શોધવા નીકળી પડ્યો હતો, એટલે બીજી કાંઇ શુધબુધ ન હોય, પરંતુ સ્વર્ગમાંથી દેવતાઓ ઉતરીને કેવળજ્ઞાનની ઉજવણી કરતા હોય એ દ્રશ્ય જ એવું હતું કે ચિત્ત પેલા ખેદને ભૂલી આ જોવામાં એવું સ્તબ્ધ થઇ જાય કે 'અરે ! આ શું ? હું એક સ્ત્રીની પાછળ ઘેલો બન્યો છું ને આ મહર્ષિ સર્વ સંગ ત્યાગ કરી વીતરાગ બને છે ! ને દેવતાઓ જેમને દેવાંગનાઓ વગેરે સ્વર્ગસુખના ભરપૂર સાધન છે, એ એની લહેર ભોગવવી બાજુએ મૂકી અહીં આ વીતરાગ સર્વજ્ઞ બનેલાના સત્કાર-સન્માન કરવા ઉતરી પડે છે. ત્યારે એક સ્ત્રી એ શી કિંમતી ચીજ ?

❀ ❀ ❀ ❀ ❀ ❀

**દત્તની હૃદયપલટાની વિચારણા :-**

દત્તને ક્ષણભર ખેદ ભૂલાઇ ગયો, અને એમાં વળી કેવળજ્ઞાની ભગવાનની સંવેગ-વૈરાગ્યભરી દેશના સાંભળવા મળી, એટલે તો મનુષ્ય જીવનના સારને સમજી પોતાની આ પત્ની-ઘેલછા અસાર સમજાય છે, અને દાનાદિ ધર્મ સેવવા સાથે શુભભાવ, શુભધ્યાનની સાધના સારરૂપ દેખાય છે. બસ, એને મન પરથી પત્નીનો મોહ અને એને શોધવાની ઘેલછા ઊતરી જાય છે. મનને થાય છે-

**અરે ! આ હું અતિ ઉત્તમ માનવ સમયને ક્યાં વેડફી રહ્યો છું ?**

પત્ની તો શોધવાથી મળે કે ન ય મળે, અને મળે તો પણ એની પાછળ કાંઇ મારો માનવ જનમનો કિંમતી સમય લેખે ન લાગે, સફળ ન થાય, તો પછી એવો સમય શા સારુ વેડફી નાખું ? સમયનો ધર્મસાધનામાં સદુપયોગ કાં ન કરી લઉં ?'

બસ, દત્તે પત્નીને શોધવાની ઘેલછા મૂકી દીધી દાનધર્મમાં લાગી ગયો ! બીજી બાજુ પોતે પત્ની અંગેનું આર્તધ્યાન છોડી દીધું અને શુભધ્યાનમાં જ મન રાખ્યા કરે છે !

આ દુનિયામાં મોટું આર્તધ્યાન સ્ત્રી અંગેનું છે. એ છૂટયા વિના શુભધ્યાન શી રીતે લાગે ? દુનિયામાં દેખાય છે ને કે જેને સ્વપત્નીમાં સંતોષ નથી અને બીજીમાં મન ચાલે છે, એને પરસ્ત્રી અંગે કેટલું બધું આર્તધ્યાન હોય છે ? ત્યારે જે ભલે દુરાચારના માર્ગે નથી જતા એનેય પત્ની પાછળ કેટલું આર્તધ્યાન પ્રવર્તે છે ? ડોસો મરવા પડ્યો હોય હવે તો પત્ની ને બધું ય છોડીને જવાનો અવસર આવી ગયો છે, તો ય ચિંતા કરશે કે 'પત્નીને છોકરો સંભાળશે કે નહિ ? એટલે તો છોકરાને ભલામણ કરવાનું મન થાય છે કે 'ભાઇ ! તું તારી બાને સંભાળજે.'

કેવી ઘેલછા છે ? કેમ જાણે પોતે પત્નીની ચિંતા કરશે ભલામણ કરશે તો જ પોતાના પછી એ બિચારીની સંભાળ થશે. આ માનવું ઘેલછાભર્યું નથી ? પત્નીની સંભાળ એના પોતાના પુણ્ય પ્રમાણે થવાની ? કે તારી ચિંતા અને ભલામણ પ્રમાણે થવાની ? પત્નીનું પુણ્ય કાચું હોય તો એની તું લાખ ચિંતા કરે ને ભારપૂર્વક ભલામણ કરે, તો ય એની સંભાળ નહિ થાય. આજે દેખાય છે ને કે કેટલીય માતાઓને દીકરાઓ પોતાની પત્નીની સંભાળમાં બરાબર સંભાળતા નથી.

એટલે જ મરતા ડોસાને ડાહી પત્ની તો કહી દે કે 'આ તમારે જવાના અવસરે તમને આ શી લત ? જવાના અવસર હૈયામાં મને રાખવાની ? કે ભગવાનને રાખવાના ? હું તમારા હૈયામાં હોયે સદ્ગતિ નહિ મળે. સદ્ગતિ તો ભગવાન હૈયામાં હોય તો મળે'. વાત સાચી છે કે,

**હૃદયમાં કોણ હોય તો સદ્ગતિ મળે ? પત્ની કે પરમેશ્વર ?**

**પત્ની તો આર્તધ્યાનનું કારણ છે, ને પરમેશ્વર શુભધ્યાનનું.**

**આર્તધ્યાનથી તિર્યંચગતિનાં કર્મ બંધાય શુભધ્યાનથી દેવ કે મનુષ્યગતિનાં કર્મ બંધાય.**

આ પરથી માપ કાઢી શકાય કે હૈયામાં પત્નીને મુખ્ય સ્થાન આપવાથી કઇ ગતિનાં કર્મ બંધાય છે ? પૂછો ને-

પ્ર.-પણ પરણી બેઠા એટલે સમજીને તો પરણ્યા છીએ તેથી હૈયામાં પત્ની મુખ્યપણે આવી જ જાય ને ?

ઉ.-ના, જો આસ્તિકતા હોય તો હૈયામાં મુખ્યપણે પોતાનો આત્મા વસેલો હોય, અને આત્માના ઉદ્ધારક પરમાત્મા વસેલા હોય. પછી જો કે પત્ની અંગે વિચાર ન આવે એમ નહિ, કિન્તુ એ વિચારની કડી પોતાના આત્મા સાથે ને પરમાત્મા સાથે જોડી દે.

**પત્નીના વિચારની કડી આત્મવિચાર સાથે કેવી રીતે જોડાય ? :-**

પ્ર.-પત્નીના વિચારની કડી પોતાના આત્મા ને પરમાત્મા સાથે શી રીતે જોડાય ?

ઉ.-એ રીતે જોડાય કે પત્નીનો વિચાર આવતાં ઝટ મનને થાય કે...

(૧) જીવ ! ધ્યાન રાખજે આના વિચારમાં તારા પોતાના આત્માનું હિત ન ભૂલી જઇશ. જોજે આના વિચારમાં તારા દિલમાં કામરાગ-સ્નેહરાગ તો નથી ઉછળતા ને ? ઉછળતા હોય તો સમજ કે એમાં ભવનાં બંધન વધે છે ! ભવની યાત્રા લંબાય છે ! ભવના ફેરા વધે છે ! તો જીવનની ને આત્માની બરબાદી આમ ક્યાં સુધી ચલાવવાની ?' આમ વિચાર રહે, મનને સંતાપ રહે એ આત્માની કડી જોડી કહેવાય, ને પત્નીના વિચારમાં પણ આત્માને મુખ્ય સ્થાન આપ્યું કહેવાય.

(૨) અથવા એમ કડી જોડાય કે 'આ પત્નીનો વિચાર એટલા માટે આવે છે કે એ સગવડ કરે એથી. માટે ધર્મ-આરાધનામાં ઝટ સારી રીતે લાગી જવાય.

(૩) એમ પરમાત્માની કડી જોડવા માટે એમ વિચારાય,-'આની ચિંતાના બદલે પરમાત્માની ચિંતા આવી જાય તો કેવું સારું ! અથવા આ ચિંતા કરું છું એમાં મને રાગ પત્નીનો કેટલો ? ને પ્રભુને મનમાં લાવું ત્યારે પ્રભુ પર મને રાગ કેટલો ? અથવા પત્નીની ચિંતામાં પ્રભુની આજ્ઞા તો નથી લોપતો ?' આવા કોઇક વિચાર રહે તો પ્રભુને મુખ્ય કર્યા કહેવાય. જીવનમાં આ જ જોતા રહેવાનું છે કે

**જીવનમાં મુખ્ય સ્થાન કોને છે ?**

સ્વાભાવિક છે કે પત્ની-પુત્ર-પૈસા-શરીર વગેરેની બહુ ચિંતા કરતા રહેવામાં મુખ્યતા એને જ અપાય છે, હૈયે એજ વસ્યા રહે છે, ને એમાં જીવ પાપકર્મો

જ બાંધે છે. એના બદલે પોતાનો આત્મા અને પરમાત્મા, આત્માનાં હિતાહિત અને પરમાત્માનાં જીવન તથા આદેશ એને જ મુખ્ય પણે વિચારતા રહેવાય તો એ શુભભાવ હોવાથી પુણ્ય કર્મ બંધાય.

**દત્ત એ અજિતસેન :-**

વજાયુધ ચક્રવર્તી વિદ્યાધરને અવધિજ્ઞાનથી જોઇ કહે છે, 'આમ કેવળજ્ઞાની મહર્ષિની વાણી સાંભળી પેલો દત્ત પુત્ર બુઝયો, ખોવાયેલી પત્નીની ચિંતા એણે મૂકી દીધી અને દાન-ધર્મ તથા શુભધ્યાનમાં લાગી ગયો એના સુંદર ફળરૂપે અહીં વિદ્યાધર રાજાના પુત્ર અજિતસેન તરીકે એ અહીંયાં અવતર્યો છે, ને અનેક રૂપવંત વિદ્યાધર રાજકન્યાઓને પરણ્યો છે. પરંતુ આ તારી પુત્રી શાન્તિમતી એ એની પૂર્વભવની ગુમાવાયેલી પત્ની હોવાથી એના પર એને પૂર્વભવના સ્નેહને લીધે રાગ ઉભરાઇ આવ્યો તેથી એણે એનું હરણ કરેલ.

હવે એ સાંભળો કે પેલી અપહરણ કરાયેલ દત્ત પત્ની અહીં શી રીતે શાંતિમતી તરીકે અવતરી ?

**દત્ત પત્ની શાંતિમતી કેમ બની ?**

પેલો હરણ કરનારો નલિનકેતુ દત્તની પત્નીને ઉઠાવી ચાલ્યો. વાવડીઓ ઉદ્યાનો વગેરેમાં એની સાથે મોજ કરતો રહ્યો, અને આગળ જતાં એ વિદ્યાધર રાજા જેવો સમ્રાટ રાજા બને છે. દત્ત પત્ની પ્રભંકરાને પ્રિય કરી રાખી છે, પણ એકવાર ઘનઘોર વાદળ ચડ્યા ને ઉતર્યા, એ જોઇ રાજા વૈરાગ્ય પામી જાય છે ! અને ચારિત્ર લે છે !

**લઘુકર્મીને અચાનક પ્રસંગે હૈયાને ધક્કો :-**

કેટલામાં વૈરાગ્ય ? કેટલામાં ચારિત્ર ?

ક્યાં એક વખત પારકાની પત્ની સુંદર દેખી મોહિત થઇ જવું ને ઉઠાવી જવું ? ને ક્યાં મોટા વાસુદેવ સમ્રાટ જેવી ઋદ્ધિ છતાં વાદળાની ચડતી પડતી જોઇ વૈરાગ્ય પામી જવું ? કહો, આત્મા કાંઇક લઘુકર્મી બન્યો હોય ને એને આવા અચાનક બનતા બનાવ જોવા મળે તો હૈયાને એક ધક્કો લાગી જાય છે, અને પોતાની દુન્યવી ચીજ પાછળની એકાંત મોહ મૂઢતા પર ઘૃણા થાય છે, ને ધર્મ તરફ આકર્ષણ થાય છે. વાત આ-કર્મલઘુતા જોઇએ ને પ્રસંગ દર્શન પર તત્ત્વચિંતન જોઇએ.

આપણને આશ્ચર્ય લાગે કે આટલામાં વૈરાગ્ય ? આપણે તો ઘણીય વાર

આવા દ્રશ્ય જોઇએ છીએ છતાં આપણને કશો એવો વૈરાગ્ય ઉછળતો નથી ! એવું દેવાધિદેવ અરિહંત પ્રભુ પર કે ધર્મ પર કોઇ એવું આકર્ષણ કે એવો ઝુકાવ વધતો નથી, ત્યારે એવા મહાન સમ્રાટ જેવા રાજાઓને વૈરાગ્ય આકષણ ઝુકાવ વધી જાય છે. એ જોઇ આપણા દિલની કઠોરતા નઠોરતા ને ધિટ્ટાઇનો ખ્યાલ આવે છ ખરો ?

અરે ! કદાચ વૈરાગ્ય તો ન આવે પણ એનો પ્રશ્ચાત્તાપ પણ નહિ ? કેવું આપણું જીવદળ ? આનું કારણ સ્પષ્ટ છો-

**જ્યાં સુધી દુન્યવી વિષયો અને સત્તા સન્માનની મિઠાશ ન ખસે ત્યાં સુધી દુઃખદ અકસ્માતો હૈયાને કશી સારી અસર ન કરે.** એ તો એ વિષયો સત્તા સન્માનની હૈયે કડવાશ ઊભી કરવી જોઇએ. કડવાશ ઊભી કરવા આ વિચાર જોઇએ.

ભલે આ વિષયો આ સત્તા-સન્માન મીઠા લાગતા હોય પણ એમાં સરવાળે મિઠાશ જેવું શું છે ? મારી બેવકુફી છે કે મહાખતરનાક અને નરકાદિ દુર્ગતિદાયીને મીઠા માની રહ્યો છું દૂધપાકમાં ઝેરની ખબર પડી ત્યાં જ શું થાય છે ? દૂધપાકની મનમાં મિઠાશ ઊડી જાય છે. આ સાંસારિક વિષયો અંગે ન થાય ?

**વિષયોની મિઠાશ ઊડવા માટે સંસારમાં બનાવ ઘણા.**

નલિનકેતુ વિદ્યાધરે મહાવૈભવાદિ છોડી ચારિત્ર લીધું એટલે પ્રભંકરા ચાંદ્રાયણાદિ તપસ્યામાં લાગી ગઇ અને અહીં શાન્તિમતિ વિદ્યાધર પુત્રી થઇ.

વજ્રાયુધ ચક્રવર્તી અવધિજ્ઞાનથી આ બધું જોઇ એ શાન્તિમતી તથા એના પિતા વિદ્યાધરને કહે છે.

મહાનુભાવ ! આનો પૂર્વ પતિ દત્ત જે આ અજિતસેન વિદ્યાધર થયો છે એણે એને જોતાં પૂર્વનો સ્નેહ ઊછળી આવ્યો તેથી એને ઉપાડી એમાં તમે આટલો કષાય કેમ કરો છો ? આવા ઉગ્ર કષાયથી વિરામ પામો. અનંતાનુબંધી કષાય તો નરકગતિમાં લઇ જનારા છે શા સારુ એવા કષાયથી આત્માને ભારે કરો ? માટે વૈર બંધ કરો. કેટલો સચોટ ઉપદેશ !

(૧) વૈર વિરોધ જે કારણ છે તેની પાછળ પૂર્વ ભવની બાબત કામ કરતી હોય છે, એટલે એ કારણ ખાતર વૈર વિરોધ કરવા જેવો નથી.

(૨) વૈર વિરોધમાં અનંતાનુબંધી કષાયો કામ કરી જાય છે, અને અનંતાનુબંધી કષાય નરકગતિનું કારણ છે.

(૩) માટે વૈર કાઢી નાખી ક્ષમાપના કરી લેવી.

ત્રણેય વાતો મહત્ત્વની છે. જરા જરામાં વિરોધ અંટસ ઊભા કરવા સારા નહિ. કદાચ આપણું ભાઇએ કાંઇક દબાવ્યું, ત્યાં એમ વિચારી શકાય કે

**'મોટા ચક્રવર્તીઓના રાજ્ય ગયાં એની અપેક્ષાએ મારે એવું તે શું લૂંટાઇ ગયું છે કે એની ખાતર ભાઇ પ્રત્યે નરકગતિદાયી અનંતાનુબંધીના કષાય નોતરું ?'**

શ્રી ઋષભદેવ ભગવાનના ૯૮ પુત્રોએ પ્રભુની દેશનાથી સમજી જઇ, મોટાભાઇ ભરતની સામેનો વિરોધ મૂકી દીધો, ને સીધા ત્યાં જ રાજ્યપાટ વગેરે મૂકી દઇ સાધુ બની ગયા !

અહીં એ વિદ્યાધર પવનવેગ અને એની પુત્રી સમજી ગયા, ને પેલા પુત્રીને ઉપાડી જનાર વિદ્યાધર અજિતસેનને ખમાવે છે, 'ભાઇ ક્ષમા કરજો તમારા પર એટલો બધો દ્વેષ કર્યો ને તમને મારી નાખવા અમે વિચાર્યું, એ મોટી ભૂલ કરી છે. મિચ્છામિ દુક્કડં.' અજિતસેન વિદ્યાધરે પણ શાન્તિમતીને અને પવનવેગને ખમાવ્યા.

**પૂર્વાપરના જ્ઞાને સૌમ્ય વિચારધારા :-**

જોજો આ કેમ બન્યું ? ચક્રવર્તીના ઉપદેશથી. વજ્રાયુધ મોટા ચક્રવર્તી સમ્રાટ રાજા છે, છતાં એમની વિચારધારા કેટલી બધી સૌમ્ય છે ! કારણ ? જ્ઞાની છે, અવધિજ્ઞાની છે, જ્ઞાનથી પૂર્વાપરની સ્થિતિ જુએ છે, પૂર્વ ભવના સ્નેહનાં બંધન આ ભવે સંસ્કાર રૂપે આવી પાછા સ્નેહની કાર્યવાહી કરાવે એ કાર્યકારણ ભાવના નિયમથી સહજ છે, તેમજ આગળનું એ જુએ છે કે અહીં જો વૈરને શાંત ન કર્યું તો એ અનંતાનુબંધીના કષાયો બની જીવને નરક સુધી તાણી જાય. એટલા જ માટે પેલા પૂર્વ સ્નેહની અહીં અજુગતી લાગતી કાર્યવાહી પર કષાય કર્યા તો પરિણામ દારુણ આવીને ઊભું રહે છે. તેથી એ અટકાવવા પેલી સ્નેહની અજુગતી કાર્યવાહીને કાર્યકારણભાવના નિયમથી સહજ સ્વાભાવિક માની તેના પર કષાય ન કરવો જોઇએ, દિલમાં પેઠેલા વૈરને શાન્ત કરી દેવો જોઇએ.

જ્ઞાનીની તત્ત્વમૂલક આ અમૂલ્ય વિચારસરણી જો આપણે મન પર લઇએ તો જીવનમાંથી કેટલાય કષાય ઓછા થઇ જાય, અજ્ઞાનતાના પાયા પર સેવાતા દોષ ઓછા કરી નખાય.

**માણસ કષાય અને દોષ-દુષ્કૃત્યોના માર્ગે કેમ દોડે છે ?**

**કારણ આ જ, કે એ પૂર્વાપર ભવની સ્થિતિને જોતો નથી.**

દા.ત. ભાઇ સાથે ઝગડવા ગયા. એના કારણમાં માનોને ભાઇ કાંઇક

અનાડીપણું કરી રહ્યો છે. હવે જો પૂર્વ ભવની સ્થિતિ જોવાય, તો દેખાય કે હું ભાઇ સાથે સજ્જનતા અને સ્નેહથી વર્તી રહ્યો છું છતાં એ જો અનાડીપણું કરે છે તો પૂર્વ સ્થિતિ જોતાં સમજવું રહ્યું કે એમાં એના પૂર્વના ભારે કર્મ કામ કરી રહ્યા છે. એના પર હવે આપણે ગુસ્સો કરવો ઝગડવું એ નકામું છે, એથી કાંઇ એનાં એ કર્મ સુધરે નહિ તેમ એના કષાય-અનાડીપણું મટે નહિ. હજી એ મટે તો આપણી સજ્જનતાથી, ઉદારતાથી, સહૃદયતાથી મટે. કેમકે એની સારી અસર થાય છે. પછી સામાના કર્મ જ, અતિસંક્લિષ્ટ હોય તે ન સુધરે એ જુદી વાત.

આમ પૂર્વ સ્થિતિ એટલે કે

**સામાના પૂર્વ કર્મનો પ્રભાવ જોતાં આપણે કષાય કરતાં અટકીએ.**

ઝગડાનું દુષ્કૃત્ય કરતાં અટકીએ એવી રીતે 'અપર સ્થિતિ' એટલે કે ભાવી પરિણામ જોતાં પણ કષાયથી ને દુષ્કૃત્યથી અટકવાનું મન થાય. ભાવી સ્થિતિ એ દ્રષ્ટાન્તમાં એવી દેખાય કે ઝગડો કરવા જતાં,

(૧) આપણા અને સામાના પણ કષાય વધે,

(૨) કષાય કરતાં કરતાં એના કુસંસ્કાર અને કર્મ વધે, ને

(૩) ભવાંતરે કુસંસ્કારથી નવા કષાય, નવા પાપ અને કર્મથી દુઃખ દારિદ્ર ઊભાં થાય.

આપણે અને ભાઇને બંનેને માટે પરિણામ ખરાબ.

❀ ❀ ❀ ❀ ❀ ❀

જીવન સુંદર ભવ્ય અને લાભકારી બનાવવા માટે આ મહાન સૂત્ર છે કે-

**બધે જ પૂર્વાપરનો વિચાર રાખી પગલું માંડો.**

**મદનરેખાએ મરતા પતિને આપેલ પૂર્વાપર વિચાર :-**

મદનરેખાની સમક્ષમાં એના જેઠે એના પતિ પર તલવારનો મોટો ઘા લગાવી ગચ્છંતી કરી દીધી છે ! પતિની આંખમાં ભારે ગુસ્સાની લાલાશ તરવરી ઊઠી છે. પણ મદનરેખા અહીં પૂર્વાપરનો વિચાર કરી પતિને એ પૂર્વાપરનો વિચાર આપે છે-

''મહાનુભાવ ! ભાઇ પર ગુસ્સો કરી રહ્યા છો ? પરંતુ એ તો જુઓ કે આ તમારા અંતસમય છે. ગુસ્સાના ફળરૂપ ભાઇ પર કશું કરી શકવાના તો છો નહિ. ભાઇને કશી શિક્ષા સજા આપી શકવાના નથી. પરંતુ ગુસ્સાથી તમારા આત્માનું શું

થશે એ વિચારો છો ?''

**ભાઇ ભાઇના ઘરે રહેશે પણ જમડા તમને ભાઇ પરના આ ભયંકર ગુસ્સાના ફળરૂપે નરકમાં તાણી જશે.**

તો કહો તમારા જ ગુસ્સાથી તમે પોતે શું પામ્યા ?''

આ 'પર' સ્થિતિનો વિચાર આવ્યો.

હવે 'પૂર્વ' સ્થિતિનો વિચાર આપતાં કહે છે.

અને જુઓ ભાઇ પર ગુસ્સો શા માટે ? અસલમાં ભાઇએ તમારું બગાડયું નથી, ભાઇ તો માત્ર નિમિત્ત છે. કુહાડીનો હાથો માત્ર છે, ખરેખર તો તમારું બગાડનાર તમારા પૂર્વ કર્મ છે. જ્ઞાનીઓ કહે છે સારું નરસું બધું આપણા જ પોતાનાં શુભ-અશુભ કર્મનું જ ફળ છે, બીજા તો નિમિત્ત માત્ર છે. એ જોતાં પણ ભાઇ પર ગુસ્સો નકામો છે. ગુસ્સો કરો તો (૧) પોતાના પૂર્વ કર્મ પર કરો, (૨) એ કર્મ ઊભા કરનાર પોતાના દોષ-દુષ્કૃત્ય પર ગુસ્સો કરો, (૩) એવા દોષકારી પોતાના આત્મા પર ગુસ્સો કરો, ભાઇ પર એ ગુસ્સો શો કરવો ?

આમ પરભવ અને પૂર્વ જન્મનો વિચાર કરાવી ભાઇ પરનો ગુસ્સો અટકાવી દીધો. વળી અત્યાર સુધી ભાઇ પર ભયંકર ક્રોધ અને મારી નાખવાનું રૌદ્રધ્યાન કર્યું એનું શું ? તેમ જીવનમાં અનેક પાપ કર્યા એનું શું ? એ માટે પણ અપરસ્થિતિનો અર્થાત્ ભાવી ભવનો વિચાર આપતાં કહે છે-

''જુઓ, ભાઇ પર ગુસ્સો કરી દિલમાં વૈરભાવ ઊભો કરેલો, તે અહીંથી શલ્યરૂપે સાથે નથી લઇ જવો, નહિતર,

**પૂર્વ ગુસ્સાના શલ્ય પર ભવાંતર ભૂંડા નીપજશે.**

માટે ભાઇને ખમાવી દો, ક્ષમા માગી દિલ નિકાલ કરી નાખો, ભાઇ પર મૈત્રીભાવ સ્નેહ ઊભરાવો, તેમજ આ જનમ અને જનમાન્તરના સમસ્ત દોષ દુષ્કૃત્યોની નિંદા-ગર્હા-પ્રશ્ચાત્તાપ પૂર્વક મિચ્છામિ દુક્કડં કરો. શુદ્ધ હૃદયે અરિહંત-સિદ્ધ-સાધુ-જૈનધર્મનું શરણું સ્વીકારી લો. પરમેષ્ઠીમંત્રમાં મન સ્થાપી દો.''

મદનરેખાએ કેટલો બધો સુંદર પૂર્વાપરનો વિચાર આપી પતિના હૃદયનું પરિવર્તન કરી નાખ્યું, પતિની ગુસ્સાની આગ ઉપશમ જળની વર્ષાથી શાંત કરી નંખાવી, સમતાભાવમાં લાવી, પતિનું ગળાવાઢ ભાઇ પ્રત્યે પણ સ્નેહાળ દિલ

બનાવી દીધું ! દુષ્કૃત ગર્હા, ચાર શરણ અને નવકાર મંત્રમાં લીન કરી દીધો ! નરક તરફ મીટ માંડી ચૂકેલો પતિ પાંચમાં દેવલોકે પહોંચી ગયો.

પૂર્વાપરના વિચારનો આ કેટલો સરસ પડઘો !

પ્ર.-આપણને કેમ આ ભારે પડે છે ?

ઉ.-આપણે જનસામાન્યની રહેણી-કરણીમાંથી ઊંચા નથી આવવું માટે આ પૂર્વ પરનો વિચાર ભારે પડે છે. બોલો-**જનસામાન્યની રહેણી-કરણીમાંથી ઊંચા આવવું છે ? તો જ ઉમદા વિચાર ખપે.** ત્યારે જ્ઞાનીની રહેણી-કરણી માથે ધરીએ તો પૂર્વાપરનો ઉમદા વિચાર એમાં ઉપયોગી થાય.

વ્યવહારમાં પણ કહેવાય છે, ઢેડની સામે ઢેડ ન થવાય. ઢેડ ગુસ્સામાં આવી માથેના ટોપલામાંથી મૂઠો ભરી વિષ્ટાનો પોદરો કોઇના પર નાખે તો એ સામાએ શું એની સામે એવો પોદરો હાથમાં લઇ ફેંકાય ? ના. અગર ઢેડ જેવો માણસ મા-બેન સામેની ગલીચ ગાળો બોલે તો સામા સજ્જને શું એવી ગાળો એને સામે દેવાય ? ના, ઊંચા કુળનો ને ઊંચી રહેણી-કરણીનો સજ્જન એ સજ્જન છે.

**સજ્જનથી ઢેડ જેવાનાં અનુકરણ ન કરાય.**

બસ, આ જ વસ્તુ આપણા જીવનમાં ઘટાવવાની છે. આપણે જ્ઞાનીની નિશ્રા પામ્યા છીએ. જિનશાસનરૂપી ઉત્તમ કુળમાં જનમેલા છીએ, ત્યાં જનસામાન્યને જ્ઞાનીની નિશ્રા નથી મળી, જિનશાસન સહિત ઊંચા કુળમાં જન્મ નથી મળ્યો, તેથી આપણાથી એના જેવા ન થવાય, એની રાહે ન ચલાય. એની રીતરસમ એની રહેણી-કરણી ને એની વિચારસરણી ન અપનાવાય. આપણને જ્ઞાનીની નિશ્રા છે, આપણા માથે દેવાધિદેવ વગેરે જ્ઞાનીઓને ધર્યા છે, તેથી આપણે જ્ઞાનીઓની રીતરસમ રહેણી-કરણી અને વિચારસરણી રાખવી ઘટે.

**જનસામાન્યનો રાહ કેવો ? :-**

મદનરેખાના પ્રસંગમાં જુઓ એનો પતિ જનસામાન્યની રીતરસમમાં પડી તલવાર મારનાર ભાઇ ઉપર ગુસ્સે ભરાય છે. લોકોમાં શું દેખાય છે ? આ જ, કે કોઇકે કોઇનું કાંઇ ખરાબ કર્યું તો સામો ઝટ ગુસ્સે ભરાઇ લડવા ઝગડવા લાગે છે. લડવા ઝગડવાનો મોકો ન હોય તો ગુસ્સાના બખાળા કાઢવા માંડશે. બોલી શકવાની ય સ્થિતિ નહિ હોય તો ય હૈયામાં ભારે ઉકળાટની આગ સળગતી રાખશે. બસ, મદનરેખા મહાસતીના પતિએ આ જ રાહ લીધો.

ત્યારે મદનરેખાએ માથે જ્ઞાનીને ધર્યા છે, એ જ્ઞાનીની નિશ્રામાં છે, એટલે એણે આ પ્રસંગમાં જ્ઞાનીની ઉમદા રીતરસમ, રહેણી-કરણી, ને વિચારસરણી અપનાવી પતિને પ્રેરણા કરીને લોકની રીતરસમ મુકાવી જ્ઞાનીની રીતરસમ તરફ એને વાળ્યો એમાં શું ખોટું થયું !

ખોટું તો લોકની રીતરસમમાં થાત, કેમકે એ ઉગ્ર ક્રોધ અને મારી નાખવાના વિચાર માત્રથી નરકમાં ઘસડાઇ જાત. એના બદલે પતિએ જ્ઞાનીની રીતરસમ અપનાવી પૂર્વાપરનો વિચાર રાખી પગલું માંડ્યું, મનોમન ભાઇને હૈયાના હેતથી નવરાવી નાખ્યો. પોતાના પૂર્વ કર્મની, પૂર્વ દુષ્કૃતની નિંદા-ગર્હા-સંતાપ કર્યો, ચારનાં શરણાં લીધાં, પરમેષ્ઠિ મંત્રમાં મન ચોંટાડી દીધું, તો પતિ સ્વર્ગ ગતિ પામ્યો.

વાત આ છે લોકની રીતરસમ પડતી મૂકી જ્ઞાનીના ગમા સ્વીકારવા જોઇએ. પછી કહે છે ને ? કે

**જ્ઞાનીના ગમા જેમ નાખ્યા તેમ સમા, આશ્રવને પણ સંવર બનાવે.**

**આફતમાં જ્ઞાનીનું ધોરણ કેવું ? :-**

જ્ઞાનીનું જ્ઞાન જ્ઞાનીનાં ધોરણ જે બાજુ ઢળે તે બાજુ સરખા પડે, અર્થાત્ સીધા ઉતરે ! તાત્પર્ય, આત્માના લાભમાં ઉતરે.

દા.ત. કોઇ આપત્તિ આવી, તો ત્યાં ઝટ જ્ઞાનીનું ધોરણ લાગુ કરાય, પૂર્વ-કર્મ પર દ્રષ્ટિ નાખવાની કે 'મારા જ પૂર્વનાં અશુભ કર્મથી આપત્તિ આવી, ને હવે કર્મ રવાના થવાના છે.' જ્ઞાનીનું આ ધોરણ અપનાવ્યાથી આશાએસ અનુભવવા મળે. મનને હાયવોય નહિ, વ્યાકુળતા નહિ, કેમકે પોતાના જ પૂર્વ કર્મનું ફળ છે, તેથી બીજા પર ગુસ્સો નહિ, દ્વેષ નહિ, તેમ કર્મક્ષય થઇ રહ્યો છે એનો આનંદ ! આ બધું આત્માના લાભમાં ઊતરે છે.

એમ જ્ઞાનીના ગમા સંપત્તિમાં ય જો લગાવાય, તો એ ય લાભમાં ઊતરે દા.ત. પૈસા કમાયા અહીં જ્ઞાનીનું ધોરણ આ, કે **પુણ્ય મળેલી ચીજને સુખ વિલાસની સગવડ નહિ, પણ આરાધનાની સગવડ મળી માનવાની. તેથી એનાથી ધર્મક્ષેત્રની સેવા કરી લેવાની.**

કોઇ જિનભક્તિ-મહોત્સવ, તીર્થયાત્રા, અથવા ધર્મસ્થાન-નિર્માણ, જીર્ણોદ્ધાર કરાવવા, શાસ્ત્ર લખાવવા, જીવદયા, સેવાભક્તિ-પરોપકાર વગેરે કરવા.

જ્ઞાનીના ધોરણ આ, કે આમાંથી કાંઇક આરાધી લેવાની સગવડ થઇ માનીએ, આરાધવા કોડ થાય, પ્રયત્ન કરાય, એ આત્માના લાભમાં ઊતર્યું.

એમ, કોઇએ ખોટી રીતે આપણા પર ગુસ્સો કર્યો, ત્યાં જ્ઞાનીના ગમા આ, કે 'વૈરની સામે વાત્સલ્ય, ક્રોધની સામે ક્ષમા. ને ઉકળાટની સામે સૌમ્યતા રાખવાની,' આનો ઉપયોગ કરે તો શું બગડી જાય ? તત્કાલ લાગે કે 'એમાં તો સામો વિજય પામી જાય, આપણને દબાવી જ જાય,' પરંતુ ખરેખર તો પેલાને પાછળથી પસ્તાવો થશે કે 'અરેરેરે ! મેં આટલો બધો ગુસ્સો કર્યો ને ભાઇ તો બિલકુલ શાંત રહ્યા !' અથવા કદાચ આવો પસ્તાવો ન કરે તો ય આપણને તો આનંદ થાય કે

**'હાય ! દુનિયાની તુચ્છ વસ્તુ ખાતર મેં ક્રોધ ન કરતાં લાખ રૂપિયાની શાંતી રાખી સારું કમાયો !'**

**આ ઉત્તમ જનમમાં કમાઇ લેવા જેવું શું ? અનાદિના રાહ ભૂંસવાનું.**

ક્ષમા વિના શી કોઇ ચીજ વસ્તુ કમાવા જેવી નહિ, પરંતુ પરલોકનો અને ભાવી અનંતકાળ સુધારે એવી ક્ષમા જ કમાઇ લેવા જેવી. તે ક્રોધના બજારમાં કમાવાય, બાકી સામેથી સારાસારીમાં તો ક્ષમા શી કમાવવાની મળે ?

અનાદિના રાહ ભૂંસવા છે ?

અનાદિના રાહ મોકે મોકે રોષ કરવાનો હતો રોફ બજાવવાનો, માયા પ્રપંચ કરવાનો, લોભ-તૃષ્ણા-મમતા કરવાનો હતો. આવું બધું રાગદ્વેષ મોહ-મદ-મસ્તર, ઇર્ષ્યા વેર-ઝેર વગેરે કરવાનો અનાદિનો રાહ છે. એ ભુંસવો છે ? એ પડતો મૂકવો છે ? જો હા, તો એ ભુંસવાનો, પડતો મૂકવાનો સોનેરી અવસર જૈન ધર્મ સાથેના આ ઉચ્ચ માનવ અવતારે જ છે.

**અનાદિના કષાયના રાહ પડતા મૂકવા માટે આર્ય માનવ અવતાર જેવો આ જગતમાં બીજો અવતાર નથી.**

**અનાદિની ચાલ રોજ ને રોજ કેમ છોડવાની ?-**

**''અવર અનાદિની ચાલ, નિત નિત તજીયેજી''**

શ્રી સિદ્ધચક્રના સ્તવનમાં કવિએ આ ગાયું કે 'શ્રી સિદ્ધચક્રને ભજીએ, અને બીજી અનાદિની ચાલ નિત નિત રોજ ને રોજ પડથી મૂકતા જઇએ.'

રોજ રોજ પડતી મૂકવાનું એટલા માટે કહ્યું કે અનાદિની વિષય કષાયને ભજવાની-સેવવાની ચાલ એકદમ જાય એવી નથી, એકવાર એ વિષય-કષાય ન સેવ્યા એટલા માત્રથી એ ભૂલાશે નહિ, એના અપાર કુસંસ્કારો ભુંસાશે નહિ. એ રોજ ને રોજ વિષય-કષાયોના પ્રસંગ આવતા જાય અને આપણે એને સેવવાનું પડતું મૂકતા જઇએ. એમ **સેંકડો હજારો વાર એ વિષય કષાય ન સેવવાનો અભ્યાસ કરાતો રહે ત્યારે એના સંસ્કારો ઘસાતા જાય.**

સામે વૈરાગ્ય, નિર્મમતા અને ઉપશમના સંસ્કાર ઊભા કરતા જાય ત્યારે વિષય-કષાયની ચાલ ભૂંસાય. એ ભુંસવા મહાપુરુષોએ આ કર્યું છે, ત્યારે એ મહાવિરાગી સંત મહાત્મા બનેલ છે. પૂછશો.

પ્ર.-પણ વિષય-કષાયના સેવન સતત પડતા મૂકવાનું શે બને ?

ઉ.-બને, બે રીતે બને,-

(૧) કોઇ એવો મનને ધક્કો લાગી જાય. અથવા

(૨) પૂર્વાપરનો હાર્દિક હૃદય-સ્પર્શી વિચાર કરવામાં આવે તો વિષય-કષાય સતત પડતા મૂકવાનું બની શકે.

**ભવદેવને લાગેલો ધક્કો :-**

જુઓ જંબુસ્વામીના જીવ ભવદેવને ધક્કો લાગી ગયેલો.

જાણો છો ને પહેલો ધક્કો લગાડ્યો ભાઇ સાધુના પ્રેમે. પરણીને તરત પત્નીનો સેંથો શણગારતો હતો. નીચેથી ભાઇમુનિનો 'ધર્મલાભ' અવાજ સાંભળતાં ઊતર્યો નીચે, વહોરાવ્યું, મૂકવા ચાલ્યો, મુકામે પહોંચતાં બીજા મુનિઓ પૂછે 'કેમ ભાઇને દીક્ષા આપવા લાવ્યા છો ને ?' ભાઇ મુનિ કહે 'હા, હા,' ગુરુ ભવદેવને પૂછે,-'કેમ બરાબર છે ને ?'

શું કહેવું ? વિચારે છે-'હા કહું તો નવોઢા નાગિલા જાય, ના કહું તો ભાઇ જુઠા પડે. પણ નાગિલા તો આજકાલના સંબંધવાળી છે, ભાઇ વરસોના સંબંધી છે. ભાઇને જુઠા ન પડાય, ભાઇના પ્રેમે ધક્કો લગાડ્યો, નાગિલા મૂકી સાધુ થયા.

થોડો વખત થયો ને મોહ ઉછળ્યો, પણ ભાઇના દાક્ષિણ્યે સાધુપણું ન મૂક્યું.

**ભવદેવ મનથી પડ્યા એ ન જોતા. દાક્ષિણ્યથી સાધુવેશમાં બાર વરસ ટક્યા**

**રહ્યા, એ જોજો,**

કહેતા નહિ-

પ્ર.૦-મન વિનાના ચારિત્ર-પાલનની શી કિંમત ?

ઉ.-મોટી કિંમત છે. પહેલી કિંમત આ કે મન વિના ચારિત્ર નકામું માની તરતમાં ઘરે ગયા હોત તો પત્નીએ ૧૨-૧૨ વર્ષ વૈરાગ્ય ઘુંટી ઘુંટીને મજબૂત કરી જે પરિણામ પતિને પાછા વાળવાનું આણ્યું તે વૈરાગ્ય એવો તરતમાં દ્રઢ નહિ, તેથી પતિને વધાવી લેત, ને પતિ ભવદેવ પડત.

બીજી કે મન વિનાના ચારિત્ર પાલનની કિંમત આ, કે ૧૨-૧૨ વર્ષના દ્રવ્ય ચારિત્ર-પાલનથી મનને એ ચારિત્રનું મહત્ત્વ ઘુંટાતું ગયું, તો જ પછીથી સ્ત્રીના એક ટોણા ઉપર સ્થિર થઇ ગયા.

જો આ મહત્ત્વ ન ઘુંટાયું હોત ને ચારિત્ર લઇને તરતમાં જ ચારિત્ર મૂકી ઘરે ગયા હોત તો સારી પણ પત્નીનો ટોણો મનને અડત નહિ, ને ઊલટું સારી સ્ત્રીને દાક્ષિણ્યમાં તાણત. જાતે પડત, ને એને ય પાડત, એવો મોટો સંભવ હતો. આ તો બાર વર્ષના ગાળાનો પ્રતાપ હતો કે એમાં સ્ત્રીએ તપસ્યાથી લાલબુંબ તગડી કાયાને ઓગાળી નાખીને શ્યામ સુક્કી બનાવી દીધેલી ! તે દેખાડીને પત્નીએ ટોણો માર્યો, ને ટોણો લાગ્યો.

**નાગિલાનો વૈરાગ્યનો ટોણો :-**

હું અબળા જાત છતાં અહોભાગ્ય માન્યું કે સોભાગી પતિ મળ્યા ધર્મની સગવડ કરી દીધી ! એમ માની હું તપમાં લાગી, તો કાયામાંથી આ કમાઇ. તમે સબળા મરદ છતાં શું એટલું ન માન્યું કે સોભાગી પત્ની મળી તે પૂંઠે લાગી મને ધર્મમાં અંતરાય ન કર્યો તો ધર્મમાં સ્થિર થઇ જાઉં ?

નગરની ખાળ સમી આ મારી કાયામાં મહાકિંમતી ચારિત્ર હોમવા આવ્યા છો ? શરમ નથી આવતી ઓકી નાખેલા વિષયોને ફરી ચાટવાનો વિચાર કરતાં ? ઓકીને ચાટનારી જાત એક, કૂતરાની.

ભાઇ ગુરુનો કેટલો ઉપકાર કે ત્રણ ભુવનના રાજ્ય સમું ચારિત્ર આપ્યું, જેથી ત્રણે ભુવનનાં વિષયોને તુચ્છકારીને બાદશાહી પોકારી !

તે હવે પડતી મૂકી ભિખારીની જેમ ઠીકરાં ચાટવાની ગુલામીમાં પડવું છે ?

૧૨-૧૨ વર્ષનો દ્રવ્ય ચારિત્રપાલનનો અભ્યાસ હતો, એનું મહત્ત્વ ઘુંટેલું

હતું, તેથી અહીં પત્નીનાં ટોણા પર હૈયાને જોરદાર ધક્કો લાગી ગયો તે હવે પત્નીને ગુરુ માની ક્ષમા માગીને ઉપડ્યા ગુરુ પાસે, ને પ્રાયશ્ચિત્ત કરી ઘોર તપ-સંયમમાં ચડી ગયા !

'અવર અનાદિની ચાલ નિત નિત તજીએ રે' એમાં રોજ ને રોજ વિષય-કષાયની અનાદિ ચાલ અટકાવવાનું કેમ બને ? એ માટે આ વિચાર્યું કે

**(૧) હૃદયને ધક્કો લાગવાથી વિષય-કષાયોને સેવવાનું વારંવાર અટકાવાય. એમ (૨) પૂર્વાપરના વિચારથી અટકાવાય.**

જેમ, પત્નીના ટોણા પર ભવદેવ મુનિને ધક્કો લાગી ગયો ને જીવનભરના મહાસંયમ-તપમાં લાગી ગયા. આ એક ઉપાયની વાત થઇ.

હવે બીજી વાત, જો પૂર્વાપરનો વિચાર રાખીએ તો પણ એ વિષય-કષાયનાં સેવનની અનાદિની ચાલ રોજ ને રોજ અટકાવવાનું બની શકે, એના પર સંયમન-નિયમન કરવાનું બની શકે.

પૂર્વકાળના ગૃહસ્થો અને આજે પણ કેટલાક ગૃહસ્થો ગૃહસ્થજીવન સંયમથી કેમ જીવી શકે છે ? કહો, પૂર્વાપરનો વિચાર છે. વિચાર આ, કે

અહીં મળતા વિષયોની સગવડ એ પૂર્વ જન્મના વિષય સેવનનું ફળ નથી, પરંતુ વિષય-ત્યાગનું વિષય-સંયમનું ફળ છે.

**કેવું અદ્‌ભુત છે ? વિષય-ત્યાગ એ કારણ અને વિષય પ્રાપ્તિ એ ફળ ! માટે ફળ મળતાં કારણને ભૂલવાનું નહિ.**

**બ્રહ્મદત્તને દુર્બુદ્ધિ -**

એટલે જ અહીં ડહાપણ આ છે, કે પુત્ર મળતાં બાપને ન અવગણાય. વિષય પ્રાપ્તિ એ પુત્ર છે, વિષયત્યાગ એ બાપ છે, જનક છે. વિષયપ્રાપ્તિ થઇ પછી વિષયત્યાગને અવગણવાનો ?

બ્રહ્મદત્ત ચક્રવર્તીને પૂર્વભવનાં ભાઇમુનિ અહીં પણ અવધિજ્ઞાની મુનિ બનેલા, તે કહે છે "હે બ્રહ્મદત્ત ! તને તો જાતિસ્મરણ જ્ઞાન થયું છે તેથી જોઇ શકે છે કે પૂર્વે વિષયત્યાગ કરી સંયમ પાળેલું તેનું અહીં આ ફળ પામ્યો છે કે વિષયો મળ્યા છે. એટલે હવે ડહાપણ આ છે, કે વિષય-ત્યાગ કરી વિષયોમાં ભૂલો ન પડ. જેમ વિષયત્યાગનું ફળ સુખ છે એમ વિષય ભોગનું ફળ સમજી શકે છે, શું આવે ? ફળમાં તુરન્ત નરકાદિનાં દુઃખ જ આવે. તો શા સારુ આ મૂર્ખાઇ કરવી કે આપણને

મળેલા વિષયો પર જ આપણે જાતે જ આપણી દુર્ગતિ સરજીએ ? માટે ઊઠ, વિષય ત્યાગ કર, સંયમ લે''.

આ શું છે ? પૂર્વાપરનો વિચાર.

**પૂર્વ ભવના વિચારથી ય વિષયત્યાગ કરવો ડહાપણભર્યો છે અને પરભવના વિચારથી ય એ જ ડહાપણભર્યું છે.**

પણ બિચારો બ્રહ્મદત્ત ! એ પુણ્ય લઇ આવ્યો છે, પરંતુ પાપાનુબંધી ! તેથી દુર્બુદ્ધિ જ સૂઝે છે, વિષય ભોગમાં હોશિયારી માને છે, ને વિષયત્યાગમાં મૂર્ખાઇ ગણે છે ! એટલે ભાઇ-મુનિને કહે 'મને તો તમારી દયા આવે છે. આ ચિંથરેહાલ કપડે ફરો છો અને ત્યાગનાં ફોગટ કષ્ટ ઉપાડો છો ! આવો હું તમારો ભાઇ છું તમને રાજ્ય આપું, રમણીઓ આપું લહેર કરો, જેથી જીવન સફળ થાય.'

બ્રહ્મદત્ત જેવા મોટા ચક્રવર્તીને પણ ક્યાં રહ્યો પૂર્વાપરનો વિચાર ? પછી શું કામ રોજ ને રોજ એ વિષય-ત્યાગનો પ્રયત્ન કરતો રહે ? વિષય-ત્યાગનો વિચાર પણ શાનો કરે ? **વિષય-ત્યાગનો વિચાર પણ ન કર્યો તો શું પામ્યો ? સાતમી નરકમાં પ્રયાણ !**

**ત્યાગનો પ્રયત્ન કઠિન, વિચાર કઠિન નહિ.**

વાત સાચી છે કે ''અનાદિની ચાલ નિત્ય નિત્ય ત્યજવા'' વિષયત્યાગનો રોજ ને રોજ પ્રયત્ન કરવો કઠિન છે. પરંતુ રોજ ને રોજ એનો વિચાર કરવો કઠિન નહિ ને ? છતાં કહો છો,

પ્ર.-વિષય-ત્યાગનો વિચાર પણ કેમ કઠિન લાગે છે ?

ઉ.-કારણ મૂળ પાયામાં વિષયનો વૈરાગ્ય જોઇએ, એની ખામી છે. એટલે ત્યાગનો વિચાર પણ મોંઘો લાગે છે. મન ભડકે છે કે 'હેં ? રોજ ને રોજ વિષયત્યાગ કરવાનો ? તો તો પછી સાધુ જ બની જવું પડે ને ?' આ ભડક નકામી છે, કેમકે ભલે વિષયો છોડ્યા નહિ પણ વિષયો હળાહળ ઝેર છે, એવાં એમાં ઝેરનાં દર્શન કરવામાં કાંઇ બગડી જતું નથી. માટે જ હીરા માણેક ભારે કિંમતી નહિ, પણ ભારે મારણહાર છે. એવું એમાં દર્શન કરતા રહેવાનું છે.

**વિષય વૈરાગ્યથી વિષય ત્યાગનો વિચાર આવે.**

**વિષય-વૈરાગ્ય એટલે વિષયોમાં ઝેરનું દર્શન, વિષયો મારણહાર તરીકેની ભડક.**

આવો વૈરાગ્ય હોય તો ત્યાગનો વિચાર રોજ રહે.

આવો વૈરાગ્ય લાવવો સહેલો, જો વિષયોના પૂર્વાપરનો હૃદય સ્પર્શી વિચાર હોય. વિચાર હૃદયને સ્પર્શીને કરવાનો એટલે કે ખૂબ શ્રદ્ધા સાથે વિચાર કરવાનો.

**પૂર્વાપરની શ્રદ્ધા એટલે ?**

હૈયામાં ચોકસ બેઠું હોય કે અહીં જીવને-

(૧) સુખ-દુઃખ મળે છે તે પૂર્વના શુભાશુભ કર્મ જેટલું જ મળે છે.

(૨) જે સારી નરસી લાગણીઓ થાય છે, એ પૂર્વના શુભાશુભ સંસ્કારોનું ફળ છે.

**જો પુણ્યની શાબાશી મનાય :-**

આમાં પહેલી શ્રદ્ધા હોય તો સુખમાં પોતાની શાબાશી ન દેખાય, તેથી અભિમાન ન આવે, તેમજ પૂર્વના શુભકર્મ રૂપ પુણ્યની શાબાશી દેખાવાથી, (૧) એક તો સુખ ભાડુતી યાને પરાધીન દેખાય, તેથી (૨) એના ભરોસે ન બેસાય, તેમજ (૩) પુણ્ય પૂર્વના શુભનું ફળ હોઇ અહીં શુભમાં પ્રયત્ન રહે, અને અશુભ ભાવોથી બચવા ખાસ યત્ન રહે.

વળી દુઃખમાં 'ફલાણાનાં લીધે આ આપદા આવી' એમ એના પર દ્વેષ ન થાય, કેમકે એ તો નિમિત્તમાત્ર લાગે, બાકી તો પોતાના પૂર્વના અશુભ કર્મનું જ ફળ દેખાય.

તેથી અહીં અશુભ આચરતાં મન પાછું પડે. સાથે એ પણ સંતોષ રહે કે 'જેટલી આપદા વેઠાયે જાય છે એટલા અશુભ કર્મ ઓછા જ થતા જાય છે. મારાં અશુભના કચરા મારે જ ખાલી કરવાના છે, ને તે આમ અશુભ વેઠી વેઠી ને જ ઓછા થવાના છે.' આમ,

**પૂર્વના શુભાશુભની પક્કી શ્રદ્ધા હોય તો**

**દુઃખમાં દીન ન બનાય, સુખમાં છકી ન જવાય.**

પૂર્વના શુભાશુભ સંસ્કારની પાકી શ્રદ્ધા હોય એટલે અહીં હવે સંસ્કાર ખરાબ ન ઊભા થાય એ માટે જાગૃતિ રાખી અશુભભાવો-વિચારો-કલ્પનાઓથી બચવા પ્રયત્ન રહે.

**વજ્રાયુધ ચક્રીએ પૂર્વાપરનો ખ્યાલ આપ્યો -**

વજ્રાયુધ ચક્રવર્તીએ પેલા વિદ્યાધર પવનવેગ અને એની દીકરી શાન્તિમતીને પૂર્વાપરનો વિચાર આપ્યો કે 'આ અજિતસેન વિદ્યાધરે શાન્તિમતીને અહીં ઉઠાવી તેથી એ એના પૂર્વભવના સ્નેહનું કાર્ય છે. પૂર્વભવે શાન્તિમતી એની પત્ની હતી, અને એને બીજા વિદ્યાધરે ઉઠાવી તેથી એ એની પાછળ સ્નેહઘેલો એને શોધવા ગામગામ ઘુમતો હતો. એમાં એના સદ્‌ભાગ્યે મુનિના કેવળજ્ઞાનનો ઉત્સવ જોવા મળ્યો, એમને જ્ઞાનીની ધર્મ-દેશના સાંભળવા મળી, તેથી એનું આર્તધ્યાન મટયું, ને એ દાનાદિ ધર્મ અને શુભભાવનામાં લાગ્યો. એના પ્રતાપે એ અહીં ઉત્તમ માનવ અવતાર પામ્યો. એમાં પેલા સ્નેહના કારણે એણે શાન્તિમતીને ઉઠાવેલી. આવા પૂર્વકારણથી સહેજે નીપજેલા આ કાર્યનો વિચાર કરીશ તો એના પર ગુસ્સો કરવાનું વ્યાજબી નહિ લાગે.' આમ ચક્રવર્તીએ પૂર્વનો વિચાર આપ્યો. પછી ઉત્તર પ્રસંગનો વિચાર આપતાં કહે છે કે 'આજે તમે એને મારી નાખવા સુધીનો જે ભયંકર ગુસ્સો કરો છો, એનું ભાવી ફળ સમજો છો ? જ્ઞાનિઓ કહે છે-

**અનંતાનુબંધી કષાય અને રૌદ્રધ્યાનનું ફળ નરકગતિ છે.**

તો જે આ ઉત્તમ માનવ અવતાર અનંતા જનમ-મરણની જંજાળસ્વરૂપ સંસારનો અંત લાવી મોક્ષ પામવા માટે છે, એને શું તમે નરકમાં પ્રયાણ માટે બનાવશો ? આ તો એને પૂર્વના સ્નેહના કારણે આમ બન્યું, એટલે એને ગુનેગાર નહિ માનવો જોઇએ, પરંતુ કદાચ પૂર્વનું કારણ ન પણ હોય અને અહીં અનાડીપણાનો ગુન્હો કર્યો હોય, તો ય તમે તો આ અનંતાનુબંધીના કષાય અને હિંસાનુબંધી રૌદ્રધ્યાન સેવશો તો તમે કર્મસત્તાના મહાગુનેગાર ઠરી શું સારું ફળ મેળવશો ?

**શું બીજાના ગુન્હા પર આપણે કર્મસત્તાનો ગુન્હો કરીએ ?**

એટલે કે કર્મસત્તાના મહાઆશ્રવને સેવીએ એ ડહાપણભર્યું છે ? પછી એની ભયંકર નરકની સજા લેવી એ ડહાપણ છે કે મૂર્ખાઇ ?

માટે ડાહ્યા થાઓ, પરસ્પર ક્ષમાપના કરી લો, અને કષાય વોસિરાવી દો.

ચક્રવર્તીએ અવધિજ્ઞાનથી જોઇ પૂર્વાપરનો ભવ્ય વિચાર આપ્યો અને એ ત્રણે જણાને એના પર ધક્કો લાગી ગયો, તે કષાયો કરવાની અનાદિની મોહમૂઢ ચાલ પડતી મૂકી ! ત્રણે ય જણ પરસ્પરની ક્ષમા માગી લે છે, અને મિત્રભાવમાં

આવી જાય છે.

હવે, ચક્રવર્તી અવધિજ્ઞાનથી જોઇને કહે છે. 'તમે તો એવા ઉત્તમ જીવો છો કે તમે ક્ષેમંકર તીર્થંકર ભગવાન પાસે થોડા જ વખતમાં દીક્ષા લેશો.'

ચક્રવર્તી આગળ કહે છે-

**શાન્તિમતી વગેરે ત્રણનું ભાવી :-**

આ શાન્તિમતી દીક્ષા લઇને રત્નાવલી વગેરે તપસ્યા કરવામાં એવી લાગી જશે કે એમાં સમ્યગ્દર્શન અને ચારિત્રને અજવાળતી અજવાળતી ઇન્દ્રપણાનું મહાન પુણ્ય ઉપાર્જશે ! અને અંતે અંતિમ ભવ્ય આરાધના કરી સમાધિપૂર્વક પંડિત મરણને પામી ઇશાન ઇન્દ્ર થશે ! અવધિજ્ઞાની ચક્રવર્તીની આ ભવિષ્યવાણી પર વિચાર કરો કે

**ઇન્દ્રપણું શી રીતે મળે છે ?**

સીતાજી બારમા દેવલોકના ઇન્દ્ર બન્યા છે. કઇ આરાધના પર ઇન્દ્ર બન્યા હશે ? ઇન્દ્ર તે કેવા ? અરિહંત પ્રભુના પરમ ભક્ત ! પ્રભુનો મેરુશિખર પર જન્માભિષેક કરવા દોડતા જાય અને જન્માભિષેકનો લાભ લઇ એટલો બધો અવર્ણનીય આનંદ અનુભવે કે પ્રભુ આગળ ઇકરાર કરે છે, કે-

''પ્રભુ ! મેં આજ સુધી સ્વર્ગમાં રહી સ્વર્ગીય સુખો ભોગવતાં મને જે આનંદ ન આવ્યો, તે આજે નાથ ! તમારો અભિષેક કરીને આનંદ અનુભવું છું. ધન્ય અવતાર મારો કે જગતના તારણહાર તમારો આ અભિષેક કરવાનું મહાન સદ્‌ભાગ્ય મને મળ્યું ! પ્રભુ ! મારા પર ઉપકાર કરી મને વહેલો વહેલો મોક્ષમાર્ગ દઇ મારો ઉદ્ધાર કરજો. આ ભવકૂપમાંથી મને ઉગારી લેજો. અભિષેકનું આટલું જ ફળ માગું છું.''

અરિહંત પ્રભુ પ્રત્યે ઇન્દ્રની કેવી ભક્તિ ! સ્વર્ગમાં દિવ્ય સુખો મૂકી ભગવાનના અભિષેક કરવા નીચે ઊતરી આવે, અને મેરુ પર પહોંચે અને થનથન નાચતા હૈયાથી પ્રભુનો અભિષેક કરે. આ ભક્તિ ઇન્દ્ર પણ કરે ત્યારે પૂર્વભવમાં એના કેવા પાયા નાખ્યા હશે ? ઇન્દ્રપણે દેવતાઇ સુખોમાં આનંદને તુચ્છ લેખી અર્હદ્ અભિષેકનાં આનંદને અપૂર્વ માને છે, તો પૂર્વ ભવે ય દેવતાઇ તો નહિ પણ માનવીય સુખોને તો તુચ્છ લેખ્યા જ હોય ને ? ઇન્દ્ર કેમ બનાય ? એમજ બનાય,

**વિષય-સુખો તુચ્છ માનીને પછી પ્રભુને અભિષેક કરાય તો એમાં અનન્ય આનંદ**

**આવે, જેમકે ઇન્દ્રને.**

તમે પૂજા કરવા ગયા હો અને એક ભગવાનને અભિષેક કરી માળા ગણતા બેઠા હો, એમાં દેખાય કે પૂજારી બાજુના ભગવાનોને કે ધાતુના બિંબોને નવરાવી નાખે છે તો તમે ઝટ ઊઠીને જઇ અભિષેકનું કામ તમે લઇ લો ખરા ? કે માળા ગણતાં જ બેસી રહો ? ઇન્દ્ર જો જાતે અર્હદ્ અભિષેક કરે છે તો શું અભિષેક એ પૂજારી નોકર માણસે પતાવવાની ક્રિયા છે ?

**પ્રભુને અભિષેક એ શ્રાવકે પોતાના હૃદય સિંહાસન પર પ્રભુનો રાજ્યાભિષેક કરવા રૂપે અભિષેક કરવાનો એક લહાવો છે.**

**પૂજારીના હાથે પ્રભુની વિટંબણા :-**

અજ્ઞાન માણસો આ લહાવો સમજતા નથી એટલે ભગવાનને અંગે તિલક કરવાની પૂજાને જ પૂજા માને છે ! પરંતુ પ્રભુને અભિષેક કર્યો એ પૂજા કરી એમ સમજતા નથી ! એટલે પછી પૂજા કરવા ક્યારે જવાનું રાખ્યું ? વહેલી સવારે નહિ, કેમકે 'એ વખતે ભગવાનની નોકર-પૂજારીના હાથે વાળાકુંચીના ઘસરડા સાફસુફી (સ્નાન) વગેરે વિટંબણા ચાલતી હોય એટલે ભગવાનને તિલક ન થઇ શકે ને ? ને તિલક વિના પૂજા કરી શી કહેવાય ?' એમ સમજે છે. ''અભિષેક એ થોડી જ પૂજા છે ? એટલે અભિષેકના બદલે ભગવાનને ધોઇ નાખવાનું કામ નોકર-પૂજારી પતાવી દે. અંગ લૂછણા કરી ભગવાનને રેડીમેઇડ રાખે એટલે ભગવાનના આ ભગતે સારાં સારાં નાસ્તા પાણી ઉડાવી કરી પોતાનાં હાઇક્લાસ સ્નાનાદિ કરીને પછી રેડીમેઇડ ભગવાનને તિલક કરવા જવાનું'' આ અજ્ઞાની મોહમૂઢ જીવોની મનોદશા છે.

ગામેગામ થોડા અપવાદ બાદ કરીને જુઓ તો દેખાશે કે વહેલી સવારે પૂજારીઓ જ ભગવાનને મજબૂત બાવડે વાળાકૂંચીના ગોદા-ઘસરકા લગાવી વાશી કેશર સાફ કરી નાખી ભગવાનને ધોઇ નાખતા હોય છે ! ત્યારે પૂજા કરનાર શ્રાવકો વિષય-વિલાસમાં પડ્યા હોય છે. અભિષેક એ પૂજા જ સમજતા નથી, અને પૂજા એ શ્રાવકનું પોતાનું કર્તવ્ય હોવાનું માનતા નથી, એટલે પછી નોકર-પૂજારીના હાથે ભગવાનને વાળાકૂંચીના કૂચડાના ગોદા-ઘસરકા ખાવાની વિટંબણામાં ભગવાનને મૂકવાની કઠોરતા-ધિટ્ટાઇ કરવામાં હૈયે કશો જ આંચકો શાનો આવે ?

આજની સ્થિતિ જોતાં એમ લાગે કે કદાચ પોતાના હાથે અભિષેક પૂજા ન

કરવી હોય અને પૂજારીના હાથે પ્રભુની વિટંબણા જ કરાવવી હોય તો ભગવાનને અભિષેક વિનાના રાખે એમાં ઓછું પાપ બાંધે. પરંતુ ભગવાનને નોકર પૂજારીના હાથમાં સોંપી એના હાથે ભગવાનની આ વિટંબણા કરાવે એ ઘોર પાપ બાંધી રહ્યા છે ! એટલે જ દિલમાં ખરેખરો ધર્મનો ઉદય થતો નથી. **આજે ધર્મક્રિયાઓ તો વધી, પરંતુ આવી નાલાયકી પૂર્વકની ક્રિયાથી હૈયે ધર્મ શી રીતે વસે ?**

અભિષેક-પૂજા એ એક મહાનપૂજા છે, એ એમને સમજાતું નથી. પ્રભુને અભિષેક કરતાં કરતાં ઇન્દ્રો જેવાને ય કેટલો અદ્‌ભુત આનંદ થતો હશે ત્યારે એની સામે દેવતાઇ સુખના આનંદને અને દેવતાઇ સુખોને કૂચા ગણતા હશે ? એમ કહો.

પ્રભુને અભિષેક એ મહાન યોગસાધના છે, જેમાં વિષય-વૈરાગ્ય, વીતરાગપ્રેમ, નમ્રતા, ધર્મપ્રીતિ, પાપો પ્રત્યે અભાવ-ઘૃણા-નફરત, વગેરે અનેક મોક્ષયોગોનો મિલાપ છે. પૂછો શી રીતે ?

**અભિષેક પૂજામાં વિષય-વૈરાગ્ય શી રીતે ?**

આ રીતે, કે ઇન્દ્રોનાં હૈયાં વીતરાગ પરમાત્માને અભિષેક કરતી વખતે એટલા બધા ઉચ્ચ આનંદભર્યા બને છે કે ત્યાં દેવતાઇ વિષયો તુચ્છ લાગે છે. એમના મનને થાય છે કે 'દિવ્ય પણ વિષયોમાં આનંદ શા ? આનંદ નહિ, પણ નર્યો ઉન્માદ છે. દિલમાં ઉન્માદને જગાવનારા વિષયો તો વહાલા નહિ પણ વૈરી ગણાય, માલવાળા નહિ પણ વિકાર કરનારા ગણાય.

બોલો, દારૂ અને દૂધ વચ્ચે કેવો ફરક લાગે છે ? દૂધ શક્તિદાયક દેખાય છે, પણ દારૂ ઉન્માદકારક દેખાય છે. તેથી દારુ પ્રત્યે ઘૃણા થાય છે-'હટ્ ! દારૂ ? ડાહ્યાને દિવાના કરનારો' એમ એના પ્રત્યે તિરસ્કાર છૂટે છે.

બસ, એ પ્રમાણે 'અભિષેક વગેરે વીતરાગની ભક્તિ તો આત્માને શક્તિ-સ્ફુર્તિદાયક, પરંતુ ઇન્દ્રિયોના વિષયો નર્યો ઉન્માદ કરાવનારાં ! ડાહ્યા આત્માને દિવાના બનાવનારાં !'

આ ભેદ નજર સામે રહે એટલે પછી જેવી રીતે અભિષેક પૂજામાં આનંદ થાય, એવી રીતે વિષયો પ્રત્યે અભાવ-સૂગ-તિરસ્કાર થાય. એટલે જ કહેવાય છે કે-

**જેમ શક્તિપ્રદ દુધનો આનંદ જોઇ ઉન્માદકારક દારૂ પ્રત્યે ઘૃણા થાય, એમ સ્ફુર્તિપ્રદ જિન-અભિષેકની સામે ઉન્માદકારક વિષયો પ્રત્યે ઘૃણા થાય, એજ વિષય-**

વૈરાગ્ય.

**અરિહંત-અભિષેક એ અનંત ગુણો ને સાધનાને અભિષેક :-**

માત્ર એ સમજવું જોઇએ કે અભિષેક અરિહંતને એટલે અરિહંતના અનંત ગુણોને અભિષેક છે. તેમની ગજબનાક સાધનાઓને અભિષેક-અંજલિ છે.

**અભિષેક વખતે ભાવના :-**

અભિષેક કરતી વખતે મન પર એ ખ્યાલ લાવો 'વાહ વાહ ! આ મારા પ્રભુએ દુન્યવી કિંમતી પણ વિષયોને તુચ્છ લેખી એને ફગાવી દીધા ! અને એ અતિ કઠોર સંયમ-યોગ-ધ્યાન સાધનામાં લાગી ગયા, સાધનાની મૂર્તિ સમા બની ગયા ! એમને અભિષેક કરવાનો મને લહાવો મળે છે ? ધન્ય જનમ ! ધન્ય સમય !' આમ ભાવના કરવાથી એ વખતે વિષય-વૈરાગ્ય ખીલે.

**અભિષેકમાં કષાય ત્યાગ :-**

તીર્થંકર ભગવાનને અભિષેક કરીએ એ સમજીને જ કરીએ છીએ કે 'આ પ્રભુ વીતરાગ છે, એમણે રાગદ્વેષાદિ કષાયોને હટાવી દીધા છે. માટે જ રાગી દ્વેષી દેવને છોડી આમને અભિષેક કરીએ છીએ. એ એમના કષાય-નાશને અંજલિ છે.' આ સમજથી અભિષેક કરીએ એમાં પ્રભુના કષાયનાશની અનુમોદના થઇ, કષાયનાશનું આકર્ષણ થયું, કષાયનાશ ગમ્યા, તેથી આપણા કષાયો પર ઘૃણા થઇ. એટલે આપણા અનંતાનુબંધી કોટિના કષાયોનો નાશ થયો. કવિ ઠીક જ કહે છે-

''ક્રોધાદિક સહુ શત્રુ વિનાશી, તેણે ઓળખાવ્યો તુજને.''

'પ્રભુ મારે અનંતાનુબંધી કોટિના ક્રોધાદિ કષાય રૂપી આંતર શત્રુઓનો નાશ થયો, તેથી તારી મને ઓળખ થઇ.' અહીં સવાલ થશે-

પ્ર.-પહેલાં અરિહંતની ઓળખ થાય, અરિહંતનું આલંબન લેવાય, ત્યારે જ પછી કષાયનો નાશ થાય ને ? તો અહીં પહેલાં કષાયનો નાશ થાય પછી અરિહંતની ઓળખ થાય એમ કેમ કહ્યું ?

**ઉ-અરિહંતની સાચી ઓળખ સમ્યક્ત્વ અવસ્થામાં હોય છે.**

કેમકે સમકિત હોય તો જ 'વીતરાગ સર્વજ્ઞ અરિહંત પરમાત્મા એજ સર્વેસર્વા દેવાધિદેવ,' એમ લાગે છે, ને એ જ તારણહાર લાગે છે, એમનાં જ વચન સર્વાંશે સત્ય અને માન્ય કરવા જેવા લાગે છે. આ ભાવ થવાનું કારણ,

**અસર્વજ્ઞ વચનમાં તુક્કાબાજી**-જે સર્વજ્ઞ નથી, અસર્વજ્ઞ છે, એ ઘણા ઘણા

અંશે અજ્ઞાની છે, અને અજ્ઞાની સ્વતંત્રપણે પોતાની કલ્પનાનું કહેવા બેસે, કલ્પનાએ કલ્પેલાં તત્ત્વ કહેવા બેસે, એ ક્યાંથી સર્વે સર્વ સત્ય હોય ? એ તો માત્ર કુતર્ક તુક્કાબાજી અને કલ્પના જ છે. પ્રત્યક્ષ-દર્શન તો છે નહિ, એટલે એવું કલ્પનાનું કલ્પેલું ને કહેલું, શી ખબર, સાચું જ હોય ? સાચું તો તે કે જે પ્રત્યક્ષ દેખ્યા પ્રમાણે કહેવાયું હોય. એ સર્વજ્ઞ જ દેખ્યા પ્રમાણે કહી શકે. માટે સર્વજ્ઞનું જ કથન સર્વાંશે સત્ય હોય. અને 'જગતમાં અરિહંત દેવ જ સર્વજ્ઞ દેવ છે, 'બીજા દેવો સર્વજ્ઞ નથી, તેથી સર્વજ્ઞ અરિહંત દેવનાં જ વચન સર્વથા સત્ય હોય, માટે જ માન્ય હોય.' આવી ઓળખ થાય ત્યાં જીવ અરિહંત અને અરિહંત વચન પર ઓવારી જાય.

**અરિહંતની મુખ્ય આજ્ઞા 'રાગાદિ નષ્ટ કરો' :-**

અરિહંત અને અરિહંત-વચન પર ઓવારી જવાનું શા માટે ? અરિહંત પ્રભુએ રાગ-દ્વેષાદિ કષાયો રુપી આંતર શત્રુઓનો નાશ કરી નાખ્યો છે. માટે અરિહંત પર, અને એ સર્વજ્ઞ ઉપદેષ્ટા છે માટે એમનાં વચન પર ઓવારી જવાનું થાય છે. અરિહંત ઉપદેશમાં ય શું કહે છે ? મુખ્યપણે આ જ કહે છે કે રાગાદિ કષાયોનો નાશ કરો.

**तह तह पयट्टियव्वं जह जह रागदोसा विलिज्जंति ।**
**एस जिणाणमाणा सगहिया पुव्व-सूरिहि ।।**

અરિહંત ભગવાનની આ આજ્ઞા પૂર્વાચાર્યોએ શાસ્ત્રોમાં સંગૃહીત કરી છે કે તેવી તેવી પ્રવૃત્તિ કરવી જેથી જેથી રાગદ્વેષ ઘસાતા આવે, ક્ષય પામતા જાય.

આ કેટલું બધું સુંદર અને મહાન જીવનસૂત્ર બતાવ્યું !

**રાગ-દ્વેષ ઘટે એવી રીતે પ્રવર્તો.**

**દર્શન વખતે ય દર્શનરાગ નહિ ?**

પછી પ્રવૃત્તિ ધર્મની હો કે સંસારની, પરંતુ એમાં એવી રીતે પ્રવર્તવાનું કે આપણને અનુભવ થાય કે આમાં મારો સાંસારિક રાગ કે દ્વેષ ઘટ્યો. જો આ ન જોવાય તો ધર્મપ્રેમ વધી સંસારરાગ ઘટવાનું શેં બને ?

દા.ત. પ્રભુદર્શન કરવા ગયા, પણ મનમાં ધારીને કે ''આજે બે મંદિરમાં દર્શન પતાવી જલ્દી કામે ચાલ્યો જાઉં છું,'' પછી મંદિરમાં હફળ ફફળ પેસશે ! અને દર્શન ઉતાવળથી કરશે. એમાં લક્ષ આ રહેશે કે 'જલ્દી દર્શન પતાવી કામે જાવું છે.' આમાં સાંસારિક કાર્યનો રાગ ઊભો રહ્યો, એટલું જ નહિ, પણ દર્શનના રાગને

ટપી જાય એટલો રાગ સાંસારિક કાર્ય પર રાખ્યો ! એટલે ભલે દર્શન જલ્દી પતાવે છે પરંતુ તે વખતે ય સાંસારિક કાર્યને માટે મનમાં ઉતાવળ હોઇને એનો રાગ જોરદાર હોવાથી દર્શન વખતે ય દર્શનનો રાગ નહિવત્ બની જાય છે. કેવી કમનસીબી ! દર્શન ભલે બે જ મિનિટમાં પરંતુ એ બે મિનિટે ય ભગવાન પર ઓવારી જવાતું નથી કે-

**દર્શનમાં શી પ્રાર્થના ?**

'અહોહો પ્રભુ ! તું મને મળ્યો ? અહાહા ! પ્રખર ક્ષમા, પ્રખર તપસ્યા, અને અદ્‌ભુત નીરાગતા સાથે પ્રખર અંતર્લીનતાની સાધનાની મૂર્તિનાં મને દર્શન મળે છે ? મારાં અહોભાગ્યની અવધિ નથી. મૂર્તિમાન આ પ્રખર સાધનાનાં દર્શન મારામાં સાધનાનો વેગ જગાવશે ! મારું વાંકું કરનાર પર પણ ક્ષમા અને મૈત્રી જગાવશે ! દુન્યવી પદાર્થના રાગને મારશે ને ત્યાગ-તપની હોંશ લાવશે !'

બે મિનિટના જિનદર્શન વખતે શું આ પ્રભુ પર ઓવારી જવાનું અને આ ભાવના હૈયે ઊભરાવવાનું ન થઇ શકે ? બે જ મિનિટનું કામ છે. આટલી ભાવનામાં ક્યાં ત્રીજી મિનિટ લાગવાની હતી ? મન તો ફટોફટ વિચારો કરી શકે છે, પરંતુ જ્યાં પેલા સાંસારિક કાર્યોનો રાગ જોરદાર રહી એના માટે મનમાં ઉતાવળ ચાલતી હોય ત્યાં આ પ્રભુ-રાગ જ ક્યાંથી સળવળી ઊઠે ?

આ શું થયું ? દર્શનની ધર્મપ્રવૃત્તિમાં પ્રવર્તવા છતાં એવી રીતે પ્રવર્તવાનું ન થયું કે રાગ ઘટે.

કેમ આમ ?

કહો, ધર્મની પ્રવૃત્તિ બીજાં કામની ઝંખનામાં ઉતાવળથી પતાવવાનું રાખ્યું એટલે દિલ એમાં ઠર્યું નહિ, દિલ ઠર્યું બીજા કામમાં !

સાધના સારી રીતે કરવા શું વિચારવું ? :-

હવે જો એના બદલે એમ વિચારે કે-

"સાંસારિક કાર્ય તો રોજનાં લમણે લખાયેલાં છે. તે થયા કરશે. એની ઉતાવળ ખાતર મારે ધર્મની સાધના બગાડવી નથી. ઊલ્ટું સાંસારિક કાર્યમાં સારી સફળતા મળશે તો તે ધર્મના પાવરથી જ મળશે.

**હૈયે ધર્મનો પાવર ધર્મ-સાધના સારી રીતે ગદ્‌ગદતા અને અહોભાવથી કરવામાં ઊભો થાય.**

માટે પણ ધર્મસાધના ઉતાવળ કરીને મન ઊંચું રાખીને બગાડવી નથી.

''બાકી તો સાંસારિક કાર્યોમાં અંતે તો પુણ્ય પ્રમાણે જ પ્રાપ્તિ થવાની છે. તો એની ખાતર મહાકલ્યાણકર ધર્મ-સાધના શા માટે બગાડું ?''

થોડી પણ ધર્મ-સાધના, ભલે

બે પૈસાનું દાન,

પ્રભુ-ભક્તિમાં નાની પણ પોતાની અગરબત્તી,

૧-૨ ગ્રામની ખાલી ઘીની બત્તી,

મહિનામાં પાંચ તિથિનું પણ બ્રહ્મચર્ય,

૫ મિનિટની જ અભિષેક પૂજા,

ત્રીસ દહાડામાં માત્ર બે ચૌદશે જ આયંબિલ તપ યા માત્ર ઘી-ત્યાગ,

**આવી થોડી પણ ધર્મ-સાધનાથી મહાન લાભો ક્યારે ? :-**

(૧) ધર્મ અહોભાવથી થાય,

(૨) અહોભાગ્ય માનીને થાય,

(૩) એમાં પ્રભુનો મોટો ઉપકાર માનીને થાય,

(૪) હૈયું ગદ્ગદ ભાવભીનું કરીને થાય,

(૫) ધર્મ જ એક અવ્વલ કર્તવ્ય ને તારણહાર માનીને થાય,

તો એનો લાભ શું સમજો છો ? અપરંપાર લાભ !

એ ધર્મ સાધના પર અથાગ રાગ ઉભરાવવાથી કમમાં કમ સાધના વખતે દુન્યવી વસ્તુના રાગને ધક્કો લાગે, કેમકે ત્યાં એ ધર્મ સાધનાના આનંદની સામે દુન્યવી વિષયો તુચ્છ લાગે છે.

વાત આ છે કે એવી રીતે પ્રવર્તવું કે રાગદ્વેષ ઘટતા આવે. જેમ ધર્મપ્રવૃત્તિમાં ગદ્ગદતાભર્યો અહોભાવ, એમ દુન્યવી પ્રવૃત્તિમાં દિલદર્દભર્યો નીસાસાનો ભાવ, રાગદ્વેષને ધક્કો લગાડી ઘટાડે છે.

નીસાસો એમ પડે કે 'હાય ! ક્યાં સુધી આ દુનિયાની વેઠ મારે કરવાની ? ને એ વેઠ કરી ક્યાં સુધી ભવના ફેરા પોષવાના ?

નીસાસો પણ અંદરખાને છૂપા દિલદર્દવાળો હોય. સાંસારિક વેઠમાં અતિ ઉચ્ચ માનવ સમય ને માનવ શક્તિ વેડફાઇ જતી જોઇ દિલમાં ભારે સંતાપ હોય. શું સમજ્યા ?

**સાંસારિક વેઠમાં ભવના ફેરા પોષાવાથી જીવન-નિષ્ફળતા સાથે નુકશાન જોઇ એમાં અમૂલ્ય માનવશક્તિ-સમય વેડફાઇ જવાથી ભારે સંતાપ અને નીસીસો જોઇએ, એનું નામ જાગૃતિ.**

આ જાગૃતિ હોય તો રાગદ્વેષ ઘટતા આવે એવા પ્રયત્નમાં રહેવાય, એવી રીતે પ્રવર્તતા રહેવાય. આ લક્ષમાં હોય પછી રાગદ્વેષ વધે, કે નિરર્થક રાગદ્વેષ પોષાય એવી પ્રવૃત્તિ તો કરાય જ શાની ? માટે તો શ્રાવકના જીવનમાં નિંદા-વિકથા-કુથલી-પાપકથાને સ્થાન જ ન હોય.

**નિંદા-કુથલી કેમ ત્યાજ્ય ? ભવવર્ધક રાગદ્વેષ પોષે છે માટે ત્યાજ્ય.**

કુથલીમાં તદ્દન નિરુપયોગી અને તુચ્છ વાતો કરાય છે 'આજે ભીંડા ઘરડા આવ્યા. ઉઠવામાં મોડું થયું. રસ્તે મોટર દોડી છાંટા ઉડાડ્યા...' આ બધી વાતોનો શો ઉપયોગ ? ફોગટ રાગદ્વેષ પોષાયા કરે છે.

નિંદામાં બીજાનું ઘસાતું બોલવાનું હોય છે, એટલે એના પર નર્યો દ્વેષ પોષાય છે.

વિકથા કોઇ રાજકથા, કોઇ દેશકથા, કોઇ સ્ત્રીકથા, કે ભોજનકથા હોય છે, એમાં રાજ્ય-દેશ-ભોજનની વસ્તુ કે સ્ત્રી અંગે સારું-નરસું બોલવાનું હોય છે, એટલે સહેજે એમાં રાગદ્વેષ જ પોષાતા રહે છે.

પાપ કથામાં એવું બોલવાનું હોય છે કે જેથી સામાના ધાર્મિક ભાવને ધક્કો પહોંચે છે. દા.ત. એવું બોલે કે 'આજે પહેલાના જેવું સાધુપણું નહિ,' ને પછી એના સિદ્ધિ કરે, એનું પિંજણ કરે ! આ સાંભળનાર ભલા આદમીને શું થાય ? એની હૈયે દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધામાં જે ગુરુ તત્ત્વની શ્રદ્ધા હોય, ગુરુ પર સદ્ભાવ-બહુમાન હોય, તે ઘવાય. એના મનને એમ થાય કે ''અરે ! હું તો સાધુમહારાજને દેવ જેવા માનતો હતો. ત્યારે આ તો સાધુમાં પૂર્વ જેવી સાધુતા નથી ! શિથિલાચાર જ વર્તે છે'' આ શું થયું ? સાધુ પર સદ્ભાવ-બહુમાનનો ભાવ ઘટ્યો. એ કરાવનાર પેલાના શબ્દો-'આજે પહેલાના જેવું સાધુપણું નહિ,' એવા શબ્દો છે. એ પાપકથા કરી કહેવાય. સાંભળનારે પાપકથા સાંભળી. પાપકથા કરનારને એ જોવું નથી કે 'એ બોલી હું શું સાંભળનારના દિલમાં રાગદ્વેષ કરાવું છું ? કે વૈરાગ્યાદિ ધર્મભાવ વધારું છું ?' બોલો,

## ભુવનભાનુ એન્સાઇક્લોપીડિયા ભાગની વિગત

**ભાગ - ૧ થી ૧૦, અગ્રલેખામૃત**

**-: સુકૃત અનુમોદન :-**

કે.પી. સંઘવી પરિવાર, (સ્વદ્રવ્ય) માલગાંવ, સુરત, અમદાવાદ.
શ્રી ધર્મનાથ પો.હે. જૈનનગર જૈન સંઘ (જ્ઞાનખાતા) અમદાવાદ.
શ્રી મુલુંડ ઘોઘારી વિશાશ્રીમાળી જૈન સમાજ (જ્ઞાનખાતા) મુલુંડ, મુંબઇ.
શ્રી નમિનાથ ગૃહ જિનાલય (જ્ઞાનખાતા) ઘાટકોપર-ઇસ્ટ, મુંબઇ

---

**ભાગ - ૧૧ અગ્રલેખામૃત + દિવ્યદર્શન + ગણધરવાદ**

**-: સુકૃત અનુમોદન :-**

શેઠશ્રી ઘેલાભાઇ કરમચંદ સેનિટોરિયમ ટ્રસ્ટ, (જ્ઞાનખાતા), વિલેપાર્લે (વે.) મુંબઇ

---

**ભાગ - ૧૨ સાધર્મિક ભક્તિ + જીવનના આદર્શ + અનંતના પ્રવાસે**

**-: સુકૃત અનુમોદન :-**

શ્રી ગીતાંજલી શ્વે.મૂ.પૂ. જૈન સંઘ, (જ્ઞાનખાતા), બોરીવલી, મુંબઇ

---

**ભાગ - ૧૩/૧૪ શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય**

---

**ભાગ - ૧૫ શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય + નિશ્ચય અને વ્યવહાર**

**-: સુકૃત અનુમોદન :-**

શ્રી શાંતિ નિકેતન જૈન સંઘ (જ્ઞાનખાતા), સુરત.

---

**ભાગ-૧૬ અનાથી મુનિ + કલ્યાણ મિત્ર + નમિરાજર્ષિ + અંજનાસુંદરી**

---

**ભાગ-૧૭ સંસારની જડ + જીવનમાં દિશાનું પરિમાણ +**
**+ સંસારના ત્રિવિધ તાપ**

---

**ભાગ-૧૮ દર્શનની ષડ્વિધ કલા + અરિહંત પરમાત્માની ઓળખાણ,**
**જૈન શાસનમાં ભાગવતી દીક્ષાનું સ્થાન + ગૃહસ્થ ધર્મ કેમ દીપે ?**

**-: સુકૃત અનુમોદન :-** શ્રી રિદ્ધિ સિદ્ધિ આદર્શ શ્વે.મૂ. જૈન સંઘ
(જ્ઞાનખાતા) માર્વેરોડ, મલાડ (પશ્ચિમ), મુંબઇ-૬૪.

---

**ભાગ - ૧૯ ધ્યાન અને જીવન**

**-: સુકૃત અનુમોદન :-** શ્રી લબ્ધિનિધાન સીમંધરસ્વામી જૈન સંઘ

ભાગ - ૨૦ ધ્યાન અને જીવન + ચિંતા ચાર પ્રકારની

-: સુકૃત અનુમોદન :-

શ્રી લબ્ધિનિધાન સીમંધરસ્વામી જૈન સંઘની

આરાધક શ્રાવિકાઓ (જ્ઞાનખાતા) એલફીન્સ્ટન, વરલી, મુંબઇ.

---

ભાગ - ૨૧/૨૨/૨૩ શ્રી સમરાદિત્ય કથા

-: સુકૃત અનુમોદન :-

શ્રી નવજીવન શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, (જ્ઞાનખાતા) નવજીવન, મુંબઇ.

---

ભાગ - ૨૪/૨૫/૨૬ શ્રી સમરાદિત્ય કથા

સુકૃત અનુમોદન :- શ્રી વિલેપાર્લે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ,

એન્ડ ચેરિટી ટ્રસ્ટ (જ્ઞાનખાતા) પાર્લા (ઇ), મુંબઇ.

---

ભાગ - ૨૭ પર્યુષણ પર્વના પ્રવચનો

ભાગ-૨૮/૨૯ મહાસતી સિતાજી

-: સુકૃત અનુમોદન : શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મંદિર ટ્રસ્ટ (બાહુબલી)

શ્રી કુંભોજગિરિ જૈન તીર્થ (જ્ઞાનખાતા)

---

ભાગ - ૩૦ લલિત વિસ્તરા

ભાગ - ૩૧ શ્રી શાંતિનાથ ભવ ૧ થી ૪

ભાગ - ૩૨ શ્રી શાંતિનાથ ભવ ૪ થી ૬

-: સુકૃત અનુમોદન :-

પૂજ્ય સાધ્વી શ્રી રત્નત્રયીશ્રીજી મ.સા.ની દીક્ષામાં થયેલ (જ્ઞાનખાતા)

---

ભાગ - ૩૩ શ્રી શાંતિનાથ ભવ ૬ થી ૮

ભાગ - ૩૪ શ્રી શાંતિનાથ ભવ ૮ થી ૧૦

ભાગ - ૩૫ શ્રી શાંતિનાથ ભવ ૧૦,

પ્રારબ્ધ પર પુરુષાર્થનો વિજય, ઉબ્બુડો મા પુણો નિબુડિજ્જા

-: સુકૃત અનુમોદન :-

શ્રી શાંતિ સુધા પાર્ક જૈન સંઘ, ઘાટકોપર (ઇસ્ટ), મુંબઇ. (જ્ઞાનખાતા)

ભુવનભાનુસૂરિ જન્મ શતાબ્દી

# શ્રી શાંતિનાથ ચરિત્ર




SHUBHAM Art
Cell : 98205 30299